

# સમાધિતંત્ર પ્રવચન ભાગ-૨

(શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર પર પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૯૭૪-૭૫ના સમાધિભાવપ્રેરક અક્ષરશઃ પ્રવચન)




પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પ્રકાશક :-શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ–૨)

(શ્રીમદ્ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત
શ્રી સમાધિતંત્ર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શબ્દશઃ પ્રવચનો)
(ગાથા-૭ થી ૩૨, પ્રવચન-૧૬ થી ૪૦)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

| વિક્રમ સંવત ૨૦૭૬ | વીર સંવત ૨૫૪૬ | ઈ. સન ૨૦૧૯ |
|---|---|---|


**પ્રકાશન**

તા. ૧૯-૧૨-૨૦૧૯, માગશર વદ ૮

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યપદારોહણ દિવસ



**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬

www.vitragvani.com, email-info@vitragvani.com



**ટાઈપ સેટિંગ**

**પૂજા ઈમ્પ્રેશન્સ**

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.

મહાવીર ભગવાન, ગૌતમ ગણધર ત્યારબાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહમાં જઈ સીમંધર ભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરીને ભરતમાં આવેલ, શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે એ જગતવિદિત છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે. એવા શ્રી કુંદકુંદાચાર્યદેવના આચાર્ય પદારોહણ દિવસે 'સમાધિતંત્ર પ્રવચન' (ભાગ-૨) પાઠકવર્ગના હસ્તકમળમાં મૂકતાં અત્યંત હર્ષ થઈ રહ્યો છે.

વર્તમાન શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિમાં જે કહેવાઈ રહ્યું છે, તેને પ્રત્યક્ષ ઝીલનારા ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ અને તેમના અનન્ય ભક્ત, કે જેમની વિદ્યમાનતા શ્રી કુંદકુંદાચાર્યદેવના વિદેહગમન વખતે સાક્ષાત્ હતી, એવા વ્હાલા પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના અધ્યાત્મરસસભર પ્રવચનો, એનું શું કહેવું? જે વિષય વચનગોચર નથી, વિકલ્પગોચર નથી તેને કથંચિત્ વક્તવ્ય કરવો એ કહાન ગુરુદેવશ્રીની સમર્થ પ્રચંડ શક્તિના દર્શન કરાવે છે અને ભાવિમાં ૐકાર ધ્વનિ છૂટવાની છે તેનું સૂચક છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનો અધ્યાત્મના અનેકવિધ રહસ્યોને વ્યક્ત કરી રહ્યા છે. આચાર્ય પૂજ્યપાદસ્વામીના હૃદયમાં પેસીને તેમના ભાવોને સ્પષ્ટ કરવાનું સામર્થ્ય પ્રસ્તુત પ્રવચનોમાં વ્યક્ત થાય છે. અનંત કાળથી મિથ્યાત્વદશામાં ભ્રમણ કરતો અજ્ઞાની જીવ બહિરાત્મદશાને નષ્ટ કરી, અંતરાત્મપણું પ્રગટ કરી પરમાત્મદશાને કઈ રીતે પ્રાપ્ત કરે છે તેનું રોચક વિવેચન પૂજ્યપાદસ્વામીએ સમાધિતંત્રમાં તો કર્યું છે પરંતુ સાંપ્રત મુમુક્ષુ સમાજને સાદી તથા સરળ ભાષામાં પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્પષ્ટ કર્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અનેક પ્રવચનોમાં ભાવભાસનપૂર્વકની સમજણને અધિક મહત્તા આપી છે એવી શૈલી પણ વ્યક્ત થઈ રહી છે. પ્રત્યેક પ્રવચન ભેદજ્ઞાનપૂર્ણ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય જ્ઞાતાધારાના દર્શન પણ પ્રત્યેક પ્રવચનોમાં થઈ રહ્યા છે. અખંડ એકરૂપ સ્વરૂપાશ્રિત પરિણતિપૂર્વક સમજાવવાનું સામર્થ્ય પ્રવચનોમાં ઉભરાઈને બહાર આવી રહ્યું છે. જેમના એક પ્રવચનશ્રવણમાત્રથી જેમના ભવનો અંત આવ્યો એવા પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીનો ઉલ્લેખ અનેક પ્રવચનોમાં આવે

છે. અત્રે એ વાતનો ઉલ્લેખ એટલા માટે કરવામાં આવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશનાનું સામર્થ્ય તો મહાપવિત્ર છે જ, પરંતુ પ્રવચન સંબંધિત વિકલ્પના નિમિત્તે મુમુક્ષુજીવના ભવનો અંત આવી શકે છે એ આ વાતનો પુરાવો છે. જેમના વિભાવઅંશમાં આટલું સામર્થ્ય છે તો તેઓશ્રીની પવિત્ર જ્ઞાનધારાના દર્શનથી મુમુક્ષુજીવનું આત્મકલ્યાણ ન થાય એ વાત અસ્થાનીય છે. આવા વ્હાલસોયા પૂજ્ય ગુરુદેવશ્રીનું જેટલું ગુણ સંકીર્તન કરવામાં આવે તેટલું ઓછું જ છે. માટે આ પ્રસંગે તેમના ચરણોમાં ભક્તિભાવપૂર્વક શત શત વંદન હો, વંદન હો!

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલે પાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે સમાધિતંત્ર ગ્રંથ ઉપરના પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
વિલે પાર્લા, મુંબઈ




શ્રીમદ્‌ દેવનંદી અપરનામ પૂજ્યપાદસ્વામી

ॐ સચ્ચિદાનંદ સહજ સ્વરૂપાય નમઃ

## પ્રસ્તાવના

સમાધિતંત્ર ગ્રંથના રચયિતા શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી આચાર્ય, મૂલસંઘ અંતર્ગત નંદિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન અને મહાન તપસ્વી હતા. શ્રવણબેલગોલાના શિલાલેખ અનુસાર પૂજ્યપાદસ્વામી શ્રી સમંતભદ્રાચાર્યની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા. શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ. પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા 'પૂજ્યપાદચરિતે' તથા 'રાજાવલીકથે' નામના ગ્રંથોમાં તેમના પિતાનું નામ 'માધવભટ્ટ' અને માતાનું નામ 'શ્રીદેવી' આપ્યું છે અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા હતા. ઉપલબ્ધ શિલાલેખોથી એ વાત પ્રસિદ્ધ છે કે તેઓશ્રી દેવનંદી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદસ્વામી નામથી પ્રસિદ્ધ છે. 'દેવનંદી'-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા—વિપુલતાના કારણે તેઓએ પાછળથી 'જિનેન્દ્રબુદ્ધિ' એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને 'પૂજ્યપાદ' નામથી વિભૂષિત કર્યા.

ઉપલબ્ધ શિલાલેખો ઉપરથી તેમના જીવનકાળ દરમ્યાન ઘટિત અનેક અદ્ભુત ઘટનાઓ દૃષ્ટવ્ય છે. શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલા શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને 'જિનેન્દ્રબુદ્ધિ' નામે વર્ણવ્યા છે.

વળી, તેઓ ઔષધઋદ્ધિના ધારક હતા. વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થયું હતું. તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનું થઈ ગયું હતું. તદ્ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું. પરંતુ 'શાન્ત્યષ્ટક'ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું. મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

તેઓશ્રીએ અનેક ગ્રંથોની રચના પણ કરી છે. જેમકે 'જૈનેન્દ્ર વ્યાકરણ', 'સર્વાર્થસિદ્ધિ', 'જૈનાભિષેક', 'છંદશાસ્ત્ર', 'સમાધિતંત્ર—સમાધિશતક', 'ઈષ્ટોપદેશ'. આમાં ઈષ્ટોપદેશ તથા સમાધિતંત્ર આધ્યાત્મિક ગ્રંથો છે, જે મુમુક્ષુજીવોને આત્મકલ્યાણ થવામાં મહાનિમિત્તભૂત છે. સમાધિતંત્ર ગ્રંથના

અંતમાં આપેલી પ્રશસ્તિ અનુસાર ગ્રંથના ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રંથના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ શ્રી સમંતભદ્રાચાર્ય દ્વારા રચિત રત્નકરંડ શ્રાવકાચારના પણ સંસ્કૃત ટીકાકાર છે.

પ્રસ્તુત પ્રવચનોમાં સમાધિતંત્ર ગ્રંથના મૂળ શ્લોકો, ગુજરાતી અન્વયાર્થ, ભાવાર્થ આદિ તથા શ્રી પ્રભાચંદ્ર વિનિર્મિત સંસ્કૃત ટીકા ગુજરાતી અનુવાદ સહિત પાઠકવર્ગની સુવિધા અર્થે લેવામાં આવેલ છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય દિવ્ય પ્રવચનોનો ભાવપૂર્વક સ્વાધ્યાય કરી પાઠકવર્ગ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સહિત વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલે પાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે, શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૧૬ | ૨૬.૧૨.૧૯૭૪ | ૭ થી ૯ | ૦૧ |
| ૧૭ | ૨૭.૧૨.૧૯૭૪ | ૮, ૯ | ૧૯ |
| ૧૮ | ૨૮.૧૨.૧૯૭૪ | ૮ થી ૧૦ | ૩૨ |
| ૧૯ | ૨૯.૧૨.૧૯૭૪ | ૧૦ થી ૧૨ | ૪૮ |
| ૨૦ | ૩૦.૧૨.૧૯૭૪ | ૧૨ થી ૧૪ | ૬૪ |
| ૨૧ | ૩૧.૧૨.૧૯૭૪ | ૧૪, ૧૫ | ૮૦ |
| ૨૨ | ૦૧.૦૧.૧૯૭૫ | ૧૫, ૧૬ | ૯૬ |
| ૨૩ | ૦૨.૦૧.૧૯૭૫ | ૧૬, ૧૭ | ૧૧૨ |
| ૨૪ | ૦૩.૦૧.૧૯૭૫ | ૧૭, ૧૮ | ૧૨૬ |
| ૨૫ | ૦૪.૦૧.૧૯૭૫ | ૧૮ | ૧૪૧ |
| ૨૬ | ૦૫.૦૧.૧૯૭૫ | ૧૮, ૧૯ | ૧૫૪ |
| ૨૭ | ૦૬.૦૧.૧૯૭૫ | ૧૯, ૨૦ | ૧૬૭ |
| ૨૮ | ૦૭.૦૧.૧૯૭૫ | ૨૦ | ૧૮૧ |
| ૨૯ | ૦૮.૦૧.૧૯૭૫ | ૨૦ | ૧૯૪ |
| ૩૦ | ૦૯.૦૧.૧૯૭૫ | ૨૧, ૨૨ | (ઉપલબ્ધ નથી) |
| ૩૧ | ૧૦.૦૧.૧૯૭૫ | ૨૨ | ૨૦૭ |
| ૩૨ | ૧૧.૦૧.૧૯૭૫ | ૨૨, ૨૩ | ૨૨૦ |
| ૩૩ | ૧૨.૦૧.૧૯૭૫ | ૨૩ | ૨૩૩ |
| ૩૪ | ૧૩.૦૧.૧૯૭૫ | ૨૩ થી ૨૫ | ૨૪૭ |
| ૩૫ | ૧૪.૦૧.૧૯૭૫ | ૨૫, ૨૬ | ૨૬૨ |
| ૩૬ | ૧૫.૦૧.૧૯૭૫ | ૨૭, ૨૮ | ૨૭૭ |
| ૩૭ | ૧૬.૦૧.૧૯૭૫ | ૨૮, ૨૯ | (ઉપલબ્ધ નથી) |

| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૩૮ | ૧૭.૦૧.૧૯૭૫ | ૨૯, ૩૦ | ૨૯૫ |
| ૩૯ | ૧૮.૦૧.૧૯૭૫ | ૩૦, ૩૧ | ૩૧૦ |
| ૪૦ | ૧૯.૦૧.૧૯૭૫ | ૩૧, ૩૨ | ૩૨૧ |

શ્રીમદ્ દેવનન્દી અપરનામ પૂજ્યપાદસ્વામી વિરચિત

# સમાધિતંત્ર પ્રવચન

(ભાગ-૨)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમાધિતંત્ર ઉપરના સળંગ પ્રવચનો)

માગશર સુદ ૧૨, ગુરુવાર તા. ૨૬-૧૨-૧૯૭૪
શ્લોક - ૭, ૮-૯ પ્રવચન - ૧૬

પાનું ૧૯ છે. ત્રિકાળીની વાત બાકી છે ને થોડી? અહીંયાં સમાધિતંત્ર છે આ અધિકાર. આત્માનો ધર્મ કેમ થાય અને સમાધિ એટલે શાંતિ કેમ મળે? તો કહે છે કે એ આત્મા પોતાની જાત છે. પરમાત્મસ્વરૂપે ચિદાનંદ આત્મા છે. એના સ્વરૂપ શુદ્ધ ચૈતન્યની સન્મુખ થઈને જે આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ અંતર એકાગ્રતાથી પ્રગટે એને સમાધિ કહીએ, એને ધર્મ કહીએ, એને મોક્ષનો માર્ગ કહીએ. સમજાણું કાંઈ? લોગસ્સમાં નથી આવતું આપણે? 'સમાહિવરમુત્તમં દિંતુ' સામાયિકના પાઠમાં આવે છે. વાંચ્યું છે? પંડિતજી!

મુમુક્ષુ :- દુક્ખખહો, કમ્મખહો.

ઉત્તર :- ઈ નહિ. 'સમાહિવરમુત્તમં દિંતુ' સામાયિકમાં આવે છે. સામાયિક થતી હોયને ત્યાં? તમારે તો આવે છે પહેલેથી. ગડિયા હાંક્યા. આહાહા..! 'સમાહિરવરમુત્તમં દિંતુ'. હે પરમાત્મા! એ તો પોતે દેખે નહિ પણ આ તો પોતાની જે ભાવના છેને એટલે કહે છે, 'સમાહિ...' આત્માને પુણ્યના-પાપના જે ભાવ થાય છે એ દુઃખ હૈ, અશાંતિ હૈ.

અહીં કહે છે કે 'જીવ ત્રિકાલ જ્ઞાનસ્વરૂપ હૈ.' આત્મા તો પ્રજ્ઞાબ્રહ્મ ચિદાનંદ સ્વરૂપ ત્રિકાલી હૈ. ઉસકી અંતર દૃષ્ટિ કરકે આત્મામેં શાંતિકા અંશ પ્રગટ કરના ઉસકા નામ ધર્મ ઔર સમાધિ ઔર મોક્ષમાર્ગ હૈ. આહાહા..! કોઈ વ્રતકા વિકલ્પ, તપકા વિકલ્પ કરતા હૈ કિ મૈં ઐસે ઉપવાસ કરું. વહ સબ તો રાગ હૈ. વહ કોઈ ધાર્મિક ક્રિયા નહીં. વજુભાઈ! ત્રિકાલી જ્ઞાનસ્વરૂપ હૈ. આહાહા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ સ્વરૂપ, ઉસકો પકડકરકે એકાગ્ર હોના,

એકાગ્ર હો ઉસકા નામ ધર્મ હૈ. આહાહા..! અજ્ઞાની અપની ચીજ કૈસી હૈ ઉસકો માનતે નહીં. થોડા હિન્દી આ ગયા.

ભગવાન આત્મા જ્ઞાનકા પિંડ પ્રભુ હૈ. જ્ઞાનસ્વરૂપ. જિસમેં શરીર નહીં, કર્મ નહીં, વાણી નહીં ઔર જિસમેં પુણ્ય ઔર પાપ, દયા, દાન, વ્રત, ભક્તિકા વિકલ્પ ઉઠતા હૈ વહ રાગ હૈ, વહ ભી ઉસમેં નહીં હૈ. આહાહા..! ઐસી ચીજકો અંતરમેં પકડકર કે.. આહાહા..! વહ આત્મજ્ઞાન. અંતરમેં લીન હોના ઉસકા નામ ધર્મ હૈ, વહ મોક્ષકા માર્ગ હૈ. બાકી સબ ક્રિયાકાંડ કરો, લાખ ક્રોડ વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન ઔર દયા સબ રાગકી ક્રિયા હૈ. લક્ષ્મીચંદજી! આહાહા..! વહ તો સંસાર દે. રાગકી ક્રિયા સંસાર પરિભ્રમણકા કારણ હૈ. આહાહા..! સમજમેં આયા?

કહતે હૈં કિ '**જીવ, ત્રિકાલ જ્ઞાનસ્વરૂપ હૈ. ઉસકો બહિરાત્મા...**' અંતર સ્વરૂપ ઐસા હૈ જ્ઞાનાનંદ સ્વભાવ, ઉસ ઓરકી નજરકે અભાવમેં... વહ ચીજ આત્મા પરમાત્મસ્વરૂપ અંદર હૈ. આહાહા..! ઉસ તરફકી નજર, દૃષ્ટિ છોડકર બહિરાત્મા અજ્ઞાનવશ અપને સ્વરૂપ કો જાનતા નહીં. આહાહા..! દૂસરેકો જાનનેમેં પ્રવિણ. ઈન્દ્રિયોં દ્વારા દૂસરે પદાર્થોંકો જાનનેસે દૂસરે પદાર્થકા જ્ઞાન હોતા હૈ. વહ ભી અપની પર્યાયમેં અપને કારણસે હોતા હૈ. લેકિન ઉસમેં-પરમેં જ્ઞાનકો રોકને સે અપના આત્મજ્ઞાન સે વંચિત હોતા હૈ. અપના જ્ઞાન કરને મેં વહ પરાઙ્મુખ હો જાતા હૈ. આહાહા..! સમજ મેં આયા? કૈસે?

'**અજ્ઞાનવશ નહીં જાનતા...**' ક્યા? ભગવાન ત્રિકાલી ત્રિકાલ સ્વરૂપ જ્ઞાન, નિત્યાનંદ પ્રભુ, વહ બહિરાત્મા બાહ્યકો હી અપના માનનેવાલા અપનેમેં અજ્ઞાનવશ ઉસકો (અપનેકો) જાનતા નહીં. આહાહા..! '**ઔર બાહ્ય ઈન્દ્રિયગોચર પદાર્થ,...**' જો ઈન્દ્રિયગમ્ય બાહ્ય પદાર્થ હૈ. આહાહા..! '**જો માત્ર જ્ઞેયરૂપ હૈં...**' જ્ઞાનમેં જ્ઞેય હૈ. દૂસરી ચીજ હૈ. ચાહે તો સર્વજ્ઞ પરમાત્મા હો યા ચાહે તો દેવ-ગુરુ હો યા ચાહે તો શાસ્ત્ર હો, ચાહે તો મંદિર ઔર પ્રતિમા હો. સભી.. આહાહા..! બાહ્ય ઈન્દ્રિયગમ્ય પદાર્થ માત્ર જ્ઞેયરૂપ જાનને લાયક હૈ.

'**ઉનમેં ઈષ્ટ-અનિષ્ટકી કલ્પના કરકે...**' અનુકુલ પદાર્થ દેખકર.. દૂસરી ચીજ હૈ ઉસમેં કોઈ અનુકૂલતા-પ્રતિકૂલતા કી છાપ નહીં (હૈ), ટ્રેડમાર્ક નહીં હૈ કિ યહ અનુકૂલ હૈ ઔર યહ પ્રતિકૂલ હૈ. વહ તો જ્ઞેય નામ અપને જ્ઞાનમેં જાનને લાયક ચીજ હૈ. ઐસી ચીજમેં દો ભાગ પાડ દેતે હૈં અજ્ઞાની. હૈ? '**ઈષ્ટ-અનિષ્ટકી કલ્પના કરકે...**' શરીર સુંદર હો તો ઠીક, સ્ત્રી સુંદર-ગોરી મિલે તો ઠીક. ઐસા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જાનને લાયક પરજ્ઞેય પદાર્થમેં દો ભાગ કર દેતા હૈ. આહાહા..! સમજ મેં આયા?

એક ઓર ભગવાન ત્રિકાલી જ્ઞાન લિયા ન? ત્રિકાલી જ્ઞાનસ્વરૂપ હી હૈ. ઔર પરવસ્તુ

અપને સિવાય શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર.. આહાહા..! વે તો જ્ઞાનમેં જાનને લાયક જ્ઞેય પદાર્થ હૈં. જનાને લાયક વહ પદાર્થ હૈ. વહ પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ હૈ નહીં. પોપટભાઈ! યે લડકે હુશિયાર હુએ તો બહુત અચ્છા હુઆ, કમાયે. કર્મી જાગે. ઐસા નહીં કહતે? હમારે બેટે કર્મી હૈં. કર્મી અર્થાત્ કર્મ કરનાર-પાપ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂલ મેં ભી પૈસા કમાતા નહીં. આહાહા..!

યહાં તો કહતે હૈં, ભગવાન આત્મા ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ, આનંદસ્વરૂપ ઔર જ્ઞાનસ્વરૂપ હૈ. આહાહા..! ઉસકે સિવા... અરે..! અંદરમેં રાગ હો, પુણ્યકા ભાવ હો, દયાકા ભાવ હો યા પર ચીજ શરીર યા કુટુંબ આદિ હો યા દેવ-ગુરુ-શાસ્ત્ર હો, મંદિર ઔર પ્રતિમા હો.. આહાહા..! વહ જ્ઞાનમેં જ્ઞેય જાનને લાયક હૈ. ઐસા ન માનકર અજ્ઞાની ઈષ્ટ-અનિષ્ટકી કલ્પના કરતે હૈં. યહ ઈષ્ટ હૈ. હમારે કરીબી લોગ હૈ. પોપટભાઈ! કરીબી લોગ હૈ. ખાનગી બાત કરની હો તો હમ ઉસકે સાથ કર સકતે હૈં. ... સમજ મેં આયા? વસ્તુ પર હૈ વહ અપને જ્ઞાનમેં જાનને લાયક હૈ. બસ! ઈસસે અતિરિક્ત વહ ઐસા માનતા હૈ કિ યહ ચીજ મુજે ઈષ્ટ લગતી હૈ, યહ ચીજ મુજે અનિષ્ટ લગતી હૈ. બસ! વહ મિથ્યાત્વભાવ હૈ. ભ્રમભાવ હૈ, જૂઠા ભાવ હૈ, પાપભાવ હૈ. ચોર્યાસી લાખકી યોનીમેં, ગંદગીમેં ઉત્પન્ન કરનેકા સ્થાન હૈ વહ. આહાહા..! સમજમેં આયા?

'**અનિષ્ટકી કલ્પના કરકે, અપનેકો સુખી-દુઃખી,...**' પૈસે પાંચ-પચાસ લાખ, કરોડ, દો કરોડ, પાંચ કરોડ, દસ કરોડ ઔર અરબ હમેં મિલે, હમ સુખી હૈં. મૂઢ માનતા હૈ. પાપી, આત્માકે સ્વભાવકો છોડકર પરમેં સુખ હૈ ઔર પરસે સુખ હૈ, ઐસી માન્યતામેં આત્માકી શાંતિકા હ્રાસ-નાશ હોતા હૈ. સમજમેં આયા? કહતે હૈં અપનેકો સુખી. હમ સુખી હૈં. બાલબચ્ચા ઔર લક્ષ્મી, વ્યાપાર-ધંધા ઔર હમારા મુનિમ ભી બડા કામકા મિલા હૈ કિ વહ હમારા કામ બડા અચ્છા કર લેતા હૈ. હમ સુખી હૈ. તો કહતે હૈં કિ મિથ્યાદૃષ્ટિ ઐસા માનતે હૈં. જૂઠી દૃષ્ટિ ઉસકી હૈ. સુખ તો અપને આત્મામેં હૈ. આનંદસ્વરૂપ હૈ, સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. ઉસકે સુખકા તો અનાદર કરતે હૈં. ઔર પરમેં સુખ હૈ, પરસે (સુખ હૈ), વહી મિથ્યાત્વકી દશા આત્માકી શાંતિકી હિંસા કરનેવાલી હૈ.

ઔર અનિષ્ટ-દુઃખી. મૈં નિર્ધન હૂં, મૈં બાંજ હૂં, કુંવારા હૂં, કોઈ સાધન નહીં, રોટીકા સાધન નહીં, સ્થાનકા સાધન નહીં-રહનેકા (સાધન) નહીં, મૈં દુઃખી હૂં. વહ ભી મૂઢ જીવ હૈ. સમજ મેં આયા? સુખ તો આત્મા આનંદમૂર્તિ હૈ. પરમેં સુખ-દુઃખ માનતે હૈં ઐસી કલ્પના વહી દુઃખ હૈ. પરવસ્તુ દુઃખકા કારણ હૈ નહીં. આહાહા..! સમજ મેં આયા?

**'સુખી-દુઃખી, ધનવાન-નિર્ધન,...'** લો, યે ધનવાન આયા. મૈં ધનવાન હૂં, મૈં પૈસેવાલા હૂં, મૈં ગર્ભશ્રીમંત હૂં, મૈં તો માતાકે પેટમેં આયા તબસે શ્રીમંત હમારે પિતાજી થે. શ્રીમંતકે ઘર હમારા જન્મ હુઆ. હમ ધનવાન હૈં. મૂર્ખ હૈ, કહતે હૈં. સમજ મેં આયા? આહાહા..! ધન તો અપને અંદરમેં આનંદ ઔર જ્ઞાનલક્ષ્મી સે ભરા પડા આત્મા હૈ. ઉસકા અપના સ્વીકાર કરકે ધનવાન હોના વહ અપના ધન (હૈ). વહ ધનવાન છોડકર લક્ષ્મીમેં મૈં ધનવાન હૂં, મૈં નિર્ધન હૂં... આહાહા..! વહ અજ્ઞાનીકી કલ્પના મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા?

મૈં બલવાન હૂં. મેરા શરીર બલવાન બડા હૈ. વહ નહીં થા? કૌન? ગામા. ગામાકા સુના થા, બહુત જોર (થા). એક મોટરકો ઐસે રખે, એક મોટરકો ઐસે રખે. દોનોં મોટરકો ખડી રખ દે. વહ મરતે વક્ત...ક્યા નામ બતાયા? ગામા? અખબારમેં આયા થા. પીછે ડોક્ટર પહચાનવાલા બૈઠા હૈ. મકખી આયી, મકખી. અખબારમેં આયા થા. કહાં ગયા તેરા બલ? સુન ન! બલ તો જડકી ચીજ હૈ. મૈં બલવાન હૂં કહાંસે આયા? સમજમેં આયા? વહ ભ્રમ હૈ. મૈં આત્મા જ્ઞાન હૂં, આનંદ હૂં ઐસા છોડકર મૈં શરીરસે બલવાન હૂં ઐસી માન્યતા ભ્રમ અસત્ય હૈ, જૂઠી શ્રદ્ધા હૈ ઔર જૂઠી શ્રદ્ધાકા ફલ સંસારમેં રૂલના, દુઃખ હૈ. આહાહા..! સમજમેં આયા?

ઔર મૈં **'નિર્બલ,...'** હૂં. નિર્બલ તૂ કહાં હૈ? વહ તો શરીર કમજોર હો જાય. શરીરમેં કમજોરી હો જાય વહ તો જડકી દશા હૈ. ભગવાન આત્મા નિર્બલ કહાં હૈ? આહાહા..! શરીરકી શક્તિ કમ હોનેસે મૈં નિર્બલ હૂં ઐસી માન્યતા જૂઠી, પાખંડ દૃષ્ટિવંતકી હૈ. આહાહા..! સમજમેં આયા? ઔર મૈં **'સુરૂપ-...'** હૂં. સુંદર... સુંદર.. સ્વરૂપ મેરા હૈ. યે તો મિટ્ટી-ધૂલ હૈ. ધૂલકા રૂપ હૈ વહ તો જડકા હૈ. તૈરા હૈ? આહાહા..! ક્ષણમેં રૂપમેં.. યે ક્યા કહતે હૈં તુમ્હારે? હાર્ટ-હાર્ટ (એટેક). જાઓ! યે અભી ચલ બસે ન. શાંતિલાલ ખુશાલ, ગોવાવાલે. .. ઉસકે પાસ દો અબજ ચાલીસ કરોડ રૂપયે. દો અબજ ચાલીસ કરોડ. દશાશ્રીમાળી બનિયા થા. એય..! ઉસકે બહનકી લડકી યહાં હૈ ન, બાલબ્રહ્મચારી હૈ. દુઃખતા હૈ. રાતકો ડેઢ બજે ઉઠા. ઉસકી બહુકો કુછ હુઆ થા. ક્યા કહતે હૈં? હેમરેજ કહતે હૈં ન? અસાધ્ય હો ગઈ થી. તો મુંબઈ ઈલાજકે લિયે લાયે. ઉસમેં ખુદકો ... રાતકો ડેઢ બજે... બુલાઓ ડોક્ટરકો. વહ નહીં થે મુંબઈ, ભાઈ! મુંબઈ. ઉસકે સમધી હૈં. કાંતિલાલ? કાંતિભાઈ. કાંતિભાઈ હૈ ન? વહાં દેરાસરકે પાસ મકાન હૈ. ઉસને કહાં, મૈં ખડા થા. ઈતના બોલે, ડોક્ટરકો બુલાઓ. મૈં ડોક્ટરકો બુલાને જાતા હૂં, વાપસ આયા તો મર ગયે. દસ મિનિટ. ધૂલ ભી તેરી ચીજ નહીં હૈ. શરીર તેરા નહીં હૈ તો લક્ષ્મી કહાંસે આયી?

મૈં **'સુરૂપ-'** હૂં. યહ તો જડકી હોલી હૈ. જડકી દશા હૈ યહ તો મિટ્ટીકી. મૈં સુરૂપ

હું, મૈં 'કુરૂપ,...' હૂં. આહાહા..! ઐસી માન્યતા અજ્ઞાની, પરચીજ જાનને લાયક એક પ્રકારકી હૈ ઉસમેં દો ભાગ પાડ દેતે હૈં. સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! યહ તો સૂક્ષ્મ બાત ધર્મકી- વીતરાગકી હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર દેવકા ફરમાન હૈ યહ. તો તુમ કૈસે ભૂલે? જો ચીજ તૂ જ્ઞાયક જાનનેવાલા હૈ, વહ ચીજ તો જાનને લાયક ઉતની ચીજ હૈ. ઉસકે અતિરિક્ત તુમ ઐસા માન લેતે હો કિ મૈં સુરૂપ હૂં. વહ તો જડ હૈ. વહ તો જ્ઞાનમેં જાનને લાયક ચીજ હૈ. ઐસા ન જાનકર, યહ સુરૂપ હી મૈં હૂં, કુરૂપ હી મૈં હૂં. આહાહા..! રાજા મૈં હૂં. બડા પાંચ-પચીસ કરોડકી કમાઈ હૈ મહિનેકી. રાજા હૂં બડા. હાથી ... ધૂલ મેં ભી નહીં હૈ રાજા. રાજા કહાંસે આયા? તુમ તો આત્મા હો. ઐસા છોડકર અપનેકો રાજા માનતા હૈ, વહ મૂઢ હૈ. મિથ્યા નામ જૂઠી-અસત્ય દૃષ્ટિ સેવનેવાલા હૈ. ઔર જૂઠકા સેવન કરનેકા ફલ જૂઠ હોતા હૈ.

'**રંક,...**' હૂં. મૈં તો ગરીબ હૂં, ભૈયા! ગરીબ તુમ કહાં હો? તેરા આત્મા તો ભિન્ન ચીજ હૈ. મૈં ગરીબ હૂં, મેરે ઘર કોઈ સ્ત્રી નહીં. હાથસે રોટી કરકે ખાતા હૂં. મૈં ગરીબ હૂં. વહ ઉસકી અસત્ય માન્યતા મૂઢકી હૈ. '**ઇત્યાદિ હોના માનતા હૈ.**'

**'વિશેષ'**

'**મિથ્યા અભિપ્રાયવશ અજ્ઞાની માનતા હૈ કિ,...**' જૂઠે અભિપ્રાય શ્રદ્ધાકે વશ ઐસા માનતે હૈં. સમજ મેં આયા? '**મિથ્યા અભિપ્રાયવશ...**' અભિપ્રાય નામ શ્રદ્ધા. '**અજ્ઞાની માનતા હૈ કિ, શરીર ઉત્પન્ન હોનેસે મેરા જન્મ હુઆ,...**' શરીર ઉત્પન્ન હુઆ તો (કહે), આજ મેરી જન્મજયંતિ હૈ. ૫૦ વર્ષ, ૬૦ વર્ષ પર કરતે હૈં ન? જન્મજયંતિ. આજ મેરી જન્મજયંતિ હૈ. તેરી જન્મજયંતિ હૈ? શરીર ઉત્પન્ન હુઆ ઉસમેં તૂ આયા? વહ તો શરીરકા જન્મ હૈ. સમજમેં આયા? આહાહા..!

'**શરીર ઉત્પન્ન હોનેસે મેરા જન્મ હુઆ; શરીરકા નાશ હોનેસે મૈં મર જાઉંગા;...**' મરે કૌન? ભગવાન તો ત્રિકાલ અવિનાશી આત્મા હૈ. ઉસકા જન્મ કહાં ઔર મરણ કહાં? સમજ મેં આયા? મૈં મર ગયા, મૈં મર જાતા હૂં, મૈં અબ ચલા જાતા હૂં, મર જાતા હૂં. આહાહા..! મૂઢ માનતે હૈં, કહતે હૈં. '**મૈં મર જાઉંગા,...**' દેખો! શરીરકા નાશ હોનેસે મૈં મર જાઉંગા. મૈં મર ગયા શરીરકા નાશ હોનેસે. કૌન મરે? બાપૂ! આહાહા..!

'**શરીરકી ઉષ્ણ અવસ્થા હોને પર, મુઝે બુખાર આયા,...**' બુખાર તો શરીરકો આતા હૈ. બુખાર ઉષ્ણ હોતા હૈ, આત્મા ઉષ્ણ હૈ? આહાહા..! પાંચ ડિગ્રી બુખાર આયા, મેરા દિમાગ ઘૂમ ગયા. એય..! ડોક્ટર કે લિયે ઇધરઉધર દૌડતા હૈ. ડોક્ટર-ડોક્ટર. પાંચ ડિગ્રી ચઢ ગયા, અભી છહ-સાત હો જાયેગા. જલ્દી કરો... જલ્દી કરો... દવા લાઓ.. દવા લાઓ.

.. શરીર તો જડ હૈ. ઉસકો બુખાર તો જડમેં આયા હૈ. તેરે અસ્તિત્વમેં હૈ? તેરે અસ્તિત્વમેં આયા હૈ? જડકે અસ્તિત્વમેં આયા હૈ. આહાહા..! ખબર નહીં, કુછ ખબર નહીં. અંધે અંધ ચલા. અંધા દિખાયે ઔર અંધા ચલે. આહાહા..! ધર્મકી તો ખબર નહીં લેકિન સત્ય ચીજ ક્યા હૈ ઔર કૈસે મૈં પરકો માનતા હૂં ઔર કૈસે મૈં અપનેકો નહીં માનતા હૂં. અપનેકો નહીં માનતા હૂં, માલૂમ નહીં કુછ. કહતે હૈં કિ, શરીરકી ઉષ્ણ અવસ્થા હુઈ, મુઝે બુખાર આયા.

**'શરીરકી ભૂખ,...'** મુઝે ભૂખ લગી હૈ. ભૂખ તો જડકી અવસ્થા હૈ. તુમ તો અરૂપી આત્મા ભિન્ન હો. સમજ મેં આયા? **'પ્યાસ,...'** મુઝે પ્યાસ લગી હૈ. આહાહા..! મેરા ગલા સૂખ રહા હૈ. મોસંબી લાઓ, આઈસ્ક્રીમ લાઓ, ફલાના લાઓ. આહાહા..! પ્રભુ! તૂ કૌન હૈ તુજે માલૂમ નહીં, ભાઈ! તુમ ચૈતન્યસ્વરૂપ હો, ચૈતન્ય ચમત્કાર હીરા હૈ. આહાહા..! અંદર તેરી ચીજ ચૈતન્ય ચમત્કારસે હીરા ભરા પડા હૈ. ઐસા તુમ અપનેકો માનતે નહીં ઔર યહાં ઐસા માનતા હૈ કિ મુઝે રોગ આ ગયા, મૈં દુઃખી હુઆ, પ્યાસ લગી. આહાહા..!

**'આદિરૂપ અવસ્થા હોને પર, મુઝે ભૂખ-પ્યાસ લગી; શરીરકે કટનેસે મૈં કટ ગયા,...'** રેલમેં કટ જાતા હૈ કિ નહીં? રેલમેં. વહાં મુંબઈમેં બહુત હોતા હૈ. મુંબઈમેં હરરોજ એક-દો-તીન-ચાર મરતે હૈં બસ મેં. હમ તો વહાંસે નીકલે તો દેખા, આદમી મર ગયા. પુલીસ ઈકટ્ઠી હુઈ. સુબહસે નિકલા હુઆ શામકો ઘર આયે તો ઠીક, વરના ખલાસ હો જાતા હૈ. મેરા શરીર કટ ગયા. મેરા નાક કટ ગયા, મેરા હાથ ટૂટ ગયા, મેરા .. તૂટ ગયા. વહ સબ જડકા હૈ. મિટ્ટી-ધૂલ હૈ. તો યહ અવયવ મેરા કટ ગયા ઔર મૈં કટ ગયા ઐસા માનના ઈત્યાદિ. **'ઈસ પ્રકાર વહ અજીવકી અવસ્થાકો,...'** વહ તો જડકી અવસ્થા હૈ. વહ **'અપની (આત્માકી) અવસ્થા માનતા હૈ.'** આહાહા..!

અબ યહ મોક્ષમાર્ગ કી બાત હૈ થોડી. મોક્ષમાર્ગ પ્રકાશક હૈ ન? **'અપનેકો આપરૂપ જાનકર,...'** અપના આનંદસ્વરૂપ જ્ઞાન ઉસકો અપના સ્વરૂપ જાનકર **'પરકા અંશ ભી અપનેમેં નહીં મિલાના...'** રાગ, શરીરાદિકા અંશ ભી આત્મામેં મિલાન કરના નહીં. આહાહા..! **'ઔર અપના અંશ ભી પરમેં નહીં મિલાના...'** જ્ઞાનકી પર્યાય જડસે હુઈ હૈ ઐસે મિલાના નહીં. સમજ મેં આયા? **'ઐસા સચ્ચા શ્રદ્ધાન નહીં કરતા.'** સચ્ચી શ્રદ્ધા સત્યકા સત્યરૂપસે ઔર અસત્યકી અસત્યરૂપ શ્રદ્ધા કરતા નહીં ઔર ભ્રમસે અનાદિસે પરિભ્રમણ કરતા હૈ.

**'જૈસે, અન્ય મિથ્યાદષ્ટિ નિર્ધાર બિના...'** જૂઠી દષ્ટિવંત નિર્ણયકે બિના **'પર્યાયબુદ્ધિસે જાનપનેમેં...'** મોક્ષમાર્ગ પ્રકાશક. જાનપનારૂપ હૈ ન ક્ષયોપશમ જ્ઞાનકી પર્યાય-વિકાસ. ઉસ જાનપનેમેં **'વ વર્ણાદિમેં...'** ઈસ શરીરકે વર્ણાદિમેં **'અહંબુદ્ધિ ધારણ કરતે હૈં,...'** જાનનેકી દશા આદિ મૈં ઔર શરીરકી રંગ, ગંધકી અવસ્થા ભી મૈં. ઐસે મૂઢ જીવ, ભ્રમણા કરનેવાલા

અજ્ઞાની ઐસા માનતે હૈં.

'**ઉસી પ્રકાર યહ ભી આત્માશ્રિત જ્ઞાનાદિમેં..**' જાનનેકી પર્યાય ઉસમેં ઔર '**ઔર શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓંમેં...**' શરીરાશ્રિત યહ ઉપદેશ હોતા હૈ વહ તો ... જડકી હૈ. આહાહા..! ઔર ઉપવાસ. ઉપવાસ કરનેસે શરીર .. તો મેરા શરીર કમ હો ગયા. વહ સબ અવસ્થા તો જડકી હૈ. '**શરીરાશ્રિત ઉપદેશ-**' મૈં ઉપદેશ કરતા હૂં, ઉપદેશકી વાણી મેરી હૈ. આહાહા..! મૈં અચ્છા ભાષણ કર સકતા હૂં, મૈં જોરદાર ભાષણ કર સકતા હૂં. મૂઢ હૈ. યે જડ હૈ. યહ ભાષા નીકલતી હૈ વહ જડકી હૈ. આહાહા..!

'**શરીરાશ્રિત ઉપદેશ-ઉપવાસાદિ ક્રિયાઓંમેં અપનત્વ માનતા હૈ. ...તથા પર્યાયમેં જીવ-પુદ્‌ગલકે પરસ્પર નિમિત્તસે અનેક ક્રિયાએં હોતી હૈં,...**' ક્યા કહતે હૈં? બોલના, આદિ શરીરકી ક્રિયા જો હોતી હૈ વહ સ્વતંત્ર જડકી, ઉસમેં આત્માકા રાગકા નિમિત્ત ઐસા જાનકર નિમિત્ત માત્ર હૈ. તો ઐસા ન માનકર મૈં બોલતા હૂં, મૈં ચલતા હૂં, મૈં શરીરકા સબ ઉપયોગ કરતા હૂં, લક્ષ્મીકા સદ્‌ઉપયોગ કરતા નહીં? .. શરીરકા સદ્‌ઉપયોગ કિયા. ક્યા (કિયા)? વહ તો જડ હૈ. ઉસમેં ક્યા કર સકતે હૈં? લક્ષ્મીકા સદ્‌ઉપયોગ (કિયા). લક્ષ્મી તો જડ હૈ, અજીવ હૈ. ઉસકા સદ્‌ઉપયોગ કર સકતા હૈ આત્મા? દાન દેના વહ સદુપયોગ હૈ. ભોગમેં લેના વહ અસદ્‌ઉપયોગ હૈ. વહ બાત હી જૂઠી હૈ. આહાહા..! સમજ મેં આયા?

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવકા યહ આદેશ હૈ કિ તેરી તુજે ખબર નહીં હૈ, ભૈયા! આહાહા..! તું કહાં અપના માનતે હો ઔર અપના ક્યા હૈ (ઉસે) તુમ દૃષ્ટિમેં સે છોડ દેતા હૈ, તુજે માલૂમ નહીં. આહાહા..! '**ઉપવાસાદિ ક્રિયા...**' દેખો! ઉપવાસકી ક્રિયા, રસત્યાગકી ક્રિયા. રસ તો જડ હૈ. આનેવાલા નહીં થા તો મૈંને છોડ દિયા રસ ખાનેકા. વહ ભી જડકી ક્રિયાકા અભિમાન કિયા. આહાહા..! સમજ મેં આયા? સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! ઉસે અનાદિકાલસે બડી ભૂલ હો ગયી હૈ. વહ ભૂલ નિકાલનેકી ઉસકો ખબર ભી નહીં હૈ ઔર ભૂલ નીકલે તો કૈસા હોતા હૈ ઉસકી ખબર નહીં. આહાહા..! ધર્મકી ક્રિયા કરે સુબહ સામાયિક કરે, પ્રૌષધ કરે, પડિકમણા કરે. વહ તો જડકી ક્રિયા હૈ, વહ કહાં આત્માકી હૈ? ઉસમેં રાગ મંદ હો તો વહ વિકારકી ક્રિયા હૈ. સમજ મેં આયા? વહ કોઈ આત્માકી ક્રિયા નહીં. આહાહા..!

'**ઉપાસાદિ ક્રિયાઓમેં અપનત્વ માનતા હૈ. પોતાપણું માને છે... તથા પર્યાયમેં જીવ-પુદ્‌ગલકે પરસ્પર નિમિત્તસે અનેક ક્રિયાએં હોતી હૈં, ઉન્હેં દોનોં દ્રવ્યોંકે મિલાપસે ઉત્પન્ન હુઈ માનતા હૈ;...**' મૈં આત્મા ઔર શરીરકી ક્રિયા દોનોં મિલકર હુઆ હૈ. શરીર ઐસે ચલતા હૈ ઔર મૈં આત્મા ઉસકા રાગ કરતા હૂં, તો દો મિલકર શરીરકી ક્રિયા હુઈ.

મૂઢ હૈ. શરીરકી ક્રિયામેં તેરા અધિકાર કહાં હૈ? સમજમેં આયા? ઔર તેરી જ્ઞાનકી ક્રિયામેં પરકા અધિકાર કહાં હૈ? જાનનેકી પર્યાયમેં શરીર થા, ઈન્દ્રિય હૈ તો મુજે જ્ઞાન હોતા હૈ. વહ મૂઢ હૈ. પરદ્રવ્યસે જ્ઞાન હોતા હૈ? જ્ઞાન તો અપની પર્યાય હૈ. સમજમેં આયા? નિમિત્તકો ઉડા દેતે હૈં યહાં. આયેગા.

'**પર્યાયમેં જીવ-પુદ્‌ગલકે પરસ્પર નિમિત્તસે અનેક ક્રિયાએઁ હોતી હૈં, ઉન્હેં દોનોં દ્રવ્યોંકે મિલાપસે ઉત્પન્ન હુઈ માનતા હૈ;...**' યહ જીવકી ક્રિયા હૈ. જાનના... જાનના.. જાનના... જાનના... જાનના.. વહ જીવકી ક્રિયા હૈ. ઉસમેં પુદ્‌ગલ નિમિત્ત હૈ. ફિર ભી વાણી આદિ પુદ્‌ગલકી જડકી ક્રિયા હૈ, ઉસમેં જીવ નિમિત્ત હૈ. '**ઐસા ભિન્ન ભિન્ન ભાવ ભાસિત નહીં હોતા...**' નિમિત્તકા અર્થ-હૈ, બસ ઈતના. લેકિન મેરેસે યહ હુઆ ઔર ઉસસે મેરેમેં હુઆ (વહ અજ્ઞાન હૈ). આહાહા..!

'**જિસકી મતિ અજ્ઞાનસે મોહિત હૈ...**' અપના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મજ્ઞાનકે ભાન બિના મતિ જીસકી મોહિત હૈ. '**ઔર જો મોહ, રાગ, દ્વેષ આદિ બહુત ભાવોંસે સહિત હૈ, વહ જીવ ઐસા કહતા હૈ (માનતા હૈ) કિ યે શરીરાદિ બદ્ધ...**' સમીપ હૈ ન શરીર, વાણી સમીપ હૈ. '**ઔર ધનાદિ અબદ્ધ...**' લક્ષ્મી, ધાન્ય સમીપ નહીં હૈ. ભિન્ન હૈ, દૂસરે હૈ. આહાહા..! '**પુદ્‌ગલદ્રવ્ય મેરે હૈં.**' ઐસા માનતા હૈ. યહ તો પુદ્‌ગલ મિટ્ટી હૈ, શરીર મિટ્ટી હૈ, વાણી મિટ્ટી હૈ, મન અંદર હૈ. આત્મા વિકાર કરતા હૈ તો જડ મન હૈ રજકણકા. ઉસસે મુજે જ્ઞાન હુઆ. ઐસે બદ્ધ ઔર અબદ્ધ મેરી ચીજ હૈ. લો, યહ ધન-ધાન્ય આદિ. આદિ શબ્દસે સ્ત્રી, કુટુંબ, પરિવાર, લડકા, લડકિયાં યે મેરે હૈં. ઓહોહો..! યે લડકા કુછ ઠીક હૈ ... .. મેરા નહીં હૈં. લેકિન અંદરમેં તો ગુદગુદી હોતી હૈ કિ યહ મેરા હૈ. સમજમેં આયા? આહાહા..!

બદ્ધ ઔર અબદ્ધ ચીજ ધાન્ય-અનાજ, શક્કર, ગુડ, પકવાન, કપડેં, ઝવાહરાત મેરી ચીજ હૈ. યહ કોટ કિસકા હૈ? મેરા હૈ. શ્રીમદ્‌કો ઐસા પૂછતે તબ ઐસા કહતે થે, યહ કપડા કિસકા? અમારા. અમારા અર્થાત્? અ-અર્થાત્ મેરા નહીં. સમજ મેં આયા? અ-મારા છે. અ-મારા ભાષા ઐસી હૈ કિ હમારા હૈ ઐસા માનતે હૈં. હમારા (અ-મારા) હૈ. યહ મેરા નહીં હૈ ઐસા ઉસકા અર્થ હૈ. આહાહા..! '**ધનાદિ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મેરે હૈં.**' ઐસા માનતે હૈં.

'**શરીરાદિ બાહ્ય પદાર્થોંમેં એકતાબુદ્ધિ કરનેસે...**' શરીર, વાણી, ધન, ધાન્ય, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, ઉસમેં એકતાબુદ્ધિ કરનેસે '**અજ્ઞાનીકો ભ્રમ હોતા હૈ કિ...**' ક્યા? '**રસ, રૂપ, ગંધ, સ્પર્શ અને શબ્દકા જો જ્ઞાન હોતા હૈ, વહ ઈન્દ્રિયોંસે હોતા હૈ...**'

ખટ્ટા હૈ, ફીકા હૈ, મીઠા હૈ, તીખા હૈ, ઐસા જો જ્ઞાન હોતા હૈ ન, તો વહ ઐસા માનતા હૈ કિ યહ ઇન્દ્રિયોંસે જ્ઞાન હોતા હૈ. યે તો જડ ઇન્દ્રિય હૈ. વહ જ્ઞાન ઇન્દ્રિયસે હોતા હૈ? અપની પર્યાયમેં હોતા હૈ. આહાહા..! સૂક્ષ્મ બાત (હૈ). એક તત્ત્વમેં દૂસરે તત્ત્વકા મિલાપ કર દેતે હૈં. વહ મિથ્યાત્વભાવ, મિથ્યા દૃષ્ટિ, મિથ્યાદર્શનકો સેવનેવાલા હૈ. આહાહા..!

'**અજ્ઞાનીકો ભ્રમ હોતા હૈ કિ,...**' જીભમેં રસકા જ્ઞાન હોતા હૈ ન? ખટ્ટા હૈ, મીઠા હૈ. વહ જાનતા હૈ કિ ઇન્દ્રિય દ્વારા મુજે જ્ઞાન હુઆ. ઇન્દ્રિય તો જડ હૈ. જ્ઞાન હુઆ વહ તો તેરી પર્યાયમેં હુઆ હૈ. વહ રસસે જ્ઞાન હુઆ હૈ, ઇન્દ્રિયસે હુઆ હૈ ઐસા હૈ નહીં. આહાહા..! ભારી! ભ્રમણા ભારી, ભાઈ! સાધુ નામ ધરાવે, રસ ખાના છોડે તો ભી ઐસા માને કિ યહ રસ ખાતા હૂં તો રસસે જ્ઞાન મુજે હુઆ. મૂઢ હૈ. સાધુ નહીં, વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા..! સ્વરૂપકે સાધનકી તો ઉસકો ખબર નહીં. મૈં આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ હૂં. મૈં પર ચીજકો પરરૂપસે જાનનેવાલા હૂં, અપનેકો અપનેરૂપ જાનનેવાલા હૂં, ઐસા છોડકર સાધુ નામ ધારણ કરકે ભી ઐસા માનતે હૈં કિ યે રસકા જ્ઞાન મુજે ઇન્દ્રિયસે હુઆ. રસકા જ્ઞાન મુજે ઇન્દ્રિયસે હુઆ, સ્પર્શકા જ્ઞાન મુજે ઇન્દ્રિયસે હુઆ, ગંધકા જ્ઞાન મુજે ઇન્દ્રિયસે હુઆ. મૂઢ હૈ. આહાહા..! મૂર્ખ હૈ. બહુત પરીક્ષા કરને જાયે તો મૂર્ખકા સમૂહ બહુ નીકલે.

યહાં તો બાત યહ હૈ, ભગવાન! સુન તો સહી. તુમ જ્ઞાનસ્વરૂપ હો, ચૈતન્ય સ્વભાવ હો. તો ચૈતન્ય સ્વભાવ મેં જો પરકા જ્ઞાન હોતા હૈ વહ અપનેસે હોતા હૈ. પરસે નહીં. સમજ મેં આયા? ઇન્દ્રિયસે વિષયભોગ કરતા હૈ તો સ્પર્શ જો હૈ, ઠંડા મુલાયમ, તો મુલાયમ કહતે હૈં ન? જ્ઞાન હોતા હૈ મુલાયમકા જ્ઞાન. ઐસા હુઆ તો, યે મુલાયમ હૈ તો ઉસસે મુઝે જ્ઞાન હુઆ. મુલાયમ તો જડ હૈ. અજીવસે જ્ઞાન હોતા હૈ આત્મામેં? કુછ માલૂમ નહીં. અનાદિસે ભ્રમ મેં પડા હૈ. આહાહા..! ધર્મકે નામ પર ભી મૈં પરકી દયા પાલ સકતા હૂં, પરકી હિંસા કર સકતા હૂં, વહ તો ભ્રમ હૈ. આહાહા..! પર તત્ત્વકી અવસ્થા મૈં કર સકતા હૂં, પરતત્ત્વ-પરકા જીવન રહા તો ઉસકો મૈંને જીવિત રખા, સમજ મેં આયા? ઔર મૈંને ઉસકો માર ડાલા. કિસકો મારે? ભાઈ! સુન તો સહી. ઉસકી અવસ્થા શરીરસે ભિન્ન હો વહ તો ઉસકે કારણસે હોતી હૈ? તેરે કારણસે હોતી હૈ? ભારી કામ, ભાઈ! કહો, સુજાનમલજી! આહાહા..!

મુમુક્ષુ :- યે માન્યતા કબ છૂટે?

ઉત્તર :- માના તો હૈ ઊલટા અનાદિસે. વહ માન્યતા છોડે તો છૂટે. અપને આપ છૂટે ઐસા નહીં. અપને ઉદાહરણ નહીં દેતે? વૃક્ષકો આલિંગન કરકે (માનતા હૈ કિ) મુજે વૃક્ષને આલિંગન કિયા હૈ. વૃક્ષને કિયા ? તુમ છોડ દો તો છૂટ જાયે. ઐસે પરવસ્તુકો અપની

માનતા હૈ તો પકડા ગયા હૈ. વહ અપને કારણસે પકડા ગયા હૈ. છોડ દે ઉસકો. મૈં તો આત્મા જ્ઞાનસ્વરૂપ આત્મા હૂં. મૈં પરકા કરનેવાલા નહીં, પરકા નાશ કરનેવાલા નહીં, પરકી રક્ષા કરનેવાલા નહીં, ઔર પરસે મેરેમેં જ્ઞાન હોતા હૈ વહ ભી મૈં નહીં. આહાહા..! સમજ મેં આયા?

**'તથા ઘટ-પટાદિકા જો જ્ઞાન હોતા હૈ, વહ બાહ્ય પદાર્થોંસે હોતા હૈ,...'** ઐસા માનતા હૈ. કપડા દેખતા હૈ ન કપડા? યહ રેશ્મી કપડા હૈ. તો વહ રેશ્મી કપડાસે રેશ્મી કપડાકા જ્ઞાન હુઆ. મૂઢ હૈ. વહ તો પર ચીજ હૈ. ઉસસે યહાં જ્ઞાન હોતા હૈ? જિસમેં જ્ઞાન હૈ ઉસમેં જ્ઞાન હોતા હૈ, ઉસકે કારણસે જ્ઞાન હોતા હૈ. કપડેમેં જ્ઞાન હૈ? 'ઘટ-પટાદિ...' પટ અર્થાત્ વસ્ત્ર. ઘડેકા જ્ઞાન હોતા વહ બાહ્ય પદાર્થોંસે હોતા હૈ. ઉસ પદાર્થકી હયાતી હૈ તો મુજે ઉસ ઓરકા જ્ઞાન હુઆ. જૂઠ હૈ. જ્ઞાન તો અપની પર્યાય હૈ. અપનેમેં હોતા હૈ, અપને કારણસે હોતા હૈ. ઈન્દ્રિયસે હોતા હૈ ઐસા માનના મૂઢ હૈ. આહાહા..! આંખ ફૂટ જાય તો, ન દેખ સકે, લો. આંખ બરાબર હૈ તો જાન સકતા હૈ કિ નહીં? જાનનેકા અસ્તિત્વ તો તેરેમેં હૈ. ઉસકે અસ્તિત્વસે તેરી જાનનેકી પર્યાય હુઈ? યે નિમિત્તસે હુઈ માનનેવાલે ઐસે હૈં ઐસા કહતે હૈં. સમજ મેં આયા?

**'કિન્તુ ઉસે જ્ઞાત નહીં હૈ કિ જીવકો જો જ્ઞાન હોતા હૈ, વહ અપની જ્ઞાનગુણરૂપ ઉપાદાનશક્તિસે હોતા હૈ. ઈન્દ્રિયાં ઔર ઘટ-પટાદિ પદાર્થ તો જડ હૈં, ઉનસે જ્ઞાન નહીં હોતા; જ્ઞાન હોનેમેં વે તો નિમિત્તમાત્ર હૈં.'** ઉપસ્થિતિ હૈ. લેકિન ઉસસે જ્ઞાન હોતા નહીં. યે સમય-સમયકી ભૂલ કૈસે કર રહા હૈ, વહ બતાતે હૈં. અક્ષર પઢતે હૈં તો જ્ઞાન હોતા હૈ. અક્ષરસે હુઆ? અક્ષરમેં જ્ઞાન હૈ? વહ તો જડ હૈ. જિસમેં જ્ઞાન હૈ ઉસસે જ્ઞાનસે જ્ઞાન હોતા હૈ. પોપટભાઈ! બહુત સૂક્ષ્મ ઐસા. બહુત સૂક્ષ્મ કબ બૈઠે? નહીં બૈઠે તો રખડેગા ચોર્યાસીકે અવતારમેં. આહાહા..! **'ઈન્દ્રિયાં ઔર ઘટ-પટાદિ પદાર્થ તો જડ હૈં, ઉનસે જ્ઞાન નહીં હોતા; જ્ઞાન હોનેમેં વે તો નિમિત્તમાત્ર હૈં.'**

**'ઈસ પ્રકાર બહિરાત્મા અપને જ્ઞાનાત્મકસ્વભાવકો ભૂલકર...'** મૈં તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા હૂં. આહાહા..! મૈં કિસીસે જાનનેવાલા નહીં, કિસીકો બતાનેવાલા નહીં. આહાહા..! મૈં ભાષા કરનેવાલા નહીં, મૈં શરીર રચાનેવાલા નહીં, ખાનેકી ક્રિયા મુજસે હોતી નહીં. આહાહા..! યે તો જડ હૈ. પીનેકી ક્રિયા મુજસે હોતી નહીં વહ તો જડકી ક્રિયા હૈ. આહાહા..! કહતે હૈં, અપના જ્ઞાનસ્વરૂપ મૈં તો ચિદ્ઘન આત્મા, મૈં પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ હૂં. જ્ઞાનસ્વભાવ મેરા હૈ ઐસા ભૂલકર, ઉસકો છોડકર શરીરાદિમેં પરપદાર્થમેં અપના અસ્તિત્વ માનતે હૈં. અપના હોનાપના પર શરીરાદિમેં માનતે હૈં. ઈન્દ્રિયોંસે જ્ઞાન હુઆ તો .. ઈન્દ્રિય

મૈં હૂં. આહાહા..! ઉસસે જ્ઞાન હુઆ, શરીરસે હુઆ, અક્ષરોંસે હુઆ. તો ઉસકા અર્થ વહી ચીજ મૈં હૂં. ઐસી માન્યતા, ભ્રમ અનાદિસે સેવતે હૈં. ત્યાગી અનંત બાર હુઆ, સાધુ અનંત બાર હુઆ લાખો સ્ત્રિયાં છોડકર, લેકિન યહ ચીજ ઉસકો સમજમેં નહીં આયી. સમજ મેં આયા?

'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંત બૈર...' મુનિપના હુઆ, નગ્ન દિગંબર હુઆ અનંત બાર. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક...' સ્વર્ગમેં ગયા. યે ગ્રીવા હૈ ન, ગ્રીવા? ઉસકે સ્થાનમેં ગ્રૈવેયક હૈ વહાં. લોક હૈ વહ પુરુષકે આકારસે હૈ. યે ચૌદહ બ્રહ્માંડ પુરુષાકાર હૈ. ગ્રીવાકે સ્થાનમેં વૈમાનિક દેવ હૈ. ઉસમેં મુનિવ્રત લિયા, હજારો રાની રાજપાટ છોડકર બ્રહ્મચર્ય શરીરકા પાલા. વહ ક્રિયા પરકી હૈ. 'પૈ નિજ આતમ જ્ઞાન વિના સુખ લેશ ન પાયૌ' આત્માકા જ્ઞાન બિના આનંદ ન આયા ઉસકો. વહ પંચ મહાવ્રતકી ક્રિયા ભી દુઃખરૂપ હૈ. બરાબર હૈ? લક્ષ્મીચંદજી! પંચ મહાવ્રત દુઃખરૂપ! આસ્રવ હૈ, દુઃખ હૈ. આહાહા..! પરકી દયા પાલનેકા રાગ દુઃખ હૈ. આહાહા..! ઐસી બાત હૈ. એને સમજે નહિ, કઠિન પડે. લેકિન ક્યા કરેં? માર્ગ તો ઐસા હૈ, ભાઈ! તુજે સત્ય ઔર અસત્યકી વિવેકતા, ભિન્નતા ભાસિત નહીં હુઈ. આહાહા..! ક્રિયા આદિ કી, મહિને-મહિને કે ઉપવાસ અનંત બાર કિયા. છ-છ મહિનેકા ઉપવાસ અનંત બાર કિયા. ઉસમેં ક્યા આયા? વહ તો રાગકી મંદતા હૈ. રાગકી મંદતા તો પુણ્યબંધકા કારણ હૈ. વહ કોઈ અબંધસ્વરૂપ ભગવાન મોક્ષકા માર્ગ નહીં હૈ. આહાહા..! બડી કઠિન બાત આયી.

---

तच्च प्रतिपद्यमानो मनुष्यादिचतुर्गतिसम्बन्धिशरीराभेदेन प्रतिपद्यते तत्र–

*नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम्।
तिर्यंचं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा।।८।।
नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा।
अनंतानंतधीशक्तिः स्वयंवेद्योऽचलस्थितः।।९।।

---

* सुरं त्रिदशपर्यायैस्तथानरम्।
तिर्यञ्च च तदङ्गे स्वं नारकाङ्गे च नारकम्।।३२-१३।।
वेत्त्यविद्यापरिश्रान्तो मूढस्तन्न पुनस्तथा।
किन्त्वमूर्तं स्वसंवेद्य तद्रूपं परिकीर्तितम्।।-१४।।
– ज्ञानार्णवे-शुभचन्द्राचार्यः

**'શરીરાદિ પર પદાર્થોંસે અપના અસ્તિત્વ માનતા હૈ,...'** અપના સ્વભાવ ભૂલકર શરીરાદિ પર પદાર્થોસે અપના અસ્તિત્વ માનતા હૈ. **'અર્થાત્ વહ શરીરાદિ પદાર્થોંમેં હી આત્મબુદ્ધિ કરતા હૈ.'** આત્મબુદ્ધિ (અર્થાત્) મૈં હૂં.. મૈં હૂં. ઉસસે મુજે જ્ઞાન હોતા હૈ, ઉસસે મુજે શાંતિ હોતી હૈ, ઉસસે મુજે સુખ હોતા હૈ. આહાહા..! ઐસા અજ્ઞાની પર પદાર્થમેં આત્મબુદ્ધિ માનકર અપના સ્વભાવકો ખો બૈઠતા હૈ. બડી કઠિન બાતેં.

---

टीका :- नरस्य देहो नरदेहः तत्र तिष्ठतीति नरदेहस्थस्तमात्मानं नरं मन्यते। कोऽसौ? अविद्वान् बहिरात्मा। तिर्यंचमात्मानं मन्यते। कथंभूतं? तिर्यगङ्गस्थं तिरश्चामङ्गं तिर्यगङ्गं तत्र तिष्ठतीति तियग्ङस्थस्तं। सुराङ्गस्थं आत्मानंत सुरं तथा मन्यते।।८।। नारकमात्मानं मन्यते। किं विशिष्टं? नारकाङ्गस्थं। न स्वयं तथा नरादिरूप आत्मा स्वयं कर्मोपाधिमंतरेण न भवति। कथं? तत्त्वतः परमार्थतो न भवति। व्यवहारेण तु यदा भवति तदा भवतु। कर्मोपाधिकृता हि जीवस्य मनुष्यादिपर्यायास्तन्निवृतौ निवर्तमानत्वात् न पुनः वास्तवा इत्यर्थः। परमार्थतस्तर्हिकीदृशोऽसावित्याहअनंतानन्तधीशक्तिः धीश्च शक्तिश्च धीशक्ति अनंतानन्ते धीशक्ति यस्य। तथाभूतोऽभिधीयते। कर्माद्यपाये चानन्तानन्तधीशक्तिपरिणत आत्मा स्वसंवेदनेनैव वेद्यः। तद्विपरीतपरिणत्यनुभवस्य संसारावस्थायां कर्मोपाधिनिर्मित–त्त्वात्। अस्तु नाम तथा स्वसंवेद्यः कियत्कालमसौ न तु सर्वदा। पश्चात् तद्रूपविनाशादित्याह–अचलस्थितिः अनंतानंतधीशक्तिस्वभावेनाचलास्थितिर्यस्य सः। यैः पुनर्योगसांख्येर्मुक्तौ तत्प्रच्युतिरात्मनोऽभ्युपगता ते प्रमेयकमलमार्तण्डे न्यायकुमुदचन्द्रे च मोक्षविचारे विस्तरतः प्रत्याख्याताः।।९।।

---

**અને તેનું પ્રતિપાદન કરી મનુષ્યાદિ ચતુર્ગતિ સંબંધી શરીરભેદથી જીવભેદનું તેમાં પ્રતિપાદન** કરે છે.

શ્લોક - ૮-૯

અન્વયાર્થ :- (अविद्वान) **મૂઢ** બહિરાત્મા (नरदेहस्थं) **મનુષ્યદેહમાં** રહેલા (आत्मानं) **આત્માને** (नरम्) **મનુષ્ય,** (तिर्यङ्गस्थं) **તિર્યંચના** શરીરમાં રહેલા **આત્માને** (तिर्यंचम्) **તિર્યંચ,** (सुरांङ्गस्थं) **દેવના** શરીરમાંર હેલા **આત્માને** (सुरं) **દેવ** (तथा) **અને...**

અન્વયાર્થ :- (नारकांङ्गस्थं) **નારકીના** શરીરમાં રહેલા **આત્માને** (नारकं) **નારકી** (मन्यते) **માને** છે. (तत्त्वतः) વાસ્તવિક રીતે (स्वयं) સ્વયં **આત્મા** (तथा न) તેવો

નથી-અર્થાત્ તે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકીરૂપ નથી; પરંતુ વાસ્તવિક રીતે આ આત્મા (अनंतानंतधीशक्ति) અનંતાનંત જ્ઞાન અને અનંતાનંત શક્તિ (વીર્ય) રૂપ છે, (स्वसंवेद्यः) સ્વાનુભવગમ્ય છે-પોતાના અનુભવગોચર છે અને (अचलस्थितिः) પોતાના સ્વરૂપમાં સદા નિશ્ચલ-સ્થિર રહેવાવાળો છે...

ટીકા :- નરનો દેહ તે નરદેહ. તેમાં રહે છે તેથી નરદેહસ્થ. તે (નરના દેહમાં રહેનાર) આત્માને નર માને છે. કોણ તે (આવું માને છે)? અવિદ્વાન-બહિરાત (એવું માને છે); તિર્યંચને આત્મા માને છે, કેવા (તિર્યંચ)ને? તિર્યંચોના શરીરમાં રહેનારને-તિર્યંચોનું શરીર તે તિર્યંચશરીર-તેમાં રહે છે તેથી તિર્યંગસ્થ-તેને (આત્મા માને છે). તેવી રીતે દેવોના શરીરમાં રહેનાર (આત્મા) ને દેવ માને છે.

નારકને આત્મા માને છે. કેવા (નારકને)? નારકીના શરીરમાં રહેનારને. આત્મા સ્વયં નરાદિરૂપ નથી; કર્મોપાધિ વિના તે સ્વયં થતો નથી. કેવી રીતે? તત્ત્વતઃ એટલે પરમાર્થે તે (તેવો) નથી, પણ વ્યવહારે તે હોય તો ભલે હોય. જીવની મનુષ્યાદિ પર્યાયો કર્મોપાધિથી થયેલી છે. તે (કર્મોપાધિ) નિવૃત્ત થતાં (મટતાં) તે (પર્યાય) નિવૃત્ત થતી હોવાથી વાસ્તવમાં (તે પર્યાયો જીવની) નથી-એમ અર્થ છે.

ત્યારે પરમાર્થે તે (આત્મા) કેવો છે? તે કહે છે. તે અનંતાનંત ધીશક્તિ-અર્થાત્ અનંતાનંત જ્ઞાન અને શક્તિ-વાળો છે. તેવો તે કેવી રીતે જાણી શકાય (અનુભવી શકાય)? તે કહે છે. તે સ્વસંવેદ્ય છે. નિરુપાધિક રૂપ જ વસ્તુનો સ્વભાવ કહેવાય છે. કર્માદિનો વિનાશ થતાં, અનંતાનંત જ્ઞાન-શક્તિરૂપે પરિણત આત્મા સ્વસંવેદનથી જ વેદી શકાય છે. સંસાર-અવસ્થામાં તે કર્મોપાધિથી નિર્મિત (નિર્માયેલો) હોવાથી તેનાથી વિપરીત પરિણથિનો અનુભવ થાય છે.

તેવો સ્વસંવેદ્ય (આત્મા) ભલે હો, પણ તે કેટલો કાલ? સર્વદા તો નહિ હોય, કારણ કે પાછળથી તેના રૂપનો નાશ થાય છે. (આવી શંકાનો પરિહાર કરતાં) કહે છે કે-તેની (આત્માની) અચળ સ્થિતિ છે, કારણ કે અનંતાનંત ધીશક્તિના સ્વભાવના કારણે તે અચલ સ્થિતિવાળો છે. જે યોગ અને સાંખ્યમતવાળાઓએ, મુક્તિના વિષયમાં આત્માની તેનાથી (મુક્તિથી) પ્રચ્યુતિનો (પતનનો) સંભવ માન્યો છે, તેમના સંબંધી (ખંડનરૂપે) પ્રમેયકમલમાર્તણ્ડ અને ન્યાયકુમુદચન્દ્રમાં મોક્ષવિચાર-પ્રસંગે વિસ્તારથી કહેવામાં આવ્યું છે.

ભાવાર્થ :- નરનારકાદિ જે પર્યાયોને જીવ ધારણ કરે છે તે પર્યાયોરૂપ અજ્ઞાની પોતાને માને છે. વાસ્તવમાં જીવ તે પર્યાયોરૂપ નથી, પણ તે સ્વાનુભવગમ્ય, શાશ્વત અને અનંતાનંત-જ્ઞાન-વીર્યમય છે. મુક્ત-અવસ્થામાં (મોક્ષમાં) તેની સ્થિતિ અચલ છે;

ત્યાંથી (મુક્તિથી) તેનું કદી પણ પતન થતું નથી-અર્થાત્ જીવ મુક્ત થયા પછી કદી ફરીથી સંસારમાં આવતો નથી. યોગ અને સાંખ્યમતવાળાની માન્યતા તેનાથી વિપરીત છે.

### વિશેષ

બહિરાત્મા નરનારકાદિ પર્યાયોને જ પોતાની સાચી અવસ્થા માને છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી ભિન્ન કર્મોપાધિરહિત, શુદ્ધ, ચૈતન્યમય, ટંકોત્કીર્ણ એક જ્ઞાતા-દૃષ્ટા છે, અભેદ્ય છે, અનંતજ્ઞાન તથા અનંતવીર્યથી યુક્ત છે અને અચલ સ્થિતિરૂપ છે-આવું ભેદજ્ઞાન (વિવેકજ્ઞાન) તેને હોતું નથી, તેથી તે સંસારના પર પદાર્થોમાં તથા મનુષ્યાદિ પર્યાયોમાં આત્મબુદ્ધિ કરે છે-તેને આત્મા માને છે.

જીવ જે જે ગતિમાં જાય છે તે તે ગતિને અનુરૂપ જુદો જુદો સ્વાંગ (વેષ) ધારણ કરે છે. આ સ્વાંગ અચેતન છે, જડ છે અને ક્ષણિક છે. તે વેષને ધારણ કરનાર જીવ, તેનાથી ભિન્ન, શાશ્વત, જ્ઞાનસ્વરૂપ ચેતન દ્રવ્ય છે. અજ્ઞાનીને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન નથી, તેથી તે બાહ્ય વેષને જ જીવ માની તે પ્રમાણે વર્તાવ કરે છે.

''...અમૂર્તિક પ્રદેશોનો પુંજ પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક અનાદિનિધન વસ્તુ પોતે (આત્મા) છે, તથા મૂર્તિક પુદ્ગલ દ્રવ્યોનો પિંડ પ્રસિદ્ધ જ્ઞાનાદિરહિત નવીન જ જેનો સંયોગ થયો છે એવાં શરીરાદિ પુદ્ગલ કે જે પોતાનાથી પર છે-એ બન્નેના સંયોગરૂપ નાના પ્રકારના મનુષ્ય-તિર્યંચાદિ પર્યાયો હોય છે તે પર્યાયોમાં આ મૂઢ જીવ અહંબુદ્ધિ ધારી રહ્યો છે, સ્વ-પરનો ભેદ કરી શકતો નથી. જે પર્યાય પામ્યો હોય તેને જ પોતાપણે માને છે; તથા એ પર્યાયમાં પણ જે જ્ઞાનાદિ ગુણો છે તે તો પોતાના ગુણ છે અને રાગાદિક છે તે પોતાને કર્મનિમિત્તથી ઔપાધિક ભાવ છે; વળી વર્ણાદિક છે તે પોતાના ગુણો નથી પણ શરીરાદિ પુદ્ગલના ગુણો છે; શરીરાદિમાં પણ વર્ણાદિનું વા પરમાણુઓનું પલટાવું નાના પ્રકારરૂપ થયા કરે છે. એ સર્વ પુદ્ગલની અવસ્થાઓ છે, પરંતુ તે સર્વને આ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે. તેને સ્વભાવ-પરભાવનો વિવેક થઈ શકતો નથી.''[૧] ૮-૯.

## શ્લોક-૮-૯ ઉપર પ્રવચન

'ઔર ઉસકા પ્રતિપાદન કરકે મનુષ્યાદિ ચતુર્ગતિ સંબંધી ચાર ભેદસે જીવભેદકા ઉસમેં પ્રતિપાદન કરતે હૈં.' ૮-૯.

*नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम्।
तिर्यंचं तिर्यगङ्गस्थं सुराङ्गस्थं सुरं तथा।।८।।
नारकं नारकाङ्गस्थं न स्वयं तत्त्वतस्तथा।
अनंतानंतधीशक्तिः स्वयंवेद्योऽचलस्थित्तिः।।९।।

'ટીકા :-' ટીકા હૈ ન ઈસ તરફ? '**નરકા દેહ, વહ નરદેહ.**' યહ દેહ જડ-મિટ્ટી. મનુષ્યકા દેહ-યે જડ. '**ઉસમેં રહતા હૈ, ઈસ કારણ નરદેહસ્થ.**' દેહમેં રહને સે નરદેહસ્થ કહનેમેં આતા હૈ. નરદેહસ્થ-નરકે દેહમેં રહનેવાલા. '**વહ (નર કે દેહ મેં રહનેવાલા) આત્માકો, નર માનતા હૈ.**' મૈં મનુષ્ય હૂં. આહાહા..! યે મનુષ્ય (દેહ) જડ મિટ્ટી હૈ. આત્મા તો અરૂપી ભિન્ન હૈ ઉસસે. જિસમેં રહતા હૈ વહ મૈં હૂં. કિસ ગાંવકા હૈ તૂ? રાજકોટકા. કૌન-સા ગાંવ હૈ તુમ્હારા? રાજકોટ. તેરા ગાંવ હોગા? આહાહા..! મૈં મેરેમેં હૂં, ઐસી ખબર નહીં, ઈસલિયે નરદેહમેં રહને સે મૈં નરદેહ હૂં. આહાહા..! ઐસે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ધર્મ કે નામ પર ભી મૈં નરદેહસ્થ-નરદેહસે .. ક્રિયા કરતા હૂં. મૈં શરીરકા સદુપયોગ કરતા હૂં. મૈં નર હૂં, ઐસા માનનેવાલા મૂઢ જીવ હૈ. સમજમેં આયા? આહાહા..!

'**વહ કૌન (ઐસા માનતા હૈ?) અવિદ્વાન-**' પાઠ ઐસા હૈ ન શબ્દમેં? અવિદ્વાન. વહ મૂર્ખ હૈ ઐસા કહતે હૈં. ચાહે તો ગ્યારહ અંગ પઢા હો, નવ પૂર્વકી લબ્ધિ હો, પરંતુ નરદેહસ્થ-મૈં નર હૂં, મૈં દેહ હૂં ઔર દેહકી ક્રિયા મૈં કરતા હૂં, (વહ) અવિદ્વાન હૈ. અવિદ્વાન હૈ. આહાહા..! ભાષા વહ હૈ. '**नरदेहस्थमात्मानमविद्वान् मन्यते नरम्।**' આહાહા..! '**વહ કૌન (ઐસા માનતા હૈ?) અવિદ્વાન-બહિરાત્મા...**' જો દેહમેં રહનેકી ચીજ હૈ તો મૈં ભિન્ન હૂં. મૈં દેહમેં રહા હૂં ઐસા ભી નહીં. મૈં તો મેરેમેં હૂં (ઐસા માનતા હૈ). ઐસા ન માનકર, નરદેહમેં મૈં રહા હૂં શરીર મેં (ઐસા માનતા હૈ). આહાહા..!

કલશ હોતા હૈ ન? કાશીઘાટકા કલશ. લોટા. ઉસમેં પાની હૈ ન? ઐસે આકારસે પાની રહતા હૈ ન? નીચેસે થોડા છોટા આકાર હોતા હૈ. પાનીકા આકાર ભી ઐસા હોતા હૈ અંદર મેં. પાનીકા આકાર કલશકે કારણ નહીં. કલશકા આકાર કલશમેં ઔર પાનીકા આકાર પાનીમેં હૈ. ઈસ પ્રકાર યે કાશીઘાટકા કલશ-લોટા. લોટા-લોટા નહીં સમજતે? લોટા કહતે હૈં ન? વૈસે યે લોટા હૈ ન. યે કાશીઘાટકા લોટા હૈ. .. ઐસા હોતા હૈ ન? યહ ભી ઐસા હોતા હૈ. કાશીઘાટકા લોટા ઐસા કહતે હૈં હમારે યહાં ગુજરાતીમેં. જૈસે ઉસમેં પાની હોતા હૈ જલ-જલ. તો જલકા આકાર જલમેં હૈ. લોટેમેં નહીં. ઔર લોટેકા આકાર લોટેમેં હૈ, જલમેં

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ-પૃ.૪૨.

નહીં. ઐસે યહ શરીરકા આકાર હૈ વહ શરીરમેં-જડ મેં હૈ. આત્મા અંદર જો હૈ વહ અપના આકાર ભિન્ન રખતા હૈ. આહાહા..! પાની પાનીમેં હૈ. પાની લોટેમેં નહીં. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! જલમેં જલ હૈ. જલ લોટે મેં નહીં. લોટા તો જડ હૈ, દૂસરી ચીજ હૈ. ઐસે આત્મા આત્મામેં હૈ, શરીરમેં નહીં. શરીર તો જડ મિટ્ટી હૈ. લેકિન ઐસા વિચાર કરનેકા કહાં સમય હૈ? કમાના, ખાના, ભોગના મરકર ફિર જાના ચૌરાસીમેં ભટકને. ઐસા વિચાર કરનેકે લિયે સમય કહાં હૈ? આહાહા..! હિંમતભાઈ! ઐસા કહતે હૈં. નહીં?

'**બહિરાત્મા (ઐસા માનતા હૈ); તિર્યંચકો આત્મા માનતા હૈ,...**' તિર્યંચકા શરીર હૈ ન? હાથી-ઘોડા. ઉસમેં આત્મા હૈ તો મૈં ઉસમેં રહતા હૂં તો મૈં હાથી હી હૂં, મૈં ઘોડા હી હૂં. આહાહા..! લટ, ચિંટી, કૌએમેં ઉત્પન્ન હોતા હૈ ન? અપની ચીજ ભિન્ન હૈ ઐસી ખબર નહીં. તિર્યંચકે શરીરમેં રહનેવાલા હૂં તો વહી મૈં હૂં. શરીર હી મૈં હૂં. આહાહા..! કીડા, કૌઆ, કૂત્તા ઐસે ભવ અનંત કિયે, અનંત કિયે. આહાહા..! ભૂલ ગયા. અનંત ભવ. અનાદિ કાલકા આત્મા તો હૈ. કોઈ નયા હુઆ હૈ? તો રહા કહાં? અનંત ભવ (કિયે). સમજમેં આયા? અનેક કમરે મેં જૈસે એક જલતા દિયા લે જાયે, અનેક કમરે મેં દીપક તો દીપકમેં હૈ. કમરેમેં નહીં. વહ દીપક તો ઐસે ચલતા હૈ. સમજમેં આયા? દીપક જડ હૈ તો ક્યા માને? યે તો ચૈતન્ય હૈ ન. ઐસે શરીરકે કમરે અનંત કિયે. ઉસમેં સે એક દેહ મેં સે દૂસરે દેહ મેં. જહાં-જહાં રહા વહાં વહ મૈં હૂં ઐસા માના. મૈં ચૈતન્ય દીપક તો અંદરમેં પરકો સ્પર્શ કિયે બિના ઔર પરમેં રહે બિના મૈં તો એક ભવસે દૂસરે ભવમેં ગતિ કરનેવાલા ચૈતન્ય હૂં. સમજ મેં આયા? ઐસા ન માનકર... આહાહા..! તિર્યંચકે શરીર મેં આત્મા (ગયા તો) મૈં તિર્યંચ હૂં.

એક રાજાકી બાત આતી હૈ. રાજા કો કહા કિસી ઋષીમુનિને, તુમ્હારી સાત દિનમેં મૃત્યુ હૈ. હૈં! કહાં ઉપજૂંગા? તેરી કૂતિયા હૈ ઉસમેં તૂ જન્મ લેગા. ગલુડિયાકો ક્યા કહતે હૈં તુમ્હારેમેં? પિલ્લા. આહાહા..! દેહકી સ્થિતિ પૂરી હોનેકા (સમય) આ ગયા હૈ. અભી તો તુ નિરોગ હો. કુછ સમયમેં દેહ છૂટ જાયગા. કહાં જાઉંગા? કુત્તા. કૈસા? કપાલમેં સફેદ ... હોતા હૈ ન? ઐસા હોગા. નૌકરકો હુકમ કિયા કિ, મૈં જબ જન્મ લૂં તો મુજે માર ડાલના. મૈં ઉસમેં નહીં રહ સકૂંગા. વહાં જન્મ લિયા. મારને જાયે તો ભાગે. નહીં. આપને કહા થા. લેકિન ઉસકો કહાં ભાન હૈ. અભી તો કુછ ભાન હૈ નહીં. ઈસ પ્રકાર જહાં-જહાં દેહમેં ગયા, વહાં-વહાં અપનેકો માનકર વહાંસે છૂટનેકી ભાવના કી નહીં. ઓહોહો..!

અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન.
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહીં અભિમાન.

આત્મસિદ્ધિમેં આતા હૈ. શ્રીમદ્.

અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહીં અભિમાન.

હમ જાનતે હૈં, હમકો માલૂમ હૈ. ઐસા-ઐસા અભિમાન કરકે ચૌરાસીકે અવતારમેં ચલા ગયા.

યહાં કહતે હૈં કિ ભગવાન! તુમ તિર્યંચમેં ગયે તો તિર્યંચપના માના. '**તિર્યંચોંકે શરીરમેં રહનેવાલે**—તિર્યંચકા શરીર, વહ તિર્યંચશરીર-ઉસમેં રહતા હૈ. ઈસ કારણ **તિર્યંચસ્થ-ઉસે (આત્મા માનતા હૈ). ઈસી પ્રકાર દેવોંકે શરીરમેં રહનેવાલે (આત્માકો) દેવ માનતા હૈ.**' બહુત પુણ્યાદિકી ક્રિયા કી હો તો દેવમેં જાતા હૈ. લેકિન વહ ગતિ હૈ રખડનેકી. દેવ ભી દુઃખી હૈ. આહાહા..! યહાં પાંચ-પાંચ કરોડ, પચ્ચીસ કરોડ, દો અબજવાલે યા જ્યાદા લક્ષ્મીવાલે હૈ, વહાં બડા બંગલા ક્યા કહતે હૈ? ભવન હૈ. લેકિન હૈ દુઃખી બેચારે દેવ. સમજમેં આયા? આહાહા..! '**દેવ માનતા હૈ.**' દેવકે શરીરમેં જાય તો દેવ માને. દેવ હૂં, સુંદર હૂં, વૈક્રિયક શરીર કરનેવાલા હૂં. આહાહા..! મૈં આત્મા જ્ઞાનસ્વરૂપ હૂં. વહ દેહ નહીં. દેવ મૈં નહીં, મૈં મનુષ્ય ભી નહીં, તિર્યંચ ભી નહીં ઐસા ન જાના.

'**નારકકો આત્મા માનતા હૈ.**' નારકી નીચે હૈ ન? બહુત પાપ કિયે હોં, માંસ ખાયા, દારૂ પિયા, પરસ્ત્રીકા સેવન (કિયા). બહુત પાપ કરતા હૈ તો મરકર નરકમેં જાતે હૈં. નીચે નરક હૈ, હાં! હંબક નહીં. નીચે નરકગતિ હૈ. .. હજાર યોજન નીચે નારકી અસંખ્ય હૈં. અનંત બાર માંસ, દારૂ કા સેવન તો મરકર નરકમેં ગયા. તો ઐસા નરકકે ભવ ભી અનંત કિયે હૈં. સમજ મેં આયા? મનુષ્યપનાકા ભવ ભી અનંત કિયા. ઈસસે નારકીકા ભવ અનંત કિયા. અસંખ્યગુના અનંત. અનંત કિયા ઉસસે. ઔર ઉસસે દેવકા ભવ અસંખ્યગુના કિયા. અનંત અસંખ્યગુના. ઓહોહો..! વહાં સે મરકર આલુ-બટાટા, શક્કરકંદ, કંદમૂલ, પ્યાજ ઉસમેં જીવ હૈ. વહાં ગયા તો અનંત ભવ કિયે. સ્વર્ગકે ભવસે અનંત ભવ કિયે ઉસમેં. આહાહા..! યે ચાર ગતિકા જોડ, અનંતકાલ મેં અભી તક રહા ઉસકા. સમજમેં આયા?

કહતે હૈં, નર્કમેં ગયા તો, મૈં નારકી. આહાહા..! મુજે મારતે હૈં, પીટતે હૈં. યમ હોતા હૈ ન યમ? એક રોગી થા, એક આદમી બહુત રોગી (થા). ઉસકી સેવા કરનેવાલા બડા ભાઈ થા. તો અંડા, માંસ લાકર ખિલાતા થા. માંસકો ખિલાનેવાલા થા વહ મરકર નરકમેં ગયા. ઔર વહ માંસ જો ખાતા થા, લેકિન વહ ખિલાતા થા, વહ વહાં યમ હુઆ. નારકીમેં

યમ. દેવકા હોતા હૈ ન? યમ હોતા હૈ. તો યમ ઉસકો મારતા થા. તો કહતા હૈ કિ અરે..! મુજે? તેરે લિયે મૈંને પાપ કિયા થા. પાપ કિયા, મૈંને તેરે લિયે કિયા થા. મૈં તો પાપી હૂં. આહાહા..! સમજ મેં આયા? મારનેવાલા ઉસકો મારતા થા. આહાહા..! અરેરે..! તૂને મુજે પાપ કરવાયા, ખિલાયા. આહાહા..! જિસને ખિલાયા વહ મરકર નરકમેં ગયા. ઔર જિસને ખાયા વહ યમ હુઆ. યમ ઉસકો મારતા હૈ. દો ભાઈ. અનંત બાર હુઆ, ઇસમેં ક્યા બાત હૈ? અપની ચીજકી ખબર નહીં ઔર મિથ્યાત્વભાવસે સબ ભવ કિયે. મિથ્યાત્વભાવ છોડના ઔર અપને આત્માકા ભાન કરના. ઉસકા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૩, શુક્રવાર તા. ૨૭-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૮-૯, પ્રવચન - ૧૭**

નારક તે હું છું એમ માને છે. .. નારકીમાં રહ્યો છેને અનંત વાર. મનુષ્યપણું તો અનંત કાળે મળે, અનંત અનંત કાળે. નારકીપણું તો એથી અસંખ્યગુણું અનંત વાર મળ્યું છે. અનાદિનો છે. એ જ્યારે નારકીનું શરીર મળે એમાં રહેનારા આત્મા છે એ (પોતાને) નારકીરૂપ માને છે. સમજાણું?

'**આત્મા સ્વયં નરાદિરૂપ નથી;...**' '**નારકીના શરીરમાં રહેનારને. આત્મા સ્વયં નરાદિરૂપ નથી;...**' ભાષા ફેરવી લાગે છે નહિ? નરાદિ. નરકાદિ જોઈએ. એ '**કર્મોપાધિ વિના તે સ્વયં થતો નથી.**' શું કહે છે? નારકી સ્વયં છે એ શરીર નહિ અત્યારે. અંતર ઉદયભાવને લઈને નારકી ગતિ મળે છે એને અજ્ઞાની પોતાનું માને છે. નારકીની ગતિ છે એવો કોઈ આત્માનો સ્વભાવ નથી કે નારકીરૂપે તે રૂપે થાય. પણ પર્યાયમાં એ ભાવ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય, ગુણ અને પર્યાય. નારકીની ગતિ જે છે એવો કોઈ ગુણ નથી કે નારકીની ગતિપણે જીવ થાય. પણ નારકીની ગતિપણે થવું એવો એની પર્યાયનો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પર્યાયનો ધર્મ છે, ગુણનો ધર્મ નથી. બાપુ! વસ્તુ એવી ઝીણી છે. એણે તત્ત્વને સમજવા માટે પ્રયત્ન કર્યો જ નથી. એમ ને એમ આંધળી દોડે સંસારના કામમાં ગુંચાઈને અમે આ કર્યા અને અમે રળ્યા ને આ કર્યા ને.. એ બધા મિથ્યાત્વના સેવન છે. અને ત્યાગી થઈને આવે તો એને આ ક્રિયા હું કરું છું, આ મારી ક્રિયા દયાની ને દાનની, વ્રતની એ વિકલ્પ છે. એનો એ જીવ પર્યાયમાં કર્તા છે, ગુણ નથી.

'**તત્ત્વતઃ એટલે પરમાર્થે તે (તેવો) નથી,...**' નારકીપણું કે મનુષ્યપણું... પછી નીચે લેશે. '**કર્મોપાધિ વિના તે સ્વયં થતો નથી. કેવી રીતે? તત્ત્વતઃ એટલે પરમાર્થે તે (તેવો) નથી, પણ વ્યવહારે તે હોય...**' પર્યાયમાં છે, હોય એટલે. પર્યાયમાં નરકગતિની યોગ્યતાથી પર્યાયમાં છે. એનો એ સ્વભાવ નથી. આહાહા..! '**જીવની મનુષ્યાદિ પર્યાયો કર્મોપાધિથી થયેલી છે.**' હવે આ મનુષ્યપણું લીધું. આ મનુષ્ય(દેહ) તો જડ છે આ તો. પણ અંદર મનુષ્યગતિની યોગ્યતા જે છે એ કર્મના નિમિત્તની ઉપાધિ છે પોતાની યોગ્યતાથી. મનુષ્યપણું છે એ કલંક છે. એ આત્માનો સ્વભાવ નથી. એ મનુષ્યપણું એની પર્યાયમાં-અવસ્થામાં થવાને લાયક છે. એ કર્મના નિમિત્તની ઉપાધિ છે. ઉપાધિ એટલે? પોતાના ભાવમાં નિમિત્તાધીન થવાથી. આહાહા..! '**મનુષ્યાદિ પર્યાયો કર્મોપાધિથી થયેલી છે. તે**

**(કર્મોપાધિ) નિવૃત્ત થતાં (મટતાં) તે (પર્યાય) નિવૃત્ત થતી...**' જાય છે. મનુષ્યગતિ આદિ જે છે યોગ્યતા એ આત્માના સ્વભાવનું ભાન થતાં એ છૂટી જાય છે. સિદ્ધ થતાં એ રહેતું નથી. '**વાસ્તવમાં (તે પર્યાયો જીવની) નથી-એમ અર્થ છે.**'

'**ત્યારે પરમાર્થે તે (આત્મા) કેવો છે?**' ભગવાન આત્મા. કે '**તે અનંતાનંત ધીશક્તિ...**' છે ને સામે? છેલ્લું પદ છે. '**અનંતાનંત ધીશક્તિ...**' આત્મા તો અનંત અનંત જ્ઞાનની શક્તિ એ તત્ત્વ છે. આહાહા..! જ્ઞાન-સમજણસ્વરૂપ એ અનંત અનંત ધી-બુદ્ધિ. બુદ્ધિ એટલે જ્ઞાન અહીં લેવું છે. અનંત અનંત જ્ઞાનશક્તિવાળો આત્મા છે. આહાહા..! એ રાગવાળો કહેવો અને નારકીગતિ કહેવો, એ બધી પર્યાયની યોગ્યતાથી નિમિત્તાધીન થયેલી દશાથી છે. આહાહા..! સમજાણું કાંઈ? '**તેવો તે કેવી રીતે જાણી શકાય (અનુભવી શકાય)?**' ભગવાન આત્મા અનંત અનંત બેહદ જ્ઞાનની શક્તિવાળું તત્ત્વ છે. કેમ ઓળખાય?

'**તે સ્વસંવેદ્ય છે.**' આહાહા..! અંતરમાં સ્વ નામ પોતાના જ્ઞાનથી સં-પ્રત્યક્ષ વેદી શકાય એવી એ ચીજ છે. સમજાણું કાંઈ? ત્યારે એને ધર્મ થાય. શું કહ્યું ઈ? '**સ્વસંવેદ્ય છે.**' આત્મવસ્તુ ઈન્દ્રિયથી જણાય એવો નથી. ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહિ. સમજાણું કાંઈ? અલિંગગ્રહણમાં આવ્યું છેને પહેલામાં? ભગવાન આત્મા ભાવઈન્દ્રિયથી જાણે એ આત્મા નહિ. આહાહા..! જડ ઈન્દ્રિય તો નિમિત્ત છે. પણ ભાવઈન્દ્રિય જે ક્ષયોપશમ વિકાસ, એક એક વિષયને જાણવાની યોગ્યતા, એવી ભાવઈન્દ્રિયથી પણ આત્મા જાણી શકાય કે ભાવઈન્દ્રિયથી જાણે એ આત્મા, એમ નથી. ભારે વાત! સમજાણું કાંઈ? આ આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે વીતરાગે કહ્યો જે આત્મા, એ સિવાય અજ્ઞાનીઓએ કહ્યો આત્મા એ આત્મા નહિ. અહીં તો તીર્થંકરદેવ પરમેશ્વર પરમાત્મા, એમણે જે કહ્યો આત્મા, એ આત્મા ઈન્દ્રિયથી જાણે એવો એ આત્મા નથી, કહે છે. આહાહા..! સ્વસંવેદન છે ને?

બીજી રીતે કહીએ તો એ ભાવઈન્દ્રિયના ક્ષયોપશમથી જેટલું જાણવાનું થાય એ આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! એવી વાત છે. સમજાણું કાંઈ? સ્વસંવેદ્ય કીધું ને? અલિંગગ્રહણમાં પણ એમ લીધું છે. પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. એ આ વાત છે. આહાહા..! અરે..! એણે પોતાની શું ચીજ છે કોઈ દિ' જાણી નહિ અને દરકાર કરી નહિ. મરીને એમ ને એમ ઢોર ને માણસ ને કાગડા ને કૂતરા. સમજાણું કાંઈ? આ બધા પૈસાવાળા કાગડા, કૂતરામાં જવાના હોં! જેણે કાંઈ ધર્મ શું ચીજ છે એ સાંભળ્યું નથી. અને સાંભળે તો બેઠું નથી. આહાહા..! એઈ..! સોહનલાલજી! એવી વાત છે. આહાહા..!

કેમ કે આત્મા વસ્તુ જે છે એ ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહિ. ગજબ વાત છે. ઈન્દ્રિયથી જણાય એવો તો નથી પણ ઈન્દ્રિયથી જાણે એ આત્મા નહિ. આહાહા..! ગજબ

વાત છે. એ તો સ્વસંવેદનથી જણાય એવો આત્મા છે. આત્મવસ્તુ એ તત્ત્વ કહ્યું છે. એ કહે છે કે એ તો સ્વસંવેદ્ય છે. પોતાના જ્ઞાનના સ્વભાવથી પ્રત્યક્ષ વેદાય-અનુભવાય-એવો એ આત્મા છે. સમજાણું કાંઈ? પરમેશ્વરનું આવું કથન છે. લોકોને કાંઈ ખબર પડે નહિ. ઓઘે ઓઘે ચાલે એમ ને એમ. ધર્મને બહાને આ દયા પાળી, વ્રત પાળ્યા, ભક્તિ કરી. કહે છે કે ઇન્દ્રિય દ્વારા, ભાવઇન્દ્રિય દ્વારા આત્મા જણાય એવો નથી. એ તો સ્વસંવેદ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંતિભાઈ! આવી વાતું ઝીણી બહુ, ભાઈ!

'**નિરુપાધિક રૂપ જ વસ્તુનો સ્વભાવ કહેવાય છે.**' એ તો ઉપાધિ વિનાની ચીજ છે. ત્યારે કોઈ કહે કે, એમાં રાગ, દ્વેષ, પુણ્ય-પાપભાવ થાય છે ને? હોય છે ને? એ હોય છે એ પર્યાયમાં ઉપાધિ નિમિત્તના તાબે થયેલી દશા છે. એનો કોઈ ગુણ નથી ઉપાધિ થવો, રાગ થવો. સમજાણું કાંઈ? આ ૯૫માં આવ્યું હતું ને? ભાઈ! ૯૫મી ગાથા. દરેક દ્રવ્યમાં ભોક્તાગુણ છે. એ ભોક્તાગુણ નિર્મળપણે પરિણમે તે ભોક્તાગુણ છે. એ ભોક્તાગુણ રાગને ભોગવે એવો ગુણ નથી એમાં.

આત્મામાં એક ભોક્તાગુણ છે. પણ એ ભોક્તાગુણ દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં વ્યાપે છે. એ ભોક્તાગુણની પરિણતિ શાંતિને વેદે, શાંતિને ભોગવે એવો એનો ગુણ છે. આહાહા..! આ રાગ-દ્વેષને વેદે અને કરે એવો કોઈ ગુણ નથી. અજ્ઞાનીને એકલી પર્યાયબુદ્ધિથી રાગનું કરવું અને ભોગવવું એ મિથ્યાત્વભાવમાં જાય છે. જ્ઞાનીને.. આહાહા..! સ્વસ્વભાવનું વેદન દ્રવ્યના સ્વભાવને સ્વ-પોતાથી વેદે એ પોતાનું સ્વરૂપ છે. પણ સાથે જ્ઞાનીને પણ રાગનું કરવું અને ભોગવવું છે. એ ગુણ નથી. પણ એ પર્યાયની સ્થિતિમાં એ ઊભું થાય છે, જે જ્ઞાની જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ? આમ બહુ .. મગજને.. વેપારીવાળાને તો આ ધંધા લીધા ને દીધા એમાં બહુ મગજ (ચલાવવું ન પડે). બાપુ! આ માર્ગ વીતરાગનો કોઈ અલૌકિક માર્ગ છે.

સવારે આવ્યું નહોતુ? જે દ્રવ્ય તે ગુણ, ગુણ રૂપે ગુણ, પર્યાયમાં ગુણ. એ .. એ પર્યાય કઈ? નિર્મળ. ૪૭ શક્તિમાં એ લીધું છે ને? વિકાર નથી લીધો. કારણ કે શક્તિનું વર્ણન છે ને. જીવતરશક્તિ, ચિતિશક્તિ, દર્શિ, જ્ઞાન, સુખશક્તિ. એ સુખશક્તિ એ દ્રવ્ય સુખરૂપ, ગુણ સુખરૂપ, પર્યાય સુખરૂપ. એવો એનો ગુણ છે. એ તે સ્વસંવેદ્યથી જણાય એવો એનો ગુણ છે. પોતાના આનંદના વેદનથી જણાય એવો એ આત્મા છે. રાગ ને દ્વેષ ને કષાયના વિકલ્પ હોય છે પણ એ કોઈ ગુણની દશા નથી. એ વર્તમાન પર્યાયમાં દોષની દશા છે. એ દોષનું કરવાપણું અને ભોગવવાપણું એ પર્યાયદૃષ્ટિમાં પર્યાયમાં છે. આહાહા..! પર્યાય શું અને દ્રવ્ય શું? હવે આ તો કોઈ દિ' (સાંભળ્યું પણ નહોતું). ઓલી તો દયા

પાળી, ઇચ્છામિ .. .. આવડે છે કે નહિ? ઇચ્છામી કર્યું નથી? સામાયિક કરી છે? સામાયિકના પાઠમાં આવે છે ને. ઇચ્છામી.... આહાહા..!

કહે છે કે, આ જીવ તો સ્વસંવેદ્ય છે. આહાહા..! એ એનો ગુણ છે. આનંદનું વેદવું અને પોતાથી વેદવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વિકારને વેદવું એનો ગુણ નથી. પણ જેને દ્રવ્ય સ્વભાવના વેદનનું ભાન થયું છે એને પર્યાયમાં રાગનું કરવું અને ભોગવવું એ પર્યાયમાં છે એમ જાણે છે. મારો કોઈ ગુણ નથી કે હું વિકાર કરું અને વિકાર ભોગવું. આહાહા..! પણ પર્યાયમાં નબળાઈને લઈને રાગપણે પરિણમે છે, દુઃખપણે પરિણમે છે એ પર્યાયનો ધર્મ છે. પર્યાયનો અશુદ્ધ ધર્મ એનો છેને એ? છઠ્ઠી ગાથામાં આવે છે. અશુદ્ધ ધર્મ પણ એણે ધારી રાખ્યો છે. છઠ્ઠી ગાથામાં. વાત તો બહુ અલૌકિક! પણ વાત એવી છે.. આહાહા..!

અહીંયાં તો કર્તાગુણ છે જીવનો, પણ એ કર્તાગુણ શું કરે? કર્તાગુણ છે એ કર્તા દ્રવ્ય, કર્તા ગુણ, કર્તા પર્યાય. જેમ સત્ દ્રવ્ય, સત્ ગુણ, સત્ પર્યાય. એમ કર્તા દ્રવ્ય, કર્તા ગુણ, કર્તા પર્યાય. એ કર્તા પર્યાય કેવી? નિર્વિકારી પર્યાયની કર્તા પર્યાય એવી. સમજાણું કાંઈ? એ અહીં નિર્વિકારી પર્યાય દ્વારા વેદાય એવો જીવ છે, એમ કહે છે. પોપટભાઈ! બહુ ફેરફાર. એણે મનુષ્યના ભવમાં જો આ ચૈતન્યને આ રીતે ન સમજ્યો, થઈ રહ્યું એળે અવતાર. ઢોર જેવા. મરીને ઢોર થવાના. પશુ ને કાગડા. એય..! આહાહા..! ત્યાં ક્યાંય સિફારિશ કામ આવે એવું નથી. ત્યાં લાલાપેઠા થાય એવું નથી. શું કીધું? લાલાપેઠાનું કીધું હતું ને? લવથવ. લવથવ. લવવું એટલે બોલવું અને થવવું એટલે જેની સાથે વાત કરે ને, એને મોટપ આવીને વાત કરે એ લવથવ કહેવાય. અમારે કાઠિયાવાડમાં લવથવ કહે છે. તમારે શું લવથવ કીધું ને?

મુમુક્ષુ :- લાલા...

ઉત્તર :- લાલા.. બસ! એ જ વાતમાં આમ જાણે બીજાને મોટપ આપે અને બીજાથી મોટપ લઉં. એવી એ શૈલી લવથવની. ત્યાં લવથવ ચાલે એવું નથી અંદર. આહાહા..!

કહે છે કે '**તે સ્વસંવેદ્ય છે.**' આહા..! એ ભગવાનના કારણે જણાય આત્મા એવો નથી. ગુરુને કારણે જણાય એવો આત્મા નથી. એ દશા કષાયની મંદતાના શુભભાવ, એનાથી જણાય એવો આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ દાન, દયા, ભક્તિ, પૂજા, વ્રત ને તપના ભાવ એ રાગ છે, વિકલ્પ છે. એનાથી આત્મા જણાય એવો આત્મા એ નથી. એમ કહે છે અહીં. આહાહા..! એની ખબરુંય ન મળે કે શું છે અને કેમ થાય છે? આહાહા..!

કહે છે કે, એ તો '**તે સ્વસંવેદ્ય છે. નિરુપાધિક રૂપ જ વસ્તુનો સ્વભાવ કહેવાય**

છે.' આહાહા..! એનો અર્થ તો એ આવ્યો ને? સવારમાં કીધું હતું ગુણનું, ભાઈ! આનંદ દ્રવ્ય, આનંદ ગુણ, આનંદ પર્યાય. આનંદનો વિસ્તાર છે. એનો અર્થ એ થયો કે આનંદની દશાના પરિણમનમાં એના દ્રવ્યના લક્ષે એનું પરિણમન થાય છે. કષાયની મંદતા અને નિમિત્ત, એ તો એનામાં અભાવ છે. આહાહા..! વ્યવહારથી નિશ્ચય થાય એ અભાવ છે, કહે છે. નિમિત્તથી અહીં કાંઈક સમ્યગ્દર્શન અને ધર્મની પર્યાય થાય એનો તો એમાં અભાવ છે.

એનો ભાવ તો પોતામાં આનંદ છે—વસ્તુમાં, ગુણમાં અને પર્યાયમાં, તો એ આનંદગુણને લક્ષે આનંદની પરિણતિ જે થાય એને ધર્મ કહીએ. આહાહા..! સમજાણું? એની આનંદની પરિણતિને માટે આનંદ દ્રવ્ય ને આનંદ ગુણનો આશ્રય જોઈએ, પણ આનંદની પરિણતિ માટે રાગની મંદતા અને નિમિત્તનો આશ્રય જોઈએ, એ વસ્તુમાં છે નહિ. આહાહા..! ૧૦૭ ગાથામાં તો ગજબ કર્યું છે! સવારે ચાલ્યું હતું ને? બહુ સરસ. સંતોએ જગતને ધારીને ઊંચો લીધો છે. આહાહા..!

ભાઈ! તું ક્યાં છો? એ તું રાગમાં નહિ, શરીરમાં નહિ, વાણીમાં નહિ, કર્મમાં નહિ. આહાહા..! તું છો એ તો આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો સ્વભાવ છે. તો એ જે ભરેલું તત્ત્વ છે ત્યાં નજર કર્યે તે દશા આવે એવી છે. સમજાણું કાંઈ? ...! વ્યવહારસે હોતા હૈ, નિમિત્તસે હોતા હૈ, વહ તો રહતા નહીં. એકાંત થઈ જાય છે. પ્રભુ! આમ તું કહે એ ખરું તારી દૃષ્ટિએ. વસ્તુ આવી છે. ભગવાને એમ કહ્યું છે, વસ્તુ એવી છે.

તારે જો શાંતિ અને રાગરહિત દશા ધર્મની, જેનાથી જન્મ-મરણનો નાશ થાય એ દશા જોઈતી હોય તો એ દશા દ્રવ્ય અને ગુણમાં શક્તિરૂપે છે. દ્રવ્યમાં શક્તિરૂપે અને ગુણમાં શક્તિરૂપે. આહાહા..! તેથી તને દ્રવ્યનો આશ્રય કરતાં-વસ્તુનો આશ્રય કરતાં ગુણનો આશ્રય એમાં આવી ગયો ભેગો. પર્યાયમાં વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન, વીતરાગી ચારિત્રનો અંશ થાય એ ધર્મ છે. એને રાગની મંદતા અને નિમિત્તની અપેક્ષા હોય તો આ થાય એમ નથી. એને તો ત્રિકાળી ભરેલું દ્રવ્ય ને ગુણ ભરેલો છે, ઈ છે તો આ થાય એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા તે કેવી! બાપુ! માર્ગ વીતરાગનો. વસ્તુનો સ્વભાવ એવો છે. એમ ન કહ્યું, રાગથી વેદવું એ વસ્તુનો સ્વભાવ નથી. રાગને ભોગવવો;... એ જડને ભોગવવું એ તો આત્મામાં છે જ નહિ. શરીરને કે સ્ત્રીને કે સ્ત્રીના શરીરને કે લક્ષ્મીને કે દાળ-ભાતને ભોગવવા એ તો આત્મામાં અજ્ઞાનભાવે પણ નથી. એ તો પરવસ્તુ છે. પણ અંતરમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપના વિકલ્પોને સેવવું, ભોગવવું એવો કોઈ ગુણ નથી. માટે ગુણ અને દ્રવ્યની દૃષ્ટિ વિના જે કાંઈ રાગ અને દ્વેષનું વેદવું થાય કે કરવું થાય એ બધું મિથ્યાત્વમાં જાય છે. આહાહા..! સુજાનમલજી! એવી વાત છે.

નિર્ણય કરવો ને, નિર્ણય તો કરે.

આમાં એકાંત જ છે આ. સમજાય છે કાંઈ? આત્મામાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. તો એ પર્યાય છે તો એમાં ગુણ છે અને દ્રવ્યમાં પણ એ છે. એ શક્તિ દ્રવ્યમાં છે, એ ગુણમાં છે, પર્યાયમાં આવી છે. એ શક્તિ રાગમાં નથી, આ શક્તિ નિમિત્તમાં નથી કે જેથી ત્યાંથી આવે. જયંતિભાઈ! આહાહા..! એ તો સ્વસંવેદ્ય છે. આહાહા..! એ વસ્તુનો સ્વભાવ કહેવાય છે. આહાહા..!

**'કર્માદિનો વિનાશ થતાં, અનંતાનંત જ્ઞાન-શક્તિરૂપે પરિણત આત્મા...'** પહેલો તો સમ્યગ્દર્શનમાં-સમ્યગ્જ્ઞાનમાં શરૂઆતની ધર્મદશામાં વસ્તુના સ્વભાવનો આશ્રય લઈને જે દશા થાય એ અલ્પ સ્વસંવેદનની, અલ્પ આનંદ અને શાંતિની વેદનની દશા (થાય). પણ **'અનંતાનંત જ્ઞાન-શક્તિરૂપે પરિણત આત્મા...'** આહાહા..! **'સ્વસંવેદનથી જ વેદી શકાય છે.'** એ પૂર્ણ કેવળજ્ઞાન અને પૂર્ણ આનંદની દશા સ્વસંવેદનથી જ વેદી શકાય છે. આહાહા..! નીચે પણ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી જે ધર્મદશા (પ્રગટ થાય છે) એ પોતાના સ્વસ્વભાવથી જ વેદી શકાય છે. આહાહા..! આવું ઝીણું એટલે બિચારા ન પકડી શકે ને, પછી .. ભક્તિમાં ધર્મ થાય, પૂજામાં ધર્મ થાય, વ્રત પાળીએ તો ધર્મ (થાય). એ વ્રત તો બધો વિકલ્પ છે. આહાહા..! વિકલ્પ છે એ કોઈ ગુણ નથી કે જે ગુણનું પરિણમવું વિકલ્પ આવે. આહાહા..! અપવાસ કરવા એ બધો વિકલ્પ છે, રાગ છે. એવો કોઈ ગુણ નથી કે પર્યાયમાં એ રાગ આવે. આહાહા..! તો એની દૃષ્ટિ દ્રવ્ય અને ગુણ ઉપર નથી. એને તો આ અપવાસ કરું અને આ વ્રત પાળું એવી દૃષ્ટિ પર ઉપર છે. આહાહા..! એય..! આવી વાત છે. એને સ્વસંવેદન ધર્મ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અહીંયાં તો એમ કહે છે કે આ દેહ અને ઈન્દ્રિયો જે નિમિત્ત છે જડ, એ તો એક બાજુ રાખો, પણ ભાવઈન્દ્રિયનો ક્ષયોપશમ જે છે એ દ્વારા જે પરપદાર્થનું જ્ઞાન થાય એ પણ જ્ઞાન નહિ. એ આવું ગયું છે પહેલું આમાં. આહાહા..! સમજાણું કાંઈ? જડ ઈન્દ્રિયો નિમિત્ત, ભાવઈન્દ્રિય નિમિત્ત. એમ તો અવ્યક્તમાં પણ કહ્યું છે ને? ક્ષયોપશમથી જાણે તે જીવનો સ્વભાવ નથી. અવ્યક્તમાં. ચારે બાજુથી વાત લો. એક તત્ત્વ ઊભું થાય છે.

કહે છે કે અહીં જ્ઞાનનો વિકાસ તે પર્યાયમાં છે ને? એ વિકાસથી જેટલું પરપદાર્થનું જાણવું થાય એ જ્ઞાન નહિ-એ સમ્યગ્જ્ઞાન નહિ. એનો અર્થ એ કે ઈન્દ્રિયથી જે જાણવામાં આવે એટલું બધું મિથ્યાજ્ઞાન છે. જેમાં સ્વ આત્મા ન આવ્યો અને એકલું પરનું જ્ઞાન (થયું) એ તો ઈન્દ્રિય દ્વારા થયું. આહાહા..! અને એમાં એને મોટપ સેવવી કે અમને ઘણું જ્ઞાન છે અને ઘણો ઉઘાડ છે, આહાહા..! મિથ્યાત્વભાવ છે.

અહીં તો કહે છે કે અનંત અનંત જ્ઞાનશક્તિરૂપે આત્મા ભગવાન, એ પોતે શક્તિ જે છે એ દ્રવ્યમાં છે, ગુણમાં છે. એનો જ્યાં સ્વીકાર થયો... આહાહા..! ત્યારે પર્યાયમાં આવ્યો. એક બીજી વાત થઈ પાછી કે એ જે છે અનંત ગુણ અનંત આનંદ આદિ, એ છે એમ જ્યારે જ્ઞાનમાં આવ્યું અને ભાન થયું ત્યારે એ છે-એ દ્રવ્યમાં છે, ગુણમાં છે, પર્યાયમાં છે એમ આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે ઓલું પ્રતીતમાં આવ્યું. (નહીં તો) એને છે ક્યાં એ? પર્યાયમાં વસ્તુ જે છે એ તો દૃષ્ટિમાં આવી નથી. એને છે ક્યાં આવ્યું? એને તો એ પર્યાય છે, રાગ છે, નિમિત્ત છે. બસ! એ આવ્યું. આહાહા..! લોકોને આકરું લાગે, હોં! સોનગઢવાળાએ સમકિત મોંઘુ કર્યું એમ કહે છે. વસ્તુ જ આવી છે ત્યાં શું?

મુમુક્ષુ :- એ તો હોય એવું કહે, સોંઘું-મોઘું શું.

ઉત્તર :- સોંઘું મોઘું શું? આહાહા..! સમજાણું કાંઈ?

'**અનંતાનંત જ્ઞાન-શક્તિરૂપ...**' ભગવાન આત્મા એવો જેને અંતરમાં સ્વીકાર થયો એની દૃષ્ટિ નિમિત્ત, રાગ અને પર્યાયબુદ્ધિ ઉપરથી ઉઠી ગઈ. એવો '**આત્મા સ્વસંવેદનથી જ વેદી શકાય છે.**' જોયું! ... પુસ્તક મળ્યુંને હવે? હતું નહિ અત્યાર સુધી. આ નવરંગભાઈએ આપ્યું. એણે આપ્યું. લઈ જજે ત્યાં. આહાહા..!

કહે છે, ભગવાન આત્મામાં આ શક્તિ લ્યો, સર્વજ્ઞશક્તિ છે ને આત્મામાં? એ સર્વજ્ઞશક્તિ તે દ્રવ્ય, સર્વજ્ઞશક્તિ તે ગુણ અને સર્વજ્ઞશક્તિ પર્યાયમાં પરિણમે. પહેલી પર્યાયમાં સર્વજ્ઞ શક્તિનું પૂર્ણ રૂપ ન પરિણમે. પ્રતીતમાં-સમ્યગ્દર્શનમાં, વેદનમાં આ સર્વજ્ઞ દ્રવ્ય, સર્વજ્ઞ ગુણ, એ જાતની શ્રદ્ધામાં સર્વજ્ઞપણું પ્રગટ્યું. જ્ઞાનમાં પ્રગટ્યું કે આ સર્વજ્ઞ હું છું. સમજાય છે કાંઈ? એટલું તો એને વેદન એ સમયે પોતાનો વેદવાનો જે ગુણ હતો એ ગુણ અહીં આવીને પરિણમ્યો. એટલે સ્વસંવેદનમાં આવી ગયો એ. આહાહા..! ઝીણું બહુ ભાઈ આમાં. માર્ગ તો આ છે, ભાઈ! અરે..! ચોર્યાશીના અવતાર રખડી-રખડીને દુઃખી છે એ. સુખી માને ભલે પણ દુઃખી છે. આનંદનો સ્વભાવ એને અંતરમાં ભર્યો આનંદ. એ આનંદ દશામાં ન આવે ત્યારે દુઃખની દશા જે એનામાં નથી એવી પર્યાયબુદ્ધિએ દુઃખદશાને વેદે છે. સમજાણું કાંઈ?

'**સંસાર-અવસ્થામાં તે કર્મોપાધિથી નિર્મિત (નિર્માયેલો) હોવાથી તેનાથી વિપરીત પરિણતિનો અનુભવ થાય છે.**' બે વાત થઈ. એક તો ભગવાન આત્મા દ્રવ્ય અને ગુણમાં જે આનંદ અને જ્ઞાન પડ્યું છે એનો જ્યારે સ્વસંવેદન દ્વારા સ્વીકાર થવો, સ્વસંવેદન જ્ઞાનના

પ્રત્યક્ષ દ્વારા એની હયાતી છે આવડો મોટો ભગવાન, એવી જે પર્યાયમાં પ્રતીતિ અને જ્ઞાન થયું એનાથી પોતે વેદાણો. પણ અનાદિથી એ ભાન નથી તેથી શું થાય છે કહે છે. '**કર્મોપાધિથી નિર્મિત...**' કર્મના નિમિત્તને આધીન થયેલી વિકારી દશા. તેનાથી વિપરીત એટલે સ્વભાવથી વિપરીત એ પરિણતિનો અનુભવ થાય છે. અજ્ઞાનીને શેનો અનુભવ છે? સ્ત્રીનો, શરીરનો, દાળ-ભાતનો, પૈસાનો, બંગલાનો છે? એ તો જડ પર છે. આત્માનો છે? કે આત્મા તરફ તો વળ્યો નથી. આહાહા..! એને રાગ ને દ્વેષના દુઃખની દાવાનળની દશાનો એને અનુભવ છે. આવું કેવું? એઈ..! કોનાથી વિપરીત કીધું? સ્વસંવેદન વેદી શકાય છે એનાથી આ વિપરીત.

સંસારદશામાં અનાદિ કાળથી એને શુભ અને અશુભ રાગનું વેદન છે કે દ્વેષનું વેદન છે કે વિષયની વાસનાની કલ્પનાનું વેદન છે. એ સ્વભાવના વેદનથી વિપરીત વેદન છે. સમજાણું કાંઈ? આહાહા..! એ બિચારા દુઃખને વેદે છે એમ કહે છે અહીં તો. આ બધા શેઠિયાઓ, અબજોપતિ મોટા રાજાઓ, આ દેવો દુઃખને વેદે છે. કેમ કે આત્મા આનંદસ્વરૂપ એવી જે શક્તિનો ભંડાર એને તો એણે ખોલ્યો નથી. એમાં તો એનો સ્વીકાર નથી. ફક્ત સ્વીકાર વર્તમાન દશાનો, રાગનો, પુણ્યનો, આનો ને આનો. આહાહા..! એના વેદનમાં દુઃખની દશા છે એને. સમજાય છે કાંઈ?

એ કર્મના નિમિત્તથી. પણ કર્મથી નહિ, હોં! આહાહા..! એનામાં એ પર્યાયની શક્તિ છે. પર્યાયમાં હોં ઈ. નિમિત્તને આધીન થઈ અને વિકારને વેદે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિપરીત પરિણતિનો અનુભવ છે. આહાહા..! જેમાં પરમાત્મા સ્વરૂપે ભગવાન બિરાજમાન છે એમાં તો અતીન્દ્રિય આનંદ અને શાંત, શાંત, શાંતરસ છે. એ શાંતરસ અને આનંદ દ્રવ્યમાં છે, ગુણમાં છે, એનો સ્વીકાર થતાં પર્યાયમાં છે. અને એ સ્વીકાર નથી ત્યારે પર્યાયમાં રાગ અને દ્વેષનું દુઃખનું વેદન છે.

ભજનમાં આવે છે ને એવું? 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે. એક સુખીયા જગતમાં સંત દુરિજન દુઃખીયા રે.' આહાહા..! ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ, જેણે ત્યાં નજર નાખીને જેણે આનંદને વેદ્યો એ સમકિતી જગતમાં સુખી છે. સમજાય છે કાંઈ? આહાહા..! 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે..' આહાહા..! જેણે ભગવાન આત્મા આનંદના નાથને શોધીને, ગોતીને પર્યાયમાં પ્રગટ કર્યો નથી... આહાહા..! એ બધા પ્રાણી દુઃખી છે. પોપટભાઈ! દુઃખી છે? છ છોકરા, બે કરોડ રૂપિયા, દસ દસ લાખની પેદાશું હોય તો પણ દુઃખીયા? આહાહા..! કહો, બાબુભાઈ! આહાહા..!

ભાઈ! શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ છે એ ક્યાં તારી છે? એ ચીજમાં તો તું અભાવરૂપે છો અને એ ચીજ તારામાં અભાવસ્વભાવ છે. આહાહા..! હવે તારામાં

ભાવરૂપ જે છે એ તો આનંદ ને શાંતિ અને એ સુખરૂપ એ ભાવરૂપ છે. હવે એ ભાવનો જો આશ્રય લીધો તો તો આનંદ અને શાંતિની પર્યાય આવે એનું વેદન છે. એનો આશ્રય ન લીધો અને નિમિત્તનો આશ્રય લઈને વિકાર ઉત્પન્ન કર્યો એ વિકાર દુઃખનું વેદન છે. આહાહા..! એ પતરવેલિયા ખાતો હોય. શું કહેવાય એ? અળવીના પાંદડા નથી થાતા? પતરવેલીયા. ચણાનો લોટ નાખીને કરે છે ને? .. પછી તેલમાં તળે. મેસુબના કટકા ઉપાડતો હોય એના ભેગો આ નાખે. કહે છે કે દુઃખી છો, સાંભળને હવે. એનું વેદન નથી તને. વેદનમાં એના તરફના લક્ષથી જે પ્રીતિ ઉપજી કે આ ઠીક, એવા રાગનું-દુઃખનું વેદન છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞનો માર્ગ ભાઈ અલૌકિક છે. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,...' શ્રીમદ્ ૧૬ વર્ષમાં કહ્યું છે ને? શ્રીમદ્ રાજચંદ્ર. ૧૬ વર્ષમાં. 'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી.' મોક્ષમાળામાં છે. આહાહા..!

કહે છે, જેને ભગવાન આત્મામાં શક્તિઓ અને ગુણ જે પડ્યા છે ધ્રુવ. અને દ્રવ્ય ધ્રુવ. એમાં અનંત આનંદ અને શાંતિ પડી છે એનો જેણે આશ્રય લીધો, એને તો પર્યાયમાં સ્વસંવેદન આનંદનું વેદન છે. અને એનો જેણે આશ્રય ન લીધો અને નિમિત્ત અને રાગનો આશ્રય લઈને જે વેદન કરે છે એ બધું રાગનું, દ્વેષનું, દુઃખનું વેદન છે. કહ્યું ને? '**કર્મોપાધિથી નિર્મિત (નિર્માયેલો)**...' નિર્માયેલ—રચાયેલો. '**હોવાથી તેનાથી**...' તેનાથી એટલે ઓલા સ્વભાવથી '**વિપરીત પરિણતિનો અનુભવ થાય છે**.' આહાહા..!

'**તેવો સ્વસંવેદ્ય (આત્મા) ભલે હો, પણ તે કેટલો કાળ?**' એમ પ્રશ્ન કરે છે. આહાહા..! '**સર્વદા તો નહિ હોય, કારણ કે પાછળથી તેના રૂપનો નાશ થાય છે. (આવી શંકાનો પરિહાર કરતાં) કહે છે**...' શંકા કરે છે. '**કે-તેની (આત્માની) અચળ સ્થિતિ છે,**...' સમજાણું? છે ને નવમું પદ? '**स्वयंवेद्योऽचलस्थितः**' છેલ્લું પદ છે. આહાહા..! ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે, બાપુ! આ કોઈ આલીદુઆલીના કથન નથી. એને માટે કેટલી તૈયારી જોઈએ! એક રાજ દરબારમાં જાવું હોય તો કેવી સભ્યતાથી, કેવા કપડાથી અને કેવી શૈલીથી જાય! આહાહા..! મૂર્ખાઓમાં જાવું હોય તો. પેલો રાજ દરબાર મુર્ખાઈથી ભરેલો છે. આ તો ત્રણ લોકના નાથ કેવળી પરમાત્મા.. આહાહા..! એના કહેણમાં જાવું હોય અને એના કહેણ કબુલવા હોય તો તૈયારી ઘણી જોઈએ. આહાહા..!

કહે છે કે એ આત્માની અચળ સ્થિતિ છે. તું કહે છો કે એ તો આત્માનું વેદન સ્વથી થાય ઈ કેટલો કાળ રહે? એમ કહે છે. સદાય તો ન રહે. અરે..! સાંભળને. એ '**અનંતાનંત ધીશક્તિના સ્વભાવના કારણે તે અચલ સ્થિતિવાળો છે**.' ભગવાન આત્મા જ્ઞાનશક્તિવાળો અનંતાનંત શક્તિ, એનો સ્વભાવ જ અનંતાઅનંત જ્ઞાનનો સ્વભાવ એવી શક્તિવાળો તે અનાદિ-

અનંત ત્રિકાળ છે. અને એ ત્રિકાળી તત્ત્વનો આશ્રય લઈને વેદન થાય એ કાયમ રહેશે. આ દુઃખનું વેદન નહિ રહે (એકરૂપે) કાયમ. એ ક્ષણે ક્ષણે બદલતું જશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ધીશક્તિના સ્વભાવના કારણે તે અચલ સ્થિતિવાળો છે.**' એ તો પછી જરી ખુલાસો કર્યો છે. '**જે યોગ અને સાંખ્યમતવાળાઓએ, મુક્તિના વિષયમાં આત્માની તેનાથી (મુક્તિથી) પ્રચ્યુતિનો (પતનનો) સંભવ માન્યો છે,...**' મુક્તિ થઈને પછી નાશ થાય છે. અવતાર ધારણ કરે ને.. આવે છે ને? અથવા મુક્ત થાય એટલે જ્ઞાનનો નાશ થાય. જ્ઞાન રહે તો ઉપાધિ છે એમ કહે છે. એ એમ નથી. વસ્તુ જ્ઞાનસ્વભાવ, શક્તિ જ્ઞાનભાવ, એનું વેદન આવે એ જ્ઞાનભાવ અને શાંત વેદન. એ અચળ સ્થિતિ છે માટે વેદન પણ અચળ થઈ જાય. આહાહા..! આવી વ્યાખ્યા કેવી હશે? પોપટભાઈ! આહાહા..!

વીતરાગનો દરબાર છે. વીતરાગી ભાવનું વેદન એને આત્મા કહે છે. આહાહા..! જેને એકલા રાગનું, દ્વેષનું, સંકલ્પ, વિકલ્પ, વિકારનું વેદન (છે) એ આત્મા નહિ. આહાહા..! (ઇન્દ્રિય) સુખના વેદવાવાળો એ જીવ નહિ. અલિંગગ્રહણમાં આવે છે ને? આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. બારમો બોલ આવે છે. ૨૦. કેટલા બોલ છે? ૨૦ છે ને? એમાં ૧૨મો છે. અલિંગગ્રહણ. ભગવાન આત્મા ઇન્દ્રિયના વિષયનો ભોક્તા નથી. આહાહા..! ઇન્દ્રિયના વિષયને, રાગને વેદે અને આત્માનું વેદન ન હોય એ જડ છે એમ કહે છે. શાંતિભાઈ! આવો માર્ગ ભારે ભાઈ!

મુમુક્ષુ :- ભગવાનની..

ઉત્તર :- ભગવાનની નિશાળ છે, બાપુ!...

કહે છે, '**જે યોગ અને સાંખ્યમતવાળાઓએ, મુક્તિના વિષયમાં આત્માની...**' ચ્યુતિ માને છે. પછી પતન માને છે. ત્યાંથી ભ્રષ્ટ થઈ જાય છે ... '**તેમના સંબંધી (ખંડનરૂપે) પ્રમેયકમલમાર્તણ્ડ...**' એ પછી ગ્રંથનો ન્યાય આપ્યો. '**ન્યાયકુમુદચન્દ્રમાં મોક્ષવિચાર-પ્રસંગે વિસ્તારથી કહેવામાં આવ્યું છે.**' એ ગ્રંથ છે બે.

'**ભાવાર્થ :- નરનારકાદિ જે પર્યાયોને જીવ ધારણ કરે છે તે પર્યાયોરૂપ અજ્ઞાની પોતાને માને છે.**' બસ. અમે દશાશ્રીમાળી વાણિયા, અમે વિશાશ્રીમાળી વાણિયા, અમે ક્ષત્રિય, અમે બ્રાહ્મણ. મૂઢ છો, કહે છે. સમજાણું? જે ગતિની જે પર્યાય મળી એ જ પોતે માને છે. અરે..! એણે પોતાની દયા ન કરી. પોતાની દયા. એટલે? કે જે અનંત આનંદ અને જ્ઞાનનું સ્વરૂપ છે જીવતું જ્યોત અંદર, એનો સ્વીકાર ન કરીને હું રાગ ને પુણ્ય ને દયા દાનના વિકલ્પવાળો છું (એમ માન્યું) તેણે પોતાની દયા ન પાળી. પોતાનું જે

જીવન જેવડું છે તેવડું ન માનતા હું રાગવાળું જીવન, દ્વેષવાળું જીવનવાળો છું એ આત્માની હિંસા કરી એણે. એટલે કે છે એને નથી એણે કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? બાયડી, છોકરા, કુટુંબ, પરિવાર, પાંચ-પાંચ, પચાસ લાખની પેદાશું હોય, કરોડ, બે કરોડ, પાંચ કરોડ રૂપિયા હોય. બંગલા ૪૦-૪૦ લાખના (હોય). અમે સુખી છીએ. ભગવાન! તું આત્માની હિંસા કરે છે. જેમાં આનંદ છે એનો તેં નકાર કર્યો અને જેમાં આનંદ નથી એમાંથી આનંદ થાય એમ તેં માન્યું. આહાહા..! નર, નારક પર્યાયને જીવ ધારણ કરે. વસ્તુમાં નથી. પર્યાયમાં છે.

'**તે પર્યાયોરૂપ અજ્ઞાની પોતાને માને છે. વાસ્તવમાં જીવ તે પર્યાયોરૂપ નથી, પણ તે સ્વાનુભવગમ્ય,...**' આહાહા..! આનંદવાળો, જ્ઞાનવાળો, શાંતિવાળો '**સ્વાનુભવગમ્ય, શાશ્વત...**' છે. અચળ સ્થિતિવંત છે એ. નિત્યાનંદ છે. ધ્રુવ આનંદ છે. આહાહા..! એનું વેદન પછી ધ્રુવના આનંદનું વેદન પણ કાયમ ટકી શકે છે. મોક્ષમાં કાયમ રહે ને. પછી એ કાંઈ ફરે નહિ કહે છે. અચળ વસ્તુ છે અને એનો અનુભવ પૂર્ણ થયો એ એમ ને એમ રહેશે. જેમ દ્રવ્ય શાશ્વત, ગુણ શાશ્વત, એમ પર્યાય શાશ્વત થઈ ગઈ હવે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અનંતાનંત જ્ઞાન-વીર્યમય છે.**' અનંત અનંત જ્ઞાન વીર્યમય છે. એ તો સવારમાં આવ્યું હતું ને? વીર્ય આત્મા, વીર્ય ગુણ, વીર્ય પર્યાય. આપણે વીર્ય આવ્યું છે આમાં. ઓલામાં પુરુષાર્થ શબ્દ છે. ગુજરાતીમાં પુરુષાર્થ છે. ગુજરાતીમાં. આ હિન્દીમાં વીર્ય વાપર્યું. એ ગુણ છે ખરો ને. પુરુષાર્થગુણ એવો જુદો પાડ્યો નથી. વીર્યને જ પુરુષાર્થ કહ્યો છે. આહાહા..! વીર્ય જે પુરુષાર્થ આત્મામાં ગુણ છે (એ) ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે. એવો જે વીર્યગુણ દ્રવ્યમાં છે, ગુણમાં છે અને પર્યાયમાં છે. કોને? જેણે દ્રવ્ય અને ગુણની નિત્યતા સ્વીકારી તેને. સમજાણું કાંઈ?

..એકમાં આવ્યું હતું. વિદ્યાનંદને આપ્યુંને ઉપાધ્યાય પદ? એટલે એની અંદર.. ઘરે ઘરે હવે દીક્ષા લોકો લે એમ કરો. ઘરે ઘરે પંડિતોને માન આપો એમ હતું પહેલા. આ હવે ઘરે ઘરે દીક્ષાની વાત કરો. કેમ કે માણસો, જેમ છોકરો ન હોય તો કો'કનો લઈને પણ વંશ રાખે છે. ખોળે બેસાડે છેને છોકરાને? ઘરે ઘરે દીક્ષાનું કહો. અરે..! પ્રભુ! પહેલા દીક્ષા કોને કહેવી? ભાઈ! સમજાણું કાંઈ? આહાહા..! દીક્ષાની શીક્ષાઓ બહુ મોટી છે, ભાઈ! શીક્ષા હોં! શિક્ષા નહિ. શું કીધું? આ શીક્ષા. શીક્ષા તો દંડ છે. અને એની શિક્ષા એટલે સમજણ. આહાહા..! એ દીક્ષાના સ્વરૂપને સમજ્યા નથી એને શીક્ષા છે-દંડ છે. આહાહા..! બાપુ! ભગવાન! તારી મોટપનો પાર નથી. એવી મોટપ હાથમાં આવી નહિ અને ચારિત્ર અને સમકિત છે એમ માની લીધા. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન પરમાનંદ સ્વરૂપે અનંત અનંત તત્ત્વનો પિંડ છે. એની વેદનમાં, પ્રતીતમાં, અનુભવમાં આવ્યું નહિ... આહાહા..! અને દીક્ષા ચારિત્ર થઈ ગયું. ભાઈ! એમ નહિ થાય. એમાં છેતરાઈ જઈશ. અને પાછો આવો કાળ મળવો મુશ્કેલ છે, ભાઈ! આહાહા..! પહેલા સમ્યક્ ચીજ શું છે એને તો સમજ. પહેલા તો એ કરવાનું છે. આહાહા..!

ભરત ચક્રવર્તીને ઘરે છન્નું હજાર સ્ત્રી હતી, છન્નું કરોડ પાયદળ હતું, છન્નું કરોડ ગામ હતા. છતાં સમ્યગ્દર્શન અંદર પૂર્ણાનંદનો નાથ અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય છું એવી અનુભવની દૃષ્ટિ હતી. છન્નું હજાર સ્ત્રી એને ઘરે રહી. રાજપાટમાં બેઠા. ઈન્દ્ર જેના મિત્રો હતા. ભરત ચક્રવર્તી ઋષભદેવના પુત્ર. જેને ઈન્દ્રો મિત્રો. કોઈ મારા નથી. હું ક્યાંય નથી. એ સિંહાસનમાં હું નથી, ઈન્દ્રોના મિત્રોમાં હું નથી, હું વિકલ્પમાં નથી. આહાહા..! હું તો મારા શાંત દ્રવ્ય-ગુણ અને પર્યાય નિર્મળ (છે) એમાં છું. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનંતાનંતજ્ઞાન-વીર્યમય છે. મુક્ત-અવસ્થામાં (મોક્ષમાં) તેની સ્થિતિ અચલ છે;...'** મુક્ત દશા થતાં એની સ્થિતિ અચળ થઈ જાય છે. એટલે શું કહ્યું? કે જે દ્રવ્ય અને ગુણ અચળ છે એવું એનું વેદન જ્યાં અંદર પૂર્ણ થઈ ગયું એ પણ હવે કાયમ રહેશે. આહાહા..! આ તો ઘડીકમાં મોટો રાજા અને ઘડીકમાં નરક. અહીં મોટો રાજા (હોય). બ્રહ્મદત્ત, ચક્રવર્તી. જેને ઘરે ૩૨ હજાર રાજા ચામર ઢાળતા, જેને સોળ હજાર દેવો જેની સેવા કરતા. આહાહા..! જેને હીરા-રતનના.. શું કહેવાય આ? પલંગ-પલંગ. હીરા-રતનના પલંગમાં-ઢોલિયામાં-સૂતો. એ મરીને દેહ છૂટ્યો, સાતમી નરકે ગયો છે અત્યારે. સાતમી નરક છે. રવ રવ નરક છે. ત્યાં અત્યારે છે. હજી તો થોડા વર્ષ થયા. હજી તો અસંખ્ય અસંખ્ય અબજો વર્ષ રહેવાનો છે આહાહા..! ૭૦૦ વર્ષનું ચક્રવર્તી (પદ). ૭૦૦ વર્ષમાં બાળપણામાં ક્યાં હતું ચક્રવર્તી? થોડા વર્ષ પદ રહ્યું ૭૦૦ વર્ષમાં. એમાં ૩૩ સાગરની સ્થિતિએ રવ રવ નરકમાં સાતમી નરકે. આહાહા..! જેમાં એક શ્વાસમાં.. પલ્યોપમ કેટલું એ અમારે ..ભાઈ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અગિયાર હજાર નવસો પંચોતેર પલ્યોપમ. સોહનલાલજી! એવું આવ્યું છે ને? યાદ કરીએ છીએ. સાતસો વર્ષ છેને સાતસો? એ બ્રહ્મદત્ત ચક્રવર્તી થયો ને? ૭૦૦ વર્ષ રહ્યો ચક્રવર્તી. તો સાતસો વર્ષના એક શ્વાસ. એક શ્વાસ. એક શ્વાસના ફળમાં કેટલા કીધા? અગિયાર લાખ છપ્પન હજાર પલ્યોપમનું દુઃખ. પલ્યોપમના એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા અગિયાર લાખ પલ્યોપમ. ઓહોહો..! સમજાણું કાંઈ? એક શ્વાસ અહીં ભોગવ્યું(સુખ)-કલ્પનાનું. એના ફળમાં સાતમી નરકે રવ રવ નરકે જાય. ઢોલિયેથી જ્યાં આમ દેહ છૂટ્યો એવો હેઠે. લોઢાના તોલવાળો ગોળો પાણી ઉપર મૂકો તો હેઠે જાય. .. છે?

એમ મહાપાપ મિથ્યાત્વના, અજ્ઞાનના કરેલા. આહાહા..! એ ચોર્યાસી લાખના અવતારમાં ઊંડો સાતમી નરકે ગયો. અહીં જુઓ તો દેવ સેવા કરે. આહાહા..! જેની એક (મુખ્ય) રાણીની હજાર દેવ સેવા કરે. રાણી રત્ન... હોય. બીજી રાણી છન્નું હજાર. આહાહા..!

અરે..! એણે એક શ્વાસમાં સુખની કલ્પના વેદી, એના ફળમાં અગિયાર લાખ પલ્યોપમનું દુઃખ. પોપટભાઈ! ભારે આકરી વાતું, બાપુ! ભારે આકરું કામ. અહીં તો જરી કાંઈક ઠીક મળે એમાં .. આહાહા..! મારું શું થશે? હું ક્યાં જઈશ? મારા ઉતારા ક્યાં થશે? ખબરું ન મળે એને. આહાહા..!

કહે છે, જેને આ આત્મા પૂર્ણાનંદનો નાથ એની અનુભવ સ્થિતિ સ્વસંવેદન દશા પ્રગટી અને પૂર્ણ થઈ એ તો કાયમ અચળ રહેશે. જેવું દ્રવ્ય અચળ, ગુણ અચળ, એવી દશા અચળ રહેશે. આહાહા..! '**ત્યાંથી (મુક્તિથી) તેનું કદી પણ પતન થતું નથી-અર્થાત્ જીવ મુક્ત થયા પછી કદી ફરીથી સંસારમાં આવતો નથી. યોગ અને સાંખ્યમતવાળાની માન્યતા તેનાથી વિપરીત છે.**' એ સાંખ્યવાળા ફરીને ત્યાંથી આવે, હેઠે ઉતરે (એમ માને છે). અરે..! ચણા જે શેકાયા એ ફરીને ઉગે નહિ. આ ચણા નથી થાતા? ચણા સમજો છો? દાળિયા હોય છે ને? શેકી નાખે, ભુંજી નાખે પછી ફરીને ઉગે? એકવાર અજ્ઞાન અને રાગ-દ્વેષનો નાશ કરી દીધો અને આનંદની દશા જ્યાં પૂર્ણ પ્રગટ થઈ, ફરીને અવતાર ન હોય એને. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર સુદ ૧૪, શનિવાર તા. ૨૮-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૮-૯-૧૦, પ્રવચન - ૧૮**

.. જ્ઞાન છે. એને માનતો નથી. અને આ શરીર હું છું એમ એ માને છે. આ દેહ જડ. જાણનારો જુદો, છતાં એનાથી જુદી ચીજ છે એને પોતાની માને છે. આ મૂર્ખાઈ અનાદિની છે એમ કહે છે. આહાહા..! કહો, પોપટભાઈ! આહાહા..! છે?

'**બહિરાત્મા...**' પહેલો શબ્દ છે. બહિર્. એટલે કે ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા શરીર, વાણી, મનથી ભિન્ન છે અને એ કર્મથી પણ જુદો છે અંદર. ખરેખર તો આ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ પણ એક વિકલ્પ અને આકુળતાના વિકારી ભાવ છે. એનાથી ભગવાન આત્મા અંદર જુદી ચીજ છે. સમજાણું કાંઈ? એ આત્માનું આવું સ્વરૂપ છે એમ કોઈ દિ' એણે જાણ્યું, માન્યું નથી. આહાહા..!

કહે છે કે એ '**બહિરાત્મા નરનારકાદિ પર્યાયો...**' નર એટલે આ મનુષ્ય, નારકી એટલે નીચે ગતિ છે નારકીની. આ માંસ ને દારૂને સેવે છે એ મરીને નરકે જાય છે. નીચે નરક યોનિ છે. ત્યાં અનંત વાર ઉપજ્યો છે. પોતે ચીજ શું છે એના ભાન વિના. સમ્યગ્દર્શન વિના કહો કે સમ્યગ્દર્શનમાં એનો વિષય જે પૂર્ણાનંદ પ્રભુ એની અસ્તિના ભાન વિના, એની હયાતીના ભાન વિના... આહાહા..! એણે આ શરીરને પોતાનું માન્યું. કારણ કે છે તો ચીજ ખરી. હવે જેવી રીતે છે એવી રીતે ખ્યાલમાં ન આવી ત્યારે જે એમાં નથી તે ચીજ હું છું એવું પોતાનું અસ્તિત્વ ત્યાં સ્વીકાર્યું. ન્યાય સમજાય છે કાંઈ? પોતે આત્મા તો અનંત આનંદ અને અનંત જ્ઞાન છે.

આ દેહમાં રહેલું તત્ત્વ જેને ચૈતન્ય કહીએ, જીવ કહીએ, આત્મા કહીએ એ તો અનંત આનંદ અને અનંત શક્તિ વીર્યની અને જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. આહાહા..! એ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા છે. જ્ઞાનનો આનંદ અને જ્ઞાનનું સુખ એથી ભરેલું એ આત્મતત્ત્વ છે. એની જેને અનાદિથી ખબર નથી એ, આ શરીર તે હું એમ એ માને છે. શરીર નિરોગી તો કહે હું નિરોગી, શરીર રોગી તો કહે હું રોગી. મોહનલાલજી! કાંઈક પૈસા થયા પાંચ-પચ્ચીસ લાખ તો કહે હું પૈસાવાળો. નિર્ધન હોય ત્યારે કહે, અરે..! હું તો નિર્ધન. એ બધી અજ્ઞાનદશાએ માનેલી ભ્રમની ભ્રમણાની વાતું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે કે, '**નરનારકાદિ...**' નર નામ મનુષ્ય. આ દેહ છે એ જડ છે આ તો. આ તો માટી છે. આ કાંઈ આત્મા નથી. આહાહા..! એમ નરકનું શરીર છે નારકીનું એ જડ

છે. એમ સ્વર્ગનો દેવ છે એ પણ શરીર જડ છે અને તિર્યંચ તો દેખાય છે હાથી, ઘોડા શરીર છે એ તો માટી જડ છે. પણ પોતાનું હોવાપણું જે રીતે છે એ રીતે સત્તાના સ્વીકારમાં આવ્યો નહિ એટલે પોતાનું હોવાપણું ક્યાંક તો માનવું પડે એણે. ન્યાય સમજાય છે? જે રીતે જે સ્વરૂપે ભગવાન આત્મા, આ પોતે આત્મા ભગવાન, હોં! ભગવાન થઈ ગયા એ ભગવાનમાં રહ્યા. એ જે રીતે આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ અતીન્દ્રિય સુખના ભંડારથી ભરેલો પ્રભુ છે. આહાહા..! અરે..! કોઈ દિ' એણે સાંભળ્યો પણ ન હોય. સમજાણું કાંઈ? એવા હયાતીવંત—સત્તાવંત-હોવાપણે જે રીતે આત્મા છે તે રીતના અજ્ઞાનને લઈને, આ હું છું એમ ન માનતા શરીર, વાણીની ક્રિયા આ ચાલુ છું, બોલુ છું એ બધી મારી ક્રિયા છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? આહાહા..! એ તો ૧૯ શ્લોકમાં તો આવે છે ને. સવારમાં સજ્ઝાય આવી ગઈ.

જે આ શરીર, જે આ ઉપદેશ ચાલે છે એ તો વાણીનો જડનો છે. અને જે વિકલ્પ ઉઠ્યો છે એ રાગ છે. કહે છે કે જે કોઈ પ્રાણી ઉપદેશમાં હું પરને ઉપદેશું છું એ હું છું (એમ માને છે). કેમ કે વાણી છે એ જડ છે. વાણી તો જડ અવાજ છે, આ ક્યાં ચૈતન્ય છે? અને અંદર વિકલ્પ ઉઠ્યો છે રાગ એ વિકારભાવ છે. એ કંઈ આત્માનો સ્વભાવ નથી. એ વિકાર અને ઉપદેશની ક્રિયા હું એ કરું છું. આહાહા..! શાંતિભાઈ! ઝીણી વાત છે, ભગવાન! આ તો બીજી વાત છે અનાદિ કાળથી.. તીર્થંકર પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પ્રભુએ જે આત્મા કહ્યો એની એને ખબર નથી.

'**નરનારકાદિ પર્યાયોને જ પોતાની સાચી અવસ્થા માને છે.**' છે? આ કથા નથી. આ શબ્દોમાં કેટલું ભરેલું છે. સમજાણું કાંઈ? પ્રભુ ચૈતન્યદ્રવ્યનો સ્વભાવ, એ કહેશે હમણાં, એને ભૂલીને અનાદિ અજ્ઞાનીઓ દેવ હો, નારકી હો, ઢોર હો, શેઠિયા હો, અબજોપતિ એ બધા અજ્ઞાની અનાદિથી આમ માની રહ્યા છે કે શરીર તે હું છું. ઉપદેશમાં તો ત્યાં સુધી ભાઈ! લીધું કે હું પાગલ છું. એય..! એ વિકલ્પ ને વાણી હું છું તો એ મિથ્યાત્વનું પાગલપણું છે. સમજાણું કાંઈ? પણ મિથ્યાત્વનું પાગલપણું ન હોય, વસ્તુનું ભાન હોય કે હું ચૈતન્ય છું, છતાં ઉપદેશનો વિકલ્પ જે ઉઠે છે, કહે છે.. આહાહા..! એ ચારિત્રદોષનું પાગલપણું છે. આહાહા..! આ તો મિથ્યાત્વનું પાગલપણું અત્યારે વર્ણવે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

દેહદેવળમાં ચૈતન્ય ભગવાન ભિન્ન તત્ત્વ પડ્યું છે. જેનામાં પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગની લાગણી પણ જેમાં નથી. એવો ચૈતન્યબિંબ પ્રભુ છે અંદર. આહાહા..! એની જેને ખબરું નથી એ શરીરાદિની દશાને પોતાની અવસ્થા માને છે. હું જુવાન છું, હું વૃદ્ધ થઈ ગયો, હું બાળ છું, હું સ્ત્રી છું, હું પુરુષ છું. પોપટભાઈ! બહુ કામ આવું આકરું. એનું હોવાપણું

તો ચૈતન્ય ભગવાન અનંત આનંદથી સંપન્ન છે. એ તો સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધસ્વરૂપ છે. જે સિદ્ધ ભગવાન થયા એ ક્યાંથી થયા? એ દશા કંઈ બહારથી આવે છે? અંદરમાં આત્માના સ્વભાવમાં પૂર્ણાનંદ અને પૂર્ણ શુદ્ધતા પડી છે. આહાહા..! એનું અંતરમાં ભાન કરીને, એકાગ્ર થઈને એ સિદ્ધ પર્યાયની પ્રાપ્તિ વસ્તુમાં છે એમાંથી આવે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. જે એમાં છે એમાંથી આવે છે. એને એમ ન જાણતાં.. આહાહા..! આ શરીરની અવસ્થા, રાગની અવસ્થા એ વાળો હું છું, એ બધો ભ્રમ અને અજ્ઞાન છે. એને પરમાત્મા બહિરાત્મા, મિથ્યાદૃષ્ટિ ચાર ગતિમાં રખડવાના ભાવવાળો (કહે) છે. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! શું કરવું? આ બધા છ છોકરા, પૈસા કરોડો રૂપિયા.

મુમુક્ષુ :- છોકરા છોકરામાં, પૈસા પૈસામાં.

ઉત્તર :- પૈસા પૈસામાં. એ તો અનુભવ થઈ ગયો હતો ને ઓલા વખતે. આહાહા..!

પ્રભુ! તું કોણ છો ભાઈ! તને ખબર નથી. તારી જાતની જાતને તેં ભાત પાડ્યા વિના જે તારામાં નથી એવી કજાત આ શરીર, વાણી, મન, પુણ્ય અને પાપના ભાવ એ તારી જાતના નહિ. આહાહા..! એ તો ભિન્ન જાતની ચીજ છે, ભગવાન! એને હું આ શરીર મારું અને શરીરથી કામ કરું, ચોવીસ કલાક શ્રમ લઉં છું ધંધામાં, દેહનો બરાબર સદુપયોગ કરું છું જડનો. અરે..! ભગવાન! એ શરીર જડ છે એનો ઉપયોગ તું શું કર? આહાહા..! એ શરીરની ક્રિયા હું કરી શકું છું, એ શરીરની અવસ્થા જ હું છું એમ અજ્ઞાનીએ અનાદિથી માની રાખ્યું છે. આહાહા..! છે?

**'આત્માનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી ભિન્ન...'** છે. દેહ આ માટીની આ અવસ્થાઓ એનાથી પ્રભુ અંદર આત્માની વાસ્તવિક ચીજ તો આનાથી જુદી છે. સમજાણું કાંઈ? ઘીનો ઘડો હોય ઘડો, પણ એ ઘડાથી ઘી તો જુદી ચીજ છે. કે બેય એક છે? એમ આ (શરીર) માટીનો ઘડો છે. પ્રભુ ચૈતન્યસ્વરૂપી આનંદકંદ છે એ ચીજ આ દેહના ઘડાથી ભિન્ન છે અંદર. એને સાંભળવાની ગરજ ક્યાં છે? મરી ગયો અનાદિ કાળથી. વાસ્તવિક ચૈતન્યના ભાન વિના ચોર્યાસીના અવતારમાં રખડતો, રઝળતો કોઈ ક્યાંય શરણ નથી, જ્યાં શરણ છે તેને ઓળખતો નથી. આહાહા..!

કહે છે, **'આત્માનું વાસ્તવિક સ્વરૂપ તેનાથી...'** દેહની ક્રિયા આ હાલવું, ચાલવું, બોલવું આ બધું એનાથી તો જુદો છે. આ તો જડ છે. **'કર્મોપાધિરહિત,...'** છે. ભગવાન સ્વરૂપે અંદર છે. જડકર્મ છે એ તો એનામાં અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે, આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો ભાવ છે. એમ આત્મા આત્માના ભાવે છે, એ કર્મના ભાવથી રહિત છે. આહાહા..! કેમ

બેસે માણસને? આહાહા..! ધર્મ કરો, ધર્મ કરો. પણ શું ધર્મ? કોણ કરે? ધર્મ કેમ થાય? સમજાણું કાંઈ?

કહે છે, '**કર્મોપાધિરહિત,...**' ચૈતન્યદળ શુદ્ધ આહાહા..! પાણીનો કળશો હોય છે એ કળશાથી પાણી ભિન્ન છે. કે કળશો અને પાણી બે એક છે? એમ ચૈતન્યરસ આત્મા, સમજણનો પિંડ પ્રભુ ચૈતન્યરસ આત્મા અને આ દેહના રજકણોથી તો તદ્દન ભિન્ન છે. આહાહા..! મોહનલાલજી! ક્યારે ભિન્ન છે? અત્યારે. ઈ માન્યું નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દેહ ભિન્ન છે એ છૂટો પડીને વયો જાય છે. એ તો મરવા વખતે, દેહ છૂટતા હં.. હં.. થાય. જાવ. પણ એથી દેહ ને આત્મા એક છે અત્યારે? અને તેથી કહે છે મરતા પણ કે એ જીવ ગયો. શરીર ગયું એમ કહે છે? પાછો થયો. વળી આ કાઠિયાવાડી ભાષામાં કહે. પાછો બીજે અવતાર ધરશે મરીને. અરેરે..! જાતને જાણ્યા વિના આ જડની જાતને પોતાની માની એનો અહંકાર કરી, જે કર્મની ઉપાધિથી રહિત પ્રભુ અંદર છે... આહાહા..! 'શુદ્ધ' છે, પવિત્ર છે. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ છે, જ્ઞાનની મૂર્તિ છે, પવિત્રતાનો પિંડ છે, એ શુદ્ધ છે. આહાહા..! પુણ્ય ને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ પુણ્ય એ અશુદ્ધ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ એનો જે ભાવ તે પાપરૂપી અશુદ્ધતા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ પુણ્યરૂપી અશુદ્ધતા છે. આહાહા..! બેય અશુદ્ધતાથી પ્રભુ ભિન્ન છે. આમાં ધંધા આડે તો કાંઈ સૂઝ્યું નહોતું, મોહનલાલજી! રળો.. રળો.. બે, પાંચ, પચાસ લાખ થયા. ધૂળ થઈ એટલે જાણે ઓહોહો..! જાણે હું કમાણો. પોપટભાઈ! આહાહા..! આ છેને આ મલૂકચંદભાઈ! નહિ જાડા બેઠા? એના દિકરા છે મુંબઈમાં. તમે નામ સાંભળ્યું છે? પુનમચંદ મલૂકચંદ. આ જાડા બેઠાને પાછળ? પુનમચંદ મલૂકચંદ ચાર-પાંચ કરોડ રૂપિયા છે એની પાસે. આમના દીકરા પાસે. મુંબઈમાં મોટા બાવીસ-બાવીસ માળના મકાન કરે છે. પુનમચંદ મલૂકચંદભાઈ. આ મલૂકચંદભાઈ. એનો હક નહિ પણ હોં ત્યાં ઓલામાં. આહાહા..! અરે..! કોનો હક ભાઈ? કઈ ચીજમાં તું છો તે તારો હક ત્યાં લાગુ પડે? સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, ભગવાન અંદર દેહની અવસ્થાને 'હું' માને પણ એ તું નહિ, ભાઈ! આહાહા..! તારાથી જુદી ચીજ પડે તે તારી નહિ. બરાબર છે? લોજિકથી તો (કહેવાય છે). આ તો જુદું પડી જાય છે. આનો નાશ થઈ જાય છે. આહાહા..! અને ખરેખર તો કર્મ પણ જુદા પડી જાય છે. અને ખરેખર તો પુણ્ય અને પાપના મેલ ભાવ પણ જુદા પડી જાય છે. આહાહા..! જુદા પડે તે તું નહિ અને તું તે જુદા પડે એમાં આવ્યો નથી.

અરેરે..! મૂળની ખબર ન મળે અને બધે હાંકે રાખ્યા છે. દુનિયાના ડાહ્યા અને દુનિયાના ડહાપણ. પોપટભાઈ! હસમુખભાઈ બહુ ડાહ્યા કહેવાય તમારા ઘરમાં. એમના દીકરા ડાહ્યા છે. આપણે આ નહિ? આ અક્ષરનું.. શું કહેવાય? મશીન. એમના મોટા દીકરા ત્યાં ઈટાલીને? ઈટાલી. ઈટાલી ગયા હતા. છ છોકરા કરોડોપતિ. એક છોકરો ગયો હતો ને વીસ હજાર ખર્ચ્યા. ૨૯ હજારનો સંચો આવ્યો છે અને ૧૯ હજારના ટાઈપને એ બધું મહેનત એણે કર્યું છે, હોં! વાતની તો આપણને ખબર પણ નહિ. એ કહેવું 'એ લાવ્યો' એ પણ વ્યવહારની વાતું છે. એ ચીજ એ કાળે પોતે અહીંયાં આવવાની હતી જ. સમજાય છે કાંઈ? કેમ કે એ જડની ચીજમાં એ ક્રિયાવતી નામની શક્તિ છે કે જેને લઈને એ રૂપાંતર થઈ, બદલતી થઈ જ્યાં જવું હોય ત્યાં જાય છે. આહાહા..! ભારે કામ, ભાઈ!

અહીં કહે છે, ભગવાન તો શુદ્ધ સ્વરૂપ છે ને પ્રભુ! ચૈતન્યરૂપ છેને એ તો. '**ચૈતન્યમય...**' છે. ચૈતન્યવાળો એમ નહિ. જાણકમય, જાણકમય. જેમ સાકર ગળપણમય, ગળપણવાળી એમાં ભેદ પડી જાય છે. પણ સાકર ગળપણમય (છે). એમ ભગવાન આત્મા ચૈતન્યવાળો એમ નહિ. ચૈનત્યમય (છે). સમજાણું કાંઈ? આવી વાતું. આ કથા. આવી ધર્મ કથા. ઓલા એમ કહે, દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, આ મંદિર કરો. તમારે ભભૂતભાઈએ મંદિર કરાવ્યું ને? ત્યાં આવવાના છીએને, સોળ દિ' રહેવાના છીએ. ચૈત્ર સુદ તેરશનું મુહૂર્ત છે. આવી ગયા. અહીં આવી ગયા છે. ભભૂતભાઈ આવી ગયા છે. પહેલા ... આવ્યા હતા ત્યારે એમને બુખાર આવ્યો હતો. જુગરાજજી આવ્યા. ત્યારે બધા વિનંતી કરવા ટાણે એને તાવ આવી ગયો. એના ભાઈ આવ્યા હતા નાના. અને પછી પોતે આવી ગયા. ફરી આવી ગયા. ભભૂતમલ. આઠ લાખ નાખ્યા છે આમાં મંદિરમાં. ચાર લાખ જુગરાજજીએ. જુગરાજજી સ્થાનકવાસી છે. .. દિગંબર મંદિર બાર લાખનું કર્યું, બેંગલોર. અહીંથી જવાના છીએ. ચૈત્ર સુદ તેરશનું ત્યાં મુહૂર્ત છે. સોળ દિ' ત્યાં રહેવાના છીએ. ઈ અહીં કહે છે કે આઠ લાખ મેં ખર્ચ્યા. એ તો જડ છે. મંદિર મેં બનાવ્યું. એ તો પરવસ્તુ છે. પરવસ્તુને કોણ બનાવે ને કોણ રચે? ભારે ગજબ વાતું બાપુ! આવી. સમજાણું કાંઈ? કેમ કે એ તો ચૈતન્યમય વસ્તુ છે. આત્મા તો ચૈતન્યમય છે. એ જડમય નથી. જડથી તો ભિન્ન છે. સમજાણું કાંઈ?

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાતા...**' આહાહા..! આમ જેવી ચીજ છે એવો અંદર શાશ્વત વસ્તુ છે. '**એક જ્ઞાતા-દૃષ્ટા છે,...**' જાણનાર-દેખનાર ભગવાન જગતની આંખ્યું છે. જગત તે જ્ઞેય છે, ભગવાન આત્મા તેનો જ્ઞાતા-જાણનાર છે. જ્ઞેયથી જ્ઞાતા ચીજ ભિન્ન છે. જ્ઞાતા જ્ઞેયમાં નથી, જ્ઞેય જ્ઞાતામાં નથી. આહાહા..! આવો તે કયો ધર્મ? બાપુ! તને ખબર નથી ધર્મની, ભાઈ! એ આત્મા શું ચીજ છે એ આ રીતે જાણી શકાય. અંદર જાણનાર-દેખનાર

એ આત્મા છે. એ એકરૂપ છે એમ કહેવું છે. એ કહ્યુંને?

'**એક જ્ઞાતા-દ્રષ્ટા છે, અભેદ્ય છે,...**' એટલે શું કહ્યું? વસ્તુ છે અનંત આનંદ, અનંત શાંતિ આદિ સ્વચ્છતા, શુદ્ધતા ચૈતન્યમય. એમાં એ વસ્તુ અને વસ્તુની શક્તિઓ જ્ઞાન-આનંદ એવો પણ ભેદ નથી. અભેદ વસ્તુ છે. સાકરમાં ગળપણ અને સફેદાઈથી સાકર એકરૂપ છે. સાકરમાં ગળપણ અને સફેદાઈથી સાકર એકરૂપ છે. એમ ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનમયથી એકરૂપ છે. કો'ક દિ' સાંભળ્યું હોય, મોહનલાલજી! એટલે બધું.. કોઈ દિ' પણ ક્યાં જગતની મજૂરી આડે નવરાશ ક્યાંથી? નવરો ક્યાંથી? નહિ બાબુભાઈ! મજૂરી-મજૂરી અમે તો કહીએ, મોટી મજૂરી. મોટા મજૂરો આ બધા કરોડોપતિઓ અને અબજોપતિ. આ ચોવીસ કલાકમાં દસ કલાક મહેનત કરે. આમ કરો.. આમ કરો.. આમ લાવો.. કેટલા પૈસા થયા? આવક કેટલી થઈ? ઉઘરાણી કેટલી છે? મૂડી કેટલી બાકી? આવા વિકલ્પની જાળું કરી જીવને ચૈતન્યને એણે મારી નાખ્યો. એટલે શું? કે જે રીતે ચૈતન્ય છે જ્ઞાનમય, શુદ્ધમય, અભેદ એ રીતે એનું જીવવું એટલે ટકવું છે. એવું ટકવું ન માનતા, આ રાગ ને શરીરની ક્રિયા હું કરું એથી હું ટકી રહ્યો છું, તો એ ટકતા તત્ત્વનો નકાર કર્યો તો એ જ એની હિંસા છે. ટકતા ભાષા સમજાય છે ગુજરાતી? ટકતું તત્ત્વ એટલે? જે છે. આ તો જુદી જાત છે, બાપુ! દુનિયાની કથા દયા પાળો અને વ્રત પાળો એ એને ઝટ દઈને સમજાય. એમાં કાંઈ છે નહિ સમજવાનું.

અહીં તો કહે છે કે એ દ્રષ્ટા અને જ્ઞાતા અભેદ ચીજ. સત્તા મહાપ્રભુ એનો સ્વીકાર નહિ કરતાં, દેહની ક્રિયા એ હું, રાગ તે હું—એના સ્વીકારમાં આ પરમાનંદની મૂર્તિ ચૈતન્યનું ટકવું જે હયાતી છે એનો એણે નકાર કર્યો છે. બસ! નકાર કર્યો એ જ હિંસા. આહાહા..! છે એ નહિ. નથી તે હું. વાત સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાતું, બાપુ! આ તો લોજિકથી તો વાત ચાલે છે પણ હવે સમજવું તો એને છે ને. વસ્તુ છે ચૈતન્યસ્વરૂપ જ્ઞાનમય, આનંદમય, શાંતમય વીતરાગસ્વરૂપે બિરાજમાન છે. એવા તત્ત્વની જે હયાતીવાળી ચીજ એ હું નહિ. એટલે કે એવડો હું નહિ, એટલે કે એનું જે જીવન આવું પૂર્ણ છે એ નહિ. (આમ માનવું) એ જ હિંસા (છે). એ જ મિથ્યાત્વના ભાવ ને જીવે અંદરમાં હિંસા કરી. આહાહા..! પરની હિંસા કોણ કરી શકે? પરની દયા કોણ પાળી શકે? બાપુ! એ વાતો ઝીણી, ભાઈ! સમજાણું કાંઈ? એવા જીવને એણે અભેદ છે એને ન માન્યો. આહાહા..!

'**અનંતજ્ઞાન તથા અનંતવીર્યથી યુક્ત છે...**' અનંત જાણવું જેનું સ્વરૂપ છે, જાણવું જેનું સ્વરૂપ છે એ સ્વરૂપની હદ નથી. જાણવું જેનો સ્વભાવ છે એ સ્વભાવની મર્યાદા નથી. જેનું જાણવું સ્વભાવ તે અનંત છે. આહાહા..! '**તથા અનંતવીર્ય...**' એ પૂર્ણાનંદની

અનંત શક્તિઓને ટકાવી રાખીને પૂર્ણ શુદ્ધની રચના કરે એવો અનંતવીર્યનો નાથ આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ એણે કેવળજ્ઞાનમાં આ આત્માની ચીજની આટલી મોટપ જોઈ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અને અચલ સ્થિતિરૂપ છે-'** અચલ સ્થિતિ. ધ્રુવપણું છે એ કદી ચળતું નથી. નિત્યાનંદ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ, નિત્ય જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનું એના સ્વરૂપમાંથી કોઈ દિ' ચળવું થતું નથી. આહાહા..! આવી વાત. ભાઈ, અમારે ધર્મ સમજવો છે. પણ એ ધર્મ આમ થાય. ધર્મ કરનારો, ધર્મ કરવો છે તો દશામાં-પર્યાયમાં-અવસ્થામાં, પણ એ કરનારાનું તત્ત્વ કેવડું, કેટલું છે? એની સમજ વિના ધર્મ ક્યાં કરીશ તું? આહાહા..!

કહે છે, **'અચલ સ્થિતિરૂપ છે-આવું ભેદજ્ઞાન (વિવેકજ્ઞાન) તેને હોતું નથી,...'** કોને? કે જેને આ શરીરની અવસ્થા તે હું, આ ભાષા ચાલે છે તે હું, એવી જેની શ્રદ્ધા છે એને એનાથી ભિન્ન મારું અનંત જ્ઞાનમય તત્ત્વ છે, એવો વિવેક અને ભેદજ્ઞાન એને છે નહિ. ધ્યાન રાખજો ભાઈ! આ તો શબ્દે શબ્દ તોળીને આવતા હોય છે. આહાહા..! જે આ શરીરને, વાણીને, મનને પોતાના માને, એ અવસ્થા-દશા મારી છે એમ માને, એને એ દશાથી ભિન્ન અનંત જ્ઞાન-દર્શનવાળું તત્ત્વ એને ભેદજ્ઞાનથી જાણવામાં આવતું નથી. એ એને જ પોતાનું માની રહ્યો છે. આહાહા..! કહો, મલૂકચંદભાઈ! મુંબઈમાં તો ઝપાટા વાગતા હોય. મોટરું હાલતી હોય ને કૂતરાની જેમ ભસતા હોય. એય... આમ કરો, એય.. આમ કરો. ઘોડાની જેમ દોડવું.

મુમુક્ષુ :- એક રહી ગયું, ગધેડાની માફક.

ઉત્તર :- ગધેડાની માફક. આહાહા..! મોહમયી નગરી કીધી છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, વાત સાચી. શ્રીમદ્દે કહ્યું છેને મોહમયી નગરી. આહાહા..! મોહમયી-મોહમયી. રાગ... રાગ... રાગ.. દ્વેષ એમાં જ તત્પર રહ્યો છે આ જીવ. ઓહોહો..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યો, જાણ્યો અને કહ્યો એની એને ખબર ન મળે. જગતના ડહાપણની વાતું કરે. દેવનો દીકરો ઉતર્યો જાણે. આનું આમ થાય ને આનું આમ થાય. આહાહા..! પણ તું કોણ છો? ક્યાં છો? કેમ છો? ખબર છે?

મુમુક્ષુ :- ફલાણાનો દીકરો છે.

ઉત્તર :- આનો દીકરો, આ મારી મા, આનો હું બાપ, આ મારી બાયડી, એનો હું ધણી, આ મારા મકાન અને એનો હું સ્વામી, આ મારા પૈસા અને મારા રળેલા. લ્યો, એ હું. આહાહા..! પ્રભુ ભૂલ્યો છે, એ ભીંત ભૂલ્યો છે, હોં! નીકળવું જોઈએ બહાર, એને

ઠેકાણે ભીંતમાં આમ રસ્તો ભાળ્યો ને ત્યાં ભાગ્યો. ત્યાં ભીંત આવી આડી. ચૈતન્ય ભગવાન શાંતનો સાગર છે. પૂર્ણ જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એને શરીરની, વાણીની અવસ્થાને પોતાની માનનાર એનાથી ભિન્ન ન માન્યો. તે જ હું છું એમ માન્યું. આહાહા..! '**તેથી તે સંસારના પર પદાર્થોમાં...**' સંસારના પરપદાર્થો–શરીર, વાણી, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ એ બધું પર છે એ તો. એના ક્યાં હતા? આહાહા..! '**તથા મનુષ્યાદિ પર્યાયોમાં...**' મનુષ્યાદિ શરીરની દશાઓમાં '**આત્મબુદ્ધિ કરે છે–તેને આત્મા માને છે.**' લ્યો! આહાહા..!

'**જીવ જે જે ગતિમાં જાય છે...**' જીવ જે જે ગતિમાં જાય છે. મનુષ્યગતિમાં, નારકીની ગતિમાં, પશુગતિ આ ઘોડા, ગાય અને સ્વર્ગગતિ. '**તે તે ગતિને અનુરૂપ જુદો જુદો સ્વાંગ (વેષ) ધારણ કરે છે.**' આહાહા..! મનુષ્યનો સ્વાંગ આ દેહ જડ આવો, નારકીનું શરીર આમ કુબડું, રોગી, દુઃખી. અહીંથી મરીને રાજા હોયને મોટા? કરોડોપતિ માણસો અને રાજા મરીને ત્યાં નરકમાં પાર્લામેન્ટ ઘડાય છે. સમજાણું કાંઈ? લોઢાનો ગોળો ભારે હોય અને પાણી ઉપર મૂકો તો ક્યાં જાય? એમ જેણે આત્માના ભાન વિના મોટા પાપ કર્યા હોય છે. હિંસા, માંસ, દારૂ, શિકાર એવા લંપટીઓ મરીને હેઠે નરકમાં જાય છે. એ નરકની ગતિમાં જાય ત્યારે હું નરક છું એમ માને છે અજ્ઞાની. આહાહા..! મનુષ્યની ગતિમાં આવ્યો ત્યારે હું મનુષ્ય છું એમ માને છે. દેવગતિમાં ગયો ત્યારે હું દેવ છું એમ માને છે. આહાહા..! છે?

'**તે ગતિને અનુરૂપ...**' એટલે તે ગતિને યોગ્ય. '**જુદો જુદો સ્વાંગ (વેષ) ધારણ કરે છે. આ સ્વાંગ અચેતન છે,...**' શરીર, વાણી, મન બધા અચેતન ભેખ છે. એ કાંઈ ચૈતન્યનો ભેખ નથી. આહાહા..! '**જડ છે...**' આ તો બધા જડ છે. '**ક્ષણિક છે.**' ક્ષણે ક્ષણે પલટતી ચીજ આત્માના સંબંધ વિનાની ચીજ છે આ તો. આહાહા..! '**તે વેષને ધારણ કરનાર જીવ, તેનાથી ભિન્ન, શાશ્વત, જ્ઞાનસ્વરૂપ ચેતન દ્રવ્ય છે. અજ્ઞાનીને પોતાના વાસ્તવિક સ્વરૂપનું ભાન નથી, તેથી તે બાહ્ય વેષને જ જીવ માની તે પ્રમાણે વર્તાવ કરે છે.**'

હવે આ મોક્ષમાર્ગ પ્રકાશકનો પેરેગ્રાફ છે ને? મોક્ષમાર્ગ. ટોડરમલનું લખાણ છે. ટોડરમલજી. મોક્ષમાર્ગ પ્રકાશક પુસ્તક છે. મોહનલાલજી! મોક્ષમાર્ગ પ્રકાશક જોયું છે? નામ સાંભળ્યું નહિ હોય. મોક્ષમાર્ગ પ્રકાશક ટોડરમલજીનું છે પુસ્તક. ટોડરમલ થઈ ગયા. એમણે બહુ સરસ પુસ્તક બનાવ્યું છે. મોક્ષમાર્ગ પ્રકાશક. ગૃહસ્થી હતા. બહુ જ શાસ્ત્રોમાંથી દોહીને, દોહન કરીને બનાવ્યું છે. એનો આધાર આપે છે.

'**અમૂર્તિક પ્રદેશોનો પુંજ પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક...**' કહે છે કે આ તો

ભગવાન આત્મા તો અમૂર્ત છે. એમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. અમૂર્તિક પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છે એ. સાંકળી હોય ને? સોનાની સાંકળી. સાંકળીના જેમ મકોડા હોયને મકોડા? હજાર મકોડાની સાંકળી. આ સાંકળી સમજો છો? શું તમારે કહે છે? સાંકળી અમારે તો કહે છે. એ હજાર મકોડાની (હોય), એમ આત્મા અસંખ્ય પ્રદેશી આત્મા છે. જેમ હજાર મકોડાની આખી સાંકળી અને મકોડો મકોડો એક એક ભિન્ન (છે). એમ ભગવાનમાં અસંખ્ય પ્રદેશ છે આત્મામાં અંદર. એક રજકણ મૂકો રજકણ પોંઈટ આ ટૂકડો છેલ્લો. અહીં મૂકો એટલી જગ્યાને ત્યાં પ્રદેશ કહે છે. અહીં બીજો પ્રદેશ, ત્રીજો પ્રદેશ, ચોથો પ્રદેશ એવા અસંખ્ય પ્રદેશ આત્મા છે. અસંખ્ય પ્રદેશ-દેશવાળો આત્મા છે એમ કહે છે. એ સમજે નહિ. ઈ કહે છે.

**'અમૂર્તિક પ્રદેશોનો પુંજ...'** શ્રીમદ્‌માં આવે છે એક. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન...' મારે અહીં અટકવું છે. એ તો બધી ખબર છેને પછી. શુદ્ધ છે ભગવાન આત્મા, બુદ્ધ છે-જ્ઞાનની મૂર્તિ છે અને ચૈતન્યઘન છે. એ પ્રદેશ છે. સમજાણું કાંઈ? આત્મસિદ્ધિ જોઈ છે? શ્રીમદ્ રાજચંદ્રની. આત્મસિદ્ધિ જોઈ નથી? ... યાદ નહિ હોય. એ ગુજરાતી થયેલું છે. ગુજરાતીમાં છે. ૩૫ વર્ષ પહેલા (સંવત) ૧૯૯૫માં એનું વ્યાખ્યાન થયું હતું. ગુજરાતીમાં. બહુ સરસ છે. ૧૯૯૫માં રાજકોટ ચોમાસું હતું ને? ત્યારે ગાંધીજી વ્યાખ્યાનમાં આવ્યા હતા. મોહનલાલ ગાંધી, નહિ? કસ્તુરબા, પેલા દેસાઈ એની સાથે ભેગો હતો ને ઓલો? મહાદેવ દેસાઈ. એ બધા આવેલા વ્યાખ્યાનમાં. ૯૫ની વાત છે. ૩૫ વર્ષ પહેલાં, ૩૬ વર્ષ પહેલાં. એ વખતનું વ્યાખ્યાન છે લખેલું, બહુ સરસ. પાંચેક હજાર, છ હજાર પુસ્તકો છપાવ્યા. થોડા પડ્યા છે. એ આત્મસિદ્ધિ બનાવી છે શ્રીમદ્ રાજચંદ્રે. ૧૪૨ શ્લોક. એમાં આ શ્લોક છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

શુદ્ધ છે, ભગવાન આત્મા પવિત્રનો પિંડ છે, ભાઈ! એમાં મેલ નથી. આહાહા..! પાણીમાં મેલ હોય એ પાણી નહિ. પાણીમાં કાદવનો મેલ દેખાય એ પાણી નહિ. પાણી તો નિર્મળ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ નિર્મળ છે અને બુદ્ધ છે-જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યઘન છે. ઘન નામ અસંખ્ય પ્રદેશનો પિંડ છે. આ પ્રદેશ કીધા ઈ. એ સાંભળ્યું ન હોય. જય ભગવાન નારાયણ. અસંખ્ય પ્રદેશ શું અને આ શું બોલે છે? તત્ત્વની વાત જ આખી ગુમ થઈ ગઈ અને થોથા ઉપરના રહી ગયા. આ ક્રિયા ને આ ક્રિયા ને આ ક્રિયા. આહાહા..!

કહે છે કે **'અસંખ્ય પ્રદેશોનો પુંજ પ્રસિદ્ધ...'** પ્રસિદ્ધ છે. આત્મા આવો એ પ્રસિદ્ધ

છે. '**જ્ઞાનાદિ ગુણોનો ધારક...**' જાણવું, આનંદાદિ શક્તિનો ધારનાર. આહાહા..! '**અનાદિનિધન...**' અનાદિ અ-આદિ. અ-નિધન એમ શબ્દ લેવો. અણ-આદિ, અ-નિધન. આદિ નહિ અને નિધન એટલે મૃત્યુ નહિ-અંત નહિ. અનઆદિ-અનિધન. નિધન નામ અંત. અ-નિધન. આદિ વિનાનો અને અંત વિનાનો. સમજાણું કાંઈ?

એક માણસ આવ્યો હતો. વેપારી મોટો હતો. ૨૦-૨૫ લાખનો આસામી હતો. એને દુકાન કરવી હશે. આવ્યો હતો. અહીં તો ઘણા આવે છે ને જુવાન-બુવાન. એને મેં એટલું પૂછ્યું, આ આયુષ્ય ગણાય ૫૦-૬૦-૭૦, એ શરીરના કે આત્માના? કે મને કાંઈ ખબર નથી. આ ૨૫ લાખનો આસામી. મોટો ધંધો. દુકાન છે જામનગરમાં. અહીં આવ્યો હતો. આવે તો ખરા, બધા આવે. કહ્યું, આ શરીરનું આયુષ્ય કહેવાય, સ્થિતિ કહેવાય કે ૬૦ વર્ષનો, ૭૦ વર્ષનો એ શરીરનું કે આત્માનું? આત્મા તો અનાદિઅનંત છે. આ તો શરીરની સ્થિતિની વાતું ચાલે છે. ૫૦ વર્ષનો, ૬૦ વર્ષનો, ધૂળનો. પણ દુનિયા રળવા અને ભોગ આડે નવરો ક્યાં છે એ. શું ચીજ છે એને સમજવા માટે ક્યાં નવરાશ મળે? મરવા આડે જીવવાની નવરાશ ક્યાં મળે છે એને? આહાહા..!

કહે છે કે '**અનાદિનિધન વસ્તુ પોતે (આત્મા) છે,...**' આહાહા..! તત્ત્વ છે, પદાર્થ છે, વસ્તુ છે. વસ્તુ એટલે? જેમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ અનંત ગુણો વસેલા છે. આહાહા..! વસ્તુ છે. વસ્તુ એટલે? આ વાસ્તુ લે છે ને? શેમાં લે? ઝાડ ઉપર કે મકાનમાં? એમ આ વસ્તુ પ્રભુ છે. વસ્તુ એટલે? જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, કર્તૃત્વ, ભોક્તા એવા એવા અનંતા ગુણો જે સ્વભાવ-શક્તિ એમાં વસેલી છે. માટે તેને વસ્તુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિસામાનો શબ્દ છે. બોલે એમાં કો'ક કો'ક વાક્યો હોય ને એવા. સમજાય છે? એક છોકરો કહેતો હતો પાંચ-છ વર્ષનો. ક્યાં મુંબઈને? સમજાય છે (બોલે છે) એ મહારાજ ક્યાં છે? સાંભળવા આવ્યો હશે. વારંવાર આવે ને? વાક્યનો વિસામો છે એ. સમજાય છે? કેમ કે સમજ્યો નથી અનંત ભવમાં કોઈ દિ'. સમજાણું કાંઈ? સાધુ થયો, ક્રિયાકાંડ કર્યા, પંચ મહાવ્રત પાળ્યા એ બધી જડની ક્રિયા અને રાગની ક્રિયા, એ આત્માની નહિ. ચૈતન્યઘન ભગવાન આત્મા પરથી તદ્દન જુદો. આહાહા..! એ આત્માને વસ્તુ કહે છે.

'**તથા...**' હવે આ આવ્યું આ. '**મૂર્તિક...**' આત્મા અમૂર્ત. ત્યારે આ મૂર્ત. દેખાય છે ને? વર્ણ, ગંધ, આ જડ વર્ણ દેખાય છે આ તો. '**મૂર્તિક પુદ્ગલ દ્રવ્યોનો પિંડ...**' જડ રૂપી પુદ્ગલોનો પિંડ '**પ્રસિદ્ધ જ્ઞાનાદિરહિત...**' બેયમાં પ્રસિદ્ધ મૂક્યું. ઓલામાં હતું ને? ભાઈ! '**પ્રસિદ્ધ જ્ઞાનાદિગુણોનો ધારક....**' આ '**પ્રસિદ્ધ જ્ઞાનાદિરહિત...**' પ્રસિદ્ધ

એટલે આમાં જ્ઞાન ક્યાં છે? આને છે જ્ઞાન આમાં? આ તો જડ છે.

**'નવીન જ જેનો સંયોગ થયો છે.'** બીજી ગતિમાંથી આવ્યો ત્યારે આ શરીરનો નવો સંયોગ થયો છે. બીજી ગતિમાંથી આવ્યો ને અહીંયાં? ત્યારે આત્માને જૂનું શરીર છૂટી ગયું. આ બીજો સંયોગ નવો થયો. આહાહા..! હજી પુનર્જન્મ છે, રખડે છે એના પણ ઠેકાણા નથી. લ્યો ત્યારે પુનર્જન્મ (છે). લ્યો, માની લે નહિ. વસ્તુ છે. અનાદિઅનંત વસ્તુ છો. એ નવા નવા શરીરના સંયોગો ધારણ કરીને, ધારણ નામ સંબંધમાં આવીને ચોર્યાસીમાં રખડે છે. સમજાણું કાંઈ? એ કહે છે.

**'નવીન જ જેનો સંયોગ થયો છે.'** એટલે શું કહે છે? કે અંદર આત્મા જે છે એમાં તો જ્ઞાન-દર્શન-આનંદ નવીન નથી. એ તો વસ્તુમય છે. પણ આ શરીરનો તો નવો સંયોગ થયો છે. માતાના પેટમાં આવ્યો બીજા ભવમાંથી. સમજાણું કાંઈ? વીર્યનું બિંદુ અને ઋતુનું બિંદુ બે ભેગા થઈને આમાં ઉપજ્યો, બીજામાંથી આવીને. આહાહા..! શાસ્ત્રમાં બધું લખાણ છે. સાત દિ'એ આ થાય, પહેલા બિંદુ આવે પછી સાત દિ'એ જરી .. થાય .. પછી મહિને પછી અવયવ જરી થાય. એમ કરતા કરતા નવ મહિને શરીરનો અવતાર થાય, આ દેહનો. ત્યારે એને એમ થાય કે હું જન્મ્યો. તું જન્મ્યો? આ તો સંયોગ નવો થયો શરીરનો. શરીરની ઉત્પત્તિ થઈ સંયોગમાં. તારી ઉત્પત્તિ છે એમાં? ઈ પણ ક્યાં ખબર છે? એમ ને એમ આંધળેઆંધળું. અનાદિથી ચૈતન્યની જાતને જાણ્યા વિના અંધો અંધ પલાય. આંધળો દેખાડે અને આંધળો ચાલે. પડે ખાડમાં. એમ ચૈતન્યના ભાન વિના અને કરાવનારા પણ એ કહે, આ કરો... આ કરો.. આ કરો. પણ ચૈતન્ય કોણ છે એના જ્ઞાન વિના એ અંધારામાં રખડી રહ્યો છે. આહાહા..!

**'નવીન જ જેનો સંયોગ થયો છે એવા શરીરાદિ...'** શરીર, વાણી, મન **'પુદ્ગલ કે જે પોતાનાથી પર છે-એ બન્નેના સંયોગરૂપ નાના પ્રકારના મનુષ્ય-...'** નાના એટલે અનેક. **'નાના પ્રકારના મનુષ્ય-તિર્યંચાદિ પર્યાયો હોય છે...'** કીડી, મકોડા, હાથી આ બધા જુઓને. શરીર એવા થાય નવા નવા. આત્મા તો છે ઈ છે અનાદિનો. ભાન ન મળે એટલે ભ્રમણામાં પાપ નવા બાંધીને આવા શરીર નવા નવા કરતો આવે છે. દ્રવ્યલિંગી સાધુ પણ અનંત વાર થયો છે. નગ્ન મુનિ પંચ મહાવ્રતધારી. પણ એ પંચ મહાવ્રત તો વિકલ્પ છે, રાગ છે, આસ્રવ છે. એને એણે ધર્મ માન્યો હતો. એવા ભેખ અનંત વાર ધારણ કર્યા.

ત્યાં તો એવી વાત ચાલતી હતી કે એવા દ્રવ્યલિંગ એટલી વાર ધારણ કર્યા કે એવા દ્રવ્યલિંગે મરીને દરેક ક્ષેત્રમાં અનંત વાર જન્મ્યો અને મર્યો છો, બાપુ! આહાહા..! તેં કોઈ

ક્ષેત્ર બાકી રાખ્યું નથી. ચૌદ બ્રહ્માંડમાં બધે એકેક ઠેકાણે અનંત વાર અવતર્યો અને અનંત વાર મર્યો ત્યાં. એ ભ્રમણા મિથ્યાત્વને લઈને. આહાહા..! જે ચીજ છે એના ભાન વિના જ્યાં ત્યાં માની બેઠો. આહાહા..! દયાની પર્યાય દયાના ભાવ આવ્યા તો કહે મેં ધર્મ કર્યો. દયાનો ભાવ તો રાગ છે. આહાહા..! રાગ છે એ તો હિંસા છે. એઈ..! પોતાના સ્વરૂપનું અસ્તિત્વ જે છે પૂર્ણાનંદ, એમાં એ રાગ છે એ તો શાંતિને હણે છે. આહાહા..! એને પોતાનું સ્વરૂપ માન્યું.

'**પોતાનાથી પર છે-એ બન્નેના સંયોગરૂપ નાના પ્રકારના મનુષ્ય-તિર્યંચાદિ પર્યાયો હોય છે તે પર્યાયોમાં આ મૂઢ જીવ અહંબુદ્ધિ ધારી રહ્યો છે,...**' આમ અહં જે જોઈએ અંદર પૂર્ણાનંદ સ્વરૂપે અહં ત્યાં જોઈએ, એને ઠેકાણે અહીંયાં હું એમ માની રહ્યો છે. '**સ્વ-પરનો ભેદ કરી શકતો નથી.**' રાગ અને શરીર-બે જુદી ચીજ છે. ભગવાન ભિન્ન ચીજ છે. ભગવાન એટલે આત્મા. ભગવાન તરીકે બોલાવ્યો છે આચાર્યોએ. ૭૨ ગાથામાં. ભગવાન આત્મા. આહાહા..! પામરને પ્રભુ તરીકે બોલાવ્યો. એને રુચે નહિ. ૭૨ ગાથામાં એમ આવે છે, સમયસાર. ભગવાન આત્મા...! આહાહા..!

પુણ્ય અને પાપના ભાવ એ અશુચિ છે. પુણ્ય-શુભ-અશુભભાવ એ અશુચિ છે, મેલ છે. ભગવાન આત્મા નિર્મળાનંદ છે એમ આવે છે એમાં. ઘણી વાર કહેવાણું છે. અહીં તો ૪૦ વર્ષ થયા. આ તો ૪૦મું વર્ષ ચાલે છે. ફાગણ વદ ત્રીજે ૪૦ પૂરા થશે અહીં. આહાહા..! સમયસાર ૧૭વાર વંચાઈ ગયું છે. ત્યાં કહ્યું છે કે પ્રભુ! તું કોણ છો? શરીર, વાણી, મન તો તું નહિ. પણ અંદર શુભ-અશુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એ પણ અશુચિ છે, મેલ છે. અને આ રળવાનો, ભોગનો, કમાવવાનો, વ્યાજનો ભાવ ઉપજે પાપ, એ પાપભાવ પણ મેલ છે. એ અશુચિ છે. ત્યારે ભગવાન આત્મા નિર્મળાનંદ છે. એમ લીધું છે. આહાહા..! શું કહે! એક જણને ભગવાન કહેતા અરે..! ભગવાન આત્મા! ભાઈસાહેબ અમે તો પામર છીએ. હવે સાંભળને. ભગવાન થાશે એ ભગવાનપણું આવશે ક્યાંથી? સિદ્ધ થયાને ભગવાન? નમો સિદ્ધાણં. એ ક્યાંથી થયા? બહારથી થયા છે? સમજાણું કાંઈ? આહાહા..!

ચોસઠ પહોરી પીપરમાં તીખાશ ભરી છે. લીંડીપીપર. એ છોટીપીપર નથી હોતી? છોટી પીપર. કદમાં નાની દેખાય છે અને રંગમાં કાળી દેખાય છે પણ અંદરમાં ચોસઠ પહોરી તીખાશ-ચરપરાઈ પડી છે. ઘૂંટે છે ને? ઘૂંટીને બહાર આવે ચોસઠ પહોરી, એ ક્યાંથી આવે છે? પત્થરમાંથી આવે છે? અંદર છે. એટલી નાની, કદે નાની, રંગે કાળી છતાં એમાં ચોસઠ પહોરી (તીખાશ ભરી છે). ચોસઠ પહોરી સમજાય છે? આ ચોસઠ પૈસાનો રૂપિયા કહેતાને

અત્યાર સુધી તો? હવે તમારે સો પૈસાનો રૂપિયો થયો. એમ ચોસઠ પહોર ઘૂંટે ત્યારે એની તીખાશ જે અંદર છે એ બહાર આવે. એમાં છે. એટલામાં તો ચોસઠ પહોરી રૂપિયે રૂપિયો પૂરો ચરપરાઈ... ચરપરાઈ એટલે તીખો રસ છે અને લીલો રંગ છે અંદર. આહાહા..!

એમ ભગવાન આત્મામાં પૂરેપૂરો આનંદ અને જ્ઞાન ભર્યું છે. આરે..આરે..! કેમ બેસે? સમજાણું કાંઈ? ચોસઠ પહોર કીધું ને? ચોસઠ પૈસા સોળ, સોળ આના રૂપિયો. પૂરો ભર્યો છે રસ. એમ ભગવાન આત્મા, પૂર્ણ આનંદ પડ્યો છે ભાઈ! એને ખબર નથી. આહાહા..! એ આત્માને અને આ શરીરને બેને એક માને છે એમ કહે છે. છે ને? '**સ્વ-પરનો ભેદ કરી શકતો નથી.**'

'**જે પર્યાય પામ્યો હોય...**' પર્યાય એટલે શરીર. '**તેને જ પોતાપણે માને છે;...**' સ્ત્રીનું શરીર પામ્યો તો કહે હું સ્ત્રી. પાવૈયા-હીજડાના શરીર મળે. આ હીજડા થાય છે ને પાવૈયા? તો કહે, અમે હીજડા. અરે..! આહાહા..! બાળકનું શરીર તો કહે, અમે બાળક છીએ. બાપુ! એ તો શરીરની દશા છે, ભાઈ! એ તારી ચીજ નહિ, તું એવો નહિ, તારામાં એ નહિ, એમાં એ નહિ, એમાં તું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'**તથા એ પર્યાયમાં પણ જે જ્ઞાનાદિ ગુણો છે...**' શરીરની પર્યાય જ્યાં જ્યાં ભલે હોય ત્યાં '**જ્ઞાનાદિ ગુણો છે તે તો પોતાના ગુણ છે અને રાગાદિક છે તે...**' પુણ્ય-પાપના વિકલ્પ ઉઠે છે-દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, આ રળવું, કમાવવું, દુકાને બેસીને થડે આમ કરો.. આમ કરો... એ બધો રાગ-પાપરાગ છે. ..ભાઈ! સાચું હશે એ? ... '**રાગાદિક છે તે પોતાને કર્મનિમિત્તથી ઔપાધિક ભાવ છે;...**' પુણ્ય-પાપનો ભાવ એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. કર્મના સંગે ઉત્પન્ન થયેલી મલિન દશા છે એ. આહાહા..!

'**વળી વર્ણાદિક છે...**' આ શરીરના રંગ આદિ. '**પરમાણુઓનું પલટાવું નાના પ્રકારરૂપ થયા કરે છે.**' રોગ થાય, રૂપાળું થાય, જીર્ણ થાય '**એ સર્વ પુદ્‌ગલની અવસ્થાઓ છે,..**' જડની. '**પરંતુ તે સર્વને આ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે.**' જ્ઞાન પણ હું, રાગ પણ હું, શરીરની અવસ્થા પણ હું. ખીચડો કર્યો છે, કહે છે. સમજાણું કાંઈ? આ ટોડરમલજીએ લખ્યું છે. '**પરંતુ તે સર્વને આ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે. તેને સ્વભાવ-પરભાવનો વિવેક થઈ શકતો નથી.**' તેથી સ્વભાવ-સ્વ-ભાવ. સ્વ નામ પોતાનો આનંદ અને જ્ઞાનભાવ અને પરભાવ—પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિના પરભાવ, બેનો વિવેક કરતો નથી. કેમ કે પરને પોતાનું માન્યું એટલે પરથી જુદાનું જ્ઞાન કરતો નથી. આહાહા..! આ બધા મોટા એમ.એ. ભણેલા હોય, એલ.એલ.બી.ના પૂંછડા વળગાડ્યા હોય. એ જુદા હશે? એલ.એલ.બી.ની, એમએ.ની કાંઈ કિંમત રહી નથી હવે. આહાહા..!

કહે છે કે આવી ચીજ જે છે ને? જ્યાં જ્યાં પર્યાય શરીરની પામે ત્યાં ત્યાં શરીરની અવસ્થા પુદ્‌ગલની, રોગાદિ થાય જડની, બોલવું થાય એ જડનું અને પોતે ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ ભિન્ન છે. છતાં જ્ઞાનસ્વભાવને, દયા, દાનના વિકલ્પને અને દેહની અવસ્થાને. ત્રણેને પોતાની માને છે. આહાહા..! આનું નામ મિથ્યાદૃષ્ટિ જીવ. જેની દૃષ્ટિ અસત્ય અને જૂઠી છે એ આમ માને છે. અને એ જૂઠાનું ફળ ચાર ગતિમાં રખડવાનું છે. આહાહા..! સમજાણું કાંઈ?

---

स्वदेहे एवमध्यवसायं कुर्वाणो बहिरात्मा परदेहे कथंभूतं करोतीत्याह–

*स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम्।
परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति।।१०।।

टीका :– व्यापार-व्याहाराकारादीना स्वदेहसद्दशं परदेहं दृष्ट्वा। कथम्भूतं? परात्मनाधिष्ठितं कर्मवशात्स्वीकृतं अचेतनं चेतनेन संगतं। मूढो बहिरात्मा परत्वेन परात्मत्वेन अध्यवस्यति।।१०।।

---

સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે -

શ્લોક - ૧૦

અન્વયાર્થ :- (मूढः) અજ્ઞાની બહિરાત્મા (परमात्माधिष्ठितं) બીજાના આત્મા સાથે રહેલા (अचेतन) અચેતન-ચેતનારહિત (परदेहं) બીજાના શરીરને, (स्वदेहसद्दशं) પોતાના શરીર સમાન (द्दष्टवा) જોઈને (परत्वेन) બીજાના આત્મારૂપે (अध्यवस्यति) માને છે.

ટીકા :- વ્યાપાર, વ્યવહાર (વાણી, વચન) આકારાદિ વડે પરદેહને પોતાના દેહ સમાન જોઈને-કેવો (જોઈને)? કર્મવશાત્ બીજાના આત્માથી અધિષ્ઠિત-સ્વીકૃતિ અચેતન (પરના દેહને) ચેતનાયુક્ત જોઈને બહિરાત્મા તેને (દેહને) પરપણારૂપ-અર્થાત્ પરના આત્મારૂપે માને છે.

---

* णियदेहसरित्थं पिच्छिऊण परविग्गहं पयत्तेण।
अच्चेयणं पि गहियं साइज्ज परमभाएण।।९।। मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।
स्वशरीरमिवान्विध्य पराङ्गच्युतचेतनम्।
परमात्मानमज्ञानी परबुद्धयाऽध्यवस्यति।।३२-१५।। - ज्ञानार्णवे-शुभचन्द्रः

ભાવાર્થ :- અજ્ઞાની બહિરાત્મા જેવી રીતે પોતાના શરીરને પોતાનો આત્મા માને છે તેવી રીતે બીજાના (સ્ત્રી-પુત્ર-મિત્રાદિકના) અચેતન શરીરને તેમનો (સ્ત્રી-પુત્ર-મિત્રાદિકનો આત્મા) માને છે.

### વિશેષ

જેમ પોતાના શરીરનો નાશ થતાં, બહિરાત્મા પોતાનો નાશ સમજે છે, તેમ સ્ત્રી-પુત્ર-મિત્રાદિના શરીરનો નાશ થતાં તે તેમના આત્માનો નાશ સમજે છે. એમ તે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ આત્મકલ્પના-કરી દુઃખી થાય છે, અને બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાના કારણે દુઃખી થાય છે એમ માને છે. ૧૦.

## શ્લોક-૧૦ ઉપર પ્રવચન

'**સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે–**' હવે એ જરી લેશે. શું કહે છે? કે આ દેહાદિને પોતાનું માન્યું, એવું જ બાયડી, છોકરા, કુટુંબનો જે દેહ છે એ દેહ પણ એનો આત્માનો છે એમ એ માને છે. '**સ્વદેહમાં આવો અધ્યવસાય...**' અધ્યવસાય એટલે નિર્ણય કરે છે એમ '**બહિરાત્મા પરદેહમાં...**' પણ એવો અધ્યવસાય કરે છે. આ આનું શરીર, આ બાયડીનું શરીર, આ છોકરાનું શરીર, આ .... એ શરીરને જ આત્મા માને છે. આહાહા..! કારણ કે એને ઓળખાણ તો આંખે શરીરની છે. એનો આત્મા જે છે એનું તો જ્ઞાનનું ભાન નથી એને. આહાહા..! સમજાણું કાંઈ? એ દસમી ગાથા છે.

***स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम्।**
**परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति।।१०।।**

આહાહા..! અન્વયાર્થ લઈએ પહેલો.

'**અન્વયાર્થ :- અજ્ઞાની બહિરાત્મા,...**' મૂઢની વ્યાખ્યા. '**परात्माधिष्ठितं**' '**બીજાના આત્મા સાથે રહેલા અચેતન-ચેતનારહિત બીજાના શરીરને, પોતાના શરીર સમાન જોઈને...**' પોતાના શરીર સમાન બીજાઓને જોઈને, આ શરીર મારું એમ એ શરીર પણ એના આત્માનું છે. એમ શરીરને જ આત્મા માને છે. આહાહા..! વાત તો સાચી છે. બાયડી–છોકરાને ઓળખે તો શરીરને જ ઓળખે છે ને. એનો આત્મા શું છે એ ક્યાં (ખબર છે). હેં મોહનલાલજી! આત્મા કોણ છે અંદર (એની ખબર નથી). આ મારી બાયડી ને આ મારો છોકરો, આ મારા મકાન. આહાહા..! એનો આત્મા, પોતાના શરીરને જેમ પોતે પોતાને

માને છે, એમ બીજાના શરીરને પણ એ આત્મા જ માને છે. એનું શરીર છે એ એનું આત્માનું છે. આહાહા..! વાત તો બહુ સારી સમજાય એવી વાત છે આ. નૌતમભાઈ! પણ ગૂંચાઈ ગયો છે.

**'બીજાના આત્મારૂપે માને છે.'** એ બીજાનો આત્મા. એમ. એ શરીર એનું છે અને એ બીજાનો આત્મા એ શરીર. આહાહા..! એનો ભગવાન આત્મા અંદર ભિન્ન છે. શરીર તો અંદર ખોળીયું એક જુદી ચીજ છે આ તો. મ્યાન અને તરવાર બે જુદી ચીજ છે. શરીર તો મ્યાન છે અને તરવાર ભગવાન અંદર રહેલો ભિન્ન ચીજ છે. પણ મ્યાનને દેખીને જ એ માને છે કે એ તરવાર છે. સમજાણું કાંઈ? આહાહા..! શરીર, વાણી, મનની દશા જે પોતાની માને એ એને આત્મા માને છે. એમ પરના શરીરને જ (આત્મા માને છે). બાયડીનું, છોકરાઓનું, કુટુંબનું, અરે..! નોકરોનું એનું શરીર ઈ બધો આત્મા. આહાહા..!

**'ટીકા :- વ્યાપાર, વ્યવહાર (વાણી, વચન) આકારાદિવડે પરદેહને...'** પરનો વેપાર દેહાદિનો **'પોતાના દેહ સમાન જોઈને-કેવો (જોઈને)? કર્મવશાત્ બીજાના આત્માથી અધિષ્ઠિત-સ્વીકૃત અચેતન (પરના દેહને) ચેતનાયુક્ત જોઈને...'** ચેતનાયુક્ત જોઈને. આ સચેત વનસ્પતિ નથી કહેતા? સચેત વનસ્પતિ. પણ વનસ્પતિ જડ શરીર છે અને ઓલો ચેતન તો ભિન્ન ચીજ છે. આવે છે ને? ....

**માગશર વદ ૧, રવિવાર તા. ૨૯-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૧૦-૧૧-૧૨, પ્રવચન - ૧૯**

સમાધિતંત્ર. વિશેષ.

*स्वदेहसदृशं दृष्ट्वा परदेहमचेतनम्।
परात्माधिष्ठितं मूढः परत्वेनाध्यवस्यति।।१०।।

**'જેમ પોતાના શરીરનો નાશ થતાં, બહિરાત્મા પોતાનો નાશ સમજે છે,...'** આ તો શરીર પર જડ છે. એનો નાશ થતાં મારો નાશ થયો એમ અજ્ઞાની માને છે. કેમ કે શરીરથી જુદી ચીજ છું, આનંદ, સચ્ચિદાનંદ સ્વરૂપ એની તો એને ખબર નથી. તો શરીરના નાશ ટાણે અરે..! હવે હું જાઉં છું, મરી જાઉં છું. એમ અજ્ઞાની શરીરના નાશને પોતાનો નાશ માને છે. **'તેમ સ્ત્રી-પુત્ર-મિત્રાદિના શરીરનો નાશ થતાં તે તેમના આત્માનો નાશ સમજે છે.'** એનું શરીર નાશ થતાં એ આત્મા મરી ગયો એમ માને છે. પોતાને એમ માને છે અને પરને માટે (પણ એમ જ) માને છે. **'એમ તે પોતાના શરીરમાં આત્મબુદ્ધિ-આત્મકલ્પના-કરી દુઃખી થાય છે,...'** કઈ રીતે દુઃખી થાય છે એ કહે છે.

**'પોતાના શરીરમાં આત્મબુદ્ધિ-આત્મકલ્પના કરી દુઃખી થાય છે, અને બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાના કારણે દુઃખી થાય છે એમ માને છે.'** જોયું! પોતાને શરીર હું, શરીરમાં થતી દશા હું એમ માનીને આત્મબુદ્ધિની કલ્પના પરમાં કરીને દુઃખી થાય છે. એમ બીજા જીવ પણ શરીરની પ્રતિકૂળતાને લઈને દુઃખી છે એમ અજ્ઞાની માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુઃખી પ્રતિકૂળતાને લઈને નથી. પોતાના સ્વરૂપના અભાનને લઈને અંદર અજ્ઞાન અને રાગ-દ્વેષને લઈને દુઃખી છે. એમ ન માનતાં શરીરની પીડામાં મને પીડા થઈ, શરીરના રોગે રોગ મને આવ્યો, શરીરનો નાશ થતાં હું નાશ થઈ ગયો, એમ બહિરાત્મા માને છે. એટલે કે બહિર્ ચીજ જે એનામાં નથી એને પોતાની માને છે તેથી એમાં આત્મબુદ્ધિ કલ્પના કરીને દુઃખી થાય છે. અને બીજાઓ કુટુંબીઓને પણ એમ એ માને છે. સ્ત્રી, પુત્ર છે ને?

**'સ્ત્રી-પુત્ર-મિત્રાદિના શરીરનો નાશ થતાં તે...'** **'પણ શરીરની પ્રતિકૂળતાના કારણે દુઃખી થાય છે એમ માને છે.'** પણ એમાં આત્મબુદ્ધિ કલ્પી છે માટે દુઃખી થાય છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? અહીંયાં જેમ શરીરને પોતાનું માન્યું કે જેથી શરીરમાં પ્રતિકૂળતા થતાં એણે આત્મબુદ્ધિ કલ્પી છે કે આ હું છું. એવી આત્મબુદ્ધિ કલ્પનાથી તે

દુઃખી છે. શરીરની પ્રતિકૂળતાથી નહિ. એ તો જ્ઞેય છે. પણ ભાનમાં એમ છે કે આ હું છું. એથી એને આત્મબુદ્ધિ-કલ્પના કરી અને શરીરમાં આમ થયું એમ કરીને પોતે દુઃખી થાય છે. એમ સ્ત્રી, પુત્રને પણ એમ માને છે. એને શરીરની પ્રતિકૂળતા છે માટે દુઃખી થાય છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એમ નથી.

એ પર વસ્તુને, પોતાની ચીજને ન જાણતાં પરને પોતાની માની છે, આત્મબુદ્ધિ કરી માટે દુઃખી થાય છે. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું, ભાઈ! કહે છે, **'બીજાઓ પણ શરીરની પ્રતિકૂળતાના કારણે દુઃખી થાય છે એમ માને છે.'** અજ્ઞાની. હોં! ૧૧ ગાથા.

---

एवंविद्याध्यवसायात्किं भवतीत्याह–

*स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम्।
वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः।।११।।

टीका :– विभ्रमो विपर्यासः पुंसां वर्तते। किं विशिष्टानां? अविदितात्मनां अपरिज्ञातात्मस्वरूपाणां। केन कृत्वाऽसौ वर्तते? स्वपराध्यवसायेन। क्व? देहेषु कथम्भूतो विभ्रमः? पुत्रभार्यादिगोचरः परमार्थतोऽनात्मीयमनुपकारकमपि पुत्रभार्या–धनधान्यादिकमात्मीय–मपकारकं च मन्यते। तत्सम्पत्तौ संतोषं तद्वियोगे च महासन्तापमात्मवधादिकं च करोति।।११।।

---

એવા પ્રકારના અધ્યવસાયથી શું થાય છે તે કહે છે -

શ્લોક - ૧૧

અન્વયાર્થ :- (अविदितात्मनां पुंसां) આત્માના સ્વરૂપથી અજ્ઞાત પુરુષને, (देहेषु) શરીરોમાં (स्वपराध्यवसायेन) પોતાની અને પરની આત્મબુદ્ધિના કારણે (पुत्रबार्यादिगोचरः) પુત્ર-સ્ત્રી-આદિકના વિષયમાં (विभ्रमः वर्तते) વિભ્રમ વર્તે છે.

ટીકા :- પુરુષોને વિભ્રમ અર્થાત્ વિપર્યાસ (મિથ્યાજ્ઞાન) વર્તે છે. કેવા પુરુષોને? આત્માથી અજાણ-આત્મસ્વરૂપને નહિ જાણનારા-પુરુષોને. શાથી કરીને તે (વિભ્રમ) વર્તે છે? સ્વ-પરના અધ્યવસાયથી. (વિભ્રમ) ક્યાં થાય છે? શરીરો વિષે. કેવો વિભ્રમ થાય છે? પુત્ર ભાર્યાદિ વિષયક (વિભ્રમ થાય છે.)-પરમાર્થે (વાસ્તવમાં) પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ આત્મીય (પોતાનાં) તેમજ ઉપકારક નહિ હોવા છતાં, તે (વિભ્રમિત

---

* सपरज्झवसाएणं देहेसु य अविदिदत्थमप्पाणं।
सुयदाराईविसए मणुयाणं बड्ढए मोहो।।१०।। मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।ः

પુરુષ) તેમને આત્મીય તથા ઉપકારક માને છે, તેમની સંપત્તિમાં (આબાદીમાં) તે સંતોષ તથા તેના વિયોગમાં મહાસંતાપ અને આત્મવધાદિક કરે છે.

ભાવાર્થ :- જે પુરુષોને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી, તેઓ પોતાના શરીરમાં પોતાના આત્માની અને પરના શરીરમાં પરના આત્માની કલ્પના કરી, સ્ત્રી-પુત્રાદિકના વિષયમાં વિભ્રાન્ત રહે છે-અર્થાત્ પોતાના શરીરની સાથે સ્ત્રી-પુત્રાદિકના શરીર-સંબંધને જ પોતાના આત્માનો સંબંધ માને છે.

બહિરાત્મા સ્ત્રી-પુત્ર-મિત્રાદિ અનાત્મીય અર્થાત્ પર હોવા છતાં તેમને આત્મીય માને છે અને પોતાને અનુપકારક હોવા છતાં તેમને ઉપકારક માની તેમની રક્ષાનો પ્રયત્ન કરે છે, તેમના સંયોગાદિમાં સુખી થાય છે અને તેમના વિયોગાદિમાં મહાસંતાપ માને છે અને આત્મવધ પણ કરે છે.

## વિશેષ

''....શરીરનો સંયોગ થવા અને છૂટવાની અપેક્ષાએ જન્મ-મરણ હોય છે તેને પોતાનાં જન્મ-મરણ માની ''હું ઉપજ્યો, હું મરીશ'' એમ માને છે. વળી શરીરની જ અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે, જેમ કે જેનાથી શરીર નીપજ્યું તેને પોતાનાં માતા-પિતા માને છે, શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે, શરીરવડે નીપજ્યાં તેને પોતાનાં દીકરા-દીકરી માને છે, શરીરને જે ઉપકારક છે તેને પોતાનો મિત્ર માને છે તથા શરીરનું બૂરું કરે તેને પોતાનો શત્રુ માને છે, ઈત્યાદિરૂપ તેની માન્યતા હોય છે. ઘણું શું કહીએ? હરકોઈ પ્રકારવડે પોતાને અને શરીરને તે એકરૂપ જ માને છે...''[૧]

''...વળી જેમ કોઈ બહાવરો બેઠો હતો ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી માણસ, ઘોડા અને ધનાદિક આવી ઊતર્યા; તે સર્વને આ બહાવરો પોતાનાં જાણવા લાગ્યો, પણ એ બધાં પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઈ આવે, કોઈ જાય અને કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે-એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે. એ પ્રમાણે આ જીવ જ્યાં પર્યાય (શરીર) ધારણ કરે છે ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી પુત્ર, ઘોડા અને ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે તેને આ જીવ પોતાનાં જાણે છે, પણ એ તો પોતપોતાને આધીન કોઈ આવે, કોઈ જાય તથા કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે-એમ તેની પરાધીન ક્રિયા હોય છે. તેને પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે.'' ૧૧.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. આવૃત્તિ-પૃ.૮૫.

## શ્લોક-૧૧ ઉપર પ્રવચન

*स्वपराध्यवसायेन देहेष्वविदितात्मनाम्।
वर्तते विभ्रमः पुंसां पुत्रभार्यादिगोचरः।।११।।

આમાં ક્યાં છે? નહિ? આમાં એ નાખ્યું નથી, નહિ? ગુજરાતી. આપણે ગુજરાતી થઈ ગયું છે. આમાં નાખ્યું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બીજી વાર થાશે તો નાખશે.

**ટીકા :- 'પુરુષોને વિભ્રમ અર્થાત્ વિપર્યાસ (મિથ્યાજ્ઞાન) વર્તે છે.'** આત્માને વિભ્રમ-વિપર્યાસ-વિપરીત બુદ્ધિ કેમ વર્તે છે? એનો ખુલાસો. **'કેવા પુરુષોને?'** એ વિભ્રમ બુદ્ધિ થાય છે એ કેવા પુરુષોને? **'આત્માથી અજાણ-'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી, આનંદસ્વરૂપી છે એના અજાણને-એને નહિ જાણનારને-એવા પુરુષોને મિથ્યાજ્ઞાન વર્તે છે. આહાહા..! એટલે? કે ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાનાનંદ છે એના જે અજાણ છે એને 'શરીર હું છું' એમ વિભ્રમ થાય છે. પોપટભાઈ! આહાહા..!

**'શાથી કરીને તે (વિભ્રમ) વર્તે છે? સ્વ-પરના અધ્યવસાયથી.'** આત્મા અને શરીર બે એક છે એવા માનનારને. આહાહા..! બહુ વાત ટૂંકી છે પણ મુદ્દાની છે. શરીર અને આત્મા, સ્વ અને પર, સ્વ જ્ઞાયકસ્વરૂપ અને પર રાગ ને શરીરસ્વરૂપ, એ બેના એકપણાના અધ્યવસાયની બુદ્ધિને લઈને એને વિભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા..! અહીં એમ નથી કહ્યું કે દર્શનમોહના કર્મને લઈને વિભ્રમ થાય છે. આહાહા..! ખરેખર તો દર્શનમોહનો જે ઉદય છે એ જડની દશા છે અને આ મિથ્યાત્વ છે એ ચૈતન્યની વિપરીત માન્યતા છે. બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? દર્શનમોહને લઈને મિથ્યાત્વ થાય એ વાત સાચી નથી. એ શરીરને પોતાનું માને છે, સ્વ-પરની એકતા માને છે એ માન્યતાને લઈને એને દુઃખ થાય છે. વિભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા..! હવે આવી વાત આવે ત્યાં લોકોને એમ થાય, નહિ, કર્મને લઈને ભ્રમણા થાય. દર્શનમોહને લઈને ભ્રમણા થાય. એ એની માન્યતા તદ્દન જૂઠી છે. પરને એકત્વ માનનાર છે તેથી એને આવી બુદ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

**'શરીરો વિષે. કેવો વિભ્રમ થાય છે? પુત્ર ભાર્યાદિ વિષયક...'** સ્ત્રી, કુટુંબ, પરિવાર વિષયક એટલે પર ઉપર એનું લક્ષ છે ને? એ કારણે એને વિભ્રમ ઉત્પન્ન થાય છે. આહાહા..! **'પરમાર્થે (વાસ્તવમાં) પુત્ર, સ્ત્રી, ધન, ધાન્યાદિ આત્મીય (પોતાનાં) તેમજ ઉપકારક નહિ હોવા છતાં,...'** શરીર વિષે વિભ્રમ કેમ થાય છે? કે પુત્ર, સ્ત્રી આદિ વિષય પર

છે એનો ભ્રમનો, એ પરમાર્થે પુત્ર, સ્ત્રી આદિને પોતાના માને છે. '**તેમ જ ઉપકારક નહિ હોવા છતાં,...**' એનો ઉપકાર અહીં નથી. આહાહા..! '**છતાં તે (વિભ્રમિત પુરુષ) તેમને આત્મીય તથા ઉપકારક માને છે,...**' આ બધા મારા ઉપકારી છે. મારા શરીરના પોષક છે, શરીરના રક્ષક છે. આહાહા..! એ શરીર છે એ હું છું અને એ શરીરના આ બધા રક્ષકો છે એમ એનો ઉપકાર માનીને વિભ્રમ ઉત્પન્ન કરે છે. કહો, સમજાણું કાંઈ?

બાળકને મોટા કરે મા-બાપ. એને ભણાવે, એને વેપારને રસ્તે ચડાવે. એવું નથી કરતા? ના, ના. કાંઈ કરતા નથી. સમજાણું કાંઈ? આહાહા..! પરદ્રવ્યની કંઈ પણ પર્યાયને એ કરે છે, મેં એને ઉપકાર કર્યો, મોટા કર્યા એટલે વૃદ્ધાવસ્થાએ અમારી સેવા તો એણે કરવી જોઈએને? એય..! પોપટભાઈ! માને છે કે નહિ એમ? આખી દુનિયા ભ્રમમાં પડી છે આમાં. આહાહા..! અમે આને પાળીપોષીને મોટા કર્યા, પાપથી પૈસા પેદા કર્યા હતા, એને માટે ખર્ચ્યા, પરણાવ્યા. હવે અમે વૃદ્ધ થઈ ગયા તો એ ઉપકાર અમે એને કર્યો એ અમને કરશે. આવો અજ્ઞાનીને ભ્રમ થાય છે. સમજાણું કાંઈ? એમ નહિ હોય? કાંતિભાઈ!

'**તેમની સંપત્તિમાં...**' એટલે શું? અજ્ઞાની પોતાનો સ્વભાવ અને પરભાવ બેની ભિન્નતાના ભાન વિના બેની એકતાબુદ્ધિથી, અધ્યવસાયથી એ દુઃખી થાય છે. છતાં એ એમ માને છે કે એ સ્ત્રી-કુટુંબની આબાદી રહે. એની પાસે લક્ષ્મી રહે, સંપદા રહે, સારે ધંધે ચડે, પેદા કરે. એની '**(આબાદીમાં) તે સંતોષ...**' માને છે. કહો, છોકરા રળે સરખા .. કરીને. નહિ? પાંચ-પાંચ લાખ પેદા કરે, રસ્તા ગોતી કાઢે બુદ્ધિથી. એની સંપદા આ હોય એમ માનીને.. કહે છે ને? આબાદી. એની આબાદી રહે. એની સ્ત્રી, પોતે, એની સંપદા, એની આબરૂ, એના કારખાના.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કારખાના નહોતા તો બીજો વેપાર હશે. આહાહા..!

'**તેમની સંપત્તિમાં (આબાદીમાં) તે સંતોષ તથા તેના વિયોગમાં મહાસંતાપ...**' આહાહા.. '**અને આત્મવધાદિક કરે છે.**' આત્માનો વધ કરે છે. પોતે પોતાનો વધ કરે છે. આહાહા..! પણ કુદરતે તેમ થાય કે નહિ? છોકરાઓ હોય સારા બધી સારી સ્થિતિમાં હોય તો ખુશી માને. નહિ?

મુમુક્ષુ :- એના વગર રહી શકાય?

ઉત્તર :- .. રહી શકાય. જુઓ! પૈસા છતાં રહે છે. એના ભાઈની વાત કરે છે. આરામ કોને કહેવો? ધૂળ? આહાહા..! ભાઈ! તને ખબર નથી. આરામ તો આતમરામમાં આરામ છે. આહાહા..! સવારે હતા? દાસ. સવારે નહોતા? બપોરે આવ્યા. સમજાણું કાંઈ? આહાહા..!

પોતાને સુખ થાય ક્યારે? કે સુખસ્વરૂપ આત્મા છે. ભગવાન આત્મામાં આનંદ છે, એના ગુણમાં આનંદ છે. એવા આનંદનો ભાવ એ મારામાં છે. એમ માનનારને પર્યાયમાં આનંદ થાય. આહાહા..! સમજાણું કાંઈ? પણ પરની લક્ષ્મી ને સંપદાને દેખીને આબાદી માને અને એનાથી ખુશી થાય તો મિથ્યાત્વને સેવે છે... આહાહા..! ઝીણી વાતું. વીતરાગનો માર્ગ-સર્વજ્ઞનો માર્ગ-બહુ ઝીણો છે. સમજાણું કાંઈ?

પોતા સિવાય શરીર, વાણી, રાગને પોતાના માને એની કલ્પનાથી એ દુઃખી છે. એમ બીજાને પણ એની સંપદા અનુકૂળ રહે તો ઠીક, એમ વિભ્રમ કરીને એ પણ દુઃખી થાય છે. એની સંપદા લુંટાઈ જાય. છોકરા નિર્ધન થઈ જાય, બાયડી મરી જાય, શરીરમાં ક્ષય રોગ લાગુ પડે. હાય.. હાય! બિચારા દુઃખી છે. પણ એની અનુકૂળતાએ એને સુખ લાગે છે એ પોતાની કલ્પનાથી લાગે છે અને એની પ્રતિકૂળતા થાય તો દુઃખી છે એ પોતાની કલ્પનાથી માને છે. આહાહા..! ભારે!

શરીરની સાથે સ્ત્રી-પુત્રીના શરીરના સંબંધને. શરીરના સંબંધને. આત્માના સંબંધની તો ખબર નથી. આહાહા..! આ મારી દીકરી, આ મારો દીકરો, આ મારી બાયડી. એમ ઓલા શરીરને જોવે છે ને. આત્મા અંદર છે એને કોઈ દિ' નથી જોયો. આહાહા..! એની પ્રતિકૂળતા દેખીને એને દુઃખ થાય છે. એ શરીરની. સમજાણું કાંઈ? કેમ કે પોતે પણ પરમાં આત્મા કલ્પ્યો છે એ પણ આત્મા શરીરમાં જ એને માને છે. પોતાની પેઠે પરને માને છે. '**સ્ત્રી-પુત્રાદિકના શરીર-સંબંધને જ પોતાના આત્માનો સંબંધ માને છે.**'

'**બહિરાત્મા...**' બહિરાત્માની વ્યાખ્યા આ કે.. પહેલા આવી ગયું છે. ખરેખર તો શરીર, વાણી, મન એ બહાર છે-બહિર્ છે-એને પોતાના માને. રાગ-દ્વેષ અને દયા, દાનના ભાવ થાય એ પણ બહિર્ છે-બહાર છે. અંતરનું સ્વરૂપ નથી એ. એને પોતાના માને. એ સિવાય ખરેખર તો બહિર્તત્ત્વ. કહ્યું હતું તમને, નહિ? માથે. ૩૮મી ગાથા. '**जीवादिबहित्तच्चं हेयम्**'. જુઓ! અહીં કહ્યું. ૩૮ ગાથા. આવી છે આ બાજુ.

જીવાદિ બહિર્તત્ત્વની વ્યાખ્યા કે જીવનું ધ્રુવ સ્વરૂપ છે એને છોડીને, એની એક સમયની જે અવસ્થા છે એ બહિર્તત્ત્વ છે. રાગ, શરીર, વાણી, કુટુંબ એ તો બહિર્તત્ત્વ છે. આહાહા..! પણ ભગવાનસ્વરૂપી ધ્રુવ ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ, એવા અંતર તત્ત્વની-અંતર સ્વભાવની-અપેક્ષાએ એક સમયની દશાને પણ બહિર્તત્ત્વ કહેવામાં આવે છે. આહાહા..! એ બહિરતત્ત્વને અંતર તત્ત્વ માને છે કે આ હું છું. સમજાય છે કાંઈ? પૈસા, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ એ તો બાહ્ય પૃથક્ બહિરતત્ત્વ છે. રાગાદિ પણ પર્યાયમાં બહિર્તત્ત્વ છે. આહાહા..! પણ આત્માની એક સમયની પર્યાય વ્યક્ત છે. અનંત ગુણની પ્રગટ એક સમયની અવસ્થા જે વ્યક્ત છે તે

પણ ખરેખર અંતરાત્મા પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ ભગવાન, એની અપેક્ષાએ તો એક સમયની પર્યાય પણ બહિર્તત્ત્વ કહેવામાં આવી છે. આહા..! જગતને... બહિર્તત્ત્વ હેયં. એમ આવ્યું છે ને? વાંચ્યું હતું ત્યાં? વાંચ્યું હતું ને? કલકત્તામાં વાંચ્યું હતું એણે ૩૮મી ગાથા. સભા સભા ખુશી ખુશી થઈ ગયો. આ ૧૬ વર્ષનો છોકરો છે. તમારે કેટલા થયા? ૬૧. ૩૮મી ગાથા વાંચી એણે ત્યાં સભામાં, કલકત્તા. એને તો .. બહિર્તત્ત્વ હેયં. આહાહા..! અંતરંગ તત્ત્વ ઉપાદેયં. એક પદના બે શબ્દ છે. છે ને ૩૮?

જેને પોતાની પર્યાયના અંશમાં પોતે (છે એમ) માન્યું છે તો બીજાના એના અંશમાં એ આત્મા છે અને એ શરીરમાં આત્મા છે એમ એણે માન્યું છે. સમજાણું કાંઈ? બીજાના આત્મામાં પણ પર્યાયમાં જ્ઞાનનો ક્ષયોપશમ દેખીને એ આત્મા છે એમ માને છે. આહાહા..! એ તો આવી ગયું હતું ને પહેલું? ઇન્દ્રિય દ્વારા બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે. એ ગાથા આવી ગઈ છે. ઇન્દ્રિયના મુખે.. આ પાંચ ઇન્દ્રિયો, અરે..! ખંડ ખંડ ઇન્દ્રિય, એ દ્વારા બાહ્ય પદાર્થનું જ્ઞાન થાય છે. એ દ્વારા અંતરનું નથી થતું. આહાહા..! એમ વર્તમાન પર્યાયમાં જે કંઈ અગિયાર અંગનું શાસ્ત્રનું ભણતર, નવ પૂર્વનું ભણતર (થાય) એ બહિરતત્ત્વ છે. કેમ કે ઇન્દ્રિયો દ્વારા એ જાતનો વિકાસ છે. આત્મા દ્વારા નથી. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણી વાતું, બાપુ! આત્માની વાત. વીતરાગ તત્ત્વ. એમાં પણ દિગંબર તત્ત્વ. દિગંબર એટલે કે રાગની લાગણી વિનાનો ભગવાન એવો આત્મા. આહાહા..!

પ્રભુ આત્મામાં, કહે છે, પોતાની પર્યાયમાં જ્યાં જ્ઞાનનો કાંઈ ક્ષયોપશમ વધ્યો એટલે એને એમ થઈ ગયું કે હું વધ્યો. એ પર્યાયને જ આત્મા માન્યો છે. સમજાણું કાંઈ? એણે બાહ્ય તત્ત્વને જ આત્મા માન્યો છે. આહાહા..! અંતઃતત્ત્વ પૂર્ણાનંદ સ્વભાવ અંતઃતત્ત્વ. એ આવે છે ને ભાઈ? નહિ? નિયમસારમાં ચોથી ગાથા ને? નહિ? બહિર્તત્ત્વ અને અંતઃતત્ત્વ એને માને એ વ્યવહાર સમકિત છે. બે ભેગા થયા ને? શું કહ્યું? નિયમસારમાં આવે છે, હોં! નવ તત્ત્વો અથવા અંતઃતત્ત્વ પરમાત્મા અને બહિર્તત્ત્વ પર્યાય આદિ. બેને માને એ હજી વ્યવહાર સમકિત, એ વિકલ્પ છે. સમજાણું કાંઈ?

અંતરાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ. છે ને અહીંયાં? '**તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળા છે.**' આહાહા..! અંતઃતત્ત્વ પરમાત્મસ્વરૂપ પોતાનું, અને બહિઃતત્ત્વ પર્યાય આદિ. એ બહિઃતત્ત્વ પર્યાયાદિ આસ્રવ ઇત્યાદિ. અંતર તત્ત્વ પરમાત્મા. બેને માનવા એનું નામ હજી વિકલ્પ અને વ્યવહાર સમકિત છે. આહાહા..! એ કોને? જેને અંતઃતત્ત્વ જે શુદ્ધ ચિદાનંદ ધ્રુવ પ્રભુ, એની જેને દૃષ્ટિ થઈ છે, અંતઃતત્ત્વની દૃષ્ટિ થઈ છે, એને પરમાત્મ સ્વરૂપની દૃષ્ટિ થઈ છે. એને નિશ્ચય સમકિત છે. એને એ પરમાત્મ તત્ત્વ

અને બહિઃતત્ત્વ બેની શ્રદ્ધા કરે એ વિકલ્પ અને વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આવી વસ્તુ છે આવી ઝીણી બહુ. ભાગ્યશાળી ભાઈ આ તો સાંભળવા માટે. આહાહા..!

પ્રભુ મોટો અંતર પરમાત્મા પૂર્ણાનંદનો નાથ અંતઃતત્ત્વ તો પરમાત્મસ્વરૂપી જ અંતઃતત્ત્વ છે. આહાહા..! એવા અંતઃતત્ત્વનો એકલો અનુભવદૃષ્ટિ એનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને એની સાથે અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ પર્યાય આદિની માન્યતાનો ભાવ એ વિકલ્પ છે, રાગ છે. આહાહા..! એકલાને માનવું તે નિર્વિકલ્પ સમકિત છે. આહાહા..! અને એકલા ભેગો બેકલાને માનવું એ શુભરાગ છે, એ વ્યવહાર સમકિત છે, એ વાસ્તવિક સમકિત નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ કીધું ને?

**'બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદવાળા છે અથવા જીવ, અજીવ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એવા ભેદોને લીધે સાત પ્રકારના છે.'** એવી જે શ્રદ્ધા તે વ્યવહાર સમકતિ છે. એટલે સાચું સમકિત નહિ. આહાહા..! સત્ય સમકિત નહિ. ગજબ વાત છે! ભગવાન આત્મા પૂર્ણ.. પૂર્ણ... પૂર્ણ... ગુણે પૂર્ણ સ્વભાવે.. એવી અંતરમાં અંતઃતત્ત્વમાં જ્યાં દૃષ્ટિ પડી ત્યારે એકલું નિશ્ચય સમકિત એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ જે એકલા અંતઃતત્ત્વને છોડી દઈને આ છે અને રાગાદિ પર્યાય છે એમ બેને માને એક સાથે.. આહાહા..! એકલો છોડી દઈને બેકલા સાથે એને માને કહે છે. આહાહા..! ગજબ વાત છે. તો પણ એ વ્યવહાર સમકિત એટલે સમકિત નહિ. એમ. આહાહા..! કેવી વાત કરે છે!

પૂર્ણાનંદ પ્રભુ જેની શક્તિનું સામર્થ્ય અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત બળ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત વિભૂતા, અનંત પ્રમેયતા, પ્રમાણતા.. આહાહા..! એવી અનંત શક્તિઓનું એકરૂપ અંતઃતત્ત્વ એમાં દૃષ્ટિ જવી. કારણ કે તેમાં સમ્યગ્દર્શન-શ્રદ્ધા ત્રિકાળ પડી છે એમાં. સમજાણું કાંઈ? એમાં દૃષ્ટિ પડતાં. આહાહા..! એનો એવો ધ્રુવ નિત્ય સ્વભાવ પરમાત્મસ્વરૂપ, એનો અંતરમાં પર્યાયમાં સ્વીકાર થતાં એને નિશ્ચય સાચી દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, સાચું તત્ત્વ એને દૃષ્ટિમાં આવ્યું. આહાહા..! બાબુભાઈ! બહુ વાતું આકરી હોં જગતને લાગે. બહારથી માની લે કે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ સમકિત. હવે કરો વ્રત. ધૂળેય નથી હવે, સાંભળને! આહાહા..! સમજાણું કાંઈ? જયંતિભાઈ! સામાયિક કર્યા હશે કે નહિ? કર્યા છે. આહાહા..! ક્યાં સામાયિક હતી, ભાઈ! હજી અંતઃતત્ત્વ વીતરાગમૂર્તિ એકરૂપ વસ્તુ એને પડખે ચડ્યા વિના રાગ અને પર્યાયને પડખે ઊભો રહીને જે કાંઈ કરે એ બધું મિથ્યાત્વની ક્રિયા છે. આહાહા..! આ તો જરી વળી યાદ આવ્યું. બહિઃનો અર્થ એકલા બાયડી-છોકરા

એમ નહિ. આહાહા..! પથારો હોય ને આમ બધો.

કુંડાળામાં એક ફેરી ગયેલા. પછી એક કાઠી છે ત્યાં, કાઠી. એને કાંઈક હશે ૨૦-૨૫ હજારની ઉપજ. એ વખતે હોં! ૭૨-૭૩ની સાલ. બે-ત્રણ રાણી હશે. કો'કે પૂછયું કે આપા! રાણી કેટલી તમારી? તો કહે, મને ખબર નથી. કામદારને પૂછો. ગૃહસ્થ માણસ અને જે કાંઈ આપે. ૨૫ હજારની ઉપજ તે દિ' તો બહુ કહેવાતી ને? હવે તો સાધારણ છે. .. હોય ઉપજ. થોડી .. ભલે એની ૬૦ વર્ષની ઉંમર હોય પણ .. રોટલો તો મળશે સરખો. હવે બે-ત્રણ રાણી રાખતા. એને પૂછે. અમે નીકળીએ તો પગે લાગે. મહારાજ! કાંઈ ખબર ન મળે. રાણીઓ કેટલી એના આંકડાની ખબર ન મળે.

મુમુક્ષુ :- રાજા શેના માટે?

ઉત્તર :- આ મૂરખના. કામદારને પૂછો એમ કહે. એમ આને પૂછે કે એલા તું કોણ છો? ક્યાં છો? કે મને કાંઈ ખબર નથી. એવો એ મૂરખ છે. શોભાલાલભાઈ! ... સમજાણું કાંઈ? આહાહા..! તું ક્યાં છો? કોણ છો? કેમ છે? મને કાંઈ ખબર નથી. આહાહા..! ઓલાને રાણીની ખબર નથી, આને ઘરની ખબર નથી.

પ્રભુ ચૈતન્યમૂર્તિ મહા અતીન્દ્રિય આનંદના સાગરનો છલોછલ ભરેલો પદાર્થ, એવો પદાર્થ કોણ છે? કહે મને ખબર નથી. આહાહા..! એવા અંતઃતત્ત્વના અજાણ અજ્ઞાનીઓ બહિર્તત્ત્વને પોતાનું માનીને વિભ્રમ નામ મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ?

છેલ્લો પેરેગ્રાફ છે ને? '**બહિરાત્મા સ્ત્રી-પુત્ર-મિત્રાદિ અનાત્મીય અર્થાત્ પર હોવા છતાં...**' આહાહા..! અજ્ઞાની મૂઢ જીવ, સ્ત્રી-પુત્ર-મિત્ર આદિ અથવા એક સમયની પર્યાય તે અણાત્મા છે નિશ્ચયથી તો. આત્મા તો એને કહે છે, નિશ્ચય ત્રિકાળ આનંદકંદ પ્રભુ, વસ્તુ પરમાત્મસ્વરૂપે બિરાજમાન તેને આત્મા કહે છે. આહાહા..! એવા આત્માને આત્મા તરીકે ન માનતા, ન જાણતાં બહિઃતત્ત્વ તે હું છું. આહાહા..! પર્યાયની દશા એ ખરેખર એ પણ વ્યવહાર આત્મા છે. વ્યવહાર આત્મા એટલે? અગિયાર અંગનું જ્ઞાન થયું હોય, નવ પૂર્વનું લબ્ધિનું જ્ઞાન થયું હોય. આહાહા..! વિભંગ થયું હોય. સાત દ્વીપ અને સમુદ્ર જાણે. એ પર્યાય પણ અણાત્મા છે. સમજાણું કાંઈ? એને મિથ્યાદષ્ટિ (માને છે) કે હું આ છું. આવડો હું છું. એમ માનનાર મિથ્યાત્વ ઊભું કરે છે. આહાહા..!

'**તેમને આત્મીય માને છે અને પોતાને અનુપકારક હોવા છતાં...**' આહાહા..! ખરેખર તો બાહ્યને લક્ષે થતો ક્ષયોપશમભાવ... આહાહા..! એ પણ બહિર્તત્ત્વ છે. ઈન્દ્રિયોથી જે કંઈ જ્ઞાન થયું એ બધું બહિર્તત્ત્વ છે. આહાહા..! એમાં જેની આત્મબુદ્ધિ છે એ ઉપકાર થયો નથી છતાં એણે મને ઉપકાર કર્યો (એમ માને છે). આહાહા..! સમજાણું કાંઈ? '**તેમને**

**ઉપકાર માની...' 'પોતાને અનુપકારક હોવા છતાં...'** આહાહા..! કુંદકુંદાચાર્ય, એનું તત્ત્વ. સમજાણું કાંઈ? પાઠમાં જ એવા ઊંડાણ ભર્યા છે.

ભગવાનસ્વરૂપ આત્મા પૂર્ણ, અંતર આત્મા જેને કહીએ, નિશ્ચય આત્મા એ આત્મા છે. એ ૩૮ ગાથામાં આવે છે. એ આત્માને આત્મા તરીકે ન જાણતાં એક સમયના પર તરફના વલણમાં ક્ષયોપશમભાવ... એ તો ત્યાં કહ્યું હતું. ક્ષયોપશમભાવ એ આત્મા નથી એ તો કહ્યું હતું. ૪૯મી ગાથા. '**अरसमरूवम**' ક્ષયોપશમભાવથી જાણે એ નહિ. આહાહા..! એના તરફના વલણથી જે જાણે એ આત્મા નહિ, કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિએ જાણે છે. આહાહા..! એને દિશા પલટવા માટે ઘણું જોર જોઈએ. સમજાણું કાંઈ?

**'તેમની રક્ષાનો પ્રયત્ન કરે છે,...'** આહાહા..! રાગને રાખવાનો અને સ્ત્રી-પુત્રને રાખવાનો અને બાહ્ય તરફના ક્ષયોપશમ જ્ઞાનને રાખવાનો પ્રયત્ન કરે છે. આહાહા..! **'તેમના સંયોગાદિમાં સુખી થાય છે...'** સ્ત્રી, પુત્ર, કુટુંબ અનુકૂળ, શરીર ઠીક, સંયોગ અને બહારની રુચિ થતાં જ્ઞાન (થાય) એ પણ સંયોગી જ્ઞાન છે. રાગ જેમ સંયોગી ભાવ છે, રાગ સંયોગી કીધો છે ને? ઇન્દ્રિય દ્વારા થતું જ્ઞાન એ સંયોગી જ્ઞાન છે. કારણ કે એ ટકતું નથી. નાશ થઈ જશે. આત્મા એનાથી રહિત થઈ જશે. આહાહા..! એવા જ્ઞાનમાં જ્ઞાનને રક્ષા અને પ્રયત્ન કરે છે. આહાહા..! **'તેમના સંયોગાદિમાં સુખી થાય છે અને તેમના વિયોગાદિમાં મહાસંતાપ માને છે અને આત્મવધ પણ કરે છે.'** પોતાનો વધ કરે છે. આહાહા..!

**વિશેષ :- 'શરીરનો સંયોગ થવા અને છૂટવાની અપેક્ષાએ જન્મ-મરણ હોય છે તેને પોતાના જન્મમરણ માની 'હું ઉપજ્યો,...'** મારા જન્મનો આ દિવસ છે. આહાહા..! જન્મ જયંતિ કરે છે ને? આ મારો જન્મદિન. તારો છે? તારો જન્મ છે? એ તો શરીરનો થયો. આહાહા..! એ જન્મને પોતાનો જન્મ માને છે. આહાહા..! **'હું ઉપજ્યો, હું મરીશ' એમ માને છે. વળી શરીરની જ અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે,...'** શરીરની અપેક્ષા એજ (એની) સાથે સંબંધ છે, એના આત્મા સાથે સંબંધ છે? મરી જાય એટલે શરીરમાં અરેરે..! મારો ભાઈ મરી ગયો, મારો બાપ (મરી ગયો). એનો આત્મા મરીને ક્યાંય ગયો એને પોકારે છે કોઈ? કે આ બાપા મરી ગયા એ ક્યાં ગયા હશે? પાપ કરીને ગયો હોય તો નરકમાં ગયો હશે. બીજે ક્યાં જાય? બહુ પાપ ન કર્યા હોય તો ઢોરમાં જાય. ઘણાં તો ઢોરમાં જવાના. પશુ-પશુ. એ પૂછે છે ને કે મારા બાપા ક્યાં ગયા હશે? મારા બાપની સગવડતાની અગવડતા ગઈ એને એ રોવે છે. સમજાણું કાંઈ? અથવા ભાઈ હોય, લ્યોને. ભાઈની સગવડતા જે હતી એ ગઈ એને એ રોવે છે. ભાઈ મરીને ક્યાં ગયો એનો આત્મા? કોણ રોવે છે? આહાહા..!

કહે છે, એ પોતે શરીર ઉપજતા હું ઉપજ્યો, શરીર જતા હું મરીશ. **‘શરીરની જ અપેક્ષાએ અન્ય જીવોથી સંબંધ માને છે,...’** જોયું! **‘જેમ કે જેનાથી શરીર નીપજ્યું તેને પોતાનાં માતા-પિતા માને છે,...’** આત્માને માતા-પિતા કેવા? આમાં તો બધો સંસાર ઉડાડી દેવો પડે. પોપટભાઈ! પણ હવે બાપુજી-બાપુજી કરે. છ છ છોકરા બેઠા હોય ને દુકાને પેદાશ હોય સારી. આહાહા..! એની આબાદીએ આબાદી છે એમ માને. ગજબ વાતું છે આ તો, બાપુ! એના અભાવે કે એ દુઃખી થાય છે શરીરની કલ્પનાથી એ પોતે દુઃખી માને. આહાહા..! એ આ રીતે દુઃખી થાય એમ માને છે. પોતે એ રીતે માને છે ને?

**‘જેનાથી શરીર નીપજ્યું તેને પોતાના માતા-પિતા માને છે, શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે,...’** આ માટી જડ-ધૂળ એને સ્ત્રી રમણી. રમણી કહેવાય છે ને? આને રમાડે ભોગ ને વિષયમાં. આહાહા..! ભગવાન તો ભિન્ન રહી ગયો અંદર. શરીરની સાથે રમે, એને પોતાની રમણી માને છે. આહાહા..! અને પ્રવચનસારમાં આવે છે ને? દીક્ષા જ્યારે લેવી હોય છે. પોતાનું ભાન થયું છે કે હું તો ચૈતન્ય છું. હું જ્ઞાયક આનંદ છું. હવે મારે આનંદને સાધવા માટે વનવાસ જોઈએ છે. આહાહા..! રમણીને કહે છે કે હે આ શરીરને રમાડનારી રમણી! એમ પાઠ છે. પ્રવચનસારમાં ત્રીજા (અધિકારમાં). શરીરને રમાડનારી રમણી! તું મને રમણ કરાવતી નથી. શરીરનું રમણ છે. હું હવે મારી અનાદિ આનંદરૂપી અનુભૂતિ રમણી એની પાસે જાઉં છું. આહાહા..!

અતીન્દ્રિય આનંદનું જ્યાં ભાન થયું છે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં.. આહાહા..! એ હવે અતીન્દ્રિય આનંદની રમણીમાં રમવા માટે કહે છે, સ્ત્રી! મને રજા આપ. આહાહા..! અમારી અનાદિ આનંદ અનુભૂતિની રમણી એની પાસે જાઉં છું. આહાહા..! એને પ્રગટ ઉગ્ર કરવા માટે મારો પ્રયત્ન છે. સમજાણું કાંઈ? એમ અજ્ઞાની પોતાના શરીરને ઉપજાવનારને માતા-પિતા, શરીરને રમાડે એને રમણી માને છે.

**‘શરીર વડે નીપજ્યાં તેને પોતાના દીકરા-દીકરી માને છે,...’** આ મારા દીકરા છે. શરીર તો નિમિત્ત હતું. થયા છે તો એને કારણે. એનો જન્મનો કાળ શરીરનો, એના આત્મા અને એના શરીરના રજકણો એને કારણે ત્યાં થયા છે. આ મારા દીકરા, આ કહળ્યું કુટુંબ. એમ કહે છે ને? કાઠિયાવાડમાં એમ કહે છે. મૂરખ છો મોટો, કહે છે. બહિરાત્મા છો. આહાહા..! જે ચીજ તારામાં નથી તેને તારી માને છો અને એનાથી તું રાજીપામાં રમે છો. આહાહા..! વિભ્રમ છે, મિથ્યાત્વ છે. મિથ્યાત્વ કોને કહેવું એ લોકોને ખબર નથી. આ તો આ જરી આપણે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને ન માનવા અને સાચા દેવ માનવા એ

સમકિત. ધૂળેય નથી, સાંભળને!

અહીં તો કહે છે, '**શરીરને રમાડે તેને પોતાની રમણી માને છે, શરીર વડે નીપજ્યાં તેને પોતાનાં દીકરા-દીકરી માને છે, શરીરને જે ઉપકારક છે તેને પોતાનો મિત્ર માને છે...**' શરીરને ઉપકારક. દુઃખને કાળે આવીને ઉભો રહે મિત્રાદિ. કોને? આને. ભાઈ! મિત્ર છે ને. એ તો કામ જ કરેને. મિત્ર તો દુઃખ ટાળવામાં મદદગાર થાય. શેના દુઃખ પણ બાપા કોના? શરીરમાં દુઃખને માટે અનુકૂળ લાગે એને મિત્ર માને. નાના છોકરાવને મિત્ર બહુ હોય. ન બને પછી કટ્ટી કરે. કટ્ટી જ છે. પર સાથે સંબંધ હતો ક્યારે? એ તો સ્વતંત્ર બીજો આત્મા છે. એ એને ઉપકારી માનીને પોતાનો મિત્ર માને.

'**શરીરનું બૂરું કરે તેને પોતાનો શત્રુ માને છે,...**' આહાહા..! શરીર ઉપર ઘા મારે, વિંછી કરડાવે, ઘોદા મારે. આ મારો શત્રુ છે. ભ્રમણા છે, ભાઈ! આહાહા..! અરે..! એને કે દિ' આત્મા હાથ આવે? સમાધિનો અધિકાર છે ને? એ બધી અસમાધિ છે. શરીરનું બૂરું કરે ઇ શત્રુ. '**ઇત્યાદિરૂપ તેની માન્યતા હોય છે.**' આવી માન્યતા અજ્ઞાનીની. પછી કરતો હોય સામાયિક, પોષા અને પડિક્કમણા. અજ્ઞાનમાં છે બધા. સામાયિક પણ નથી, પડિક્કમણું પણ નથી અને પોષા પણ નથી. આહાહા..! મિથ્યાત્વને ઘૂંટે છે. બરાબર છે આ? '**ઘણું શું કહીએ? હરકોઈ પ્રકારવડે પોતાને અને શરીરને તે એકરૂપ જ માને છે...**' છે ને એ? મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પાનું-૮૫ એમાંથી લીધું. નીચે છે. એમાંથી લીધેલું છે. હજી બીજો ભાગ આવશે. ૫૪ પાનાનો.

'**વળી જેમ કોઈ બહાવરો બેઠો હતો...**' એક ગાંડો માણસ બહાર જઈને કાંઈક બેઠો હતો. '**ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી માણસ,...**' આવ્યા. દસ વાગ્યાનું ટાણું થયું અને કોઈ નીકળ્યું એટલે ન્યાં જાને નાખ્યો પડાવ. હાથી હોય, ઘોડા હોય.. કાંઈક પાણી છે નદીમાં પીશું અને આપણે ખાશું, ભેગા પકવાન લઈને આવ્યા હોય. '**માણસ, ઘોડા અને ધનાદિક આવી ઉતર્યા;...**' ઘરેણા, દાગીના આદિ હોય લ્યોને.'**તે સર્વને આ બહાવરો પોતાનાં જાણવા લાગ્યો,...**' નદીને કાંઠે ગયો પછી મોટો પથરો હોય એમ બેઠો. એમાં દસ-સાડા દસનો ટાઈમ. હાથી આવ્યા, ઘોડા આવ્યા. રાજા નીકળ્યો હોય. આહાહા..! જુઓ! મારો રાજા આવ્યો, જુઓ! મારો હાથી આવ્યો. જુઓ! મારો આ આવ્યો. ...

'**પણ એ બધા પોતપોતાને આધીન હોવાથી તેમાં કોઈ આવે, કોઈ જાય...**' પડાવ નાખી ને કોઈ જરૂર પડી હોય ને બીજે ગામ વયા ગયા કેટલાક. '**અને કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે-એમ એ સર્વની પરાધીન ક્રિયા થવા છતાં આ બહાવરો તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે.**' આહાહા..! કેમ વયા જાઓ છો?

અમારે ત્યાં આવ્યો છો ને? અમારા છો ને. **'એ પ્રમાણે આ જીવ જ્યાં પર્યાય** (શરીર) **ધારણ કરે છે ત્યાં કોઈ અન્ય ઠેકાણેથી પુત્ર,...'** આવ્યો. મરીને ક્યાંથી આવ્યો હોય? ઢોરમાંથી આવ્યો હોય. છોકરો મરીને ઢોરમાંથી આવ્યો હોય, પોતે મરીને ઢોરમાંથી આવ્યો હોય. આરે.. આરે..! ભારે!

**'પુત્ર, ઘોડા, ધનાદિક આવીને સ્વયં પ્રાપ્ત થાય છે...'** જોયું! આવીને સ્વયં પ્રાપ્ત થાય છે. એને કારણે એના પરિણમનથી ત્યાં આવ્યા છે. તારે કારણે આવ્યા નથી. તારા થઈને એ આવ્યા નથી, તારા થઈને એ રહ્યા નથી. **'એ બધાં પોતપોતાને આધીન કોઈ આવે,...'** જન્મે એમ. આવે એટલે. કે પૈસા આવે. **'કોઈ જાય...'** મરી જાય કોઈ અને લક્ષ્મી જાય. આહાહા..! એ બધી પરની ચીજો આવે ને જાય છે. તારે એની સાથે સંબંધ છે નહિ. પણ અજ્ઞાનીને નહિ.. નહિ.. અરેરે..! અમારો દીકરો ગયો, હવે અમારું જીવન ગયું. એક ફેરી કાંઈક લખ્યું હતું નહિ? ઓલા કાપડિયાએ. દર્શન કાપડીયા. કેવા કાપડીયા? મૂળચંદ કાપડીયા. દીકરો એક જ હતો ને. મરી ગયો. આ..! એવી કાંઈક ભાષા લખી. મારું બધું ગયું. પછી બીજાને લીધો છે ને. ખોળે લીધો છે ડાહ્યાભાઈનો. ખબર છે. આહાહા..! મરી જાય. અરેરે..! આજ મારું બધું લુંટાણું. એકનો એક દીકરો હોય વીસ વર્ષનો. પતિ પણ જ્યારે પત્ની મરતી હોય ત્યારે એમ માને કે આ અમારું ઘર ગયું. ઘર માને છે ને? અને પત્ની પણ પતિ મરે ત્યારે કહે, હવે અમે દુઃખી મરી ગયા. હાય-હાય નિરાધાર થઈ ગયા. કોઈ પતિ અને કોણ પતિવ્રતા? કાંઈ ખબર ન મળે પરને. આહાહા..! તેં અજ્ઞાનથી ઉભો કરેલો સંબંધ અજ્ઞાનથી તૂટી જાય છે. એમાં શું છે?

**'કોઈ આવે, કોઈ જાય તથા કોઈ અનેક અવસ્થારૂપ પરિણમે-'** કોઈ જન્મે, કોઈ મરે અને હયાતીમાં અનેરી અવસ્થા કરે. એ રહે ત્યાં અનેક અવસ્થા થાય. એ બધી પરને લઈને છે. તારે લઈને ક્યાં હતી એ? આહાહા..! **'એમ તેની પરાધીન ક્રિયા હોય છે, તેને પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે.'** અંતરમાં બળતરા, અંતરમાં બળે. કોઈ નવા જન્મે, નવા પૈસા આવે. નવા એટલે નવા સાવ પેદા કરે. હોય એમાંથી કોઈ મરે, હોય એમાંથી કોઈ જાય, હોય એમાંથી કોઈ અનેરી અવસ્થા વર્તમાન રહીને થાય. એ બધાને મારે લઈને થાય છે, મારી છે બધી. આહાહા..! **'તેને પોતાને આધીન માની આ જીવ ખેદખિન્ન થાય છે.'** આહાહા..!

एवंविधविभ्रामाच्च किं भवतीत्याह –

*अविद्यासंज्ञितस्तस्मात्संस्कारों जायते दृढः।
येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते।।१२।।

टीका :– तस्माद्विभ्रमाद्वहिरात्मनि संस्कारो वासना दृढोऽविचलो जायते। किन्नामा? अविद्यासंज्ञितः अविद्या संज्ञाऽस्य संजातेति ''तारकादिभ्य इतच्'' येन संस्कारेण कृत्वालोकोऽविवेकिजनः। अंगमेव च शरीरमेव। स्वं आत्मानं। पुनरपि जन्मान्तरेऽपि। अभिमन्यते।।१२।।

---

એવા પ્રકારના વિભ્રમથી શું થાય છે? તે કહે છે :-

શ્લોક - ૧૨

અન્વયાર્થ :- (तस्मात्) એ વિભ્રમથી (अविद्यासंज्ञितः) અવિદ્યા નામનો (संस्कारः) સંસ્કાર (दृढः) દ્રઢ-મજબૂત (जायते) થાય છે, (येन) જે કારણથી (लोकः) અજ્ઞાની જીવ (पुनः अपि) જન્માન્તરમાં પણ (अंगम् एव) શરીરને જ (स्वं अभिमन्यते) આત્મા માને છે.

ટીકા :- તે વિભ્રમથી બહિરાત્મામાં સંસ્કાર એટલે વાસના દ્રઢ-અવિચલ થાય છે. ક્યા નામનો (સંસ્કાર)? અવિદ્યા નામનો (સંસ્કાર)-અવિદ્યા સંજ્ઞા જેની છે તે-જે સંસ્કારને લીધે અવિવેકી (અજ્ઞાની) જન અંગને જ એટલે શરીરને જ ફરીથી પણ, અર્થાત્ અન્ય જન્મમાં પણ પોતાનો આત્મા માને છે.

ભાવાર્થ :- આ જીવને અજ્ઞાનજનિત અવિદ્યા સંસ્કાર અનાદિકાલથી છે, સ્ત્રી-પુત્રાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવાથી આ સંસ્કાર દ્રઢ થાય છે અને તેને લીધે અન્ય જન્મમાં પણ જીવ શરીરને જ આત્મા માને છે.

અનાદિ અજ્ઞાનતાના કારણે આ જીવને જે પર્યાય (શરીર) પ્રાપ્ત થાય છે તેને તે પોતાનો આત્મા સમજી લે છે અને તેનો આવો અજ્ઞાનાત્મક સંસ્કાર જન્મ-જન્માન્તરોમાં પણ બન્યો રહવાથી તે દ્રઢ થતો જાય છે. જેમ રસ્સીના ઘસારાથી કૂવામાં પત્થરમાં કાપો વધુ ને વધુ ઊંડો પડતો જાય છે, તેમ અવિદ્યાના સંસ્કારો પણ અજ્ઞાની જીવમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા જાય છે.

અવિદ્યાના સંસ્કારોથી પ્રેરાઈ આ જીવ શરીરાદિ પર પદાર્થો વિષે આત્મબુદ્ધિ કરે

---

* मिच्छाणाणे सुरओ मिच्छाभावेण भाविओ संतो।
मोहोदयेण पुणरवि अंगं सम्मणणए मणुओ।।११।। मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।ः

છે. પોતાને પરનો કર્તા-ભોક્તા માને છે, પર પ્રત્યે અહંકાર-મમકાર બુદ્ધિ ને એક્તાબુદ્ધિ કરે છે. આ કારણથી તેને રાગ-દ્વેષ થાય છે અને રાગ-દ્વેષથી તેનું સંસાર-ચક્ર ચાલુ જ રહે છે. ૧૨.

## શ્લોક-૧૨ ઉપર પ્રવચન

'**એવા પ્રકારના વિભ્રમથી શું થાય છે?**' આવી ભ્રમણા કરવાથી શું થાય છે? આહાહા..!

*अविद्यासंज्ञितस्तस्मात्संस्कारों जायते दृढः।
येन लोकोऽङ्गमेव स्वं पुनरप्यभिमन्यते।।१२।।

એનો અન્વયાર્થ લઈએ. '**એ વિભ્રમથી અવિદ્યા નામનો સંસ્કાર દૃઢ-મજબૂત થાય છે,...**' મિથ્યાત્વના સંસ્કાર દૃઢ થાય છે. '**જે કારણથી અજ્ઞાની જીવ જન્માન્તરમાં પણ...**' આ સંસ્કાર લઈને મરીને જાય ત્યાં એ '**શરીરને જ આત્મા માને છે.**' આહાહા..! ચૈતન્યમૂર્તિ છે, જ્ઞાયકસ્વભાવ છે, એની એને અસ્તિની ખબર નથી એથી જ્યાં આ મારા.. મારા.. માનીને સંસ્કાર દૃઢ કર્યા. એ મરીને આંખ મીંચાણી, જ્યાં બીજે જન્મ્યો ત્યાં એ સંસ્કાર હતા તો આ શરીર મારું, આ શરીરના ઉપજાવનારા માતા-પિતા મારા. આ શરીરને રમાડનારી સ્ત્રી મારી, આ શરીરના દુઃખ દેનારા શત્રુ એ મારા શત્રુ છે. અને ઉપકારક શરીરને હોય એ મારા મિત્ર છે. એમ અજ્ઞાનીના સંસ્કાર ત્યાં પણ પાછા કામ કરે.

'**ટીકા :- તે વિભ્રમથી બહિરાત્મામાં સંસ્કાર એટલે વાસના દૃઢ-અવિચલ થાય છે.**' આહાહા..! '**અવિચલ થાય છે.**' એવા સંસ્કાર પડે કે એ ખસે નહિ. એ શરીર જ હું, વાણી હું, કર્મ હું, રાજ હું, આ મારા મિત્રો, માતા-પિતા મારા, આ મારા શત્રુ.. આહાહા..! એવા મિથ્યાત્વના સંસ્કાર લઈ અને બીજે જન્મે ત્યાં પાછા એ સંસ્કારથી પરને જ પોતાનું માને. આહાહા..!

'**ક્યા નામનો (સંસ્કાર)?**' એટલું સાધારણ .. '**અવિદ્યા નામનો (સંસ્કાર)-**' અજ્ઞાન. '**અવિદ્યા સંજ્ઞા જેની છે તે-જે સંસ્કારને લીધે અવિવેકી (અજ્ઞાની) જન અંગને જ એટલે શરીરને જ ફરીથી પણ, અર્થાત્ અન્ય જન્મમાં પણ પોતાનો આત્મા માને છે.**' એ હું. આ દેખાય એ હું. દેખનારો પણ છે એની તો ખબર ન મળે. મારા જ્ઞાનમાં જેનું અસ્તિત્વ દેખાય છે અને તે જાણનારા ટકી રહ્યા છે એથી હું છું. આવું બધું

તો ભાઈ જાય ક્યારે? જંગલમાં જાય અને બાવો થાય ત્યારે. ઓલો કહેતો હતો, અમૃતલાલ છે ને? પ્રશ્ન નારદ. આવું બધું તમે કહો એ તો અમે જંગલમાં જઈએ તો આ બધું થાય. બધામાં રહીને અમને આવું મનાય? ક્યાં છો પણ બધામાં? તેં માન્યું છે કે હું બધામાં છું. તું બધામાં છે નહિ. તું તારામાં છો. આહાહા..! શિવલાલભાઈ! આહાહા..!

તારે સત્ય શ્રદ્ધા જોઈતી હોય તો જ્યાં હશે ત્યાંથી મળશે ને? બાયડી, છોકરા, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્રમાં ત્યાં છે શ્રદ્ધા? સમજાણું કાંઈ? સત્ય શ્રદ્ધા એ તો તારા દ્રવ્ય-ગુણમાં છે. તત્ત્વ રુચે શ્રદ્ધા એ તો તારા ગુણમાં છે. સત્‌રૂપે શ્રદ્ધા એ દ્રવ્યમાં છે. એને અંદરમાં શોધ તો સત્ શ્રદ્ધા થાશે. સમજાણું કાંઈ? વિભ્રમ ટળે અને ભ્રમણા જાય અને ભગવાન જાગે. આહાહા..! બીજેથી સમ્યક્ શ્રદ્ધા ક્યાંયથી અહીં છે.. અહીં છે...? આહાહા..! અહીં તો એમ કહે છે કે દેવ-ગુરુ અને શાસ્ત્ર જે છે એ પરપદાર્થ છે. અને પરને મારા માનવા એ ધર્મ નથી. પર છે એ. આહાહા..! એવા પ્રકારના જે સંસ્કાર લઈને જન્મે તો એ સંસ્કાર જે ભવિષ્યમાં એ જ પોતાને માને પાછો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૨, સોમવાર તા. ૩૦-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૧૨-૧૪, પ્રવચન - ૨૦**

૧૨મી ગાથાનો ભાવાર્થ. સમાધિતંત્ર.

'**ભાવાર્થ :- આ જીવને અજ્ઞાનજનિત અવિદ્યા સંસ્કાર...**' એટલે કે ચૈતન્યસ્વરૂપ પૂર્ણાનંદ છું એના ભાન વિના, બાહ્ય શરીર, સ્ત્રી, પુત્રાદિ મારા છે અને હું એનો છું. ક્યાંક એનું અસ્તિત્વ તો કબુલ કરવું પડે ને? પોતે સચ્ચિદાનંદ શુદ્ધ.... કેમ આજે છોકરાઓ નથી આવ્યા? ગયા? અવિદ્યારૂપ સંસ્કાર. જે ચીજ એનામાં નથી, એની નથી એને પોતાની માને. શરીર, વાણી, મન આ બધું હું છું. સ્ત્રી, કુટુંબ, પરિવાર એ બધા મારા અંગો છે. શરીર જેમ અંગ છે એમ આ બધા અંગીતો છે મારા. એમ માનીને અવિદ્યા અજ્ઞાનને સેવે છે. મૂળ આખી માન્યતા ઉપર ફેર છે એ વાતની લોકોને ખબર પડતી નથી. બહારના આચરણ ક્રિયા ને એનો ત્યાગ, એને માને. મૂળ ગાંઠ જે છે એ શ્રદ્ધાની ઊંધી છે. આહાહા..! રાગની ક્રિયા છે એ પણ મારી છે અને હું કરું છું એ અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? એ શરીરમાં કાંઈક રોગ થાય તો એને એમ (થાય) કે મને થયો છે. આહાહા..!

એમ '**સ્ત્રી-પુત્રાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવાથી...**' એટલે કે એ હું છું. એ મારા છે અને એ હું છું. અહં-મમ. આહાહા..! '**આ સંસ્કાર દૃઢ થાય છે. અને તેને લીધે અન્ય જન્મમાં પણ જીવ શરીરને જ આત્મા માને છે.**' ત્યાં જાય તો એ મય છે. શરીર આ.. આ.. આ.. એની નજર ત્યાં છે. એ આવી ગયું આમાં. મોક્ષ પ્રાભૃતમાં એ આવી ગયું?

**मिच्छाणाणे सुरओ मिच्छाभावेण भाविओ संतो।**
**मोहोदयेण पुणरवि अंगं सम्मणणए मणुओ।।११।।**

કુંદકુંદાચાર્યની. એ આવી ગયું અંદર.

શરીરમાં કાંઈક થતાં મને થયું છે. રોગ થતાં મને રોગ થયો. આહાહા..! આ મૂઢ દશા, અજ્ઞાન દશા. એના સંસ્કાર દઢ થવાથી ફરીને જ્યાં જન્મશે ત્યાં પાછો એ શરીરને જ (આત્મા) માનશે. આહાહા..!

'**અનાદિ અજ્ઞાનતાના કારણે આ જીવને જે પર્યાય (શરીર) પ્રાપ્ત થાય છે તેને તે પોતાનો આત્મા સમજી લે છે...**' એ જ હું છું. બીજું કોણ છે? '**અને તેનો આવો અજ્ઞાનાત્મક સંસ્કાર જન્મ-જન્માન્તરોમાં પણ બન્યો રહેવાથી તે દઢ થતો જાય**

છે. **જેમ રસ્સીના ઘસારાથી...'** રસ્સીના ઘસારાથી. આ કૂવામાં આવે છે. નિશાળમાં આવતું. **'રસ્સીના ઘસારાથી કૂવાના પત્થરમાં કાપો વધુ ને વધુ ઊંડો પડતો જાય છે, તેમ અવિદ્યાના સંસ્કારો પણ અજ્ઞાની જીવમાં વધુ ને વધુ ઊંડા ઉતરતા જાય છે.'** મરવા ટાણે પણ એ જાતના સંસ્કાર છે તો એ સંસ્કારમાં અસમાધિ કરીને મરીને જાય... ગતિ કરે (ત્યારે) આહાહા..!

**'અવિદ્યાના સંસ્કારોથી પ્રેરાઈ આ જીવ શરીરાદિ પર પદાર્થો વિષે આત્મબુદ્ધિ કરે છે. પોતાને પરનો કર્તા-ભોક્તા માને છે,...'** અહીં વધારે લીધું. શરીરની ક્રિયા, વાણીની ક્રિયા એનો હું કર્તા છું. અને એ ક્રિયાનો ભોક્તા હું છું. એવો **'પર પ્રત્યે અહંકાર-મમકાર...'** એ હું, એ મારા. એમ. એ હું, એ મારા. એવી **'બુદ્ધિ ને એકતાબુદ્ધિ કરે છે.'** અહંકાર-મમકાર બુદ્ધિ ને એકતાબુદ્ધિ કરે છે. **'આ કારણથી તેને રાગ-દ્વેષ થાય છે...'** આહાહા..! **'અને રાગ-દ્વેષથી તેનું સંસાર-ચક્ર ચાલુ જ રહે છે.'** આહાહા..! માણસ મરીને પશુ, પશુ મરીને નારકી, નારકીમાંથી ઢોર, ઢોર મરીને એકેન્દ્રિય. આહાહા..!

જે ચીજ છે જ્ઞાતા-દૃષ્ટા એને પોતાની ન માનતા, એ માને તો તો પરથી ઉદાસ થઈ જાય ને. પણ આ ઉદાસ નથી, પ્રેરક છે પરનો. આહાહા..! મારી પ્રેરણાથી દેહની ક્રિયા થાય છે. મારી પ્રેરણાથી. હું ધ્યાન રાખું છું તો શરીરમાં નિરોગતા રહે છે. સમજાણું કાંઈ? એક ડોસો હતો એ આમ ચાલતો હળવે-હળવે. શરીર નિરોગી. મેં કીધું, આ શું ચાલે છે? પછી મેં પૂછ્યું નહિ પણ બીજાએ પૂછ્યું. ત્રિભુવન વિઠ્ઠલ. લાઠી. ત્રિભુવન .. વિઠ્ઠલ. તમે નહિ જોયા હોય. ડોસા. શરીર બહુ સારું. મેં કીધું, આને કાંઈ શ્વાસ નથી, કફમાં રોગ નથી. અને આ કેમ ચાલે છે? ત્યારે કો'કે પૂછ્યું. મને એમ કે.. હળવે-હળવે ચાલતા શરીરને ઠીક રહે. હતું શરીર નિરોગી. ત્રિભુવન વિઠ્ઠલ. કાપડની દુકાન હતીને બજારમાં. બજારમાં. રતિલાલ ત્રિભુવન નહિ? રતિલાલ ... મરી ગયો ને? અહીં રહ્યો હતો. શરીરમાં જો હળવે ચાલીએ તો શ્વાસનું દબાણ ન થાય. આમ.. આમ.. તો આયુષ્ય વધે. તૂટે નહિ. આરેરે..! મારી નાખ્યા. એ વખતે એમ કહેવાતું હતું, હોં! શ્વાસ જેમ ઓછા લેવાય એમ આયુષ્ય વધે. કીધું, નારકીનો શ્વાસ બહુ છે. તે દિ'ની વાત છે. આ તો (સંવત) ૧૯૭૧ની વાત છે. નારકનો શ્વાસ તો બહુ છે. છતાં મરતા નથી. ૩૩-૩૩ સાગર રહે છે. આહાહા..! શ્વાસ-ધમણે અને મુંઝવણ... મુંઝવણ... મુંઝવણ.. ક્યાંય શ્વાસ લેવાય નહિ એવી દશા. એવા એવા તો અસંખ્ય ભવ, અસંખ્ય વર્ષનો એક પલ્યોપમ. એવા એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ. એવા ૩૩-૩૩ સાગરે અનંત વાર રહ્યો. આહાહા..! એના શ્વાસનો પાર નથી. શ્વાસને લઈને કહે તો ૩૩ સાગર જઈ આવ્યો છો તું. શ્વાસ તો બહુ આવે છે.

સમજાણું કાંઈ? પણ શરીરના શાતાશિળિયા એવા હોય છે ને. એ બધું ત્યાં જ એનું ધ્યાન હોય શરીરમાં. આમ રાખું. એ શરીરની એકત્વબુદ્ધિના લક્ષણ છે એ બધા. મિથ્યાત્વના. આહાહા..! સમજાણું કાંઈ? એ બધા પછી મરીને જવાના ઢોરમાં, ઢોર થવાના. ઢોર મરીને નરકે જશે. નિરાંતે જાશે પછી ઘણો કાળ રહેશે. આહાહા..! અરે..! તું કોણ? ભાઈ! તને ખબર નથી, બાપુ!

કહે છે '**તેનું સંસાર-ચક્ર ચાલુ જ રહે છે.**' છે ને છેલ્લો શબ્દ? આહાહા..!

---

**एवमभिमन्यमानश्चासौ किं करोतीत्याह –**

**देहे स्वबुद्धइरात्मानं युनक्त्येतेन निश्चयात्।**
**स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनं।।१३।।**

**टीका :– देहे स्वबुद्धित्मबुद्धिरार्बहिरात्मा किं करोति? आत्मानं युनक्ति सम्बन्धं करोति दीर्घसंसारिणं करोतीत्यर्थः। केन? एतेन देहेन। निश्चयात् परमार्थेन स्वात्मन्येव जीवस्वरूपे एव आत्मधीरन्तरात्मा। निश्चयाद्वियोजयति असम्बद्धं करोति देहिनं।।१३।।**

---

**એવી રીતે માનીને તે શું કરે છે? તે કહે છે :-**

શ્લોક - ૧૩

**અન્વયાર્થ :- (देहे स्वबुद्धिः) શરીરમાં આત્મબુદ્ધિ કરના બહિરાત્મા (निश्चयात्) નિશ્ચયથી (आत्मानं) પોતાના આત્માને (एतेन) તેની સાથે-શરીરની સાથે (युनक्ति) જોડે છે-સંબંધ કરે છે, અર્થાત્ બંનેને એકરૂપ માને છે, પરંતુ (स्वात्मनि एव आत्मधीः) પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ કરના અંતરાત્મા (देहिनं) પોતાના આત્માને (तस्मात्) તેનાથી-શરીરથી (वियोजयति) પૃથક્-અલગ કરે છે.**

**ટીકા :- શરીરમાં[1] સ્વબુદ્ધિ-આત્મબુદ્ધિ કરના બહિરાત્મા શું કરે છે? તે (પોતાના) આત્માને (શરીર સાથે) જોડે છે-(તેની સાથે) સંબંધ કરે છે; તેને દીર્ઘ સંસારી કરે છે-એવો અર્થ છે. કોની સાથે (જોડે છે)? નિશ્ચયથી એટલે નક્કી તે શરીર સાથે (જોડે છે); પણ આત્મામાં જ એટલે જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો અંતરાત્મા**

---

૧. પાટણ-જૈન ભંડારની પ્રત આધારે 'સમાધિશતક'ની ટીકાના અનુવાદમાં શ્રીયુત મણિલાલ નભુભાઈ ત્રિવેદીએ નીચે પ્રમાણે લખ્યું છે :-

''બહિરાત્માને દેહને વિષે જ આત્મબુદ્ધિ છે, ને તે આત્માને પરમાનંદ ન પામવા દેતાં, દેહમાં જ બાંધી રાખે છે, અર્થાત્ દીર્ઘ સંસારતાપમાં પાડે છે...''

નિશ્ચયથી તેને (આત્માને) તેનાથી (શરીરથી) પૃથક્ (અલગ) કરે છે-(શરીર સાથે) અસંબંધ કરે છે.

ભાવાર્થ :- અજ્ઞાની બહિરાત્મા પોતાના શરીરમાં સ્વ-બુદ્ધિ-આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ શરીર અને આત્માને એકરૂપ માને છે, જ્યારે જ્ઞાની અંતરાત્મા પોતાના આત્માને શરીરથી ભિન્ન સમજે છે.

"....આ જીવ એ શરીરને પોતાનું અંગ જાણી પોતાને અને શરીરને એકરૂપ માને છે, પણ શરીર તો કર્મોદય આધીન કોઈ વેળા કૃશ થાય, કોઈ વેળા સ્થૂલ થાય, કોઈ વેળા નષ્ટ થાય અને કોઈ વેળા નવીન ઊપજે, ઈત્યાદિ ચરિત્ર થાય છે. એ પ્રમાણે તની પરાધીન ક્રિયા થવા છતાં આ જીવ તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે...."[૨]

દેહાધ્યાસથી મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા શરીરને જ આત્મા માનતો હોવાથી તેને નવા નવાં શરીરોનો સંબંધ થતો રહે છે અને તેથી તે અનંતકાલ સુધી આ ગહન સંસારવનમાં ભટકતો ફરે છે તથા સંસારના તીવ્ર તાપથી સદા બળતો રહે છે.

અન્તરાત્માને શરીરાદિમાં આત્મબુદ્ધિ (મમત્વબુદ્ધિ) હોતી નથી; પણ તેને પોતાના જ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મામાં જ આત્મબુદ્ધિ હોય છે; તેથી તે શરીરને, પોતાના ચૈતન્યસ્વરૂપથી ભિન્ન, પુદ્ગલનો પિંડ સમજે છે. ભેદ-જ્ઞાનના બળે તે ધ્યાન દ્વારા-સ્વરૂપલીનતા દ્વારા પોતાના આત્માને શરીરાદિના બંધનથી સર્વથા પૃથક્ કરે છે અને સદાને માટે મુક્ત થઈ જાય છે.

આવી રીતે દૃષ્ટિફેરને લીધે બહિરાત્મા પર સાથે એક્તાબુદ્ધિ કરી સંસારમાં રખડે છે, જ્યારે અંતરાત્મા પર સાથેનો સંબંધ તોડી તથા સ્વ સાથે સંબંધ જોડી અંતે સંસારના દુઃખોથી સર્વથા મુક્ત થાય છે.

અનાદિ કાલથી શરીરને આત્મા માનવાથી ભૂલ જીવે પોતે જ પોતાની અજ્ઞાનતાથી કરી છે અને આત્મજ્ઞાન વડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે.

'શરીરાદિમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમથીત ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી જ શાન્ત થાય છે'[3] ૧૩.

---

૨. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ-પૃ.૨૪.

૩. જુઓ સમાધિતંત્ર શ્લોક-૪૧.

## શ્લોક-૧૩ ઉપર પ્રવચન

'એવી રીતે માનીને તે શું કરે છે? તે કહે છે-' ૧૩મી ગાથા.

देहे स्वबुद्धइरात्मानं युनक्त्येतेन निश्चयात्।
स्वात्मन्येवात्मधीस्तस्माद्वियोजयति देहिनं।।१३।।

'ટીકા :- શરીરમાં સ્વબુદ્ધિ-' અહીં કાંઈક લખ્યું છે. એકડો. '**પાટણ-જૈન ભંડારની પ્રત આધારે સમાધિશતકની ટીકાના અનુવાદમાં શ્રીયુત મણિલાલ નભુભાઈ ત્રિવેદીએ નીચે પ્રમાણે લખ્યું છે :- બહિરાત્માને દેહને વિષે જ આત્મબુદ્ધિ છે, ને તે આત્માને પરમાનંદ ન પામવા દેતાં,...**' આહા..! ભગવાન આત્મામાં પરમ અતીન્દ્રિય આનંદ છે. એને ન પામવા દેતા અહીં અટકીને ઊભો છે. આહાહા..! દેહના આચરણમાં, દેહની ક્રિયામાં રોકાઈ જઈ અને પરમાનંદનું પામવું થતું નથી. છે? એટલે અસમાધિ થાય છે એમ કહે છે. દેહના રક્ષણની બુદ્ધિ અને એ મારું, એની સંભાળ (એમાં) એકલી અસમાધિ ઉત્પન્ન થાય છે એમ કહે છે. એ અસમાધિ છે. આહાહા..! પોપટભાઈ! આહાહા..!

'**દેહમાં જ બાંધી રાખે છે,...**' શું કહે છે? '**આત્માને પરમાનંદ ન પામવા દેતાં,...**' એટલે? કે શરીર, વાણી, મન એની ક્રિયામાં તે રોકાતા આ હું છું અને આનું મારે ધ્યાન રાખવું જોઈએ, એવી આત્મબુદ્ધિથી તે આત્માના પરમાનંદને પામવા દેતો નથી. આહાહા..! **દેહમાં જ બાંધી રાખે છે, અર્થાત્ દીર્ઘ સંસારતાપમાં પાડે છે...**' દીર્ઘ સંસારતાપ. ઓહોહો..! ગજબ વાત છે! બ્રહ્મદત્ત ચક્રવર્તી. સોળ હજાર દેવ સેવા કરે. ૩૨ હજાર રાજા ચામર ઢાળે. એક સ્ત્રીની હજાર દેવ સેવા કરે સ્ત્રી રતન એ આમ હીરાના ઓલે સૂતો હતો. ઢોલીયે. હીરાના ઢોલીયે હોં! એક એક હીરો કરોડનો એવો આખો ઢોલિયો. સાતસો વર્ષનું આયુષ્ય પૂરું થયું. મરીને ૩૩ સાગરે ગયો. આહાહા..!

મુમુક્ષુ :- અહીં ૭૦૦ અને ત્યાં ૩૩.

ઉત્તર :- ૩૩. ભાઈએ કીધું ને. ૧૧ લાખ પલ્યોપમ. એક શ્વાસમાં... એક શ્વાસ એટલામાં એણે અનુકૂળ માન્યું શરીરમાં. ૧૧ લાખ પલ્યોપમનું દુઃખ ત્યાં છે. ગજબ છે ને! આહાહા..! ૧૧ લાખ પલ્યોપમ કોને કહે? બહુ તીવ્રતા દેહમાં, વાણીમાં... શાતાશિળિયા જેને કહે છે. પરમાં શરીરમાં શાતાના સ્વભાવવાળા. એ અનુકૂળતાના સ્વભાવવાળા. આહાહા..! એને એક શ્વાસનું દુઃખ. અહીં શ્વાસનું સુખ. એના ફળમાં ૧૧ પલ્યોપમનું દુઃખ. પલ્યોપમ કીધું. સમજાણું? આહાહા..! એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એક પલ્યના અસંખ્યમા

ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવો એક પલ્યોપમ. એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમ, એવા ૩૩ સાગર. આહાહા..! પડ્યો છે અત્યારે નરકમાં. રવ રવ નરકે પડ્યો છે. આહાહા..!

ભગવાન ચૈતન્યદેહ મારો છે, આનંદદેહ મારો છે એને ભૂલીને. આનંદશરીર એ હું છું એમ ન માનતા, દેહના દુઃખે દુઃખી, સુખે સુખી, એમ માન્યતાથી એને ચાર ગતિમાં રખડવું પડે છે. આહાહા..! ભલે ત્યાગી હોય, સાધુ થયો હોય પણ અંદરમાં એ રાગની ક્રિયા. ખરેખર એ કાર્મણ શરીર છે એ કાર્મણનું ફળ છે, એને પોતાનું માની એમાં રોકાઈ ગયો છે. આહાહા..! એથી એને ચૈતન્ય, દેહ અને રાગથી ભિન્ન એનું ભાન નહિ હોવાથી, આમાં હું છું એમ માન્યતાથી ચાર ગતિના ભવોના ચક્રો કરે છે અનાદિથી. આહાહા..!

ટીકા :- '**શરીરમાં સ્વબુદ્ધિ-આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા...**' બહિર્ છે ને બાહ્ય? રાગ એ બાહ્ય છે, શરીર બાહ્ય છે, વાણી બાહ્ય છે, સ્ત્રી-પુત્ર-કુટુંબ-મકાન-આબરૂ-કીર્તિ-પૈસા એ બધી બાહ્ય ચીજ છે. આહાહા..! એ બાહ્ય ચીજમાં '**(શરીર સાથે) જોડે છે...**' આહાહા..! પાઠ એ છે ને? જુઓને! સ્વબુદ્ધિ. '**युनक्ति**' '**युनक्ति**' '**युनक्ति**' એટલે જોડે છે. જે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એમાં ન જોડાતા રાગ અને શરીરની ક્રિયામાં જોડાઈને એકાકાર થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? બંનેને એકરૂપ માને છે. '**તેને દીર્ઘ સંસારી કરે છે**' આહાહા..! શરીર, વાણી, મન ત્યાં આત્મા જોડાય છે. જે એના વિનાનો છે છતાં એમાં જોડાઈને એકત્વબુદ્ધિ માનીને... આહાહા..! બહુ ટૂંકામાં ન્યાય આપ્યા છે બધા. '**દીર્ઘ સંસાર...**' ચાર ગતિમાં રખડવાનો દીર્ઘ સંસાર ઊભો કરે છે. ઓહોહો..! '**એવો અર્થ છે.**'

'**કોની સાથે (જોડે છે)? નિશ્ચયથી એટલે નક્કી તે શરીર સાથે (જોડે છે);...**' સવારે ઉઠે, એકદમ આંખ્યું ચોળી આમ થાય એ બધું.. પછી ચીપડા-બીપડા કાઢે, પછી દાંતણ કરે, મોઢું સાફ કરે. મોઢું સાફ કરે પછી ચા પીવે. પછી ખાખરો ખાય. કેમ ખાખરો કહે છે ને? સવારમાં ખાખરો ખાય. એમાં વળી કેરીનું અથાણું હોય તો કેરીના ચીરીયા ભેગા ખાખરા સાથે ખાય. આહાહા..! શું કરે છે આ? ત્યાં જોડાઈ ગયો છે એમ કહેવું છે. અને પછી વળી પટીયા કરે પાછા થોડા. આમ નથી કરતા? આની કોરના વાળ આમ ઉતારે, આની કોરના વાળ આમ ઉતારે. પછી આમ અરિસામાં આમ કરીને જોવે ચાંદલો કરવા. ગાંડો છે. આહાહા..! ...કોળી હતો? કોણ હતો? કોળી હતો ઈ? અહીં કામ કરતો ઈ. હરિજન હતો? ચમાર. આ કામ કરતો હતો. અહીં બેસી રહેતો હતો. મગજ ફરી ગયું હતું. આજે આવ્યા છે. મનો હરિજન. આ.. કર્યો ત્યારથી કામ કરતો હતો તે ઠેઠ સુધી. કાંઈ કામકાજ ન હોય તો બેસી રહે. આપણે જઈએ ત્યારે જોઈએ કે બેઠા છે. આખો દિ' કામ ન હોય એટલે બેસે. પછી તો મગજ ફરી ગયું હતું. માણસ લાવ્યા હતા, પગે લગાડવા,

અહીં તો બાહ્યથી મગજ ફરી ગયું. ઓલું અંતર મગજ ફરી ગયું છે અનાદિનું. આહાહા..!

શરીરમાં શાતાએ સુખી માને, શરીરમાં અશાતાએ દુઃખી માને. એ બધું આવી ગયું છે. આવશે. શરીરનું જાડાપણું તે પણ હું. વસ્ત્રનો દાખલો આપશે ને, પાતળાપણું તે હું, રૂપાળાપણું–ગોરાપણું તે હું, ઘઉંવર્ણો રંગ શરીરનો તે હું. હું કાળો છું, આહાહા..! ભાઈ! તારું અસ્તિત્વ ક્યાં છે? તું ભૂલ્યો. ભીંતને ભૂલ્યો, બાપુ! એવી ચીજમાંથી નીકળી જવું જોઈએ અને ભગવાન આત્મામાં વાસ હોવો જોઈએ. શરીર, વાણી, મનના સંગમાંથી છૂટીને આત્મા આનંદસ્વરૂપમાં પ્રભુ! તારો વાસ જોઈએ, તારી ચીજમાં વાસ જોઈએ. એ મૂકી દઈને પરના વાસમાં વસે.. આહાહા..! કહે છે, એ ચાર ગતિમાં શરીર સાથે જોડીને શરીરો કર્યા જ કરે. હવે સવળું.

'**પણ આત્મામાં જ એટલે જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો અંતરાત્મા...**' સમજાણું? આહાહા..! ભગવાન આત્મા રાગથી રહિત છે. આત્મામાં છે ને. શરીરના કોઈ પણ પર્યાયની ક્રિયાથી તદ્દન અત્યંત અભાવ છે. અરે..! એ તો ઠીક પણ રાગનો વિકલ્પ જે છે એનાથી પણ અત્યંત અભાવસ્વભાવ સ્વરૂપ છે ભગવાન. આહાહા..! પરદ્રવ્યના અભાવસ્વભાવ સ્વરૂપ તો છે પણ એ રાગના ભાવથી પણ અભાવસ્વભાવ સ્વરૂપ છે. આહાહા..! ત્યાં એની દૃષ્ટિ હોવી જોઈએ, એમ કહે છે. બહુ કામ આકરું પણ. આહાહા..!

કહે છે, ભાઈ! '**જીવસ્વરૂપમાં જ આત્મબુદ્ધિવાળો...**' છે ને? પેલો પર સ્વરૂપમાં આત્મબુદ્ધિવાળો. આહાહા..! '**અંતરાત્મા નિશ્ચયથી તેને (આત્માને) તેનાથી (શરીરથી) પૃથક્ (અલગ) કરે છે–**' આહાહા..! અંતર આત્મા અને ઓલો બહિરાત્મા. વસ્તુમાં રાગ અને શરીરાદિ, વાણી આદિ નથી. નથી એની સાથે જોડાણ કરે છે. એ સંસારમાં રખડે છે. આહાહા..! અને આત્મામાં અંતર સ્વરૂપમાં, જે અંતરાત્મામાં જોડે છે જીવને પોતાને. '**(શરીર સાથે) અસંબંધ કરે છે.**' અસ્તિ–નાસ્તિ કરી. ઓલો શરીર અને રાગ સાથે સંબંધ કરે છે. સં-બંધ. આ આત્મા અને આ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિથી શરીર સાથે અસંબંધ રાખે છે. આહાહા..! નાળીયેરનો ગોળો જેમ અંદર છૂટો રહે. ભલે એ કાચલીમાં પડ્યો દેખાય, પણ છે કાચલીથી છૂટો. એમ શરીરમાં હોય આત્મા, છતાં એ રાગ અને શરીરથી જુદું તત્ત્વ છે. આહાહા..! એવી રીતે વાસ રાખે છે આત્માનો, તેને અહીં અંતરાત્મા કહે છે. આહાહા..! આવી કોઈ ક્રિયા કરે તો અંતરાત્મા એમ નથી કહ્યું. વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે તો એ અંતરાત્મા છે. (એમ નથી કહ્યું). આહાહા..!

એ વિકલ્પ અને રાગ અને શરીર ને મન ને વાણી બધાથી ભિન્ન પડીને... આહાહા..! જેનો આત્મા આત્મામાં દૃષ્ટિથી વસે છે. આહાહા..! એ અંતરાત્માએ શરીરનો સંબંધ છોડી દીધો છે. એટલે ભવિષ્યમાં પણ એને શરીર મળશે નહિ. આહાહા..!

**'ભાવાર્થ :- અજ્ઞાની બહિરાત્મા પોતાના શરીરમાં સ્વ-બુદ્ધિ-આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ શરીર અને આત્માને એકરૂપ માને છે, જ્યારે જ્ઞાની અંતરાત્મા પોતાના આત્માને શરીરથી ભિન્ન સમજે છે.'** ... શરીરને એકરૂપ. શરીરને પોતાનું અંગ જાણી. અંગીત જાણી. આમ નથી કહેતા કે આ મારા અંગત માણસો છે. ખાનગી વાત કરવી હોય તો એને અમે કરીએ છીએ. અંગીત છીએ અમે. ધૂળેય નથી અંગીત હવે સાંભળને. આહાહા..! તારા અંગ તો જ્ઞાન-દર્શન અંગી તો તું છે. એમાં અંગ જો હોય તો જ્ઞાન-દર્શન અને આનંદ એ તારા અંગ છે. આહાહા..! એને છોડીને....

**'આ જીવ એ શરીરને પોતાનું અંગ જાણીને પોતાને અને શરીરને એકરૂપ માને છે, પણ શરીર તો કર્મોદય આધીન કોઈ વેળા કૃશ થાય,...'** કર્મના ઉદય પ્રમાણે કોઈ વખતે રોગ થઈ જાય, પાતળું પડી જાય. આહાહા..! **'કોઈ વેળા સ્થૂલ થાય, કોઈ વેળા નષ્ટ થાય...'** ... **'કોઈ વેળા નવીન ઊપજે, ઈત્યાદિ ચરિત્ર થાય છે. એ પ્રમાણે...'** આચરણો શરીરમાં થાય. આહાહા..! **'એ પ્રમાણે તેની પરાધીન ક્રિયા થવા છતાં...'** એ પરાધીન થાય છે ને? શરીર કૃશ, નબળું એ ક્યાં એને આધીન છે? આહાહા..! **'આ જીવ તેને પોતાને આધીન જાણી મહા ખેદખિન્ન થાય છે...'** મોક્ષમાર્ગ પ્રકાશકનું છે એ. પાનું ૨૪ છે ને.

**'દેહાધ્યાસથી મિથ્યાદષ્ટિ બહિરાત્મા...'** દેહના અધ્યાસથી.. છૂટે દેહાધ્યાસ તો... આવે છે ને? '(છૂટે) દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ, નહિ ભોક્તા તું તેહનો એ જ ધર્મનો મર્મ.' આ **'દેહાધ્યાસથી મિથ્યાદષ્ટિ બહિરાત્મા શરીરને જ આત્મા માનતો હોવાથી તેને નવાં નવાં શરીરોનો સંબંધ થતો રહે છે અને તેથી તે અનંતકાળ સુધી આ ગહન સંસારવનમાં...'** આહાહા..! લાખો ઝાડ હોય, થડે થડમાં વચ્ચે આંતરો પણ થોડો હોય, એમાં જઈ ચડ્યો હોય અને ગુંચાણો હોય, નીકળવું શી રીતે એમાંથી? એમ આ ચોર્યાસીના અવતારમાં શરીરમાં ગૂંચાઈ ગયો છે. સંસાર મોટું વન. અનેક શરીરની ઉત્પત્તિના ક્ષેત્રમાં પોતે ગૂંચાઈ ગયો છે. સંસાર એ જાતનું ચારિત્ર છે આ.

**'તેને નવા નવા શરીરોનો સંબંધ થતો રહે છે અને તેથી તે અનંતકાલ સુધી આ ગહન સંસારવનમાં ભટકતો ફરે છે તથા સંસારના તીવ્ર તાપથી સદા બળતો રહે છે.'** ખેદખિન્ન આકુળતા.. આકુળતા... આકુળતા. ભગવાનસ્વરૂપ, શાંતસ્વરૂપ, શાંત અકષાયસ્વરૂપ અકષાય દ્રવ્ય, અકષાય ગુણ, અકષાય પર્યાય. આહાહા..! એને પોતાનું ન માનતા આ શાંત... શાંત.. શાંત.. અકષાય સ્વભાવ એ જ મારામાં વિસ્તાર તરીકે પડ્યો છે. રાગાદિ શરીર હું છું એમ એણે માન્યું છે. આહાહા..! ભલે ધર્મનું નામ આપીને ક્રિયા

કરે પણ એ બધી અજ્ઞાનની ક્રિયાઓ છે. આહાહા..!

**'અંતરાત્માને શરીરાદિમાં...'** બે વાત હતીને એટલે પહેલું આ કહ્યું. **'શરીરાદિમાં આત્મબુદ્ધિ (મમત્વબુદ્ધિ) હોતી નથી;...'** શરીરમાં, વાણીમાં, મનમાં, રાગમાં એ મારા છે (એમ નથી), અમે તો એનાથી પૃથક્ છીએ. આહાહા..! **'પણ તેને પોતાના જ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મામાં જ આત્મબુદ્ધિ હોય છે;...'** એ આવ્યું, જુઓ! શરીરનું અંગ પોતાનું માને છે અજ્ઞાની, ત્યારે આને પોતાનો અંગી એવો આત્મા એના જ્ઞાન-દર્શન એના અંગ એને માને છે. આહાહા..! પહેલું સમ્યગ્દર્શન ધર્મની ક્રિયામાં પહેલું પ્રધાન તો એ છે. એને મૂકી દઈને બીજી વાતું કરે... આહા..! એનો સંસાર નહિ ટળે. કોઈ સ્વર્ગાદિ મળે તો એ તો એનું એ છે.

**'તેથી તે શરીરને, પોતાના ચૈતન્યસ્વરૂપથી ભિન્ન, પુદ્‌ગલનો પિંડ સમજે છે.'** આહાહા..! પ્રવચનસારમાં આવ્યું છે ને? શરીરનો હું કર્તા નથી. શરીરનો યોજક-યોજના કરનારો હું નથી. કે આનું આમ રાખવું, આનું આમ રહેવું. આહાહા..! શરીરનો હું અનુમોદન (કરનારો) નથી. શરીર થકી ક્રિયામાં મારું કારણ નથી. વાણી આદિ થતી ક્રિયામાં મારું કારણ નથી. નિમિત્ત કારણ તો છે ને? એ કારણ જ નથી. આહાહા..! છે? શરીરાદિને પુદ્‌ગલનો પિંડ સમજે છે. શરીરને સદ્‌ઉપયોગે લગાડવું. એમ કહે છે. ભાઈ આવ્યા હતાને, ઢેબરભાઈ. શરીરનો સદુપયોગ. સદ્‌ઉપયોગ શું? ... શરીરથી સારા કામ કરવા. બીજાને.. શરીરથી કરે છે? આહાહા..!

**'તેથી તે શરીરને, પોતાના ચૈતન્યસ્વરૂપથી ભિન્ન, પુદ્‌ગલનો પિંડ સમજે છે. ભેદ-જ્ઞાનના બળે તે ધ્યાન દ્વારા-સ્વરૂપલીનતા દ્વારા પોતાના આત્માને શરીરાદિના બંધનથી સર્વથા પૃથક્ કરે છે અને સદાને માટે મુક્ત થઈ જાય છે.'** ઓલો સંસાર ચક્રમાં વધી જાય છે રખડવા. આ મુક્ત થઈ જાય છે. (પર સાથે) સંબંધ તોડી, સ્વ સાથે સંબંધ જોડી અંતે સંસારના દુઃખોથી સર્વથા મુક્ત થાય છે. એ ગાથાના બેય ભાવ કર્યા.

**'અનાદિ કાલથી શરીરને આત્મા માનવાથી ભૂલ જીવે પોતે જ પોતાની અજ્ઞાનતાથી કરી છે...'** સમજાણું? કર્મે કરાવી છે એમ નથી, એમ કહે છે. ... છે ત્યાં. **'આત્મજ્ઞાન વડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે.'** આ બે વાત છે. બહુ ટૂંકું કરી નાખ્યું આ. અનાદિ કાળથી શરીર ને વાણી ને મન ને એને પોતાના માનવાની ભૂલ જે પોતે પોતાની અજ્ઞાનતાથી છે, કર્મથી નહિ. ઓહોહો..! કર્મનો ઉદય અને રાગ વચ્ચે તો અત્યંત અભાવ છે. કર્મને લઈને રાગ નથી. આહાહા..! રાગ અને આત્માના સ્વભાવ વચ્ચે પણ અત્યંત અભાવ છે. ભલે એની પર્યાયમાં છે તો અસ્તિ છે એની, સમજાણું કાંઈ? પણ એ રાગને અને સ્વભાવ ચૈતન્યઘનને બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું

કાંઈ? એ રીતે ધર્મી જાણતો, અનુભવતો... આહાહા..! **'આત્મજ્ઞાન વડે તે જ પોતાની ભૂલ સુધારી શકે છે.'** એ ભૂલ છે એ કોઈ ક્રિયા કરે, વ્રત કરે, તપ કરે ને સુધરી શકે એમ નથી. આહાહા..! બહુ આકરી વાત.

**'શરીરાદિમાં આત્મબુદ્ધિરૂપ વિભ્રમથી ઉત્પન્ન થયેલું દુઃખ આત્મજ્ઞાનથી જ શાંત થાય છે.'** સમાધિ ઉત્પન્ન કરે એ..શ્લોક આવશે આગળ. હેઠે છે ને? ૪૧.

---

देहेष्वात्मानं योजयतश्च बहिरात्मनो दुर्विलसितोपदर्शनपूर्वकमाचार्योऽनुशयं कुर्वन्नाह–

देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः।
सम्पत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत्।।१४।।

टीका :– जाताः प्रवृत्ताः। काः? पुत्रभार्यादिकल्पनाः। क्व? देहेषु। कया? आत्मधिया। क्व आत्मधीः? देहेष्वेव। अयमर्थः–पुत्रादिदेहं जीवत्वेन प्रतिपद्यमानस्य मत्पुत्रो भार्येतिकल्पना विकल्पा जायन्ते। ताभिश्चानात्मनीयाभिरनुपकारिणीभिश्च सम्पत्तिं पुत्रभार्यादिविभूत्यतिशयं आत्मानो मन्यते जगत्कर्तृ हा हतं नष्टं स्वस्वरूप-परिज्ञानाद् बहिर्भूतं जगत् बहिरात्मा प्राणिगणः।।१४।।

---

શરીરોમાં આથ્માનો સંબંધ જોડનાર બહિરાત્માના નિન્દનીય વ્યાપારને બતાવીને આચાર્ય ખેદ પ્રગટ કરતા કહે છે :-

શ્લોક - ૧૪

અન્વયાર્થ :- (देहेषु) શરીરોમાં (आत्मधिया) આત્મબુદ્ધિના કારણે (पुत्रभार्यादिकल्पनाजाताः) મારો પુત્ર, મારી સ્ત્રી, ઈત્યાદિ કલ્પનાઓ ઉત્પન્ન થાય છે. (हा) ખેદ છે કે (जगत्) બહિરાત્મ-સ્વરૂપ પ્રાણિગણ (ताभिः) એ કલ્પનાઓના કારણે (सम्पत्तिम्) સ્ત્રી-પુત્રાદિની સમૃદ્ધિને (आत्मनः) પોતાની સમૃદ્ધિ (मन्यते) માને છે. એવી રીતે આ જગત્ (हतं) હણાઈ રહ્યું છે.

ટીકા :- ઉત્પન્ન થઈ-પ્રવર્તી. શું (પ્રવર્તી)? પુત્ર-સ્ત્રી આદિ સંબંધીક લ્પનાઓ. શાને વિષે? શરીરો વિષે, ક્યા કારણે? આત્મબુદ્ધિના કારણે. શામાં આત્મબુદ્ધિ? શરીરોમાં જ. અર્થ એ છે કે-પુત્ર વગેરેના દેહને જીવરૂપે માનનારને, 'મારો પુત્ર, સ્ત્રી,-એવી કલ્પનાઓ-વિકલ્પો થાય છે. અનાત્મરૂપ અને અનુપકારક એવી તે કલ્પનાઓથી પુત્ર-ભાર્યાદિરૂપ વિભૂતિના અતિશય સ્વરૂપસંપત્તિને જગત્ પોતાની માને છે. અરે! સ્વસ્વરૂપના

પરિજ્ઞાનથી બહિર્ભૂત (રહિત) બહિરાત્મારૂપ જગત્-પ્રાણિગણ- હણાઈ રહ્યું છે.'

ભાવાર્થ :- દેહમાં આત્મબુદ્ધિના કારણે આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત બહિરાત્માઓ સ્ત્રી-પુત્રાદિ સંબંધોમાં મારાપણાની કલ્પનાઓ કરે છે અને તેમની સમૃદ્ધિને પોતાની સમૃદ્ધિ માને છે. આમ આ જગત્ હણાઈ રહ્યું છે-એ ખેદની વાત છે.

જ્યાં સુધી જીવને શરીરમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને પોતાના નિરાકુલ નિજાનન્દરસનો સ્વાદ આવતો નથી અને પોતાની અનંતચતુષ્ટયરૂપ સમ્પત્તિથી અજ્ઞાત રહે છે. તે સ્ત્રી-પુત્ર-ધન-ધાન્યાદિ બાહ્ય સમ્પત્તિઓને પોતાની માની તેના સંયોગ-વિયોગમાં હર્ષ-વિષાદ કરે છે. તેના ફલસ્વરૂપ તેનું સંસાર-પરિભ્રમણ ચાલુ રહે છે. તેથી આચાર્ય ખેદ દર્શાવતાં કહે છે કે, ''હાય! આ જગત્ માર્યું ગયું! ઠગાઈ ગયું! તેને પોતાનું કાંઈ પણ ભાન રહ્યું નહિ!''

## વિશેષ

''....વળી કોઈ વખતે કોઈ પ્રકારે પોતાની ઈચ્છાનુસાર પરિણમતા જોઈ આ જીવ એ શરીર-પુત્રાદિકમાં અહંકાર-મમકાર કરે છે અને એ જ બુદ્ધિથી તેને ઉપજાવવાની, વધારવાની તથા રક્ષા કરવાની ચિંતાવડે નિરંતર વ્યાકુળ રહે છે, નાના પ્રકારના દુઃખ વેઠીને પણ તેમનું ભલું ઈચ્છે છે...''[1]

''....મિથ્યાદર્શન વડે આ જીવ કોઈ વેળા બાહ્ય સામગ્રીનો સંયોગ થતાં તેને પણ પોતાની માને છે. પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, હાથી, ઘોડા, મંદિર (મકાન) અને નોકર-ચાકરાદિ જ પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન છે, સદાકાળ પોતાને આધીન નથી-એમ પોતાને જણાય તો પણ તેમાં મમકાર[2] કરે છે, પુત્રાદિકમાં ''આ છે તે હું જ છું''-એવી પણ કોઈ વેળા ભ્રમબુદ્ધિ થાય છે, મિથ્યાદર્શનથી શરીરાદિકનું સ્વરૂપ પણ અન્યથા જ ભાસે છે...''[3] ૧૪.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ પૃ.૫૫.

૨. वपु गृहं धनं द्वाराः पुत्रा मित्राणि शत्रवः।
सर्वथान्यस्वभावानि मूढः स्वानि प्रपद्यते।।८।। (ઈષ્ટોપદેશ)

૩. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ પૃ.૮૫.

## શ્લોક-૧૪ ઉપર પ્રવચન

'શરીરોમાં આત્માનો સંબંધ જોડનાર બહિરાત્માના નિન્દનીય વ્યાપારને બતાવીને...' એના નિંદનીય વ્યાપારને બતાવીને 'આચાર્ય ખેદ પ્રગટ કરતાં કહે છે :-'

देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः।
सम्पत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत्।।१४।।

'**हा हतं जगत्**' અરેરે..! જગત હણાઈ ગયું છે. આચાર્ય કહે છે. જુઓ! હા! હા! જગત. અરેરે..! પોતાની જાતને રાગથી અને પરથી ભિન્ન ન માનતા, રાગ ને શરીર ને વાણીની ક્રિયા એક માનતા અરેરે..! આચાર્ય કહે છે, '**हा हतं जगत्**'. જગત હણાઈ રહ્યું છે. આહાહા..!

'**ટીકા :- ઉત્પન્ન થઈ-પ્રવર્તી. શું (પ્રવર્તી)? પુત્ર-સ્ત્રી આદિ સંબંધી કલ્પનાઓ. શાને વિષે? શરીરો વિષે. ક્યા કારણે? આત્મબુદ્ધિના કારણે.**' આહાહા..! '**શામાં આત્મબુદ્ધિ? શરીરોમાં જ. અર્થ એ છે કે પુત્ર વગેરેના દેહને જીવરૂપે માનનારને,...**' આહાહા..! મારો દિકરો, મારી સ્ત્રી, મારી દીકરી. આહાહા..! એના શરીરને જ માને છે, હોં! '**દેહને જીવરૂપે માનનારને, 'મારો પુત્ર,...**' કેળવણી બહુ પામે તો કહે, આ મારો દીકરો છે. એનું એને માન (થાય). આહાહા..! દીકરી બહુ ભણી હોય એમ.એ. ને એલ.એલ.બી. એનું એને માન. આહાહા..! આ મારા છે. જુઓ! કેવા વધ્યા છે!

'**આત્મબુદ્ધિના કારણે. શામાં આત્મબુદ્ધિ? શરીરોમાં જ.**' '**મારો પુત્ર, સ્ત્રી-એવી કલ્પનાઓ-વિકલ્પો થાય છે.**' આહાહા..! એમ આ મારી પાઠશાળાઓ, મારા મંદિરો, અમારા ઘરો, અમારા શિષ્યો, અમારો સંઘ. આહાહા..! '**અનાત્મરૂપ અને અનુપકારક એવી તે કલ્પનાઓથી...**' કલ્પના છે એ અનાત્મરૂપ છે, જડ રાગ. અનુપકારક છે. એ આત્માને કાંઈ ઉપકાર કરનારી નથી. '**એવી તે કલ્પનાઓથી...**' આહાહા..! '**પુત્ર-ભાર્યાદિરૂપ વિભૂતિના અતિશય સ્વરૂપ સંપત્તિને...**' પુત્ર, સ્ત્રી, સાત-આઠ છોકરા હોય, દિકરીયું હોય, જમાઈ હોય, લગનનો પ્રસંગ હોય અને બેઠા હોય ભેગા. ઓહોહો..! જાણે ચક્રવર્તી બેઠો હોય! આ બધી મારી સંપદા અને આ મારું બધું. આહાહા..! ભાઈ! તું ક્યાં ગયો? તારામાંથી ખસીને તું ક્યાં તારું માને છે! આહાહા..! જે તત્ત્વનો તારામાં અભાવ છે એ તત્ત્વનો મારામાં ભાવ છે... આહાહા..! એમ વિપરીત બુદ્ધિથી એ કલ્પનાઓ અનાત્મરૂપ અનુપકારક. ઉપકારક

છે એ વિકલ્પ છે?

'**એવી તે કલ્પનાઓથી પુત્ર-ભાર્યાદિરૂપ વિભૂતિના અતિશય સ્વરૂપ સંપત્તિને...**' દેખો! એને સંપત્તિ કીધી. '**જગત્ પોતાની માને છે. અરે! સ્વસ્વરૂપના પરિજ્ઞાનથી બહિર્ભૂત (રહિત)...**' રાગના વિકલ્પ અને શરીરાદિની ક્રિયાઓ કે અવસ્થાઓ કે શરીર, એનાથી ભિન્ન એવો ભગવાન.. આહાહા..! '**સ્વરૂપના પરિજ્ઞાનથી બહિર્ભૂત (રહિત) બહિરાત્મરૂપ જગત્-પ્રાણીગણ-હણાઈ રહ્યું છે.**' જગત હણાઈ રહ્યું એટલે પ્રાણીગણ એમ. અરેરે..! પ્રાણીઓના સમૂહ હણાઈ રહ્યા છે. '**हतं**' ખેદ છે. પોતાની સંપદાને ભૂલીને બહારની સંપદાઓના સંબંધમાં હું છું.. આહાહા..! અરેરે..! જગત હણાઈ ગયું છે. જુઓ કરુણા! આહાહા..! પાઠ છે ને, જુઓને! '**हा हतं जगत्**' આહાહા..! જગત એટલે પ્રાણીગણ કહ્યા ને? જગત બીજી શું ચીજ છે? પ્રાણીઓના ટોળા હણાઈ રહ્યા છે. આહાહા..!

'**ભાવાર્થ :- દેહમાં આત્મબુદ્ધિના કારણે આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત બહિરાત્માઓ...**' બહિર્ વસ્તુને પોતાની માનનારાઓ બહિરાત્માઓ મૂઢ-મિથ્યાદષ્ટિ '**સ્ત્રી-પુત્રાદિ સંબંધોમાં મારાપણાની કલ્પનાઓ કરે છે અને તેમની સમૃદ્ધિને...**' છોકરા રૂપાળા હોય, દીકરીયું રૂપાળી હોય, બાયડી રૂપાળી હોય, મકાન સારા હોય, પૈસા ઠીક હોય... આહાહા..! '**તેમની સમૃદ્ધિને...**' એટલે એની સમૃદ્ધિ. શરીરની, વાણીની, પૈસાની. '**પોતાની સમૃદ્ધિ માને છે. આમ આ જગત હણાઈ રહ્યું છે–**' બહુ સમાધિની વાત છે ને આ તો. અસમાધિથી હણાઈ રહ્યા છે. સમાધિ અને અસમાધિ બેની વાત છે. આહાહા..!

પર વસ્તુના પ્રેમમાં, આકુળતામાં અરે..! જગત હણાઈ રહ્યું છે. પોતાનો ભગવાન આત્મા જેની સાથે પ્રેમ અને એકત્વ થવું જોઈએ એને છોડી દઈને અરે..! આ જગત હણાઈ રહ્યું છે. એ ખેદની વાત છે. આહાહા..! તમે શું કરવા ખેદ કરો છો? ભાઈ! એ વિકલ્પ આવે કરુણાનો. કરુણા ઉપજે જોઈ, નથી આવતું? શ્રીમદ્‌માં નથી આવતુ? 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો...' એ કરુણા અકષાય છે તે વિકલ્પ છે. આવે. 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા.' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં ધર્મ માનીને ચોંટ્યા છે. કોઈ શુષ્ક જ્ઞાનની વાતું કરે પણ રાગથી ભિન્ન આત્માને જાણે નહિ. આહાહા..! 'કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો...' આ દેહમાં મોક્ષનો માર્ગ છે એમ માને છે. કરુણા ઊપજે જોઈ.

'**જ્યાં સુધી જીવને શરીરમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને પોતાના નિરાકુલ નિજાનંદરસનો સ્વાદ આવતો નથી...**' એક ન્યાયે તો એમ કહ્યો કે આત્માના આનંદનો સ્વાદ નથી તો ક્યાંક એનો સ્વાદ રોકાઈ ગયો છે. આહાહા..! રાગનો સ્વાદ એને આવે

છે. જડનો તો સ્વાદ નથી, એને પોતાનું માનવાના મિથ્યાત્વભાવનો એને સ્વાદ આવે છે. એને આત્માના આનંદના સ્વાદનો અભાવ છે. આહાહા..! કહે છે કે બહિરાત્મપણાનું સ્વરૂપ શું? બાહ્ય પોતાનું માને એ વાત રહી પણ એ કેમ? કહે છે. આહાહા..! એ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ... આહાહા..! આનંદનો જેને અંતરમાં સ્વાદનો અભાવ છે, એ આ બધી અસમાધિના સ્વાદને અનુભવે છે. સમાધિ-અસમાધિ છે ખરું ને? આહાહા..! સમજાણું કાંઈ?

જ્યાં સુધી એને પરમાં પોતાપણાની બુદ્ધિ છે ત્યાં સુધી તેને પોતના નિરાકુળ નિજાત્મ રસનો સ્વાદ આવતો નથી. **'અને પોતાની અનંતચતુષ્ટયરૂપ સંપત્તિથી અજ્ઞાત રહે છે.'** પરને પોતાના માનવામાં રોકાયેલો આકુળતા વેદે છે. નિજાનંદના સ્વરૂપનો એને સ્વાદ નથી. એથી એને અનંતચતુષ્ટય જે ભગવાન આત્મા અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય-પુરુષાર્થ સ્વભાવ એનું એને અજ્ઞાન છે. પોતાનું સ્વરૂપ બેહદ અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય મુખ્ય. એ અનંત ચતુષ્ટયનું સ્વરૂપ છું એનું એ અજ્ઞાન છે, અજ્ઞાત છે. આહાહા..! મારી હયાતી અને હું એ તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, વીર્ય તે હું. એનું અજ્ઞાન અને અજ્ઞાત હોવાથી.. આહાહા..! એવા અનંત ચતુષ્ટયસ્વરૂપ ભગવાન આત્માને ન જાણવાથી **'તે સ્ત્રી-પુત્ર-ધન-ધાન્યાદિ બાહ્ય સંપત્તિઓને...'** જોયું! અંતર સંપત્તિને ન જાણવાથી. એમ.

અનંત જ્ઞાનસ્વભાવ છે ને? સ્વભાવ છે એને હદ શી? મર્યાદા શી? અપૂર્ણતા શી? આહાહા..! એવું આત્મામાં અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શન. એવા અનંત ચતુષ્ટયસ્વરૂપ આત્મા, એનો અનાદિ અજ્ઞાની અજ્ઞાત છે. આહાહા..! સમજાણું કાંઈ? અને **'બાહ્ય સંપત્તિઓને પોતાની માની...'** આહાહા..! આવી ચીજ અંદર છે એની એને ખબર નથી. એથી પોતાની સંપત્તિનો અજ્ઞાત અને પર સંપત્તિમાં હુંપણું માનીને બેઠો છે. આહાહા..! **'બાહ્ય સંપત્તિઓને પોતાની માની તેના સંયોગ-વિયોગમાં હર્ષ-વિષાદ કરે છે.'** અનુકૂળ સંયોગ હોય તો હરખ, પ્રતિકૂળ સંયોગ હોય તો દ્વેષ. એ તો બધી બાહ્ય સંપદા છે. એ કાંઈ તારી નથી. આહાહા..!

સુખી છીએ. હમણાં છોકરાઓ કામે લાગી ગયા છે. અમારી ઉંમર ૬૦ વર્ષની થઈ પણ ૨૦-૨૫-૨૫ વર્ષના છોકરાઓ... વેપાર-ધંધે ચડી ગયા છે. અમે સુખી છીએ હમણાં. એમ કહે છે ને? કહે છે? છોકરાઓ કામે લાગી ગયા છે. બે-ત્રણ છોકરાઓ કામે લાગ્યા. એક-બે છે એ નાના છે એ ભણે છે. પણ બધું ચાલે છે. હમણાં બે વર્ષથી. એ તો હમણા કહેતા હતા, નહિ? આ મરી ગયાને છોકરાઓ? રમણીક. સુરત એનો મામો કહેતો હતો. મેં કીધું, આ છોકરો કોનો છે? તો કહે ... વર્ષ, બે વર્ષમાં તૈયાર થઈ જશે. દુકાન-બુકાન

જવા. એમ કહેતા હતા. વર્ષ-બે વર્ષમાં તૈયાર થઈ જશે. શું તૈયાર થયો આમાં? ઓલો ૪૨ વર્ષનો મરી ગયોને આ? અમારા ફાવાભાઈના દીકરાનો દીકરો. ફાવાભાઈની દીકરીનો દીકરો. આહાહા..! મેં કીધું, આ શું બોલે છે?

મુમુક્ષુ :- ગણતરી કેટલી લંબાય?

ઉત્તર :- કેટલી ગણતરી. આમ ૨૫-૩૦ લાખ રૂપિયા છોકરા પાસે. મનહર-મનહર. એની બહેનનો દીકરો મરી ગયો ૪૨ વર્ષનો. કાંઈ રોગ નહિ, હોં! ડોક્ટર કળી શક્યા નહિ. આઠ દિ' કાંઈક ન્યુમોનિયા થઈ ગયો. પણ એ કાંઈ કળી શક્યા નહિ. ઉડી ગયો જીવ. એનો છોકરો આવે .. છોકરો... એ છોકરો તૈયાર છે. બેસે છે ને દુકાને. વર્ષ, બે વર્ષમાં દુકાન શરૂ થઈ જશે. કહો, પોપટભાઈ! આમ ચાલે છે કે નહિ? એમ જ ચાલે છે. આહાહા..!

**'સંયોગ-વિયોગમાં હર્ષ-વિષાદ કરે છે.'** પણ ૫૦ વર્ષે દીકરો આવ્યો. ભાઈ! નામ રાખ્યું. નહિતર અમારો વંશ જાત. આ દસ લાખની મૂડી લઈ જાત કો'ક. દિયરનો દીકરો લઈ જાત. હવે છોકરો થયો છે હવે તો... બાયડ્યુંને બહુ હોય એવું. આપણે પણ મૂડી આટલી દસ લાખની અને છોકરો કોઈ નહિ. આ દિયરના દિકરા છે. હવે હક્ક તો એને લાગુ પડશે. અને આ ૫૦-૫૫ વર્ષ થઈ ગયા છે. આહાહા..! અરે..! ભગવાન! એ લક્ષ્મી ક્યાં તારી? બાપુ! તું ક્યાં? આહાહા..! અને કો'ક લઈ જશે અને કો'કને નહિ રહે અને આ દિકરો છે એને રહેશે. શું માંડી છે તેં આ? આહાહા..! કર્મજાળ માંડી છે તેં. માછલા જેમ પકડાય છે ને? શું કહેવાય પેલી? જાળમાં. એમ આ અજ્ઞાનની જાળ. આહાહા..! પકડાઈ ગયો, ભાઈ! તું તારી મેળાએ પકડાઈ ગયો છે.

કહે છે, અરેરે..! આવા ફળસ્વરૂપ **'તેના ફલસ્વરૂપ તેનું સંસાર-પરિભ્રમણ ચાલુ રહે છે. તેથી આચાર્ય ખેદ દર્શાવતા કહે છે કે, હાય! આ જગત માર્યું ગયું!'** આહાહા..! પ્રાણીગણ માર્યા ગયા છે. **'ઠગાઈ ગયું! તેને પોતાનું કાંઈ પણ ભાન રહ્યું નહિ!'** અરેરે..! મેં શું કર્યું? હું ક્યાં જઈશ? હું ક્યાં છું અને ક્યાં જઈશ? કાંઈ ભાન ન મળે. આને આ ઘૂંટણમાં. આહાહા..! ...ચકરાવો એક શરીર જાય અને બીજું મળે. બીજું ટળે અને ત્રીજું મળે. આહાહા..! અરહટ.. અરહટ હોય છે ને? હેઠલા પાણી ભરાય ને ઉપલા ઠલવાય. અરહટ. આહાહા..! એમ એક શરીરાદિનો સંયોગ જાય. મૂઢ છે, ચૈતન્યની તો ખબર નથી. આહાહા..! બીજું શરીરનો ભરાવો આવે. આ ખાલી થાય ને ઓલો આવે... ખાલી થાય ને આવે. ભગવાનને સંયોગ-વિયોગ થયા કરે. આહાહા..! એ કાંઈ પણ ભાન રહ્યું નથી. આહાહા..!

**વિશેષ :- 'વળી કોઈ વખતે કોઈ પ્રકારે પોતાની ઇચ્છાનુસાર પરિણમતા જોઈ**

**આ જીવ એ શરીર-પુત્રાદિકમાં અહંકાર-મમકાર કરે છે...'** પોતાના ધાર્યા પ્રમાણે છોકરા ચાલે. જુઓ, બાપુ! કેવા અમારા છોકરા! અમારી આજ્ઞા પાળે છે. **'ઇચ્છાનુસાર પરિણમતા જોઈ આ જીવ એ શરીર...'** જોયું! અમારા છે, બાપા! અમે કેળવ્યા છે. **'અને એ જ બુદ્ધિથી તેને ઉપજાવવાની,...'** પાછી એ જ બુદ્ધિ તેને ઉપજાવવાની **'વધારવાની તથા રક્ષા કરવાની ચિંતા વડે નિરંતર વ્યાકુળ રહે છે, નાના પ્રકારના દુઃખ વેઠીને પણ તેમનું ભલું ઇચ્છે છે.'** આહાહા..! દુકાને મેલા લૂગડા પહેરી, ... હોય કડીયો બડીયો તો ધંધો કરે..... કરે. આ મજૂરી કરી કરીને મરી જાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૩, મંગળવાર તા. ૩૧-૧૨-૧૯૭૪**
**શ્લોક - ૧૪-૧૫, પ્રવચન - ૨૧**

શરીરાદિનું તો આવી ગયું છે. પણ આ પુત્ર, સ્ત્રી, ધન, લક્ષ્મી અને ધાન્ય. અનાજના કોઠાર ભર્યા હોય ખેતી જરી હોય તો અનાજ ખૂબ પાકે. એ અમારું છે, અમારા ઘઉં છે, અમારો બાજરો છે, અમારી ખેતી છે. અમારી જમીન છે. એમ અજ્ઞાની જે એની ચીજ નથી એને પોતાની માને એ મિથ્યાદર્શન-ઊંધી શ્રદ્ધાનું પરિણામ છે એ. આવું બધું કરવું છે? છોડે તો જ્ઞાની કહેવાય. છોડેલું પડ્યું જ છે. છોડવું હતું કે દિ'? આ ચૈતન્ય સ્વરૂપ હું પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એવી જેને સ્વભાવની દૃષ્ટિનું ભાન નથી એ આ પુણ્ય ને પાપને કારણે મળેલી સામગ્રી એ મારી છે. હાથી, રાજા હોય તો હાથી આદિ હોય. અમારા હાથી, અમારા ઘોડા, અમારા મકાન. અમારા બાપ-દાદાથી દુકાનું દસ છે, ઘર-મકાન ભાડે આપીએ છીએ એ બધા અમારા છે. એમ અજ્ઞાની માને છે. મિથ્યાશ્રદ્ધા મહાપાપ. જેનું કસાઈખાના કરતા પણ અનંતગણું પાપ છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વનું પાપ.

ઉત્તર :- મિથ્યાત્વનું પાપ. સમજાણું કાંઈ?

નોકર-ચાકર આદિ. સારા નોકર મળ્યા હોય. ચાકરો ... એ બધા અમારા છે, અમારા છે. આ ઘાટી-બાટી મળે નહિ ત્યાં? રસોયા મળે. અમારો આ ઘાટી અમારો છે. ક્યાંથી આવ્યો તારો? આહાહા..! વિપરીત માન્યતાને કારણે જે ચીજ એનામાં નથી અને બહારથી આવી છે એને પણ એ પોતામાં માને છે.

'**પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન છે,...**' એમ કહે છે. છે? '**પુત્ર, સ્ત્રી, ધન, ધાન્ય, હાથી, ઘોડા, મંદિર (મકાન) અને નોકર-ચાકરાદિ જે પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન છે,...**' જુદી ચીજ છે. એ ક્યાં એનામાં આવી ગઈ છે? '**સદાકાળ પોતાને આધીન નથી-**' એ બધી ચીજો એને આધીન છે કાંઈ? કોઈ વખતે એનું માને પણ નહિ, વિખરાઈ જાય. બાયડી જરીક ઓલી થઈ જાય. આહા..! સમજાણું? ત્યાં આમ દિશાએ નીકળ્યા ત્યારે બાયડીને ઓલો વઢતો હશે થોડું. બાયડી કહે કે બોલતો નહિ વધારે. નહિતર એનું ફળ બીજું આવશે. એમ બોલતી હતી. આહાહા..! વધારે અમને બાયડીને છંછેડવી નહિ તમારે. .. સાચવજો. નહિતર .. હાય-હાય.

ત્યાં રાજાની રાણી હતી એક ગામમાં. નામ નથી આપવું. રાણીને ઓલા દરબાર રાજાએ

કાંઈક જરી પજવવા માંડી, થોડી સાધારણ દબાવવા માંડી. રાણી કહે, દરબાર! અમે રાણી ગરાસણીની દીકરી છીએ. બહુ છંછેડશો નહિ. એના ધણીને-રાજાને કહે. નહિતર અમે નાગણ છીએ કાળી નાગણ. અમે ડંખશું તો મુશ્કેલ પડશે તમને. હાય-હાય! ઓલો રાજા કહે. આહાહા..!

**'સદાકાળ પોતાને આધીન નથી-'** એનું માને ત્યારે પણ એ એને આધીન નથી. એ તો એને ઠીક લાગે તો માને. ઠીક ન લાગે તો ન માને. એનું ક્યાં છે તે માને? **'એમ પોતાને જણાય તો પણ તેમાં મમકાર કરે છે, પુત્રાદિકમાં...'** અરે..! પણ દીકરા તો મારા છે ને. આહાહા..! **'આ છે તે હું જ છું'-એવી પણ કોઈ વેળા ભ્રમબુદ્ધિ થાય છે.'** ઓલું થાય ને? માણસ મરી ગયું હોયને જાય. પોતે નવરો ન હોય. તું જાને. હું છું ને તું જાને. શું કહેવાય એ? આભડવા. એમ કહે છે. તું જાને. હું છું જાને. મૂર્ખાઈ તે પણ ઓછી છે કાંઈ. આહાહા..! કેમ હશે? મલૂકચંદભાઈ! બરાબર હશે? આહાહા..! **'એવી પણ કોઈ વેળા ભ્રમબુદ્ધિ થાય છે, મિથ્યાદર્શનથી શરીરાદિકનું સ્વરૂપ પણ અન્યથા જ ભાસે છે.'** એ શરીર પણ અમારા, અમે ધ્યાન રાખીએ તો રહે. આમ છે, તેમ છે. આહાહા..! એ બધા મિથ્યાદર્શનના લક્ષણ છે. એ મોક્ષમાર્ગ પ્રકાશક, એમાં પાનું ૮૫થી ચાલે છે એ માયલું છે.

---

इदानीमुक्तमर्थमुपसहृत्यात्मन्यन्तरात्मनोऽनुप्रवेशं दर्शयन्नाह–

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः।।१५।।

टीका :– मूलं कारणं। कस्य? संसारदुःखस्य। काऽसौ? देहएवात्मधीः। देहः कायः स एवात्म इति धीः। यत एवं ततस्तस्मात्कारणात्। एनां देहएवात्मबुद्धिं त्यक्त्वा अन्तः प्रविशेत् आत्मनि आत्मबुद्धिं कुर्यात् अन्तरात्मा भवेदित्यर्थः। कथं भूतः सन्? बहिरव्यापृतेन्द्रियः बहिर्बाह्यविषयेषु अव्यापृतान्यप्रवृत्तानीन्द्रियाणि यस्य।।१५।।

---

હવે કહેલા અર્થનો ઉપસંહાર કરીને આત્મામાં અન્તરાત્માનો અનુપ્રવેશ દર્શાવતાં કહે છે :-

શ્લોક - ૧૫

અન્વયાર્થ :- (देहे) શરીરમાં (आत्मधीः एव) આત્મબુદ્ધિ હોવી તે જ (संसारदुःखस्य) સંસારના દુઃખનું (मूलं) કારણ છે (ततः) તેથી (एनां) તેને-શરીરમાં આત્મબુદ્ધિને- (त्यक्त्वा) છોડીને તથા (बहिः अव्यापृतेन्द्रियः) બાહ્ય વિષયોમાં ઈન્દ્રિયોની

પ્રવૃત્તિને રોકીને (अन्तः) અંતરંગમાં-આત્મામાં (प्रविशेत्) પ્રવેશ કરવો.

ટીકા :- મૂલ એટલે કારણ, કોનું? સંસારદુઃખનું તે (કારણ) ક્યું? દેહમાં જ આત્મબુદ્ધિ અર્થાત્ દેહ-કાય તે જ આત્મા એવી બુદ્ધિ (માન્યતા) તે. તે કારણને લીધે તેનો, એટલે દેહમાં જ આત્મબુદ્ધિનો, ત્યાગ કરીને અંતરમાં પ્રવેશ કરવો-આત્મામાં આત્મબુદ્ધિ કરવી-અંતરાત્મા થવું-એવો અર્થ છે. કેવો થઈને? બાહ્યમાં અવ્યાપૃત ઈન્દ્રિયોવાળો થઈને-અર્થાત્ બાહ્ય વિષયોમાં જેની ઈન્દ્રિયો અવ્યાપૃત એટલે અપ્રવૃત્ત થઈ છે (રોકાઈ ગઈ છે-અટકી ગઈ છે) તેવો થઈને.

ભાવાર્થ :- શરીરમાં આત્મબુદ્ધિ થવી એ જ સંસારનું મૂળ (એક જ સાચું) કારણ છે, માટે તેને છોડીને તથા ઈન્દ્રિયોની બાહ્ય વિષયોમાં થતી પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો, અર્થાત્ પર તરફથી હઠીને સ્વસન્મુખ થવું.

સંસારમાં જેટલા દુઃખ છે તે બધા શરીરમાં એક્તાબુદ્ધિના કારણે જ હોય છે. જ્યાં સુધી જીવને બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાં સુધી આત્માની સાથે શરીરનો સંબંધ રહ્યા કરે છે અને તેથી તેને સંસારમાં ઘોર દુઃખ ભોગવવા પડે છે.

જ્યારે જીવને શરીરાદિ પર પદાર્થો તરફનો મમત્વભાવ છૂટી જાય છે ત્યારે તેને બાહ્ય પદાર્થોમાં અહંકાર-મમકારબુદ્ધિ હોતી નથી. તે પરથી મુખ મોડી સ્વસન્મુખ ઢળે છે અને આત્મિક આનંદ અનુભવે છે; તેથી ગ્રન્થકારે સમસ્ત દુઃખોનું મૂળ કારણ જે શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી, અંતરાત્મા થવાની જીવને પ્રેરણા કરી છે, જેથી તે ઘોર સાંસારિક દુઃખોથી છૂટકારો પામી સાચા નિરાકુળ સુખની પ્રાપ્તિ કરે.

## વિશેષ

‘‘......આ જીવને પર્યાયમાં અહંબુદ્ધિ થાય છે, તેથી તે પોતાને અને શરીરને એકરૂપ જાણી પ્રવર્તે છે. આ શરીરમાં પોતાને રુચે એવી ઈષ્ટ અવસ્થા થાય છે તેમાં રાગ કરે છે તથા પોતાને અણરુચતી એવી અનિષ્ટ અવસ્થામાં દ્વેષ કરે છે. શરીરની ઈષ્ટ અવસ્થાના કારણભૂત બાહ્ય પદાર્થોમાં રાગ કરે છે તથા તેના ઘાતક પદાર્થોમાં દ્વેષ કરે છે.... કોઈ બાહ્ય પદાર્થ શરીરની અવસ્થાના કારણરૂપ નથી, છતાં તેમાં પણ તે રાગદ્વેષ કરે છે.’’[૧]

‘‘પોતાનો સ્વભાવ તો દષ્ટા-જ્ઞાતા છે. હવે પોતે કેવળ દેખવાવાળો જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થોને તે દેખે-જાણે છે તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું માને

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ-પૃ.૯૪-૯૫.

છે અને તેથી રાગી-દ્વેષી થાય છે. કોઈના સદ્‌ભાવને તથા કોઈના અભાવને ઇચ્છે છે, પણ તેનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો જ નથી, કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,[૨] પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે; માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે.''

વળી કદાચિત્ પોતે ઇચ્છે તેમ જ પદાર્થ પરિણમે તોપણ તે પોતાનો પરિણમાવ્યો તો પરિણમ્યો નથી, પણ જેમ ચાલતા ગાડાને ધકેલી બાળક એમ માને કે, ''આ ગાડાને હું ચલાવું છું''-એ પ્રમાણે તે અશત્ય માને છે.[૩]

માટે શરીરાદિ મારાં છે અને તેની ક્રિયા હું કરી શકું છું એવી શરીરમાં આત્મબુદ્ધિ તે અજ્ઞાનચેતના છે. તેનો ત્યાગ કરી 'આત્મા એ જ મારો છે'-એવી આત્મામાં આત્મબુદ્ધિરૂપ જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરી અંતરાત્મા થવા, આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે. ૧૫.

## શ્લોક-૧૫ ઉપર પ્રવચન

'હવે કહેલા અર્થનો ઉપસંહાર કરીને આત્મામાં અન્તરાત્માનો અનુપ્રવેશ દર્શાવતા કહે છે :-'

मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः।।१५।।

એ અર્થમાં આવી જાય છે અન્વયાર્થ.

'ટીકા :- મૂલ એટલે કારણ, કોનું? સંસારદુઃખનું...' છે ને? 'મૂલ એટલે કારણ, કોનું? સંસારદુઃખનું તે (કારણ) ક્યું? દેહમાં જ આત્મબુદ્ધિ અર્થાત્ દેહ-કાય તે જ આત્મા એવી બુદ્ધિ (માન્યતા) તે.' તે મહા સંસારમાં દુઃખનું રઝળવાનું કારણ છે. આહાહા..! નિગોદ ને નરક. દેહ માટી, જડ, ધૂળ અજીવ જગતના. આ તો અજીવ તત્ત્વ છે. અહીં આવીને ઊભું થયું, જડનું. આહાહા..! એમાં આત્મબુદ્ધિ તે સંસારમાં રખડવાનું કારણ છે.

૨. કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,
તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. (શ્રી સમયસાર - ગુ. આવૃત્તિ, ગાથા-૩૭૨)

૩. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુ. આવૃત્તિ-પૃ.૯૨

'**તે કારણને લીધે તેનો, એટલે દેહમાં જ આત્મબુદ્ધિનો, ત્યાગ કરીને...**' માટે ધર્મી જીવ. આહાહા..! '**અંતરમાં પ્રવેશ કરવો–**' ભાષા જુઓ! શરીરાદિ મારા નથી, રજકણો મારા નથી, હું તો આત્મા છું, આનંદસ્વરૂપ છું એમાં પ્રવેશ કરવો. આહાહા..! કહો, એનું નામ ધર્મ છે. '**આત્મામાં આત્મબુદ્ધિ કરવી–અંતરાત્મા થવું–એવો અર્થ છે.**' જ્ઞાયક સ્વભાવે બિરાજમાન આત્મા તે હું, એમ આત્મસન્મુખ થઈને આત્માને પોતાનો માનવો. શરીરાદિનું મારાપણું છોડી દેવું. શરીરનું મારાપણું છોડીને પછી બાહ્ય તકલીફ ક્યાં રહી ત્યાં? સમજાણું કાંઈ?

'**કેવો થઈને? બાહ્યમાં અવ્યાપૃત ઈન્દ્રિયોવાળો થઈને–અર્થાત્ બાહ્ય વિષયોમાં જેની ઈન્દ્રિયો અવ્યાપૃત એટલે અપ્રવૃત્ત થઈ છે.**' શું કહે છે? કે આ ઈન્દ્રિયો છે ને? એ દ્વારા જે બાહ્યમાં પ્રવૃત્તિનું લક્ષ જાય છે એ બધું મિથ્યાદર્શન એ મારા માનીને કરેલું મિથ્યાદર્શન. આહાહા..! આ પરવસ્તુ બધી, એના દ્વારા બાહ્ય પદાર્થને જાણતાં એનું લક્ષ ત્યાં રહે છે. આહાહા..! એથી ઈન્દ્રિયાતીત ચીજ છે એને ભૂલી જાય છે. તો જેને હવે ઈન્દ્રિય દ્વારા જાણવાનું છે... આહાહા..! તેને છોડી દઈને. આવી વાત છે, ભાઈ! '**બાહ્ય વિષયોમાં જેની ઈન્દ્રિયો અવ્યાપૃત એટલે અપ્રવૃત્ત થઈ છે (રોકાઈ ગઈ છે–અટકી ગઈ છે) તેવો થઈને.**' આહાહા..! ઈન્દ્રિયો દ્વારા પરને જોવું જાણવું અને જાણતા આ મારા એમ માનવું એ બધું મિથ્યાદર્શન, અજ્ઞાન પાપ છે. એને છોડી દઈને અંતર ચિદાનંદ સ્વરૂપમાં પ્રવેશ કરીને એટલે અંતરાત્માની દૃષ્ટિ કરીને... છે તો સાદી ભાષા. સવારમાં જરી ઝીણું હતું. અત્યારે તો આ બધી સાદી ભાષા છે.

'**ભાવાર્થ :– શરીરમાં આત્મબુદ્ધિ થવી એ જ સંસારનું મૂળ (એક જ સાચું) કારણ છે,...**' આહાહા..! સવારથી તે સાંજ સુધી શરીરને આ ને આ ને આ. કર્યા જ કરે. મિથ્યાત્વના લક્ષણ છે ને. સમજાણું કાંઈ? શરીરની અનુકૂળતા-પ્રતિકૂળતામાં એની બુદ્ધિ ત્યાં રોકાઈ ગઈ. ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ, એનો અનાદર થઈને આ બધી શરીરની ચેષ્ટાઓમાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ? '**ઈન્દ્રિયોની બાહ્ય વિષયોમાં થતી પ્રવૃત્તિને રોકીને આત્મામાં પ્રવેશ કરવો, અર્થાત્ પર તરફથી હઠીને સ્વસન્મુખ થવું.**' બહુ ભાષા સાદી કરી છે. આહાહા..! ઝીણી વાતું બહુ આકરી. પર તરફથી હટીને સ્વસન્મુખ જાવું. એ શું પણ છે? જે ચીજ છે પ્રભુ આત્મા સચ્ચિદાનંદ શાશ્વત જ્ઞાન અને આનંદને આહાહા..! એના તરફ અંતરાત્મા થવું હોય એને એના તરફ જાવું. બહિરાત્માનો ત્યાગ કરીને કહ્યું ને? સમજાણું કાંઈ?

અંતરાત્મામાં અંતર વસ્તુ ચૈતન્યમૂર્તિ ત્યાં એણે દૃષ્ટિ લગાડવી એમ કહે છે. શરીર ઉપરથી

લક્ષ છોડી દઈ અને અંતરમાં જાવું એનો અર્થ કે રાગ ઉપરથી પણ લક્ષ છોડી દઈ. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ રાગ છે, બંધના કારણ છે. એના ઉપરથી પણ લક્ષ છોડી દઈ ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મામાં દષ્ટિ કરવી, એ એણે આત્મામાં પ્રવેશ કર્યો એમ કહેવામાં આવે.

'**સ્વસન્મુખ થવું.**' પોતાના સ્વભાવથી વિમુખ છે તે પરસન્મુખ છે. એ પરસન્મુખથી વિમુખ થઈને.. આહાહા..! ચૈતન્ય ભગવાન એની સન્મુખ થવું. આ ધર્મની દષ્ટિ છે. આહાહા..! આ ક્રિયાથી આ શરીર થાય, આમ થાય એનાથી આ થાય એ બધો મિથ્યાત્વભાવ છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય... સ્વાહા.. પૂજા કરતા ન બોલે? ... દ્રવ્ય. એ દ્રવ્ય હું છોડું છું અને સ્વાહા કરું છું. એ તો બધી જડની ક્રિયા છે, પરદ્રવ્યની છે. આહાહા..! એ પરદ્રવ્યનું લક્ષ છોડી દઈને સ્વદ્રવ્યના સ્વભાવસન્મુખ થવું. આહાહા..!

'**સંસારમાં જેટલા દુઃખ છે તે બધા શરીરમાં એકતાબુદ્ધિના કારણે જ હોય છે.**' આહાહા..! જરી તાવ આવે ચાર ને છ ડિગ્રી ત્યાં ખળભળાટ થઈ જાય. શું છે પણ હવે? એ તો જડમાં આવ્યો છે. તને ક્યાં તાવ આવે છે? આત્માને તાવ આવે? બુખાર શરીરને આવે છે. આહાહા..! ઘણી ગરમી માથે ચડી ગઈ છે. માથે ગરમી ચડી ગઈ છે. તો શું કરવું છે? પાણીના પોતા મૂકો ટાઢા, ટાઢું પાણી લાવો. પોપટભાઈ! કરે છે કે નહિ?

મુમુક્ષુ :- એમાં કોલન વોટર નાખીને લાવજો.

ઉત્તર :- એમાં કોલન વોટર નાખજો. વધારે ઠંડા થાય. આહાહા..!

જેટલા દુઃખ છે એ બધા શરીરમાં એકતાબુદ્ધિના કારણે છે. કારણ કે એમાં એકતાબુદ્ધિ તો પરની સાથે એકતાબુદ્ધિ છે. એનો સંયોગ અને વિયોગ થતાં એને રાગ અને દ્વેષ થયા વિના રહેશે નહિ. આહાહા..! '**જ્યાં સુધી જીવને બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ રહે છે ત્યાં સુધી આત્માની સાથે શરીરનો સંબંધ રહ્યા કરે છે અને તેથી તેને સંસારમાં ઘોર દુઃખ ભોગવવાં પડે છે.**' આહાહા..! અહીં મોટો રાજા અને શેઠીયો હોય. એ મરીને નરકમાં, નિગોદમાં જાય. અહીંથી જેવો ગયો એવો ત્યાં. આહાહા..! કારણ કે આત્મા જડથી જુદાનો અનુભવ ને ભાન તો નથી. સમજાણું કાંઈ? અને પુણ્યાદિના પરિણામ પણ એવા હોય નહિ. પાપના પરિણામના જોરમાં પડ્યો હોય. આહાહા..! કહે છે, તેને બાહ્ય પદાર્થોમાં.. આહાહા..!

'**જ્યારે જીવને શરીરાદિ પર પદાર્થો તરફનો મમત્વભાવ છૂટી જાય છે...**' જીવને. ઓલો ન છૂટે ત્યાં સુધી સંસારના ઘોર દુઃખ ભોગવવા પડે છે. '**ત્યારે તેને બાહ્ય પદાર્થોમાં અહંકાર-મમકારબુદ્ધિ હોતી નથી. તે પરથી મુખ મોડી...**' પરથી દષ્ટિને છોડી એટલે મુખ મોડી. એમ. '**સ્વસન્મુખ ઢળે છે...**' હું જ્યાં છું ત્યાં એ જાય છે. એમ કહે છે.

હું ચૈતન્યમૂર્તિ આત્મા છું ત્યાં એ દૃષ્ટિ જાય છે. ભારે કામ આકરું. કાંઈ સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે તો કાંઈ કરે એમ હશે? સામાયિક ક્યાં હતી? અજ્ઞાનીની સામાયિક કે દિ' હતી? આહાહા..! જે અંદર વિકલ્પ ઉઠે કે આ કરું, એ પણ વિકાર અને વિભાવ અને પર છે. આહાહા..! એની સન્મુખની દૃષ્ટિ છે, તેને સ્વસન્મુખ કરવી. આહાહા..! આવી વાત છે. ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહાહા..!

'**આત્મિક આનંદ અનુભવે છે;...**' ઓલું દુઃખ હતું ને? એમાં છે. દેહાદિને મારા માનીને ચાર ગતિના દુઃખને વેદે અને અનુભવે છે. ત્યારે દેહરહિત હું છું... આહાહા..! મારી ચીજ છે એમાં તો પુણ્ય-પાપના ભાવ પણ નથી. આહાહા..! એવા આનંદ સ્વરૂપનો અનુભવ થતાં, એને પોતાના માનતા એને અતીન્દ્રિય આનંદ આવે છે. આહાહા..! છે? '**આત્મિક આનંદ અનુભવે છે;...**' આહાહા..! વારંવાર સ્વસન્મુખ થતાં અને પરસન્મુખથી વિમુખ થતાં એને આત્માના અંદર પ્રવેશ કરતાં અતીન્દ્રિય આનંદ આવે છે. એને સમ્યગ્દર્શન અને એને ધર્મ કહીએ. આહાહા..! આવો મોંઘો ધર્મ? મોંઘો જ્યાં છે ત્યાંથી થાય કે ન હોય ત્યાંથી થાય? આહાહા..!

'**તેથી ગ્રન્થકારે સમસ્ત દુઃખોનું મૂળ કારણ જે શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી, અંતરાત્મા થવાની જીવને પ્રેરણા કરી છે, જેથી તે ઘોર સાંસારિક દુઃખોથી છૂટકારો પામી સાચા નિરાકુલ સુખની પ્રાપ્તિ કરે.**' આહાહા..! બહુ ટૂંકું વર્ણવ્યું છે. શરીર, વાણી, મન આમ, અહીં એક કોર ભગવાન આત્મા. જેણે શરીર, વાણી, મનને પોતાના માન્યા એ માન્યતાને કારણે મિથ્યાત્વના સેવન થઈ ચોર્યાશીના અવતારમાં દુઃખી થઈને રઝળશે. અને જેણે પર તરફની સન્મુખતા અને પોતાનું માનવું છોડી દઈ અને આત્મા તરફની દૃષ્ટિ થતાં, ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે એ આનંદસ્વરૂપમાં પોતાપણું અનુભવતાં એને વર્તમાનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! એનું નામ ધર્મ છે.

આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપસ્યા એ વિકલ્પ ઉઠે એ તો બધા રાગ છે. એ પરસન્મુખની ક્રિયાનો રાગ. '**परदव्वादो दुग्गइ**' પરદ્રવ્ય તરફના વલણનો ભાવ એ ચૈતન્યની દુર્ગતિ છે. આહાહા..! '**सदव्वा हु सुग्गइ**' ચૈતન્ય વસ્તુ ભગવાન પૂર્ણાનંદ એની સન્મુખ થઈને એની એકતા કરવી એ ચૈતન્યની ગતિ અને એ મોક્ષની ગતિનું કારણ છે. આહાહા..! સમજાણું કંઈ? બે-પાંચ-દસ લાખ ખર્ચે તો ધર્મ થઈ જાય એમ નથી. એમ કીધું.

મુમુક્ષુ :- બે-પાંચ-પચ્ચીસે ન થાય તો કેટલા ખર્ચે તો થાય?

ઉત્તર :- અબજો ખર્ચે તો પણ ધર્મ ન થાય. પણ એ તો જડ છે અબજો પૈસા. એના ક્યાં હતા તો એણે ખર્ચ્યા? આહાહા..! કદાચિત એના પ્રત્યે તીવ્ર મમતા બાયડી,

છોકરા, કુટુંબ માટે રાખવાની હોય, એમાં મમતાને મંદ કરીને કાંઈક દેવાનો ભાવ થાય એ તો પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી. એ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શરીરમાં આત્મબુદ્ધિ છે તેનો ત્યાગ કરી, અંતરાત્મા થવાની જીવને પ્રેરણા કરી છે, જેથી તે ઘોર સાંસારિક દુઃખોથી છૂટકારો પામી...'** દિશા ફેરવી છે. ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આત્મા છે. એને છોડીને શરીર, વાણી, મન અને રાગમાં પોતાપણું માનવું એ જ મિથ્યાદર્શન અને ચાર ગતિમાં રખડવાની ખાણ છે. આહાહા..! એની દૃષ્ટિ છોડી દઈને સ્વસન્મુખની દૃષ્ટિ કરવી. આહાહા..! કહો, પ્રવિણભાઈ! આવી વાતું બહુ મોંઘી. કેટલાક તો કહે, અમે જે ધર્મ કરીએ એને ધર્મ નથી માનતા. આ ધર્મ બીજો નવો કાઢ્યો. નવો નથી, ભાઈ! તને ખબર નથી. આહાહા..! આ સામાયિક કર્યા, પોષા કર્યા, પડિક્કમણા કર્યા એ તો બધો વિકલ્પ છે. ભક્તિ કરી, જાત્રા કાઢી, દસ-વીસ લાખ ખર્ચ્યા એ તો બધો રાગ મંદ રાગ છે. એ તો પરસન્મુખની ક્રિયા બંધનું કારણ છે. આહાહા..!

ભગવાન આત્મા સ્વચૈતન્ય જેનું ચૈતન્યશરીર છે, જેનું ચૈતન્ય અને આનંદ સર્વસ્વ છે એવા આત્માની દૃષ્ટિ કરવી, અનુભવ કરવો એ સાચા નિરાકુળ સુખની પ્રાપ્તિનું કારણ છે. એમ પ્રેરણા આચાર્યે કરી છે. આહાહા..!

**'વિશેષ.'** મોક્ષમાર્ગ પ્રકાશકમાંથી લીધું છે. **'આ જીવને પર્યાયમાં અહંબુદ્ધિ થાય છે,...'** પર્યાય એટલે શરીર. **'તેથી તે પોતાને અને શરીરને એકરૂપ જાણી પ્રવર્તે છે. આ શરીરમાં પોતાને રુચે એવી ઈષ્ટ અવસ્થા થાય...'** નિરોગ અવસ્થા, સુંવાળી અવસ્થા, સ્નાન કરીને આમ બરાબર સરખા (રાખે). **'તેમાં રાગ કરે છે તથા પોતાને અણરુચતી એવી અનિષ્ટ અવસ્થામાં દ્વેષ કરે છે.'** રોગાદિ આવે, કોઈ મારે, પ્રહાર કરે એમાં દ્વેષ કરે છે.

**'શરીરની ઈષ્ટ અવસ્થાના કારણભૂત બાહ્યપદાર્થમાં રાગ કરે છે...'** આ છે મોક્ષમાર્ગમાં. અહીંયાં ઈષ્ટ અવસ્થામાં રુચિ કરે છે અને અનિષ્ટમાં દ્વેષ કરે છે. એક વાત. હવે **'શરીરની ઈષ્ટ અવસ્થાના કારણભૂત બાહ્ય પદાર્થોમાં રાગ કરે છે...'** અને જે ઈષ્ટ અવસ્થાના કારણભૂત બીજા પદાર્થ એને કોઈ ઘાત કરે એના ઉપર દ્વેષ કરે છે. આહાહા..! આ ટોડરમલનું વચન છે. **'કોઈ બાહ્ય પદાર્થ શરીરની અવસ્થાના કારણરૂપ નથી,...'** આહાહા..! **'છતાં તેમાં પણ તે રાગદ્વેષ કરે છે.'**

**'પોતાનો સ્વભાવ તો દૃષ્ટા-જ્ઞાતા છે.'** પોતાનું સ્વરૂપ અને સ્વભાવ તો જાણવું-દેખવું છે. એનો સ્વભાવ કોઈ શરીર ને વાણી ને રાગ એ કાંઈ એનો સ્વભાવ નથી. આહાહા..! **'હવે પોતે કેવળ દેખવાવાળો જાણવાવાળો તો રહેતો નથી, પણ જે જે પદાર્થોને**

તે દેખે-જાણે છે **તેમાં ઇષ્ટ-અનિષ્ટપણું માને છે અને તેથી** રાગી-દ્વેષી **થાય છે. કોઈના સદ્‌ભાવને...'** બાહ્ય પદાર્થની કોઈની હયાતીને ઇચ્છે છે કે આ હોય તો ઠીક **'તથા કોઈના અભાવને** ઇચ્છે છે,...' પ્રતિકૂળતા ન હોય તો ઠીક. આ તો અજ્ઞાન છે. આહાહા..!

**'પણ તેનો સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો જ નથી,...'** બાહ્ય પદાર્થની હયાતી આ અનુકૂળ હોય તો ટકે એવો ભાવ કરે. અને પ્રતિકૂળતા આવે તો આ મરી જાય દુશ્મનો કે આ બાયડી આવી છે ને ફલાણું છે, છોકરાને મારી નાખે. આહાહા..! કહે છે એ બાહ્ય પદાર્થના સદ્‌ભાવને અનુકૂળતાને અને અસદ્‌ભાવને પ્રતિકૂળતાને છોડવા માટે. પણ એ કાંઈ એને આધીન નથી. એ **'સદ્‌ભાવ કે અભાવ આ જીવનો કર્યો થતો જ નથી, કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,...'** લ્યો, આ મોક્ષમાર્ગ પ્રકાશક. આત્મા શરીરનો કર્તા નથી, પ્રતિકૂળ દુશ્મન આવે એને છોડવાનો કર્તા નથી, સજ્જનો આવે એને રાખવાનો કર્તા નથી. આ તે સાધુ થાય તો એમ થાતું હશે, નહિ? અમારે રમણિકલાલ એમ કહે છે. ધનબાદ, ધનબાદવાળાને? શું કહેવાય બીજું? જરીયા જરીયાવાળા. એ કહે, આ બધું મહારાજ કહે છે એ જંગલમાં જઈએ ત્યારે આવું થાય. પણ જંગલમાં જ છો. અહીં ક્યાં પરમાં પેસી ગયો છો? આહાહા..! રાગમાં તું નથી, શરીરમાં તું નથી, મકાનમાં તું નથી તો પછી તું છો ક્યાં? પૈસાના, મકાનના ઘેરામાં પડ્યો પણ તું ત્યાં નથી. એનાથી જુદો જ છે. જંગલ જ છે એને તો. આહાહા..!

કારણ કે... ત્યાં લીટી કરી છે. **'કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,...'** લ્યો! ઓલા પંડિત કહે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા ન માને તો એ દિગંબર જૈન નથી. લ્યો. હવે અહીં તો આ વાત (કરી છે). કોણ કરે? ભાઈ!

મુમુક્ષુ :- ટોડરમલને

ઉત્તર :- ટોડરમલને ક્યાં માને છે. એ માન્ય નથી.

કહ્યું હતું ને? (સંવત) ૧૯૮૩ની સાલમાં. શેઠ આવ્યા. દામોદર શેઠ. પૈસા એની પાસે ૧૦ લાખ એ પહેલાના પૈસા. કીધું, આ કાળલબ્ધિ અને ભવિતવ્યતા એ કોઈ વસ્તુ નથી એમ ટોડરમલજી કહે છે. આવે છે ને આમાં? એ વસ્તુ નથી. જે સમયે જે પર્યાય થાય તેનું નામ કાળલબ્ધિ. એ સમયે ભાવ થાય એનું નામ ભવિતવ્યતા. પણ એનું જ્ઞાન ક્યારે થાય? કે સમ્યક્‌દૃષ્ટિ કરે તો. આહાહા..! આમાં તો આમ કીધું છે. ટોડરમલ કેવળી થઈ ગયો? એમ બોલ્યા. પૈસાની ખુમારી ને એનું તો અભિમાન ઘણું. ટોડરમલ કેવળી થઈ ગયો? ત્યારે તમે કેવળી થઈ ગયા એમ ક્યાં કહેવું... આહાહા..! આ બાજુ પૈસા એની પાસે હતા. દસ લાખ તે દિ'. ૬૦-૭૦ વર્ષ પહેલા. ૪૦ હજારની ઊપજ હતી. ગામ હતું મોટું. મૂળિયાપાટ.

દસ હજારની ઉપજ હતી. રાજા હતા પણ રાજા જેવા પરમાં ઘૂંચી ગયેલા. આહાહા..! ધર્મને નામે પણ.. અમે માનીએ તે ધર્મ. આહાહા..! મૂર્તિને નહોતા માનતા ઈ. કેસ ચાલ્યો હતો. બોટાદ.. ભાવનગરમાં કોર્ટમાં કેસ ચાલ્યો. ત્યાં એની એ સાક્ષી હતી. શાસ્ત્રમાં મૂર્તિ ક્યાંય છે નહિ. મૂર્તિ-બૂર્તિ નથી એમ મોટો કેસ ચાલ્યો હતો. બોટાદમાં. બોટાદવાળા પૈસાવાળા હતા ને. એટલે આ બાજુમાં આવી ગયા હતા. .. .. આ બાજુ આવ્યા તો એ તો સંપ્રદાયમાં હોય તો તમારા કહેવાય. તમારું રાજ ચાલતું હોય. ભાવનગર.. કોર્ટમાં હોં! કોર્ટમાં એણે કહ્યું, મૂર્તિપૂજા શાસ્ત્રમાં નથી. ત્યાં .. ઓલાને ક્યાં ભાન હોય એનું. આહાહા..! કારણ કે સ્થાનકવાસી ખરા ને, મૂર્તિ માને નહિ. મૂર્તિ પૂજાનો અર્થ શું? કે જે ભગવાનની પ્રતિમા છે એ જો હોય એની બહુમાન અને પૂજા કરે તો શુભભાવ થાય. એવી વસ્તુ શાસ્ત્રમાં છે. પણ એ માને નહિ. સમજાણું કાંઈ? એ તો ત્યાં સુધી કહેતા કે, મિથ્યાદષ્ટિ હોય ત્યાં સુધી મૂર્તિને માને. સમકિત થયા પછી મૂર્તિને ન માને. એમ કહેતા. ત્યારે મેં એને એમ કહ્યું કે સમકિત થયા પછી નિક્ષેપની મૂર્તિ સાચી એને હોય. મિથ્યાત્વમાં નિક્ષેપ અને જ્ઞાનનું કંઈ ભાન એને હોતું નથી. સમ્યગ્દર્શન થયા પછી, આત્માનું ભાન થયા પછી નિક્ષેપ જે વિષય છે જ્ઞેયનો, એનો એ સ્થાપના વિષય છે. એ સમયગ્દષ્ટિને જ સ્થાપના નિક્ષેપનું જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? એને ઉડાવવું હતું. એ કાંઈ બોલે નહિ. આહાહા..!

આત્માનું ભાન થતાં જ્ઞાનના બે પ્રકાર-નય પડી જાય છે-નિશ્ચય અને વ્યવહાર. એ વ્યવહારનય જ્ઞેયના ચાર ભેદ છે-નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. એ સ્થાપના નિક્ષેપ ખરેખર જ્ઞાનીને જ હોય છે. વ્યવહાર. પણ થાય શુભભાવ. પુણ્ય, ધર્મ નહિ. પણ એવો વ્યવહાર ધર્મીને પણ પૂર્ણ વીતરાગભાવ ન હોય ત્યારે આવ્યા વિના રહે નહિ. એને ના પાડે કે આવું ન હોય, (તો એ) મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! ચેતનજી! કીધું, નિક્ષેપ તો ત્યારે હોય. જ્યારે નય પ્રગટે તો એનો વિષય જ્ઞેય છે એના ભાગ પડે છે. અને જ્ઞાનના ભાગ પડે બે-નિશ્ચય અને વ્યવહાર. ત્યારે સામે નિક્ષેપના ચાર ભાગ પડે. એણે સ્થાપના નિક્ષેપ વ્યવહારે માન્યો હોય છે. એ તો તે દિ' વાત હતી. આ તો ૮૩ની વાત છે. ... ૪૯ થયા. અરે..! આગ્રહ જગતને મારી નાખે છે. પક્ષપાત.

અહીં તો કહે છે કે એ છે તો રાગ. મૂર્તિ પૂજાનો, ભક્તિનો છે તો રાગ. પણ એ વ્યવહારનો રાગ આત્મજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી વીતરાગ ન હોય તો એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? આ તો અમારે ૭૬થી ચાલતું હતું. ૭૬ની સાલથી. ૨૪ અને ૩૧ કેટલા થયા? ૫૫ વર્ષ. આહાહા..! એ જેને બાહ્ય બુદ્ધિ છે કેવી? કહે છે. એ બાહ્યબુદ્ધિમાં શુભભાવ પણ હોય છે. છે શુભ. એ ભગવાનની ભક્તિ અને પૂજાથી કોઈ

ધર્મ થઈ જાય, સંવર-નિર્જરા થઈ જાય એમ નથી. સમ્મેદશિખરની લાખ જાત્રા કરે કે શેત્રુંજયની કરે તો એને ધર્મ થઈ જાય એ વાતમાં માલ નથી. પણ જ્યાં સુધી વીતરાગ આત્મા ન થાય અને આત્માનું ભાન થયું છતાં અંદર સ્થિર થઈ શકે નહિ, ત્યારે આવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અને એ રીતે જો ન માને તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. અહીં કોઈ પક્ષમાં આવી ગયા વાડામાં માટે અમે આમાં રહીશું એવું છે નહિ, કીધું. એ દબાતા હતા. બહુ બોલે નહિ. કાંઈ જો બોલીશ તો મુહપત્તિ છોડી દેશે અને વયા જશે. અહીં કાંઈ વાડામાં આવી ગયા માટે પકડાઈ ગયા છીએ ત્યાં એ છે નહિ. અમને તો સત્ય હોય તે સત્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, **'પોતાનો સ્વભાવ તો દૃષ્ટા-જ્ઞાતા છે.'** આહાહા..! **'કોઈના સદ્‌ભાવને તથા કોઈના અભાવને ઈચ્છે છે, પણ...'** કોઈ દ્રવ્યનો કોઈ દ્રવ્ય કર્તા હર્તા છે નહિ. આહાહા..! એ મૂર્તિને સ્થાપવી અને લાવવી એનો કર્તા આત્મા નથી. પણ હોય છે ત્યારે તેની સામે દૃષ્ટિ કરે છે એને શુભભાવ થાય છે. પુણ્ય થાય છે. ભારે આકરું કામ. મંદિર સ્થાપી શકે નહિ એમ કહે છે. આ કરી શકે નહિ એમ કહે છે. મોટું મકાન થયું. કેવા અક્ષરો ને ચારે કોર રંગ ને.. કર્યું ત્યારે થયું છે કે નહિ?

મુમુક્ષુ :- ઈટાલીથી મશીન આવ્યું ત્યારે થયું.

ઉત્તર :- ઈટાલીથી મશીન આવ્યું ત્યારે અક્ષરો થયા બધા. કહે છે, એ ખોટી વાત છે. એ તો અક્ષરો ત્યાં થવાના હતા ત્યારે મશીન આવ્યું એને નિમિત્ત કહેવામાં આવે છે. એક એક અક્ષર જે પડ્યો છે અંદર એ અનંતા રજકણના સ્કંધની તે પર્યાય નામ અવસ્થા છે. એ અવસ્થા મશીનથી થાય એમ છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- માણસોએ મહેનત કરી એ બધું ગયું?

ઉત્તર :- હિંમતભાઈએ બહુ મહેનત કરી છે એના અક્ષરો માટે. હજી આ અક્ષર લખવાના છે એ લખે છે. આ અક્ષર કરે છે ને? શું કહેવાય? આ ચિત્ર-ચિત્ર. આ શું છે...

મુમુક્ષુ :- ચિત્રનો પરિચય.

ઉત્તર :- પરિચય કોતરણી. ભાઈ! આ વાત ઝીણી વાતું બહુ, ભાઈ! તે તે અક્ષરોના રચનાને કાળે આત્મા ભલે એને વિકલ્પથી નિમિત્ત હો, પણ એ એનાથી રજકણની રચના થાય એમ છે નહિ.

મુમુક્ષુ :- કરવું બધું ને...

ઉત્તર :- કરવું બધું નહિ, થવું બધું. કરવાને બદલે થવું બધું અને જાણવું પૂરું. આહાહા..! એમ છે ભાઈ આ તો. સાધારણ બિચારા વેપાર આડે નવરા ન હોય. બે ઘડી ... મળે

તો સાંભળવા જાય. જય નારાયણ. પછી ૨૩ કલાક ત્યાં. એ વાત સાંભળતા બેસે નહિ અંદરમાં. શું કહે છે આ? હાથ હલવે, બોલે અને કહે કે પરદ્રવ્યનું કરી શકાય નહિ.

મુમુક્ષુ :- પોતે બોલે અને કહે હું બોલતો નથી.

ઉત્તર :- પોતે બોલે ને કહે હું બોલતો નથી. પણ પોતે બોલતો નથી. સાંભળને. એ જડની ભાષા છે આ. આહાહા..! સમજાણું કાંઈ? પર તરફની ક્રિયાનો પક્ષઘાત થઈ ગયો છે. આવી વાત. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે અજ્ઞાની એમ માને છે કે હું આને કરું છું. મકાન બનાવું છું, રહેવાનું કરું છું, દીકરા-બાયડી-છોકરાને હું પાળું છું, આવી રીતે આ કરીને બીજાને કેળવણી આપું છું છોકરાઓને. એ બધું પરના કર્તાપણાની માન્યતા તેને ભગવાન મિથ્યાદર્શન કહે છે. અજ્ઞાન સંસારના દુઃખના ઊંડા ખાડામાં જનારા છે એ બધા. સમજાણું કાંઈ?

'**કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,...**' લ્યો, સમયસારની ગાથા આપી. ૩૭૨.

**કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે.**

ગુણ શબ્દે પર્યાય. આહાહા..! સમજાણું કાંઈ? '**કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,...**' કોઈ ચીજ બીજી ચીજની અવસ્થાને ઉપજાવે એ ત્રણ કાળમાં ત્રણ લોકમાં બનતું નથી. આત્મા શરીરને હલાવે કે આત્મા ભાષા બોલે, એ ત્રણ કાળમાં થતું નથી. મોહનલાલજી! આ બધા હુશિયાર તમે બધા વેપારના ધંધા હુશિયાર કરતા નથી? ધૂળેય કરતો નથી, સાંભળને! અમે પરની દયા પાળી શકીએ છીએ. મૂઢ છો. પરના કાર્ય તું કરી શકે છે? પરની દયાનું? તને તો વિકલ્પ આવે રાગ. પણ એથી પરની દયા પાળી શકે છે- એ કર્તા માનનારા મૂઢ અને મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? બીજા તત્ત્વને પોતાનું તત્ત્વ માને, બીજાના કાર્યને પોતાનું માને એ મિથ્યાદર્શન શલ્ય છે. અજ્ઞાનનું મહાપાપ છે. આહાહા..!

'**કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનો કર્તા છે જ નહિ,...**' સમજાણું કાંઈ? કેમ કે પ્રત્યેક પદાર્થો વર્તમાન અવસ્થાના કાર્યને કરી શકે છે એ પોતાથી કરે છે. એનું કાર્ય બીજો કરે (એમ) ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! ભારે કામ! પાંજરાપોળ કરવી, પારેવાને જાર નાખવી. પારેવા ... પારેવા. એ તો એ કાળે બનવાની ક્રિયા બને. આત્મા કરી શકતો નથી. આહાહા..! .. કોણ? કેમ કે ભગવાન આત્મા તો જ્ઞાન અને દર્શન, જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવથી ભરેલો છે. પરનું કરે એવું કર્તાપણું સ્વરૂપમાં છે નહિ. આહાહા..! ભારે આકરું! આવું મોટું કરવું અને વળી કહે કર્તા નહિ.

મુમુક્ષુ :- .. માનવું કેમ પણ?

ઉત્તર :- ગાંડી દુનિયા માને માનવું હોય તો. આહાહા..! એ તો એને કારણે પરમાણુઓ, રજકણો, પુદ્‌ગલો પોતાના પરાવર્તનની પર્યાયના કાળે તે ક્ષેત્રે આવીને પરાવર્તન એનું પુદ્‌ગલનું થયું છે. આત્મા એને કરે, આ મકાનને આત્મા કરે એમ માનવું મહા મિથ્યાત્વનું પાપ છે. ભારે કામ, ભાઈ! આ દુનિયાથી ઊંધુ ભારે. એ કહ્યુંને, જુઓને!

'**કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે;...**' આહાહા..! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પોઈન્ટ-રજકણ-તે તે કાળે તેની વર્તમાન અવસ્થાપણે તે તે દ્રવ્ય પરિણમે છે. બીજો એને પરિણમાવે તો થાય એ વાત વસ્તુના તત્ત્વની અંદર છે નહિ. એમ માને તે મૂઢ અને મિથ્યાદૃષ્ટિ (છે), તે જૈન નથી. એને જૈનધર્મની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ ૩૭૨ ગાથા બહુ સારી છે.

'**કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,...**' (એટલે) પર્યાયનો એક તત્ત્વ બીજા તત્ત્વની અવસ્થાને ત્રણ કાળમાં કરી શકે નહિ. કેમ કે તે તે પદાર્થ વર્તમાન પોતે તે ક્ષણે પોતાની અવસ્થાનો ઉત્પાદ કરે. એમાં બીજો કહે કે મેં કર્યો. આહાહા..! સમજાણું કાંઈ? બહુ કામ.. હવે આ ચશ્મા છે એ હેઠે હોય અને આમ ઉપાડ્યા, કર્યા તો કર્તા નથી એમ કહે છે. કોણ ઉપાડે? ભાઈ! તને ખબર નથી. કીધુંને? '**સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે;...**' એ વખતે આ પરમાણુ જે છે એની ક્ષેત્રાંતર થવાની ક્રિયાવર્તી શક્તિને કારણે પોતે પોતાથી ક્ષેત્રાંતર થાય છે. આંગળીથી ક્ષેત્રાંતર થયું અને આત્માથી થયું... આહાહા..! ભારે વાતું, ભાઈ! એવું હશે? અહીં પ્લેનમાં આવતા હતા અને ટોપી ઓઢીને આવતા. આમ કરું.. આમ કરું.. એવું આવતું. મુંબઈ. પંદરસો માસિક પગાર. બ્રહ્મચારી છે. પ્લેનમાં હતા. પંદરસોનો માસિક પગાર. બ્રહ્મચારી છે, લાખોપતિ. બાળબ્રહ્મચારી. નોકરી છોડી દીધી. બે વર્ષથી છોડી દીધી. એ તો ક્યાં હવે ધૂળમાં નોકરો કરે અને એમાં પંદરસો મહિનાના આવે. એ તો ધૂળ છે. આહાહા..! એનાથી મારો નભાવ થાય શરીરનો, પરના જડને કારણે આનો નભાવ થાય. એ પરવસ્તુનો કર્તા આને માનવો એ તો મૂઢ જીવ છે. હું આ શરીરને બરાબર જાળવીને રાખું તો શરીર રહે, એ પરનો કર્તા મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનધર્મ એટલે વસ્તુના સ્વભાવની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવું છે, ભઈ. દુનિયાથી ઊંધું છે. દુનિયા આખી ઊંધી છે એનાથી આ ઊંધું છે. આહાહા..!

કહે છે... એનો અર્થ કર્યો છે. '**સર્વ દ્રવ્યો...**' બધા પદાર્થો. રજકણ હો કે આત્મા હો, બીજા છ દ્રવ્ય તો ભગવાને જોયેલા. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. ભગવાન કેવળી પરમાત્માએ તો છ દ્રવ્ય જોયા છે. સંખ્યાએ અનંત, જાતિએ છ. આત્મા છેને એ

અનંત છે. રજકણો અનંત છે. કાળાણું અસંખ્ય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક એક છે. એટલે સંખ્યાએ અનંત છે પણ જાતિએ છ. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. એ દરેક પોતપોતાના સ્વભાવરૂપે પરિણમે છે. આહાહા..! ગળે ઉતરવું ભારે કઠણ જગતને.

તે દિ' કહ્યું હતું ને? નહોતા? લીંબડીવાળા ચીમનલાલ ચકુ હતાને ૮૭માં. લ્યો, આ મેં કર્યું. એમ કહ્યું. અરે..! શું કહો છો તમે? એમાં શું થયું? એમાં આત્મામાં શું થયું અને આમાં શું થયું એ તમને ખબર છે આત્માની? આહાહા..! તે દિ'ની વાત. ૮૭ની હોં! કેટલા વર્ષ થયા? એણે કીધું. લ્યો આ મેં કર્યું. ભાઈ! જુઓ! તમે એમ કહ્યું કે એક માણસ હતો શેઠિયો, એ નાસ્તિક હતો, કાંઈ માનતો નહોતો. એને ૬૦ વર્ષે દીકરો થયો. એટલે રાજા ને ગામના ઓલું આવે ને વધાઈ દેવા. શું કહેવાય તમારે? ... એ રાજા આવ્યો. રાજાએ છોકરાને જોયો તાજો જન્મેલો. એટલે કહે, મને તો આને કાપીને કટકા કરીને ખાવાનું મન થાય છે. આ દાખલો આપ્યો હતો, તે દિ'. પછી ઓલો કહે-જેનો દીકરો હતો એ. અર..ર..! કેમ? તમે તો પાપને માનતા નથી. કહે, નહિ.. નહિ.. નહિ.. આ ન થાય. પણ ન થાય શું? આ ભૂખ લાગી છે ને ખાધા વિના આવ્યો છું ને દૂધ પીધા વિના આવ્યો છું. આને તોડીને ખાઈશ તો ભૂખ મટી જશે, દુઃખ મટી જશે. તમે કહો કે પાપ થાય અને હું કહું કે દુઃખ મટી જશે મારું. એય..! ભૂખ લાગી છે. એના કટકા કરીને તેલમાં.. ભૂખ મટી જાય. તમે કહો કે પાપ થાશે. પાપ હોય તો અહીં દુઃખ થવું જોઈએ. ભાઈ! તને ખબર નથી એની ત્રિરાશીની.

એ શાતાના ઉદય વિના એને અંદરમાં પચે નહિ. એ તો શાતાના કારણે આ થયું છે. એ માર્યું, કાપ્યું એનો પાપનો ભાવ તો તારો ભિન્ન છે. એ ભાવને કારણે તો તારે ચાર ગતિમાં આગળ રખડવું પડશે. અત્યારે જે આ થયું, ભૂખ મટી ગઈ છે એ પાપ કર્યું અને માંસ ખાધું માટે મટી ગયું છે એમ નથી. એ જઠરના શાતાના ઉદયને લઈને ત્યાં તને શાતા દેખાય છે. મટી ગયું દુઃખ. એ કાપ્યું ને ખાધું માટે દુઃખ મટ્યું એમ છે નહિ. એની ત્રિરાશી કરવી પડશે, કીધું. એક તો એ આવ્યું કેમ? કે પૂર્વના કંઈક પુણ્યને લઈને. મટ્યું કેમ? કે શાતાને લઈને. કરવાનો ભાવ કેમ? કે એ પાપ. આહાહા..! પાપથી દુઃખ મટે એ માન્યતા ભ્રમણા અજ્ઞાનીની છે. મોહનલાલજી! આ તો બીજી જાતની વાતું છે. આ નિશાળ બીજી છે આ. આ તો કેવળજ્ઞાનની નિશાળ છે.

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ.. આહાહા..! જેણે ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં દીઠા એવા અરિહંત પરમેશ્વરની વાણીમાં આ આવ્યું છે કે કોઈ તત્ત્વ-કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું

કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. આહાહા..! આમ હાથ ફેરવ્યો થયું કેમ? એ તો એમાં રજકણની અવસ્થા ક્ષેત્રાંતર થવાની હતી માટે થઈ છે. તેં વિકલ્પ કર્યો માટે આમ થયું છે એમ નથી. બાપુ! તને ખબર નથી. તને દ્રવ્યની પૃથક્તાના ભાનની ખબર નથી. પૃથક્ દ્રવ્ય પૃથક્ દ્રવ્યને કાંઈ કરે એ વસ્તુના સ્વભાવમાં ત્રણ કાળમાં છે નહિ. સમજાણું કાંઈ? છે એમાં?

'**કારણ કે કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનો કર્તા છે જ નહિ,...**' એ ગાથા છે ૩૭૨મી, સમયસારની. '**પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવરૂપ પરિણમે છે;...**' આહાહા..! ઘડાનો કરનાર કુંભાર નથી. એ દાખલો છે ત્યાં ૩૭૨માં. અમે તો ઘડાનો કરનાર કુંભાર દેખતા નથી. ભગવાન એમ કહે છે. ઘડાનો કરનાર કુંભાર અમે તો દેખતા નથી. કેમ? કે પરમાણુની અવસ્થા ઘડારૂપે થઈ એનો કર્તા તો એના પરમાણુ છે. એ કુંભાર એને ઘડારૂપે કરે એ તો અમે જોતા નથી. ભારે આકરી વાતું ટૂંકી વાતમાં. પણ ક્યાં એની વિપરીત માન્યતા છે એની એને ખબર નથી. અને એ માન્યતા વિપરીતની ખબર વિના એ સામાયિક કરે, પોષા કરે, પડિકમણા કરે એ રાગની મંદતા મિથ્યાત્વના પાપને સેવન કરે છે. સમજાણું કાંઈ?

'**સર્વ દ્રવ્યો...**' સર્વ દ્રવ્યો છે ને શબ્દ? બધા આત્માઓ, બધા રજકણો '**પોતપોતાના સ્વભાવરૂપ...**' પર્યાયના સ્વભાવરૂપે થાય છે. '**માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે.**' અજ્ઞાનભાવ કરીને વ્યાકુળ થાય છે. મેં કર્યું આ... મેં કર્યું આ. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' શકટ એટલે ગાડું. ગાડાની નીચે કૂતરું. ગાડું તો બળદથી ચાલતું હોય. પણ ઓલું કૂતરું નીચે હોય એને એમ કે મારાથી ચાલે છે. એમ 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' મેં આ વેપાર કર્યો, મેં આ થડે બેસીને બરાબર દુકાન જાળવી માટે પાંચ લાખ પેદા થયા. પોર બરાબર નોકરની માથે રાખ્યું તો પેદા થયું નહોતું. કેમ હશે આમાં? કહે છે, ભાઈ! તને ખબર નથી બાપા. પ્રભુ! તું જાણતો નથી. ભાઈ! તારો સ્વભાવ તો જાણવા-દેખવાનો છે. અને જાણવા-દેખવાના સ્વભાવ ઉપરાંત તું પરનો કર્તા થા એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**માત્ર આ જીવ વ્યર્થ કષાયભાવ કરી વ્યાકુળ થાય છે.**' આહાહા..!

'**વળી કદાચિત્ પોતે ઈચ્છે તેમ જ પદાર્થ પરિણમે...**' કદાચ કોઈ વખતે. '**તો પણ તે પોતાનો પરિણમાવ્યો તો પરિણમ્યો નથી,...**' આહાહા..! આ આંગળા આમ છે, જુઓ! આમ રોટલીના કટકા કરવા વખતે. ઈચ્છા હતી તો થયા. પણ એ તારી ઈચ્છાથી ત્યાં થયા છે એમ નથી. એ કટકા રોટલીના થયા એ હાથથી થયા એમ પણ નથી. કેમ કે હાથના પરમાણુઓની પર્યાય હાથમાં થઈ અને કટકા થવાની પર્યાય એ રોટલીમાં થઈ.

આરે.. આરે..! આવું તે ક્યાં? ભારે ભ્રમ ભાઈ! આ બધા પાગલ હશે ત્યારે? પાગલની મોટી હોસ્પીટલ છે. આહાહા..!

અહીં એ કહે છે પ્રભુ કે પ્રત્યેક પદાર્થ એમાં એક એક દ્રવ્યમાં ઉત્પાદવ્યયધ્રૌવ્ય એવી એક શક્તિ છે. આહાહા..! તેથી તે તે પદાર્થમાં તે ક્ષણે તે પર્યાયનું તે ઉત્પન્ન થવું એ એના પદાર્થનું કારણ છે. આહાહા..! આ તે ગળે શી રીતે ઉતરે? મોટા રેલના.. મોટા કરે છે નહિ? ડુંગરા તોડે, રેલ હેઠેથી કાઢે. નથી આ રસ્તામાં નથી આવતું? અરે..! ભગવાન સાંભળને, પ્રભુ! ભાઈ! તું ક્યાં છો? અને તત્ત્વ કર્તા છે. એ તત્ત્વો દ્રવ્યો જે છે એનું નામ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે એ ક્ષણે ક્ષણે દ્રવતિ ઈતિ દ્રવ્યં. પાણીમાં જેમ તરંગ ઉઠે છે એમ દરેક પદાર્થમાં જડ હો કે ચૈતન્ય. ભગવાને તો છ દ્રવ્ય જોયા. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ, જીવ અને પુદ્‌ગલ. તો છ દ્રવ્ય સંખ્યાએ અનંત છે. એ અનંત સંખ્યાએ વર્તમાનમાં પોતાની અવસ્થાથી તે થઈ રહ્યા છે. ઉત્પાદ પોતાની અવસ્થાથી, વ્યય પોતાની અવસ્થાથી, ધ્રુવ પોતાની એ અવસ્થાથી. આહાહા..! આ અહંકાર ગળે મિથ્યાત્વ આવું ટળે .. ધર્મ થયો ... આહાહા..!

'**વળી કદાચિત્ પોતે ઈચ્છે તેમ જ પદાર્થ પરિણમે તોપણ તે પોતાનો પરિણમાવ્યો તો...**' એટલે તારું કર્યું થયું નથી. ત્યાં તો થવાનો કાળ હતો માટે થયું છે. આપણે આવી ગયું છે-જન્મક્ષણ. દરેક પદાર્થમાં જે પર્યાય છે તે તેની ઉત્પત્તિનો કાળ છે. જન્મક્ષણ કીધી છે. ભાઈ! આવ્યું હતું ને? પહેલા આવી ગયું. દરેક આ રજકણ છે, આત્મા છે, તેની જે અવસ્થા થાય છે તે તેનો જન્મ-ઉત્પત્તિનો એનો કાળ છે. આહાહા..! એની ઉત્પત્તિના કાળે તે પર્યાય ઉત્પન્ન થાય છે. પરને લઈને થાય છે એ મોટી મિથ્યા ભ્રમ દશા છે એની. સમજાણું કાંઈ?

'**પણ જેમ ચાલતા ગાડાને ધકેલી બાળક...**' જુઓ! આવ્યો દાખલો. '**બાળક એમ માને કે, આ ગાડાને હું ચલાવું છું-એ પ્રમાણે તે અસત્ય માને છે.**' ગાડું. બાળક ધક્કો મારે તો જાણે મારાથી ચાલ્યું. એની મેળાએ ચાલ્યું છે, બાપા! એની પર્યાય ક્રિયાવર્તી શક્તિ જડમાં છે કે જેથી એને કારણે ગતિ (થાય છે). આ કહે કે મેં કરાવી ગતિ. એમ અજ્ઞાની જડ અને ચૈતન્ય એની વર્તમાન દશાપણે તે પરિણમે, ત્યારે આ કહે કે આ મેં પરિણમાવ્યું, આ મારી ઈચ્છાથી એમ થયું. એને અહીંયાં મિથ્યાદર્શન શલ્ય કહે છે. એને છોડીને અંતરમાં દૃષ્ટિમાં આવ, આત્મા જ્ઞાતા-દૃષ્ટાને જાણ, તો જ્ઞાતા-દૃષ્ટા પરનું કરે નહિ એવી દૃષ્ટિ થતાં તને સમ્યગ્દર્શન થાય. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૪, બુધવાર તા. ૧-૧-૧૯૭૫**
**શ્લોક - ૧૫-૧૬, પ્રવચન - ૨૨**

ત્રીજો પેરેગ્રાફ. કહે છે, અનાદિથી આત્મા ચાર ગતિમાં રખડે છે અને દુઃખી છે. એ કેમ રખડે છે અને દુઃખી છે? અવતાર ધારણ કરે છે ને આ બધા? માણસના મરીને ઢોરના, નારકીના, દેવના એવા અનંતા શરીર અનંત કાળથી કરે છે એનું કારણ? પોપટભાઈ! આ બધા પૈસાવાળા દુઃખી છે, હોં! એમ ન સમજવું કે સુખી છે. એ પૈસા જડ ધૂળ છે. આબરૂ બાહરની જડ અને ધૂળ છે. આ શરીર પોતે જડ અને ધૂળ છે.

કહે છે કે આ આત્મા જે દેહમાં ભિન્ન સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ અને ત્રણ લોકનું જ્ઞાન (પ્રગટ થયું છે), એ ભગવાનની વાણીમાં એ આવ્યું અને (ગણધરોએ) રચ્યુ, તેમ આ શાસ્ત્ર ખરેખર સંતોના રચેલા પણ પૂર્વના સર્વજ્ઞોનો અનુવાદ છે બધો. કહે છે કે આ ચાર ગતિમાં અનંત કાળથી પરિભ્રમણ કરે છે અને એ દુઃખી છે. એમાં આત્મામાં અંતર આનંદ સ્વરૂપ છે એની એને ખબર નથી. નટુભાઈ! આત્મામાં આનંદ છે. પૈસામાં અને બાયડીમાં આનંદ માને છે એ ભ્રમણા, મૂઢ છે એમ કહે છે.

મુમુક્ષુ :- ભગવાન તો એમ જ કહે ને.

ઉત્તર :- ભગવાન કહે છે એ વસ્તુ છે એમ કહે છે. કહે છે, જુઓ!

**'માટે શરીરાદિ મારાં છે...'** અજ્ઞાની અનાદિ કાળથી આ દેહથી ભિન્ન ચૈતન્ય આનંદ સ્વરૂપ છે, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને પછી ઈચ્છા વિનાની વાણી નીકળી, એ વાણીમાં આ સ્વરૂપ આવ્યું છે કે અનાદિથી શરીર મારા, આ શરીર મારા (એમ અજ્ઞાની માને છે). આ તો જડ માટી-ધૂળ છે. અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના એ ભાવ પણ વિકાર રાગ ને વિકાર છે. ઝીણી વાત. એ વિકાર અને શરીર વિનાની ચીજ અંદર છે. સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદના ભરપૂર ભાવથી ભરેલો પદાર્થ છે. એવા આત્માને ન માનતા શરીર મારું, બાયડી મારી, છોકરા મારા, મકાન મારા, લક્ષ્મી મારી, આબરૂ મારી.

એવા મૂઢ જીવો પરવસ્તુને પોતાની માનીને **'અને તેની ક્રિયા હું કરી શકું છું...'** ઝીણી વાત છે જરી. આ શરીર છે એ જડ છે અજીવ માટી. આ એને આમ હલાવી શકું છું, બોલું છું, હું બોલી શકું છું, હું આ દાળ-ભાત-રોટલા ખાઈ શકું છું એ બધી જડની ક્રિયા છે. છતાં એ માને છે કે એ મારી ક્રિયા છે. આહાહા..! મોહનલાલજી! આ જડની

ક્રિયા હશે આ બધી? ક્યાં ભાન ન મળે. એમ ને એમ ધંધા કરવા મજૂરી. અને કાંઈક પુણ્ય હોય પૂર્વના તો પૈસા મળે અને એ પૈસાના પાછા અભિમાન. અમે પૈસાવાળા અને અમે ધૂળવાળા. આહાહા..!

ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવનો હુકમ, આજ્ઞા અને આદેશ છે. આહાહા..! ભાઈ! તું શરીરને મારા માનીશ અને શરીરની જેટલી ક્રિયા થાય એ મારી ક્રિયા છે એમ માનનારા તે વિપરીત શ્રદ્ધાવાળા મિથ્યાદર્શન જૂઠી શ્રદ્ધાને સેવે છે. આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ.. સમજાય છે કે નહિ? શરીર મારા, સ્ત્રી મારી, મકાન અમારા, લક્ષ્મી અમારી. હવે એ તો જડ છે બધું. તારા ક્યાંથી આવ્યા? તારા હોય એ જુદા રહે નહિ અને જુદા હોય એ તારા થાય નહિ. આહાહા..! કહો, પોપટભાઈ! સાચું હશે આ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આહાહા..!

શરીર, વાણીની ક્રિયા હું કરી શકું છું, અજીવની ક્રિયા મારાથી થાય છે, એમ માનનારા પ્રાણી મૂઢ જીવ છે. શું નામ? ભાનુભાઈ! તમારે હતું ને કાંઈક? લગ્ન હતા ને? ...ભાઈના. આહાહા..! આ તો માટી-જડ છે. શરીર અજીવ છે. માતાના પેટમાં એ ભવથી જ્યારે આવ્યો ત્યારે પાછું એ નહોતું. એનું એક લોહીનું બિંદુ અને એક વીર્યનું બિંદુ એમાં જીવ આવ્યો. એમાંથી .. એમાંથી આ શરીર બની ગયું આવડું મોટું. એ તો જડ છે. અજ્ઞાની એ શરીરની ક્રિયા અને શરીર મારું છે એમ માને છે. એ મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, જૂઠી શ્રદ્ધાનો સેવનાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**તેની ક્રિયા હું કરી શકું છું...**' આહા..! આ મકાનો મોટા બાંધે એ માને છે કે મેં કર્યું. માને છે કે નહિ? એય..! ૨૨-૨૨ માળના મકાન નથી કરતા મુંબઈમાં? એ આનો દીકરો છે. પુનમચંદ. પુનમચંદ મલૂકચંદ. મોટા પાંચ કરોડ રૂપિયા છે ને. આ મલૂકચંદના દીકરા. આ તમારા હીંમતભાઈ છેને, એનો ભત્રીજો. માને નહિ આનું, હોં! પાંચ કરોડ નગદ છે એની પાસે. આહાહા..! આવે અહીં. પણ પૈસા... પૈસા.. પૈસા... ધૂળ.. ધૂળ... ને ધૂળ... આહાહા..!

મુમુક્ષુ :- એના વિના શાક ન આવે.

ઉત્તર :- એના વિના શાક ચાલે છે. છોકરાને .. નાના છોકરાને મળે છે, ક્યાં છોકરા પાસે પૈસા તો નથી. એ તો જે ચીજ.. આ લોકો નથી કહેતા? કે ખાનારનું દાણે દાણે નામ છે. સાંભળ્યું છે? ભાઈ નટુભાઈ! એ પાછા સાંભળે એટલું પણ એનો નિર્ણય ન કરે. ખાનારનું દાણે દાણે નામ છે એમ કહેવાય છે. એનો અર્થ શું? ભગવાન એને એમ

કહે છે કે જે રજકણો અહીં આવવાના છે એ આવશે જ. એના ખેંચ્યા નહિ આવે, એની ઈચ્છાથી નહિ આવે. આહાહા..! દાણે દાણે નામ લખ્યું છે અંદર? તમારે શું કહે છે? એય..! ક્યાં ગયા? પંડિતજી! શું કહે છે તમારે? ખાનારનું નામ. એનો અર્થ એટલો છે, ભગવાન! એ રજકણો જે પરમાણુ-માટી છે ને? એ અહીં આવવાના એ આવવાના અને નહિ આવવાના એ નહિ આવવાના. એ તારે કારણે આવે અને તારે કારણે જાય એ વસ્તુ છે નહિ. ભારે કામ આકરું. સમજાણું કાંઈ? એ રજકણોના કામ હું કરું છું અને એ શરીરની ક્રિયા મારી છે, આ પૈસા બીજાને દઈ શકું છું, પૈસા બીજાથી લઈ શકું છું એવી જે પરની ક્રિયા એને અજ્ઞાની પોતાના કર્તા તરીકે માને છે. આહાહા..! '**એવી શરીરમાં આત્મબુદ્ધિ તે અજ્ઞાનચેતના છે.**' આહાહા..! એનું અજ્ઞાન એનું નામ મિથ્યા ચેતના છે, જૂઠું જ્ઞાન છે. સમજાણું કાંઈ? છે?

મુમુક્ષુ :- અજ્ઞાનચેતના એટલે શું પણ?

ઉત્તર :- અજ્ઞાનચેતના એટલે મૂઢ ચેતના. એની ચેતના જૂઠી છે. એ જૂઠામાં ચેતાઈ ગયો છે. આ મારા છોકરા, આ મારી આબરૂ, આ મારા મકાન, આ મારું શરીર. મૂઢ. કહે છે કે એનું જ્ઞાન મૂઢમાં મૂર્ઝાઈ ગયું છે. સમજાણું કાંઈ? ભારે વાતું આવી.

'**તેનો ત્યાગ કરી...**' હવે જ્યારે ધર્મી થવું હોય.. આહાહા..! ત્યારે એ ક્રિયા મારાથી થાય છે એવી જે માન્યતા છે એને છોડી દઈ... આહાહા..! '**આત્મા એ જ મારો છે...**' આ આત્મા સચેત જ્ઞાનાનંદ સ્વરૂપ છે, શુદ્ધ જ્ઞાન અને આનંદનો સાગર છે અંદર. આહાહા..! એ આત્મા તે હું છું. હું શરીર નહિ, વાણી નહિ, મન નહિ, કર્મ નહિ, રાગ નહિ, દ્વેષ નહિ. આહાહા..! એવું જ્યારે અંદરમાં માને અને એવું માનીને આત્માને એવો જાણે ત્યારે એને ધર્મ થાય. આહાહા..! ભારે વાત! સમજાણું કાંઈ? આ પૂજા કરીને...

મુમુક્ષુ :- દાન-દયાથી ધર્મ ન થાય?

ઉત્તર :- દાન-દયાના પરિણામ હોય એ પુણ્ય છે, ધર્મ નથી. કહો. આ પાંચ લાખ ખર્ચ્યા. આ તમારે બાર લાખ ખર્ચ્યાને તમારે ત્યાં? આ જવાના છીએને ત્યાં અમે. શું કહેવાય? બેંગ્લોર. ભાઈ ભભુતમલ દેરાવાસી શ્વેતાંબર છે. એણે આઠ લાખ ખર્ચ્યા અને એક જુગરાજજી સ્થાનકવાસી (છે). બેય કરોડપતિઓ. આ વળી કહે છે, મારા જાણીતા છે. ભભુતમલ પાસે બે કરોડ છે. આ એના જાણીતા છે ને. બે કરોડ હશે અને ઓલા જુગલરાજજી પાસે એક કરોડ છે. બેય મળીને બાર લાખનું મંદિર (બનાવે છે). દિગંબર મંદિર બેંગ્લોરમાં થયું છે. ત્યાં ચૈત્ર સુદ તેરશનું ત્યાં ભગવાનની પ્રતિષ્ઠાનું મુહૂર્ત છે. ત્યાં જવાના છીએ ને.

એ પૈસા મારા અને મેં ખર્ચ્યા. કહે છે, મિથ્યા બુદ્ધિ છે. પૈસા ક્યાં તારા છે? એ

તો જડના છે. બહુ આકરી વાત છે. જગતને સત્ય મળ્યું નથી. એ તો આમ કાંઈક દેરાસર કરીને પાંચ-દસ લાખ ખર્ચીએ ને ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને. એ પરની ચીજને હું રચું છું એવી જે માન્યતા છે તે મિથ્યા શ્રદ્ધા ને મિથ્યા જ્ઞાન અને મૂઢતા છે. આહાહા..!

એ અહીં કહે છે. એ શરીરમાં, વાણીમાં, મનમાં, કર્મમાં, રાગમાં, દ્વેષમાં, બાયડીમાં, છોકરામાં આ મારા અને એની ક્રિયા તે હું કરી શકું છું. એવો જે મિથ્યાત્વભાવ એ જેને છોડવો છે. આ નહિ. એ હું નહિ. જે હું હોઉં એ મારાથી જુદા રહી શકે નહિ અને જુદા રહે તે મારા હોઈ શકે નહિ. અજ્ઞાનનો ત્યાગ કરી. આ અજ્ઞાનનો ત્યાગ કરવો. બાયડી-છોકરાનો ત્યાગ કર્યો એ તો અનંત વાર કર્યો. સમજાણું કાંઈ? 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો,...' મુનિવ્રત (ધારી) અનંત વાર સાધુ થયો. કુટુંબ, કબીલા, દુકાન છોડી, પણ અંદરમાં આ મારી ક્રિયા રાગની અને આ ક્રિયા મારી-એ મિથ્યાત્વ છોડ્યું નહિ એણે.

મુમુક્ષુ :- મુનિ..

ઉત્તર :- મુનિ નામ. નાગા થઈને ફરે. જંગલમાં રહે પણ આત્મા અંદર વસ્તુ એ શરીરની ક્રિયાથી રહિત અને દયા, દાન, વ્રતના ભાવ થાય એ પણ રાગ છે. કહ્યું ને આ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિના વ્રત લીધા, પંચ મહાવ્રત પાળ્યા એ તો પુણ્ય છે. એ આત્માનો સ્વભાવ નથી. એને લઈને સ્વર્ગમાં જાય ધૂળમાં ઊંચે. આ માખી ઉડીને જાયને ત્યાં ઉપર? નવરંગભાઈ! વાત એવી છે, ભાઈ! કેમ આ તમે હેઠા બેઠા અને માખી ઉપર જાય કે નહિ? એટલી ઉપર ગઈ તો ઊંચી થઈ ગઈ? એમ એવા દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરે, પુણ્ય બાંધે. મુનિ થઈને ત્યાગે પછી ઊંચે સ્વર્ગમાં જાય. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને એકવાર કહ્યું. 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' એ શબ્દ છે. સજ્ઝાયમાળા આવે છેને ચાર? એમાં આ શબ્દ છે. દુકાન ઉપર હું તો આ વાંચતોને. પૂર્વના સંસ્કાર હતા તે. નાની ઉંમરમાં. એ સજ્ઝાયમાળામાં આ આવ્યું છે. (સંવત) ૧૯૬૪-૬૫ સાલની વાત છે. સજ્ઝાયમાળા આવે છે. એક એક સજ્ઝાયમાં ૨૦૦-૨૫૦ સજ્ઝાય આવે છે. એવી ચાર સજ્ઝાય(માળા). એ દુકાન ઉપર મગાવેલી. તે દિ', હોં! ૬૫ની સાલ. એમાં વાંચેલું. આ આવ્યું. આ શું? 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' બહારના ક્રિયાકાંડના પુણ્યભાવને લઈને સ્વર્ગમાં ગયો. નવમી ગ્રૈવેયક છે. આ પુરુષના આકારે જગત છે. માણસ ઊભો હોય આમ (કડે હાથ) દઈને, એવું આ જગત છે ચૌદ બ્રહ્માંડ. એની અંદર ગળાનું સ્થાન હોય છે. આ ગળાનું. એને ગ્રૈવેયક કહેવાય છે. એ ગ્રૈવેયકમાં પાસડા હોય છે સ્વર્ગના. ત્યાં પણ અનંત વાર જઈ આવ્યો છે. સાધુ થઈ, ત્યાગી થઈ, પુણ્યના

પરિણામ કરી. પણ ધર્મ એણે કર્યો નથી. ધર્મ કોઈ ચીજ બીજી છે, બાપુ!

એ 'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો...' એમ શબ્દ છે અંદર. મોહનલાલજી! આ તો દુકાન ઉપર પણ હું તો વાંચતો હોં ત્યાં. ભગત કહેવાતો નાની ઉંમરમાં. ભગત કહેતા પહેલેથી, નાની ઉંમરથી. એ ચાર સજ્ઝાયમાળા છે. એક એકમાં ૨૦૦-૨૫૦ શ્લોક છે. અહીં ચારેય છે. અહીં પુસ્તક ચારેય છે. એમાં બે વાત આવી ત્યારે ખટક લાગી હતી. આ એક આવ્યું નવમી ગ્રૈવેયકે ક્રિયાકાંડ કરી અને સંયમ પાળીને ગયો તો પણ સંસારનો નાશ ન થયો. 'ફેર પીછો પટક્યો.' પાછો આવીને માણસ થઈને, ઢોર થઈને નરકમાં ગયો. આ શું? એ વખતે તો કાંઈ ખબર નહિ. પણ આ છે શું? દ્રવ્ય સંયમ લીધું અને નવમી ગ્રૈવેયકે ગયો. ગળાના સ્થાનમાં વૈમાનિક પાસડા છે. અને અનંત વાર ત્યાં ઊપજ્યો. આહાહા..! છતાં ભવ ઘટ્યો નહિ. કેમ કે એણે જન્મ-મરણના નાશનો ઉપાય-એ રાગની ક્રિયા પણ મારી નહિ, હું તો ચિદાનંદ, જ્ઞાનાનંદ, સહજાનંદની મૂર્તિ છું. આહાહા..! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્માને કહ્યો એ આત્મા તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એમાં પુણ્ય અને પાપના રાગ એ એના સ્વરૂપમાં નથી. આહાહા..!

એવા સ્વરૂપના ભાન વિના... કહ્યું ને આ. 'મુનિવ્રત ધાર...' મુનિવ્રત લીધા. 'અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ મુનિવ્રત પંચ મહાવ્રત છે એ પણ રાગ અને દુઃખ છે. આહાહા..! જગતને ક્યાં બેસે? સાંભળ્યું નથી કોઈ દિ'. એ વિકલ્પ ઉઠે છે કે દયા પાળું, આ પાળું, આ પાળું એ બધો રાગ છે. એ રાગ છે એ દુઃખ છે. એમ કહ્યું. જુઓ! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' ત્યારે એ પંચ મહાવ્રતના પરિણામ પણ આસ્રવ અને દુઃખ છે. અવ્રતના પાપ ને હિંસા તો દુઃખ છે... આહાહા..! પણ વ્રતના પરિણામ હું આ કરું આટલું એ વિકલ્પ ને રાગ ને દુઃખ છે. તો કહે છે, 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન...' આહાહા..! પણ એ રાગની ક્રિયાથી પાર ચિદાનંદ મૂર્તિ પ્રભુ આત્મા છે એનું એણે જ્ઞાન ને સ્વાદ લીધો નહિ. આહાહા..! એ શું હશે? સ્વાદ આવતો હશે? સ્વાદ તો આ દૂધપાકનો અને લાડવાનો એમ કહે છે લોકો તો. વાતું કરે છે. એનો સ્વાદ કે દિ' આવે છે એને? દૂધપાક ને લાડવા એ તો જડ છે. એ તો એના ઉપર લક્ષ કરીને આ ઠીક છે એવો રાગ કરે છે. એ રાગનો એને સ્વાદ આવે છે. મોહનલાલજી! પૈસાનો નહિ, હોં! મોસંબી ખાયને આમ. એનો નહિ. મોસંબી તો જડ છે, એ તો અજીવ છે. આત્મા તો અરૂપી ચૈતન્ય છે. એ અજીવને શી રીતે ખાય? પણ અજીવ ઉપર લક્ષ કરીને 'આ ઠીક છે' એવો જે રાગ ઉત્પન્ન કરે છે એ રાગનો સ્વાદ લે છે એ. આહાહા..! હસુભાઈ!

આ તમારા પૈસાની મઝા એ રાગની મઝા છે એમ કહે છે. એને બેસતું હશે? ...

મુમુક્ષુ :- ... આવે છે.

ઉત્તર :- આવે. ઓળખો છો તમે? મુંબઈ. આ પોપટભાઈના દીકરા છે. બે કરોડ રૂપિયા છે એની પાસે. હા. હા. અમને તો લોકો વાત કરે ત્યારે ખબર પડે ને. બે કરોડ રૂપિયા છે. છ છોકરા છે. કરોડ હોં! બધા કરોડોની વાતું છે અહીં. ધૂળ છે હવે કરોડ. એ પૈસામાં મજા. આપણે અહીં મકાન... ભાઈએ આજ જમીન લીધી હોં, મોહનલાલભાઈએ. એમણે લીધેલું છે. ૩૬ હજારની જમીન લીધી. એક મકાન છે ત્યાં અને ૩૬ હજારની જમીન. છ છોકરા છે. વારાફરતી મજૂરી કરે ને થોડું અહીં આવે. આહાહા..! જગતને મારી નાખ્યા છે.

ભગવાન આત્મા રાગ અને શરીરની ક્રિયા વિનાનો આત્મા... આહાહા..! પુણ્ય અને પાપના ભાવ જે વિકારી છે... આહાહા..! એનાથી પ્રભુ આત્માનું સ્વરૂપ તો નિર્વિકારી આનંદ અમૃત છે. એવા આનંદના નાથને અંદર નિહાળ્યો નહિ અને રાગ ને પુણ્યની ક્રિયાઓ કરી સ્વર્ગમાં જાય. પણ પાછો પટકીને ચાર ગતિમાં રખડશે એ. સમજાણું કાંઈ? આવી વાતું આકરી ભારે. આ તો સોનગઢના પાદરમાં કહે. વાડામાં જાય તો રહેવા ન દે. અરે..! કહે છે, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! તેં ગમે તે માન્યો પણ ચૈતન્ય ભગવાન અંદર... એ દેહની ક્રિયા કરનાર હું નથી. એ રાગની ક્રિયા કરનારું એનું સ્વરૂપ નથી. આહાહા..! એ તો જ્ઞાન સચ્ચિદાનંદ જ્ઞાન ને આનંદનો કંદ છે એ.

સોળ વર્ષનો છોકરો. આત્માને ક્યાં વર્ષ છે? વર્ષ તો આને છે કે આત્માને? આને વર્ષ છે. આત્મા તો અનાદિઅનંત છે. કીધું હતું, એક માણસ આવેલો. પચ્ચીસ લાખ.. ઘણા આવે ને કરોડોપતિ. છોકરો હતો. એને દુકાન કરવી હતી જામનગર નવી. તો આવ્યો હતો દર્શન કરવા. કેટલાકને એવું કે મહારાજના દર્શન કરીએ તો આપણી દુકાન સારી ચાલે, ફલાણું ચાલે. એવી બધી માન્યતા ઘણાની હોય. પછી આવ્યો અહીંયાં.

પછી મેં એને પૂછ્યું, ભાઈ! શરીરનું આ આયુષ્ય કહેવાય છેને ૫૦-૬૦-૭૦ એ કોનું? શરીરનું કે આત્માનું? કે અમને કાંઈ ખબર પડતી નથી. એ જામનગર દુકાન કરવા માટે આવ્યો હતો. ગૃહસ્થ માણસ હતો. છોકરો હતો. ૩૫-૪૦ વર્ષનો. એટલું પૂછ્યું. જૈન હતો. કીધું, આ ૫૦ વર્ષ, ૬૦ વર્ષ કહેવાય છે શરીરના. એ શરીરના કહેવાય છે કે આત્માના? મને કહ્યું કે આપણને ખબર નથી. આ દુનિયાના ડાહ્યા. આ દુનિયાના ડાહ્યા દીકરા. પણ આયુષ્ય છે એ તો શરીરનું છે. આત્મા તો અનાદિઅનંત છે. આત્મા નવો છે? ઊપજે છે? મરે છે? શરીર ઊપજે અને શરીર મરે. આત્મા તો અનાદિ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા. અવિનાશી

આનંદનો નાથ નિત્યાનંદ પ્રભુ છે. એને કાળ હોઈ શકે નહિ. આહાહા..! ખબરું ન મળે આ ધંધાના પાવરધા ધંધામાં ઘૂંચી ગયા છે પાપમાં. આહાહા..! હું અંદર કોણ છું આ?

શ્રીમદ્દે ન કહ્યું? શ્રીમદ્‌માં આવે છે ને? સોળ વર્ષની ઉંમરે આવે છે. શ્રીમદ્‌ને તો જાતિસ્મરણ થયું હતું ને? જાતિસ્મરણ પૂર્વ ભવનું. સોળ વર્ષની ઉંમરે એ તો એમ કહે છે ત્યાં. 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' સોળ વર્ષે. ભાઈ! વાંચ્યું છે તમે? છે ને બોલ્યા હતા. તે દિ' બોલ્યા હતા. ધ્યાન છે આણે આત્મસિદ્ધિ વાંચ્યું લાગે છે. ત્યાં આપણે નહોતું આવ્યું? ત્યાં બોલ્યા હતા.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે રાખું કે પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

સોળ વર્ષે કહે છે. 'હું કોણ છું? ક્યાંથી થયો?' હું તો આત્મા છું. ક્યાંથી થયો? થાય ક્યાંથી? છું ને. 'હું કોણ છું? ક્યાંથી થયો?' અનાદિનો છું. 'શું સ્વરૂપ છે મારું ખરું?' ખરું સ્વરૂપ. શરીર પણ નહિ, વાણી નહિ, પુણ્ય-પાપના ભાવ પણ હું નહિ. મારું ખરું સ્વરૂપ એ નહિ. મારું ખરું સ્વરૂપ તો સચ્ચિદાનંદ આનંદનો નાથ જ્ઞાન સ્વભાવના સાગરમાં પડેલો એવો તે હું આત્મા છું. આહાહા..! કેમ બેસે? કોઈ દિ' મહેનત કરી નથી, દરકાર કરી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'કોના સંબંધે વળગણા છે?' શરીર ને વાણી રાગને લઈને માન્યું છે કે મારા છે. 'આ રાખું કે પરહરું?' સોળ વર્ષે કહે છે. એ શરીર ને રાગને રાખું કે શરીર ને રાગને છોડું? 'એનો વિચાર વિવેકપૂર્વક...' રાગ અને દયા-દાનની ક્રિયાના પરિણામ પણ રાગ ને વિકાર છે, એ આત્માનું સ્વરૂપ અને આત્માનો સ્વભાવ નથી. એમ જ્યારે રાગ અને દેહની ક્રિયાથી આત્માને ભિન્ન જાણ્યો. હું તો જ્ઞાનાનંદ જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ આત્મા છું. આહાહા..! ત્યારે તેને સમ્યગ્દર્શનની દશા થાય છે. સમજાણું કાંઈ? સમ્યક્ નામ સાચી પ્રતીતિ, સાચું દર્શન. એટલે કે હું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય પ્રજ્ઞાનો પુંજ છું.

જેમ ધોકળું હોયને ધોકળું. ધોકળા સમજો છો ને? ગાંઠડી. રૂની ગાંઠડી. એમ આત્મા જ્ઞાનની ગાંઠડી છે, ભાઈ! પણ કેમ બેસે? એ જ્ઞાનની ગાંઠ છે. જ્ઞાન ને આનંદની ગાંઠડી છે, પુંજ છે. આહાહા..! એવું જ્યારે જેને અંતરના આત્માના જ્ઞાનને ઢંઢોળીને ભાન થયું, ત્યારે કહે છે કે હું તો આત્મા જાણનાર-દેખનાર છું. એ રાગની દયા-દાનની ક્રિયા એ પણ મારી છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? તો પછી આ શરીર ને વાણી, મન ને ધૂળ

ધમાહા વેપાર ને ધંધા એ બધા અમારા થડે બેસીએ તો બરાબર સાચવીએ ઘરાકને. મોહનલાલજી! તમે તો મૂકી દીધું હવે એ બધું. શીંગતેલનો ધંધો હતોને મોટો. મોટો ધંધો હતો. મૂકી દીધું, પૈસા થયા એટલે. અહીં કહે છે.. આહાહા..! બાપુ! ધંધા કોણ કરે? ભાઈ! તને ખબર નથી. એ શરીરની ક્રિયા કોણ કરે? એ તો જડ કરે. તો પછી પૈસા દેવા-લેવા અને માલ લેવો-દેવો એ કરે કોણ? એ તો જડની ક્રિયા, પરની ક્રિયા, પ્રભુ! તને ખબર નથી. આહાહા..! એય.. હસમુખભાઈ! આહાહા..! લાદીમાં ઓલા નાખેને? શું કહેવાય તમારે? છાંટા. શું કહેવાય એ વસ્તુ હોય કે નહિ?

મુમુક્ષુ :- આરસપહાણ.

ઉત્તર :- આરસપહાણ જુદી જુદી, નહિ? કોક કહે છે. આપણે ન્યાં જોયું છે. જામનગરમાં જોયું છે ને. ઓલો વઢવાણવાળો છેને એક તમારો મોટો છોકરો? ત્યાં દૂધ પીવા ગયા હતા. ત્યાં લાદી જોઈ હતી ભિન્ન-ભિન્ન. પથરા પડ્યા હતા. એમાં આવા છાંટા .. એ ગૃહસ્થ છે વઢવાણવાળો આપણો દશાશ્રીમાળી વાણિયો. ત્યાં જોયું હતું બધું. મેં કીધું, આ કાંઈક.. ભાત પડે, એની ભાત. એ આત્મા કરી શકતો નથી એમ કહે છે. ભારે વાત, ભાઈ! આહાહા..!

ભગવાન! તું જ્ઞાનસ્વરૂપ છો. એની સત્તા.. આપણે સવારમાં આવ્યું હતું ઘણું. આત્મા પોતાના ધ્રુવ સ્વરૂપમાં અને એની સત્તાના ઉત્પાદ-વ્યયની પર્યાયના સત્તામાં એ તો છે. ઉત્પાદવ્યયધ્રૌવ્યયુક્તં સત્. નવી અવસ્થા થવી, જૂની અવસ્થા જવી, નિત્યપણે રહેવું. એવું જે જીવનું સ્વરૂપ એની સત્તામાં જીવ છે. એ સત્તાને ઓળંગીને પરની સત્તામાં શરીર ને વાણી ને મનની સત્તામાં પ્રવેશ કરે અને એની ક્રિયા કરે, ત્રણ કાળ ત્રણ લોકમાં એ વાત બધી જૂઠી છે. સમજાણું કાંઈ? શું હશે? એઈ..! હિંમતલાલ! આ બધા ધંધાપાણી કરે છે ને ત્યાં. શેના કાપડના છે? કાપડ છે? ઠીક. આ તારો કાકો બેઠો છેને પાછળ. આહાહા..!

એ કહે છે કે કાપડનો તાકો આમ ફેરવવો કે મૂકવો એ આત્માની ક્રિયા નથી. એલચીના કોથળા. મુંબઈમાં જોયેલાને મોટી વખારું. એલચીના ગોદામ ભરેલા છે. જોયું છે બધું. કેસર દેવા(લેવા) ગયેલા, લેવા ગયેલા. (સંવત) ૧૯૬૯માં છેલ્લા ગયા હતા. ૬૯. (સંવત) ૧૯૭૦માં દીક્ષા થઈ. ૬૧ વર્ષ થયા. ઓલા આમ જોવે તો આમ ૨૫-૨૫. એક ગુણ, બે ગુણ, ત્રણ ગુણ. મજૂર એવી રીતે કરે. નટુભાઈ! એક ગુણ અહીંયાં રાખે ને પછી એમાં પગ મૂકીને બે ગુણ ત્યાં રાખે, એની ઉપર ત્રણ ગુણ, ચાર ગુણ ૫૦-૫૦ ગુણના મોટા ગોદામ. એલચીના, કેસરના ડબાના. બધા જોયા છે ને. મુંબઈ ઘણીવાર ગયેલા. ધૂળમાંય કાંઈ નથી કરી શકતો. એ તો બધી જડની ક્રિયાઓ છે. આહાહા..! મૂઢ જીવ જેને પોતાના માને તેને હું કરી શકું છું. એ પોતાના માને છે માટે કરી શકું છું (એમ માને છે).

કહે છે, જેને આવું અજ્ઞાન અનાદિનું છે એને જો સુખી થવું હોય એટલે ધર્મ કરવો હોય. ધર્મ કરવો એટલે સુખી થવું. ધર્મ એટલે કોઈ એવું નથી કે ક્રિયા કરીને સુખ ન થાય. આત્માના આનંદ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરે એ ધર્મ. અને એ ધર્મ-આનંદનો અનુભવ થાય. આહાહા..! અતીન્દ્રિય આનંદનો અનુભવ તેને ધર્મ કહે છે, સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ. આ તો બહારની ક્રિયા કરીને ધર્મ થઈ ગયો. કાંઈક વ્રત પાળ્યા, દયા, દાન ને પૂજા કરી, ધર્મ ધૂળેય નથી. સમજાણું કાંઈ? ધૂળ નથી એટલે? સારું પુણ્ય પણ નથી એમ કહે છે. તારું પુણ્ય તો આત્માનું જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહાહા..! તું એક રાગની ક્રિયાના કણને પણ કરી શકતો નથી. હું તો જાણનાર (છું). આખું જગત જ્ઞેય છે, હું જ્ઞાન છું, જગત દૃશ્ય છે, હું દૃષ્ટા છું. સમજાણું કાંઈ? એમ જ્યારે પરના કર્તાપણાનું અભિમાન અને પર મારાનું અજ્ઞાન છોડે (ત્યારે ધર્મ થાય). એ આવ્યું, જુઓ!

૧૫મી છે ને? ૩૧ પાને. **'આત્મા એ જ મારો છે.'** આહાહા..! શરીર, વાણી, મનની ક્રિયા જડની છે, કર્મ જડ અંદર છે એ જડનું અસ્તિત્વ છે. સ્ત્રી, કુટુંબ, પરિવાર, બંગલા, મકાન એ બધા પરપદાર્થ છે, એ હું નહિ, એ મારામાં નહિ, હું એમાં નહિ. એ મારામાં નહિ, હું એમાં નહિ. આહાહા..! હું જે છું એ તો જ્ઞાન અને આનંદનું સ્વરૂપ મારું છે. આવું જ્યારે આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ કરે. છે? જુઓ! **'એવી આત્મામાં આત્મબુદ્ધિરૂપ જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરી...'** ... **'જ્ઞાયકસ્વભાવનું અવલંબન કરી...'** ઝીણી વાત, ભગવાન! એ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યજ્યોત છે, જ્ઞાનનો પુંજ છે, ચૈતન્યબિંબ છે. એવા જાણક સ્વભાવનું સ્વરૂપ છે એનું. એ જાણક સ્વભાવને પકડી અને આ હું છું એમ અનુભવ કરે ત્યારે તેને સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય. આહાહા..! એ ક્યાંકથી લાવ્યો હતો. એ અમારે વજુભાઈ કહે છે. એય..! વજુભાઈ! કહેતા હતા ને તમે? કે આ છોકરો ક્યાંકથી આપણા મંડળમાંથી મરીને આવ્યો લાગે છે. શું છે આ? આપણા વજુભાઈ છે ને ઈજનેર. એના ... છે ઘણા લાખોપતિ. આ એના બાપા બેઠા. મોટા બાપા. હુંડીનો વેપાર છે.

એક ફેરી મેં પૂછ્યું હતું. ભાઈ! ... આપણે પરણવું નથી મારે. પછી એના બાપ કરે એ ખરું. પરણવું નથી તો શું કરશો ત્યારે? પછી એના બે ભાઈ છે. ક્યાં ગયો ઓલો? એય..! અશ્વિન! અશ્વિન બેઠો છે. બે ભાઈઓ છે. મેં એને પૂછ્યું હતું. ભાઈ નહિ પરણે. લગ્ન નહિ કરે, કીધું. એવા સંસ્કાર લાગે છે. અમે પૈસા આપશું દુકાનમાંથી. ભાઈ અહીં રહેશે. અમે રળશું અને આપશું. પછી એકવાર બીજી વાર પૂછ્યું ત્યારે કહે, રળવાની અમારે જરૂર નથી. પૈસા અમારી પાસે બહુ છે બાપુજી પાસે. આહાહા..!

અરે.. ભગવાન! આત્મા બાપુ કોણ છે? ભાઈ! તને ખબર નથી. એ પૈસા જડની ચીજ,

એને કમાવુ ને રળવું ને આપવું પરને એ ચીજ વસ્તુના આત્મામાં નથી, ભાઈ! આહાહા..! અરેરે..! એને ખબર નથી. મારી જાતમાં કઈ જાત છે? અને આ રાગાદિ કજાત છે. અને શરીરાદિ તો અજીવ જાત છે. આ તો સમજાય એવું છે નહિ? તમારી સાદી ભાષાની વાત છે. મારી જાત તો સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું. અને રાગાદિ વિકાર પુણ્ય-પાપના દયા, દાનના ભાવ એ પણ વિકાર અને કજાત છે. એ મારી જાતના નહિ. કારણ કે જેનાથી બંધન પડે પુણ્યનું એ મારી જાત નહિ. અને પાપના ભાવ થાય અંદર હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ, માન, અપમાન એ હું નહિ. એ તો ઝેરના પ્યાલા રાગના છે. આહાહા..! બાપુ! ધર્મ ઝીણી વાત છે, ભગવાન! લોકોએ ધર્મ મનાવી લીધો છે બહારમાં. આ દેરાસર કરવા, પૂજા-ભક્તિ કરવી એ ધર્મ છે. ભાઈ! એમ નથી. એવું તો અનંત વાર કર્યું છે. પણ હું એક ચૈતન્યમૂર્તિ દેહ અને રાગના પરિણામથી મારી ચીજ અંદર ભિન્ન છે. એના ભાન વિના એણે ચોર્યાસીના અવતાર (કરવામાં) કોઈ ક્ષેત્ર બાકી નથી રાખ્યું જ્યાં અનંત વાર જન્મ્યો અને અનંત વાર મર્યો ન હોય. આહાહા..! આ ચૌદ બ્રહ્માંડના ક્ષેત્રમાં એણે આત્માના જ્ઞાન વિના, સ્વરૂપના અનુભવ વિના એટલે સમ્યગ્દર્શન વિના. સમ્યગ્દર્શન એવું નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરી ઈ સમકિત. એમ નથી. તેમ નવ તત્ત્વની શ્રદ્ધા કરીએ ભેદવાળી તો સમકિત. એમ નથી. આહાહા..! જુઓ! એ કીધું ને?

'**જ્ઞાયકસ્વભાવનું અવલંબન...**' આહાહા..! હું એક ત્રિકાળ ચૈતન્યમૂર્તિ ધ્રુવ સ્વરૂપ છું, અવિનાશી છું, અણઉત્પન્ન છું, અવિનાશી છું, ઉત્પન્ન નથી, નાશ નથી અને મારા સ્વભાવથી ભરેલો આત્મા છું. આહાહા..! સમજાણું કાંઈ? એ સમજાણું કાંઈ? એ વિસામાનું વાક્ય છે. એની ઘણી છાપ પડી છે બહાર. એક છોકરો કહેતો હતો. નાનો હતો. બાપા! એ સમજાય છે? સમજાય છે? (કહેવાવાળા) મહારાજ કે દિ' આવશે? ઘણી વાર આવે ને? સમજાય છે? એ તો વિસામાનું વાક્ય છે. અને વાત પણ સાચી. સાચી સમજણ વિના વિસામો મળે એવો નથી. ખોટી સમજણમાં તો થાક લાગીને દુઃખી થયો છે એ. પોપટભાઈ! આહાહા..! મોટાને નિવૃત્તિ લેવી અને નાનાને કામ કરવું એમ હશે? મોટા-નાના કોને કહેવા? ભગવાન! ક્યારે શરીર છૂટી જશે? આહાહા..! કેવા અત્યારે તો સાંભળીએ છીએ. ૨૫-૨૫ વર્ષના, ૪૦ વર્ષના. કાંઈક થઈ ગયું તો આમ થઈ ગયું. આ શું કહેવાય તમારે હાર્ટનું? આહાહા..! હમણાં નહિ? રાજકોટની વાત કરતા હતા ભાઈ નહિ? લાલભાઈના સાઢુ. લાલચંદભાઈના નહિ?

મુમુક્ષુ :- એના દીકરાના સાઢુ.

ઉત્તર :- દીકરાના સાઢુ. નાની ઉંમરમાં આમ બાયડી-ભાયડો વાત કરતા હતા. રોગ નહિ કાંઈ. બાયડી તો રાડ, રાડ ને રાડ (પાડે). પાડોસી આવ્યા. શું છે? કાંઈ નહિ. એક

ક્ષણમાં દેહ છૂટતા વાર નહિ લાગે. ભગવાન! આ તો પર ચીજ છે. એ તારી રાખે રહે નહિ અને તારી સંભાળ કરીને રહે એમ છે નહિ. આહાહા..!

અહીં કહે છે કે, ભગવાન! એકવાર એમ તો કર હવે. આવો મનુષ્યભવ મળ્યો.. આહાહા..! એ ધૂળ અને રાગ એ તારી ચીજ નથી. એક હું જ્ઞાયકસ્વરૂપ છું, ચૈતન્યબિંબ છું. આહાહા..! એવા જ્ઞાયક સ્વરૂપનું અવલંબન કરી. છે? સિદ્ધાંત ઝીણા છે પણ વસ્તુ તો સત્ય આ છે. આહાહા..! અત્યારે તો બહારમાં ધમાલમાં ધર્મ મનાવી દીધો છે. આહાહા..! અનંત વાર એવું તો કર્યું છે. પણ એ રાગની ક્રિયા અને દેહની ક્રિયાથી પાર ચૈતન્ય જ્યોત છે, જ્ઞાનસ્વભાવી આનંદની મૂર્તિ પ્રભુ છે, એનું અવલંબન લઈ **'અંતરાત્મા થવા,...'** છે? **'આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે.'** સમજાણું કાંઈ?

આ સમાધિ શતકના કર્તા પૂજ્યપાદ સ્વામી મુનિ છે. દિગંબર મુનિ સંત જંગલમાં રહેતા. જૈનદર્શનમાં સાધુ તો જંગલમાં રહેતા (જ હોય). તદ્દન નગ્ન. વસ્ત્રનો ધાગો પણ નહિ. અને આનંદની દશામાં ઝુલતા. એમાં કોઈ વિકલ્પ આવ્યો તો આ શાસ્ત્ર રચાઈ ગયા છે. સમજાણું કાંઈ? એ પૂજ્યપાદ સ્વામી એટલે જેના પાદ એટલે પગ ઈન્દ્રો, દેવો પૂજતા એ પૂજ્યપાદ સ્વામી. ૩૦૦ વર્ષ, સંવત્ પછી ૩૦૦ વર્ષ લગભગ થયા. આહાહા..!

કહે છે, આચાર્યે શું કહ્યું? ભાઈ! તું શરીર, વાણી, મન અને રાગમાં તું છો એ છોડી દેને, પ્રભુ! એમાં તું નથી. જ્યાં તું છો ત્યાં તે નથી. રાગની ક્રિયામાં તે આત્મા નથી. આહાહા..! ભારે આકરું કામ. અને આત્મામાં એ રાગની ક્રિયા નથી. આહાહા..! ભાઈ! તું જ્યાં છો એ આનંદ અને જ્ઞાનમાં છો. એમાં એ રાગની ક્રિયાનો અભાવ છે. એવું આત્માના જ્ઞાનસ્વભાવનું અવલંબન લઈ અંતરઆત્મા થા. આહાહા..! બહિરાત્માપણું છોડી દે. બહિર્ એટલે આ. રાગ તે હું, શરીર તે હું, એની ક્રિયા તે હું. એ આત્મામાં જે નથી એવી બાહ્ય ચીજને પોતાની માનવી એનું નામ બહિરાત્મા. એનું નામ મૂઢ આત્મા. આહાહા..! બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ દશા. એમાં આ બહિરાત્મા એટલે એ.

ભગવાન આત્મા અંદર આનંદનો કંદ પ્રભુ, એમાં જે રાગ નથી, શરીર નથી, વાણી નથી, કર્મ નથી, બાયડી-છોકરા એમાં નથી. છતાં એને મારા માનવા એનું નામ બહિર્આત્મા, રખડનારો આત્મા, ચોર્યાસીના અવતારમાં અવતાર કરનારો આત્મા. સમજાણું કાંઈ? આહાહા..! હવે કહે છે, ભાઈ! એ બહિરાત્મપણું છોડી દેને. તારે સુખી થવું હોય, ધર્મી થવું હોય, જન્મ-મરણના દુઃખથી છૂટવું હોય... આહાહા..! તો પ્રભુ ચૈતન્યની ખાણ છે આત્મા, એનું અવલંબન લે ને. આહાહા..! ભારે કામ. એનું અવલંબન લઈને અંતરાત્મા થવા **'આચાર્યે અજ્ઞાની જીવને ઉપદેશ કર્યો છે.'** સમજાણું કાંઈ?

अन्तरात्मा आत्मन्यात्मबुद्धि कुर्वाणोऽलब्धलाभात्संतुष्ट आत्मीयां बहिरात्मावस्थामनुस्मृत्य विषादं कुर्वान्नाह–

मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम्।
तान् प्रपद्याऽहमिति मां पुरा वेद न तत्त्वतः।।१६।।

टीका :– मत्त आत्मस्वरूपात्। च्युत्वा व्यावृत्य। अहं पतितः अत्यासक्त्या प्रवृत्तः। क्व? विषयेषु। कैः कृत्वा? इन्द्रियद्वारैः इन्द्रियमुखैः। ततस्तान् विषयान् प्रपद्य ममोपकारका एते इत्यतिगृह्यानुसृत्य। मां आत्मानं। न वेद न ज्ञातवान् कथं? अहमित्युल्लेखेन अहमेवाहं न शरीरादिकमित्येवं तत्त्वतो न ज्ञातवानित्यर्थः। कदा? पुरा पूर्वं अनादिकाले।।१६।।

---

અંતરાત્મા આત્મામાં આત્મબુદ્ધિ કરતો, અલબ્ધ (પૂર્વે નહિ પ્રાપ્ત થયેલા એવા) લાભથી સંતોષ પામી, પોતાની બહિરાત્માવસ્થાનું સ્મરણ કરીને વિષાદ (ખેદ) કરે છે. તે કહે છે :–

શ્લોક - ૧૬

અન્વયાર્થ :– (अहं) હું (पुरा) અનાદિકાલથી (मत्त) આત્મસ્વરૂપથી (च्युत्वा) ચ્યુત થઈને (इन्द्रियद्वारैः) ઇન્દ્રિયો દ્વારા (विषयेषु) વિષયોમાં (पतितः) પતિત થયો, (ततः) તેથી (तान्) તે વિષયોને (प्रपद्य) પ્રાપ્ત કરી (तत्त्वतः) વાસ્તવમાં (मां) મને–પોતાને (अहं इति न वेद) હું તે જ છું આત્મા છું એમ મેં ઓળખ્યો નહિ.

ટીકા :– મારાથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત થઈ–પાછો હઠી, હું પતિત થયો અર્થાત્ અતિ આસક્તિથી પ્રવર્ત્યો. ક્યાં (પ્રવર્ત્યો)? વિષયોમાં. કોના દ્વારા? ઇન્દ્રિયોરૂપ દ્વારોથી–ઇન્દ્રિય-મુખેથી. પછી તે વિષયોને પ્રાપ્ત કરીને, તે મારા ઉપકારક છે એમ સમજી તેને અતિપણે ગ્રહી–અનુસરી મેં પોતાને આત્માને–ઓળખ્યો નહિ–જાણ્યો નહિ. કેવા પ્રકારે (ન જાણ્યો)? 'હું' એવા ઉલ્લેખથી હું જ પોતે (આત્મા) છું, શરીરાદિરૂપ નથી. એમ તત્ત્વતઃ (વાસ્તવમાં) મેં જાણ્યું નહિ–એવો અર્થ છે. ક્યારે? પૂર્વે–અનાદિકાલે.

ભાવાર્થ :– અંતરાત્મા વિચાર કરે છે કે, 'હું અનાદિકાલથી આત્મસ્વરૂપને ચૂકી ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો; તેમાં આત્મબુદ્ધિ કરી મેં મારા આથ્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ.'

જ્યાં સુધી જીવને પોતાના અસલી ચૈતન્યસ્વરૂપનું યથાર્થ પરિજ્ઞાન હોતું નથી, ત્યાં સુધી તે પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ બાહ્ય ઇન્દ્રિયોના વિષયોને પોતાને સુખદાયક–ઉપકારક સમજી તેમાં અતિ આસક્ત રહે છે–તેમાં આત્મબુદ્ધિ કરે છે, પણ જ્યારે

**તેને ચૈતન્ય અને પર જડ પદાર્થોનું ઇન્દ્રિયોના વિષયોનું ભેદવિજ્ઞાન થાય છે અને પોતાના નિરાકુલ ચિદાનંદ-સુધારસનો સ્વાદ આવે છે ત્યારે તેને બાહ્ય ઇન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો ભલા-બૂરા લાગતા નથી, ફક્ત તેઓ તેને જ્ઞેયરૂપ ભાસે છે. આ કારણથી અંતરાત્મા પહેલાં બહિરાત્માવસ્થામાં વિષય-ભોગોને સુખરૂપ માની સેવતો હતો તે હવે ભોગવેલા વિષયોની બાબતમાં વિચાર કરવા લાગે છે કે, 'અરે! અજ્ઞાનતાથી ઇન્દ્રિયોના વિષયમાં ફસાઈ મેં મારું ચૈતન્યસ્વરૂપ ઓળખ્યું નહિ!' ૧૬.**

## શ્લોક-૧૬ ઉપર પ્રવચન

હવે **'અંતરાત્મા આત્મામાં આત્મબુદ્ધિ કરતો,...'** ભગવાન આત્મા હું ચૈતન્યના સ્વભાવના હયાતીવાળો પ્રભુ (છું). એમ અંતરાત્મા વસ્તુ જે અંતર છે તેને જ આત્મા અનુભવતો. આહાહા..! આ ધર્મ. આવો ધર્મ. **'અલબ્ધ (પૂર્વે નહિ પ્રાપ્ત થયેલા એવા) લાભથી સંતોષ પામી,...'** શું કહે છે? ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ એમ અનુભવ કરીને અનંત કાળમાં જેને સુખનો સંતોષ... સંતોષ એટલે આ. અંદર શાંતિનો અનુભવ. આનંદનો સંતોષનો અનુભવ કોઈ દિ' હતો નહિ અનંત કાળમાં. ધર્મીજીવને એવો અપૂર્વ અતીન્દ્રિય આનંદનો સંતોષ અને સ્વાદ આવે છે. આહાહા..! કેવી વાત આવી! કેટલાક કહે, આ તો બધી નિશ્ચયની વાતું અને ઊંચાનું વાતું. પણ સાંભળ તો ખરો હવે. નિશ્ચય સાચું તે જ સાચું છે. બધા તારા વ્યવહાર-ફ્યવહારના પોટલા ખોટા છે. આહાહા..! આકરું લાગે નવા માણસને.

પ્રભુ અંદર સત્ સત્ છે. જ્ઞાન ને આનંદનો સાગર એમ છે. અનાદિઅનંત એવો એ છે. એવા સ્વભાવનું અવલંબન લઈ, પર મારા અને હું એનો એવા ભાવને છોડી દઈ અનંત કાળમાં અલબ્ધ. આહાહા..! આત્મા આનંદ અને અતીન્દ્રિય શાંત સ્વરૂપ છે. એને સમ્યગ્દર્શન દ્વારા અંતરાત્માને અવલંબીને અલબ્ધ-અનંત કાળમાં નહિ થયેલા એવા આનંદનો સંતોષ આવે છે. અતીન્દ્રિય આનંદની મજા લહેર આવે છે અંદરમાંથી. એને પરમાત્મા ધર્મ કહે છે. એને પરમાત્મા સમ્યગ્દૃષ્ટિ અને અંતરાત્મા કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં તો મુંબઈમાં તો કાંઈ આવું બધું ઝીણું (ચાલે નહિ). આવીએ ત્યાં તો દસ-દસ હજાર માણસમાં હવે આવી બધી માંડે તો.. જાડી વાતું કરવી પડે. આહાહા..!

હમણા જાવું છે ને અહીં, ભોપાલ. મહા વદ ત્રીજનું મુહૂર્ત છે. લાખ માણસ આવવાનું

છે એમ કહે છે. પચાસ હજાર તો થવાનું જ છે. આ મહા વદ ત્રીજનું મુહૂર્ત. પચાસ હજાર માણસ ભેગું થવાનું છે. મંદિરની પ્રતિષ્ઠા છે અને એ લોકો આવ્યા માગણી કરવા. અરે..! પ્રભુ! માર્ગ તો બીજા, ભાઈ! આહાહા..! એ દેરાસર અને એ ભક્તિ હો. પણ એ બધો શુભભાવ છે. ધર્મ નહિ. આહાહા..! ધર્મ એટલે આત્માના આનંદના સ્વભાવનો સ્વાદ આવવો. આહાહા..! એટલે અંતર જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એના સંતોષની જરી શાંતિ આવવી. આહાહા..! ત્રિકાળ સ્વરૂપને આશ્રયે અવલંબે શાંતિ આવે. એ કોઈ દયા, દાનના, વિકલ્પને આશ્રયે શાંતિ ન આવે. સમજાણું કાંઈ? આવો માર્ગ કાંઈ ભગવાને કીધો હશે? આ શું કહે છે? આહાહા..! બાપુ! તેં સાંભળ્યો નથી, ભાઈ! તારા ધર્મની કળાની રીત તેં જાણી નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**અંતરાત્મા આત્મામાં આત્મબુદ્ધિ કરતો,...**' આત્મબુદ્ધિ કરતો એમ કહ્યું છે ને? એ કરે. હું શુદ્ધ ચૈતન્ય છું, જ્ઞાનસ્વભાવી વસ્તુ છું. એવું અંતરાત્માને '**આત્મબુદ્ધિ કરતો, અલબ્ધ (પૂર્વે નહિ પ્રાપ્ત થયેલા એવા) લાભથી સંતોષ...**' જુઓ! આ વાણિયાને લાભ સવાયા નથી લખતા બારણે? એ ધૂળનોય લાભ નથી ત્યાં હવે. ત્યાં ક્યાં લાભ હતો? આહાહા..! મોહનલાલજી! બારણામાં લખે છે ને? લાભ સવાયા. લાભ.. બાપુ! લાભ એ નહિ, ભગવાન! તને ખબર નથી. લાભ તો ચૈતન્ય સ્વભાવ આનંદનો નાથ એને અવલંબીને જે આનંદ આવે એને લાભ કહે છે. અનુભાઈ! ત્યાં ક્યાં અંદર.. આહાહા.. મારું મારું. એક બીજા ઓલો રળતો હોય પચાસ હજાર તો કહે આપણે સાંઈઠ હજાર રળીએ તો મોટા કહેવાઈએ. ત્રીજો કહે, લાખ લાવીએ. પણ ધૂળેય નથી ત્યાં, સાંભળને! આહાહા..! એ લાભ નથી, એ નુકસાન છે ત્યાં. આહાહા..!

'**સંતોષ પામી,...**' કાંઈ ઈચ્છા આદિ મારી ચીજ જ નથી ને. આહાહા..! ઈચ્છાના અભાવસ્વભાવ સ્વરૂપ હું આત્મા (છું). એમ આત્માની દૃષ્ટિ કરતા એને આત્મામાં આનંદનો અનંત કાળમાં લાભ નહિ થયેલો એવો લાભ થાય. ત્યારે તે સમકિત દૃષ્ટિ અને ત્યારે ધર્મી કહેવાય. સમજાણું કાંઈ?

'**પોતાની બહિરાત્માવસ્થાનું સ્મરણ કરી વિષાદ (ખેદ) કરે છે. તે કહે છે :-**' અરેરે..! મેં શું કર્યું અત્યાર સુધી? હું મારી જાતને ભૂલી અને મેં શું કર્યું આ? એમ ખેદ કરે છે. એ ગાથા લે છે. ૧૬ છે ને? ૧૬.

**मत्तश्च्युत्वेन्द्रियद्वारैः पतितो विषयेष्वहम्।**
**तान् प्रपद्याऽहमिति मां पुरा वेद न तत्त्वतः।।१६।।**

એનો અન્વયાર્થ. ધર્માત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી આત્માનું અવલંબન લઈ અને જે આનંદનો લાભ અલબ્ધ-નહિ મળેલો મળ્યો, એ એમ વિચારે છે '**હું અનાદિકાળથી**

**આત્મસ્વરૂપથી ચ્યુત થઈને...**' છે? અરે..! હું ખસી ગયો મારા સ્વરૂપથી અનાદિ કાળથી. મારી જાતને મેં ન જાણી. એમ ઓરતો કરે છે ગયા કાળનો. આહાહા..! '**હું અનાદિકાળથી આત્મસ્વરૂપથી...**' '**मत्त मत्त**' છે ને? પોતાનું સ્વરૂપ. એનાથી '**ચ્યુત થઈને ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં પતિત થયો,...**' આહાહા..! આ પર ઈન્દ્રિયો પાંચ આ અને અંદર ભાવ ઈન્દ્રિય ખંડ ખંડ ઈન્દ્રિય એક એક વિષયને જાણે એવો જ્ઞાનનો ભાવ, એવા '**ઈન્દ્રિયો દ્વારા વિષયોમાં...**' પરવિષયમાં પતિત થઈ ગયો. આહાહા..! મેં મારા આત્માનો વિષય ન બનાવ્યો અનાદિ કાળમાં. આ ઈન્દ્રિયો દ્વારા પરપદાર્થને વિષય બનાવીને હું મારા સ્વરૂપથી પતિત થઈ ગયો. હસમુખભાઈ! આવી વાતું છે. આહાહા..! ભારે. આહાહા..!

આ પૂજ્યપાદ સ્વામીનું સમાધિતંત્ર છે આ. '**હું અનાદિકાળથી આત્મસ્વરૂપ...**' '**मत्त**' એટલે મારાથી '**ચ્યુત થઈને ઈન્દ્રિયો દ્વારા...**' પાંચ ઈન્દ્રિયો આ અને ભાવ ઈન્દ્રિય અંદર. ભાવ ઈન્દ્રિય એટલે એક એક ઈન્દ્રિયનું જ્ઞાન એક એક વિષયને જાણે એવી. એ '**દ્વારા વિષયોમાં પતિત થયો,...**' બહારના વિષયમાં હું સ્વરૂપમાંથી ખસીને પતિત થઈ ગયો. '**તેથી તે વિષયોને પ્રાપ્ત કરી વાસ્તવમાં મને-પોતાને...**' '**अहं इति न वेद**' '**હું તે જ છું આત્મા છું એમ મેં ઓળખ્યો નહિ.**' '**अहं इति न वेद**'. પાંચ ઈન્દ્રિયો દ્વારા પરપદાર્થમાં મસ્ત થઈને. આહાહા..! ઈન્દ્રિયાતીત પ્રભુ ચૈતન્ય અણીન્દ્રિય સ્વરૂપ એને મેં ઓળખ્યો નહિ. જેને ઓળખવો હતો એને ઓળખ્યો નહિ. જગતના બધા ડહાપણ કર્યા. એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા વળગાડ્યા મોટા. પાંચ-પાંચ હજારના પગાર, દસ-દસ હજારના પગાર માસિક એટલે જાણે થઈ ગયા અમે મોટા. અરે..! મેં ન વેદ્યો. આહાહા..!

'**अहं इति न वेद**' હું કોણ છું એનું મેં જ્ઞાન ન કર્યું. '**હું તે જ છું આત્મા છું એમ મેં ઓળખ્યો નહિ.**' આ વાત રહી ગઈ એને. બધું કર્યું બીજું. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ગુણ સ્મરણ, ભગવાનનું નામ સ્મરણ એ બધો વિકલ્પ અને રાગ છે. આહાહા..! હું એ પાંચ ઈન્દ્રિયના પર તરફના વલણમાં રોકાતો (તેથી) મેં મારી ચીજને જાણી નહિ.

ઈન્દ્રિયોથી તો પરપદાર્થ જણાય. ઈન્દ્રિયથી સ્વપદાર્થ જણાય? સમજાય છે કાંઈ? અલિંગગ્રહણમાં આવે છે. ઈન્દ્રિયો દ્વારા આત્મા જાણતો નથી. ઈન્દ્રિય દ્વારા જાણે એ આત્મા નહિ. આહાહા..! ગજબ વાત છે. ૨૦ બોલ છે. આ પાંચ ઈન્દ્રિય દ્વારા પરને જાણે છે, એ સ્વને જાણતો નથી. અને ઈન્દ્રિય દ્વારા પરને જાણતો નથી અને ઈન્દ્રિય દ્વારા પોતે જણાય એવો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આ પાંચ આ જડ અને અંદર ભાવ ઈન્દ્રિય, એ દ્વારા આત્મા જણાય એવો નથી.

અણીન્દ્રિય પરમાત્મા પોતે ભગવાન સ્વરૂપે આત્મા છે એને કેમ બેસે? અંદર ભગવાન

સ્વરૂપ જ છે એનું. જો એનું સ્વરૂપ ભગવાન સ્વરૂપ ન હોય તો પર્યાયમાં ભગવાન થઈને આવશે ક્યાંથી? બરાબર? નટુભાઈ! પીપરનો દાખલો આપીએ છીએ. પીપર નહિ? આપણે લીંડીપીપર. છોટી પીપર. એ પીપર હોય છે લીંડીપીપર...

**માગશર વદ ૫, ગુરુવાર તા. ૦૨-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૧૬-૧૭, પ્રવચન - ૨૩**

સમાધિતંત્ર. ૧૬મી ગાથાની ટીકા. આત્મા શુદ્ધ ચૈતન્ય પૂર્ણ આનંદસ્વરૂપ હોવા છતાં એના અજાણપણે મેં કેમ કાળ ગાળ્યો એ વાત વિચારે છે. ભાન થયું ત્યારે વિચારે છે. અરે..! મેં મારા આત્માને પરના પ્રેમમાં ફસાઈને હું મારી ચીજને ઓળખી ન શક્યો. એ કહે છે, જુઓ!

'**ટીકા :- મારાથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત થઈ-**' આનંદ અને જ્ઞાન સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ એવું હોવા છતાં એનાથી ભ્રષ્ટ થઈ એટલે કે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એનાથી પાછો હઠી. આહાહા..! '**હું પતિત થયો અર્થાત્ અતિ આસક્તિથી...**' રાગ અને દ્વેષ અને પરપદાર્થમાં હું પ્રવર્ત્યો. સમજાણું કાંઈ? ગયા તમારા? ભાવનગર. આ પુસ્તક છે ત્યાં તમારે? કનુભાઈ? ત્યાં? નથી વાંચ્યું. ઠીક. પણ પુસ્તક છે ને? નથી લઈ ગયા? લઈ ગયા હશે. મુંબઈમાં એસો કંપની છેને એમાં નોકરી છે. આઠ હજારનો પગાર છે. માસિક આઠ હજાર. પછી બચે કેટલું એ જુદી વાત છે પણ... એ રામજીભાઈ કહે બચે કેટલું? અમેરિકામાં જાય તો દસ દસ હજારનો પગાર. પણ પગારમાં વધે કેટલું? આહાહા..!

અહીંયાં તો કહે છે કે અરે..! મેં મારી ચીજ શુદ્ધ સ્વરૂપે, આનંદ સ્વરૂપે બિરાજમાન હોવા છતાં મેં એનાથી ચ્યુત થઈને...આહાહા..! પાછો હઠીને. ત્યાં ન જતાં એમાંથી પાછો હઠીને, ત્યાંથી ખસી જઈને. આહાહા..! '**હું પતિત થયો...**' સ્વરૂપના શુદ્ધ સ્વરૂપથી ખસી ગયો. આહાહા..! બહુ સાદી ભાષા વાપરી. '**અર્થાત્ અતિ આસક્તિથી પ્રવર્ત્યો. ક્યાં (પ્રવર્ત્યો)?**' ક્યાંથી ખસ્યો ને ક્યાં પ્રવર્ત્યો? સ્વરૂપ શુદ્ધ આનંદમાંથી ખસી ગયો હું અનંત કાળ. મારું જ્યાં ચૈતન્યધામ શુદ્ધ આનંદકંદ છે એમાંથી ખસી ગયો. અને (હું) પરમાં આસક્તિથી પ્રર્વર્ત્યો. એ કોણ? '**વિષયોમાં.**' પાંચ ઈન્દ્રિયના શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. એમાં મારી આસક્તિ ગઈ. આહાહા..!

'**કોના દ્વારા? ઈન્દ્રિયોરૂપ દ્વારોથી-**' ભગવાન આત્મા પોતાના અતીન્દ્રિય આનંદ સ્વરૂપની સ્થિતિથી પતિત થયેલો, પાછો હઠેલો એ ઈન્દ્રિયના વિષયો-શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. આ તો એ લીધું. '**जो इंदिये जिणित्ता**' એ શૈલીને વિસ્તારી છે, એને અહીં વિસ્તારી છે. આહાહા..! વિષયોમાં ઈન્દ્રિયો દ્વારા-આ પાંચ ઈન્દ્રિયો દ્વારા બાહ્ય, ઈન્દ્રિય મુખેથી. પહેલામાં આવ્યું હતું. ઈન્દ્રિયો દ્વારા ગાથામાં આવ્યું હતું. પછી ટીકામાં મુખેથી કર્યું હતું.

પહેલા આવ્યું હતું. પહેલા આવ્યું હતું. અણીન્દ્રિય મારી ચીજ, જે ઇન્દ્રિયથી જણાય નહિ. પુણ્યના, પાપના વિકલ્પથી પણ જણાય નહિ એવી મારી ચીજ છે. પણ એ ચીજ ઉપરથી ખસી ગયો હું અનાદિથી. આહાહા..! અને આમ પ્રવર્ત્યો. અહીંથી ખસ્યો અને આમ પ્રવર્ત્યો.. પાંચ ઇન્દ્રિયોના વિષયમાં. વિષય શબ્દે એકલો સ્ત્રીનો વિષય એમ નથી અહીં. કાનનો વિષય શ્રવણનો, આંખનો વિષય રૂપનો, જીભનો વિષય રસનો, સ્પર્શનો એ બધા પાંચે ઇન્દ્રિયના વિષયો તરફ મારો ઝુકાવ થઈ ગયો. આહાહા..!

'**પછી તે વિષયોને પ્રાપ્ત કરીને, તે મારા ઉપકારક છે...**' આહાહા..! શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એવી ચીજોને પ્રાપ્ત કરીને અણીન્દ્રિય ચીજથી હઠી જઈને, ઇન્દ્રિયના વિષયો પ્રાપ્ત કરીને એ મારા ઉપકારી છે, મને મદદગાર છે, મને સહાયક છે, મારા પ્રેમના એ પ્રસંગવાળા જીવો છે. આહાહા..! આ શરીર એ પણ પ્રેમના પ્રસંગમાં મૂઢ મિથ્યાદૃષ્ટિ એમાં રોકાઈ ગયો છે. આહાહા..! અને બાહ્યના વિષયમાં મારા '**ઉપકારક છે એમ સમજી તેને અતિપણે ગ્રહી-...**' એટલે કે તેને '**અનુસરી મેં પોતાને આત્માને-ઓળખ્યો નહિ-**' આહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર, શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, પૈસો, મકાન આદિ પાંચ ઇન્દ્રિયના વિષયના ઝુકાવમાંથી મેં મારી ચીજને ન જાણી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**ઓળખ્યો નહિ-**' મેં મારી ચીજ જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જે જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એને મેં ઓળખ્યો નહિ. '**જાણ્યો નહિ. કેવા પ્રકારે (ન જાણ્યો)? હું એવા ઉલ્લેખથી હું જ પોતે (આત્મા) છું,...**' શું કહે છે? હું એવો જ્યાંથી અવાજ-વિકલ્પ ઉઠે છે એ ચીજ આનંદનો નાથ પ્રભુ છે. આહાહા..! હું આ હું. એ ચૈતન્યધામ, એ ચૈતન્યસ્થળ એ આનંદસ્થળની સત્તામાંથી હું એમ ઉઠે છે કહે છે. આહા..! '**હું જ પોતે (આત્મા) છું,...**' હું-જાણનાર, દેખનાર, આનંદસ્વરૂપ એ હું પોતે છું એમ ન ઓળખ્યો. આહાહા..! આ તો સાદી ભાષા છે. સવારે જરી ઝીણું છે થોડું. થોડું હોય. ક્યાંથી સુધી ઝીણું રાખવું? રામજીભાઈ તો એમ કહે છે. ક્યાં સુધી ઝીણું રાખવું? આહાહા..! આ નવા માણસ આવે એને બેસે નહિ ઝટ દઈને. આહા..! આ શું વાતું કરવી એને. ધર્મની પર્યાય ઉત્પન્ન કરવી, એ પર્યાય શું હશે? ધર્મી વસ્તુ આનંદકંદનું ધામ એ શું હશે? એની પરમસત્તા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માની હોવાપણું છે. આહાહા..! એ હું. એમ ન થતાં ત્યાંથી ખસી ગયો હું. આહાહા..!

'**શરીરાદિરૂપ નથી.**' શું કીધું? હું જે આમ અવાજ આવે છે-વિકલ્પ, એની પાછળ ચૈતન્યમૂર્તિ એ હું છું. એમાંથી ખસીને હું શરીરાદિ નથી એમ મેં અનુભવ-નિર્ણય ન કર્યો. શરીર નહિ, વાણી નહિ, મન નહિ, આ ઇન્દ્રિયોથી દેખાતા પદાર્થો એનું જે અસ્તિત્વ એ

હું નહિ. આહાહા..! હું એવું અણીન્દ્રિયથી અણીન્દ્રિય વસ્તુનું હોવાપણું જે છે એને મેં ન જાણ્યો. અને જે શરીરાદિ મારા નથી, વાણી નથી, રાગ નથી, દેહ નથી. આહાહા..! એનાથી હું નથી. જેને ઉપકારક માન્યા હતા કે આ બધા સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા મારા છોકરા પરિવાર સરખાઈના મને ઉપકારક છે. કારણ કે વૃદ્ધાવસ્થા થાય તો આપણે એને મોટા કર્યા એ આપણને રાખશે. સુમનભાઈ! તમે તો અહીં રહેતા નથી. કહે છે કે જે ચીજો આત્માથી ભિન્ન છે એ ઉપકારક નથી છતાં એને ઉપકારક માની છે. આહા..! આ એની ભૂલ છે, કહે છે. આહાહા..!

**'એમ તત્ત્વતઃ (વાસ્તવમાં) મેં જાણ્યું નહિ-'** હું-જ્ઞાનાનંદ અસ્તિત્વ તત્ત્વ એ હું અને વિકલ્પથી માંડીને શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ કાંઈ હું નહિ. એમ મેં અનંત કાળમાં એક સેકન્ડ પણ જાણ્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..! એમ **'તત્ત્વતઃ મેં જાણ્યું નહિ...'** આમ તો શાસ્ત્ર ભણ્યો એમાં બધું આવ્યું હતું. પણ પરમાર્થે ભગવાન આત્મા જ્ઞાનપુંજ પ્રભુ છે, આત્મા તો અતીન્દ્રિય આનંદનો પુંજ છે. પ્રભુ આત્મા તો અનંતી શક્તિઓના પ્રભુત્વનો પુંજ છે. પરમેશ્વર છે. આહાહા..! ભગવાન આત્મા અનંત શક્તિના ઈશ્વરથી ભરેલો ઈશ્વરતાથી ઈશ્વર છે. પોતે ઈશ્વર છે એમ કહે છે. આહાહા..! એવા ઈશ્વરસ્વરૂપ ભગવાન આત્મા એના ઉપર નજર ન કરી. એ હું એમ મેં ન જાણ્યું, એ હું એમ મેં ન ઓળખ્યું, એ હું એને મેં ન માન્યો. આહાહા..! અને શરીરાદિ હું નથી એમ તત્ત્વઃ પરમાર્થે. પરમાર્થે મેં ન જાણ્યું, એમ કહે છે. ધારણામાં તો લીધી હતી વાત એણે. આહાહા..! ચૈતન્ય જ્ઞાયકસ્વભાવ એમાં જઈને આ હું અને રાગાદિ શરીર હું નહિ એમ મેં ન જાણ્યું. આહાહા..! **'એવો અર્થ છે. ક્યારે? પૂર્વે-અનાદિકાલે.'** આહાહા..! અનંત અનંત ભવો અને અનાદિ કાળની આ સ્થિતિ મેં રાખી એમ કહે છે. સમ્યક્ થયા પછી એમ વિચારે છે કે મેં અનાદિથી આ કર્યું.

**'ભાવાર્થ :- અંતરાત્મા વિચાર કરે છે...'** અંતરાત્મા એટલે કે હું જ્ઞાન અને આનંદ છું એવી વસ્તુ એ અંતઃ અંતઃ એને જેણે ઓળખ્યો અને અનુભવ્યો. આહાહા..! એવો જે **'અંતરાત્મા વિચાર કરે છે કે, હું અનાદિકાલથી આત્મસ્વરૂપને ચૂકી ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો; તેમાં આત્મબુદ્ધિ કરી...'** એ બધા હું છું એમ માની **'મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ.'** લ્યો! પોપટભાઈ! આ લાદીના ધંધામાં રોકાઈને હું કોણ છું એ ન જાણ્યું. ત્યાં કાંઈક પાંચ-પચાસ હજાર પેદા થાય, લાખ-બે લાખ પેદા થાય ત્યાં.. આહાહા..! આપણે કાંઈક કમાણા. અને એ આપણને હવે સગવડતારૂપ થયું, પૈસા, કુટુંબો. એમ માનીને કહે છે કે હું મારી ચીજને ભૂલી ગયો.

મુમુક્ષુ :- પૈસા હોય તો...

ઉત્તર :- પૈસા હોય તો પણ ધૂળ. આહાહા..!

મુમુક્ષુ :- મકાન લેવાય, જમીન લેવાય, બધું થાય.

ઉત્તર :- એ વળી પૈસા.. થવાનું હોય એ થાય બહારથી. લ્યો! બહુ સાદી ભાષા છે.

'**હું અનાદિકાલથી આત્મસ્વરૂપને ચૂકી...**' મારી જાત આનંદ અને જ્ઞાનની છે તેને ભૂલી. આહાહા..! '**ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહ્યો; તેમાં આત્મબુદ્ધિ કરી મેં મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ જાણ્યું નહિ.**' આહાહા..!

'**જ્યાં સુધી જીવને પોતાના અસલી ચૈતન્યસ્વરૂપનું...**' જોયું! '**અસલી ચૈતન્યસ્વરૂપ...**' આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ છે એ કાંઈ ચૈતન્યનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? રાતે તો એક કહ્યું હતું. ભાઈ હતા ને? કે જેમ પુણ્ય અને પાપના ભાવ સંયોગી છે એ આત્માની ચીજ નથી. એમ પાંચ ઇન્દ્રિય તરફના વલણવાળું જે જ્ઞાન એ પરસત્તાવલંબી કહો કે પરભાવ કહો. રાતે વાત થઈ હતી. આહાહા..!

જેવા શુભ-અશુભભાવ પર છે એ આત્મસ્વરૂપ નથી, એ ચૈતન્યની જાત નથી. એમ ઇન્દ્રિયો તરફના વલણથી થતું જાણપણું એ પરસત્તાવલંબી કહ્યું છે. પરસત્તાવલંબી કહો કે પરભાવ કહો. આહાહા..! આ શરીર, વાણી ચીજ તો એક સંયોગી પર છે. પણ એની પર્યાયમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ ઉઠે એ સંયોગી ચીજ છે. સ્વભાવિક ચીજ નથી. આહાહા..! એમ જે પાંચ ઇન્દ્રિયના વલણમાં.. આહાહા..! શાસ્ત્રનું જ્ઞાન કર્યું, અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વની લબ્ધિ પ્રગટી એ પણ પરસત્તા, પરના હોવાપણાના અવલંબે પ્રગટેલું છે. આહાહા..! વાત તો બહુ. હવે એને એણે જ્ઞાન માન્યું કે હું જ્ઞાનમાં કાંઈક વધ્યો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! પરસત્તાવલંબી કહો કે પરભાવ. ખરેખર એ વસ્તુ પોતાની ચીજ નથી. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની ખાણ-નિધાન છે. એને સ્પર્શીને જે અંદરમાં આનંદ અને જ્ઞાન આવે એ પોતાની ચીજ કહેવાય છે. આહાહા..! 'સાંગો કહે સલવાણા, કંઈક ચડ્યા કંઈક પાળા.' સાંગાની એક કહેવત આવે છે. થઈ ગયો હશે કોઈ. 'સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા, કંઈક પાળા.' એટલે જેલમાં ઊંટને પૂર્યા હતા અને ભેગા માણસને પૂર્યા હતા. ગુનેગાર તરીકે. ઊંટ-ઊંટ. ઊંટ સમજો છો? ઊંટ અને માણસને. એ બે માણસ... વળી દસ-વીસ અંદર હશે જેલમાં. તો બે વળી ઊંટ ઉપર બેસીને રહ્યા. જાણે કે અમે ઊંચા થયા છીએ. આહાહા..! પણ એ બધા જેલમાં છે. જેલ સમજો છો ને? 'સાંગો કહે સલવાણા કંઈક ચડ્યા, કંઈક પાળા' પાળા એટલે હેઠે રહ્યા ઊંટ અને માણસ. અને કો'ક ઊંટ ઉપર બેઠા. બહાર તો જેલમાં તાળા માર્યા છે. આહાહા..!

એમ કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, પુણ્ય અને પાપના ભાવને પોતાના માનીને જેલમાં પડ્યા

છે. કોઈ શાસ્ત્રના જાણપણા કરીને માને કે મને જ્ઞાન થયું એ પણ અંદરમાં ઊંટની ઉપર બેઠા જેલમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન જ્ઞાનની મૂર્તિ પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે છે. આહાહા..! સત્ જ્ઞાન અને આનંદનો નાથ પોતે છે. એમાં એનો સ્પર્શ કરીને જે અંતરમાં જ્ઞાન સ્વસંવેદન આવવું જોઈએ એને ભૂલી ગયો છે. આહાહા..!

'**તે પોતાના સ્વરૂપથી ચ્યુત થઈ...**' આહાહા..! '**જ્યાં સુધી જીવને પોતાના અસલી ચૈતન્યસ્વરૂપ...**' એમ અહીં કહેવું છે. અસલ સ્વરૂપ. શ્રીમદ્‌માં આવ્યું હતું ને? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?' એમાં બહુ પુણ્ય કેરા... આવે છે ને?

બહુ પુણ્યકેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે..! ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો.
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો.
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.
વધવાપણું સંસારનું નરદેહ...

૧૬ વર્ષે કહે છે, ભાઈ! મોહનલાલજી! સોળ વર્ષની ઉંમર શ્રીમદ્‌ની. જાતિસ્મરણ હતું ને. નાની ઉંમરે પૂર્વનું.

નરદેહને હારી જવો, એનો વિચાર નહિ અહોહો..
એનો વિચાર નહિ અહોહો એક પળ પણ તમને હવો.

આહાહા..! આવો વિચાર પણ તેં કોઈ દિ' કર્યો નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ જ કહે છે ને. એય..! આહાહા..! કહો, ..ભાઈ! બહારના ઘૂંચવાડામાં પડીને મરી ગયો. મારી ચીજ અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત જ્ઞાન અને આનંદનો પુંજ કંદ આહાહા..! એને મેં ન જાણ્યો, એને મેં ન ઓળખ્યો. મારી ઈશ્વરતાની પ્રભુતાને મેં પ્રભુતા તરીકે ન જાણી. આહાહા..! અને જે ચીજમાં હું નથી એને મારા ઉપકારી મેં માન્યા. આહાહા..! ઇન્દ્રિયો સારી હોય તો ઉપકાર થાય, શરીર ઠીક થાય. આહાહા..! જુઓને! સંસારમાં તો અત્યારે શું કહેવાય આ ...? અને દવા માટે કપાટ ભર્યા હોય. એ દવામાં અનેક જાતની દવા હોય. છેવટે આ શું કહેવાય? એના કટકા. ..ના કટકા. વીંછી કરડ્યો હોય તો એના ઉપર કામ આવે. એવા સંઘરે. .. શું કરે છે? આહાહા..! જુદી જુદી દવાઓ. સવારે ઉઠે તો આ, બપોરે તો આ, સૂતા વખતે આ. એ બધી ઇન્દ્રિયના વિષયોની બહારની સામગ્રી એને મેળવવા અને રાખવામાં રોકાઈ ગયો હું. આહાહા..! મારી જાતને મેં જાણી નહિ. આહાહા..!

વર વિનાની જાન જોડી દીધી. વર સમજો છો? દુલ્હા. દુલ્હા કહે છે ને? આહાહા..!

મારી ચીજ મૂળ વસ્તુ છે. અખંડ આનંદનો નાથ પ્રભુ પૂર્ણતાથી પરમેશ્વર શક્તિથી ભરેલો એને મેં ન જાણ્યો. એને મૂકીને જાણપણાની વાતું બધી બહારની કરી. આહાહા..! એ વર મૂકીને જાન જોડી દીધી. એ જાન ન કહેવાય, હોં! જાન તો વર હોય તો કહેવાય. નહિતર માણસના ટોળા કહેવાય. ભાઈ! અરે..! મારો વર આત્મા ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એવા અસલી સ્વરૂપને તો મેં ન જાણ્યું અનંત કાળમાં અને જે મારી ચીજમાં નથી એવા નકલી પુણ્ય-પાપના ભાવને અને એના ફળને મેં મારા માન્યા. સમજાણું કાંઈ? આહાહા..!

'**બાહ્ય ઈન્દ્રિયોના વિષયોને પોતાને સુખદાયક-**' ગોઠવી રાખ્યું હોય બધું આમ. આ કરડે તો આ લાવો. આ લાવો, ઓલી સૂંઘવાની દવા તો આ. ઊંઘવા વખતે ઊંઘની ગોળીયું. ન ઊંઘ આવે તો .. ..ભાઈ! એવા ઘણાં વાણિયાને ઊંઘ ન આવે તો ગોળી લે. ધૂળેય નથી. એ ટેવ પડી જાય પછી સમુકો આ ફેફસા-બેબસા બધા પોચા થઈ જાય અને ફાટી જાય. પછી હાય.. હાય..! બહુ દવાઓ કરી, હવે ફેફસા પોચા થઈ ગયા, પહોળા થઈ ગયા. એમ નથી કાંઈ કહેતા? લોકો કહે છે. ફેફસા પહોળા થઈ ગયા બહુ. આહાહા..! કહે છે કે એ ચીજો જે છે એની અનુકૂળતા રાખવા મેં મને ઉપકારી માનીને એ બધા સુખદાયક છે. આહાહા..! આ ઈન્દ્રિયો જડ અને એનો વિષય સ્ત્રી, કુટુંબ, પરિવાર.. આહાહા..! .. સ્ત્રી હોય તો નાગા ભૂખ્યા જાળવે. એમ કહે છે માણસો. ૪૦-૫૦ વર્ષે પરણે ત્યારે કહે ભાઈ! બીજા સગાવ્હાલા ગમે તે હોય પણ નાગા ભૂખ્યા હોઈએ તો સ્ત્રી પાલવે. એમ કહે છે. એય..! ૫૦ વર્ષે પરણે છે ને? ૫૩ વર્ષે, ૬૦ વર્ષે પરણે છે. આહાહા..!

અરે..! કહે છે કે એવા પાંચ ઈન્દ્રિયના વિષયોને '**સુખદાયક-ઉપકારક સમજી તેમાં અતિ આસક્ત રહે છે-તેમાં આત્મબુદ્ધિ કરે છે, પણ જ્યારે તેને ચૈતન્ય અને પર જડ પદાર્થોનું ઈન્દ્રિયના વિષયોનું ભેદવિજ્ઞાન થાય છે...**' આહાહા..! એ ઈન્દ્રિયો જે આ છે એ હું નહિ. અને ઈન્દ્રિયથી દેખાતા પદાર્થ એ પણ હું નહિ. એમ જ્યારે પરથી ભેદ નામ જુદાપણાનું જ્ઞાન થાય છે '**અને પોતાના નિરાકુલ...**' આ ન્યાય આપે છે વધારે. પોતાને પરથી, રાગથી પર છું એવું ભેદજ્ઞાન થાય ત્યારે એને થાય શું? આહાહા..!

'**પોતાના નિરાકુલ ચિદાનંદ-સુધારસનો સ્વાદ આવે છે...**' આહાહા..! એ પોતાનો આનંદ જ્ઞાનસ્વભાવ એને ભૂલીને વિષયોમાં તન્મય થઈને દુઃખને વેદતો હતો. પરને એકપણે માની પોતાના શુદ્ધ સ્વભાવ (ભૂલી) અને પુણ્ય-પાપના વિભાવને, પુણ્ય-પાપના ફળ તરીકે મળેલી સામગ્રી એને જે મારાપણે માનતો ત્યારે એ રાગથી દુઃખી હતો. એને રાગનો સ્વાદ હતો- ઝેરનો. આહાહા..! સમજાણું કાંઈ? પણ જ્યારે રાગ અને પરથી ભિન્ન મારી ચીજ

છે. હું તો ચૈતન્યસ્વરૂપ છું એવું જ્યારે રાગ અને બહારની સામગ્રીથી ભિન્ન આત્માનું જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય છે... આહાહા..! ત્યારે એને પોતાના નિરાકુળ-આકુળતા વિનાનો ચિદાનંદ-જ્ઞાનનો આનંદ એ સુધારસ-એ અમૃતનો રસ, એનો સ્વાદ આવે છે. આહાહા..! ભાષા ગોઠવી છેને બહુ, ઠીક તારવીને.

આનંદસ્વરૂપ છે ને. ભગવાન તો આત્મા અમૃતસ્વરૂપ છે. અમૃતનો સાગર છે. એને પણ કેમ બેસે? કોઈ દિ' નમૂનો જોયો નથી. કોની સાથે મીંઢવે (સરખાવે) ઈ? આહાહા..! કહે છે કે એ પ્રભુ ભગવાન અંતરમાં તો અનંત અણીન્દ્રિય અમૃતના રસથી ભરેલું એ તત્ત્વ છે. અરે..! કેમ બેસે? એવા અમૃતરસના ભરેલા પ્રભુને પોતે જ્યારે અંતરમાં ઓળખ્યો, પરથી ભિન્ન પડીને પોતાના અસ્તિત્વનો અનુભવ કર્યો ત્યારે એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! કહો. જેવો સિદ્ધનો આનંદ છે, પરમાત્મા જે અરિહંત અને સિદ્ધ અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત છે ને પરમાત્મા. અરિહંત છે એ શરીરસહિત છે. સિદ્ધ છે એ શરીરરહિત છે. નમો સિદ્ધાણં. એને જે અતીન્દ્રિય આનંદની પૂર્ણતાનો સ્વાદ અને અનુભવ છે... આહાહા..! એ માયલી જાતનો રાગ અને પુણ્ય ને શરીર ને વાણીથી હું ભિન્ન છું, મારી ચીજમાં એ રાગ નથી, મારી ચીજમાં તો જ્ઞાન અને આનંદ છે. હું તો એક જાણનાર-દેખનાર જ્ઞાતા-આનંદના નાથનું સ્વરૂપ મારું આ છે. એવું જ્યારે પરથી ભિન્ન પડી અને સમ્યગ્દર્શન જ્યારે થાય છે-ધર્મની પહેલી સીઢી-ધર્મનું પહેલું સોપાન-પગથિયું. આહાહા..! ત્યારે એને રાગના સ્વાદથી ભિન્ન પડી અને ભગવાન આનંદનો સ્વાદ છે એમ એને અનુભવી સુધારસ અમૃતના પ્યાલા પીવે છે એ. આહાહા..!

'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે... સુખિયા જગતમાં રે સંત, દુરિજન દુઃખીયા.' રાગ ને શરીર ને મન ને વાણીના વિષયોથી પર એવા ચૈતન્યનું ભાન થતાં જે ચૈતન્યનો આનંદ આવે એ પ્રાણી જગતમાં સુખી છે. કહો, પોપટભાઈ! આ તમારા પૈસા આટલા કરોડો છે, છ-છ છોકરા છે. કામ આવે ને છ? કહેતા હતા, અમારે હીરાભાઈ કહેતા હતા. ચાર ઉપાડવા કામ આવે, એક મોઢા આગળ અગ્નિની દોણી લઈને ચાલે અને એક પાછળ પૂળો લઈને ચાલે. અમારે હીરાભાઈને છ છોકરા છે ને. આ હીરાભાઈ. હીરા ભગત. સાત છે એને. આપણે હીરાભાઈ નહિ? આ મકાનમાં રહ્યા હતા ને સવા ત્રણ વર્ષ. જોયું ભાઈ તમે ત્યાં? એનું નામ .. ત્યાં બેસતા હતા ને. ખોળામાં બેસતા હતા ને ત્યાં. રામજીભાઈના ખોળામાં બેસતા હતા ત્યારે. (સંવત) ૧૯૯૧-૯૨. ખબર છે. આહાહા..! એનું નામ શું પેલું? સ્ટાર ઓફ ઈન્ડિયા. અમે અહીંયા આવ્યાને પહેલાં એક બીજું મકાન હતું. સરકારનું. સ્ટાર ઓફ ઈન્ડિયા એનું નામ. એમાં અમે ત્રણ વર્ષ રહ્યા. સવા ત્રણ વર્ષ. આ મકાન

તો અત્યારે થયું ૯૪માં. સ્વાધ્યાય મંદિર છે ને એ તો ૯૪માં થયું. સંવત્ ૯૪. આહાહા..! સમજાણું કાંઈ? સ્ટાર ઓફ ઇન્ડિયા-હિન્દુસ્તાનનો ચળકતો તારો. એનું નામ છે. ત્યાં રામજીભાઈ આવતા. સુમનભાઈ ખોળામાં બેસતા. ૯૧, ૯૨, ૯૩ની વાત છે. ખબર છે ને? આહાહા..!

કહે છે કે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ સ્થળ છે. ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ પાકે એવું એ સ્થળ છે. ક્ષેત્ર એવા કોઈ હોય છેને કોઈ કે જેમાં ચોખા પાકે. કેટલાક ખેતર એવા હોય કે જેમાં કળથી પાકે. કળથી સમજો છો? એ કુળથી થાય છે. આહાહા..! જે જમીનમાં કળથી પાકે એ જમીનમાં ચોખા ન પાકે સારા. શું આ તમારે.. અમારે .. નહોતા. શું કહેવાય? કુલ્ફા. કુલ્ફાના ચોખા હતા. અમારે પાલેજમાં .. છે ને. કુલ્ફાના ચોખા આવતા. બહુ ઝીણા પાતળા ઊંચા. પાલેજમાં અત્યારે છે. માણસ ૩૦ હતું અમારે. એક રસોડે જમતા. પણ ઊંચી ચીજ બધી. તે વખતની વાત છે. ૬૫ વર્ષ પહેલાની વાત. કુલ્ફાના ચોખા. એ કુલ્ફાના ચોખા જ્યાં કળથી થાય એ ખેતરે ન પાકે. આહાહા..! એ રાગ ને પુણ્ય ને પાપના ખેતરમાં આનંદ ન પાકે. એ શરીર ને ઇન્દ્રિયના વિષયો અને પૈસામાં આનંદ ન પાકે. એ બધી કુળથી પાકનાર એ બધા ખેતર છે. આકુળતા.. આકુળતા.. આકુળતા.. બાપુ!

આ ભગવાન અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે આનંદ અતીન્દ્રિય પ્રગટ કર્યો, એ અતીન્દ્રિય આનંદનું સ્થળ ભગવાન છે. એ ક્ષેત્ર તારું અતીન્દ્રિય આનંદ પાકે એવું ક્ષેત્ર છે. આહાહા..! પુણ્ય-પાપ પાકે એ એનું ખેતર નથી. એ તો પર્યાયમાં અદ્ધરથી બનાવે છે. પુણ્ય-પાપના ભાવ બને એવો કોઈ દ્રવ્ય અને ગુણ નથી. આહાહા..! એની એક સમયની પર્યાયમાં એ નિમિત્તાધીન થઈને અધર્મને, રાગ-દ્વેષને, મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. એ પર્યાયદૃષ્ટિમાં છે. વસ્તુ અને વસ્તુના સ્વભાવમાં અને ભાવમાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય એવું એ ફળ જ નથી. એવો કોઈ ગુણ નથી અંદર. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા અંદર વસ્તુ રાગના, પુણ્યના, પાપના વિકલ્પોથી ભિન્ન પડતાં એ ચૈતન્યધામમાં તેની સત્તા સ્થળ છે એ સત્તા સ્થળમાં અતીન્દ્રિય આનંદ ભેળ છે. આહાહા..! એને ભેદજ્ઞાન રાગથી ભિન્ન પડતા એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એને ધર્મ અને સમકિત કહે છે. આહાહા..! બાકી બધા ભિખારા. આ તો અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ જ છે આત્મા તો. કણિયો એનો જરી નમૂનો આવ્યો અંદરથી. આ આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. આહાહા..! અરે..! હું તો આનંદને ક્યાં ગોતતો અને ક્યાં રહી ગયો આનંદ? સમજાણું કાંઈ? આહાહા..!

શરીર, વાણી, મન, લક્ષ્મી એ બધી ચીજો તો ઇન્દ્રિયોનો વિષય છે. એથી તેના વિષય તરફ ઝુકતા એને દુઃખ જ થાય છે. એનો આનંદ ત્યાં લુંટાય છે. આહાહા..! એ પર તરફના

પ્રેમમાં ઝુકતા સ્વ તરફનો અતીન્દ્રિય આનંદનું ત્યાં ખૂન થાય છે. આહાહા..! આવું તો સાંભળવું કો'ક દિ' મળે એવું છે ને? ભાઈ! આહાહા..! આ તો ત્રણ લોકના નાથ તીર્થંકરની આ તો વાણી છે. પરમેશ્વર સર્વજ્ઞદેવ જેને ત્રણ કાળ ત્રણ કાળનું જ્ઞાન, એણે આ વાણીમાં કહ્યું, ભાઈ! તું તારી વસ્તુની સ્થિતિથી ખસી જઈને, ચ્યુત થઈને પાંચ ઈન્દ્રિયના વિષયોના વલણમાં આસક્તિ કરીને સુખ માને છો, બાપુ! ત્યાં તારી શાંતિ અને આનંદનું ખૂન થાય છે. આહાહા..! પણ એ પરમાત્મા પોતે આનંદ સ્વરૂપ, એને રાગ ને વિકલ્પ ને મનથી ભિન્ન પાડીને... ભિન્ન છે. પણ ભિન્ન પાડીને પોતે ભિન્ન છે એમ કોઈ દિ' જાણ્યું નહોતું. આહાહા..! ..ભાઈ! આ પૈસા-બૈસામાં સુખ હશે કે નહિ? આ બધા તમારા સુખી કહે છે જયંતિભાઈને. પૈસાવાળા છે. નહિ?

મુમુક્ષુ :- આપની સામે કોઈ .. અમારે..

ઉત્તર :- પણ આ તો ન્યાયનો વિષય છે. આમાં ક્યાં અમારી .. વાત છે? ન્યાય એટલે નિ-ધાતુ છે ત્યાં. નિ-ધાતુ એટલે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમ જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. ન્યાય છે ને? ન્યાય. નિ-ધાતુ. નિ-ધાતુ.

ભગવાન આત્મા.. આહાહા..! પૂર્ણાનંદનો નાથ પરમાત્મા પોતે એના તરફ ઝુકતા. પર તરફ ઝુકતા તેની દશાનું ખૂન થતું હતું. આહાહા..! એને ભગવાન આત્મા તરફ વાળતા એને અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ આવે. એ સિદ્ધની જાતનો આવે. જે સિદ્ધ ભગવાનને આનંદ છે. ભલે એને પૂર્ણ છે અને અહીં થોડો છે. નમૂનો તો એ છે. આહાહા..! આવી વાતું હશે? આ તો ધર્મ કરો.. ધર્મ કરો.. પછી સુખ થાશે ભવિષ્યમાં. દેવલોક મળશે, ત્યાં ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ થશે અને પછી ત્યાંથી મરીને રાજા થાશે. આ ધર્મ આવો હોય?

મુમુક્ષુ :- આવે છે ને પછી દીક્ષા લેશે.

ઉત્તર :- વળી દીક્ષા લે. પણ કઈ દીક્ષા? ભાન ન મળે. ક્યાં દીક્ષા હતી? દખ્યા છે. આહાહા..!

જેને અતીન્દ્રિય આનંદના સ્વભાવના સ્વરૂપથી ભરેલો પ્રભુ, એનું હોવાપણું રાગની આકુળતાથી અને તેના બાહ્ય પદાર્થોથી ભિન્ન એવો ભગવાનને જ્યારે જાણ્યો આત્માએ. આહાહા..! ત્યારે '**ચિદાનંદ-સુધારસનો સ્વાદ આવે છે...**' આહાહા..! ત્યારે જ્ઞાનાનંદના અમૃતનો સ્વાદ આવે. આહાહા..! કહો. '**ત્યારે તેને બાહ્ય ઈન્દ્રિયના વિષયો વગેરે પદાર્થો ભલા-બૂરા લગાતા નથી,...**' ધર્મીને આત્માના અનુભવની દૃષ્ટિથી, સમ્યક્ દૃષ્ટિથી આત્માના આનંદના સ્વાદ આગળ બાહ્ય પદાર્થોમાં સુખ છે એ બધું ઊડી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ત્યારે તેને બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો...**' આ પૈસા, બાયડી અનુકૂળ

એ ભલા, નિર્ધનતા અને દરિદ્રતા અને વાંઝિયાપણું, વાંઢાપણું એ ખરાબ-એ વાત ઉડી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**બાહ્ય ઈન્દ્રિયોના વિષયો વગેરે પદાર્થો ભલા-બૂરા લાગતા નથી, ફક્ત તેઓ તેને જ્ઞેયરૂપ ભાસે છે.**' શરીર, ઈન્દ્રિયો, સ્ત્રી, કુટુંબ પરિવાર એ મારા જ્ઞાનમાં જણાવાલાયક જ્ઞેય છે. એ મારી ચીજ નથી. તેમ એ સારી-નરસી નથી. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્ર. એ વાંધા ઓલા કહેતા હતા. આ સોનગઢવાળા કાનજીસ્વામી સ્વરૂપાચરણ ચોથે ગુણસ્થાને માને છે. માટે આપણે ખોટું ઠરાવો ખોટું. હમણાં આવ્યું છે. ભોપાલનો. ભોપાલનું કોણ છે? રાજમલ પવૈયા. પવૈયાએ લખ્યું. રાજમલ પવૈયાએ? એમ આવ્યું છે. જુઓ! આણે જોયું છે. ત્યાં કાનજીસ્વામી એમ માને છે કે સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ, એનું તમારે ઉડાડવા માટે આ બધી વાતું કરવી છે? ગાયન આવ્યું છે આમાં. મોટું ગાયન. એ અહીં પડ્યું હતું. આવે છે. કવિ છે. તો તો પછી ભગવાનને અરિહંતને માને એ પણ ખોટું ઠરાવવું છે તમારે. એ માને એ ખોટું એમ કરવું છે તમારે? ખૂબ લખ્યું છે.

અહીં તો કહે છે, ભાઈ! રાગને અને.. તેમાં બહુ વિસ્તાર લીધો છે કે અનંતાનુબંધી જે પ્રકૃતિ છે કષાયની, એ ખરેખર તો ચારિત્રમોહની પ્રકૃતિ છે. એ જતાં કાંઈક અંશે ચારિત્ર ન આવે તો એ ગયું અને હતું એમાં ફેર શું પડ્યો? સમજાણું કાંઈ? એ કષાય થાય છે ચાર પ્રકારના. એક અનંતાનુબંધી, એક અપ્રત્યાખ્યાની, એક પ્રત્યાખ્યાની અને સંજ્વલન. ચાર. અને એક એકના પાછા ચાર ભેદ. ક્રોધ, માન, માયા ને લોભ. સમજાણું કાંઈ? એમાં પ્રથમ અજ્ઞાનમાં રાગથી મને લાભ છે, પુણ્ય એ મારી ચીજ છે, પુણ્યના ફળમાં હું છું. એ મેં ઉપાર્જેલા ફળમાં મને સ્વાદ આવે છે, એમ જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ મૂઢ છે ત્યાં સુધી એને મિથ્યાત્વ પણ છે અને સ્વરૂપની અંશે સ્થિરતા ત્યાં નથી. અનંતાનુબંધીને લઈને. આહાહા..! અને જ્યારે આત્મા આનંદનો નાથ ભગવાન શરીરથી-રાગથી ભિન્ન છે એવી પોતાની સત્તાની સંભાળ કરી ત્યારે તેને સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાનો અંશ પ્રગટે છે. હવે ઈ બધા ઓલા નાખે. એમાં વળી મખનલાલજી ... એ માને છે. માને એક માને પણ પાછા પડખા બીજા ન માને. આહાહા..!

અહીં કહે છે, ભગવાન! આ તો તારા ઘરની વાતું છે, ભાઈ! આ કોઈ પક્ષની અને વાડાની નથી. તું કોણ છો અંદર? આહાહા..! તું કોઈ પદાર્થ ચીજ છે કે નહિ? અને છે તો કાયમનું એનું સ્વરૂપ શું છે? કાયમનું. એ કાયમનું એનું સ્વરૂપ પ્રભુ એ જ્ઞાન અને આનંદ એનું કાયમનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવ અને એના ફળ એ કાંઈ તારી ચીજ નથી. તારી હોય તો જુદી પડે નહિ. આહાહા..!

કહે છે કે અજ્ઞાનમાં પોતાની જાતને ભૂલીને ત્યાંથી ખસી ગયો હતો, ચ્યુત થયો હતો. એથી પાંચેય ઈન્દ્રિયના વિષયોના વલણમાં ઝુકાવ હતો એથી તેને આકુળતા અને દુઃખનું વેદન હતું. અનુભવ-આકુળતાનો અનુભવ હતો. પરનો નહિ, આનંદનો નહિ. આહાહા..! એને દુઃખનું-આકુળતાનું વેદન હતું. આ પૈસાવાળા હો કે રાજા હો કે શેઠિયા હો, બધા દુઃખી આકુળતાના વેદનારા છે. પણ જ્યારે એ આકુળતાથી પાર ભિન્ન મારી ચીજ છે અંદર, હું એક સચ્ચિદાનંદ સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ (આત્મા છું). આહાહા..! મારી પ્રભુતા એની પાસે અજ્ઞાન અને રાગ-દ્વેષ ન ટકે. સમજાણું કાંઈ? એવી પ્રભુતાની અંતરમાં સ્વસંવેદન કરીને પ્રતીત થઈ.. આહાહા..! ત્યારે એને બાહ્ય ઈન્દ્રિયના વિષયો વગેરેથી ખસી જાય છે. જ્ઞેયરૂપ ભાસે. જે મારા ઉપકારીરૂપ ભાસતા એને જાણવાલાયક એવું ભાસે છે. કહો, પોપટભાઈ! આવી વાતું છે, ભાઈ! આહાહા..!

**'આ કારણથી અંતરાત્મા...'** આ કારણથી અંતર સ્વરૂપ, અંતરઆત્મા, આનંદ અને જ્ઞાન સ્વભાવી વસ્તુને જાણનાર, અનુભવનાર એવો જે અંતરાત્મા **'બહિરાત્માવસ્થામાં વિષય-ભોગોને સુખરૂપ માની સેવતો હતો...'** મિથ્યાત્વ અવસ્થામાં ભાન વિના એ વિષય-ભોગો પાંચ ઈન્દ્રિયના સુખ છે એમ માનીને સેવતો હતો. **'તે હવે ભોગવેલા વિષયોની બાબતમાં વિચાર કરવા લાગે છે...'** આહાહા..! **'અરે! અજ્ઞાનતાથી ઈન્દ્રિયોના વિષયમાં ફસાઈ...'** મારા સ્વરૂપના અભાનથી, અજ્ઞાનથી મારી જાતથી વિરૂદ્ધ ભાનથી. આહાહા..! **'અજ્ઞાનતાથી ઈન્દ્રિયોના વિષયમાં ફસાઈ મેં મારું ચૈતન્યરૂપ ઓળખ્યું નહિ!'** આહાહા..! સમજાણું કાંઈ? બહુ સારા સાદા શબ્દો છે. હવે **'આત્માને જાણવાનો ઉપાય...'** બતાવતા કહે છે. એને જાણવાનો, ઓળખવાનો, જે સ્વરૂપે પ્રભુ આત્મા છે તેને જાણીને વેદવાનો શું ઉપાય છે?

---

अथात्मनो ज्ञप्तावुपायं दर्शयन्नाह–

एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः।
एष योगः समासेन प्रदीपः परमात्मनः।।१७।।

टीका :- एवं वक्ष्यमाणन्यायेन। बहिर्वाचं पुत्रभार्याधनधान्यादिलक्षणान्बहिर्थवाचकशब्दान्। त्यक्त्वा। अशेषतः साकल्येन। पश्चात् अन्तर्वाचं अहं प्रतिपादकः, प्रतिपाद्यः, सुखी, दुःखी, चेतनो वेत्यादिलक्षणमन्तर्जल्पं त्येजेदशेषतः। एष बहिरतन्तर्जल्पत्यागलक्षणः योगः स्वरूपे चित्तनिरोधलक्षणः समाधिः। प्रदीपः स्वरूपप्रकाशकः। कस्य? परमात्मनः। कथं? समासेन संक्षेपेण झटिति परमात्मस्वरूपप्रकाशक इत्यर्थः।।१७।।

શ્લોક - ૧૭

અન્વયાર્થ :- (एवं) આગળના શ્લોકમાં કહેવામાં આવતી વિધિ અનુસાર (बहिर्वाचं) બાહ્ય અર્થવાચક વચન-પ્રવૃત્તિનો (त्यक्त्वा) ત્યાગ કરીને (अन्तः) અંતરંગ વચન-પ્રવૃત્તિને પણ (अशेषतः) સંપૂર્ણપણે (त्यजेत्) તજવી. (एषः) આ (योगः) યોગ અર્થાત્ સમાધિ (समासेन) ટૂંકામાં (परमात्मनः) પરમાત્મસ્વરૂપનો (प्रदीपः) પ્રકાશક દીવો છે.

ટીકા :- એવી રીતે અર્થાત્ આગળ કહેવામાં આવતા ન્યાયથી, બાહ્ય વચન-અર્થાત્ પુત્ર-સ્ત્રી-ધન-ધાન્યાદિરૂપ બાહ્યાર્થ વાચક શબ્દોને, અશેષપણે એટલે સંપૂર્ણપણે તજીને, પછી અંતરંગ વચનને-અર્થાત્ હું પ્રતિપાદક (ગુરુ), હું પ્રતિપાદ્ય (શિષ્ય), સુખી, દુઃખી, ચેતન, ઇત્યાદિરૂપ અંતર્જલ્પનો પૂર્ણપણે ત્યાગ કરવો. એ બહિર્જલ્પ-અંતર્જલ્પના ત્યાગ-સ્વરૂપ યોગ-અર્થાત્ સ્વરૂપમાં ચિત્તનિરોધલક્ષણ સમાધિ-પ્રદીપ અર્થાત્ સ્વરૂપપ્રકાશક છે. કોનો? પરમાત્માનો. કેવી રીતે? સમાસથી એટલે સંક્ષેપથી શીઘ્રપણે તે પરમાત્મસ્વરૂપનો પ્રકાશક છે એવો અર્થ છે.

ભાવાર્થ :- બાહ્ય વચન-પ્રવૃત્તિના વિકલ્પો તેમ જ અંતરંગ વિકલ્પોનો સર્વથા ત્યાગ કરીને ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવું તે યોગ છે સમાધિ છે. આ યોગ જ પરમાત્માનો પ્રકાશક પ્રદીપ છે.

'સ્ત્રી, પુત્ર, ધન, ધાન્યાદિ મારા છે' એવો મિથ્યા પ્રલાપ તે બાહ્ય વચન-વ્યાપાર-બહિર્જલ્પ છે અને 'હું સુખી, હું દુઃખી, હું રંક, હું રાય, હું ગુરુ, હું શિષ્ય' ઇત્યાદિ અંતરંગ વચનપ્રવૃત્તિ તે અંતર્જલ્પ છે. તે બંને બહિરંગ અને અંતરંગ વચન-પ્રવૃત્તિને છોડી આત્મસ્વરૂપમાં એકાગ્રતા પ્રાપ્ત કરવી તે યોગ અથવા સમાધિ છે. આ યોગ જ પરમાત્મસ્વરૂપને પ્રકાશવા માટે દીપક સમાન છે.

આચાર્યે યોગને પ્રદીપ કહ્યો છે, કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતના સ્વરૂપને પ્રકાશે છે, તે યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપને પ્રકાશે છે.

જે સમયે આત્મા આ બાહ્ય-અભ્યંતર સંકલ્પ-વિકલ્પોનો પરિત્યાગ કરે છે તે સમયે તે ઇન્દ્રિયોની પ્રવૃત્તિથી હઠી નિજ સ્વરૂપમાં લીન થઈ જાય છે અને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે.

## વિશેષ

'હું સિદ્ધ સમાન છું, હું કેવલજ્ઞાનમય છું, વગેરે'-એવા વિકલ્પો મનમાં કર્યા કરે અને ઉપયોગને શુદ્ધઆત્મસ્વરૂપમાં ન જોડે તો તે કલ્પના-જાળ છે. તેમાં જ ફસાઈ રહે તો શુદ્ધ સ્વાત્માનો અનુભવ થાય નહિ, કારણ કે આવું અંતર્જલ્પન આત્માનુભવમાં બાધક છે. જ્યાં સુધી અંતર્જલ્પનરૂપ અંતરંગ પ્રવૃત્તિ છે, ત્યાં સુધી સવિકલ્પ દશા

છે. અતીન્દ્રિય જ્ઞાન-સ્વરૂપમાં ઉપયોગને જોડવા માટે જ્ઞાની સવિકલ્પ દશાનો ત્યાગ કરે છે. નિર્વિકલ્પ દશામાં જ-સમાધિમાં જ શુદ્ધાત્માનો અનુભવ થાય છે. તેથી ગ્રન્થકારે અંતર્જલ્પરૂપ સવિકલ્પ દશાનો પણ પૂર્ણપણે ત્યાગ કરવાનું સૂચવ્યું છે.

'અંતરંગમાં જે વચન-વ્યાપારવાળી અનેક પ્રકારની કલ્પના-જાળ છે તે આત્માને દુઃખનું મૂલ કારણ છે. તેનો નાશ થતાં હિતકારી પરમ પદની પ્રાપ્તિ થાય છે.'[1]

## શ્લોક-૧૭ ઉપર પ્રવચન

૧૭.

एवं त्यक्त्वा बहिर्वाचं त्यजेदन्तरशेषतः।
एष योगः समासेन प्रदीपः परमात्मनः।।१७।।

આહાહા..! ટીકા જ લઈએ. કારણ કે બે-બે ત્રણ-ત્રણ વાર આવી જાય છે.

'**ટીકા :- એવી રીતે અર્થાત્ આગળ કહેવામાં આવતા ન્યાયથી, બાહ્ય વચન-અર્થાત્-પુત્ર-સ્ત્રી-ધન-ધાન્યાદિરૂપ બાહ્યાર્થ વાચક શબ્દોને,...**' શબ્દો. આ પુત્ર.. છે એનાથી '**અશેષપણે એટલે સંપૂર્ણપણે તજીને,...**' પર તરફને છોડીને પણ એના શબ્દોના આ સ્ત્રી, આ કુટુંબ એવા વિકલ્પને છોડી દઈને. આહાહા..! '**પછી અંતરંગ વચનને-અર્થાત્ હું પ્રતિપાદક (ગુરુ),...**' છું. આહાહા..! હું એક જગતને સમજાવનારો છું એવો જે વિકલ્પ. સમાધિ છે ને? સમાધિ કહેવી છે ને. લોગસ્સ નથી કર્યું તમે લોગસ્સ? .. સામાયિક 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;' રળવાનું કર્યું છે. એ આવતું. સામાયિકમાં પાઠ આવે છે. પહેલો નમો અરિહંતાણં. બીજો તિક્ખુત્તો, ત્રીજો ઈરિયાસમિતિ, ચોથો કાઉત્સર્ગ, પાંચમો લોગસ્સ. સમજાણું?

મુમુક્ષુ :- સમાહિવરમુત્તમં દિંતુ.

ઉત્તર :- 'સમાહિવરમુત્તમં દિંતુ.' એમ કહ્યું છે. એ લોગસ્સમાં આવે છે. દિગંબરમાં પણ આવે છે પણ એ પ્રચલિત નથી. શ્વેતાંબરમાં સામાયિક દરરોજ કરેને બહારની ક્રિયાકાંડમાં એમાં માને કે અમે આ કરીએ છીએ. એ સમાયિક પણ નથી અને પોષા પણ નથી. આહાહા..! ભાઈ! તારી ચીજને જાણ્યા વિના સમતાનો લાભ ક્યાંથી આવે? સમતા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. સમતા એટલે કે વીતરાગી પરિણામ, સમતા એટલે કે જૈનશાસન, સમતા

૧. જુઓ - પ્રસ્તુત ગ્રન્થનો શ્લોક ૮૫.

એટલે કે આત્માના અનુભવની દશા. સમજાણું કાંઈ?

એવા '**પ્રતિપાદક...**' છું. આહાહા..! હું એક સમજાવનાર છું અને આ '**પ્રતિપાદ્ય (શિષ્ય),...**' તે સમજવાને લાયક છે. એ વિકલ્પ પણ છોડી દે કહે છે. સમજાણું કાંઈ? '**સુખી, દુઃખી,...**' હું પૈસેટકે આ કુટુંબે સુખી છું. પણ આબરૂ અને અણઆબરૂએ હું દુઃખી છું. વગેરે. આહાહા..! એવા સુખી-દુઃખી '**ચેતન, ઈત્યાદિરૂપ અંતર્જલ્પનો...**' હું સુખી છું, દુઃખી છું એવું ચેતન '**ઈત્યાદિરૂપ અંતર્જલ્પનો પૂર્ણપણે ત્યાગ કરવો.**' આહાહા..! એને સમાધિ અને સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય એ વાત કરે છે. શબ્દો જે છે બતાવનારા સ્ત્રી, કુટુંબ એ શબ્દને છોડી દે. પછી અંતર્જલ્પમાં વિકલ્પ (ઉઠે કે) હું બીજાને ઉપદેશ કરી શકું છું એવો જે વિકલ્પ છે એ છોડી દે. અને મારા વિકલ્પથી-સમજાવવાથી શિષ્યો સમજશે. એ પણ એક વિકલ્પ છે. આહાહા..!

'**એ બહિર્જલ્પ-અંતર્જલ્પના ત્યાગ-સ્વરૂપ યોગ-**' રાગ અને વાણી અને શરીરના ત્યાગસ્વરૂપ યોગ. અંતર સ્વરૂપમાં જોડાણ કરવું એ યોગ પ્રદીપ. યોગરૂપી દીવો થયો અંદર. આહાહા..! સમજાણું કાંઈ? '**સ્વરૂપમાં ચિત્તનિરોધલક્ષણ સમાધિ-**' જોયું! એ સમાધિ થઈ. આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત સમાધિ. વ્યાધિ-શરીર, ઉપાધિ-આ ધંધા આદિ, આધિ-મનની અંદર વિકલ્પ ઉઠે તે. આધિ, વ્યાધિ, ઉપાધિ ત્રણથી રહિત તે સમાધિ. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૬, શુક્રવાર તા. ૦૩-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૧૭, ૧૮. પ્રવચન - ૨૪**

૧૭મી ગાથા. સમાધિતંત્ર. સમાધિતંત્ર એટલે આત્માને અંતરમાં શાંતિ અને સમાધિ આનંદ આવે એને અહીંયાં સમાધિતંત્ર કહે છે. ઝીણી વાત છે. આત્મા છે આ અંદર એ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો એ ભંડાર છે-આત્મા. એને પ્રાપ્ત કરવા માટે એનો ઉપાય શું? કહે છે. આ તો ઠેઠની વાત છે અત્યારે તો. ભાવાર્થ છે ને.

મુમુક્ષુ :- ટીકાની બે લીટી બાકી છે.

ઉત્તર :- ટીકાની. એ તો ઠીક.

એ '**કોનો? પરમાત્માનો.**' ત્યાં સુધી આવ્યું ને? '**કેવી રીતે? સમાસથી એટલે સંક્ષેપથી શીઘ્રપણે તે પરમાત્મસ્વરૂપનો પ્રકાશક છે એવો અર્થ છે.**' એ તો કાલે આવી ગયું છે. ભાવ આવી ગયો છે. 'પ્રદીપ' આવી ગયું હતું ને? '**સ્વરૂપમાં ચિત્તનિરોધલક્ષણ સમાધિ-પ્રદીપ...**' ઝીણી વાત છે જરી. આત્મામાં, પરવસ્તુ મારી છે એ દૃષ્ટિ પહેલી છૂટી જવી જોઈએ. અને આ શરીર પણ આત્માનું નથી. આત્મા તો આનંદ સ્વરૂપ શુદ્ધ નિરંજન આનંદકંદ છે. એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવા માટે.. આહાહા..! ઝીણો છે માર્ગ.

ત્યાં કહે છે કે એણે પરને પોતાના માનવા એ તો છોડી દેવું. પણ '**બાહ્ય વચન-પ્રવૃત્તિના વિકલ્પો...**' એ ખુલાસો કરશે. '**તેમ જ અંતરંગ વિકલ્પોનો સર્વથા ત્યાગ કરીને...**' ચૈતન્ય સ્વરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ પરમાનંદમૂર્તિ પ્રભુ આત્મા છે. આહાહા..! એવા '**ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થવું તે યોગ છે સમાધિ છે. આ યોગ જ પરમાત્માનો પ્રકાશક પ્રદીપ છે.**' આહાહા..! આ યોગ. પરમાત્મા પોતે ચિદાનંદ સ્વરૂપ છે એની આ અંતરમાં એકાગ્રતા એ એને પ્રકાશનો દીવો છે. ભારે. કેટલા દેરાસર કરવા અને કેટલા અપવાસ કરવાથી આ પ્રાપ્ત થાય? કહે છે કે એ તો ક્રિયા છે. એનાથી પ્રાપ્ત થાય નહિ. આહાહા..!

હવે એનો ખુલાસો કરે છે. '**સ્ત્રી, પુત્ર, ધન,...**' નામ આ લક્ષ્મી ધૂળ અને '**ધાન્ય...**' આ અનાજ એ '**મારા છે એવો મિથ્યા પ્રલાપ...**' બોલવું. આહાહા..! '**તે બાહ્ય વચન-વ્યાપાર-**' છે. આ સ્ત્રી મારી, પુત્ર મારા, પૈસા મારા, વસ્તુ મારી, મકાન મારા, નોકર મારા એ બધો બાહ્ય વચનનો પ્રલાપ છે. એના કોઈ છે નહિ. છતાં એ વચન દ્વારા એમ બોલે છે એ છોડી દેવું જોઈએ. જેને આત્મામાં... પ્રભુ આત્મા, એનો જેને મેળ કરવો હોય, આત્મા શાંત અતીન્દ્રિય આનંદમૂર્તિ છે, એને જેને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવો હોય તો એણે

આ બહિર્જલ્પ પહેલા છોડી દેવા જોઈએ. આહાહા..!

**'અને હું સુખી,...'** છું. એવો જે વિકલ્પ એ પણ એણે અંતરમાંથી છોડી દેવો જોઈએ. આ પૈસેટકે, આબરૂએ હું સુખી છું એવો જે કલ્પના અંદરનો વિકલ્પ એ જૂઠો છે. આહાહા..! **'હું દુઃખી છું,...'** નિર્ધનપણું, વાંઢાપણું, વાંઝિયાપણું, કંઈ બહારની સગવડતા મને નથી માટે હું દુઃખી છું. એ પણ એક વિકલ્પ જૂઠો છે. આહાહા..! **'હું રંક,...'** છું. હું રંક-ગરીબ છું, ભાઈ! એ વસ્તુનો વિકલ્પ છે એ છોડી દે. **'હું રાય,...'** (રાજા છું) એ આત્મામાં એવું ક્યાં છે? **'હું ગુરુ,...'** છું. અને **'હું શિષ્ય...'** એવો અંતરંગમાં વિકલ્પ-વૃત્તિ ઉઠે છે એને પણ છોડીને અંતરમાં જાય તો ત્યાં આત્માનું ભાન થાય. કહો, હવે કરવાનું બહારનું તો કાંઈ આવ્યું નહિ. શું કરે પણ? શરીર, વાણી, મન જ જ્યાં એના નથી. એ તો પર જડ છે આ તો. આહાહા..!

બહિર્જલ્પ અને અંતર્જલ્પનો ત્યાગ એ સ્વરૂપનો યોગ એટલે સમાધિ અને શાંતિનું કારણ છે. સમ્યગ્દર્શન આ. સમજાણું કાંઈ? એ હું **'ઈત્યાદિ અંતરંગ વચનપ્રવૃત્તિ તે અંતર્જલ્પ છે.'** અંતર્જલ્પ. હું સુખી છું, હું દુઃખી છું, આમ છું, તેમ છું. એવી અંતરંગમાં વૃત્તિ જે રાગની-વિકલ્પની ઉઠે... આહાહા..! એ પણ દુઃખરૂપ છે. **'તે બંને બહિરંગ અને અંતરંગ વચન-પ્રવૃત્તિને છોડી આત્મસ્વરૂપમાં એકાગ્રતા પ્રાપ્ત કરવી...'** ભગવાન આત્મા આનંદનું ધામ છે એ. સહજાત્મ સ્વરૂપ છે. આહાહા..! નિરંજન શુદ્ધ નિરાકાર આનંદનો નાથ પ્રભુ છે અંદર. એમાં બહિર અને અંતરની વિકલ્પની જાળ છોડીને. આ એની રીત છે. આહાહા..! અંતર ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન અને આનંદની ઝળહળ જ્યોતિ એવો ભગવાન આત્મા, એમાં યોગ એટલે સમાધિ લગાવવી. આહાહા..! ભારે વાત, ભાઈ!

એ ચૈતન્યસ્વરૂપ આત્મા, એમાં જોડાણ કરવું, એકાગ્ર થવું, પરના વિકલ્પની વૃત્તિને છોડીને. ત્યારે એને આત્માનો અંદર સમાધિ, શાંતિ એવો યોગ પ્રગટ થાય. આહાહા..! આવો માર્ગ, ભાઈ! આટલા વ્રત પાળીએ, દયા પાળીએ, આટલા અપવાસ કરીએ. બાપુ! એ બધા વિકલ્પો છે. ભાઈ! તને ખબર નથી. એ વિકલ્પ નામ બધી રાગની લાગણીઓ છે. એ તો છોડ પણ અહીંયાં અંતરમાં હું... આહાહા..! સુખી છું, દુઃખી છું એવી મનની જાળ, મનમાં જોડાયેલા સંકલ્પ-વિકલ્પની જાળ... આહાહા..! એનાથી પાર પ્રભુ અંદર છે. એવા **'એકાગ્રતા પ્રાપ્ત કરવી તે યોગ...'** યોગ એટલે કે અંતરમાં જોડાણ થવું ચૈતન્યનું. એ સમાધિ છે. ઓલા અન્યમતિ સમાધિ કહે છે કે હું આમ કરું, તપ કરું. એ જડ છે. આહાહા..!

અહીંયાં તો આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત અંદર સમાધિ. ઉપાધિ એટલે આ ધંધા આદિ. કહો, પોપટભાઈ! આ છોકરા ને બાયડીયું, આ પરણાવ્યા, ..., સારા થયા, પૈસા અમારે

નહોતા અને પ્રગટ થયા એ બધી ઉપાધિ. વ્યાધિ-આ શરીરમાં રોગ આદિ વ્યાધિ. આધિ-અંદર સંકલ્પ-વિકલ્પ થવા એ આધિ. એનાથી રહિત થવું એ સમાધિ. લોગસ્સમાં આવે છે પહેલું. લોગસ્સમાં નથી આવતું? 'સમાહિવરમુત્તમં દિંતુ'. કર્યું હતું કે નહિ લોગસ્સ?

મુમુક્ષુ :- કર્યું હતું. યાદ ક્યાં છે હવે?

ઉત્તર :- યાદ રહ્યું નથી હજી હવે? પોપટભાઈએ તો કર્યું હતું. 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;' 'એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા; ચઉવીસં પિ જિણવરા,...' બેય જણાએ કર્યું હતું. આહાહા..! એ તો ન સમજાય ત્યાં સુધી તો એમ જ હોય ને. આહાહા..!

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન, આનંદ નામ સુખ અંદર ભર્યું છે. એવો સચ્ચિદાનંદ પ્રભુ અંદર, એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવો હોય... આહાહા..! એને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય. હજી તો એની વાત છે, ભાઈ! તો એણે આ અંતર્જલ્પના વિકલ્પો-હું આવો છું ને તેવો છું ને આવો છું ને તેવો છું. શરીરને કાંઈક થતાં ફેરફાર અંદર રહ્યા કરે એ તો મોટી ગડબડ. આહાહા..! બાહ્યમાં કાંઈક ફેરફાર થાય સ્વજન મળે ને જાય. પાંચ-પચાસ લાખ આવે અને પછી ખોટેય જાય બે-પાંચ-દસ લાખ. અને સંકલ્પ-વિકલ્પ કરે એ તો બહુ સ્થુળ પાપ. એ તો ત્યાગ કર. બાપુ! તારી દૃષ્ટિમાંથી તેને છોડી દે. તારો ભગવાન અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ આત્મા. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એને આત્મા કહે છે. કે જે આહાહા..! બહિર્જલ્પ પ્રલાપ. એ પ્રલાપ છે, કહે છે. આ મારી સ્ત્રી, આ મારું મકાન, આ.. પ્રલાપ. ગાંડો-મૂરખ. ગાંડાપણે પ્રલાપ કરે છે. ગાંડા સમજો છો? પાગલ. સમજાય છે કાંઈ? એ નહોતું આવ્યું? પ્રલાપ શબ્દ આવ્યો હતોને ત્યાં? મિથ્યા પ્રલાપ છે ને? પહેલી લીટીમાં છે. જૂઠો પ્રલાપ. આ મારી બાયડી, આ મારા છોકરા, આ મારા આ અને આ મારા આ. ધૂળેય નથી કાંઈ, સાંભળને! એ જે એના નથી એને મારા (કહેવા એ) વાણી દ્વારા પ્રલાપ...

મુમુક્ષુ :- પાગલ આવશે..

ઉત્તર :- આવશે હવે. અહીં તો નિશાળ બીજી છે ને. ભાઈ! જગતથી જુદી જાત છે આ. આહાહા..!

ભાઈ! આત્મા અંદર છે એ શુદ્ધ ચિદાનંદ નિરંજન નિરાકાર આનંદનું ધામ પ્રભુ છે. એને પ્રાપ્ત કરવા માટે પરપદાર્થ મારા એવી માન્યતા તો છોડ, પણ પરપદાર્થ મારા એવો પ્રલાપ-ભાષા છોડ. આહાહા..! આ પૈસા પેદા કરવામાં આવી મહેનત નહિ પડી હોય. નહિ પોપટભાઈ? એ તો એમાં કાંઈ મહેનતથી મળતા નથી મરી જાય તોય. એ તો પૂર્વના પુણ્ય

પડ્યા હોય એ પુણ્યને પાક થવાનો ખરવાનો કાળ આવે એટલે સોગઠી ગોઠવાઈ જાય ત્યાં. પછી થાણામાં ને મુંબઈમાં કે ઢીકણામાં. પછી ત્યાંથી બે-પાંચ લાખ પેદા થાય એટલે એમ માને કે અમે બહુ વ્યવસ્થાથી, ચતુરાઈથી, વ્યવસ્થિત રીતે કામ કર્યું એટલે મળ્યા. એય..! હસુભાઈ! અહીં તો દુનિયાથી જુદી જાત છે, ભાઈ! આહાહા..!

આચાર્યે શાંતિથી વાત કરી છે કેવી! ભગવાન! એ પરવસ્તુ મારી એવો પ્રલાપ તું કરે છો એ મૂર્ખાઈ છે, કહે છે. અને અંતરમાં પણ હું સુખી છું પૈસાએ, સ્ત્રીએ, કુટુંબે, પરિવારે, મકાને એવી કલ્પના છોડી દે. ભાઈ! એનાથી સુખી નથી. આહાહા..! તેમ મને પચ્ચીસ રૂપિયા પેદા કરવા હોય તો મુશ્કેલ પડે છે. હું દુઃખી છું. એ છોડી દે, ભાઈ! આહાહા..! એ કલ્પનાની જાળમાં શાંતિ નહિ મળે. એમાં આત્મા નહિ મળે. આહાહા..! કહો, ગીરધરભાઈ! આત્મા નહિ મળે, બાપુ! ભગવાન અંદર આનંદનો નાથ, અતીન્દ્રિય આનંદની ગાંઠડી છે. અતીન્દ્રિય સુખનો સાગર આત્મા છે. એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવા માટે.. આહાહા..! સમ્યગ્દર્શન જ યોગ છે. એ બેય જલ્પ છોડી દે. '**આ યોગ જ પરમાત્મસ્વરૂપ...**' અંદર પરમ-આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમ આનંદનું ધામ સ્વરૂપ, એને '**પ્રકાશવા માટે દીપક સમાન છે.**' આ દીવો છે.

'**આચાર્યે યોગને પ્રદીપ કહ્યો છે,...**' ભગવાન આત્મામાં જોડાણ કરવું અને આવા સંકલ્પ-વિકલ્પને છોડવા. એવો ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદનો નાથ પ્રભુ એમાં જોડાણ કરવું અંદર એને દીવો કીધો છે. પ્રદીપ કીધો ને? પ્રદીપ. આહાહા..! '**કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે,...**' દીવો આમ પ્રગટે એ પોતાના સ્વરૂપને પ્રકાશે છે. ઝળહળ .. દીવો. '**તેમ યોગ...**' અંતર્જલ્પની વિકલ્પની વૃત્તિઓ અને બાહ્યજલ્પની વાણીના પ્રલાપો... આહાહા..! છોડી દઈને, ભગવાન આત્માની સન્મુખ થતાં જે દશા સમ્યગ્દર્શન-જ્ઞાનની પ્રગટે એને દીવો કહે છે. અહીં તો છેલ્લા નંબરની વાત છે. છેલ્લું એટલે આત્મા કેમ પ્રાપ્ત થાય એની વાત છે. આહાહા..! આ કર્યું.. આ કર્યું.. દયા પાળી, વ્રત પાળ્યા, ભગવાનની ભક્તિ કરી, દેરાસર બનાવ્યા ને પૂજાઓ કરી, એનાથી આત્મા પ્રાપ્ત થાય એમ નથી. આહાહા..! ત્યાં તો તમારે બાર લાખનું મંદિર છે. એ વખતે ત્યાં હશે કે નહિ આ? .. હોયને મોઢા આગળ ત્યાં પછી કહે ને. હો. એ એને કારણે થયેલું છે. અને બનાવનારનો ભાવ શુભ હો. રાગની મંદતાનું પુણ્ય હો. ધર્મ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ નહિ તો પછી બનાવ્યા શું કરવા?

ઉત્તર :- એ બનાવે છે કોણ? એ તો રજકણને કારણે બની જાય છે. આ રામજીભાઈએ બનાવ્યું છે આ? ના, લોકો એમ કહે છે રામજીભાઈએ બહુ ધ્યાન આપ્યું છે.

મુમુક્ષુ :- પણ ..ખબર છે વજુભાઈએ...

ઉત્તર :- વજુભાઈ હતા નહિ કેટલીક વખત. અને રામજીભાઈ સદાય હતા અહીં. એ આજે સવારમાં વાત નીકળી હતી. એય..! સુમનભાઈને મૂકીને અહીં પડ્યા છે. સુમનભાઈ આને મૂકીને ત્યાં પડ્યા છે. પણ આ રજાનો પગાર મહિને મળે એ અહીં કોણ આપે? વરસના લાખ રૂપિયા. એક મહિનાનો આઠ હજારનો પગાર. વળી અમલદાર તરીકે શું કહેવાય એ?

મુમુક્ષુ :- ઓફિસર.

ઉત્તર :- ઓફિસર તરીકે. અરે..! ધૂળમાંય નથી કાંઈ હવે. આઠ હજાર મળવા એ ધૂળ છે. અને એ પૂર્વના પુણ્યને લઈને મળે. એ પુણ્ય મારા માનવા એ પણ ભ્રમણા અને મિથ્યાત્વ છે. ભાઈ! અહીં તો રીત જુદી જાતની છે. આહાહા..! આહાહા..! એય..! મનહર! સમજાય છે? ઓલા પૈસા-બૈસામાં કાંઈ ધૂળેય નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- એ તો સારું ધૂળ નથી, સોનું છે.

ઉત્તર :- સોનું એ શું? એ ધૂળ છે. સોનું એ પુદ્‌ગલ છે. કસ્તુરી પુદ્‌ગલ, વિષ્ટા પુદ્‌ગલ, સોનું પુદ્‌ગલ અને હીરા ને માણેકના દાગીના એ પુદ્‌ગલ છે. આહાહા..! ભગવાન! તું એમાં નથી. એ તારામાં નથી, એમાં તું નથી. પ્રભુ! આહાહા..! ભાઈ! તને તારી પ્રભુતાની ખબર પડી નહિ. તું ક્યાં કેમ છો? અને કેમ પ્રાપ્ત થાય? ભાઈ! તેં એની રીત જાણી નથી. આહાહા..! ક્યા માર્ગે જતા એ મળે? અને કયો માર્ગ છોડે એ મળે? આહાહા..! ભાઈ! એમ પ્રભુ કહે છે. પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન સર્વજ્ઞપદ હતું એવું પ્રગટ્યું હતું. આહાહા..!

આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞ સ્વરૂપ છે. સર્વજ્ઞશક્તિનું તત્ત્વ એ છે. આહાહા..! એનું જેણે પર તરફના ભાવ-મારું છે-એ ભાવ છોડી દઈ અને એના તરફના વિકલ્પો જે છે, વૃત્તિઓની લાગણી રાગની, આ મારા અને હું તેનો. આ હું. હું શુદ્ધ છું ને બુદ્ધ છું અને સર્વજ્ઞ છું. એવો પણ એક વિકલ્પ જે છે... આહાહા..! એ પણ દુઃખદાયક છે, આકુળતા છે. આવી વાત છે, ભાઈ! કહો, પોપટભાઈ! આહાહા..!

'**કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે, તેમ યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપને પ્રકાશે છે.**' આહાહા..! હજી વાત જેણે સાંભળી નથી એને કે દિ' વિચારમાં આવે અને કે દિ' એ વિકલ્પ મૂકીને અંતરમાં જાય? કહો, કાંતિભાઈ! કાંતિભાઈને કહ્યું ...પ્લેનમાં પંદરસોનો પગાર. દોઢ હજારનો. માસિક. પ્લેનમાં. પંદરસોનો. બાળબ્રહ્મચારી. લાખોપતિ છે. છોડી દીધી. નોકરી છોડી દીધી. અઢાર હજાર બાર મહિને.

હવે ધૂળમાં શું છે હવે?

મુમુક્ષુ :- પહેલા વખાણ કર્યા...

ઉત્તર :- વખાણ એ તો સ્વરૂપ બતાવ્યું. લોકોને એમ થાય કે ઓહોહો..! ત્યાં પ્લેનમાં બેસતા ત્યારે આવતા મુંબઈ. હવે નોકરી છોડીને બે વર્ષથી. પહેલા આવતા સૌની સાથે. શીખ લોકો હશેને ત્યાં એના ઓલા હાંકનારા.

મુમુક્ષુ :- પાયલોટ.

ઉત્તર :- પાયલોટ. એક ફેરી ત્યાં લઈ ગયા હતા અંદર. એક ફેરી ખબર છે? હલાવનારા હતા. સરદાર હતા અંદર. ઓહોહો..! હાલેને એને શું કહેવાય તમારે? પ્લેન-પ્લેન. અંદર હલાવે. બબ્બે હજાર-ત્રણ હજારના પગારવાળા નહિ? પાંચ હજારના પગારવાળા. સરદાર. અંદર હતા ને. અમે ગયા હતા જોવા પ્લેનમાં અંદર. લઈ ગયા હતા સંચા પાસે. આહાહા..! એ સંચો કોણ હલવે? કહે છે.

મુમુક્ષુ :- જેને આવડે એ હલવે.

ઉત્તર :- આવડત આવડત પાસે રહી ગઈ અને હાલ્યું હાલવા પાસે રહી ગયું. આહાહા..! ભાઈ! એ પરમાણુનો પિંડ છે એ પ્લેન. એની જે સમયની જે પર્યાય ઊંચે આમ ઉડવાની છે એ એને કારણે થાય છે.

મુમુક્ષુ :- .. પેટ્રોલ..

ઉત્તર :- પેટ્રોલ-ફેટ્રોલ એ સુમનભાઈનું ગયું. પેટ્રોલમાં છેને એ? ઓલા શું કહેવાય?

મુમુક્ષુ :- એસો.

ઉત્તર :- એસો. હવે એ તો સરકારે લઈ લીધું. પહેલા જુદી કંપની હતી ને. હવે થોડું આપે છે કાંઈક. ૨૫ ટકા કાંઈક. એવું સાંભળ્યું હતું. કો'ક કહેતું હતું. પોણો સો ટકા સરકાર રાખે અને પચ્ચીસ ટકા એને આપે. આહાહા..! અરેરે..! હેરાન-હેરાનના રસ્તા છે બધા.

અરે..! અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તને તારું, તને તારું સ્વરૂપ છે એને પ્રાપ્ત કરવું હોય, એણે તો અંતર અને બહિર્‌ના પ્રલાપ ને અંતર્જલ્પના વિકલ્પો છોડી દેવા પડશે. ત્યારે એ અંતરમાં જતાં એને આનંદની દશા એકાગ્રતામાં પ્રગટ થાય. એને યોગ અને સમાધિ અને એને દીવો કહે છે કે જે દીવા વડે આત્મા પ્રાપ્ત થાય. આત્મા જણાય. આહાહા..! આવી વાતું ભાઈ! ઓલામાં તો કહે, એકેન્દ્રિયની દયા પાળો, આમ કરો. આવી વાતું તો કોઈ દિ' સાંભળી ન હોય. એય..! હસમુખભાઈ! આ તમારા બનેવીને કહીએ છીએ. જોબાળીયા છેને એ પણ. શાંતિભાઈ! આ શાંતિભાઈ બધા ઝોબાળિયા છે ને. આહાહા..!

કાલે આવ્યું હતું ઓલું ત્રણનું તમારું. કાંપનો કાગળ આવ્યો હતો કે શાંતિભાઈને ઘરે

ઉતારો રાખવો? કે ચંપક ડગલીને ત્યાં રાખવો? કે રસીકને ત્યાં રાખવો? એવો કાગળ આવ્યો હતો ચંદુભાઈ ઉપર. અમે કીધું થાય એ થાય ત્યાં. ત્યાં બેઠા હશે ભેગા થઈને મિટિંગમાં. ચાર દિ' રહેવાના છીએ ને. આહાહા..!

પ્રભુ! તું ક્યાં છો? તું કેમ પ્રાપ્ત થાય? આહાહા..! કહે છે, તું તો સત્-શાશ્વત, નિત્ય, ધ્રુવ, આનંદ અને જ્ઞાનનો ગાંઠડો છો. આહાહા..! એમાં એને મળવું હોય, પ્રાપ્ત કરવું હોય તો, તો જે વિકલ્પોની લાગણીઓ છે એ આકુળતા છે... આહાહા..! એને પણ છોડવું પડશે. આ એની માર્ગની રીત છે. સમજાણું કાંઈ? અંતરના માર્ગમાં જવા એને વિકલ્પની લાગણીઓ વિઘ્ન કરે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, અંદરમાં આ **'યોગ અંદર બિરાજેલા નિજ આત્મા...'** નિરંજન શુદ્ધ ચિદાનંદ આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. દરેક આત્મા અંદર બિરાજમાન છે. આહાહા..! કહો, દિલીપ! એમ! આ તારા બાપા પૈસા બધું કરે છે એમાં નથી કાંઈ? છોકરો ભાગ્યશાળી છે. આહાહા..! કહે છે, ભાઈ! વસ્તુ છો કે નહિ તું? છો કે નહિ? છું. શું વસ્તુ છો? કે એમાં તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંતા ગુણો જેમાં વસેલા છે એ હું વસ્તુ છું. એ વસ્તુને પ્રાપ્ત કરવા માટે પ્રભુ તારો માર્ગ આ છે, ભાઈ! આહાહા..! કોઈ કહે કે ભાઈ! ભગવાનની ભક્તિ કરતા અને ગુરુની ભક્તિ કરતા મળશે. હરામ મળે તો. કારણ કે એ પરદ્રવ્ય તરફના વલણવાળો વિકલ્પ આવે ખરો પણ એ અંતર આત્માને પ્રાપ્ત કરવા માટે કામનો નથી.

મુમુક્ષુ :- નજીકમાં નજીકનો કયો?

ઉત્તર :- બિલકુલ નજીકમાં એકેય વિકલ્પ નથી એનો. એય..! ચેતનજી! આહાહા..! અરે..! આત્મા અંદર આનંદનો નાથ જ્ઞાનની જ્યોતથી ઝળહળ જ્યોતિ બળે છે. ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર છે. ચૈતન્યના જ્ઞાનના પ્રકાશનું નૂરનું પૂર છે ઈ. અરેરે..! ક્યાં જોયો એણે? એણે ક્યાં એને મેળવવાનો પ્રયત્ન કર્યો? આ બહારના ધમાહા ધૂળ ધમાહા. ફૂ થઈને ચાલી જશે બધું. આહાહા..!

કહે છે, ભગવાન આત્મા **'નિજ આત્માના સ્વરૂપને...'** પુણ્ય અને પાપની ભાવની વૃત્તિઓ છે એ વિકલ્પ છે. એનું લક્ષ છોડી દઈને જ્યાં ચૈતન્ય સ્વરૂપમાં લક્ષ જમાવવું છે એને અહીંયાં યોગ, એને અહીં સમકિત સમાધિ કહે છે. લ્યો ભાઈ એ આવ્યું. સમાધિના દસ બોલ આવે છે ને? એમાં સમકિત સમાધિ કીધી છે. સમાધિ દસ બોલો બોલતા હતા એ. એ શરૂ કર્યું હતું તે દિ'. ૭૮. બોટાદમાં. 'ચિત્ત સમાધિ હુએ દસ બોલે.' ... આવે છે. ૭૮. કેટલા વર્ષ થયા? ૫૩ થયા. બોટાદમાં પહેલું મૂક્યું હતું. લોકો કહે, આ વળી શું? મેં કીધું 'ચિત્ત સમાધિ હુએ દસ...' પહેલી તો સમ્યગ્દર્શન સમાધિ છે. આહાહા..! સમજાણું

કાંઈ? બોટાદમાં તો સભા મોટી. હજારો-પંદરસો માણસ આવે. અપાસરામાં ન સમાય. પછી વ્યાખ્યાન ચાલતું હોય ત્યારે બારીમાં બેસીએ તો આખી શેરીમાં માણસ બેસતા. આ તો ૭૯, ૮૦ અને ૭૮ની વાત છે. લોકોને પ્રેમ બહુ હતો ને. નામ પ્રસિદ્ધ હતું ને અમારું તો એમાં પણ. સંપ્રદાયમાં. આહાહા..! એમાં શરૂઆત કરી. ભાઈ! આ આત્માને સમાધિ નામ શાંતિ પહેલે તો સમ્યગ્દર્શનથી પ્રાપ્ત થાય છે. આહાહા..! 'ચિત્ત સમાધિ હુએ...' દશા.. સૂત્ર છે શ્વેતાંબરનું. ૩૨ સૂત્ર છે ને ૪૫? એમાં એક દશા.. સૂત્ર છે. એમાં આખું અધ્યયન છે. લોકોને પણ બહારની પ્રવૃત્તિની ક્રિયાકાંડ આડે નવરા ક્યાં? આ તો આ કરવું ને આ કરવું ને આ કરવું. આહાહા..! દયા ને દાન ને વ્રત ને તપ ને એ તો વિકલ્પની લાગણી છે, શુભભાવ છે. એ પુણ્યબંધનું કારણ છે. આત્માને પ્રાપ્ત કરવાનું એ કારણ નથી. આહાહા..!

એ અહીં કહે છે. '**પરમાત્મસ્વરૂપને પ્રકાશવા માટે દીપક સમાન છે.**' '**આચાર્યે યોગને પ્રદીપ કહ્યો છે, કારણ કે જેમ દીવો નિશ્ચયથી પોતાના સ્વરૂપને પ્રકાશે છે, તે યોગ અંદર બિરાજેલા નિજ આત્માના સ્વરૂપને પ્રકાશે છે.**' '**જે સમયે આત્મા...**' જે કાળે આ આત્મા '**આ બાહ્ય-અભ્યંતર સંકલ્પ-વિકલ્પોનો પરિત્યાગ કરે છે તે સમયે તે ઇન્દ્રિયોની પ્રવૃત્તિથી હઠી નિજ સ્વરૂપમાં લીન થઈ જાય છે...**' આહાહા..! ભારે વાતું! સમજાણું કાંઈ? '**અને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે.**' આત્મા આનંદ અને અતીન્દ્રિય સુખની ગાંગડી છે. એ અંતરમાં એકાગ્ર થાય તો એનો સ્વાદ લે છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ. આ દુનિયાના જે વિષયભોગના સ્વાદ એ બધા રાગના સ્વાદ, આકુળતાના સ્વાદ (છે). મોહનલાલજી! આ એલચીના વેપારના વિકલ્પો એ બધા દુઃખના સ્વાદ, એમ કહે છે. એઈ..! તમારા પગારમાં આઠ હજાર ને ... વિકલ્પ આવે ને? ત્યારે દુઃખી છે. આહાહા..! અહીં તો હજી વધારે .. છે.

**વિશેષ :-** '**હું સિદ્ધ સમાન છું,...**' આહાહા..! 'સિદ્ધ સમાન સદા પદ મેરો, ચેતન રૂપ અનૂપ અમૂરત...' બનારસીદાસ. દિગંબરમાં એક બનારસીદાસ કવિ થઈ ગયા. પહેલા બહુ કામી હતા-ભોગી. યુવાન અવસ્થા. વ્યભિચારી બહુ અને બહુ રૂપાળું શરીર. એમાંથી એને સત્સમાગમ મળ્યો પછી આત્મભાન થયું છે. પછી બધા વ્યભિચારના પુસ્તકો લખેલા એ ગંગામાં બોળી દીધા. ફોટો આવે છે. એ પોતે કહે છે આ.

ચેતનરૂપ અનુપ અમૂરતિ,
સિદ્ધ સમાન સદા પદ મેરો.
મોહ મહાતમ આતમ અંગ,
કિયો પરસંગ મહા તમ ઘેરૌ.

પણ મેં મારા સ્વરૂપના ભાન વિના પરમાં મોહને લઈને. 'મોહ મહાતમ...' પરના મોહનું મને માહાત્મ્ય આવ્યું. 'મોહ મહાતમ આતમ અંગ' આત્માના અંગમાં કિયો ઘેરો. આહાહા..! 'કિયો પરસંગ' મેં પરનો સંગ કર્યો. રાગનો, પુણ્યનો, દયાનો, દાનનો. આહાહા..! 'કિયો પરસંગ મહાતમ ઘેરો.'

હવે કહે છે,

જ્ઞાનકલા ઉપજી અબ મોહિ,
કહૌં ગુન નાટક આગમકેરૌ.
જ્ઞાનકલા ઉપજી અબ મોહિ,
કહૌં ગુન નાટક આગમકેરૌ.
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,
વેગિ મિટૈ ભવવાસ બસેરૌ.

આહાહા..!

ચેતનરૂપ અનુપ અમૂરતિ,
સિદ્ધસમાન સદા પદ મેરૌ.

હું એક ચૈતન્યરૂપ અરૂપી જ્ઞાનના ઘનનો પિંડ. આહાહા..! 'ચેતનરૂપ અનુપ અમૂરતિ..' અનુપ-જેને કોઈ ઉપમા દઈ શકે નહિ. આહાહા..! અને અમૂર્ત, જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. અંદર વસ્તુમાં ક્યાં છે?

ચેતનરૂપ અનુપ અમૂરતિ,
સિદ્ધસમાન સદા પદ મેરૌ.

સિદ્ધ ભગવાન જે થયા નમો સિદ્ધાણં. એવું જ મારું સ્વરૂપ છે. આહાહા..!

મોહ મહાતમ આતમ અંગ,
કિયૌ પરસંગ મહા તમ ઘેરૌ.

મેં પરવસ્તુમાં મોહ કરી, વિકલ્પ ઉઠાવી અને તમ-અંધકારનો ઘેરો મેં ઉત્પન્ન કર્યો હતો. આહાહા..!

જ્ઞાનકલા ઉપજી અબ મોહિ,

મેં એક રાગ અને વિકલ્પ વિનાની ચીજ છું. મારા સ્વરૂપમાં આનંદ અને જ્ઞાનનું નૂરનું પૂર પડ્યું છે. આહાહા..!

જ્ઞાનકલા ઉપજી અબ મોહિ,
કહૌં ગુન નાટક આગમકેરૌ.

આગમ સમયસાર નાટકનું હું વર્ણન કરીશ. નાટક તરીકે વર્ણન કરીશ.

જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,

અંતરના સ્વરૂપના સાધન દ્વારા રાગ અને વિકલ્પથી રહિત થઈને અનુભવ દ્વારા 'સધે સિવમારગ,' મોક્ષનો માર્ગ. 'વેગિ મિટૈ...' આહાહા..! શરીરમાં કલંક છે રહેવું આ. હાડકા-ચામડા. 'વેગિ મિટૈ ભવવાસ બસેરૌ.' આ શરીરમાં વસવું છૂટી અને એકલો થઈ ગયો. કહો, પોપટભાઈ! અહીં તો કમાણી આ છે. આહાહા..!

'**હું સિદ્ધ સમાન છું,...**' જેવા સિદ્ધ પરમાત્મા છે એવો જ હું છું. પણ એવો વિકલ્પ કરવો, અંદર વૃત્તિ ઉઠાવવી એ પણ દુઃખરૂપ છે કહે છે. સમજાણું કાંઈ? '**હું કેવલજ્ઞાનમય છું,...**' એકલો કેવલ-કેવલ એકલું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન. એવી વૃત્તિ ઉઠવી એ પણ વિકલ્પ અને રાગ છે. ઉઠાવવી ઈ. વસ્તુ તો વસ્તુ છે. આહાહા..! સમજાણું કાંઈ? '**વગેરે એવા વિકલ્પો મનમાં કર્યા કરે...**' આ મન છે એક અહીં. એના સંગમાં આવા વિકલ્પો કર્યા કરે, હું શુદ્ધ છું, ચૈતન્ય છું. '**અને ઉપયોગને શુદ્ધાત્મસ્વરૂપમાં ન જોડે...**' એ જ્ઞાનના પરિણામને ત્રિકાળમાં ન જોડે. આહાહા..! આવી વાત ને આવો ધર્મ ભારે ભાઈ. આ કઈ જાતનો ધર્મ? બાપુ! એ આત્માનો ધર્મ આવો છે. સમજાણું કાંઈ? આહાહા..! '**એવા વિકલ્પો મનમાં કર્યા કરે અને ઉપયોગને શુદ્ધાત્મસ્વરૂપમાં ન જોડે તો તે કલ્પના-જાળ છે.**' એ પણ એક કલ્પનાની જાળ છે. આહાહા..! બાયડી, છોકરા ને ધૂળ-ધમાહા તો ક્યાંય રહી ગયા. પણ એ ચીજ છે એમ મનના સંગે હું સિદ્ધસ્વરૂપ જેવો છું, કેવળજ્ઞાનમય છું, દ્રવ્યે સિદ્ધ સમાન, ગુણે કેવળજ્ઞાનમય શુદ્ધ ચૈતન્ય પૂર્ણ છું. એવો જે મનના સંગે વૃત્તિ રાગ ઉઠે છે એ પણ કલ્પના-જાળ છે. આહાહા..!

'**તેમાં જ ફસાઈ રહે...**' હું આવો છું... આવો છું... આવો છું... એ રાગની વૃત્તિ છે, વિકલ્પ છે. '**તેમાં જ ફસાઈ રહે તો શુદ્ધ સ્વાત્માનો અનુભવ થાય નહિ,...**' આહાહા..! ભગવાન ચૈતન્ય આનંદસ્વરૂપ એનો આવા વિકલ્પની જાળમાં કલ્પના-જાળમાં રોકાવાથી, ભટકવાથી શુદ્ધ ચૈતન્યનો અનુભવ ન થાય. આહાહા..! બહુ આકરું. આ ઓલા તો એમ કહે, બધા દેશસેવા કરો તમે તરી જશો. જુઓને! દેશસેવા માટે મરી જાય છે ને? શું કહેવાય? શહીદ. એ સાંભળ્યું છે ને. આહાહા..!

અહીં તો કહે છે કે દેવ અને ગુરુ પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત થયેલા એની તું સેવા અને ભક્તિ કર તોપણ વિકલ્પ અને રાગ છે. કારણ કે પરદ્રવ્ય તરફના વલણવાળી વૃત્તિ છે. એ તો ઠીક પણ તું જેવો છો... આહાહા..! એવો જ મન દ્વારા વિકલ્પ ઉઠાવ એ કલ્પના-જાળ છે. આહાહા..! આ લોકોને તેથી લાગેને. સોનગઢવાળા નિશ્ચયની વાતું કરે.

મોહનલાલજી! એમ કહેતા હતાને લોકો? આહાહા..! બાપુ! માર્ગ તો આ છે, હોં! નિશ્ચય એટલે સાચી. વ્યવહારની એટલે આરોપિત, ઔપચારિક. આહાહા..! એની શ્રદ્ધા તો કરે. એના જ્ઞાન ઉપર તો એ વાત લે કે વસ્તુ તો આ વિકલ્પ વિનાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**સ્વાત્માનો અનુભવ થાય નહિ, કારણ કે આવું અંતર્જલ્પન આત્માનુભવમાં બાધક છે.**' આહાહા..! હું આવો છું. છે એવો છે. કેવળજ્ઞાનમય છું, સિદ્ધ સ્વરૂપ છું, પવિત્ર છું, આનંદનું ધામ છું, મારું સ્થળ શાંતિની ઉત્પત્તિ કરનારું છે. એવો જો વિકલ્પની જાળમાં અટકી જાય તો એની પાછળ પડ્યું છે પ્રભુનું સ્વરૂપ પોતાનું, એને નહિ અનુભવી શકે. આહાહા..! સમ્યગ્દર્શન નહિ પામી શકે એમ કહે છે. આ તો હજી સમ્યગ્દર્શનની વાત ચાલે છે. હજી સમ્યગ્દર્શનના ઠેકાણા ન મળે અને વ્રત ને ચારિત્ર ને સાધુ થઈ ગયા. એકડા વિનાના મીંડા છે બધા. આહાહા..!

કહે છે, ભાઈ! તારી ચીજ છે અંદર એ પવિત્ર છે, સિદ્ધ સમાન છે, શુદ્ધ છે, એકલો જ્ઞાનપિંડ છે. પણ એને પણ મન દ્વારા મનના સંગે એકલી વિકલ્પની કલ્પનામાં જો રોકાઈ જઈશ તો અંદર નહિ જવાય. કહો, સમજાણું કાંઈ?

'**આવું અંતર્જલ્પન આત્માનુભવમાં બાધક છે.**' આહાહા..! આત્મા આનંદનો અનુભવ કરવામાં આ કલ્પના જાળ બાધક છે. સમજાણું કાંઈ? '**જ્યાં સુધી અંતર્જલ્પનરૂપ અંતરંગ પ્રવૃત્તિ છે,...**' આત્મા કેવળજ્ઞાન, સિદ્ધ સમાન આદિ છે, એ છે પણ એની કલ્પનાની વૃત્તિમાં જ્યાં સુધી રોકાય છે '**ત્યાં સુધી સવિકલ્પ દશા છે.**' એ તો રાગવાળી દશા છે. આત્મા રાગવાળો નથી. આહાહા..! આત્મા નિરંજન નિરાકાર વીતરાગમૂર્તિ છે. આવું કેવું? સમજાણું કાંઈ? એનું હોવાપણું-ચૈતન્યનું આત્માનું હોવાપણું-એકદમ પવિત્ર અને શુદ્ધ આનંદકંદ પ્રભુ છે. કહે છે કે મનના સંગે પણ કલ્પનામાં આવો... આવો... આવો... એમાં રોકાવું તે અંદર જવામાં વિઘ્નરૂપ છે. આહાહા..! એ સાધક નથી. કહો, ચેતનજી! એ વિકલ્પ નજીકનો સાધક ખરો કે નહિ? ભાઈ! તારા ઘર એવા મોંઘા છે અને એવા તારા ઘર સરળ છે કે જેને આવા વિકલ્પના જાળની પણ મદદની જરૂર નથી.

અરે..! એને હવે ક્યાં પહોંચવું? હજી બહારમાં સલવાણા (હોય). આ મારા અને આ તારા ને.. આહાહા..! શરીરમાં જરી પ્રતિકૂળતા થાય ત્યાં શાતાશિળીયા.. શાતાશિળીયા.. આહાહા..! શાતાશિળીયા સમજાય છે? શાતાને લેવાના સ્વભાવવાળો. અનુકૂળતાને લેવાના ભાવવાળા એને શાતાશિળીયા કહે છે. આહાહા..! જરીક શરીરમાં કાંઈક થાય તો. હવે એવાને આમાં જાવું ન ગોઠે. એને આત્માના આવા વિકલ્પમાં જાવું એ ન જઈ શકે. બહારમાં અટક્યો

છે એ અહીં ક્યાં જાય? અને આવા વિકલ્પમાં અટક્યો એ અંતર અનુભવ કરી શકે નહિ. આહાહા..! આવો ધર્મ કેવો? જૈનધર્મ આવો હશે? પણ અમે તો કે ૫૦ વર્ષમાં, કોઈ દિ' ૬૦ વર્ષમાં સાંભળ્યો નથી. લીલોતરી ન ખાવું, રાતે ચોવિહાર કરવો એવું સાંભળ્યું હતું બધું. છપરબી બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ, પાખીના બ્રહ્મચર્ય પાળવા, ભગવાનના દર્શન કરવા, જાત્રા કરવી. ભાઈ! એ બધા શુભ વિકલ્પની જાતની વાતું છે. શુભરાગની વાત છે. સમજાણું કાંઈ?

'**અતીન્દ્રિય જ્ઞાન-સ્વરૂપમાં ઉપયોગને જોડવા માટે...**' અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ ભગવાન ઈન્દ્રિયથી પાર છે એવું જે જ્ઞાનનું સ્વરૂપ, એમાં ઉપયોગને જોડવા માટે '**જ્ઞાની સવિકલ્પ દશાનો ત્યાગ કરે છે.**' આહાહા..! કેટલો એ પુરુષાર્થ છે! એ પુરુષાર્થની કિંમત કેટલી છે! આહાહા..! આવા વિકલ્પની લાગણીઓ છે, હું આવો છું ને તેવો છું. એને છોડીને અંતરના અનુભવમાં જાય.. આહાહા..! એ જ્ઞાની વિકલ્પ દશાનો ત્યાગ કરે છે. ત્યારે '**નિર્વિકલ્પ દશામાં જ–**' રાગ વિનાની દશામાં એટલે '**સમાધિમાં જ...**' એટલે '**શુદ્ધાત્માનો અનુભવ થાય છે.**' કહો, આવું સ્વરૂપ છે. '**તેથી ગ્રંથકારે અંતર્જલ્પરૂપ સવિકલ્પ દશાનો પણ પૂર્ણપણે ત્યાગ કરવાનું સૂચવ્યું છે.**' છે?

'**અંતરંગમાં જે વચન-વ્યાપારવાળી અનેક પ્રકારની કલ્પના-જાળ છે...**' આહાહા..! આ મારું અને તારું એ તો મૂક્યું, કહે છે. પણ અંદર સ્વરૂપ છે એની વિચારણામાં કલ્પના-જાળ ઊભી થાય છે. આહાહા..! '**તે આત્માને દુઃખનું મૂલ કારણ છે.**' આહાહા..! કેમ કે પ્રભુ શાંત નિર્વિકારી આનંદ, એમાં આવો વિકલ્પ ઉઠાવે કે હું શુદ્ધ છું, આવો છું ને તેવો છું. આહાહા..! એવી વિકલ્પની જાળ પણ પ્રભુ! એ દુઃખરૂપ છે. આત્માના આનંદથી એ ઊલટી દશા છે. આહાહા..! એટલે આ સભા મોટી સમાજને કઠણ પડે. પણ હવે લોકો ઈચ્છે છે સાંભળવાનું, હોં! ચારે કોર છે. જુઓને! હમણાં કેટલા કાગળ આવે છે. ચારે કોરથી અહીં અમારા દિવસ રાખો, અહીં અમારા દિવસ રાખો. આહાહા..! બાપુ! આ જગતની જંજાળ અને જગતના વ્યવહારથી આ ચીજ જુદી છે. અરે..! અંતરનો આત્માનો જ્યાં વિકલ્પ આવો ને તેવો.. આહાહા..! એ પણ મનુષ્યના વ્યવહારની જાત છે. એ આત્માની જાત નહિ. આહાહા..!

'**અંતરંગમાં જે વચન-વ્યાપારવાળી...**' એ અંતર વિકલ્પ ઉઠેને, એ અંતર વચન-વ્યાપાર છે. હું આવો છું ને આવો છું. '**તે આત્માને દુઃખનું મૂલ કારણ છે. તેનો નાશ થતાં હિતકારી પરમ પદની પ્રાપ્તિ થાય છે.**' એ ૮૫માં આવશે આગળ. આમાં.

कुतः पुनर्बहिरन्तर्वाचस्त्यागः कर्तव्य इत्याह–

*यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा।
जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम्।।१८।।

टीका :- रूपं शरीरादिरूपं यद् दृश्यते इन्द्रियैः परिच्छिद्यते मया तदचेतनत्वात् उक्तमपि वचनं सर्वथा न जानाति। जानता च समं वचनव्यवहारो युक्तो नान्येनातिप्रसङ्गात्। यच्च जानद् रूपं चेतनमास्वरूपं तन्न दृश्यते इन्द्रियैर्न परिच्छद्यते। यत एवं ततः केन सह ब्रवीम्यहम्।।१८।।

---

વળી અંતરંગ અને બહિરંગ વચન-પ્રવૃત્તિનો ત્યાગ કેવી રીતે કરવો? તે કહે છે–

શ્લોક - ૧૮

અન્વયાર્થ :- (मया) મારા વડે (यत् रूपं) જે રૂપ-શરીરાદિરૂપી પદાર્થ (दृश्यते) દેખાય છે (तत्) તે-અચેતન પદાર્થ (सर्वथा) સર્વથા (न जानाति) કોઈને જાણતો નથી અને (जानत् रूपं) જે જાણવાવાળો ચૈતન્યરૂપ આત્મા છે તે (न दृश्यते) દેખાતો નથી. (ततः) તો (अहं) હું (केन) કોની સાથે (ब्रवीमि) બોલું-વાતચીત કરું?

ટીકા :- રૂપ એટલે શરીરાદિરૂપ જે દેખાય છે અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા મારાથી જણાય છે, તે અચેતન (જડ) હોવાથી (મારા) બોલેલા વચનને પણ સર્વથા જાણતું નથી; જે જાણતો હોય (સમજતો હોય) તેની સાથે વચન-વ્યવહાર યોગ્ય છે; બીજાની સાથે (વચન-વ્યવહાર) યોગ્ય નથી કારણ કે અતિ પ્રસંગ આવે છે, અને જે રૂપ અર્થાત્ ચેતન-આત્મસ્વરૂપ-જાણે છે તે તો ઇન્દ્રિયો દ્વારા નથી-જણાતું નથી; જો એમ છે તો હું કોની સાથે બોલું?

ભાવાર્થ :- જે શરીરાદિરૂપી પદાર્થો ઇન્દ્રિયોથી દેખાય છે તે અચેતન હોવાથી બોલેલું વચન સર્વથા જાણતા નથી-સમજતા નથી અને જેનામાં જાણવાની શક્તિ છે તે ચૈતન્યસ્વરૂપ આત્મા અરૂપી હોવાથી ઇન્દ્રિયો દ્વારા દેખાતો નથી; તેથી અંતરાત્મા વિચારે છે કે 'કોઈની સાથે બોલવું યા વચન-વ્યવહારની પ્રવૃત્તિ કરવી તે નિરર્થક છે, કારણ જે પરનું જાણવાવાળું ચૈતન્ય-દ્રવ્ય છે તે તો મને દેખાતું નથી અને ઇન્દ્રિયો દ્વારા જે રૂપી શરીરાદિક જડ પદાર્થો દેખાય છે તે ચેતનારહિત હોવાથી કાંઈ પણ

---

* जं मया दिस्सदे रूवं तं ण जाणादि सव्वहा।
जाणगं दिस्सदे णं तं तम्हा जमेपि केण हं।।२१।। (मोक्षप्राभृते, कुन्दकुन्दाचार्यः।)

જાણતા નથી; તો હું કોની સાથે વાત કરું? કોઈની પણ સાથે વાતચીક કરવાનું બનતું નથી, માટે હવે તો મારે મારા સ્વરૂપમાં રહેવું એ યોગ્ય છે, પરંતુ બોલવાનો વિકલ્પ (રાગ) કરવો તે યોગ્ય નથી.'

આ શ્લોકમાં આચાર્યે વિભાવ-ભાવરૂપ બાહ્ય વિકલ્પ-જાળથી છૂટવા માટે એક ઉત્તમ ઉપાય દર્શાવ્યો છે.

## વિશેષ

કોઈની સાથે બોલવું એ વ્યવહાર કથન છે. નિશ્ચયનયની દૃષ્ટિએ કોઈ જીવ બોલી શકતો જ નથી. જે વાણી નીકળે છે તે ભાષાવર્ગણારૂપ પુદ્‌ગલોનું વચનરૂપ પરિણમન છે. તે આત્માનું કાર્ય નથી. તે કાર્યમાં અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ (ઈચ્છા) નિમિત્તમાતર છે. વિકલ્પ અને વાણી એ બંનેમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વિકલ્પના કારણે વાણી નીકળે છે એમ નથી અને વાણી નીકળી એટલે વિકલ્પ થયો એમ પણ નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી, તેથી એ એમ માને છે કે, 'મેં બોલવાની ઈચ્છા કરી એટલે વાણી નીકળી,' પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં એ સત્ય નથી. ભાષાવર્ગણાનું વાણીરૂપે પરિણમન તેના કારણે છે, સ્વતંત્ર છે; ઈચ્છાથી તે નિરપેક્ષ છે; છતાં 'હું બોલું છું' એમ માનવામાં તે જીવ અને અજીવ તત્ત્વોની એક્તા-બુદ્ધિ કરે છે. આવી ઊંધી માન્યતાને લીધે તેને અનંત સંસારના કારણભૂત અનંતાનુબંધી કષાય થયા વગર રહેતો નથી.

જ્ઞાનીને અસ્થિરતાના કારણે બોલવાનો વિકલ્પ આવે, પણ સ્વભાવની દૃષ્ટિએ તેના અભિપ્રાયમાં તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે, કારણ કે તે જાણે છે કે વિકલ્પ એ રૂાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી, તે તેનાથી ભિન્ન છે.

માટે કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો તે દોષ છે. આવી સમજણપૂર્વક જે સ્વરૂપમાં લીનતારૂપ મૌન સેવે છે તેને જ સાચી વચન-ગુપ્તિ છે. આવી વચન-ગુપ્તિથી અંતર્બાહ્ય વચન-પ્રવૃત્તિનો સ્વયં નાશ થાય છે. ૧૮.

## શ્લોક-૧૮ ઉપર પ્રવચન

'વળી અંતરંગ અને બહિરંગ વચન-પ્રવૃત્તિનો ત્યાગ કેવી રીતે કરવો? તે કહે છે-' ૧૮-૧૮.

*यन्मया दृश्यते रूपं तन्न जानाति सर्वथा।
जानन्न दृश्यते रूपं ततः केन ब्रवीम्यहम्।।१८।।

આહાહા..! એ મોક્ષપ્રાભૃતની પણ આ ગાથા છે. નીચે છે ને, જુઓને.

जं मया दिस्सदे रूवं तं ण जाणादि सव्वहा।
जाणगं दिस्सदे णं तं तम्हा जमेपि केण हं।।२१।।

'**ટીકા :- રૂપ એટલે શરીરાદિરૂપ જે દેખાય છે...**' આ શરીર, વાણી, આ ધૂળ બધી દેખાય છે '**અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા મારાથી જણાય છે, તે અચેતન** (જડ) **હોવાથી** (**મારા**) **બોલેલા વચનને પણ સર્વથા જાણતું નથી;...**' આ શરીર માટી જડ, વાણી જડ. એને હું કહું તો એ મારા વચનને જાણતા નથી. આહાહા..! ભગવાન અંદર જ્ઞાનમૂર્તિ પ્રભુ છે એને તો હું દેખતો નથી. મારા આત્માને પણ એ તો દેખતા નથી. એ વાણી જડને દેખે છે. આહાહા..!

'जं मया' મેં જે '**ઇન્દ્રિયો દ્વારા મારાથી જણાય છે, તે અચેતન** (જડ) **હોવાથી** (**મારા**) **બોલેલા વચનને પણ સર્વથા જાણતું નથી;...**' આ જાણે? આ જાણે? આ તો માટી જડ છે. આહાહા..! એમ કહીને હું કોની સાથે બોલું હવે? વચન પ્રવૃત્તિનો ત્યાગ કરાવીને અંદરમાં... આહાહા..! સમજાણું કાંઈ? '**વચનને પણ સર્વથા જાણતું નથી; જે જાણતો હોય** (**સમજતો હોય**) **તેની સાથે વચન-વ્યવહાર યોગ્ય છે;...**' જાણતો હોય એની સાથે વચન-વ્યવહાર કરે. શરીર ને વાણી આ દેખાય એ તો જાણતા નથી. આહાહા..! '**બીજાની સાથે** (**વચન-વ્યવહાર**) **યોગ્ય નથી કારણ કે અતિ પ્રસંગ આવે છે,...**' જડની સાથે પ્રસંગ તું કર તો જડ તો જાણતું નથી. અતિ પ્રસંગ આવે છે. અને જાણનારો છે એ તો અંદર છે એ તો દેખાતો નથી. આહાહા..! વચનની પ્રવૃત્તિ છોડાવવાનો એક પ્રયોગ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**અને જે રૂપ અર્થાત્ ચેતન-આત્મસ્વરૂપ-જાણે છે તે તો ઇન્દ્રિયો દ્વારા દેખાતું નથી-**' જે આત્મા અંદર છે એ આંખ દ્વારા દેખાતો નથી. અને દેખાય છે એ તો જડ છે. કોની સાથે હું બોલું? કહે છે. સમજાણું કાંઈ? આવો માર્ગને ભાઈ બોલે છે ને? ના. બોલે એ બીજો. એ વાણી. આત્મા બોલે નહિ. બોલે તે આત્મા નહિ. આ ધ્વનિ જડ છે. ભારે કામ. '**જો એમ છે તો હું કોની સાથે બોલું?**' એમ કહે છે. જ્યારે ઇન્દ્રિયોથી જણાય છે જે ચીજ એ જડ છે. અને એ જે અંદર છે એ તો ઇન્દ્રિયથી જણાય નહિ. કોની સાથે બોલું? એમ કરીને વચનની પ્રવૃત્તિ અટકે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૭, શનિવાર તા. ૦૪-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૧૮, પ્રવચન - ૨૫**

... જે અનાદિ કાળથી પર વસ્તુ મારી અને હું એનો એમ બેની એકતા માનીને પરની પ્રવૃત્તિ મારાથી થાય છે એમ અજ્ઞાની માને છે. શરીરની, વાણીની આ પરપદાર્થ છે સ્ત્રી, કુટુંબ, વેપાર ધંધો એ પરપદાર્થ છે. પરપદાર્થમાં આત્માના હોવાપણાનો અભાવ છે. જેમાં આત્માના સ્વભાવનું પરમાં હોવાપણું નથી એનું એ કાંઈ કરી શકતો નથી. એમ માનીને જ્યારે અંતર ઉતરવા માગે છે આત્મામાં ત્યારે, કહે છે કે પરવસ્તુ તો હું નહિ, એ મારી નહિ. અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય એ વિકાર છે, વિકલ્પ છે, ઝેર છે. એનાથી પણ હું તો ભિન્ન છું. અને મારું સ્વરૂપ જે આનંદ અને શાંતિ એમાં એકાગ્ર થવા માટે હું બીજાને સમજાવું એ શી રીતે? કહે છે. વાણી જડ છે. આહાહા..! અને જેને હું સમજાવવા માગુ એ તો ઈન્દ્રિય દ્વારા શરીરાદિ દેખાય છે. ઈન્દ્રિય દ્વારા શરીરાદિ દેખાય છે. એ તો જડ છે. એ જડ તો કાંઈ સમજતા નથી. અને જે અંદર આત્મા છે એ ઈન્દ્રિય દ્વારા જણાય એવો નથી. મોહનલાલજી! ન્યાય-લોજિકથી તો વાત ચાલે છે. આહાહા..! તો પછી કહે છે કે.. ભાવાર્થ છે ને? ભાવાર્થ. ૧૮મી ગાથાનો.

'**જે શરીરાદિ રૂપી પદાર્થો ઈન્દ્રિયોથી દેખાય છે...**' આ શરીર, વાણી, આ શરીરો સ્ત્રી, કુટુંબના, મકાનો એ બધા ઈન્દ્રિય દ્વારા, જડ પદાર્થનું અસ્તિત્વ ઈન્દ્રિય દ્વારા જણાય છે. '**તે અચેતન હોવાથી...**' એ તો બધા અચેતન છે. '**બોલેલું વચન સર્વથા જાણતા નથી-**' શરીર જાણે છે કાંઈ? શેઠ! સમાધિતંત્રનો અધિકાર ચાલે છે. ઝીણો છે થોડો. સમજાણું? પોપટભાઈ! જેને આત્માની સમાધિ એટલે કે સમ્યગ્દર્શન (કરવું હોય)... લોગસ્સમાં આવે છે. કહ્યું હતું. શ્વેતાંબરમાં તો આવે છે. આમાં પણ આવે છે લોગસ્સમાં. 'સમાહિવરમુત્તમં દિંતુ' લોગસ્સના પાઠમાં આવે છે. 'એવંમએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમણા; ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ.' 'સમાહિવરમુત્તમં દિંતુ' એ શું છે? તમે તો કાંઈ કર્યું નથી સામાયિક કે પડિકમણા. ... આહાહા..! અહીં તો અમે દસ વર્ષની ઉંમરથી. આ તો ૮૫ થયા. પોણો સો વર્ષથી બધું આ છે. આહાહા..! જેને અર્થની ખબર નથી એને આ શું બોલું છું એની ખબર ન મળે.

'સમાહિવરમુત્તમં દિંતુ' એવો શબ્દ આવે છે. હે ભગવાન! આ તો ઉદ્દેશીને વાત કરે છે. કોઈ દેતું નથી. ભગવાન કાંઈ આપી નથી દેતા. ભગવાન તો પરવસ્તુ છે. પણ પોતાની

જે ઝંખના છે 'સમાહિવરમુત્તમં દિંતુ' પ્રભુ! ઉત્તમ સમાહિવર-પ્રધાન ફળ મને સમાધિ આપો. આહાહા..! એટલે? એના અર્થની ખબર ન હોય તો કાંઈ સમજે નહિ.

કહ્યું હતું ને એક ફેરી? લીંબડીમાં નાના-મોટા અપાસરા છે. આ લીંબડી-લીંબડી. લીંબડી છે ને ઝાલાવાડમાં. ત્યાં એક બાઈ હતી તે પહેલા સામાયિક કરે ને સામાયિક? તો શું કહેવાય? ઘડી... બિચારાને કાંઈ ખબર ન મળે. અને એમાં દશાશ્રીમાળીની બાઈ હતી. વાણિયા બે પ્રકારના છે ને? દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળી. તો વિશાશ્રીમાળી સાથે જરા વિરોધ થયેલો હશે. એમાં બાઈ બેઠી હતી. એમાં લોગસ્સ બોલતી હતી. એમાં 'વિહુયરયમલા' આવ્યું. એનો અર્થ એણે એ કર્યો કે વિશા રોઈ મળ્યા. વિશા સમજો છો? બે નાત છે. એક દશાશ્રીમાળી, એક વિશાશ્રીમાળી. એક ઓસવાલ હોય તમારે... પણ અહીં વધારે દશાશ્રીમાળી. એટલે એ કહે કે વિહા રોઈ મળ્યા. પેલા કહે, આપણી તકરાર લોગસ્સમાં ક્યાંથી આવી? આપણે દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળીને મેળ નથી. પણ આ પાઠમાં ક્યાંથી આવ્યું આવું? પોપટભાઈ! મોઢે તો કર્યું હશે. અર્થ નહિ. જુઓ તો ખરા! આ શું કહે છે આમાં?

ત્યાં તો એમાં એવું નીકળ્યું કે, હે પરમાત્મા! હે સિદ્ધ ભગવાન! વિહુયરયમલા. વિ-વિશેષે, હુય-એટલે ધૂય. પ્રભુ! આપે તો કર્મરૂપી રજને ધોઈ નાખી છે, કાઢી નાખી છે. વિહુય-વિશેષે ધૂળ. જેમ પંખીને ધૂળ ચોટી હોય ને આમ ખંખેરે ને ખરી જાય. પણ હે નાથ! પરમાત્મા! વિહુય-વિશેષે ધોઈ, કર્મરૂપી રજકણ ઝીણી ધૂળ જે છે આઠ કર્મ. એને આપે ટાળ્યા છે. વિહુય-ટાળ્યા છે. રય-રજ અને મળ. મળ એટલે શુભ-અશુભભાવ. ભાવ છે, મેલ છે. દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભભાવરૂપી મેલ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગની વાસના એ પાપરૂપી મેલ છે. એમાં એ આવ્યું હતું. વિહુયરયમલા. પ્રભુ! આપે ટાળ્યા છે કર્મરૂપી રજકણને અને શુભ-અશુભભાવરૂપી મેલને આપે ટાળ્યા છે. પણ એ અર્થની ક્યાં ખબર? અહીં તો ગડીયા હાંકે જવા. અને સામાયિક બે ઘડી પૂરી થઈ ને ચાલો. સંકેલ્યું. અરે..! ભગવાન! બાપુ! મારગડા જુદા, ભાઈ! આહાહા..!

કહે છે કે એવી દેહની ક્રિયાઓ અને અંદરમાં શુભરાગ થાય એનાથી પણ આત્મા તો જુદી ચીજ છે. કેમ કે એ શુભરાગ છે એ આસ્રવ છે. નવ તત્ત્વ છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે ઉઠે છે એ પુણ્ય આસ્રવ છે. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના એ ભાવ છે પાપ આસ્રવ છે. પણ બેય છે આસ્રવ. આસ્રવ એટલે? વહાણમાં જેમ છિદ્ર પડ્યું હોય અને નદીમાં મૂકે તો પાણી અંદર ગરશે. એમ એ પુણ્ય-પાપના ભાવ તે આસ્રવરૂપી છિદ્ર છે. એનાથી નવા કર્મ આવે છે. ધર્મ નહિ. આહાહા..!

કહે છે કે એવા પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે અને શરીરાદિ આ જડ માટી છે, અજીવ છે. એનાથી હું જુદો છું એ મેં જાણ્યું છે. સમજાણું કાંઈ? પણ હવે મારે અંતરમાં ઉતરવા માટે... જેને હું દેખું છું એ તો જડ છે. હું કોની સાથે બોલું? જડ તો સમજતા નથી. એ આવ્યું ને? **'અચેતન હોવાથી બોલેલું વચન સર્વથા જાણતા નથી-'** આ કથા નથી કે ઝટ એક શબ્દમાં સમજાઈ જાય. ભાવકથા, પ્રભુની ધર્મ કથા છે. ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે એની વાણીમાં આત્માનું સમ્યગ્દર્શન એટલે સમાધિ, સમ્યગ્દર્શન એટલે 'ચિત્ત સમાધિ હોવે .. બોલે' આત્માને શાંતિ વળે, ધર્મ થાય એનું નામ ધર્મ. રાગથી ભિન્ન અને હું આનંદ અને જ્ઞાનના સ્વભાવથી અભિન્ન. એવી અંતરમાં દૃષ્ટિ થવી એને અંતરમાં સમાધિ નામ શાંતિ થાય. એને આનંદના સ્વભાવના સુખનું વેદન થાય. આહાહા..!

અતીન્દ્રિય સુખ એ સમાહિ. આત્માનો જે અતીન્દ્રિય આનંદ, આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભર્યું પડ્યું પૂરું તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ? વસ્તુ છે આત્મા, એમાં અનંત બેહદ જ્ઞાન, બેહદ આનંદ, અનંત શાંતિ એટલે ચારિત્ર, વીતરાગતા અને સ્વચ્છતા અને પ્રભુતા એવી અનંત શક્તિઓની મર્યાદા વિનાના સામર્થ્યવાળી શક્તિનો એ ભંડાર છે. આહાહા..! ઓલાને ભંડારી કહો છોને તમે? તમારા મિત્રને. કેવા ભભુતલાલ. એ ભંડારી છે ને? એનો .. છે. એ ભંડારા-ફંડારા નહિ. આ ભંડાર છે. આહાહા..!

કહે છે, પ્રભુ! એકવાર સાંભળને, પ્રભ! તારી ચીજમાં તો.. વસ્તુ છે ને. અસ્તિ છે ને. હયાતીવાળો પદાર્થ છે ને. તો હયાતીવાળા પદાર્થમાં છે શું? એમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા... આહાહા..! એવી એવી અનંત શક્તિ, ગુણ, સત્ત્વ, સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. આહાહા..! એને મારે અનુભવવો છે હવે, કહે છે. એટલે અનુભવને માટે હું પરની સાથે બોલવા જાઉં તો વિકલ્પ ઉઠશે, એમ કહે છે. અને તે જેને હું સમજાવવા માગુ છું એ તો મને ઇન્દ્રિયો દ્વારા જડ દેખાય છે. એ તો કાંઈ સમજતા નથી. એ કહે છે, જોયું!

**'સર્વથા જાણતા નથી-સમજતા નથી અને જેનામાં જાણવાની શક્તિ છે...'** અંદર જાણવાની જેની શક્તિ છે. આહાહા..! જેની ભૂમિકામાં જાણવાનો સ્વભાવ છે એવો જે આ ભગવાન આત્મા... આહાહા..! એ જાણવાના સ્વભાવવાળી શક્તિ **'તે ચૈતન્યસ્વરૂપ આત્મા અરૂપી હોવાથી...'** એ તો અરૂપી છે. ભગવાન આત્મામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ નથી. એ **'ઇન્દ્રિયો દ્વારા દેખાતો નથી;...'** આહા..! આ ઇન્દ્રિયો દ્વારા જણાય નહિ. ઇન્દ્રિયો દ્વારા તો આ જડ અને રૂપી જણાય.

**'તેથી અંતરાત્મા વિચારે છે...'** અંતર આત્મા. આહા..! હું શુદ્ધ આનંદઘન અતીન્દ્રિય

આનંદની મૂર્તિ છું. આહાહા..! હું એ પુણ્ય અને પાપના વિકલ્પો, રાગ અને શરીરાદિ એ મારામાં નથી. જે મારામાં આ છે એમ માને એ બહિરાત્મા છે. બહિરાત્મા એટલે? જે આત્મામાં નથી એવી જે પુણ્ય અને પાપની વૃત્તિઓ ને શરીર, એ બહિર્ છે. અને બહિર્ છે એ મારા છે એ માનનારને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાં ગયું?

અહીં ત્રણ પ્રકારની વ્યાખ્યા આવી છે ને. એમાં આ અંતરાત્માની વાત ચાલે છે. આત્માની ત્રણ દશાઓ. એક બહિરાત્મ દશા, એક અંતરાત્મ દશા, એક પરમાત્મ દશા. બહિરાત્મ દશા એટલે શું? કે જે પ્રભુ આત્મા આનંદ અને જ્ઞાનના સ્વભાવથી છલોછલ સ્વભાવથી ભર્યો છે. એને પોતાનું ન માનતા, એનામાંથી નીકળી જાય એવા પુણ્ય અને પાપભાવ અને એનાથી વેગળા શરીર, વાણી અને કર્મ એ પર ચીજ બહિર્ છે. આત્માના સ્વભાવમાં નથી. એ બહિર્ ચીજને મારી માને એ બહિરાત્મા કહેવામાં આવે છે. એ મિથ્યાદૃષ્ટિ મૂઢ (છે). આહાહા..! સમજાણું કાંઈ?

બહિર્-જે ચૈતન્યના સ્વભાવમાં નથી. શરીર, વાણી, કર્મ, આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ અને પુણ્ય-પાપના ભાવ એ સ્વભાવમાં નથી. એ સ્વ-ભાવ, પોતાનો.. સ્વ-પોતાનો ભાવ. આનંદ અને જ્ઞાનનો ભાવ. એમાં એ પુણ્ય અને પાપ ને શરીર, વાણી, મન નથી. સ્ત્રી, કુટુંબ એમાં નથી. એ નથી એમાં એને પોતાના માને એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂરખ આત્મા છે. ક્યાં ગયા બધા તારા આવ્યા કે નહિ? બધા આવી ગયા. મોડું થઈ ગયું થોડું. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

અંતરાત્મા હવે. બહિરાત્માની વ્યાખ્યા કરી. અંતરાત્મા એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ. એટલે ધર્મની પહેલી સીઢીવાળો. ધર્મની પહેલી શ્રેણીવાળો. એ શું માને? શું જાણે? હું તો પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન છું. કેમ કે પુણ્ય અને પાપના બે વૃત્તિઓ છે એ આસ્રવ છે. મારું તત્ત્વ તો જ્ઞાયક આનંદ અને શુદ્ધ છે. માટે હું એ આસ્રવતત્ત્વથી ભિન્ન છું. અને શરીર-વાણી તો અજીવ છે. એનાથી તો ભિન્ન છું જ. આહાહા..! સમજાણું કાંઈ? આરે..! આવી વાતું ધર્મકથા. એમાં કાંઈક કરો, આ કરો, વ્રત કરો, અપવાસ કરો, જાત્રા કરો એ તો સમજાય. શું સમજવું છે એમાં હવે? અનાદિ કાળનું અજ્ઞાનીએ માન્યું છે કે હું આહારને છોડું. તો આહાર તેં ગ્રહ્યો છે તો છોડું? આહાર તો જડ ચીજ. એ તો જડનું હોવાપણું છે. એ જડના હોવાપણામાં તારો તો અભાવ છે અને તારામાં એ જડનો અભાવ છે. તો પછી જડને છોડું એ ક્યાંથી આવ્યું? આહાહા..! અજ્ઞાની એમ માને છે કે આ આહાર છોડું છું, આ રસ છોડું છું. ઓલી પરચીજ જે અસ્તિત્વ ધરાવે છે એને કારણે એ આમાં નથી.

છતાં એને છોડું છું એ એનો ધણી થાય છે. એ મિથ્યાદષ્ટિ છે એમ કહે છે. આહાહા..!

ત્યારે અંતરાત્મા એ ચીજ જાય ને આવે એ એને કારણે છે. મારે કારણે નહિ. મારામાં જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પોની વૃત્તિ થાય તે ચીજ, મારું સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન છે એમાં એ નથી. તેથી તે હું નથી. એમાં એ નથી તેથી તે હું નથી. આહાહા..! ભારે આવી વાત. પોપટભાઈ! આ બધા છ છોકરા ને પૈસા એ તમારા નહિ? એ એનામાં છે. આહાહા..!

અંતરાત્મા. ઓલો પહેલા બહિરાત્માની વાત કરી. અંતરાત્મા, અંતર અંદરમાં જે વસ્તુ છે, જે પુણ્ય અને પાપના રાગ વિનાની ચીજ છે એને પોતાની અનુભવે અને માને છે. છતાં હજી અસ્થિરતામાં એને રાગ-દ્વેષના ભાવ છે. તેથી તેને પરમાત્મા ન કહેતા તેને અંતરાત્મા કહેવામાં આવે છે. અને પરમાત્મા-અરિહંત અને સિદ્ધ પરમાત્મા. એ તો પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનની દશાને પ્રાપ્ત થયા. એને હવે અસ્થિરતાના રાગ-દ્વેષ પણ નથી અને અપૂર્ણતા પણ નથી. એવી પૂર્ણ દશાને પ્રાપ્ત થાય તેને પરમાત્મા કહેવામાં આવે છે. કોઈ જગતનો કર્તા છે માટે પરમાત્મા છે એમ નથી. સમજાણું કાંઈ?

પોતાનું પરમસ્વરૂપ જ્ઞાન ને શાંતિ ને આનંદથી (પરિપૂર્ણ છે). શાંતિ શબ્દે ચારિત્ર-વીતરાગતા. આનંદ શબ્દે સુખ. એનાથી પૂર્ણ ભર્યો છું. એવી પ્રતીતિ અને અનુભવ થયો એ અંતરાત્મા. પણ પરમાત્માને તો તે પર્યાયમાં પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ. અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાન. સમજાણું કાંઈ? અરિહંત ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. સીમંધર ભગવાન વર્તમાનમાં બિરાજે છે મહાવિદેહમાં. અરિહંતપદે છે. એને એ પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ. અને શરીર રહિત થઈ જશે ત્યારે સિદ્ધ થશે. આ ચોવીસ તીર્થંકરો છે એ તો શરીર રહિત થઈને સિદ્ધ થયા છે અત્યારે. અત્યારે અરિહંત નથી. નમો સિદ્ધાણંમાં એ છે. અને સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં એ નમો અરિહંતાણંમા છે. એ પરમાત્મપદને પામેલા છે. એ પોતાનું જે પરમસ્વરૂપ હતું શક્તિરૂપે, એને વ્યક્તરૂપે પ્રગટ કરીને પૂર્ણાનંદની દશા અને પૂર્ણ જ્ઞાનને પ્રાપ્ત થાય એને પરમાત્મા કહે છે. એમાંથી આ અંતરાત્માની વાત છે હવે.

જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ, મારી ભૂમિકામાં, મારા હોવાપણામાં, મારી સત્તામાં પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિથી ભરેલી મારી સત્તા છે. હું એ પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત-ભક્તિના જે વિકલ્પ ઉઠે છે એનાથી હું ભિન્ન છું. આહાહા..! એમ જેણે આત્માને રાગથી ભિન્ન કરીને આત્માના સત્તાના શુદ્ધ સ્વભાવને અનુભવ્યો અને જાણ્યો છે એને અંતરાત્મા ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! એ અંતરાત્મા વિચારે છે. છે? કે કોની સાથે બોલું?

**'કોઈની સાથે બોલવું યા વચન-વ્યવહારની પ્રવૃત્તિ કરવી તે નિરર્થક છે,...'**

આહાહા..! હવે આમાં ધંધા-વેપારની તો ક્યાં વાતું રહી? એ તો એને કારણે... પરમાણુ અજીવતત્ત્વ છે પૈસો, દાણા, મકાન એ એને કારણે આવે, એને કારણે જાય અને એને કારણે ટકે. એમાં આત્માનો કાંઈ અધિકાર નથી. આહાહા..! એમ અંતરાત્મા પોતાના સ્વરૂપને જ્ઞાતા-દૃષ્ટાના ભાવથી અનુભવતો એમ વિચારે છે. આ તો બોલવું પણ બંધ કરીને ધ્યાનમાં જાવું માટે કહે છે. આહાહા..!

**'તેથી અંતરાત્મા વિચારે છે કે 'કોઈની સાથે બોલવું યા વચન-વ્યવહારની પ્રવૃત્તિ કરવી તે નિરર્થક છે,...'** હજી એનો ખુલાસો આવશે, હોં! **'કારણ કે જે પરનું જાણવાવાળું ચૈતન્યદ્રવ્ય છે તે તો મને દેખાતું નથી...'** આહાહા..! બાપુ! આ તો માર્ગ અંતરના છે. એ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરમાં આ માર્ગ છે. એવો માર્ગ બીજે ક્યાંય નથી. ત્રણ કાળમાં ક્યાંય ન હોય. આહાહા..! કહે છે, **'અને ઈન્દ્રિયો દ્વારા જે રૂપી શરીરાદિક જડ પદાર્થો દેખાય છે તે ચેતનારહિત હોવાથી...'** આમાં ચેતના નથી આમાં જડમાં. ચેતનાવાળો આત્મા તો ભિન્ન છે. આ તો જડ છે, માટી છે. વાણી જડ માટી છે. આહાહા..! **'કાંઈ પણ જાણતા નથી;...'** ચેતના વિનાના આ હોવાથી જાણતા નથી. **'તો હું કોની સાથે વાત કરું?'** મૌન થઈને ધ્યાનમાં રહેવાની આ એક કળા છે. આહાહા..! કહો, હસુભાઈ! હવે આવી વાતું ધારીને, એને હવે પથરાનું પાછું હકારવું. પણ ત્યાં રૂપિયા મળે ને? રૂપિયા મળે છે? મમતા મળે છે. એ પૈસા અહીં ક્યાં ગરી ગયા? પૈસા એ મારા એવી મમતા એને મળે છે. માને છે કે મને પૈસા મળ્યા. ઊંધુ માને છે. આહાહા..!

ધર્મી જીવ.. ભગવાન આત્મા ચૈતન્યના હોવાપણાથી ભરેલો તે હું કોની સાથે બોલું? પછી આવશે હોં! બોલવું એ કાંઈ આત્માની ક્રિયા નથી. પણ ઓલો વિકલ્પ છે ને એને તોડવા માટે વાત કરે છે. આહાહા..! હું બોલતા, એને સમજાવતા, સામી ચીજ તો જડ છે. એ તો નહિ સમજે કાંઈ. અને અંદરમાં ચેતન છે એ તો દેખાતો નથી. ત્યારે હું કોની સાથે બોલું? આહાહા..! ત્યારે એમાં કોઈ પ્રશ્ન કરે કે આવું બોલે ને વળી વાતો પાછી બોલવાની કરે છે. આ સંપ્રદાયમાં પ્રશ્ન થયો. બાપુ! એ શૈલી આવે ત્યારે એવી આવે. સમજાણું કાંઈ? પણ છતાં એનો નિર્ધાર એ છે કે બોલવું એ મારી ક્રિયા નથી. અને બોલવું એ મારું નિરર્થક જાય છે. જડ જાણે નહિ, ચેતન જાણે તે દેખાય નહિ. આહાહા..! આવો ઉપદેશ!

**'હું કોની સાથે વાત કરું? કોઈની પણ સાથે વાતચીત કરવાનું બનતું નથી, માટે હવે તો મારે મારા સ્વરૂપમાં રહેવું એ યોગ્ય છે,...'** બોલવાની ભાષા પણ મારી નહિ અને વિકલ્પ ઉઠે કે બોલું એ વિકલ્પ પણ મારી ચીજ નથી. આહાહા..! સમ્યગ્દૃષ્ટિ

જીવ અંતરાત્મા જીવ, આમ જાણે અને આમ માને છે. સમજાણું કાંઈ? એક જણો આવતો. (કહે), અમે સહેલો ધર્મ માનતા અને તમે કરી નાખ્યો મોંઘો. એક જણો એવો આવ્યો હતો. બાપુ! ધર્મ તો છે એ છે, ભાઈ! તને ધર્મની ખબર નથી. ભગવાનની પૂજા કરી, જાત્રા કરી (એટલે) થઈ ગયો ધર્મ. ભાઈ! એમ નથી, બાપુ! એ પૂજા-જાત્રામાં જે દેહની ક્રિયા તો જડની છે. એમાં બહુમાનનો ભાવ આવે એ તો શુભરાગ પુણ્ય છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**બોલવાનો વિકલ્પ** (રાગ) **કરવો તે યોગ્ય નથી.**' અહીં લાવવું છે. બોલવાનો વિકલ્પ ઉઠે છે ઈ રાગ છે. આહાહા..! કેવળી પરમાત્માને જે વાણી આવે એમાં રાગ નથી. ભગવાન જે અરિહંત પરમાત્મા એને તો વીતરાગ થયા પછી કેવળજ્ઞાન થાય અને એને વાણી નીકળવામાં એને રાગ ન હોય. વાણી સ્વતંત્ર નીકળે છે. કેવળીને એમ નથી કે આને હું સમજાવું માટે બોલું. એવું છે કાંઈ? એ તો જડની ભાષા છે, એને કારણે નીકળે છે. પોતે તો કેવળી છે. પોતે તો જાણે છે કે આ કાળે વાણી નીકળશે, આ કાળે આ માણસને સમજવું પડશે (-સમજાશે) એને કારણે. એ બધું જાણે છે. આહાહા..! પણ છદ્મસ્થને હજી પૂર્ણ દશા પ્રાપ્ત થઈ નથી તેથી તેને બોલવાનો જે વિકલ્પ આવે, ઈ હું શું કરવા કરું? કારણ કે એમાં મને લાભ નથી, એમ એને લાભ નથી. ઓલું અંદર ન જણાય એને આત્મા હું વ્યક્ત કરવા માગું છું એ તો જણાતો નથી. આહાહા..! માર્ગ ભારે ભાઈ આવો. આહાહા..!

'**આ શ્લોકમાં આચાર્યે વિભાવ-ભાવરૂપ બાહ્ય વિકલ્પ-જાળથી છૂટવા માટે...**' શું કીધું ઈ? કે એ વિભાવ છે. હું બીજાને સમજાવું એવી જે વૃત્તિ ઉઠે છે ને? એ વિકલ્પ છે, વિભાવ છે, રાગ છે, દુઃખ છે. આહાહા..! ભાઈ! વીંછી કરડે, સર્પ કરડે તો દુઃખ થાય. છોકરો મરી જાય બે વર્ષના લગનવાળો પરણીને તરત, તો દુઃખ થાય. આ દુઃખ ક્યાંથી આવ્યું? કહે છે. ભાઈ! તને ખબર નથી. એ વિકલ્પ છે સમજાવવાનો એ રાગ છે, એ આકુળતા છે. આહાહા..! દુઃખ છે. ધીમેથી સમજવાની ચીજ છે બાપુ, આ તો. આહાહા..!

કહે છે કે '**આ શ્લોકમાં આચાર્યે વિભાવ-ભાવરૂપ...**' જે વિકલ્પ ઉઠે છે સમજાવવાનો એ વિભાવભાવ છે, એ સ્વભાવભાવ નથી. આહાહા..! ચૈતન્યનો સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા ને આનંદસ્વરૂપ, એનાથી (વિપરિત) વૃત્તિ વિકલ્પ ઉઠે એ તો આનંદથી ઊલટી દશાવાળો દુઃખરૂપ ભાવ છે. આહાહા..! એને '**વિકલ્પ-જાળથી છૂટવા માટે એક ઉત્તમ ઉપાય દર્શાવ્યો છે.**'

**વિશેષ :-** '**કોઈની સાથે બોલવું એ વ્યવહાર કથન છે.**' હવે ખુલાસો કરે છે. '**નિશ્ચયનયની દૃષ્ટિએ કોઈ જીવ બોલી શકતો જ નથી.**' વાણી આત્મા કરી શકતો

નથી. આહાહા..! કેમ કે વાણીનો ધ્વનિ એ જડની દશા છે. ભાષાનો ધ્વનિ છે ઈ. એ ભાષાનો ધ્વનિ આત્મા કરી ન શકે. ભારે! મોટા મોટા પથરા તોડે, ડુંગરા તોડે, રેલું કાઢે હેઠેથી. નથી નીકળતી? રેલ રસ્તામાં આવે છે. .. આવે છે એની પહેલા. ઉપર. રેલ આખી ચાલે. એ બધું કરી શકે ને? માણસ કરી શકે ને?

મુમુક્ષુ :- અંગ્રેજ સરકારે..

ઉત્તર :- ધૂળેય કરી નથી. એ તો જડની અવસ્થા. ભગવાન! તને ખબર નથી, ભાઈ! એ જડના રજકણોની અવસ્થાનો તે પ્રકારનો કાળ છે તેથી તે રજકણની અવસ્થા તે ક્ષણે એમ ઊપજી છે. આહાહા..! ભાઈ! ભારે ભાઈ આ તો. દુનિયાથી તો વિરૂદ્ધ છે બધું. કહો, મોહનલાલજી! આ એલચીની કોથળીયું લાવે ક્યાંથી? મુંબઈની બહારથી લાવે ક્યાંથી? ઓલામાં-ગોદામમાં. આત્મા લાવે કે નહિ? કહે છે કે આ બોલવું છેને બોલવું? અવાજ છે ને? રેકોર્ડિંગ ઉતરે છે? આત્મા ઉતરે એમાં? આ તો જડ છે. આહાહા..! જડનો જે ધ્વનિ એ આત્મા બોલે એમ કહેવું એ વ્યવહારનું કથન છે.

'**નિશ્ચયનયની દૃષ્ટિએ...**' એટલે સાચી દૃષ્ટિથી. નિશ્ચય એટલે સાચી દૃષ્ટિ '**કોઈ જીવ બોલી શકતો જ નથી.**' આહાહા..! કહો! મેં આને એક કલાક ધોધમાર સમજાવ્યું. ભાષણ ચાલ્યું. ભગવાન! શાંત થાને. એ ભાષણની પર્યાય તો જડની છે ને. આહાહા..! એ પરમાણુની દશા છે, ભાઈ! તું તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળું તત્ત્વ એ ભાષાની પર્યાયમાં ક્યાં પેઠું છે? બહુ ઝીણું કામ.

'**જે વાણી નીકળે છે તે ભાષાવર્ગણારૂપ પુદ્ગલોનું વચનરૂપ પરિણમન છે.**' આહાહા..! વચન વર્ગણા. વર્ગણા એટલે સમૂહ. ભાષાના પરમાણુનો સમૂહ. એમાંથી ભાષા ઉઠે છે. આત્માથી નહિ. આત્મા તો અરૂપી છે. ભાષા તો રૂપી છે. આહાહા..! ક્યાં એને મિથ્યાશલ્ય લાગે છે એની એને ખબર નથી. ભાષા હું કરું, બરાબર ભાષા બોલું, એક કલાક ભાષણ મેં ત્રુટક પડ્યા વિના ભાષા બોલું. અરે..! ભગવાન! સુન તો સહી પ્રભુ! ભાષા તો જડની છે. પરમાણુની દશા છે, અજીવ રજકણની એ પર્યાય છે. આહાહા..! એને આત્મા કરી શકે? આવો આત્મા પાંગળો? ભાઈ! પરને માટે પાંગળો. પરનું નહિ કરવા માટે પાંગળો છે. પોતાના સ્વરૂપની રચના કરીને સ્થિર થવાને માટે પુરુષાર્થી છે. આહાહા..! જગતથી બહુ ઊંધું-વિરૂદ્ધ હોં! આહાહા..!

'**તે આત્માનું કાર્ય નથી.**' ભાષાની દશા છે એ તો અજીવ રજકણની દશા છે. એ અજીવની દશા એ આત્માનું કાર્ય નથી. આવું સાંભળ્યું પણ નહિ હોય. ભાઈ, મોહનલાલજી! એક તો વળી ધંધામાં ગૂંચાયેલા હોય અને ધંધામાંથી નીકળીને જ્યાં સાંભળવા જાય તો

આમ કરો.. આમ કરો... આમ કરો.. પરની દયા પાળો. અહીં કહે છે કે પરની દયા આત્મા પાળી શકતો નથી. કેમ કે પરના જીવને શરીરના સંયોગે રહેવું એ એના પર્યાયને કારણે છે. તેં એનો વિકલ્પ કર્યો માટે દયા પળે ત્યાં, પરદ્રવ્યની અવસ્થાનું અસ્તિત્વ તારે લઈને રહે (એમ ત્રણ કાળમાં નથી). ભારે આકરી વાતું, બાપા! આ તો બધું ઉડાવીને અંતરમાં (જવાની વાત છે). આહાહા..! કહે છે, એ કાર્ય મારું નથી.

ધર્મી સમ્યગ્દૃષ્ટિ અંતર આત્મા જ્ઞાનસ્વરૂપે બિરાજમાન એના ભાનવાળો એમ જાણે અને માને છે કે રજકણની ભાષાની ધ્વનિ ઉઠે છે એ કાર્ય મારું નથી. કહો, પછી આ શું તમારે તેલનો સુધારો કરવો ને.. ત્યાં બધું કરે છે એ સુમનભાઈ કરે છે એમ લોકો કહે છે. એસોમાં. શું કહેવાય એ? (રિફાઈનરી). ઈ કરે છે, લ્યો. આઠ હજારનો પગાર મફત આપતા હશે કાંઈ? કામ-બામ કરતા હશે સારું ત્યારે ને? આ રજાના પગાર મળે છે એને મહિનાનો. શેમાં? ઈ શું કહેવાય? એસો. એસો નહિ? ઉડતો ઘોડો. એ હતું. આ તો પહેલાનું જાણેલું આપણે. એસોની કંપની છે ને? હવે તો સરકારે લઈ લીધી એસોની કંપની. પણ એમાં છે. આહાહા..! ઈ તેલ સાફ કરવામાં છે. તેલ સાફ કરવું કહેવાય એને? શું કહેવાય? (રીફાઈનરી). અમારી ભાષા છે. તમારી એવી. ગુજરાતી ભાષા. આહાહા..!

ભગવાન તો એમ કહે છે ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, કે ભાષાની પર્યાય થાય એ આત્મા કરે નહિ. તું કોની કર? બાપુ! ભાઈ! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' કૂતરું. ગાડું હોય ને મોટું? બસો મણ (ભર્યું હોય). હેઠે કૂતરું (હોય). હેઠે કૂતરો હોય અને જરી અડે એટલે કહે, મારાથી ચાલે છે. ચાલ્યા. એય..! પોપટભાઈ! એમ દુકાને બેસે થડે સરખાઈનું અને પાંચ-પાંચ દસ-દસ હજારનો વકરો થાય તો આ બધું મારાથી થાય છે. કૂતરા જેવો છે એ તો.

અહીં તો વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વરે છ દ્રવ્ય જોયા. જાતિએ છ દ્રવ્ય. આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. ભગવાનના જ્ઞાનમાં છ દ્રવ્ય આવ્યા છે. અને તે પણ આત્મા અનંત, પરમાણુ અનંત, કાળાણુ અસંખ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક-એક. એ પ્રત્યેક દ્રવ્યની પર્યાયનો કરનારો તે તે દ્રવ્ય છે. એની પર્યાય બીજો કરે તો એની પર્યાય કાર્ય વિનાનું એ દ્રવ્ય થયું, તો એમ હોઈ શકે નહિ. આહાહા..! ભારે આકરા. પલાખા આકરા.

કહે છે, એ વચનરૂપ ભાષાવર્ગણા તે કાર્ય મારું નથી. '**તે કાર્યમાં અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ (ઈચ્છા)...**' બોલવામાં, ભાષાની દશામાં અજ્ઞાનીની ઈચ્છા તે ફક્ત નિમિત્ત (છે). નિમિત્તનો અર્થ? એનાથી થાય એમ નહિ. આહાહા..! છે? '**અજ્ઞાન**

**દશામાં જીવનો બોલવાનો વિકલ્પ** (ઇચ્છા) **નિમિત્તમાત્ર** છે.' એ ૧૦૦મી ગાથામાં આવ્યું છે ને? ભાઈ! ૧૦૦માં. જરી આની સાથે મેળવવા માટે. પરવસ્તુની જે ક્રિયા શરીર, વાણી, મનની થાય એમાં નિમિત્ત કોણ? ઉપાદાન તો એનાથી થાય. પણ એમાં નિમિત્ત કોણ? કે અજ્ઞાનીનો જે યોગ અને રાગનો કર્તા થાય તે તે યોગને રાગ તેને નિમિત્ત કહેવાય. ભારે વાતું ભાઈ!

ફરીને. ૧૦૦મી ગાથા છે, સમયસારની ૧૦૦. જે આ શરીર, વાણી, આ પરવસ્તુ એનું જે અસ્તિત્વ છે-હયાતી-તેને કાળે તે પર્યાય થાય. એ આત્મા તો ન કરે. થાય તો એ જડની પર્યાય જડથી. પણ એમાં નિમિત્ત કોણ? કે નિમિત્ત જે કોઈ રાગ અને યોગના કંપન્નનો કરનારો જે અજ્ઞાની એને નિમિત્ત કહેવામાં આવે. આહાહા..! એ ત્યાં અજ્ઞાની લીધો છે ને? ઝીણું પડે પણ બાપુ! માર્ગ તો આ છે. આહાહા..!

અરે..! ભાઈ! ભગવાન પરમાત્મા એ કેવળી પણ્ણંતો ધમ્મો. મંગળિકમાં દરરોજ બોલે. અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં, કેવળી પણ્ણતો ધમ્મો. પણ કોને? અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં, કેવળી પણ્ણતો ધમ્મો શરણં. ઈ શરણ શું છે? ભાઈ! એ રાગ અને જોગ જે કંપે છે એનો પણ કર્તા ન થાય અને એનો જ્ઞાતા રહે અને તેના જ્ઞાનમાં જે ક્રિયા જડમાં થાય એ આ જ્ઞાનમાં આમ નિમિત્ત થાય. અજ્ઞાની એ જડની ક્રિયામાં એનો યોગ અને ઇચ્છા નિમિત્ત થાય. કેમ? કે યોગનું કંપન્ન અને ઇચ્છાનો કર્તા થાય છે માટે. એ જ્ઞાતા અને દ્રષ્ટા રહી શકતો નથી માટે. ન્યાયથી સમજાય છે? આહાહા..! હસમુખભાઈ! બધું ઝીણું છે, હોં! તમારે માંડ માંડ ... સમજવું પડશે, સુખી થાવું હોય તો. આ દુઃખી થવાના ઘોદા ખાઈને મરી ગયો. આહાહા..! એ પૈસા બે-પાંચ કરોડ આવે, ધૂળ કરોડ આવે તો સુખી છે. દુઃખી છે મોટા. સમજાણું કાંઈ? અને એ પૈસાના ધણી અમે છીએ એ માનનારા, ભેંસના ધણી જેમ પાડા, એમ જડના ધણી જડ છે. અહીં તો એવી વાત છે, ભાઈ! અહીં કાંઈ માખણ-બાખણ નથી. આહાહા..!

મુમુક્ષુ :- માખણ મોંઘુ થઈ ગયું છે.

ઉત્તર :- માખણેય મોંઘુ થઈ ગયું. આહાહા..!

કહે છે, જે પરના કાર્ય. પર જીવ બચે છેને એને કારણે. એના આયુષ્યને કારણે. આને વિકલ્પ આવ્યો કે આને બચાવું. પણ એ વિકલ્પ કાંઈ એને બચાવી શકતો નથી. એક વાત. ત્યારે તે બચવાનું કાર્ય જે ત્યાં થયું એમાં અજ્ઞાનીના વિકલ્પને નિમિત્ત કહેવાય. કેમ કે એ વિકલ્પનો કર્તા થાય છે, જ્ઞાતા-દ્રષ્ટા રહેતો નથી માટે. આહાહા..! અને ધર્મી જીવ એને વિકલ્પ થાય એને એ જાણે છે. કર્તા થતો નથી. આહાહા..! રાગ છે તે વિકલ્પ છે, વિભાવ છે.

સમ્યગ્દ્રષ્ટિ ધર્મી જીવ એનો રચનારો થતો નથી. પણ એનો જાણનારો રહે છે. એથી મિથ્યાદૃષ્ટિ રાગ અને યોગના કંપન્નનો કર્તા, તે પરના કાર્યકાળમાં તે કાર્ય તો ત્યાં થાય એને કાળે, પણ આ રાગ અને કંપન્નનો કર્તા ને એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓલા પથરામાં રંગ છાંટે ને તમારે .. શું કહેવાય? લાદી. ભિન્ન ભિન્ન છાંટે છે ને? કહે છે કે એ ક્રિયા તો જડની જડમાં થાય છે. એને જડને કાળે કાર્યકાળ એ પરમાણુને એ રીતે આમ પડવાનો કાર્યકાળ છે. એને કારણે એ થાય છે. હવે એ કાર્યકાળ તો એનાથી છે. પણ એને નિમિત્ત કોને કહેવું એમાં? કે જે કોઈ વિકલ્પ ઉઠાવે છે ને એ વિકલ્પનો કર્તા થાય છે, એ કર્તા થનારો એ કાર્યકાળમાં નિમિત્ત તરીકે ઉપસ્થિત તરીકે કહેવામાં આવે છે. આહાહા..! આટલું બધું શીખવું!

ત્યારે ધર્મી સમ્યગ્દ્રષ્ટિ જીવ, હું તો જ્ઞાન ને દર્શન ને આનંદ સ્વરૂપ છું. એ વિકલ્પ જે ઉઠ્યો પરના કાર્યકાળ વખતે એ વિકલ્પ પણ મારું કર્તવ્ય નથી. આહાહા..! મારા સ્વપરપ્રકાશક જ્ઞાનની દશામાં એ વિકલ્પ ને એ ક્રિયાકાળ એનો છે એ મારા જ્ઞાનમાં નિમિત્ત થાય છે. મારા જ્ઞાનમાં એ નિમિત્ત થાય છે. એના કાર્યમાં હું નિમિત્ત થાઉં છું (એમ નથી). આહાહા..! બહુ ઝીણું પડે, હોં! આવું મુંબઈમાં ઝીણું પડે. ત્યાં દસ-દસ હજાર માણસ ભેગા થાય એમાં જાડી વાત કરાય. પણ બેંગ્લોરમાં આવું નહિ વંચાય હોં! પાછું. અહીં તો નિવૃત્તિ (રહી ને). ત્યાં તો જરી દાખલા આવે, એવું આવે. દસ-દસ હજારમાં. અહીં ભોપાલ જાવું છે ત્યાં પચાસ હજાર માણસ ભેગા થવાનું, લ્યો! મહા વદ ત્રીજ. મોટું મંદિર. પચાસ હજાર. કોઈ તો લાખ કહેતું હતું, ખીમચંદભાઈ. લાખ .. છે. ભગવાનનું કુંડલપુર છે ને? ભગવાન મહાવીર ભગવાનની. ત્યાં ગજરથ છે. એ માણસ જોવા આવે ઝાઝા. અહીં તો જેને સમજવાની ગરજ હોય એ આવે. તો પણ કહે છે, ૫૦ હજાર આવશે લ્યો. મહા વદ ત્રીજ. હવે એમાં આવી વાત મૂકે તો? પણ અમુક અમુક શૈલીએ વાત તો આવી જ આવે. પણ અમુક શૈલીએ ... દૃષ્ટાંત દઈને એમ કરીને સમજે. આહાહા..!

કહે છે કે '**તે કાર્યમાં અજ્ઞાન દશામાં જીવનો બોલવાનો વિકલ્પ (ઇચ્છા) નિમિત્તમાત્ર છે.**' .. જુઓને! આ બધું નાખ્યું સોમી ગાથાનું. સોમી ગાથાને મેળવે છે. એણે સાંભળ્યું છે ને. બધું સાંભળ્યું છે. ત્યાં વ્યાખ્યાન સાંભળ્યા પછી આ ટીકા કરી છે. એણ સાંભળ્યું છે. કાંઈક ભણ્યા હતા, નહિ? શું? છોટાભાઈ. બી.એ. (બી.એ.ઓનર્સ) શું કીધું આ? આ શરીર છેને જુઓ આ. આ મોઢું આમ આમ ચાલે છે. ઈ એનું કાર્ય છે. કોનું? આ જડનું. એ કાર્ય તો તેના સ્વ કાળે એટલે એ રજકણની પર્યાય તેના જન્મ ક્ષણે એટલે ઉત્પત્તિના કાળે તે ભાષા આમ આમ થાય છે. એ કાર્ય આત્મા તો કરે નહિ. પણ અજ્ઞાની આત્મા,

જે રાગના વિકલ્પની રચના કરનારો હું છું, એવું જે જ્ઞાન રાગનો કર્તા થાય તે આ કાર્યકાળમાં તેનું નિમિત્ત કહેવામાં આવે છે. કારણ કે એની દૃષ્ટિ પર ઉપર છે. આહાહા..!

ધર્મીને જ્ઞાનીની દૃષ્ટિ ચૈતન્યસ્વભાવ ઉપર છે. સમ્યગ્દૃષ્ટિ હજી ચોથે ગુણસ્થાને, હોં! આહાહા..! હજી તો ચોથાની ખબર ન મળે અને આ બધા સાધુ થઈને બેઠા. વ્રત લઈને. ધૂળેય નથી. આહાહા..! કહે છે, જેને અંદર આત્માનું જ્ઞાન થયું. જ્ઞાનની અપેક્ષાએ આત્મજ્ઞાન, શ્રદ્ધાની અપેક્ષાએ સમકિત. એ સમ્યગ્દર્શનના ભાનમાં જે ધર્મી એને રાગ થાય એ એને નથી થતો. એનો એ જાણનાર થાય છે. આ રાગ છે એમ જાણે છે. મારામાં નહિ. મારામાં તો સ્વ અને પરના જ્ઞાનની ઉત્પત્તિ (થાય છે) તે હું. રાગની ઉત્પત્તિ તે હું નહિ. આહાહા..! આવું ભેદજ્ઞાન આવું સ્વરૂપ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર સિવાય આવી વહેંચણી ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય. આ બધી વાણી કુંદકુંદાચાર્યની છે. ટીકા આચાર્યની. જુઓ! સામે છે ને? આ કુંદકુંદાચાર્ય છે. આ ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય છે. ટીકાકાર. સમયસાર, પ્રવચનસાર, ... શું કહેવાય? પંચાસ્તિકાયની. નિયમસારની ટીકાકાર પદ્મપ્રભમલધારીદેવ. ટીકા કરનારા હોં. મૂળ શ્લોક ... એ એમ કહે છે કે શાસ્ત્રની રચનાના કાળે પરમાણુની પર્યાયનો કાર્ય કાળ હતો તે થયું. એમાં નિમિત્ત અમે નથી. આહાહા..! એમાં નિમિત્ત તો રાગ અને કંપનનો કર્તા થાય તે કાર્યના કાળમાં હું નિમિત્ત છું એમ (અજ્ઞાની) માને. આહાહા..! ગજબ વાત છે ને. નિમિત્ત પણ નથી. એ કાળે જે વિકલ્પ જરી ઉઠ્યો અને કાર્યકાળ તો અક્ષરની પર્યાયોનું એ રીતે રચવાનું થવું હતું એમાં ઇચ્છા નિમિત્ત કહેવી એ અજ્ઞાનીની ઇચ્છા નિમિત્ત કહેવી. આહાહા..! જ્ઞાનીને તો ઇચ્છા અને એ કાર્ય એના જ્ઞાનમાં આ નિમિત્ત થાય છે. ઝીણી વાત છે, ભગવાન! આહાહા..! બાપુ! તારી લીલા અલૌકિક છે. આહાહા..! જેણે ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ એવું જ્યાં અનુભવ્યું અને જાણ્યું સમ્યગ્દર્શનમાં. એને અક્ષરનું રચવું એ કાર્ય તો મારું નહિ, પણ એ કાર્યમાં નિમિત્તરૂપે વિકલ્પને, યોગને કહેવો એ હું નહિ. યોગ અને વિકલ્પ હું નથી. હું તો એનો જાણનાર છું. આહાહા..!

બાપુ! મારગડા જુદા પ્રભુના છે. વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકરદેવ માર્ગની રીત બહુ ઝીણી, ભાઈ! અરે..! એને સમજ્યા વિના અનંત કાળથી રખડે છે, દુઃખી છે. થોડો કાળ મનુષ્યમાં આવે, ૨૫-૫૦-૬૦ વર્ષ રહે. એમાં મરીને જાય ઢોરમાં, નરકમાં. આહાહા..! બાપુ! તારા રખડવાના .. એ તેં રોઈને તો દુઃખ સહન કર્યા પણ દેખનારને રુદન આવ્યા. એવા તારા દુઃખ હતા ભાઈ! તને ખબર નથી. ભૂલી ગયો. આહાહા..! .. ગુલાબચંદભાઈએ

ન્યાય મૂક્યો છેને? કે એ બોલવાનો જે વિકલ્પ એ કાર્યમાં અજ્ઞાનદશામાં જીવનો બોલવાનો વિકલ્પ નિમિત્તમાત્ર છે. આ એનો અર્થ છે. આટલો અર્થ કર્યો એ આનો અર્થ કર્યો. કે જડના કાર્ય તો જડને કારણે થાય. પરના આત્માના કાર્યની પર્યાય પણ એને કારણે થાય. તે કાળે ઈચ્છા એને નિમિત્ત કહેવાય. કોની? એ અજ્ઞાનીની ઈચ્છા. અજ્ઞાની ઈચ્છાનો કર્તા થાય છે એટલે ઈચ્છા મારી છે એમ માની છે, એવી ઈચ્છાવાળો જીવ, એની ઈચ્છા એ કાર્યના વખતે નિમિત્ત કહેવાય. પણ ઈચ્છા મારા સ્વરૂપમાં જ નથી એવો સમ્યગ્દૃષ્ટિ જીવ.. આહાહા..! મારામાં તો ઈચ્છા અને મારું જ્ઞાન થાય એવો હું સ્વપરપ્રકાશક જ્ઞાન છું. એવા જ્ઞાનીને એ ઈચ્છા જ્ઞાનમાં જાણવામાં નિમિત્ત થાય. પણ ઈચ્છા પરને નિમિત્ત થાય એમ નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને?

બાપુ! એણે સત્યના ઘર જોયા નથી. આહાહા..! અને એમ ને એમ હાંકે રાખ્યું છે વીતરાગને નામે. ભગવાન દયા પાળવાનું કહે છે, ભગવાન વ્રત પાળવાનું કહે છે, ભગવાન પૂજા-ભક્તિનું કહે છે. ભાઈ! સાંભળને બાપુ! ભાઈ! એ તો અંદર વિકલ્પ આવે એને જણાવ્યો છે. એ કરવા જેવું છે અને કર્તવ્ય છે એમ નથી બતાવતા. આહાહા..! કર્તવ્ય તરીકે તો જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું, એ રાગ આવે એને જાણવાના કાર્યમાં રહેવું, રાગના કાર્યમાં ન જાવું, પરના કાર્યમાં તો નિમિત્તરૂપે પણ ન જાવું. મોહનભાઈ! આહા..! આવો માર્ગ છે, બાપુ!

'**વિકલ્પ અને વાણી એ બંનેમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વિકલ્પના કારણે વાણી નીકળે છે એમ નથી અને વાણી નીકળી એટલે વિકલ્પ થયો એમ પણ નથી. અજ્ઞાનીને આ વાતની સમજણ નથી, તેથી તે એમ માને છે કે, 'મેં બોલવાની ઈચ્છા કરી એટલે વાણી નીકળી', પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં એ સત્ય નથી. ભાષા વર્ગણાનું વાણીરૂપે પરિણમન...**' તે તે પરમાણુનો ભાષાપણે થવાનો કાળ '**તેના કારણે છે, સ્વતંત્ર છે; ઈચ્છાથી તે નિરપેક્ષ છે;...**' વાણીનું નીકળવું એ ઈચ્છાની સાપેક્ષ છે માટે વાણી નીકળે છે એમ નથી. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૮, રવિવાર તા. ૦૫-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૧૮-૧૯, પ્રવચન - ૨૬**

ગાથા ૧૮ ચાલે છે. સમાધિતંત્ર છે આ. આત્માને શાંતિ કઈ રીતે પ્રાપ્ત થાય? શાંતિ કહો, સમાધિ કહો, ધર્મ કહો કે મોક્ષનો માર્ગ કહો. તો કહે છે કે પરથી ભિન્ન છું એવું ભાન તો છે. પણ હવે હું કોની સાથે બોલું? મૌન કરીને અંતરમાં લીન થવાની રીત કહે છે. આહાહા..! .... હું કોની સાથે બોલું? જે બોલું તે સામે સાંભળનારો તો જડ છે. ઇન્દ્રિયથી દેખાતા શરીર એ તો જાણતા નથી. આહાહા..! જાણનારો છે એ ઇન્દ્રિયથી દેખાતો નથી. અંતરમાં લીન થવાની આ રીત છે.

અહીં આવ્યું છે. **'ભાષાવર્ગણાનું વાણીરૂપે પરિણમન...'** જે ભાષા છે આ જડ, એની દશા ભાષાની સ્વતંત્ર થાય છે. આ તો ગુજરાતી છે. સમજાય છે કાંઈ? વાણીની પરિણમન દશા તેને કારણે (થાય છે). ભાષાની અવસ્થા છે એ આત્માની ઇચ્છાની અપેક્ષા વિના (થાય છે). આહાહા..! કેમ કે એ પરમાણુઓમાં એ સમયમાં ભાષા થવાની ઉત્પત્તિનો કાળ છે. એથી થાય છે. આહાહા..! **'ઇચ્છાથી તે નિરપેક્ષ છે;...'** આહાહા..! મેળવ્યું છે ને. ઇચ્છા થાય એટલે ભાષાની પર્યાય થાય એમ નથી. આહાહા..! ભાષાની અવસ્થા, એ પરમાણુઓનો સમૂહ ભાષા થવાને લાયક એની પર્યાયમાં એ ભાષા થાય છે. એને ઇચ્છાની અપેક્ષા થઈ, ઇચ્છા થઈ બોલવાની માટે ભાષાની પર્યાય થાય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'છતાં 'હું બોલું છું...'** હું બોલું છું. આહાહા..! કીધું હતુંને એકવાર? અમદાવાદ એક માણસ આવ્યો હતો. પંદર દિ' રહ્યા સાંભળ્યું. પછી કો'ક પાસે ગયા. એણે પ્રશ્ન કર્યો, મહારાજ! આ બોલે છે કોણ? અહીંની ભાષા સાંભળીને ગયા કે બોલવું-ભાષા આત્મા કરતો નથી. એટલે ત્યાં એણે પૂછ્યું કે ભાષા કોણ બોલે છે? ત્યારે ઈ કહે છે, સાંભળ આ કોણ બોલે છે? તારો બાપ બોલે છે આ? પોપટભાઈ! અરે ભગવાન! બાપુ! આહાહા..! આચાર્ય નામ ધરાવનારા, હોં. પંદર દિ' અહીં સાંભળ્યું કે ભાષા આત્મા કરતો નથી. ભાષા સ્વતંત્ર છે. તો આણે ત્યાં જઈને પૂછ્યું એટલે ઓલાએ આવો જવાબ આપ્યો કે કોણ બોલે છે? આ તારો બાપ બોલે છે? તું નથી બોલતો? અરે..! ભગવાન! બાપુ! મરી જઈશ, હોં! અહીં બધું ચાલશે. આહાહા..!

ભાઈ! એ જડ પરમાણુઓ તત્ત્વ છે-અજીવતત્ત્વ અને અજીવતત્ત્વની વર્ગણાના ૨૩ પ્રકાર

છે. એમાં જે રજકણોનો સમૂહ-વર્ગણા એટલે. રજકણોનો સમૂહ-તેમાં ભાષા થવાની લાયકાત હોય તે ભાષાપણે થાય. તે સમયનો એને ભાષા પર્યાયરૂપે થવાનો તેનો ઉત્પત્તિ કાળ છે. આહાહા..! એ આત્માએ ઇચ્છા કરી માટે બોલાય છે એમ નથી. આહાહા..! આવી વાત! મોહનલાલજી! ભારે વાત ભાઈ આવી. આહાહા..!

'**હું બોલું છું' એમ માનવામાં તે જીવ અને અજીવ તત્ત્વોની એકતા-બુદ્ધિ કરે છે.**' કેમ કે જીવ એ ભાષાની પર્યાયથી ભિન્ન છે અને ભાષાની પર્યાય છે એ જીવથી, ઇચ્છાથી ભિન્ન છે. આહાહા..! એ હું બોલું છું એવી જે માન્યતા છે એ જડ અને ચૈતન્યની એકતાબુદ્ધિની માન્યતા છે. આહા..! કહો, હસુભાઈ! તો આ બધા વેપાર-બેપાર કરે છે એ નહિ? અભિમાન? આહાહા..! ભાષાની સમયની પર્યાય અહીં ઇચ્છા થાય ત્યારે થાય, છતાં એ ભાષાની પર્યાય ઇચ્છાને લઈને થઈ નથી. આહાહા..! ઇચ્છાનો કાળ અને ભાષા થવાની પરમાણુની પર્યાયનો કાળ એક સમય છે. છતાં ઇચ્છા છે તો ભાષાની પર્યાય થઈ (એમ નથી). આહાહા..! ગજબ વાતું છે. એક તત્ત્વની બીજા તત્ત્વ સાથે ભેળસેળ કરી દીધું છે. જડનું તત્ત્વ એ મારાથી થાય એમ જીવ અને જડની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો હું શરીરને આમ રાખી શકું, દવા કરીને, સંભાળ કરીને, નાહી-ધોઈને સાફ રાખું. સાબુથી આમ રાખું.

મુમુક્ષુ :- સાચી વાત ઉડી જાય છે.

ઉત્તર :- ઓલી વાત ઉડી જાય છે.

ભગવાન! એ જડની પર્યાયનો કાળ છે એટલે એ પ્રકારે જડમાં થાય છે. હું આને આમ કરું છું શરીરને.. આહાહા..! એ જીવ અને જડ અજીવતત્ત્વની એકતાબુદ્ધિ છે. એ મહામિથ્યાત્વ છે. એ અનંત સંસારમાં ઉત્પત્તિનું સ્થાન છે. આહાહા..! આવી વાત વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય (ક્યાંય નથી). અનંત તત્ત્વો છે ને. એક જ તત્ત્વ હોય તો તો આ પ્રશ્ન ઉઠે નહિ. અનંત તત્ત્વ છે તો અનંત તત્ત્વની પૃથક્તા એક એક સમયમાં પૃથક્તાથી કામ ચાલે છે. એને ઠેકાણે આત્મા (માને કે) ઇચ્છા કરું છું માટે આમ બોલું છું, કહે છે કે એ ભાષાની દશા અને આત્માની દશા બેને એણે એક કરી. આહાહા..! તત્ત્વની શ્રદ્ધાથી એની વિપરીત માન્યતા થઈ.

'**આવી ઊંધી માન્યતાને લીધે તેને અનંત સંસારના કારણભૂત અનંતાનુબંધી કષાય થયા વગર રહેતો નથી.**' અનંત સંસારનું કારણ એવો મિથ્યાત્વભાવ અને અનંતાનુબંધી એક સાથે હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? હું આત્મા, ઇચ્છા કરું એ પણ મિથ્યાત્વભાવ છે. એમ ઇચ્છા વિકારી દશા, ભગવાન આત્મા નિર્દોષ છે, નિર્મળ છે સ્વભાવવાન. એવો

નિર્દોષ સ્વભાવવાન, એને એ રાગ મારું કર્તવ્ય છે તો સ્વભાવ શુદ્ધનું રાગ કર્તવ્ય (છે) એમ માનનારા આખા શુદ્ધ સ્વરૂપને તેણે અશુદ્ધ માન્યું છે. આહાહા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ?

અને એ ઈચ્છાને કાળે ભાષાની દશા થઈ તે કાળે થઈ કેમ ત્યારે? ઈચ્છા થઈ ને ભાષા થઈ કેમ? એ ઈચ્છાને કાળે બાપુ! તને ખબર નથી. પરમાણુઓમાં વર્ગણા જે જડની છે સમૂહ... વર્ગ-વર્ગ નથી કહેતા? એકડીયા-બગડીયાને વર્ગ કહે છેને વર્ગ? નિશાળમાં. પહેલો વર્ગ, બીજો વર્ગ, ત્રીજો વર્ગ. વર્ગ એટલે ઘણા છોકરાઓનો સમૂહ તેને વર્ગ કહે. એમ ઘણાં રજકણોનો સમૂહ એને વર્ગણા કહે. ઘણા વર્ગનો સમૂહ તેને વર્ગણા કહીએ. સમજાણું કાંઈ? એ ભાષાવર્ગણા હું કરું છું, એ અનંત સંસારના કારણભૂત મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય થયા વગર એને રહેતો જ નથી. આહાહા..! ઘણી એણે ધીરજ કરવી પડશે.

'**જ્ઞાનીને અસ્થિરતાના કારણે બોલવાનો વિકલ્પ આવે,...**' ધર્મીને બોલવાનો વિકલ્પ વૃત્તિ ઉઠે છે. '**પણ સ્વભાવની દૃષ્ટિએ તેના અભિપ્રાયમાં...**' તેના અભિપ્રાયમાં (એટલે) શ્રદ્ધાની અપેક્ષાએ '**તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે,...**' કેમ? કે ધર્મીની દૃષ્ટિ સ્વભાવ ઉપર હોય છે. આહા..! ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વભાવ એના ઉપર દૃષ્ટિ હોવાથી રાગના પરિણમનનો એ કર્તા થતો નથી. આહાહા..! અને જેને જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ નથી, સ્વભાવ સન્મુખની જેને દૃષ્ટિ નથી એને રાગની સન્મુખની દૃષ્ટિ હોવાથી તે રાગનું અજ્ઞાનભાવે કર્તા માને છે. બહુ ઝીણું ભારે. એમાં પાછા દયા પાળો, આ કરો, આ છોડો, આહાર છોડો, પાણી છોડો, રસ છોડો. કહે છે કે એ જડની ચીજ છોડી, મેં છોડી એમ માનનારા મારા અધિકારની વાત હતી છોડવાની (એમ માનીને) એ જડનો સ્વામી થયો. ચૈતન્યની અને જડની એને એકતાબુદ્ધિ થઈ. પંડિતજી! આવી વાતું! આહાહા..!

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે-જાણનાર-દેખનાર. એના સ્વભાવમાં પરની પર્યાય થાય એમાં નિમિત્ત થવું એ પણ એનો સ્વભાવ નથી. એનું કરવું તો નથી પણ એમાં નિમિત્તકર્તા થવું એ પણ એનો સ્વભાવ નથી. આહાહા..! પ્રવિણભાઈ! બહુ ઝીણી વાતું, ભાઈ! આહા..! અહીં તો ચાલે હવે. કેમ કે રાગનો વિકલ્પ છે એ વિકાર છે, વિભાવ છે, દુઃખ છે. એના ઉપર જેની દૃષ્ટિ છે એ રાગવાળો માનીને રાગના પરિણમનનો કર્તા હું છું એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

સવારમાં આવ્યું હતું ને? કે દ્રવ્યમાં જે પર્યાય થાય એ દ્રવ્ય એનો કર્તા છે. પર્યાયનો સંબંધ અહીં છે. એમ આવ્યું હતું ને? આમ નહિ. પર્યાય જે અવસ્થા થાય એનો દ્રવ્ય કર્તા છે. એટલે દ્રવ્ય સાથે આમ સંબંધ છે. પર્યાયનો આમ સંબંધ નથી. પરની પર્યાય સાથે

કર્તાપણું કે આ પર્યાય પરથી કર્તા થાય એવો સંબંધ નથી. આહાહા..! આ તો ભગવાનના માર્ગનો અંત, છેલ્લો અંત છે, સંસારનો અંત લાવવો હોય એને. આહાહા..! કહો, હીરાભાઈ! શું આ બધા વેપાર કરોને તમે મોટા મોટા શું કહેવાય? શું કહેવાય? ગૌહાટી. નમક. ત્યાં તો કાજુ ને દ્રાક્ષનો ધંધો છે. અમે ગયા હતાને ત્યાં? કાજુની જાત. અમે ગયા હતા ગૌહાટી. નહિ? ગૌહાટી. કલકત્તાની ઓલીકોર. ગૃહસ્થ બહુ પૈસાવાળા. બહુ પૈસાવાળા. એનો ધંધો મોટો છે. કલકત્તા છે, ન્યાં છે ... ત્યાં ગયા હતા. કાજુ અને દ્રાક્ષ જ્યાં અમે ઉતર્યા હતા ત્યાં દેવા આવ્યા હતા. પછી જ્યાં ગયા હતા ત્યાં દેવા આવ્યા. તો એ ધંધો કરી શકે કે નહિ? નરમ માણસ છે. પાંચ-દસ મિનિટ બેઠા. દુકાને પગલા કર્યાને દસ હજાર રૂપિયા મૂક્યા. કીધું, કોના? ઈ કંઈ બોલે નહિ. કલકત્તાથી ગૌહાટી ગયા હતા ને? ... સાલ. આહાહા..! ભગવાન! એ દ્રાક્ષ અને કાજુ અને રૂપિયા એ તો જડ ચીજ છે. જડની પર્યાય અહીંથી ત્યાં જવું એનો કર્તા આત્મા નથી. આવી વાત સાંભળી પણ નહિ હોય, મોહનલાલજી! ભાગ્યશાળી હવે આવી ગયા આમાં. આહાહા..! વાત તો એવી ભગવાન! શું કહીએ?

આ ભેદજ્ઞાનની વાતું છે. એક તત્ત્વ બીજા તત્ત્વથી ભેદરૂપ-ભિન્નરૂપ છે. તો ભિન્ન છે એ બીજા તત્ત્વનું શું કરે? અહીંયાં તો ઈચ્છા પણ આસ્રવતત્ત્વ ભગવાન સ્વભાવતત્ત્વથી એ આસ્રવતત્ત્વ ભિન્ન છે. આહાહા..! જ્ઞાયકતત્ત્વ, વિકારી આસ્રવતત્ત્વ એ બે તો ભિન્ન છે. એ ભિન્નનું શું કરે? આહાહા..! ગજબ વાત છે, ભાઈ! કેમ? કે જ્ઞાયકસ્વભાવ છે એની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર છે. આહાહા..! રાગ થાય છે એમ કહ્યું ને? ધર્મીને અસ્થિરતાને કારણે બોલવાનો વિકલ્પ આવે છે. આહાહા..! પણ સ્વભાવની દૃષ્ટિએ ધર્મીની દૃષ્ટિ સ્વભાવ ઉપર હોય છે. જ્ઞાયકસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, જાણકસ્વભાવનું અસ્તિત્વ તે હું છું. રાગ એ હું નહિ. આહાહા..! રાગ તત્ત્વ આસ્રવતત્ત્વ, આત્મા જ્ઞાયકતત્ત્વ. નવ તત્ત્વ છે ને? મોહનલાલજી! જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવેય તત્ત્વની કાંઈ ખબર ન મળે. જયંતિભાઈ! આવી વાતું છે.

કહે છે કે, આ જે વિકલ્પ ઉઠ્યો એ આસ્રવતત્ત્વ છે. તો જ્ઞાની એ આસ્રવતત્ત્વનો કર્તા થતો નથી. કેમ? કે હું તો જ્ઞાયક સ્વભાવ છું. જાણકસ્વભાવ અને આસ્રવસ્વભાવ બે ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ? '**સ્વભાવની દૃષ્ટિએ...**' જાણક સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ એવી ધર્મીની દૃષ્ટિ ત્યાં હોય છે. આહાહા..! એ '**દૃષ્ટિએ તેના અભિપ્રાયમાં તે વિકલ્પનો તેને નિષેધ વર્તે છે,...**' ભગવાન આત્મા જાણક સ્વભાવ સ્વરૂપે એના બોલવાનો વિકલ્પ એ સ્વરૂપે નથી. આહાહા..! એ તો એનું કુરૂપ છે. એ કુરૂપની વૃત્તિ મારા સ્વરૂપની નહિ. આહાહા..! હસમુખભાઈ! બહુ ઝીણી વાતું, હોં! આહાહા..!

‘**કારણ કે તે જાણે છે કે વિકલ્પ એ રાગ છે, તે આત્માનું સ્વરૂપ નથી,...**’ આહાહા..! અહીં તો બોલવાનો વિકલ્પ ઉઠ્યો કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એનો વિકલ્પ-વૃત્તિ ઉઠી, એ જ્ઞાયક સ્વભાવની દૃષ્ટિ હોવાથી એ વિકલ્પનું તત્ત્વ મારા સ્વભાવનું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ‘**તે તેનાથી ભિન્ન છે.**’ ધર્મી જીવ એટલે કે સમ્યગ્દૃષ્ટિ જીવ એટલે કે જે સ્વરૂપ જ્ઞાયક છે પૂર્ણ એની જેને સ્વસન્મુખથી પ્રતીત થઈ છે એવો જીવ. આહાહા..! સ્વસન્મુખતામાં તો જ્ઞાયકભાવ છે અને રાગ તો વિમુખપણામાં છે. આહાહા..! એથી તે ધર્મી એ એનું સ્વરૂપ નહિ હોવાથી તે મારું સ્વરૂપ છે એમ માનતો નથી. આહાહા..!

એ દયાનો વિકલ્પ, બોલવાનો વિકલ્પ પણ મારો માનતો નથી, એ કઈ ચીજને હું મારી માનું? કહો, પોપટભાઈ! આ મારા દીકરા, આ મારા બાપ. અરે..! આત્માને દીકરા અને બાપ કેવા? ભાઈ! ઝીણી વાતું બહુ પણ હવે. આ મારું શરીર, આ મારા કર્મ, મેં કર્મ બાંધ્યા એ મારે (ભોગવવા પડે). પણ કર્મ જ તારા નથી. સાંભળને! આહાહા..! શિવલાલજી! શ્રીપાલજી! એ તો શ્રીપાળ છે. શ્રી નામ સ્વરૂપની લક્ષ્મીનો પાળનાર છે આત્મા. આહાહા..!

ભગવાન! ચૈતન્યસ્વભાવી પ્રભુ આત્મા, એ સ્વભાવવાન અને સ્વભાવદૃષ્ટિવાન. સ્વભાવવાળો કે સ્વભાવ દૃષ્ટિવાળો. સમજાય છે કાંઈ? એ રાગને શું કરે? એ રાગને કરે નહિ અને ભાષાની પર્યાયને કરે (એ તો ક્યાંય રહી ગયું). આહાહા..! શેઠ! આ બીડીયુંનું કાંઈ કરે નહિ, એમ કહે છે. કાનપુરમાં જાવ તો કેટલા રૂપિયા આવે દરરોજ. ૨૫ હજાર, ૫૦ હજાર. ઉઘરાણી કરવા જાય ત્યાં... મોટો વેપાર. ... લાવ.. લાવ. કેટલા ... આપ્યા છે? શું છે આ? ભગવાન! એકવાર સુન તો સહી, પ્રભુ! આહાહા..!

એ ચૈતન્યના સ્વભાવની જાત વિનાનો વિકલ્પ, પ્રભુ! આહાહા..! અને વિકલ્પની જાત વિનાના એ જડની દશા. કારણ કે વિકલ્પની જાત આસ્રવની છે અને પૈસો જવા આવવાની જાત અજીવની છે. આહાહા..! આવું ભેદજ્ઞાન જડથી અને વિકલ્પથી ભિન્ન થવું ત્યારે તેને હું પૂર્ણ જ્ઞાયકસ્વભાવ છું એવા જ્ઞેયમાં જ્ઞાયકનું ભાન થતાં તેને સાચી પ્રતીતિ આવે છે. સમજાણું કાંઈ? હવે આમાં વાદવિવાદ કરવા જાય તો ...

કોણ કહેતું હતું હમણાં? જીણાવાળા કહેતા હતા. ત્યાં છે ને? જીણાવાળા ભાઈ! કોણ? બંસીધર. લ્યો, આ કર્યું. ... એ તો અમારે એક અહીંયાં હતા.. બારિસ્ટર નહિ? શું કહેવાય? સોલિસીટર. ચીમનલાલ ચકુ, સોલિસીટર. (સંવત) ૧૯૯૭માં. ૩૪ વર્ષ થયા. કીધું, ભાઈ! જડની અવસ્થા આત્મા કરી શકતો નથી. (એ કહે, લો) આ ક્રિયા. એમ થયું હતું, હોં! ત્યાં એ પંડિત એમ કહે છે-બંસીધરજી. અરે..! ભગવાન! આમ થવામાં અંદરમાં શું થયું એની તને ખબર છે? તું આત્મા છે એની તને ખબર છે? આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ

સમયે જ્ઞાનની પર્યાય એમાં થાય છે અને એ જડની પર્યાય જડમાં થાય છે. આહાહા..! એવું જ કહ્યું હતું, ૧૯૯૭માં. અહીં આવ્યો હતો. એક સોલીસીટર આવ્યો હતો. જડનો કર્તા. લો કિયા, ભાઈ! આમાં ત્રિરાશી છે, કીધું. ત્રિરાશી એટલે? જે આમ થયું એનું નિમિત્ત કર્મ છે. એ પોતાના ઉપાદનથી એમ થયું છે અને આત્માની પર્યાય પોતાથી થઈ છે. આહાહા..! પર્યાયના કાળે એમ થયું. પણ પર્યાયથી એમ થયું એમ નથી. સમજાણું કાંઈ? ૯૭. એ છેને તમારે? ચીમનલાલ ચકુ, તમે બોલ્યાને. અરે..! ભગવાન! આહાહા..! ઓ તા ગાંડા પાગલ કહે હોં! માણસો. અમે આખો દિ' આ કરીએ, વાણી કરીએ. ભાઈ! એ આમ થવા કાળમાં તું આત્મા જાણે છો કે આત્માની પર્યાય અંદર આ થઈ? અને એ કાળે જડની આમ થઈ એ મારી પર્યાયથી થઈ એમ તેં ક્યાંથી જાણ્યું? સમજાય છે કાંઈ? .. આવી વાતું બહુ ઝીણી, હોં! એ તો અહીં થાય. બહાર નીકળીએ ત્યારે ઝીણું ન મંડાય. આ તો હળવે હળવે ધીમે ધીમે અંતરની ભેદજ્ઞાનની વાતું છે, ભાઈ!

કહે છે, જ્ઞાનીને વિકલ્પનો નિષેધ વર્તે છે. '**માટે કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો તે દોષ છે.**' કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો તે દોષ છે. આહાહા..! બીજાને સમજાવવાને માટે વૃત્તિ ઉઠાવવી એ દોષ છે. આહાહા..! કહો, સુજાનમલજી! માર્ગ તો એવો છે, ભાઈ! માર્ગની રીત જાણ્યા વિના એ અનંત કાળથી ગોથા ખાય છે. આહાહા..! અરે..! કોઈ શરણ નથી બાહ્યમાં. શરણનો નાથ પ્રભુ એ તો જ્ઞાનાનંદ સ્વભાવી જ્ઞાતા-દ્રષ્ટા (છે). એ સ્વભાવમાં રાગને કરવાનો અવકાશ ક્યાં? પરનું કરવાની તો દૂર રહી ગઈ વાત. સમજાય છે કાંઈ?

'**કોઈની સાથે વાત કરવાનો વિકલ્પ કરવો...**' હો. પણ છે દોષ. આહાહા..! '**આવી સમજણપૂર્વક જે સ્વરૂપમાં લીનતારૂપ મૌન સેવે છે...**' આવી સમજણપૂર્વક. આમ તો કહે, અમે મૌન રહીએ છીએ. હું ભાષા નથી બોલતો માટે નથી થાતી. ભાષા બોલું તો થાય છે. એ તો અજ્ઞાન છે. અજ્ઞાનનું મૌનપણું અજ્ઞાનમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? '**આવી સમજણપૂર્વક...**' આવી એટલે? હું એક જ્ઞાયકસ્વભાવ છું. બોલવાનો વિકલ્પ છે એ દોષરૂપ છે. એનું રચવું એ મારી જાતનો સ્વભાવ નથી. અને તે દોષ હોવાથી ભાષાની દશા થઈ એમ પણ નથી. આહાહા..! પ્રવીણભાઈ! આ બધા લોઢાના ધંધા કરો છોને તમે? હિંમતભાઈ નથી આવ્યા? મુંબઈ ગયા છે. અત્યારે શું છે ત્યાં? ... આહાહા..!

'**આવી સમજણપૂર્વક...**' એટલે? ભાષાની પર્યાયનો હું કર્તા નથી. એ જડની પર્યાય જડ કાળે થાય, વિકલ્પ પણ વિકલ્પને કાળે (થાય), મારી સમજણમાં તેનું જ્ઞાન હો, પણ એ મારી ચીજ છે એમ જેને જ્ઞાનમાં નથી, આવા સમજણપૂર્વક જે મૌન રહે એનું મૌનપણું

સાચું. આ સમજણ વિના અમે મૌન છીએ. બાર મહિના કાશીમાં ઓલું નથી કરતા? અન્યમતિમાં કરે છે. રણછોડજીએ કર્યું હતું, દામનગરમાં. બહારમાં (એક) વર્ષ મૌન. એમાં શું? ધૂળનું ભાન તો નથી કે આ શું છે અને આ નથી બોલાતી ભાષા એ કેમ નથી બોલાતી? એ જડની પર્યાય નથી. હું મૌન રહ્યો માટે બોલાતું નથી (એ તો મિથ્યાત્વ છે). આહાહા..!

**'તેને જ સાચી વચન-ગુપ્તિ છે.'** જેને વાણીની પર્યાય એને કાળે થાય, ઈચ્છા થાય તે સ્વભાવમાં દોષ છે અને સ્વભાવ સ્વરૂપ જે જ્ઞાતા, તેનો એ દોષ કર્તવ્ય નથી, ગુણનું કર્તવ્ય દોષ હોય? ગુણનું કર્તવ્ય દોષ હોય? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા આનંદસ્વરૂપ અને રાગ તે ઈચ્છા તે દોષ અને દુઃખસ્વરૂપ. એ આનંદસ્વરૂપ દુઃખને રચે? આહાહા..! બહુ ઝીણી વાતું, હોં! હસુભાઈ! એને સમજવું પડશે .. અરે..! જેને જન્મ-મરણના માથે અનંતા ભવ ઊભા છે, ભાઈ! પરની એકતાબુદ્ધિએ પરનો સંયોગ ભવનો નહિ છૂટે. શું કીધું? રાગ અને પરની આત્માની એકતાબુદ્ધિએ, એ અહીં એકતા છે તે સંયોગ નહિ છૂટે, એનો ભવનો અભાવ નહિ થાય. આહાહા..! એને આ સમજણમાં અંતરમાં કરવી પડશે, ભાઈ! કરવી પડશે એટલે વેઠથી એમ નહિ. સમજણપૂર્વક એનો સહજ સ્વભાવ છે, ભાઈ! તું ચૈતન્ય છો. તારામાં, તારા પાકના પાકે તો જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય એ તારા ક્ષેત્રનો પાક છે. આહાહા..! રાગાદિનો વિકલ્પ પ્રભુ! તારા ક્ષેત્રનો પાક છે? એ તો અદ્ધરથી કાંટા ઉઠ્યા છે પર્યાયમાં. આહાહા..!

**'આવી વચન-ગુપ્તિથી અંતર્બાહ્ય વચન-પ્રવૃત્તિનો સ્વયં નાશ થાય છે.'** આવો જેનો વિકલ્પ અને પર એ મારું સ્વરૂપ નથી એવી જેને અંતર સ્વભાવ દૃષ્ટિ થઈ છે એને વચનગુપ્તિ અંતરમાં થાય છે. સમજાણું કાંઈ?

---

एवं बहिर्विकल्पं परित्यज्यान्तर्विकल्पं परित्याजयन्नह–

यत्वपरैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।
उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः।।१९।।

टीका :– परैरूपाध्यायादिभिरहं यत्प्रतिपाद्यः परान् शिष्यादीनहं यत्प्रतिपादये तत्सर्वं मे उन्मत्तचेष्टितं मोहवशादुन्मत्तस्येवाखिलं विकल्पजालात्मकं विजृम्भितमित्यर्थः कुत एतत्? यदहं निर्विकल्पको यद्यस्मादहमात्मा निर्विकल्पक एतैर्वचनविकल्पैरग्राह्यः।।१९।।

એવી રીતે બાહ્ય વિકલ્પોનો પરિત્યાગ કરીને આભ્યંતર વિકલ્પોને છોડાવતાં કહે છે :-

શ્લોક - ૧૯

અન્વયાર્થ :- (अहं) હું (परैः) બીજાઓથી-અધ્યાપકાદિથી (यत् प्रतिपाद्यः) જે કાંઈ શીખવવા યોગ્ય છું તથા (परान्) બીજાઓને શિષ્યાદિકને (यत् प्रतिपादये) હું જે કાંઈ શીખવું તે (मे) મારી (उन्मत्तचेष्टितं) ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે; (यद् अहं) કારણ કે (વાસ્તવમાં) હું (निर्विकल्पकः) નિર્વિકલ્પ અર્થાત્ વચન-વિકલ્પોથી અગ્રાહ્ય છું.

ટીકા :- પર વડે અર્થાત્ ઉપાધ્યાયાદિ વડે મને જે શીખવાડવામાં આવે છે અને બીજાઓને-શિષ્યો વગેરેને હું જે શીખવું છું તે બધી મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે-મોહવશાત્ ઉન્મત્તના (પાગલના) જેવી જ તે બધી વિકલ્પજાલરૂપ ચેષ્ટા પ્રવર્તે છે, એવો અર્થ છે. શાથી તે (ઉન્મત્ત ચેષ્ટા) છે? કારણ કે હું (આત્મા) તો નિર્વિકલ્પક અર્થાત્ વચનવિકલ્પોથી અગ્રાહ્ય છું.

ભાવાર્થ :- અધ્યાપકાદિ મને શીખવે છે તથા હું શિષ્યાદિ બીજાઓને શીખવું છું-એવો સંકલ્પ કરું તે મારું ઉન્મત્તપણું-પાગલપણું છે, કારણ કે મારું વાસ્તવિક સ્વરૂપ તો નિર્વિકલ્પ છે અર્થાત્ બધા વિકલ્પોથી હું અગ્રાહ્ય છું-પર છું.

આત્માનો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા છે, કોઈને શીખવવું યા તેનું ભલું-બૂરું કરવું એ વાસ્તવમાં આત્માનો સ્વભાવ નથી, કારણ કે 'કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનો કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિણમે છે.' એમ વિચારી સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા અંતરના વિકલ્પોને તોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે.

## વિશેષ

વિકલ્પો દૂર કરી પરમાત્મતત્ત્વમાં લીન થવા માટે ઉપદેશ આપતાં શ્રી અમિતગતિ આચાર્ય કહે છે કે -

''સંસારરૂપી ભયાનક જંગલમાં પટકવાના હેતુભૂત સર્વ વિકલ્પોને દૂર કરીને તારા આત્માને સર્વથી (દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી) ભિન્ન અનુભવ કરતાં તું પરમાત્મતત્ત્વમાં લીન થઈ જઈશ.'' [૧]

---

૧. सर्व निराकृत्य विकल्पजालं, संसारकान्तारनिपातहेतुम्।
विविक्तमात्मानमवेक्ष्यमाणो, निलीयसे त्वं परमात्मतत्त्वे।।२९।। (સામાયિક પાઠ)

## ઉન્મત્તતા સંબંધી સ્પષ્ટતા

ઉન્મત્તતા બે પ્રકારની છે-એક શ્રદ્ધા અપેક્ષાએ અને બીજી ચારિત્ર અપેક્ષાએ.

(૧) શ્રી તત્ત્વાર્થસૂત્રમાં[૨] જે ઉન્મત્તતા દર્શાવી છે તે શ્રદ્ધા અપેક્ષાએ છે. મિથ્યાદષ્ટિ સત અને અસત્‌નો ભેદ જાણતો નથી. તે ઉન્મત્ત પુરુષની માફક પોતાની રુચી અનુસાર વસ્તુને સમજે છે. જેમ મદિરા પીને ઉન્મત્ત થયેલો પુરુષ માતા-પત્નીનો ભેદ જાણતો નહિ હોવાથી કદી માતાને પત્ની અને પત્નીને માતા કહે છે અને કોઈ વખત તે પત્નીને પત્ની અને માતાને માતા પણ કહે છે, છતાં તે ઠીક સમજીને તેમ કહે છે એમ નથી. તેવી રીતે મિથ્યાદષ્ટિને પણ વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી તેના વિકલ્પો મિથ્યા માન્યતાના કારણે ઉન્મત્ત પુરુષના જેવા હોય છે.

(૨) પ્રસ્તુત શ્લોકમાં જે ઉન્મત્તતા દર્શાવી છે તે અંતરાત્માની ચારિત્ર અપેક્ષાએ છે, શ્રદ્ધા અપેક્ષાએ નથી; કેમ કે જ્ઞાનીને પણ અસ્થિરતાના કારણે તેવા વિકલ્પો ઊઠે છે, પણ અભિપ્રાયમાં તેને તેનો આદર નથી. જ્યાં સુધી વિકલ્પ ઊઠે ત્યાં સુધી નિર્વિકલ્પ થઈ શકાતું નથી. તેથી આચાર્યે વિકલ્પ તોડીને આત્મસ્વરૂપમાં લીન થવા માટે નિર્દેષ કર્યો છે; અને અંતરાત્માની ભૂમિકાના વિકલ્પોને ચારિત્ર અપેક્ષાએ ઉન્મત્તપણું કહ્યું છે. ૧૯.

---

## શ્લોક-૧૯ ઉપર પ્રવચન

'આવી રીતે બાહ્ય વિકલ્પોનો પરિત્યાગ કરીને અભ્યંતર વિકલ્પોને છોડાવતાં કહે છે :-' આહાહા..! પૂજ્યપાદસ્વામી સંત હતા. દેવો જેના પગ પૂજતા. આ પણ ભગવાન પાસે ગયા હતા. જેમ કુંદકુંદાચાર્ય સંવત ૪૯માં (ગયા હતા). આ ૨૦૦-૩૦૦ વર્ષ પછી સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું. ૧૯.

यत्वपरैः प्रतिपाद्योऽहं यत्परान् प्रतिपादये।
उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः।।१९।।

'ટીકા :- પર વડે અર્થાત્ ઉપાધ્યાયાદિ વડે મને જે શીખવાડવામાં આવે છે...' છે? પર વડે એટલે પર એટલે ઉપાધ્યાય, આચાર્ય, સાધુ આદિ વડે મને જે શીખવવામાં આવે છે. એમ કેમ કીધું? કે ઉપાધ્યાયને એવું છે. સાધુ તો સ્વરૂપને સાધે. સ્વરૂપ. સાધુનું

૨. જુઓ-તત્ત્વાર્થસૂત્ર-અ.૧, સૂત્ર ૩૨.

ખરું સ્વરૂપ છે એ ઉપદેશ પણ કરતા નથી. એમ વાત છે. ઉપદેશનો અધિકાર ઉપાધ્યાયનો છે. આચાર્યનો અધિકાર શીક્ષા-દીક્ષા દેવાનો છે.

કહે છે, '**ઉપાધ્યાયાદિ વડે મને જે શીખવાડવામાં આવે છે અને બીજાઓને-શિષ્યો વગેરેને હું જે શીખવું છું...**' આહાહા..! '**તે બધી મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે-**' લ્યો, મોહનલાલજી! પાગલ આવ્યું પાગલ. આપણે ગાંડા કહે છે ને. આહાહા..! પર વડે મને શીખવવામાં આવે છે અને હું શિષ્યને શીખવું છું. આહાહા..! '**તે બધી મારી ઉન્મત્ત (પાગલ) ચેષ્ટા છે-**' પાઠમાં ઈ છે. પાઠમાં છે ને? '**उन्मत्तचेष्टितं**'. આહાહા..! આનંદસ્વરૂપ ભગવાન, જ્ઞાનસ્વરૂપી આત્મા એને આ વિકલ્પ ઉઠે કે હું પરથી સમજું કે હું પરને સમજાવું એ વિકલ્પ છે, પાગલ છે, કહે છે. આહાહા..! આચાર્ય પોતે કહે છે, જુઓ!

મારા શુદ્ધ આનંદ સ્વરૂપમાં એ વિકલ્પનો તો અભાવ છે. એવા અભાવસ્વભાવમાંથી આ વિકલ્પ ઉઠ્યો, એ તો કહે છે કે પરને આધીન થઈને (ઉઠ્યો) એ તો ઉન્મત્ત ચેષ્ટા છે. આહાહા..! પાગલ જેમ ચેષ્ટા કરે ને? વાંદરો હોય ને વાંદરો-બંદર. એ બેઠો હોય તો .. એમ કર્યા જ કરે. એ ચેષ્ટા એ તીવ્ર કષાય છે. આ વાંદરા જોયા છે ને? બંદર. કર્યા જ કરે. અમારે ત્યાં વાંદરા બહુ હતા ગુજરાતમાં. પાલેજમાં બહુ વાંદરા. જંગલમાં. ૭૭માં .. બેઠા બેઠા આમ આમ કરે. અને એમાં એણે દારૂ પીધો હોય. જોઈ લ્યો એની ચેષ્ટા. એમાં જો એને ભૂત વળગ્યું હોય. .. દેખે હોં! બધા. અને એને જો વીંછી કરડ્યો હોય. આહાહા..! પછી જુઓ એ પાગલ વાંદરો.

એમ ભગવાન આત્મા એક તો શરીરને મારા માનીને મિથ્યાત્વનું પાગલપણું, એમાં એ વિકલ્પ જે રાગ ઉઠે એને મારા માનીને પાગલપણું.. આહાહા..! એમાં વિપરીત માન્યતાનો જોરનો દારૂ આવ્યો ભેગો, પાગલપણું વધી ગયું. આહાહા..!

અહીં તો મુનિ પોતે કહે છે. છે સંત આચાર્ય આનંદકંદમાં રમનારા. આહાહા..! અમને પણ પરને સમજાવવાનો વિકલ્પ ઉઠે છે. આહાહા..! અમારા વડેરાઓ-ગુરુઓ-અમને સમજાવવા બેસે અને સમજીએ. આ શું કહે છે? કેમ કે બીજા મને સમજાવે તો મને સમજાય એ વાત પાગલ છે. એય..! એને સમજવાની દશા તો એના ગુણમાંથી એના કારણે આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? અને હું બીજાને સમજાવું એવો વિકલ્પ, કહે છે કે એ જીવ પણ એના જ્ઞાનની દશાથી સમજે છે. એને ઠેકાણે હું એને સમજાવું. એના પર્યાયથી એના આશ્રયથી એ સમજે. હું એને સમજાવું એ વિકલ્પ અસ્થિરતાનો પાગલ જેવો છે, કહે છે. આહાહા..! મિથ્યાત્વનો વિકલ્પ તો પાગલ છે પણ આ અસ્થિરતાનો આવો વિકલ્પ... આહાહા..! હદ કરી છેને સમાધિને. પ્રભુ! વિકલ્પ પણ છોડ અને ઠર અંદર. ભાઈ! તારી ચીજમાં વિકલ્પનું

થવું એ પણ દોષ થાય છે. પણ તીર્થંકર ગોત્ર બંધાયને?

શ્રીમદ્‌માં એક આવ્યું છે વાક્ય, ભાઈ! સમજાવનાર .. તીર્થંકરગોત્ર બાંધે... આવે છે? એક છે. આ બાજુ પાને છે. ગોત્ર બાંધે ને. આહાહા..! પાછળના ભાગે છે. એક પણ જીવને સાચું સમજાય ... તીર્થંકર ગોત્ર બાંધે. એમાં છે ... તીર્થંકરગોત્ર .. પણ એ વિકલ્પ છે એ જ દોષ અને પાગલપણું છે. આહાહા..! એનાથી તીર્થંકરગોત્ર બંધાય એ તો જડની પર્યાય છે અને એ જડની પર્યાયનો ઉદય તો કેવળ થશે ત્યારે થાશે. આહાહા..! તને લાભ શો થયો એમાં? સમજાણું કાંઈ? આહાહા..! એ વિકલ્પ થયો આમ ... એનાથી તો પુણ્ય પ્રકૃતિ બંધાય છે. પછી આ તીર્થંકર ..માં જશે. .. એ તો જડની પર્યાય બંધાવામાં નિમિત્ત થયું. અને જડની પર્યાયનો જ્યારે ઉદયકાળ આવશે એનો ત્યારે તો સંયોગની પણ ... એ પણ ઉપાદાન. એની મેળાએ થાશે ત્યારે આ નિમિત્ત કહેવાશે. આહાહા..! એમાં તને લાભ શો? ષોડશકારણ ભાવના, આવે છે કે નહિ?

મુમુક્ષુ :- દરશ વિશુદ્ધિ ભાવના ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય.

ઉત્તર :- પદ પાય. 'દર્શન વિશુદ્ધિ ભાવના ભાય, સોળ તીર્થંકરપદ પાય, પરમગુરુ હો.' એય..! શ્રીચંદજી! આ શ્રીચંદજી બહુ બોલે છે. આહાહા..! આ કઈ જાતની વાત! દુનિયામાં આવી મેળ ન ખાય એવી વાત છે. કહે છે કે જે ભાવ સમજાવવામાં ઉઠે અને એમાંથી તીર્થંકરગોત્ર બંધાય એ દોષ છે, કહે છે. તીર્થંકરગોત્ર બાંધવાનો ભાવ દોષ છે. કાંઈ ધર્મથી બંધાય? આત્માનો ધર્મ જે વીતરાગી દશા એનાથી કર્મ બંધાય? રાગથી બંધાય. એ તો અધર્મ છે. આહા..!

(સંવત) ૧૯૮૫ની સાલ હતી. પોષ મહિનો હતો. ૮૫. કેટલા વર્ષ થયા? ૪૫-૪૬. બોટાદમાં હતા બોટાદમાં. એમાં (સંપ્રદાયમાં) હતાને. વ્યાખ્યાન ચાલતું હતું. માણસો બહુ ઘણું ભરાય. ત્યારે કીર્તિ બહુ હતીને સંપ્રદાયમાં. હજાર પંદરસો માણસો. એમાં કહ્યું કે ભાઈ! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ૪૬ વર્ષ પહેલા સંપ્રદાયમાં. ... જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ધર્મ નહિ. ધર્મથી બંધન નહિ અને બંધન પડે જે ભાવથી તે ધર્મ નહિ. બે વાત કરી હતી. અને જે વ્રતનો ભાવ છે, પંચ મહાવ્રત અને બાર વ્રતનો ભાવ એ આસ્રવ છે. સભા તો બોલે નહિ, સાંભળે. પણ અમારે ... અમારા ગુરુ ભાઈ જોડે હતા. ઈ આ સાંભળીને વોસરે.. વોસરે... વોસરે વોસરે સમજો છો? આ વાત અને આ સિદ્ધાંત અમારે જોઈતા નથી. છોડ. કોણ માને? એ શું બોલ્યા એની પણ ખબર ન હોય સભાને. હું સમજ્યો કીધું, આને રુચ્યું નહિ, ગોઠ્યું નહિ. અને એના ગુરુભાઈને કહેશે. જુઓ! મેં તો આમ કર્યું હતું ત્યાં. પછી વ્યાખ્યાન પૂરું થયું. કીધું, તમારે ન ગોઠતું હોય

તો બેસી રહેવું હતું ને. ઉઠીને ભાગ્યા શું કરવા? વોસરે-વોસરે એટલે શું થઈ ગયું? કીધું. એટલે તમને સાચી વાત બેઠી છે એમ થઈ ગયું? એ બિચારા .... મૂળચંદજીને બતાવવા માટે. એ .. આમ કરતા હતા ત્યાં મેં આમ કર્યું. ઠીક ભાઈ!

અહીંયાં તો કહે છે કે પંચ મહાવ્રતના વિકલ્પ છે, સાધુના જે અઠ્યાવીસ મૂળગુણ દિગંબરમાં કહેવાય છે. શ્વેતાંબરમાં બીજી જાત છે. એ મૂળગુણના વિકલ્પ પણ દોષરૂપ છે. આહાહા..! પણ જેને અંતર આત્મામાં નિશ્ચય સમ્યગ્દર્શન સહિત સાધુપદ પ્રગટ્યું હોય છે એને એવા ભાવ એ ભૂમિકામાં હોય છે. પણ છતાં એ ભાવ ગુણસ્વરૂપ ભગવાન આત્માને મદદ કરતા નથી પણ વિરૂદ્ધ ભાવથી તેને તો બંધન પડે છે. આહાહા..! વ્રતના ભાવને તો આસ્રવ કહ્યો છે તત્ત્વાર્થસૂત્રમાં. તત્ત્વાર્થસૂત્ર. વ્રત છે એ તો પુણ્યાસ્રવ છે. એ કાંઈ ધર્મ નથી. આહાહા..! વ્રત છે અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ વિકલ્પ છે. ધર્મી જીવ તે વિકલ્પનો કર્તા નથી થતો છતાં હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ શિષ્યોને હું શીખવું છું, એ બધી મારી પાગલ ચેષ્ટા છે. '**મોહવશાત્ ઉન્મત્તના (પાગલના)...**' આ રાગની અસ્થિરતાની વાત છે. મોહ એટલે મિથ્યાત્વ નહિ. રાગ પણ મોહ છે ને. એટલે? પર તરફનું એ રાગનું સાવધાનપણું છે. સ્વ તરફનું નહિ. આહાહા..! એટલો એ વિકલ્પ જે કરવો, થવો એમાં પર તરફની સાવધાની છે. આહાહા..! ભગવાન મોક્ષપાહુડમાં તો કુંદકુંદાચાર્ય કહે છે, '**परदव्वादो दुग्गइ**'. પરદ્રવ્ય તરફના વલણવાળી જે વૃત્તિ ઉઠી છે એ ચૈતન્યની ગતિની ચૈતન્યની જાત નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એ વિકાર છે. હો. પૂર્ણ વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી એવો વિકલ્પ આવે, વ્યવહાર હોય ખરો. છે દુઃખરૂપ. બહુ ભારે! આવો માર્ગ વીતરાગનો.

'**મોહવશાત્ ઉન્મત્તના (પાગલના) જેવી જ તે બધી વિકલ્પજાલરૂપ ચેષ્ટા પ્રવર્તે છે,...**' આહાહા..! હું.. મને શીખવે મારા ગુરુ તો મને જ્ઞાન થાય એવો જે વિકલ્પ ઉઠ્યો છે (એ ઉન્મત્તતા છે). આહાહા..! વીતરાગ માર્ગ બાપા! અંતર સ્વભાવ જ્ઞાયક ચૈતન્યમાં દૃષ્ટિ થઈ એટલે સાવધાનપણે ઠરવું એ એની ક્રિયા સાવધાનીની છે. એમાંથી ખસીને આવો વિકલ્પ થાય, હોય પણ દોષરૂપ છે. આહાહા..! એ ચેષ્ટા '**બધી વિકલ્પજાલરૂપ ચેષ્ટા...**' વિકલ્પની જાળ. '**એવો અર્થ છે.**'

'**શાથી તે (ઉન્મત્ત ચેષ્ટા) છે? કારણ કે હું (આત્મા) તો નિર્વિકલ્પક અર્થાત્ વચનવિકલ્પોથી અગ્રાહ્ય છું.**' હુંના વચનોથી હું ગ્રાહ્ય નથી. એમ બીજાને ગ્રાહ્યપણું આ વચન દ્વારા એનો આત્મા નથી. આહાહા..! ઉપદેશ થાય અને એનાથી સામાને જ્ઞાન થાય, એ ઉપદેશથી એને જ્ઞાન થાય એવો આત્મા નથી. આહાહા..! '**કારણ કે હું (આત્મા)**

**તો નિર્વિકલ્પક અર્થાત્ વચનવિકલ્પોથી અગ્રાહ્ય છું.'** ગુરુ મને શીખવે તો એ વચનના વિકલ્પથી હું ગ્રાહ્ય નથી. એમ હું બીજાને શીખવું એવો વચન, વિકલ્પ એનાથી એનો આત્મા પણ ગ્રાહ્ય નથી. .. તો પાર ન આવે. તીર્થંકરે ઉપદેશ કર્યો. મોક્ષમાર્ગ પ્રકાશકમાં નથી આવતું આઠમામાં? તીર્થંકર ગણધરોએ ઉપદેશ કરી ઉપકાર કર્યો. હું પણ એ ઉપકારની વાત કરું છું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં. આઠમો અધ્યાય. પહેલા શરૂઆતમાં લીધું છે. એ નિમિત્તના કથનો. એ કાળે છે એને સમજાવે છે. આહાહા..!

'**ભાવાર્થ :- અધ્યાપકાદિ...**' અધ્યાપક એટલે ઉપાધ્યાય સમજવું. '**મને શીખવે છે તથા હું શિષ્યાદિ બીજાઓને શીખવું છું-એવો સંકલ્પ કરું તે મારું ઉન્મત્તપણું-પાગલપણું છે,...**' ઓહોહો..! દિગંબર સંતોની વીતરાગતાના વગડા કેવા છે આમ જુઓને. અરે..! હું ઉપદેશ દેતા જે વિકલ્પ થાય એ તો પરમાં સાવધાની જાય. મારી સાવધાની ચુકાઈ જાય છે. આહાહા..! જેટલી મારા સ્વરૂપની સન્મુખતામાં સ્વભાવ સાવધાની છે એટલી ધર્મની દશા મારી છે. જેટલો સ્વભાવનો આશ્રય હોવા છતાં વિશેષ આશ્રયને છોડી દઈ અને પરના આશ્રયમાં જે વિકલ્પ રાગ ઉઠે છે એ બંધનું કારણ છે. પાગલપણું. અહીં તો આચાર્ય કહે (છે), પાગલપણું. આહાહા..! ગજબ કરી છે ને! અંતર આનંદમાં સમાવા માટે આ વિકલ્પને ઝેર કહીને... આહાહા..! છોડાવે છે.

'**શિષ્યાદિ બીજાઓને શીખવું છું-એવો સંકલ્પ કરું તે મારું ઉન્મત્તપણું-પાગલપણું છે, કારણ કે મારું વાસ્તવિક સ્વરૂપ તો નિર્વિકલ્પ છે અર્થાત્ બધા વિકલ્પોથી હું અગ્રાહ્ય છું.**' આહાહા..! એ વાણીથી પણ હું જણાઉં નહિ અને વાણી સાંભળતા જે વિકલ્પ ઉઠ્યો એનાથી જણાઉં નહિ એવી તો ચીજ છે મારી. આહાહા..! સમજાણું કાંઈ? '**પર છું.**' વિકલ્પ અને વાણીથી પર છું. '**આત્માનો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા છે.**' એ તો જાણનાર-દેખનાર છે. '**કોઈને શીખવવું યા તેનું ભલું-બૂરું કરવું એ વાસ્તવમાં આત્માનો સ્વભાવ નથી, કારણ કે 'કોઈ દ્રવ્ય અન્ય કોઈ દ્રવ્યનો કર્તા છે જ નહિ, પણ સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિણમે છે' એમ વિચારી સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા અંતરના વિકલ્પોને તોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે.**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૯, સોમવાર તા. ૦૬-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૧૯-૨૦, પ્રવચન - ૨૭**

એનું 'વિશેષ' :- **'વિકલ્પો દૂર કરી પરમાત્મતત્ત્વમાં લીન થવા માટે ઉપદેશ આપતાં શ્રી અમિતગતિ આચાર્ય કહે છે કે-'** અહીંયાં તો પરદ્રવ્યની કોઈ પર્યાય કરી શકતો નથી અને પરને સમજાવવાને માટે જે વિકલ્પ ઉઠે છે એ નુકસાનકારક છે. આહાહા..! અને તે વિકલ્પથી વાણી હું કરી શકું છું એ તો મિથ્યાત્વભાવ છે. પણ વિકલ્પને કરી શકું છું એ પણ મિથ્યાત્વભાવ છે. વિકલ્પની અસ્થિરતા થાય એ દોષ છે. મિથ્યાત્વભાવ નહિ. ધર્મી પોતાના અંતરાત્મામાં રહેવા માટે આમ વિચાર કરે છે અને ઉપદેશ એમ આપ્યો છે. એમ કહ્યું ને?

**'સંસારરૂપી ભયાનક જંગલમાં...'** આહાહા..! ચોર્યાસીના અવતાર સંસાર ભયાનક જંગલ, ભયાનક જંગલ. ક્યાં જઈને અવતરશે? વિકલ્પને કારણે સંસારમાં ક્યાં જઈને અવતરશે? અજ્ઞાની. જ્ઞાનીને તો ખબર છે કે વિકલ્પ છે એ દોષ છે. સમજાણું કાંઈ? આહાહા..! બાયડી, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો એ મારા છે અને હું એ કરી શકું છું, એવો જે વિકલ્પ ક્યાં સંસારમાં એને રખડાવશે?

મિથ્યાત્વરૂપી અંધકારમાં પડ્યો. આહાહા..! ચોર્યાસીના ભયંકર જંગલમાં પટકશે ઈ મિથ્યાત્વભાવ. પણ વિકલ્પ જે છે જરી અસ્થિરતાનો... આહાહા..! એ પણ સંસારને પ્રાપ્ત કરશે. ભવ પ્રાપ્ત કરાવશે. ચાહે તો તીર્થંકર ગોત્રનો વિકલ્પ હો. એ ભવ કરાવશે. આહાહા..! તીર્થંકરગોત્રનો વિકલ્પ પણ બે ભવ કરાવે. સ્વર્ગનો અને પછી છેલ્લો. બે ભવ તો ઓછામાં ઓછા કરાવે. ઓહોહો..! અહીંયાં તો સમ્યગ્દષ્ટિ પોતાના આત્મામાં સ્થિર થવા માટે એમ વિચારે છે કે પરને હું કંઈ કરી દઉં કે પરથી લઉં એવો જે વિકલ્પ એ તો મિથ્યાત્વ છે. પણ અસ્થિરતાનો જે વિકલ્પ છે એ પણ સંસારમાં ભવ કરાવે છે. આહાહા..!

**'દૂર કરીને...'** માટે વિકલ્પને દૂર કરી. આહાહા..! **'તારા આત્માને સર્વથી (દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી) ભિન્ન અનુભવ કરતાં...'** એને-સમ્યગ્દષ્ટિને આત્માને રાગથી, વિકલ્પથી ભિન્ન કરતા **'તું પરમાત્મતત્ત્વમાં લીન થઈ જઈશ.'** આહાહા..! બાહ્ય તરફ ઝુકતા વિકલ્પો એ રાગની લાગણી, એ સંસારના ભવ (કરાવશે), એ પોતે સંસાર છે. આહાહા..! વિકલ્પ છે અશુદ્ધ છે એ સંસાર છે અને ભવનું એ કારણ છે. ઓહો..! હું આત્મા આનંદ અને જ્ઞાન સ્વરૂપ છું, એમ વિકલ્પોને છોડી દઈને. આહાહા..!

**‘ભિન્ન અનુભવ કરતાં...’** જડ કર્મ, શરીર, વાણી અને ભાવકર્મ વિકલ્પ શુભ-અશુભ. એનાથી ભિન્ન અનુભવ કરતાં **‘તું પરમાત્મતત્ત્વમાં લીન થઈ જઈશ.’** પરમ સ્વરૂપ ભગવાન આત્મા... વિકલ્પને છોડી દઈશ તો સ્વરૂપમાં લીન થઈશ. તને આનંદનો લાભ થશે અને પરમ સ્વરૂપની સ્થિરતા તને પ્રાપ્ત થશે. આહાહા..! ભારે વાત, ભાઈ!

અહીં તો (અન્ય મતમાં) ભગવાને આમ કહ્યું હતું અને ભગવાને આમ કહ્યું છે. સ્ત્રીને છૂટ આપી ને.. અરે..! ક્યાં ક્યાં વાતું ભગવાનને નામે કરાવે છે. વેદના કરતા હતા બહુ, ભગવાને રોક્યા. પરને રોકે. ભાઈ! ભગવાનનો ઉપદેશ એમ નહોતો. એનો ઉપદેશ-એમાં વાણીમાં એમ હતું કે તું તો પર પદાર્થથી ભિન્ન છે માટે.. આવ્યું ને? એમાં આવી ગયું ને? **‘સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવે પરિણમે છે.’** આહાહા..! એમ ભગવાનનો ઉપદેશ હતો.

દરેક વસ્તુ તેને કાળે પોતાના સ્વભાવ એટલે પછી રાગરૂપ હો કે શુદ્ધરૂપ હો, એના સ્વભાવરૂપે પરિણમે છે એમ વિચારી સમ્યગ્દષ્ટિ અંતરાત્મા અંતરના વિકલ્પને છોડી સ્વરૂપમાં લીન થવા પ્રયત્ન કરે છે. સમજાય છે કાંઈ? આવું વીતરાગ માર્ગના સ્વરૂપમાં હતું. વીરે એમ વર્ણવ્યું હતું. આહાહા..! પ્રભુ! તું પરથી ભિન્ન છો. પરની ચિંતા તો નિરર્થક, તને નુકસાન કરનારી છે. પણ બીજાને માટે હું ધર્મ સમજાવું-પમાડું એવો જે વિકલ્પ પણ પ્રભુ! એ નુકસાન કરશે. આહાહા..!

માટે તારું હિત કરવું હોય તો... આહાહા..! સુખી થવું હોય તો ધર્મના પંથે પડવું હોય તો... આહાહા..! એ શુભ વિકલ્પો જે છે બીજાને સમજાવવાના કે બીજાથી સમજવાના- એ પણ વિકલ્પને છોડી દે. પ્રભુ! સ્વરૂપ તારું આનંદમય છે. આહાહા..! જ્ઞાન ને દર્શન ને આનંદ એવી તારી ચીજ છે. કારણ કે વસ્તુ નિર્વિકલ્પ છે. એવા વિકલ્પ દ્વારા તો અટકાયત થઈ જાય છે. આહાહા..! એને છોડી સ્વરૂપમાં-પરમાત્મસ્વરૂપ મહાપ્રભુ પરમ સ્વરૂપ શુદ્ધ નિત્યાનંદ પ્રભુ એવા પરમ સ્વરૂપમાં-લીન થાય છે. વિકલ્પને છોડીને. આહાહા..! આવો ઉપદેશ છે ભગવાનનો. આ તો આચાર્ય કહે છે. તત્ત્વમાં લીન થઈ જઈશ.

**‘ઉન્મત્તતા સંબંધી સ્પષ્ટતા.’** અહીં ઉન્મત્તતા કહી છે ને કે બીજાને ઉપદેશ કરું એવો વિકલ્પ, હોં! વાણીનો ધણી ભલે ન થાય. વિકલ્પનો ધણી ભલે ન થાય પણ વિકલ્પ આવે ને. અને બીજાથી હું સમજું એવો જે વિકલ્પ છે એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વની ઉન્મત્તતા છે. ગજબ વાતું છે. એ ઉન્મત્તતા,.. બીજાને સમજાવું તો મારાથી સમજે અને બોલું તો (બીજા) સમજે એ નહિ, પણ ફક્ત વિકલ્પ આવે છે એ અસ્થિરતાની ઉન્મત્તતા છે. સમજાણું કાંઈ?

**‘ઉન્મત્તતા બે પ્રકારની છે-એક શ્રદ્ધા અપેક્ષાએ અને બીજી ચારિત્ર અપેક્ષાએ.**

(૧) **શ્રી તત્ત્વાર્થસૂત્રમાં જે ઉન્મત્તતા દર્શાવી છે...'** તત્ત્વાર્થસૂત્રમાં છેલ્લા સૂત્રમાં ૩૨મું છે એમાં ઉન્મત્તતા બતાવી છે. '**તે શ્રદ્ધા અપેક્ષાએ છે. મિથ્યાદષ્ટિ સત્ અને અસત્નો ભેદ જાણતો નથી.**' મિથ્યાશ્રદ્ધાવંત, 'મારું સત્ સ્વરૂપ ચિદાનંદ છે અને રાગાદિ પરવસ્તુ અસત્ છે, મારામાં નથી.' આહાહા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર તો ક્યાંય રહી ગયા. પર એને અને આત્માને કાંઈ સંબંધ નથી. પણ આત્મામાં થતાં વિકલ્પો.. આહાહા..! એ વિકલ્પ નિશ્ચયથી સત્ નથી. સત્ એવા ભગવાન આત્માનું એ સ્વરૂપ નથી. એ અજ્ઞાની સત્ અને અસત્ના ભેદને-પૃથક્તાને જાણતા નથી. આહાહા..!

'**તે ઉન્મત્ત પુરુષની માફક પોતાની રુચિ અનુસાર વસ્તુને સમજે છે.**' એ પોતે પરમાં મારા માનું છું એ તો આસક્તિ છે. એમ માને. આસક્તિ પણ નહિ. આસક્તિ તો પરને પોતાનું ન માને છતાં અસ્થિરતાનો ભાવ આવે એનું નામ આસક્તિ છે. આહાહા..! બહુ એણે માંડી વાળવું પડશે. આહાહા..! ભાઈ! તારી ચીજ અંદર સ્વરૂપ વીતરાગ મૂર્તિએ બિરાજમાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે. એમાં પરને પોતાના માનવા, રાગને પોતાનો માનવો, શરીરને પોતાનું માનવું, સ્ત્રી-કુટુંબ-પરિવાર જે તદ્દન ભિન્ન એને કારણે આવ્યા, એને કારણે જાય અને એને કારણે ટક્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

પાગલનું દૃષ્ટાંત નથી આપ્યું? એક પાગલ હતો. તે ગામ બહાર નીકળ્યો. પથરો-બથરો હશે મોટો, બેઠો થોડી વાર. અને ત્યાં આવ્યા રાજા અને સેના. રાજા ને રાણી ને હાથી ને ઘોડા આવ્યા. આ મારા.. મારા.. મારા.. પણ ક્યાં છે? શું છે? દસ વાગ્યાનું ટાણું. નદીમાં પાણી (હતું) એટલે ખાવું હોય એ ખાઈને, પાણી પીવું અને બે કલાક વિસામો લેવો હોય. ચાર વાગે જોડી દે પાછુ, એમાં ઓલો ગાંડો બેઠો હતો તો કહે, જુઓ! આ મારો રાજા આવ્યો, આ રાણી મારી છે, આ આ છોકરા, નોકર છે, પાયદળ છે, આ હાથી છે.

એમ આ આત્મા જ્યાં આવ્યો ત્યાં શરીર આવ્યું, બાયડી આવી, છોકરા આવ્યા, પૈસા આવ્યા (એ) મારા. પણ ક્યાં હતા તારા? એ તો પર ચીજ એને કારણે આવી. આહાહા..! મલૂકચંદભાઈ! ભારે. મોક્ષમાર્ગ પ્રકાશકનો દાખલો આપ્યો છે. આહાહા..! પાગલ બેઠો નદીને કાંઠે. ત્યાં નદીના પાણી ભાળીને સેના ઉતરી ખાવા. આહાહા..! મારો રાજા. એમ જ્યાં જન્મ્યો ત્યાં શરીર મારું, મોટો થયો ત્યારે બાયડી મારી અને છોકરો થયો તો છોકરા મારા. એ તો લશ્કર એને કારણે આવ્યું છે, કાંઈ તારે કારણે નથી આવ્યું. ભારે કામ આકરું.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથનો હુકમ છે. આહાહા..! એ ચીજ તો એને કારણે ત્યાં આવી છે અને એને કારણે વર્તમાન પરિણમીને રહી છે. તારે કારણે આવી નથી અને તારે કારણે તે પરિણમતી નથી. આહાહા..! એની મુદ્દત થઈ. બે વાગ્યા, ત્રણ વાગ્યા ત્યાં

ચાલવા માંડ્યા ઓલા. ત્યારે ગાંડો કહે છે કે કેમ જાવ છો? હાથી હાલવા માંડ્યા. કેમ જાવ છો પૂછ્યા વિના? ઓલા કહે, ગાંડો લાગે છે આ. આહાહા..! એમ મુદ્દત જ્યાં પૂરી થાય તો સ્ત્રી મરે, દીકરો મરે, બાયડી મરે, છોકરા મરે. એ તો એની મુદ્દતે ત્યાં આવ્યા હતા અને મુદત લઈને ત્યાં રહ્યા હતા અને મુદ્દત પૂરી થતાં ચાલ્યા જાય છે. આહાહા..! પોપટભાઈ! ભારે આકરું. આહાહા..! આવા કરોડો રૂપિયા, બંગલા, છ-છ છોકરાઓ બાપુજી-બાપુજી કરે, આ બધું આવ્યું છે, નવું નથી આવ્યું? આહાહા..! પણ પાગલ (છે), કહે છે. આ મિથ્યાદષ્ટિ પાગલ, હોં! મારા હોય ઈ આવેને ભાઈ મારી પાસે. એ મારા અંગિતો છે એમ કહે છે ને? આ અમારા અંગિત માણસો છે. ધૂળેય નથી અંગિત. તારા અંગ હોય એ જુદા રહે? આહાહા..!

તારા અંગિતો જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ તારા અંગિત (છે). આહાહા..! એને ઠેકાણે કુટુંબ ને મિત્રો સારા મળે તો અમારા અંગિત માણસો. અમારા હિતના ઈચ્છનારા છે. અમારે દુઃખ કાળે આવી પહોંચે મદદ કરવા. ધૂળેય નથી આવતા, સાંભળને! આવે તો એને કારણે આવે. એમાં તારું દુઃખ ઈ ક્યાં મટાડે? આહાહા..!

'**મિથ્યાદષ્ટિ સત અને અસત્નો ભેદ જાણતો નથી. તે ઉન્મત્ત પુરુષની માફક પોતાની રુચિ અનુસાર વસ્તુને સમજે છે. જેમ મદિરા પીને ઉન્મત્ત થયેલો પુરુષ...**' દારૂ પીને ગાંડો થયેલો પુરુષ '**માતા-પત્નીનો ભેદ જાણતો નહિ...**' દારૂના ઘેનમાં, આ મારી મા કે આ મારી પત્ની એમ જાણતો નથી. સ્ત્રીનો વેષ જાણે છે. આહાહા..! '**કદી માતાને પત્ની અને પત્નીને માતા કહે છે..**' દારૂના ઘેનમાં. આહાહા..! કપડા સરખા દેખીને. આહાહા..!

બોટાદમાં બન્યું હતું. એક મોઢ હતો મોઢ છોકરો. એને નવી મા હતા. નવી મા. લૂગડા પહેરેલા એની નવી માએ એની સ્ત્રીના. સ્ત્રી ગયેલી ધોવા. લૂગડા લઈને ધોવા ગયેલી. અને એની મા હતી-નવી મા. એની સ્ત્રીના લૂગડા પહેરીને સૂતી હતી. એમાં આને વિષયની વાસના આવી ત્યાં. પાટુ માર્યું. એની મા સમજી ગઈ. બેટા! વહુ ન્હાવા ગયા છે. લૂગડા સ્ત્રીના પહેરેલા એની બાયડીના. એટલે એને એમ થયું કે આ છે. આમ જોવા આવે ત્યાં ઓલી સમજી ગઈ. બેટા! વહુ ગયા છે ન્હાવા. વૃત્તિ અટકી ગઈ ફટ દઈને.

એમ જગતના પ્રાણી જે જગતની ચીજ છે એને સરખાઈની જરીક આવે એટલે મારા. તો એ ચીજ કહે છે, બાપુ! હું તો મારે કારણે આવી છું, તું શું કરવા મથે છે? આહા..! એમ જેને ભાન થાય એને પરની વૃત્તિ, મારા છે એ વૃત્તિ અટકી જાય છે, ફટ દઈને. ચાહે તો શરીર સુંદર હો કે વાણી હો. આહાહા..! એ મકાન ને પૈસાના પથારા હો. આહા..!

પણ એ તો પર છે, પ્રભુ! મારી નહિ ચીજ એ. મારામાં નહિ. એમાં હું નહિ. એ મારામાં નહિ. આહાહા..! આવી દૃષ્ટિ થતાં એને પરને મારાપણામાં ઉન્મત્તપણાનું ગાંડપણું નાશ થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**રુચિ અનુસાર વસ્તુને સમજે છે. જેમ મદિરા પીને ઉન્મત થયેલો પુરુષ માતા–પત્નીનો ભેદ જાણતો...**' નથી. એની મા હતી નવી. પણ લૂગડા પત્નીના પહેરેલા એટલે આ પત્ની છે એમ થઈ ગયું એને. આહાહા..! ઓલી બાઈ પણ ખાનદાન. ભાઈ! વહુ ગયા છે ન્હાવા. આહાહા..! અહીં કહે છે કે પરવસ્તુને તું (મારી) માને છો. ભગવાન એમ કહે છે કે એ તો એને કારણે પરિણમીને આવે છે. તું કેમ મારી માનીને બેઠો? આહાહા..! સમજાણું કાંઈ? ધર્મદૃષ્ટિ બાપુ! આકરી છે. એમાં સામાયિક કર્યા, પોષા કર્યા, પડિક્કમણા કર્યા અને ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી. મિથ્યાત્વ ત્યાં પોષાય છે. આહાહા..! શરીરની ક્રિયા રજકણો એને કારણે આવ્યા છે. એની ક્રિયા થતાં એ મારી થાય છે અને હું એને કરું છું... આહાહા..! (એ) મિથ્યાદૃષ્ટિનો ઉન્મત્ત ભાવ છે ગાંડપણાનો. પાગલ છે. સમજાણું કાંઈ?

'**અને કોઈ વખત તે પત્નીને પત્ની અને માતાને માતા પણ કહે છે, છતાં તે...**' ગાંડપણાથી કહે છે. મદિરાના ઘેનમાં કહે છે. એની સાચી વાત નથી. આહાહા..! '**છતાં તે ઠીક સમજીને તેમ કહે છે એમ નથી. તેવી રીતે મિથ્યાદૃષ્ટિને...**' દૃષ્ટિ જેની વિપરીત છે એ '**વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી...**' આહાહા..! જુઓને! સવારમાં આવ્યું હતું. દરેક દ્રવ્યની પર્યાય, છે એમાંથી આવે છે. આહાહા..! અને નથી ને થાય છે તોપણ એ અન્વયના સંબંધથી થાય છે. અન્વય નામ દ્રવ્ય અને એની શક્તિ છે. ત્રણ વાત વર્ણવી. દ્રવ્ય-ગુણ અને પર્યાય. દ્રવ્યની અન્વય શક્તિ વડે એ પોતે વ્યતિરેક અન્વય શક્તિને પામે છે. આહાહા..! એ પર્યાય નવી થાય એ એના ગુણને પામે છે અને ગુણ તો દ્રવ્યમાં છે. હવે કઈ સમયની પર્યાય તારાથી પરની થાય? અને તારી પર્યાય ક્યે સમયે પરથી થાય? આહાહા..! આવી મૂળ વાતની ખબર ન મળે. આ તત્ત્વની, સત્‌ના સ્વરૂપની ખબર ન મળે. અને (માને કે) ધર્મ કરે અને અમે ધર્મ કરીએ. પૈસા દે તો પૈસાનું અભિમાન, પૈસા અમારા, અમે ખર્ચીએ છીએ. મિથ્યાદૃષ્ટિની ઉન્મત્તતા-ગાંડપણ-ઘેલછા છે. આવો અર્થ છે. અમારા મકાન, અમે આપીએ છીએ જાઓ, ધર્મમાં, ધર્મશાળામાં. ભગવાન! મકાન જ ક્યાં તારા છે? આહાહા..! અને આપું છું આને (મકાનને), દાનમાં જા. એ મિથ્યાત્વની ઘેલછા છે. '**વિકલ્પો મિથ્યા માન્યતાના કારણે ઉન્મત્ત પુરુષના જેવા હોય છે.**'

'(૨) **પ્રસ્તુત શ્લોકમાં...**' ચાલતા શ્લોકમાં. ૧૯મા શ્લોકમાં. '**જે ઉન્મત્તતા દર્શાવી છે તે અંતરાત્માની ચારિત્ર અપેક્ષાએ છે,...**' પરને માનવાની અપેક્ષાએ એ નથી. આહાહા..!

હવે સ્ત્રીને તો અર્ધાંગના કહે છે જગત. અડધું અંગ એ અને અડધું અંગ એ. એમ હશે? અમારા ઘરેથી. એમ નથી કહેતા? કોણ છે? અમારા ઘરેથી. અમારે ઘરેથી એટલે શું? આહાહા..! એ માન્યતા તો મિથ્યાત્વની ઘેલછા છે કહે છે.

અહીંયાં જે કહેવા માગે છે એ સમ્યગ્દષ્ટિને પરની માન્યતાનો મિથ્યાત્વનો નાશ થયો છે, સ્વ સ્વરૂપે હું છું, એમાં બીજી ચીજ કોઈ મારી નથી. મારી છે તે મારામાં પરિપૂર્ણ પડી છે. આહાહા..! એવી દષ્ટિવંતને પણ આ જે ઉપદેશ દેવાનો વિકલ્પ છે એને ઉન્મત્ત ચારિત્રદોષની અપેક્ષાએ કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શ્રદ્ધા અપેક્ષાએ નથી;...**' આમાં જે કીધું એ શ્રદ્ધા અપેક્ષાએ નહિ. એ તો વિકલ્પ ઉઠ્યો, એટલી વાત છે અસ્થિરતાની. પણ એને હું સમજાવી શકું છું એ વાત તો દષ્ટિમાં છે નહિ. એમ પોતે સાંભળવામાં વિકલ્પ છે છતાં એ સાંભળું છું, ત્યાંથી મારી જ્ઞાનદશા આવે છે-થાય છે એમ નથી. આહાહા..! મારી જ્ઞાનની પર્યાયનો પ્રવાહ તો અંતરમાં દષ્ટિ મારી છે, જ્યાં વસ્તુ છે ત્યાંથી આવે છે. તેથી એને વિકલ્પની શ્રદ્ધાનો દોષ નથી. આહાહા..! ગણધર પણ સાંભળે છે. આહાહા..! પણ એ સાંભળવામાં જે વિકલ્પ છે... આહાહા..! એને ભાન છે કે આ વિકલ્પ છે અને આ સાંભળું છું માટે અંદરની ગુણની નિર્વિકારી પર્યાય થશે—એમ નથી અમે માનતા. આહાહા..! ભારે વાત, ભાઈ! એની દષ્ટિમાં તો આ જે કાંઈ પર્યાય પ્રવહે નિર્મળ એ દ્રવ્યની મારી દષ્ટિ છે. વસ્તુની મહાસત્તાની મને શ્રદ્ધાની પ્રતીત થઈ છે સ્વસન્મુખમાં, એમાંથી આવશે. એથી એ વિકલ્પ સાંભળવાનો એ મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? આહાહા..! આવી વાત તો ભારે. હા..હો..હા..હો. અત્યારે તો.

કહે છે કે એ સમ્યગ્દર્શનમાં પણ આવો જે વિકલ્પ ઉઠે એ ચારિત્રનો દોષ છે. સમજાણું કાંઈ? સ્ત્રીના વિષય વખતે પણ સમકિતીને જે વિકલ્પ ઉઠે છે એ એને દુઃખરૂપ ભાસે છે. આમાં મને મઝા પડે છે એવી દષ્ટિ તો ગઈ છે. મઝા તો મારા આનંદસ્વરૂપમાં આવું છું ત્યારે મને મઝા પડે છે. એવી ધર્મીને દષ્ટિ હોવાથી વિષયના ભોગકાળમાં પણ વૃત્તિ જે ઉઠી છે એમાં મઝા છે એવું એ માનતો નથી. તેથી તે શ્રદ્ધાના ઉન્મત્તપણાનો દોષ નથી. આહાહા..! પણ અસ્થિરતાના ચારિત્રનો દોષ છે. આહાહા..!

શ્રદ્ધાદોષ અને ચારિત્રદોષ વચ્ચે મોટો આંતરો છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગ છે એ મારો છે અને મને તેમાં મજા પડે છે અથવા વિષયના કાળમાં સ્ત્રીના શરીરના સંગથી મને મજા પડે છે એ મિથ્યાદષ્ટિનો મિથ્યાત્વ દોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? કાને પડ્યું કે આજ પાંચ લાખ પેદા થયા. સટ્ટામાં કે આ જે કંઈ કરતા હોય, મોટા ધંધા હોય તો થાય. એ સાંભળતા એને હરખ આવે છે કે આહાહા..! 'મને મળ્યા'. એ મિથ્યાત્વનો દોષ

છે. પણ એ મળ્યા મને નથી. મારા પુણ્યને કારણે એ આવ્યા. એની જે વૃત્તિ ઉઠી આસક્તિની, મારા નહિ પણ એવી વૃત્તિ ઉઠી એ ચારિત્ર દોષ. આહાહા..! પોપટભાઈ! આહાહા..!

'**જ્ઞાનીને પણ અસ્થિરતાના કારણે તેવા વિકલ્પો ઊઠે છે,...**' એવી વૃત્તિ હોય છે. '**પણ અભિપ્રાયમાં તેને તેનો આદર નથી.**' આહા..! અરે..! આ મારા પુરુષાર્થની કમીને લઈને આ આવ્યો છે. અભિપ્રાયમાં એનો આદર નથી. આહાહા..! ચાહે તો શુભ હો કે અશુભ હો. આ ધર્મદેશના ભગવાનના ઘરની વાતું આવી છે. આહાહા..! આ વસ્તુ છે. '**અભિપ્રાયમાં તેને તેનો આદર નથી.**' આહાહા..! અશુભભાવ હો કે શુભભાવ હોય, એ આસ્રવતત્ત્વ છે, એની જ્ઞાનીને એકતા નથી. એકતા નથી. પૃથક્તા વર્તે છે. આહાહા..! આવો માર્ગ છે.

'**જ્યાં સુધી વિકલ્પ ઊઠે ત્યાં સુધી નિર્વિકલ્પ થઈ શકાતું નથી.**' એવી જે વૃત્તિ ઉઠે અસ્થિરતાની.. આહાહા..! ત્યાં સુધી અંતરમાં નિર્વિકલ્પ આનંદની વેદન દશા થવી એ થતી નથી. એટલું વિઘન કરે છે. હવે અહીં (અજ્ઞાની) કહે છે કે શુભ કરતાં કરતાં નિશ્ચય થાય. રાગ કરતાં કરતાં અરાગી દશા થાય. ઘણી વિપરીત માન્યતા. વ્યવહારથી નિશ્ચય થાય એ ગોતે શાસ્ત્રમાંથી. આહાહા..! બાપુ! એ તો વ્યવહાર ત્યાં હતો કષાયની મંદતાનો, તેનું લક્ષ છોડી દઈ, કોનું લક્ષ એણે છોડ્યું અને ક્યાં એ ગયો બતાવવા ક્યાંક એમ કહ્યું હોય કે વ્યવહારથી આ થાય. એ વ્યવહારનયના વચનો છે, જૂઠી નયના વચન છે એ. આહાહા..! સમજાણું કાંઈ?

પણ અંદર ભગવાન આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે લાભ થાય એ તો અંતરમાંથી થાય છે. છે એમાંથી થાય છે અને નથી પર્યાય અને થઈ તોપણ તે ગુણ ને દ્રવ્યને સંબંધે રાખીને થાય છે. એને છોડીને થતું નથી. આહાહા..! ભારે આવો ઉપદેશ! '**તેથી આચાર્યે વિકલ્પ તોડીને...**' પૂજ્યપાદસ્વામી આચાર્ય વીતરાગી સંત હતા. '**આત્મસ્વરૂપમાં લીન થવા માટે નિર્દેશ કર્યો છે; અને અંતરાત્માની ભૂમિકાના વિકલ્પોને ચારિત્ર અપેક્ષાએ ઉન્મત્તપણું કહ્યું છે.**' આહાહા..!

અંતરાત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, એના ભાનની ભૂમિકામાં.. આહાહા..! એ વિકલ્પને ચારિત્રની અપેક્ષાએ ઉન્મત્તપણું કહ્યું છે. ભારે ખુલાસો કર્યો છે. સાધારણ માણસ પકડી શકે. શ્રીમદ્‌માં પણ આવે છે. જ્ઞાનીને ઉન્મત્ત અવસ્થા થઈ હોય તોપણ એનું ધ્યાન ત્યાં છે. એ ભાષા આવે છે, ચારિત્રની અપેક્ષાએ. પાઠ તો કોઈ વખતે આમાં હોય, ક્યાંક એવી વસ્તુ.. બહારમાં એવું દેખાય, છતાં એને અંતરમાં તો અંતરાત્મા તરફનું જ વલણ છે. એ કહે છે અંદર. ખબર છે? ... એમ તો શ્રીમદ્દે ઘણું કહ્યું છે પણ જરી આ બહારનું રહી

ગયું. શ્વેતાંબર અને દિગંબરની ભિન્નતા રહી ગઈને એટલે લોકો પકડમાં છોડતા નથી. ભાઈ! અહીં તો માર્ગ તો જેવો વીતરાગનો કહ્યો એ હોવો જોઈએ. આહાહા..!

ત્યાં તો એમ કહ્યુંને કે વસ્ત્રનો ધાગો રાખીને, ટૂકડો રાખીને મુનિપણું માને તે નિગોદમ્ ગચ્છઈ-નિગોદ જશે. કેમ કે એણે આખા નવેય તત્ત્વની વિપરીત દૃષ્ટિ કરી નાખી. એમ કહ્યું. હવે એ વસ્ત્ર-પાત્ર આટલા રાખવા, આટલા ધોવા એને મુનિપણું. આહાહા..! બહુ વિરૂદ્ધ થઈ ગયું. પવૈયાજી! હવે તો શું કરે? હવે તો આવી ગયા. પહેલાં ... આહાહા..! એવો માર્ગ છે, હોં! એવું વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

કોઈ એમ કહે કે એ તો ચારિત્રદોષ છે. અહીં બચાવ કરીને આ કહે. વસ્ત્ર-પાત્ર રાખવા (પણ) મૂર્ચ્છા ન રાખવી. કેમ કે મૂર્ચ્છા એ પરિગ્રહ કહ્યો છે. ભાઈ! પ્રવચનસારમાં તો કહ્યું છે ભગવાન કુંદકુંદાચાર્યે કે પરની હિંસાનો કદાચિત્ ભાવ ન હોય અને હિંસા થઈ, છતાં એનો દોષ લાગે નહિ. અપ્રમત્તભાવ... પણ પરિગ્રહ તો એક કણ પણ રાખે તો પાપબંધન છે એને. છે ને? આહાહા..! એ પક્ષથી નથી કહ્યું. વસ્તુના સ્વરૂપમાં એ સ્થિતિ છે. કે બાહ્ય પદાર્થને રાખવાની વૃત્તિ છે તેમાં મુનિપણું નથી. આહાહા..! અમે બાહ્ય વસ્તુ છોડીને બેઠા માટે મુનિપણું છે એમ પણ નથી. આહાહા..!

આ તો ભગવાન આત્મા અંતર સ્વરૂપ આનંદનો જ્યાં અનુભવ છે, સમ્યક્ અનુભવ થયો છે એનું સ્વસંવેદનજ્ઞાન થયું છે સ્વના સમીપથી, એને સ્વસન્મુખમાં સ્થિરતા થઈને જે ચારિત્ર થાય એને વિકલ્પ હોય તો અઠ્યાવીસ મૂળગુણનો હોય એ ચારિત્રદોષ. અને એની દશા હોય તો નગ્ન જ હોય. પણ એ નગ્નપણું અને વિકલ્પ છે એ મુનિપણું છે એમ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ!

ત્યાં તો કહ્યું હતું કે જેનો.. આમાં જ આવશે આગળ. જેને બાહ્ય પરિગ્રહ ન હોય એવો વેશનો આગ્રહ, એ વેશનો આગ્રહ છે તે પણ મુક્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? આવશે ગાથા. આગમમાં આગ્રહ હોય જેને કે આ હોય અથવા ન હોય, આ ન હોય એવું નગ્નપણું તેવો આગ્રહ હોય કે આનાથી મોક્ષ થશે, એ આગ્રહ ખોટો છે. એ આગ્રહ છોડી દે. નગ્નપણું અને વિકલ્પ જે છે પંચ મહાવ્રતનો એ મોક્ષનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે અંદર, હોં! આગળ આવશે. એ ભાઈ કહેતા. લાલન. પંડિત લાલન ... જુઓ! આમાં સમાધિશતકમાં એમ કહ્યું છે કે વેષનો આગ્રહ ન રાખવો કે નગ્નપણું હોય, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હોય એવો આગ્રહ ન રાખવો. ગમે તે હોય. એમ નથી કહ્યું કીધું ત્યાં. સાંભળને. લાલન હતા ને? તમારા ઘરમાં રહેતા હતા. ઈ એમ કહેતા. ખીચડો બહુ કરે.

એ તો કહે છે કે એ નગ્નપણું અને વિકલ્પ જે છે વ્યવહારનો એ મુક્તિનું કારણ છે એમ

માને એનો આગ્રહ છોડાવ્યો છે. પણ એથી નિમિત્ત બીજું હોય, સ્વરૂપની દૃષ્ટિ અને ચારિત્ર અંદર પ્રગટ્યું અને વિકલ્પ મુનિપણા સિવાયનો, પંચ મહાવ્રત સિવાયનો બીજો હોય કે નગ્નપણા સિવાય પણ હોય, એમ ન હોય એટલું સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ આમાં.

---

तदेव विकल्पातीतं स्वरूपं निरुपयन्नाह–

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम्।।२०।।

टीका :– यत् शुद्धात्मस्वरूपं। अग्राह्यं कर्मोदयनिमित्तं क्रोधादिस्वरूपं। न गृह्णाति आत्मस्वरूपतया न स्वीकरोति। गृहीतमनन्तज्ञानादिस्वरूपं। नैव मुञ्चति कदाचिन्न परित्यजति। तेन च स्वरूपेण सहितं शुद्धात्मस्वरूपं किं करोति? सर्वथा द्रव्यपर्यायादिसर्वप्रकारेण। तदित्थम्भूतं स्वरूपं स्वसंवेद्यं स्वसंवेदनग्राह्यम् अहमात्मा अस्मि भवामि।।२०।।

---

તે જ વિકલ્પાતીત (નિર્વિકલ્પ) સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે :-

શ્લોક - ૨૦*

અન્વયાર્થ :- (यत्) જે એટલે શુદ્ધ આત્મસ્વરૂપ (अग्राह्यं) અગ્રાહ્યને અર્થાત્ ક્રોધાદિસ્વરૂપને (न गृह्णाति) ગ્રહણ કરતું નથી અને (गृहीतं अपि) ગ્રહણ કરેલાને અર્થાત્ અનંતજ્ઞાનાદિ ગુણોને (न मुञ्चति) છોડતું નથી તથા (सर्वं) સંપૂર્ણ પદાર્થોને (सर्वथा) સર્વ પ્રકારે એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે (जानाति) જાણે છે, (तत् स्वसंवेद्यं) તે પોતાના અનુભવમાં આવવા યોગ્ય ચૈતન્ય દ્રવ્ય (अहं अस्मि) હું છું.

ટીકા :- જે એટલે શુદ્ધાત્મસ્વરૂપ છે, તે અગ્રાહ્યને અર્થાત્ કર્મોદય નિમિત્તે (થયેલા) ક્રોધાદિરૂપને ગ્રહતું નથી એટલે તેને આત્મસ્વરૂપપણે સ્વીકારતું નથી અને ગ્રહણ કરેલા અનંતજ્ઞાનાદિ સ્વરૂપને છોડતું જ નથી એટલે ક્યારેય પણ તેનો પરિત્યાગ કરતું નથી. આવા સ્વરૂપવાળું શુદ્ધાત્મસ્વરૂપ શું કરે છે? જાણે છે. શું જાણે છે? સર્વ ચેતન યા અચેતન વસ્તુને (જાણે છે). કેવી રીતે જાણે છે? તે સર્વથા અર્થાત્ દ્રવ્ય-પર્યાયાદિ સર્વ પ્રકારે (જાણે છે). તેથી આવું સ્વસંવેદ્યસ્વરૂપ એટલે સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ

---

* जो णिय भाउ ण परिहरइ जो पर-भाउ ण लेइ।
जाणइ सयलु वि णिच्चु पर सो सिउ संतु हवेइ।।१८।।

(પરમાત્મપ્રકાશ-અ.૧/૧૮)

તે હું-આત્મા છું.

ભાવાર્થ :- શુદ્ધાત્મા એ અનુભવગમ્ય ચૈતન્ય દ્રવ્ય છે. તે નહિ ગ્રહણ કરવા યોગ્ય રાગ-દ્વેષાદિને ગ્રહણ કરતું નથી, અને ગ્રહણ કરેલા આત્તમિક ગુણોને-અનંતજ્ઞાનાદિ ગુણોને-છોડતું નથી. તે સંપૂર્ણ પદાર્થોને સર્વથા-દ્રવ્યગુણ-પર્યાય સહિત-જાણે છે.

'જે નિજ ભાવને છોડતો નથી, કાંઈપણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે-દેખે છે, તે હું છું-એમ જ્ઞાની ચિંતવે છે.'[1]

## વિશેષ

આત્મા પર દ્રવ્યને જરા પણ ગ્રહતો નથી તથા છોડતો નથી કારણ કે પર નિમિત્તના આશ્રયે થયેલા-પ્રાયોગિક ગુણના સામર્થ્યથી તેમ જ સ્વાભાવિક-વૈસ્નસિક ગુણના સામર્થ્યથી આત્મા વડે પર દ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.[2]

આત્માને પર દ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કહેવો એ તો વ્યવહારનયનું કથનમાત્ર છે. નિશ્ચયનયે તો તે પર દ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કરી શકતો જ નથી. જ્યારે જીવ આત્મસ્વરૂપમાં લીન થાય છે, ત્યારે રાગાદિ વિકારો સ્વયં છૂટી જાય છે; તેને છોડવા પડતા નથી. અને આત્મિક ગુણો સ્વયં પ્રગટ થાય છે.

વળી આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય ત્યારે આત્માના જ્ઞાનગુણની પર્યાય પણ કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. આ કેવળજ્ઞાનનો એવો અનંત મહિમા છે કે તે અનંત દ્રવ્યોના અનંત ગુણોને અને તેમની ત્રિકાલવર્તી વિકારી-અવિકારી અનંત પર્યાયોને સંપૂર્ણપણે એક જ સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે.

જ્ઞાન પર પદાર્થોને જાણે છે-એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથનત છે. વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતા સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે એવી જ્ઞાનની નિર્મળતા-સ્વચ્છતા છે.

વળી તે આત્મસ્વરૂપ સ્વસંવેદ્ય છે અર્થાત્ પોતાના આત્માના જ અનુભવમાં આવે

---

* णियभावं णवि मुच्चइ परभावं णेव गेण्हए केइं।
जाणदि पस्सदि सव्वं सोहं इदि चिंतए णाणी।।९७।। (श्री સમયસાર, ગાથા-૯૭)

૨. જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,
એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે.
(શ્રી સમયસાર-ગુ.આવૃત્તિ, ગાથા-૪૦૬)

જુઓ : શ્રી પ્રવચનસાર ગાથા-૩૨ અને શ્રી સમયસાર કલશ-૨૩૬.

૩. જુઓ : શ્રી પ્રવચનસાર ગાથા-૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૭, ૪૮, ૪૯, ૫૧.

તેવું છે. ગુરુ, તેમની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્ય-ધ્વનિ પણ તેનો અનુભવ કરાવી શકે તેમ નથી. જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય. તે સ્વાનુભવ-ગોચર છે. આત્મા પોતે જ તેને ઓળખી, અનુભવ કરી શકે.

એ રીતે વાસ્તવમાં આત્માને પરદ્રવ્યનાં તથા રાગાદિનાં ગ્રહણ-ત્યાગ નથી; તે સર્વજ્ઞ છે અને માત્ર સ્વાનુભવ-ગોચર છે. ૨૦.

## શ્લોક-૨૦ ઉપર પ્રવચન

'તે જ વિકલ્પાતીત (નિર્વિકલ્પ) સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે :-' ૨૦મી ગાથા. નિર્વિકલ્પ સ્વરૂપનું નિરૂપણ કરતાં કહે છે.

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम्।।२०।।

**'જે એટલે શુદ્ધ આત્મસ્વરૂપ...'** છે. શુદ્ધ સ્વરૂપ ચૈતન્યઘન પ્રભુ નિર્મળાનંદનું સહજ સ્વરૂપ છે આત્માનું એ **'અગ્રાહ્યને અર્થાત્ ક્રોધાદિસ્વરૂપને ગ્રહણ કરતું નથી...'** આહાહા..! કર્મના નિમિત્તે થયેલા રાગાદિ ભાવને ગ્રહતું નથી. આહાહા..! રાગને જેણે ગ્રહ્યો નથી એવું એ સ્વરૂપ છે. પરવસ્તુને ગ્રહી છે તો છોડું છું એવું તો ત્યાં નથી. ભાઈ! આહાહા..! એનો અર્થ એવો કરી નાખે કોઈ કે નગ્નપણું ન હોય, વિકલ્પ પંચ મહાવ્રતના ન હો, વસ્ત્રનો વિકલ્પ હોય, વસ્ત્ર સહિત હોય તોપણ એને મુનિપણું આવે, હોય. એમ નથી. આહાહા..! ભારે આકરું.

વસ્ત્ર છૂટી ગયા છે, નગ્નપણું થઈ ગયું છે, પંચ મહાવ્રતના વિકલ્પ છે માટે મુનિપણું છે એમ નથી. સમજાણું કાંઈ? કેમ કે એણે રાગ ગ્રહ્યો જ નથી. આહાહા..! છોડે શું? આહાહા..! શુદ્ધાત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્ઞાનનો સાગર ચૈતન્ય. જ્યાં જ્ઞાનની દશા જ ઉછળે છે, એના તરંગો જ્ઞાનની જાતના ઉઠે છે એવા ભગવાન આત્માએ રાગ અને પરને ગ્રહ્યું નથી. અગ્રાહ્ય છે. આહાહા..! કર્મોદય નિમિત્તે ક્રોધાદિરૂપ ગ્રહે છે એટલે કે તે આત્મસ્વરૂપ છે એમ સ્વીકારતો નથી. શુદ્ધાત્મ સ્વરૂપ છે એવું જ્યાં દૃષ્ટિમાં સમ્યક્ થયું એ કર્મના નિમિત્તે થતા રાગાદિ એને આત્મસ્વરૂપપણે સ્વીકારતું નથી. પંચ મહાવ્રતના પરિણામ અને નગ્ન જડની-અજીવની દશા એને શુદ્ધ સ્વરૂપમાં સ્વીકારતું નથી, એ મારું નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અને **'ગ્રહણ કરેલાને અર્થાત્ અનંતજ્ઞાનાદિ ગુણોને છોડતું નથી...'** આહાહા..!

ભગવાન આત્મામાં અનંત જ્ઞાનસ્વભાવ, અન્વય શક્તિ ધ્રુવ એવા અનંત જ્ઞાનને જે ગ્રહ્યું છે એટલે અનંત જ્ઞાનમય છે એને કોઈ દિ' છોડતું નથી. અગ્રાહ્યને ગ્રહતું નથી અને ગ્રહ્યું છે તેને છોડતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આવો ઉપદેશ એટલે.. પણ લોકો હવે સાંભળે છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ! ચોર્યાસીના ભવભ્રમણમાં બાપુ! દુઃખી થયો છે, ભાઈ! મિથ્યાત્વને લઈને નરક ને નિગોદના ભવો કરીને અસહ્ય એવા દુઃખોને સહ્યા છે. ભાઈ! તું ભૂલી ગયો. બહારના આ પથારા દેખી અને ભૂલી ગયો કે હું દુઃખી હતો. આહાહા..! કંઈક શરીર ઠીક, પૈસા ઠીક, ઇન્દ્રિયો ઠીક (મળી), એ ઠીકમાં ભૂલી ગયો. આહાહા..!

કહે છે, પણ એ જેને તું ઠીક કહે છે ગ્રહ્યું નથીને જીવે. આહાહા..! અરે..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને ભગવાન શુદ્ધ સ્વરૂપે ગ્રહ્યો નથી. સમજાણું કાંઈ? આહાહા..! અને જે શુદ્ધ સ્વરૂપમાં શુદ્ધ જ્ઞાન-દર્શન-આનંદ આદિ જે શક્તિઓ છે એને કોઈ દિ' એણે છોડી નથી. ગુણીએ ગુણને છોડ્યા નથી. આહાહા..! અને ગુણીએ રાગને, પરવસ્તુને કોઈ દિ' ગ્રહી નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે ને?

**'ગ્રહણ કરેલાને અર્થાત્ અનંતજ્ઞાનાદિ ગુણોને...'** ઓહોહો..! વસ્તુ છે આત્મા એ તો સ્વભાવવાન છે. પણ એનો સ્વભાવ અનંત જ્ઞાન છે. વર્તમાનમાં, હોં! જેનો જ્ઞાનસ્વભાવ એને હદ શી? એને મર્યાદા શી? જેનો શ્રદ્ધાસ્વભાવ એને હદ શી? જેનો આનંદસ્વભાવ એને મર્યાદા શી? આહાહા..! એવા આત્મામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત દર્શન, અનંત સ્વચ્છતા, અનંત જીવતરશક્તિ વગેરે અનંત કર્તા, અનંત કરણ એવી શક્તિઓ એ જીવે છોડી નથી કોઈ દિ'. આહાહા..! એ ગુણીએ ગુણને છોડ્યા નથી. અને એ ગુણીએ રાગને ગ્રહ્યા નથી. આહાહા..! આવી વાતું છે, ભગવાન! આહાહા..! દાખલા ને દલીલો ને કથાઓ હોયને તો બહુ સારું લાગે લોકોને. આમ થયું, રાવણે આમ કર્યું, ધ્યાન કર્યું, વિદ્યામાં.. રામને કહ્યું. આ વિદ્યા સાધે છે. એવી વિદ્યા સાધે છે કે પછી સીતા નહિ મળે.

રામ કહે છે કે એ વિદ્યા સાધવામાં ભગવાન પાસે બેઠો. તેને અમે વિઘ્ન નહિ કરી શકીએ. આહાહા..! એક સીતા શું એવી હજાર સીતા જાય ને ન મળે. પણ હું ન કરું. આહાહા..! સીતાને લેવા ગયા છે. ત્યારે ઓલો વિદ્યા સાધે છે ભગવાન પાસે બેસીને. ઓલા કહે કે સાહેબ! આ એવી વિદ્યા સાધે છે કે એમાં સીતા નહિ મળે પછી. એવી વિદ્યા સાધે છે. ભાઈ! આહાહા..! જુઓ! પુરુષોત્તમ પુરુષ! ધર્માત્મા અંતરાત્મા છે ને! એણે કહ્યું કે આમ કરે છે આ. અમે તને લેવા આવ્યા, સીતા! એ વિદ્યાના સાધનમાં નહિ મળે. લાખ સીતા ન મળે પણ કોઈની વિદ્યા સાધનામાં વિઘન કરીએ, એ અમારો ધર્મ નથી,

બાપા! એ થવાનું હશે તે થાશે. અંતે તો લક્ષ્મણ વાસુદેવ છે. એ ગમે તેવી વિદ્યા એણે સાધી હોય પણ મારે જ છૂટકો એને. સીતા લીધે જ છૂટકો. એવી ખાત્રી નથી એને? શાસ્ત્રથી સાંભળ્યું નથી એણે કે વાસુદેવ પ્રતિવાસુદેવને મારે અને પ્રતિવાસુદેવનું રાજ વાસુદેવને મળે. એ વાસુદેવ છે, હું બળદેવ છું. આહાહા..! બીજું ન થાય. આહાહા..! જુઓ! અંતરાત્માની .. વિકલ્પ આવ્યો છે સીતા અહીં કેમ લઈને આવ્યા? કેમ રાવણ લઈ ગયો? લીધે છૂટકો. છતાં આ વિઘ્ન આવ્યું વચમાં એને દૂર ન કરે. આહાહા..! એ અમારી રીત હશે એ પ્રમાણે લઈશું. લક્ષ્મણ.. રાવણ મારે છે વિદ્યા. લક્ષ્મણ થઈ જાય છે અસાધ્ય. જુઓ! આ વિદ્યા સાધી.. આહાહા..! આવું અમે ત્યાં પાલેજમાં બોલતા. પડિક્કમણા કરીએને પછી. આ તો (સંવત) ૧૯૬૪-૬૫ની વાત છે.

'આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને..' લક્ષ્મણને બોલે છે રામ. આવ્યા હતા ત્યારે ત્રણ જણા ને જાશું એકાએક.' ... પ્રભુ ભાઈ! 'માતાજી ખબરું પૂછશે તેને શા શા ઉત્તર દઈશ બંધવ? જાગને હો જી.. બંધવ બોલ એક વાર જી...' એકવાર તો બોલ. એ ભાષા આ ગોઠવી છે. પણ વાત તો એમ છે. એ ત્યાં પાલેજમાં પડિક્કમણા કરી એને ભાઈ, પછી આ બોલીએ પાછળ. ધર્મ કરીએ. એય.. પોપટભાઈ! દુકાન બંધ કરીને પછી પડિક્કમણ હોય ને સાંજે. સાંજે બંધ કરીને પડિક્કમણું કરીએ. બોલનાર હું. બીજું કોણ બોલે? બધા સાંભળે. કંઠ પણ તે દિ' ઠીક હતો ને. મુસલમાન કહે, કાનજીભાઈ અહીં આવો, બોલો કાંઈક. લોટિયાની દુકાન હતી. આહાહા..!

અરે..! હું માતા પાસે એકલો જઈશ. પણ વાસુદેવ છે મારો ભાઈ, આ મરે નહિ કોઈ દિ'. એમ અંદરમાં છે. પણ ચારિત્રના અસ્થિરતાના દોષને કારણે આ બધું ઊભું થાય છે. વાસુદેવ મરે નહિ કોઈથી. વાસુદેવ પ્રતિવાસુદેવને મારે રાજ લીધે છૂટકો. શ્રદ્ધામાં તો છે. પણ ચારિત્રદોષને કારણે આવા વિકલ્પ ઉઠ્યા છે. સમજાણું કાંઈ? છતાં કહે છે કે એ વિકલ્પને સ્વભાવે ગ્રહ્યો નથી. આહાહા..! અને જે અનંત જ્ઞાનાદિ સ્વરૂપ ભગવાન આત્માનું, એ છોડતો નથી, છોડ્યું નથી. એમ અનુભવ કર્યો છે. આહાહા..! મારી શક્તિનો સંહાર કોઈ કરી શકે એમ ત્રણ કાળમાં નથી. મારી શક્તિઓના સ્વભાવને મેં છોડ્યો નથી. અને વિકલ્પ ને (જેને) લક્ષ્મણ મારો ભાઈ કહું છું એ મેં ગ્રહ્યો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ જ્ઞાનીની રીતું જુદી જાતની છે, ભાઈ! દેખાય મિથ્યાદષ્ટિ જે ક્રિયા કરે એવી ક્રિયા લાગે એને. આહાહા..!

કહે છે, એ આત્મસ્વરૂપણે રાગને અને શરીરને અને ભાઈને અને બાયડીને ગ્રહ્યા નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! શું સમજાણું આમાં..? એ એ દિકરો, શું નામ લીધું?

અમરાવતી. ત્યાં આવું છે? ઈ કહેતો હતો. એક ફેરી કહેતો હતો એ કે આવું ત્યાં નથી. વાત સાચી બાપા! આ તો વસ્તુ બીજી. આહાહા..! આ ..ના દીકરા ... બાપ. એ કહેતો હતો એક દિ', હોં! આવી વાતું ક્યાંય નથી. સાંભળવા મળતી નથી. વાત સાચી, ભાઈ! આહાહા..!

કહે છે કે પ્રભુ ભગવાન આત્મા, જેમાં અનંતી શક્તિઓના સ્વભાવથી ભરેલો પ્રભુ, અનંત ગુણનો પિંડ. એક એક ગુણ જે અપરિમિત અનંત સત્ત્વના શક્તિવાળું ભગવાન આત્માએ તે ગ્રહ્યું છે તે છોડ્યું નથી. એ ગ્રહ્યું છે તે છોડ્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! ફાટ ફાટ થઈને અંદર ભગવાન જાગે એવું છે આ તો. આહાહા..! તારાથી ન રહેવાય હવે, એવો ભગવાન તું છો ને પ્રભુ! આહાહા..! મારી શક્તિઓના પિંડને મેં છોડ્યો નથી. અને રાગને અને પરવસ્તુને મેં ગ્રહી નથી. અગ્રાહ્યને ગ્રહી નથી અને ગ્રહણ છે તેને છોડી નથી. ગજબ વાત છે! અસ્તિ-નાસ્તિ કરી. અસ્તિ-નાસ્તિ કરી, ભાઈ! આહાહા..!

ધર્મી આત્માને એ રીતે જાણે છે કે... સમ્યગ્દષ્ટિ જીવ (જેને) સત્‌નો સાક્ષાત્ થયો છે એ સત્ દષ્ટિવંત.. આહાહા..! સત્ છેને એ ગુણ અને દ્રવ્ય? એ સત્‌નું જેને અંદર ભાન થયું છે... આહાહા..! એ એમ માને છે કે મેં મારી સત્‌ની શક્તિઓ જે અનંત પડી છે એને મેં કદી છોડી નથી. ગુણી ગુણને કેમ છોડે? આહાહા..! અને એ ગુણી, જેમાં નથી રાગ અને શરીર ને વાણી ને પર, એ ગુણી કેમ ગ્રહે? આહાહા..! સમજાણું કાંઈ? એવો હું આત્મા, એમ કહે છે. એટલે ક્યારેય પણ તેનો પરિત્યાગ કરતો નથી. પોતાનું સ્વરૂપ શુદ્ધ છે. શુદ્ધ શક્તિ.

**'આવા સ્વરૂપવાળું શુદ્ધાત્મસ્વરૂપ શું કરે છે?'** ત્યારે ગ્રહેલું છોડતો નથી અને નહિ ગ્રહેલું ગ્રહતો નથી. તો કરે છે શું? આહાહા..! આ તો વીરના માર્ગ બાપા! એ કાયરના ત્યાં કામ નથી. એ હિજડાના ત્યાં કામ નથી. લશ્કરમાં લડવા ગયા હિજડા. જામનગરવાળા. અહીં તો વીરના કામ છે અંદર. આહાહા..! કહે છે તે 'શું કરે છે?' એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૦, મંગળવાર તા. ૦૭-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૦, પ્રવચન - ૨૮**

આ સમાધિતંત્ર. પૂજ્યપાદસ્વામી. સીમંધર ભગવાન કે પાસ ગયે થે, ઉન્હોંને યહ સમાધિતંત્ર બનાયા હૈ. સમાધિતંત્ર કહતે હૈં ન? ૨૦વીં ગાથા ચલતી હૈ. ઉસકી ટીકા ગુજરાતી હૈ, હિન્દી હૈ.

દેખો! યહ શુદ્ધાત્મસ્વરૂપ હૈ વહ, અગ્રાહ્ય કર્મોદય નિમિત્તસે હુએ '**ક્રોધાદિરૂપકો ગ્રહણ નહીં કરતા...**' ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ દ્રવ્યસ્વભાવ વહ કર્મકે નિમિત્તસે હોનેવાલા શુભ-અશુભભાવ વિકારી, ઉસકો સ્વભાવ ગ્રહતા નહીં. સ્વભાવમેં વહ હૈ નહીં. આહા..! સમજમેં આયા? જો સમ્યગ્દર્શન, ઉસકા વિષય શુદ્ધ આત્મા, વહ શુદ્ધ આત્મા રાગાદિકો ગ્રહતા નહીં ઔર અપની અનંત જ્ઞાન-દર્શનશક્તિ હૈ ઉસકો કભી છોડતા નહીં. આહાહા..! હૈ?

'**કર્મોદયકે નિમિત્ત...**' વિભાવભાવ હૈ વહ તો કર્મકે નિમિત્તકે સંગસે, પરંતુ વહ અપનેસે હોતા હૈ. લેકિન સ્વભાવકે સંગસે પુણ્ય-પાપ કા ભાવ હોતા નહીં. હોતા હૈ નિમિત્તકા સંગ કરનેસે... આહાહા..! શુભ ઔર અશુભભાવ. ક્રોધ શબ્દ ક્યોં કહા? કિ સ્વરૂપકી રુચિ છોડકર જો વિકારકી રુચિ કરતા હૈ ઉસકો સ્વભાવ પ્રતિ ક્રોધ હૈ. કર્તા-કર્મમેં આયા હૈ, સમયસારમેં. જરા સૂક્ષ્મ બાત હૈ, ભગવાન! આહાહા..! મૂલ ચીજ હી સમ્યગ્દર્શન ક્યા ચીજ હૈ ઔર સમ્યગ્દર્શનકા વિષય ક્યા હૈ, ઉસકા આશ્રય લેનેકી ચીજ ક્યા હૈ? ઔર ઉસકા ચૈતન્યસ્વરૂપ ધ્રુવ ઉસકે આશ્રયસે હી સમ્યગ્દર્શન હોતા હૈ. એકરૂપ નિયમ ત્રિકાળ. આહાહા..! જો ૧૧વીં ગાથામેં આયા હૈ, સમયસાર. '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' સમયસાર, કુંદકુંદાચાર્ય. ૧૧વીં ગાથાકી પહલા પદ હૈ. ભૂતાર્થ. એક સમયમેં આત્મા સત્યાર્થ ત્રિકાલ ભૂતાર્થ ધ્રુવ સ્વભાવ જો નિત્ય હૈ ઉસકે આશ્રયસે, ઉસકે સન્મુખ હોનેસે ઔર નિમિત્ત ઔર રાગ ઔર પર્યાયકી દૃષ્ટિસે વિમુખ હોકર... આહાહા..! સમ્યગ્દર્શન ઉત્પન્ન હોતા હૈ. ધર્મકી પહલી સીઢી-ધર્મકા પહલા સોપાન. આહાહા..!

કહતે હૈં કિ વહ ચીજ જો સમ્યગ્દર્શન જિસકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ, વહ ચીજ કૈસી હૈ? આહાહા..! સૂક્ષ્મ હૈ, ભગવાન! થોડી બાત હૈ. અભી પ્રવૃત્તિ બહારકી બહુત ચલતી હૈ ઔર બાહરસે હોતા હૈ ઐસા માન રખા હૈ. તો યહ ચીજ ઐસી નહીં. તો કહતે હૈં કિ સમ્યગ્દર્શન વહ ચીજ કોઈ વિકલ્પસે આત્મા પ્રાપ્ત હોતા હૈ, નિમિત્ત સે હોતા હૈ, રાગસે હોતા હૈ, વ્યવહાર સે, ઐસા હૈ નહીં. વહ તો શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણાનંદ ઉસકા આશ્રય કરનેસે-

ઉસકી સન્મુખતા કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. યહ ત્રિકાલી એક નિયમ. સમ્યગ્દર્શનકા જો વિષય વહ ચીજ કૈસી હૈ? કહતે હૈં કિ અગ્રાહ્ય. કર્મકે નિમિત્તસે અપનેમેં અપને કારણસે પુણ્ય-પાપકા ભાવ જો (હોતા) હૈ વહ વિકાર હૈ. વિકારકો કભી શુદ્ધસ્વભાવને ગ્રહણ નહીં કિયા. હૈ પાઠ? '**यदग्राह्यं न गृह्णाति**' આહાહા..! વહ ગ્રહને લાયક નહીં હૈ.

ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ આનંદ ઔર જ્ઞાનસ્વરૂપ, વહ રાગકો ગ્રહને લાયક વહ ચીજ હી નહીં. આહાહા..! ઉસકા અર્થ કિ વ્યવહારકા જો ભાવ હૈ રાગ, ઉસકો વહ ગ્રહતા નહીં. આહાહા..! અગ્રાહ્ય હૈ? પહલા શબ્દ હૈ '**यदग्राह्यं**'. જો ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપ નિત્યાનંદ જિસમેં અનંત બેહદ જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય ઐસી-ઐસી અનંત શક્તિયાં-ગુણ-સ્વભાવ જિસકે સ્વભાવમેં ઐસા સ્વભાવ પડા હૈ. આહાહા..! ઐસી ચીજ રાગકો ગ્રહતી નહીં. આહાહા..! સમજમેં આયા? રાગ શબ્દકા અર્થ વ્યવહાર જો દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રયકા વિકલ્પ આતા હૈ, હોતા હૈ, જબ તક વીતરાગ સ્વભાવ પૂર્ણ ન હો, તબ તક જ્ઞાનીકો ભી ઐસા શુભભાવ આતા હૈ. લેકિન ઉસ સ્વભાવને વિભાવકો ગ્રહણ કિયા નહીં. આહાહા..! ધર્મી જીવ તો ઉસકો ગ્રહે બિના પૃથક્ રખકર ઉસકો જાનતા હૈ. ઐસી બાત બહુત કઠિન, બાપૂ! આહાહા..! સમજમેં આયા?

'**શુદ્ધ આત્મસ્વરૂપ હૈ, વહ અગ્રાહ્યકો, અર્થાત્ કર્મોદયકે નિમિત્તસે હોતે હુએ ક્રોધાદિરૂપ કો ગ્રહણ નહીં કરતા,...**' આહાહા..! જો ૧૨વીં ગાથામેં કહા. સમ્યગ્દર્શન તો સ્વભાવકે આશ્રય ઉત્પન્ન હુઆ ઐસા ૧૧વીં ગાથામેં કહા. ૧૨વીં ગાથા મેં કહા કિ વ્યવહાર જાના હુઆ પ્રયોજનવાન હૈ. રાગાદિ આતા હૈ. લેકિન વહ જાના હુઆ પ્રયોજનવાન હૈ. આદરણીય હૈ નહીં. આહાહા..! '**तदात्वे प्रयोजनवान्ः**' ઐસા સંસ્કૃતમેં હૈ. ૧૨વીં ગાથા સંસ્કૃતમેં હૈ. '**तदात्वे**' ઉસ કાલમેં જો રાગ આતા હૈ વહ જાનને લાયક હૈ. સ્વભાવ ઉસકો ગ્રહતા નહીં. અર્થાત્ સ્વભાવ ગ્રહતા નહીં તો સ્વભાવ દૃષ્ટિવાન સમકિતી ભી ઉસકા સ્વીકાર નહીં કરતા. આહા..! સમજમેં આયા? ઐસી ચીજ હૈ. શેઠ! આહાહા..! બડી ચીજ.. બાપૂ! યહ તો તીન લોકકે નાથ સર્વજ્ઞદેવ તીર્થંકર મહાપ્રભુ ઉનકા યહ હુકમ હૈ, યહ આદેશ હૈ. આહાહા..!

ભગવાન! તેરી ચીજ ક્યા હૈ? વહ તો શુદ્ધ આનંદઘન શુદ્ધ સ્વરૂપી પવિત્ર આનંદઘન હૈ. ઐસા શુદ્ધ સ્વભાવી ભગવાન,.. બીચમેં રાગ, જબ તક સર્વજ્ઞ પરમાત્મા ન હો આત્મા, તબ તક રાગ આતા હૈ. ભક્તિકા, દયાકા, દાનકા ભાવ આતા હૈ. લેકિન વહ સ્વભાવ ઉસકો ગ્રહતા નહીં. ઔર સ્વભાવકી દૃષ્ટિવંત ભી અપના માનતા નહીં, સ્વીકાર નહીં કરતા. આહાહા..! જાનતા હૈ કિ હૈ. સમજમેં આયા? આહાહા..!

'**ગ્રહણ નહીં કરતા, અર્થાત્ ઉનકો આત્મસ્વરૂપપને સ્વીકાર નહીં કરતા...**' આહાહા..! આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ જ્ઞાયક ઐસે આત્મસ્વરૂપપને વસ્તુ (હૈ, ઉસમેં) રાગ આતા હૈ ઉસકો ગ્રહતા નહીં. આત્મસ્વરૂપપને સ્વીકારતા નહીં. શ્રીપાલજી! ઐસી બાત બહુત કઠિન પડે જગતકો. બાહરમેં તો વિકલ્પો ક્યા ચીજ હૈ? ઐસા સમ્યગ્દર્શન કરના વહ અપૂર્વ ચીજ હૈ, ભાઈ! બાકી તો બહુત કિયા અનંત બાર. સમજમેં આયા? આહાહા..!

કહતે હૈં કિ વસ્તુ જો હૈ સમ્યગ્દર્શનકા વિષય અથવા જિસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ, વહ ચીજ શુદ્ધાત્મ સ્વરૂપ ઉસને રાગકા કભી સ્વીકાર નહીં કિયા, અંતરમેં ગ્રહણ નહીં કિયા. આહાહા..! આત્મસ્વરૂપ વહ રાગકા સ્વીકાર નહીં કરતા કિ મૈં હૂં. ક્યોંકિ વહ રાગકી ક્રિયા હૈ વહ આસ્રવકી ક્રિયા હૈ. રાગ આસ્રવ હૈ. આહાહા..! ઔર ભગવાન આત્મા.. આસ્રવસે જ્ઞાયકભાવ ભિન્ન હૈ. આહાહા..! સમજમેં આયા? યે તો ભગવાનકી અપૂર્વ બાત હૈ, પ્રભુ! બાહરસે પકડ લિયા હૈ ન કિ ઐસે-ઐસે નિમિત્તસે હો જાતા હૈ ઔર વ્યવહારસે હોતા હૈ. વહ વસ્તુકા સ્વરૂપ હી ઐસા નહીં હૈ, ઐસા યહાં તો કહતે હૈં. આહાહા..! પોપટભાઈ! આહાહા..!

યે દાન કરે બહુત પાંચ-પચાસ લાખકા. ઉતના તો ન કરે. લેકિન પાંચ-પચાસ હજારકા કરે. પચાસ હજાર દિયે હૈં વહાં વઢવાણ. દો કરોડમેં સે પચ્ચીસ લાખ દે દે? લેકિન દે તો ભી ઉસમેં રાગકી મંદતા કરે તો વહ પુણ્ય-શુભભાવ હૈ. આત્મસ્વરૂપ જો દૃષ્ટિકા વિષય હૈ ઉસ આત્મસ્વરૂપને રાગકો ગ્રહણ કિયા નહીં. ગિરધરભાઈ! ગિરધરભાઈકો વહાં નહીં દેતે થે. લેકિન બહુત મુશ્કિલસે મિલા. બૈઠે થે વહાં. પચાસ હજાર પોપટભાઈને ઔર પચાસ હજાર કૌન? તલકશીભાઈ. બડા મંદિર હોતા હૈ ન. વઢવાણમેં દિગંબર મંદિર. યહાં કાઠિયાવાડમેં તો કોઈ દિગંબર થા હી નહીં. નયા મંદિર બનતા હૈ. ત્રીસ તો મંદિર બને હૈ. વહ ભી ઉસકે કારણ સે, હાં! પુદ્ગલકી પર્યાયકી રચના પુદ્ગલકે કારણસે પરાવર્તન હોકર બની હૈ. બનાનેવાલા ઐસા કહે કિ મૈંને બનાયા. ઐસા હૈ નહીં. શુભભાવ હો. શુભભાવ હો. સમજમેં આયા?

લેકિન યહાં તો કહતે હૈં.. આહાહા..! ભગવાન આત્મસ્વરૂપ હૈ (વહ) આત્મસ્વરૂપપનેસે રાગકા સ્વીકાર નહીં કરતા. હૈ? પાઠકા અર્થ હૈ. સંસ્કૃતમેં હૈ. દેખો! '**कर्मोदयनिमित्तं क्रोधादिस्वरूपं। न गृह्णाति आत्मस्वरूपतया न स्वीकरोति**' સંસ્કૃતમેં હૈ. ૨૦ ગાથા. સમજમેં આયા?

'**ઔર ગ્રહણ કિયે હુએ અનંત જ્ઞાનાદિ સ્વરૂપકો છોડતા હી નહીં,...**' આહાહા..! વસ્તુ જો આત્મા હૈ,.. વસ્તુ ક્યોં કહા? ગોમ્મટસારમેં કહા હૈ. વસ્તુ ક્યોં કહાં? કિ ઉસમેં

અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ શક્તિયાં બસતી હૈ-રહતી હૈ, ઈસલિયે વસ્તુ કહનેમેં આતા હૈ. વસ્તુ, જિસમે અનંત શક્તિયાં બસી હૈ. ગોમ્મટસારમેં હૈ. આહાહા..! યે વાસ્તુ કરતે હૈં ન વાસ્તુ? મકાનકા. તો મકાનમેં વાસ્તુ કરતે હૈં યા જંગલમેં વૃક્ષકે ઉપર કરતે હૈં?

વૈસે વસ્તુ ભગવાન આત્મા નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી ગોમ્મટસારકે રચયિતા કહતે હૈં, વસ્તુ ક્યોં કહા? ભગવાન આત્માકો વસ્તુ ક્યોં કહા? ઔર રજકણ પરમાણુકો ભી વસ્તુ ક્યોં કહા? કિ જિસમેં અનંત ગુણ બસતે હૈં, રહતે હૈં, નિવાસ કરતે હૈં. આહાહા..! સમજમેં આયા? યે વસ્તુ, હાં! આપકે મકાનકા વાસ્તુ નહીં. વે વહાં લે જાનેવાલે હૈં ન. વાસ્તુ (કે લિયે). કહો, સમજમેં આયા? અભી કહનેમેં આયે રામજીભાઈકે બેટેકા. આહાહા..! ઐસા કહતે હૈં કિ એક દિન વહાં રહના. હમારે ચંદુભાઈ રાતકો રહેંગે વહાં, નયા મકાન બનાયા હૈ. ... કૌન બનાયે? ગજબ બાત હૈ પ્રભુ!

ઉસ રજકણકી પુદ્ગલપર્યાય જો હૈ વહ ઉસકી જન્મક્ષણ હૈ. ૧૦૨ ગાથામેં આ ગયા હૈ. પ્રવચનસાર. પ્રવચનસારમેં અમૃતચંદ્રાચાર્ય મહારાજ સ્પષ્ટ કરતે હૈં કિ પુદ્ગલ જો જડ હૈ ઉસ સમય ઉત્પન્ન હોનેકા ક્ષણ હૈ. તો ઉસકે કાલમેં વહ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. પરકે કારણસે ઉત્પન્ન હોતી હૈ ઐસા હૈ નહીં. આહાહા..! ઔર અંદર વિકલ્પ આતા હૈ રાગ અશુભ હો યા શુભ, તો કહતે હૈં કિ આત્મસ્વરૂપપને ઉસકા સ્વીકાર નહીં હૈ. ક્યોંકિ આત્મસ્વભાવ નિત્યાનંદ શુદ્ધ ઉસમેં રાગકા પ્રવેશ નહીં (હોતા) ઔર શુદ્ધ સ્વભાવમેં રાગકી પક્કડ નહીં. અરે..! ઐસી ચીજ હૈ ભગવાન પૂર્ણાનંદ, ઉસકી ખબર નહીં ઔર ધર્મ હો જાતા હૈ. આહાહા..! અનાદિકાલસે ભ્રમમેં પડા હૈ ઔર તત્ત્વકી બાત સુની નહીં હૈ. આહાહા..!

કહતે હૈં કિ '**ગ્રહણ કિયે હુએ અનંત જ્ઞાનાદિ...**' જ્ઞાન હૈ ન અંદર? સ્વભાવ અનંત હૈ. કેવલજ્ઞાનકી પર્યાય જો હૈ; કેવલજ્ઞાન જો હૈ વહ પર્યાય હૈ. કેવલજ્ઞાન ગુણ નહીં હૈ. અરિહંતકો જો કેવલજ્ઞાન હોતા હૈ વહ પર્યાય હૈ, ગુણ નહીં. ગુણ ઉત્પન્ન હોતા નહીં. ઉત્પન્ન હોતા હૈ પર્યાય ઉત્પન્ન હોતી હૈ. તો ઐસી કેવલજ્ઞાનકી પર્યાય (હૈ), ઐસી અનંત અનંત પર્યાય જ્ઞાનગુણમેં પડી હૈ. આહાહા..! જબસે કેવલજ્ઞાન હોતા હૈ તો અનંતકાલ (તક) નયા-નયા ઉત્પન્ન હોતા હૈ. વહીકી વહી પર્યાય નહીં રહતી. એક સમયમેં જો કેવલજ્ઞાન આયા તો દૂસરે સમય વહ નહીં રહતા. દૂસરે સમય વ્યય હોકર, દૂસરે સમય દૂસરે કેવલજ્ઞાનકી પર્યાય (હોતી હૈ). પર્યાય હૈ ન? તો પર્યાય ઉત્પાદ-વ્યયવાલી હોતી હૈ. ગુણ ઉત્પાદ બિનાકા ધ્રુવ રહતા હૈ. આહાહા..! સમજમેં આયા? તો વહ કેવલજ્ઞાનકી પર્યાય એક સમયમેં તીન કાલ તીન લોકકો જાનતી હૈ, ઐસા કહના ભી વ્યવહાર હૈ. પરંતુ ઐસી પૂર્ણ પર્યાય દૂસરે સમય, તીસરે સમય, ચૌથે સમય અનંત કાલ તક (ઉત્પન્ન હોતી હૈ). જબસે કેવલજ્ઞાન હુઆ

તબસે નયા-નયા કેવલજ્ઞાન અનંત કાલ રહેગા. ઐસી અનંત કાલકી પર્યાયકા પિંડ જો જ્ઞાનગુણ હૈ... આહાહા..! સમજ મેં આયા? ઉસ જ્ઞાનગુણને રાગકો કભી નહીં પકડા. ક્યોંકિ અનંત જ્ઞાનસંપન્ન પ્રભુ આત્મા હૈ.

જ્ઞાન અનંત, ઐસી શ્રદ્ધા અનંત. શ્રદ્ધાગુણકી જો પર્યાય ઉત્પન્ન હોતી હૈ ક્ષાયિક, ક્ષાયિક, લેકિન ક્ષાયિક પર્યાયકા સમય એક હૈ. દૂસરે સમય (દૂસરી હોતી હૈ). ક્યોંકિ પર્યાય હૈ ન? રહતી હૈ ક્ષાયિક સાદિઅનંત. લેકિન વહીકી વહી પર્યાય સાદિઅનંત રહતી હૈ ઐસા નહીં. આહાહા..! સમજમેં આયા? દ્રવ્ય ઔર ગુણ ઔર પર્યાય ક્યા ચીજ હૈ ઉસકા જ્ઞાન વિપરીત હો ગયા. ઔર ધર્મ હો જાતા હૈ ઉસકો. માનતા હૈ જગત અનાદિસે. ક્યા કરેં?

કહતે હૈં કિ સમકિતકી ક્ષાયિક પર્યાય.. આહાહા..! પર્યાય, ક્ષાયિક સમકિત ભી પર્યાય હૈ. ક્ષાયિક સમકિત ગિરતા નહીં. પરંતુ ક્ષાયિક સમકિતકી પર્યાય હૈ, વહ એક સમય મેં એક, દૂસરે સમયમેં દૂસરી, તીસરે સમયમેં તીસરી (હોતી હૈ). ક્યોંકિ ઉત્પાદ નયા-નયા હોતા હૈ. તો ઐસી ક્ષાયિક સમકિતકી પર્યાય જો ઉત્પાદ અનંતી (હો), ઐસી શ્રદ્ધાગુણમેં પર્યાય અનંતી પડી હૈ. શ્રદ્ધાગુણ જો હૈ (ઉસમેં) અનંતી પર્યાય પડી હૈ. ઈસલિયે શ્રદ્ધા અનંત હૈ, જ્ઞાન અનંત હૈ, આનંદ અનંત હૈ, વીર્ય અનંત હૈ. આહાહા..! સમજમેં આયા?

ઐસે '**અનંત જ્ઞાનાદિ...**' આદિ અર્થાત્ અનંત લિયા હૈ. અનંત શક્તિ હૈ ન, અનંત શક્તિયાં. જીવતર શક્તિ, ચિતિ શક્તિ, દર્શી શક્તિ, જ્ઞાન શક્તિ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શીત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ ઐસી ૪૭ શક્તિ તો સમયસારમેં આખિરમેં લી હૈં. ઐસી-ઐસી અનંત શક્તિયાં પ્રભુ આત્મામેં હૈં. વહ એક-એક શક્તિ અનંત (સામર્થ્યવાન) હૈ. ઐસી અનંત શક્તિવાલા આત્મા (ઉસને) અપની શક્તિકો કભી છોડી નહીં. નિગોદમેં રહા પરંતુ અનંત શક્તિકો કભી છોડા નહીં. આહાહા..! નિગોદ. અક્ષરકે અનંતવેં ભાગમેં જિસકી પર્યાયકી વ્યક્તતા હૈ. નિગોદ કે જીવમેં. અક્ષર ... ઉસકે અનંતવેં ભાગકી પર્યાય-ક્ષયોપશમ વ્યક્ત હૈ. લેકિન ઉસમેં જો ગુણ હૈં અનંત, ઉસકો તો કભી કુછ હુઆ નહીં. આહાહા..! સમજમેં આયા?

યહાં કહતે હૈં, '**અનંત જ્ઞાનાદિ...**' અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત સર્વજ્ઞ, અનંત સર્વદર્શી ઈત્યાદિ. ઐસે '**સ્વરૂપકો છોડતા હી નહીં...**' ભગવાન આત્મા અનંત શક્તિસે કભી ચ્યુત હુઆ હૈ ઐસા હૈ નહીં. આહાહા..! સાતવી નરકમેં અનંત બાર આયા-ઉત્પન્ન હુઆ. ૨વ-૨વ નરક. અપરિઠાણે. લેકિન અપની અનંત શક્તિકો કુછ નહીં હુઆ હૈ. સમજમેં આયા? પર્યાયમેં ફર્ક હૈ. વસ્તુ તો વૈસીકી વૈસી હૈ. આહાહા..! વહ કહતે હૈં, '**અનંત જ્ઞાનાદિ સ્વરૂપકો છોડતા હી નહીં, અર્થાત્**

**કભી ભી ઉનકા પરિત્યાગ નહીં કરતા.**' યે તો સમજમેં આયે ઐસા હૈ. શેઠ! ઐસા બહુત સૂક્ષ્મ નહીં હૈ. આહાહા..!

'**ઐસે સ્વરૂપવાલા શુદ્ધાત્મસ્વરૂપ ક્યા કરતા હૈ?**' કહતે હૈં કિ ઐસા શુદ્ધસ્વરૂપ જો પ્રભુ, અપના શુદ્ધ સ્વરૂપ અનંત, ઉસકો કભી છોડતા નહીં ઔર રાગકો આત્મસ્વરૂપકે રૂપમેં સ્વીકાર કરતા નહીં. તો ઐસા ક્યા કરતે હૈ? '**જાનતા હૈ.**' હૈ ન? તીસરે પદમેં હૈ. મૂલ શ્લોક.

यदग्राह्यं न गृह्णाति गृहीतं नापि मुंचति।
जानाति सर्वथा सर्वं तत्स्संवेद्यमस्म्यहम्।।२०।।

આહાહા..! ઐસે ભગવાન આત્મા જાનતા હૈ. '**ક્યા જાનતા હૈ? સમસ્ત ચેતન વ અચેતન વસ્તુઓંકો...**' સર્વ વસ્તુ. અચેતન હો અનંત, અચેતન અનંત હૈં રજકણ પરમાણુ. સબકો ભગવાન આત્મા અપને સ્વરૂપકો છોડતા નહીં, રાગકો સ્વીકારતા નહીં, લેકિન અનંતકો જાનતા હૈ. આહાહા..! વ્યવહાર જાના હુઆ પ્રયોજનવાન હૈ, વહ ભી આ ગયા ઉસમેં. પૂર્વાપર વિરોધ રહિત સંતોંકી શ્રેણી-ધારા દિગંબર શાસ્ત્રકી અલૌકિક બાત હૈ! આહાહા..! અલૌકિક બાત!! ઐસી બાત કહીં નહીં હૈ. દૂસરે સંપ્રદાયમેં ઐસી બાત હૈ નહીં, ભાઈ! યહ તો સર્વજ્ઞ પરમાત્માકા કેડાયત હૈ. ઉસકે કેડે-કેડે ચલનેવાલે. કેડે સમજે? અનુસર કે ચલનેવાલે. આહાહા..!

ઐસે સંત કહતે હૈં કિ, તુજે ભવકા અંત લાના હો તો જિસમેં ભવ હૈ નહીં ઔર ભવકા ભાવ જિસને ગ્રહણ હી નહીં કિયા. આહાહા..! ભવકા ભાવ તો શુભ-અશુભભાવ હૈ. શુભભાવસે સ્વર્ગ ઔર મનુષ્ય મિલતા હૈ, અશુભભાવસે નરક ઔર તિર્યંચ હોતા હૈ. તો શુભાશુભભાવકા શુદ્ધ સ્વરૂપને સ્વીકાર કિયા નહીં-ઉસમેં આયા હી નહીં.

વહ આત્મા ક્યા કરતા હૈ? '**સમસ્ત ચેતન વ અચેતન વસ્તુઓંકો (જાનતા હૈ).**' ક્યોંકિ ઉસકા જ્ઞાનસ્વભાવ હૈ તો પરકા ગ્રહણ નહીં (કરતા), અપના (સ્વભાવ) ત્યાગ (કરતા) નહીં તો ફિર કરતા ક્યા હૈ? જાનતા હૈ. ભગવાન સર્વજ્ઞ હો ઉસકો ભી આત્મા જાનતા હૈ. ઔર નિગોદકા જીવ હો ઉસકો ભી આત્મા જાનતા હૈ. એક પરમાણુ હો ઉસકો ભી જાનતે હૈ. અનંત રજકણકા પિંડ સ્કંધ હો, અચેતન મહાસ્કંધ આદિ હોતા હૈ ઉસકો જાનતા હૈ. આહાહા..! પ્રભુ આત્માકા કર્તવ્ય તો એક જાનના હૈ. આહા..! સમજમેં આયા? પૂજ્યપાદ સ્વામી. ગજબ કામ હૈ! એક-એક શ્લોકમેં કિતના ભર દિયા હૈ! ગંભીર વાણી. જૈસે ગણધરકી, ભગવાનકી વાણીમેં-સે ગણધર શાસ્ત્ર બનાતે હૈં, ગંભીર વાણી હૈ. ઐસે યે સંતોંને ગંભીર વાણી કહી હૈ.

કહતે હૈં કિ '**સમસ્ત ચેતન વ અચેતન વસ્તુઓંકો (જાનતા હૈ).**' વસ્તુ હૈ ન વસ્તુ? '**કિસ પ્રકાર જાનતા હૈ? વહ સર્વથા...**' આહાહા..! કેવલજ્ઞાન હો તબ પ્રત્યક્ષ ઔર શ્રુતજ્ઞાનમેં પરોક્ષ (જાનતા હૈ). ઈતના ફર્ક હૈ. '**વહ સર્વથા, અર્થાત્ દ્રવ્ય-પર્યાયાદિકો સર્વ પ્રકારસે (જાનતા હૈ).**' આહાહા..! દૂસરી અનંતી ચીજ હૈ. એક હી આત્મા હૈ ઐસા નહીં. અનંત આત્મા હૈં. અનંત નિગોદકે જીવ હૈં ઔર જીવકી સંખ્યાસે પરમાણુકી સંખ્યા અનંતગુની હૈ. પુદ્‌ગલ અનંતગુને હૈં, યે રજકણ. સબકો. આહાહા..! જાનતા હૈ. પરકો જાનતા હૈ ઐસા કહના વ્યવહાર હૈ. લેકિન પરકો જાનનેકી શક્તિ અપનેમેં હૈ ઉસસે જાનતા હૈ. આહાહા..! ઐસા કઠિન માર્ગ (હૈ).

'**સર્વથા...**' હૈ ન પાઠ? '**सर्वं**' ચૌથા પદ હૈ. '**सर्वं**' સર્વથા '**सर्वं**'. ભગવાન આત્મા સ્વરૂપ અપના અનંત શુદ્ધ હૈ ઉસસે કભી ચ્યુત હુઆ નહીં ઔર રાગકો કભી ગ્રહણ નહીં કિયા ઔર જાનનેમેં અનંત પદાર્થ સર્વથા ઔર '**सर्वं**', '**सर्वं**' ત્રિકાલ દ્રવ્ય-ગુણ-પર્યાયકો જાનનેવાલા ભગવાન આત્મા હૈ. આહાહા..! યે વ્યાપાર કરનેવાલા હૈ, ઐસા હૈ નહીં. ઉસકો તો જાનનેવાલા હૈ, ઐસા કહતે હૈં. એય..! પોપટભાઈ! તો અભી તક ક્યા કિયા? આહાહા..!

યહાં તો પરમાત્મા તેરી ચીજકી જાતકા સ્વરૂપ ક્યા હૈ? વહ તો અનંત જ્ઞાનસે ભરા પદાર્થ હૈ, પ્રભુ! અનંત જ્ઞાનકે સ્વભાવમેં જબ દૃષ્ટિ હુઈ, અપને સ્વભાવકા સ્વીકાર હુઆ તો વિકારકા અસ્વીકાર હુઆ. તો વિકાર ઔર પરકો જાનનેવાલા રહા. આહાહા..! સમજમેં આયા?

'**સર્વથા અર્થાત્ દ્રવ્ય-પર્યાયાદિ...**' કોઈ ભી પર્યાય ઔર કોઈ દ્રવ્ય બાકી નહીં. તીન કાલ તીન લોકકે દ્રવ્ય-પર્યાય. આહાહા..! શ્રુતજ્ઞાનમેં ભી ઐસી તાકાત હૈ. ભાવશ્રુતજ્ઞાન! જો અપને દ્રવ્યકે આશ્રયસે સ્વસંવેદનજ્ઞાન હુઆ. વહ કહેંગે, મૈં તો સ્વસંવેદન હૂં. આહાહા..! મૈં સર્વથા દ્રવ્ય-પર્યાય. દ્રવ્ય અર્થાત્ પદાર્થ, પર્યાય અર્થાત્ ઉસકી અવસ્થા-હાલત. કેવલજ્ઞાન ભી હાલત હૈ-પર્યાય હૈ. તો સબ '**દ્રવ્ય-પર્યાયાદિકો સર્વ પ્રકારસે...**' સર્વથા ઔર સર્વ, સર્વ પ્રકારસે (અર્થાત્) દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ સર્વ. જાનતા હૈ.

'**ઈસસે ઐસા સ્વસંવેદ્યસ્વરૂપ અર્થાત્ સ્વસંવેદનસે ગ્રાહ્ય સ્વરૂપ,...**' આહાહા..! હૈ ન? '**स्वसंवेद्यं स्वसंवेदनग्राह्यम्**'. સંસ્કૃતમેં દો શબ્દ હૈં. '**स्वसंवेद्यं**' ઔર '**स्वसंवेदनग्राह्यम्**'. આહાહા..! મૈં આત્મા કૈસા હૂં? સમ્યગ્દૃષ્ટિ ચૌથા ગુણસ્થાનવાલા. ઐસે આત્માકો જાનતા હૈ. શ્રાવક તો પંચમ ગુણસ્થાનકી આગેકી દશા રહી. વસ્તુકા શ્રાવક, હાં! સંપ્રદાયકે શ્રાવક તો સબ સમજનેકી ચીજ હૈ. આહાહા..! યહાં તો અંદરમેં-સે જો સ્વભાવકે આશ્રયસે જો દૃષ્ટિ હુઈ ઔર સ્વભાવમેં લીન હોકર પંચમ ગુણસ્થાન ઉત્પન્ન હુઆ.. આહાહા..! ઔર બાદમેં

મુનિ હુઆ તો સ્વરૂપકા સ્વસંવેદન બહુત પ્રચુર હુઆ. પાંચવી ગાથામેં હૈ, સમયસાર. પ્રચુર સ્વસંવેદન. સમયસારકી પાંચવી ગાથાકી ટીકામેં. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય (કહતે હૈં), પ્રચુર સ્વસંવેદન. મુજે મેરે આનંદકા બહુત વેદન હુઆ હૈ. આહાહા..! વહ મુનિ. સમજમેં આયા?

કહતે હૈં, **'ઐસા સ્વસંવેદ્યસ્વરૂપ, અર્થાત્ સ્વસંવેદનસે ગ્રાહ્ય...'** આહાહા..! સ્વસંવેદ્ય. અપને જ્ઞાનસે વેદનમેં આનેવાલા વહ જ્ઞાનસે ગ્રાહ્ય હૈ. વિકલ્પસે, વ્યવહારસે, નિમિત્તસે ગ્રાહ્ય હૈ નહીં. આહાહા..! લોજિકસે તો કહતે હૈં. તોડ-મરોડકર બાત નહીં કરતે. આહાહા..! અરે..! ઐસી બાત સુનને નહીં મિલે, તો સમજે કૈસે? ઔર દૃષ્ટિ કરે કૈસે? આહાહા..! ઔર અનુભવકા વેદન કૈસે હો?

કહતે હૈં, **'સ્વસંવેદનસે ગ્રાહ્ય સ્વરૂપ, વહ મૈં-આત્મા હૂં.'** વહ મૈં આત્મા. ઈસ પ્રકારકા આત્મા મેરે-સે જ્ઞાન-સે વેદનમેં આતા હૈ. મૈં પરકો જાનનેવાલા અપની પર્યાયમેં રહકર પરકો સ્પર્શ કરે બિના, પરકો છુએ બિના.. ઓહોહો..! અપની પર્યાયકી તાકતસે સર્વથા સર્વકો જાનનેવાલા અપનેસે વેદનેવાલા વહ મૈં આત્મા હૂં. આહાહા..! વ્યાપાર ઔર ધંધા.. સેઠ! બીડી-બીડીમેં કહાં હૈ? મોટર આપકી. બીડી દેનેકે લિયે યહાં જાય.. વહાં જાય. આહાહા..!

ભગવાન! તેરી ચીજ ઐસી હૈ કિ અપના અંતર જ્ઞાનસ્વભાવ ત્રિકાલ, ઉસકી વર્તમાન પર્યાયસે જ્ઞાનસ્વભાવકા વેદનમેં આના વહ મૈં આત્મા હૂં. આહાહા..! રાગાદિ મેરા આત્મા નહીં, નિમિત્તાદિ મેરી ચીજ નહીં. હો દૂસરી ચીજ. ઉસકા તો મૈં જાનનેવાલા હૂં. મેરા માનનેવાલા મૈં નહીં. વહ ચીજ મેરી હૈ, વ્યવહાર રાગ આતા હૈ વહ મેરી ચીજ હૈ ઐસા માનનેવાલા નહીં. ઔર દેવ-ગુરુ-શાસ્ત્ર ભી મેરા હૈ ઐસા મૈં માનનેવાલા નહીં. ઐસા કહતે હૈં. સ્ત્રી, કુટુંબ, પરિવાર ઔર ધંધા તો કહાં બાહર રહ ગયે. સમજમેં આયા? વહ મૈં આત્મા હૂં. સંસ્કૃત હૈ ન. આહાહા..!

**'अहमात्मा अस्मि भवामि'** આહાહા..! સંસ્કૃતમેં હૈ. મૈં ઐસા આત્મા હૂં. સમ્યગ્દૃષ્ટિ ચૌથે ગુણસ્થાનવાલા આત્મ અનુભવ કરકે (ઐસા કહતા હૈ કિ) મૈં અપને આનંદ ઔર જ્ઞાનસે જાનનેમેં આનેવાલા વહ મૈં હૂં. આહાહા..! ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? યહાં તો સમ્યગ્દર્શનકી પરિભાષા ભી ઐસી (કરતે હૈં કિ) દેવ-ગુરુ-શાસ્ત્રકો માનો તો સમ્યગ્દર્શન. નૌ તત્ત્વકી શ્રદ્ધા કરો. નૌ તત્ત્વકી ભેદવાલી શ્રદ્ધા વહ ભી વ્યવહાર વિકલ્પ હૈ. આહાહા..! સમજમેં આયા? **'સ્વરૂપ, વહ મૈં-આત્મા હૂં.'** આહાહા..!

**'ભાવાર્થ :- શુદ્ધાત્મા, અનુભવગમ્ય ચૈતન્યદ્રવ્ય હૈ.'** શુદ્ધાત્મા પવિત્ર નિર્મલાનંદ પ્રભુ, વહ અનુભવગમ્ય (હૈ). આહાહા..! અપને જ્ઞાનકે વેદનસે ગમ્ય હૈ. વહ રાગસે, વ્યવહારસે ગમ્ય હૈ, ઐસી વહ ચીજ નહીં હૈ. વસ્તુ ઐસી હૈ નહીં. આહાહા..! કહતે હૈં કિ **'અનુભવગમ્ય**

**ચૈતન્યદ્રવ્ય હૈ. વહ નહીં ગ્રહણ કરને યોગ્ય રાગ-દ્વેષાદિકો ગ્રહણ નહીં કરતા...'** ક્રોધાદિ શબ્દ લિયા હૈ. ક્રોધમેં દ્વેષ, માયા ઔર દ્વેષ, માન. ક્રોધ ઔર માન દ્વેષમેં આતા હૈ. ક્રોધ ઔર માન દ્વેષમેં આતા હૈ. માયા ઔર લોભ વહ રાગમેં આતા હૈ. તો કહતે હૈં કિ ક્રોધાદિ કહા થા ઉસમેંસે નિકાલા. તો ક્રોધ ઔર માન વહ દ્વેષ હૈ. માયા ઔર લોભ વહ રાગ હૈ. વહ દોનોં મિલકર રાગ-દ્વેષ હુઆ. ઐસા રાગ-દ્વેષ મૈં નહીં.

**'રાગ-દ્વેષાદિકો ગ્રહણ નહીં કરતા...'** આહાહા..! ઉસ રાગમેં વ્યવહાર આ ગયા કિ નહીં? ઐસા નહીં હૈ. **'અને ગ્રહણ કિયે હુએ આત્મિક ગુણોંકો-અનંત જ્ઞાનાદિ ગુણોંકો નહીં છોડતા.'** અપની ગુણ-શક્તિ અનંત હૈં ઉસમેં કભી કુછ હુઆ નહીં. માને અજ્ઞાની કિ મૈં મેરે ગુણસે ચ્યુત હુઆ હૂં, મૈં રાગ હૂં. માને તો મિથ્યાત્વભાવસે માને. વસ્તુ ઐસી હૈ નહીં. આહાહા..! ઐસા સમકિત મહંગા બહુત હૈ, કુછ લોગ ઐસા કહતે હૈં. જ્ઞાનસાગરજી! ઐસા કહતે હૈં. સોનગઢવાલોંને સમકિત મહંગા કર દિયા. સોનગઢવાલે યા ભગવાન કહતે હૈં? પહલે આસાન થા. દેવ-ગુરુ-શાસ્ત્રકો માનતે હૈં, ઈસલિયે હમે સમકિત તો હૈ. અબ, વ્રત ઔર ચારિત્ર લો. કૈસે લે? વ્રતકા વિકલ્પ તો સમ્યગ્દર્શન હો, બાદમેં આનંદમેં લીનતા થોડી હોતી હૈ. ઉસકો વિકલ્પ વ્રતકા આતા હૈ. ઔર વહ વ્રતકા વિકલ્પ ભી આસ્રવ હૈ. સ્વરૂપમેં લીન હોના વહ નિશ્ચયવ્રત હૈ. આહાહા..!

શુદ્ધાત્મ સ્વરૂપ ભગવાન આત્મા, વહ મૈં હૂં ઐસી દૃષ્ટિ હોનેકે બાદ ઉસમેં લીન હોતી હૈ નિર્વિકારી દશા, ઉસકા નામ વ્રત હૈ ઔર ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? પંચ મહાવ્રત ઔર બારહ વ્રતકો તો આસ્રવ કહા હૈ, તત્ત્વાર્થસારમેં. તત્ત્વાર્થસૂત્ર. વહ આસ્રવ હૈ. તો કહતે હૈં કિ મૈંને તો ઉસ આસ્રવકો ગ્રહણ હી નહીં કિયા ઔર અપની શાંતિ (આદિ) શક્તિઓંકો ભી છોડી નહીં.

**'વહ સંપૂર્ણ પદાર્થોંકો સર્વથા-દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત જાનતા હૈ.'** દૃષ્ટાંત દિયા હૈ. ૯૭ ગાથા હૈ ન નિયમસારકી? કુંદકુંદાચાર્યકી ગાથા હૈ, વહ લી હૈ. **'નિજભાવકો છોડે નહીં,...'** નિયમસાર, ૯૭ ગાથા. **'નિજભાવકો છોડે નહીં,...'** નિજભાવકા અર્થ? ત્રિકાલી શુદ્ધ શક્તિ-ગુણ-સ્વભાવ-અનંત આનંદ આદિકો કભી છોડતે નહીં **'કિંચિત્ ગ્રહે પરભાવ નહીં,...'** યહ કુંદકુંદાચાર્યકા વચન હૈ. પરભાવકો ગ્રહતા નહીં. **'દેખે વ જાને મૈં વહી, જ્ઞાની કરે ચિંતન યહી.'** આહા..! મૈં તો સર્વકો જાનને-દેખનેવાલા હૂં. ઐસા ધર્મી અંતરમેં ચિંતવન કરતા હૈ. દૂસરા રાગાદિકા કાર્ય મૈરા હૈ, ઐસા માનતા નહીં. આહાહા..! ... ૪૦૬ યહાં લાગુ નહીં પડતા. ૪૦૬મેં પરદ્રવ્યકા ગ્રહણ-ત્યાગ હૈ. યહાં તો રાગાદિકો ભી ગ્રહતા નહીં ઐસી બાત લેની હૈ. ભાઈ!

મુમુક્ષુ :- વહાં પરદ્રવ્ય (લિયા હૈ).

ઉત્તર :- વહાં આહારકી બાત હૈ ન? લેકિન યહાં દિયા હૈ.

**જો દ્રવ્ય હૈ પર, ગ્રહણ નહિં, નહિં ત્યાગ ઉસકા હો સકે,**
**ઐસા હી ઉસકા ગુણ કોઈ પ્રાયોગિ અરુ વૈસ્રસિક હૈ. ૪૦૬.** (સમયસાર)

યહાં ક્યા કહના હૈ? ભગવાન કુંદકુંદાચાર્ય તો ઐસા કહતે હૈં કિ આત્માકા કોઈ ઐસા હી સ્વભાવ હૈ કિ, વહ રાગકે નિમિત્તસે વિભાવરૂપ હો યા સ્વભાવરૂપ હો. લેકિન પરકા ગ્રહણ-ત્યાગ તો આત્મામેં હૈ નહીં. આત્મા આહાર ગ્રહણ કરે ઔર આહાર મૈં છોડતા હૂં, ઐસા વસ્તુમેં હૈ નહીં. આહા..! વહ શુદ્ધ સ્વભાવરૂપ હો યા વિકારરૂપ હો, પ્રાયોગિક ... ભલે વિકાર હો રાગાદિ. લેકિન રાગાદિ વિકારસે પરવસ્તુકો ગ્રહણ કરતે હૈં ઐસા હૈ નહીં. આહાહા..! રાગ (ગયા) તો મૈં સ્ત્રીકો છોડતા હૂં, મકાનકો છોડતા હૂં ઐસા હૈ નહીં. જ્ઞાનસાગરજી! વહ ભી દીક્ષિત હોનેવાલે થે. દિગંબર મુનિ. રહ ગયા. .... બાપૂ! ઐસી ચીજ હૈ. સમ્યગ્દર્શન દૂસરી ચીજ હૈ. અભી સમ્યગ્દર્શન હુઆ નહીં ઔર ચારિત્ર આ જાયે.. આહાહા..! સમજમેં આયા? કહતે હૈં કિ **'નિજભાવકો છોડતા નહીં,...'**

યહાં વિશેષ (સ્પષ્ટીકરણ) હૈ. **'આત્મા પરદ્રવ્યકો જરા ભી ગ્રહણ નહીં કરતા...'** કર્મકો છોડકર આહારકી બાત આયી. આત્મા પર વસ્તુ કર્મકો, શરીરકો, વાણીકો કભી ગ્રહતા નહીં. લો, યહાં તો ગ્રહતા નહીં ઐસા આયા? (સંવત) ૨૦૦૬ સાલમેં રામવિજય કહે, કેવલી પહલે સમય ભાષાવર્ગણા ગ્રહે, દૂસરે સમય છોડે. ૨૦૦૬કી સાલ પાલીતાણા ગયે થે ન જબ યાત્રા કરને. ૨૫ સાલ હુએ.

શ્વેતાંબર રામવિજય આયે થે. યહાં તો વ્યાખ્યાન ચલતા થા યે, વો વિહાર કરતે થે. તો ઉસને બાદમેં કહા. દોસૌ-તીનસૌ લોગ વહાં જાતે થે. યહાં તો બહુત લોગ આતે થે, ૧૦૦૦-૧૫૦૦. નહીં, કેવલી ભી એક સમયમેં ભાષાકો ગ્રહતે હૈં, દૂસરે સમયમેં છોડતે હૈં. કહા, આત્મા(ભી) કભી—સમકિતી ભી ઔર મિથ્યાત્વી ભી પરદ્રવ્યકો ગ્રહતે હૈં ઔર છોડ્તે હૈં, ઐસા તીન કાલમેં કભી હોતા નહીં. સેઠ!

ગ્રહણ-ત્યાગસે શૂન્ય હૈ. શક્તિ નહીં હૈ? ૪૭ શક્તિમેં. ત્યાગઉપાદાનશૂન્યત્વ શક્તિ. આત્મામેં ઐસા એક ગુણ-સ્વભાવ હૈ. ૪૭ શક્તિયાં લી હૈં-ગુણ. સમયસારમેં. આત્મામેં ઐસી એક શક્તિ-ગુણ હૈ. ત્યાગઉપાદાનશૂન્યત્વ. પરકા ત્યાગ ઔર પરકે ગ્રહણસે શૂન્ય હૈ. આહાહા..! ઐસી બાતેં બહુત સૂક્ષ્મ. સાધારણ લોગોંકો કૈસે ધર્મ કરના? ઈસ તરહ સમજે તો ધર્મ હો. સાધારણ હો યા અસાધારણ હો. આહાહા..! કહતે હૈં કિ, પરદ્રવ્યકા ગ્રહણ ઔર ત્યાગ કહના વહ વ્યવહારનયકા વચન હૈ.

**'ક્યોંકિ પર નિમિત્તકે આશ્રયસે હુએ-પ્રાયોગિકગુણકી સામર્થ્યસે...'** અર્થાત્ ક્યા કહતે હૈં? ચાહે તો અપની પર્યાયમેં રાગ હો. લેકિન રાગ હોનેસે પરદ્રવ્યકો ગ્રહણ કર સકતા હૈ, રાગ આયા કિ મૈં આહાર કરું, તો રાગસે આહાર લે સકતા હૈ ઐસી ચીજ નહીં. સમજમેં આયા? ઔર રાગસે રહિત અપને સ્વરૂપકા ભાન હુઆ કિ મૈં તો જ્ઞાતા-દૃષ્ટા હૂં. તો ઐસી ચીજ કોઈ પરદ્રવ્યકો ગ્રહણ કરતી ઔર છોડતી હૈ, ઐસા હૈ નહીં. આહાહા..! વહ તો પહલે આ ગયા. મૈં તો સબકો રાગ, પરચીજ સબકો જાનને-દેખનેવાલા હૂં. લેકિન કદાચિત ઐસા જાનને-દેખનેવાલા ન રહે ઔર રાગ હો તો રાગસે પરવસ્તુકા રાગ હુઆ હુઆ કિ યહ લે સકતા હૂં. ઐસા હૈ નહીં. આહાહા..! રાગ આયા.. વહ કહતે હૈં, દેખો!

**'પ્રાયોગિકગુણ...'** પ્રાયોગ નામ રાગ. અપનેમેં રાગ હો, દ્વેષ હો. તો દ્વેષ હુઆ તો તલવાર ઉઠા સકતા હૈ, ઐસી બાત નહીં. ઔર દ્વેષ હુઆ તો તલવાર માર સકતા હૈ, ઐસા નહીં. આહાહા..! સમજમેં આયા? રાગ હુઆ. આહારકા કવલ લે સકતા હૂં ઔર અંદર કંકર આયા તો છોડ સકતા હૂં, ઐસા મેરી ચીજમેં હૈ નહીં. ઐસા ભગવાન આત્માકા સ્વરૂપ રાગ સહિત હો તો ભી પરકા ગ્રહણ ઔર ત્યાગ આત્મામેં હૈ નહીં.

યહાં તો વિશેષ લેના હૈ. યહાં તો રાગકા હી ગ્રહણ નહીં હૈ ઐસા કહના હૈ. આહાહા..! રાગકા ગ્રહણ હો તો આત્મા છૂટકર રાગમય હો જાય. સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા અનંત આનંદમય હૈ. હિન્દી ભાષામેં સમજતે હો ન, ભાઈ? થોડી-થોડી આતી હૈ હિન્દી ભાષા. આસાન ભાષા હૈ. બહુત ઐસી કઠિન નહીં હૈ. હમારી તો ગુજરાતી ભાષા હૈ. આહાહા..!

કહતે હૈં કિ **'પરદ્રવ્યકો જરા ભી ગ્રહણ નહીં કરતા...'** એક રજકણકો ભી આત્મા ગ્રહે ઐસા આત્મામેં વિકારસે ભી હૈ નહીં. આહાહા..! કલમ ઉઠાકર ખાતાવહી લિખે. નહિ સેઠ? કાનપુરમેં પૈસા બહુત આતા હૈ તો લિખના તો પડે કિ નહીં? કહતે હૈં કિ કલમ ઉઠા સકતા નહીં. રાગ હો. લેકિન કલમ લે સકે ઔર છોડ દે કિ જાઓ, નહીં લિખના હૈ (ઐસા હૈ નહીં). આહાહા..! પર ચીજકો ગ્રહ સકતા નહીં રાગ હો તો ભી. ઔર આનંદ એવં જ્ઞાન હો, સમ્યગ્દર્શન હો તો ભી પરકા ગ્રહણ ઔર ત્યાગ તો આત્મામેં હૈ નહીં. આહાહા..! જવાન આદમી કિતના કરતે હૈં, દેખો ન! અભી તો ચલા હૈ ન. આ બાલ(વાળ)માં આ. જુવાન બાલ અહીં રખે, આધે કાન ઇતના આધે તક રખે ઐસે, ઔર દૂસરે ભરવાડ જૈસે યહાં તક રખે, યહાં તક રખે. ભરવાડ સમજતે હો? ગાય ઔર બકરેકો ચરાતે હૈં વહ. વહ રખે તો રહ સકતા હૈ ઐસા હૈ કિ નહીં? ઐસા હૈ નહીં ઐસા કહતે હૈં. વહ તો રહનેવાલી ચીજ હો તો રહતી હૈ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પહલે ક્યા કરતે થે? બાબરી, નામ ભૂલ ગયે. દોપહરકો યાદ કીયા થા, ભૂલ ગયે. પહલે બાબરી રખતે થે. અબ ઉસ બાબરીકો યહાં રખતે હૈં. આધા સર ઢક દે. લેકિન વહ ઢકનેકી ક્રિયા આત્મા કર સકે, વિકલ્પ આયા ઔર વહ કર સકતા હૈ, ઐસા હૈ નહીં.

મુમુક્ષુ :- એકદમ સુબહ...

ઉત્તર :- સુબહ ઉઠકર નહા-ધોકર. ક્યા કહતે હૈં આપકા? કંગી હોતી હૈ ન કંગી? યહાં ઐસા કરે.. યહાં ઐસા કરે.. બાદમેં ...

યહાં ભગવાન કહતે હૈં, પ્રભુ! સુન તો સહી, નાથ! આહાહા..! તેરી જ્ઞાનક્રિયા હો સમ્યક્ તો ભી ઉસ ક્રિયાકો ગ્રહે ઔર છોડે ઐસા હૈ નહીં. ઔર તુજે રાગ હો તો ભી રાગસે ઐસી ક્રિયા કરના ઔર છોડના... આહાહા..! પ્રભુ! આત્માકી શક્તિમેં ઐસી શક્તિ હૈ હી નહીં. આહાહા..! સમજમેં આયા? બહુત વિપરીત માન્યતા. વિપરીત માન્યતામેં માને કિ હમ સમકિતી-ધર્મી હૈં. આહાહા..! વિપરીત અભિનિવેશ (હૈ), વહ જૂઠા આગ્રહ હૈ, વહ મિથ્યાત્વભાવ હૈ. આહાહા..!

ઈતને રસકા મૈંને ત્યાગ કિયા. ભગવાન કહતે હૈં કિ, રસકો ગ્રહણ હી નહીં કિયા તો ત્યાગ કિયા કહાંસે આયા? આહાહા..! વહ તો મિથ્યા અભિમાન હૈ. શ્રદ્ધા વિપરીત હૈ તેરી. મૈં અભી રસ ખાતા નહીં. રસ છોડ દિયા હૈ. ભગવાન! રસ તો જડ હૈ. જડકા ગ્રહણ ઔર ત્યાગ આત્મામેં તો હૈ નહીં. આહાહા..! યહ ૪૦૬ ગાથાકા અર્થ હૈ. યહાંકે અર્થમેં તો રાગકા ગ્રહણ ઔર રાગકા ત્યાગ ભી નહીં હૈ. ઈસ ગાથામેં તો યહ હૈ. રાગકા ત્યાગ-રાગકા અભાવ સ્વભાવ હી હૈ. શુદ્ધ સ્વરૂપમેં તો રાગ હૈ હી નહીં. તો રાગકા ત્યાગ ક્યા કરના? ઔર શુદ્ધ સ્વરૂપમેં રાગ નહીં હૈ તો રાગકા સ્વીકાર કહાં કરના? આહાહા..! ઐસા ઉપદેશ બડા કઠિન.

ભગવાન તો ઐસા કહતે હૈં. માર્ગ તો ઐસા હૈ. માનો, ન માનો, રુચે ન રુચે માર્ગ તો ઐસા હૈ. અનાદિ અનંત પરમાત્માને ઐસા માર્ગ બતાયા હૈ તીર્થંકર દેવને. સમજમેં આયા? વહ શાસ્ત્ર યહાં ઉત્કીર્ણ હુએ હૈં, દેખો! પોપટભાઈ કા લડકા હસમુખભાઈ યહ મશીન લાયે હૈં. હિન્દુસ્તાનમેં સબસે પહલા મશીન હૈ. ઈટાલીસે આયા હૈ. પૂરે હિન્દુસ્તાનમેં પહલા. યે મશીનસે ઉત્કીર્ણ હુઆ હૈ. કહતે હૈં કિ સુનો! વહ મશીન ભી આત્મા લા સકે નહીં ઔર અક્ષર બના સકે નહીં. મશીન બના સકે નહીં. ઐસા કહતે હૈં.

મુમુક્ષુ :- લાયે વહ મૂર્ખતા કી.

ઉત્તર :- લાયે કૌન? આયા, વિકલ્પ થા ઔર આનેવાલી ચીજ થી તો આયી. પોપટભાઈ!

ઐસી બાત હૈ. પણ ઈ નામ લખે, એ અપૂર્વ નામ રહેશે જુઓ, આ લખ્યું (કોતરાવ્યું) એમણે. આહાહા..!

પ્રભુ! તેરા માર્ગ કોઈ અલૌકિક હૈ. આહા..! ભગવાન! તુમ તો જ્ઞાનસ્વરૂપ હો ન. જાનને-દેખનેવાલા કૈસે પરચીજકો ગ્રહણ કરે ઔર છોડે? વહ તો આહારકે ત્યાગકે પ્રસંગ મેં વહ ગાથા આયી હૈ. યહાં ગાથા આયી હૈ ઉસમેં તો રાગકા ભી સ્વીકાર નહીં હૈ. રાગ વિકલ્પ જો હૈ, વહ ભગવાન આત્માકે સ્વરૂપમેં કભી સ્વીકાર કિયા હી નહીં. તો છોડતે હૈં, વહ છોડના ભી આત્મામેં હૈ નહીં. વહ તો ૩૫ ગાથામેં આ ગયા. રાગકા ત્યાગકર્તા કહના વહ પરમાર્થસે નહીં. પરમાર્થસે રાગકા ત્યાગકર્તા આત્મા નહીં. આત્માકા આનંદ સ્વરૂપ દૃષ્ટિમેં આયા, બાદમેં લીનતા કરતે હૈં તો રાગકી ઉત્પત્તિ હોતી નહીં. ઉત્પત્તિ હોતી નહીં તો રાગકા ત્યાગ કિયા, ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા? આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ હૈ, ઐસી સમ્યગ્દર્શનમેં પ્રતીતિ અનુભવસે હુઈ, બાદમેં સ્વરૂપમેં લીનતા હોકર ઈતને પ્રકારકા રાગ ઉત્પન્ન ન હુઆ. યહાં લીનતા હોનેસે રાગકી ઉત્પત્તિ નહીં હુઈ તો રાગકા ત્યાગ કિયા ઐસા કહનેમેં આતા હૈ. આહાહા..! માર્ગ તો માર્ગ વીતરાગકા..! વહ કહતે હૈં.

‘**ક્યોંકિ પર નિમિત્તકે આશ્રયસે હુએ-પ્રાયોગિક...**’ અર્થાત્ રાગ હોતા હૈ ‘**ગુણકી સામર્થ્યસે તથા સ્વાભાવિક-વૈસ્રસિક ગુણકી સામર્થ્યસે...**’ સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર શાંતિ ચારિત્રકી પર્યાયસે ‘**આત્મા દ્વારા પરદ્રવ્યકા ગ્રહણ કરના તથા છોડના અશક્ય હૈ.**’ પરદ્રવ્યકા ગ્રહણ કરના ઔર છોડના આત્મા દ્વારા અશક્ય હૈ. આહાહા..! બહુત અચ્છી બાત હૈ. અલૌકિક બાત હૈ. જગતસે ભિન્ન લોકોત્તર બાત હૈ. આહાહા..! કેવલી મહારાજ સંતકા માર્ગ દુનિયાસે ભિન્ન જાતિકા હૈ, ભાઈ! દુનિયાકે સાથ ઉસકા મિલાન હો સકે નહીં. આહાહા..!

‘**આત્માકે પરદ્રવ્ય ગ્રહણ-ત્યાગ કહના તો વ્યવહારનયકા કથનમાત્ર હૈ. નિશ્ચયનયસે તો વહ પરદ્રવ્યકા ગ્રહણ-ત્યાગ કર સકતા હી નહીં.**’ પરદ્રવ્યકા ગ્રહણ-ત્યાગ કર સકતા નહીં. ‘**જબ જીવ, આત્મસ્વરૂપમેં લીન હોતા હૈ, તબ રાગાદિ વિકાર સ્વયં છૂટ જાતા હૈ,...**’ સ્વયં છૂટ જાતે હૈં કા અર્થ ઉત્પન્ન હોતે નહીં. આહાહા..! ‘**ઉસે છોડના નહીં પડતા ઔર આત્મિક ગુણ સ્વયં પ્રગટ હોતે હૈં.**’ ભગવાન શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ ઔર અનંત શક્તિ ઉસમેં જબ એકાગ્ર હુઆ તો રાગ ઉત્પન્ન હોતા હી નહીં, ઈતને પ્રકારકા. ઈતના લીન હુઆ તો રાગ છોડના પડતા નહીં. ઐસા હી વસ્તુકા સ્વરૂપ હૈ. ઐસી બરાબર સમજ કરના ઔર શ્રદ્ધા કરના.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૧, બુધવાર તા. ૦૮-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૦, પ્રવચન - ૨૯**

૨૦મી ગાથા. સમાધિતંત્રમાં વિશેષ. ફરીને લઈએ. અહીંયાં ગાથા તો એ છેને કે આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ (છે), એ રાગને અને રજકણને ગ્રહતો નથી. રાગ છે તે આસ્રવ છે અને રજકણ છે તે અજીવ છે. એ જ્ઞાનાનંદ સ્વભાવ રાગને આત્મસ્વરૂપ તરીકે સ્વીકારતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

આત્મા ચૈતન્ય જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ એ સમ્યગ્દર્શનનો વિષય છે. અને એ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ રાગ ને ગુણ-ગુણીનો ભેદ એવો જે વિકલ્પ એને પણ એ અભેદ ચીજ જ્ઞાયક તે ગ્રહતી નથી. રાગને તે ગ્રહતો નથી અને અનંત જ્ઞાનાદિ સ્વભાવ જેની અનંત શક્તિ, અનંત ગુણ એવું જેનું સ્વરૂપ તેને એ કોઈ દિ' છોડતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! એ ચીજમાં અનંત આનંદ, જ્ઞાનાદિ અનંત શક્તિનું ધ્રુવપણું પડ્યું છે. એ કોઈ દિ' નિગોદમાં ગયો તો પણ એ ધ્રુવ જે સ્વરૂપ છે એ છોડ્યું નથી એણે. એ વસ્તુ સ્વભાવે જે છે એણે તો રાગને પણ ગ્રહ્યો નથી. અજ્ઞાનપણે અનાદિથી રાગને ગ્રહ્યો. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ છે એ મારા છે એમ ગ્રહ્યું એ તો અજ્ઞાનપણે છે. વસ્તુના સ્વભાવમાં અને સ્વભાવની દૃષ્ટિમાં વિભાવ વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે.. આહાહા..! તેને એણે ગ્રહ્યો નથી.

**'આત્મા પરદ્રવ્યને જરા પણ ગ્રહતો નથી...'** આહાહા..! **'તથા છોડતો નથી કારણ કે પર નિમિત્તના આશ્રયે થયેલા-પ્રાયોગિક ગુણના સામર્થ્યથી...'** એટલે? અહીંયાં તો હજી વાત સ્થૂળ કરે છે. ગાથામાં છે એ તો સૂક્ષ્મ વાત છે. આ છઠ્ઠી ગાથા આપીને ૪૦૬ની. એને આત્માની ધર્મ દશા પ્રગટ થાય, ચૈતન્ય સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ થાય તોપણ તે પર્યાય પરને ગ્રહે અને છોડતી નથી. એટલું નહિ પણ રાગ થાય કર્મના-નિમિત્તના સંગે તોપણ તે રાગને લઈને પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવું બનતું નથી. આહાહા..!

આત્માનો શુદ્ધ સ્વભાવ (એનું) ભાન થયું સમ્યગ્દર્શનમાં, તો કહે છે કે એ સમ્યગ્દર્શનની સામર્થ્યતા સ્વભાવની પ્રગટી એ પણ પરદ્રવ્યને ગ્રહે કે છોડે એવું એનામાં નથી. આહાહા..! શરીર, વાણી, કર્મ, પરને ગ્રહે છોડે એ સ્વભાવિક દૃષ્ટિ થઈ તો પણ નથી અને સ્વભાવમાં નથી એવો પર્યાયમાં કર્મના સંગે પોતાથી, પોતામાં વિકાર થયો તોપણ વિકારના સામર્થ્યથી પરદ્રવ્યને ગ્રહે કે છોડે કે ઝાલે કે મૂકે એવું એનામાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

આવું ભગવાન ચૈતન્યસ્વરૂપનું આવું વીતરાગે સ્વરૂપ જોયું છે. એ જેને અંતર જોવામાં આવે, દૃષ્ટિ વડે કરીને તે દ્રવ્યના શુદ્ધ સ્વભાવનો સ્વીકાર થાય તો તે પર્યાય રાગને ગ્રહતી નથી અને રાગને છોડતી પણ નથી. આહાહા..!

સમ્યગ્દર્શનની પર્યાય એ ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને અવલંબે, સ્વીકારે, પ્રગટે છે. આહાહા..! એ વિનાનું જ્ઞાન પણ ખોટું છે. આહાહા..! જે સ્વરૂપ ચૈતન્ય જ્ઞાયક છે એના સંબંધે એનું જ્ઞાન જે થાય, શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ જ્યાં. કારણ કે એ શાસ્ત્રનું જ્ઞાન એ પરાલંબી, પરસત્તાવલંબી જ્ઞાન છે. આહાહા..! એ પણ બંધનું કારણ છે. પણ જ્યાં ચૈતન્ય જ્ઞાયક સ્વભાવ, એની એકાગ્રતાથી જે જ્ઞાનની દશા થાય એ જ્ઞાનની દશા રાગને ગ્રહતી નથી અને રાગને છોડતી પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવો એનો દર્શનનો ત્રિકાળી સ્વભાવ છે, પણ સમ્યગ્દર્શનનો સ્વભાવ (પણ) એવો છે. બહુ ઝીણું!

**'સામર્થ્યથી તેમ જ સ્વાભાવિક-વૈસ્રસિક ગુણના સામર્થ્યથી આત્મા વડે પર દ્રવ્યનું ગ્રહવું તથા છોડવું અશક્ય છે.'** એ સમયસારની ગાથા છે.

**'આત્માને પર દ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કહેવો એ તો વ્યવહારનયનું કથનમાત્ર છે.'** આહાહા..! આત્મા રાગ ગ્રહે કે રાગ છોડે એ તો વ્યવહારનયનું કથન છે. આહાહા..!

મુમુક્ષુ :- પણ દીક્ષા લે ત્યારે તો લુગડા છોડવા જ પડે.

ઉત્તર :- કોણ છોડે લુગડા? એ કહે છે ને. એ ભાઈ કહેતા હતા. કેવા? ચાંદમલજી. સાધુ થાય ત્યારે કપડા છોડે છે ને? અરે.. ભગવાન! સાંભળ ભાઈ! કપડા છોડે શું, રાગને છોડે એ પણ નહિ. આહાહા..! કપડાની જે છૂટવાની પર્યાયનો એનો ઉત્પાદ કાળ ત્યાંથી ખસી જવાનો છે તેથી તે કપડા છૂટી જાય છે. આહાહા..! જૈનમાર્ગ આ છે. આહાહા..! ખરેખર તો એ કપડામાં તે પર્યાય ત્યાં (રહેવાની છે) એમ નથી (તેથી) ખસી જાય છે. એનો ઉત્પાદ કાળ છે. એ પર્યાયનો એ પરમાણુમાં ઉત્પાદ કાળ છે તેથી તે ખસી જાય છે. આત્મા એને—કપડાને છોડે એ માન્યતા મિથ્યાત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- .. ન છોડે તો ..

ઉત્તર :- કોણ છોડે? એ તો પડ્યા છે, બધા જગતના પદાર્થ પડ્યા છે. આહાહા..!

અહીં તો એ વાત તો ઘણી દૂર રહો, પણ પંચ મહાવ્રતના વિકલ્પને આત્મા ગ્રહે કે રાગને છોડે, ભાઈ! એ ચૈતન્ય સ્વરૂપ છે, એ જ્ઞાનસ્વરૂપી પ્રભુ કોને ગ્રહે અને કોને છોડે? એ તો ગ્રહણ ત્યાગ થાય પરમાં એને એ જાણે. આહાહા..! રાગ થાય તો જ્ઞાની તો જાણે. મારામાં થયો નથી. આહાહા..! અને રાગ જાય તો મેં એને છોડ્યો છે એમ નથી. આહાહા..! ઘણું તત્ત્વ બાપુ! ઝીણું બહુ. જન્મ-મરણના અંતને લાવવાનું તત્ત્વ સૂક્ષ્મ છે. આહાહા..!

બાકી તો અનંત વાર મુનિપણા પાળ્યા, પંચ મહાવ્રત દિગંબર સાધુ, હોં! અનંત વાર થયો. અનંત વાર અગિયાર અંગનું જ્ઞાન કર્યું. એક અંગમાં અઢાર હજાર પદ, એક પદમાં એકાવન કરોડ ઝાઝેરા શ્લોક. એ જ્ઞાન પણ જ્ઞાન નહીં. આહાહા..! કેમ કે પરલક્ષી જે ઉઘાડ થયો એ આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! એ આત્માને લાભદાયક નહિ. ભારે વાત, ભાઈ! આહાહા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવી વસ્તુ છે. એના સ્વભાવમાંથી જ્ઞાનની પર્યાય આવે કે જે કંઈ સંવર અને નિર્જરારૂપ થાય એને જ્ઞાન કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? એથી આત્મા જ્ઞાનસ્વભાવી હોવાથી તેનો ગ્રહણ-ત્યાગ નથી. આહાહા..!

**'જ્યારે જીવ આત્મસ્વરૂપમાં લીન થાય છે,...'** જ્યારે આ આત્મા પોતાના સ્વરૂપમાં સંયોગી ચીજથી લક્ષ છોડીને, એ રાગના અને પરના જાણપણાના ભાવમાં લક્ષ છોડીને, એક સમયની પર્યાયનું લક્ષ છોડીને... આહાહા..! વસ્તુના સ્વભાવમાં જ્યારે લીન થાય છે, એકાગ્ર થાય છે **'ત્યારે રાગાદિ વિકારો સ્વયં છૂટી જાય છે;...'** આવી વાત છે, ભાઈ! એટલે કે ચૈતન્ય સ્વભાવની નિત્યતા અને ધ્રુવતા, એમાં દૃષ્ટિ આપતા, એમાં સ્થિર થતાં રાગની ઉત્પત્તિ થતી નથી. જેટલે અંશે અહીં સ્થિર થયો એટલે અંશે રાગની ઉત્પત્તિ થતી નથી, એને રાગ છોડ્યો એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. આવો માર્ગ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ સિવાય આ માર્ગ બીજે ક્યાંય નથી, ક્યાંય કોઈ ઠેકાણે (નથી). આહાહા..! એની રીત અને એની પદ્ધતિ ભગવાનના જ્ઞાનમાં આવી, એવી એમણે કહી છે.

કહે છે કે રાગ છૂટે છે ને. મિથ્યાત્વભાવ નાશ પામે છે ને. એ આત્મા નાશ કરે એમ કહેવું કે નહિ? આહાહા..! જિન કહેવાય, જે જીતે છે રાગને. એ પણ વ્યવહારનયનું કથન છે. આહાહા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને વીતરાગ સ્વભાવની મૂર્તિ છે. એમાં જ્યાં લીન થાય છે ત્યારે મિથ્યાત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી. અને એ જેટલે અંશે રમણતા થઈ સ્વરૂપાચરણ.. આ શબ્દકોષવાળાએ ભાઈ થોડું આપણું સ્વીકાર્યું છે. ચોથા ગુણસ્થાનથી પ્રારંભ થાય છે, સ્વરૂપઆચરણ ચોથે ગુણસ્થાને હોય છે. ઓલા ના પાડે છે... જેટલે અંશે અનંતાનુબંધીનો અભાવ થયો એટલે અંશે સ્થિર થયો ત્યારે તેનો અભાવ થયો છે. આહાહા..!

સમ્યગ્દર્શન ત્રિકાળી સ્વરૂપની પ્રતીતિ કરતાં જે જ્ઞાનનું સ્વસંવેદન થાય તેમાં જેટલી સ્થિરતા થાય.. આહાહા..! ત્રણે એકસાથે હોય છે. સમજાણું કાંઈ? ત્યારે તેને દર્શનમોહનો ઉદય ન હોય, એટલો સ્થિર થયો એટલે અનંતાનુબંધી પણ ન હોય. આહાહા..! જેટલું સ્વસંવેદ્ય જ્ઞાનમાં આવ્યું એટલી જ્ઞાનની પર્યાયને વિઘન કરનાર કર્મ પણ ન હોય. આહાહા..! નિમિત્તરૂપે. આહાહા..! આવો માર્ગ પ્રભુનો. લોકોએ બીજી રીતે કલ્પી નાખ્યો. બાપુ! અનંત કાળ થયા, ભાઈ! ચોર્યાસીના અવતાર કરી કરીને અનંત અવતાર કર્યા. એણે અનંત અવતારમાં આવ્યો

અને દુઃખ વેઠ્યા છે. ભગવાનનો આનંદ જે છે એને તો આવ્યો નથી. સમ્યગ્દર્શન વિના આનંદની લહેજતની મજા તો ક્યાંય આવતી નથી બહારમાં. આહાહા..! એ સમ્યગ્દર્શનમાં આનંદ આવે. એ વિના મિથ્યાત્વમાં તો દુઃખ છે એકલું. આહાહા..! સંયોગ પ્રતિકૂળનું દુઃખ એ નહિ. પણ સ્વરૂપની શુદ્ધતાની વિરૂદ્ધ દષ્ટિ એ દુઃખ છે. એ દુઃખમાં પીડાયેલો પ્રાણી ભલે શેઠાઈમાં હોય, અબજોપતિમાં દેખાય, દેવમાં દેખાય, પણ છે દુઃખની ઘાણીમાં પીલાયેલો એ.

અરે..! પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવનું સત્ તો આવું છે, ભાઈ! એ પોતે સર્વજ્ઞદેવ છે. આહાહા..! ભગવાન આત્મા સર્વજ્ઞદેવ સર્વજ્ઞશક્તિનો ભંડાર છે. એમાં સર્વજ્ઞશક્તિમાં દૃષ્ટિના સ્વીકારમાં જે સર્વજ્ઞ સ્વભાવ આવ્યો ત્યારે તેને સમ્યક્ થયું, ત્યારે તેને સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન થયું, ત્યારે તેને સ્વરૂપમાં સ્થિરતા થવાના સ્વરૂપનું આચરણ, શુદ્ધ સ્વરૂપ છે એનું ચારિત્ર એટલે આચરણ થયું. આહાહા..! એ કાળે એને કષાય છોડવો પડતો નથી, કહે છે. કષાયનો ઉદય આવતો નથી અથવા આવે તે ખરી જાય છે. એને આત્માએ રાગનો નાશ કર્યો એમ કહેવામાત્ર છે. આહાહા..! સમજાણું કાંઈ?

‘**વિકારો સ્વયં છૂટી જાય છે; તેને છોડવા પડતા નથી. અને આત્મિક ગુણો સ્વયં પ્રગટ થાય છે.**’ ગુણ શબ્દે પર્યાય. એ આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એની અંતરમાં દૃષ્ટિ પડતા અનંતા ગુણો, જે શક્તિ અને ગુણપણે સ્વભાવ છે એ અનંતા ગુણનો એક અંશ વ્યક્તપણે પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે એને રાગ છોડવા પડતા નથી. સ્વયં પ્રગટ થાય ત્યારે ઓલા વિકાર ઉત્પન્ન થતાં નથી. આવું સ્વરૂપ છે. ત્યાં સુધી તો કાલે આવ્યું હતું.

નિર્વિકલ્પ દશામાં.. જ્યારે આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિમાં આવે છે... આહાહા..! શુદ્ધ આનંદ અને શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ, એની શ્રદ્ધા અને જ્ઞાનમાં સ્વસન્મુખતામાં આવે છે, ત્યારે તેને વિકલ્પ નામ રાગ રહિત નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. ભારે આકરું ભાઈ આવું. ઓલું તો એવું હતું ઈચ્છામિ પડિક્કમણા.. તસ્સ મિચ્છામી દુક્કડમ હતું, લ્યો.. ... આહાહા..! એ તો બધી રાગની ક્રિયાઓની વાતું છે, ભાઈ! ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા જે થયા તે ક્યાંથી થયા? એ સર્વજ્ઞદશા આવી ક્યાંથી? એ રાગની ક્રિયા કરવામાંથી આવી? બહારથી આવે છે? આહાહા..!

સર્વજ્ઞ સ્વભાવ, જે જ્ઞ-સ્વભાવી હું આત્મા, સર્વજ્ઞ સ્વભાવી આત્મા, એને દૃષ્ટિ અને વેદનમાં લેતા સર્વજ્ઞપણું છે એવી એને પ્રતીત થાય છે. હું સર્વજ્ઞ છું એવી પ્રતીત થાય છે. આહાહા..! અને પછી સ્વરૂપમાં સર્વજ્ઞની શક્તિમાં સ્થિર થતાં થતાં સર્વજ્ઞપર્યાય પ્રગટપણે

પરિણમે છે એને કેવળી પરમાત્મા કહેવામાં આવે છે. આ અરિહંત ભગવાન. અરિ(હંત)માં તો કર્મરૂપી શત્રુ અને રાગરૂપી શત્રુને હણ્યા એમ કહેવામાં આવે છે. શબ્દ તો એવો છે એમાં. વ્યવહારના કથન એવા હોય છે. આહાહા..!

ભગવાને તો પોતાના સ્વરૂપમાં જ્ઞાન સ્વભાવ જે સર્વજ્ઞસ્વભાવ, એનો અનુભવ કરીને વેદનમાં આવ્યા, પછી ઠર્યા અંદરમાં. પૂર્ણ શક્તિનું અવલંબન લઈને ઠર્યા ત્યારે એ શક્તિમાંથી વ્યક્તતા પ્રગટ સર્વજ્ઞ દશા પ્રગટ થઈ. આહાહા..! અનંત ગુણો જે અંદર શક્તિ અને સત્ત્વરૂપે હતા એ અનંત ગુણના અંતર ઘુંટણથી.. આહાહા..! એ જ્ઞાન અને આનંદની ક્રિયા દ્વારા ભગવાનને કેવળજ્ઞાન થયું, એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! આ પર્યાય જે છે સાધન કરીને. એથી કેવળ થયું. કર્મનો અભાવ થયો માટે કેવળ થયું એ તો વાત છે નહિ. પણ પૂર્વની સાધક દશા ચાર જ્ઞાનની હતી એનો અભાવ કરીને કેવળ થયું એટલે ચાર જ્ઞાન સાધક હતા (એમ કહેવું) એ તો પૂર્વ દશા એ હતી એ કહેવા, સમજાવવાની વાત છે. બાકી કેવળજ્ઞાન જે થયું એ ઉત્પાદ તો અંદરમાં હતો સદ્ભાવ. આહાહા..! એ એની જન્મક્ષણ-ઉત્પન્નક્ષણ છે. આહાહા..!

એ તો આપણે આવ્યું ને? સદ્ભાવ પર્યાય. સદ્ભાવ સંબંધે પર્યાય. ૧૧૦, ૧૧ અને ૧૨ (ગાથા), પ્રવચનસાર. અંદર સદ્ભાવ પર્યાય કેવળજ્ઞાનની પર્યાય, (એ) પર્યાય છે, એ કંઈ ગુણ નથી. અંદર સદ્ભાવ ગુણનો છે. એ છે તે થયો છે. પૂર્વે પર્યાય નહોતી ને થઈ એ તો પર્યાય દૃષ્ટિની વાત છે. આહાહા..! એ પણ પૂર્વે નહોતી અને થઈ એ પણ પર્યાય અને ગુણના સમીપનો સંબંધ છે. એનો પૂર્વની પર્યાયના નાશ સાથે સંબંધ નથી. આહાહા..! ઝીણું બહુ. કાંતિભાઈ! ઝીણું છે. આ કાંઈ ઉપરટપકે પકડે (તો પકડાય એવું નથી).

આ તો ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ તીર્થંકરદેવ.. આહાહા..! જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા નહિ પણ એની (પોતાની) પર્યાયને જાણતા એ પર્યાય જણાઈ ગઈ. આહાહા..! નિશ્ચયથી તો એમ કહ્યું છે. ૯૫ પાને હતુંને ગુજરાતીમાં? એ આમાં ૯૫ નથી, ૮૯ છે. મેં કહ્યું હતું ૮૯. એ વાંચે છે ચિદ્વિલાસ ગુજરાતી. ૯૫ પાનુ છે. મારે ખ્યાલમાં ૮૯ છે. આમાં ૮૯ પાને છે. ચિદ્વિલાસ છે. ૮૯ કહ્યું હતું. નીકળ્યું ગુજરાતીમાં ૯૫. પર્યાયનું કારણ પર્યાય, આવે છે ને? ભાઈ! આહાહા..! એ કેવળજ્ઞાનની પર્યાયનો સ્વકાળ હતો તે જ્ઞાનની પર્યાય પર્યાયથી થઈ છે. ગુણથી નહિ, નિમિત્તથી નહિ, પૂર્વના મોક્ષના માર્ગની પર્યાયથી નહિ. આહાહા..! પોપટભાઈ! આવો માર્ગ પ્રભુ! અરે..! સાંભળીને સમજીને લક્ષ તો કરે. આહાહા..! અરે..! આવા કાળમાં ન સમજે, બાપુ! કે દિ' સમજશે?

કહે છે કે સમ્યગ્દર્શનની પર્યાય થઈ. આહાહા..! એણે મિથ્યાત્વનો નાશ કર્યો એ તો નથી, પણ પૂર્વની પર્યાય ગઈ માટે થઈ એમ પણ નથી, તેમ એ સમ્યક્‌ની પર્યાય દ્રવ્ય-ગુણને હતી તે આવી એમ પણ નથી. આહાહા..! એ પર્યાયનું કારણ પર્યાય, પર્યાયનું વીર્ય પર્યાય, પર્યાયનો પ્રદેશ સત્‌નો અંશ તે પર્યાય. આહાહા..! આવી વાત સર્વજ્ઞ સિવાય આવી સ્વતંત્રતાની ક્યાંય વાત હોઈ શકે નહિ.

જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. જૈનધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈનધર્મ એ સંપ્રદાય અને વાડો નથી કે તમે જૈન આમ કહો છો અને આમ કહીએ છીએ. એમ નથી. 'જિન સોહી આત્મા, અન્ય સોહી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિન વચનકા મર્મ.' આહાહા..! અરે..! વાણી ક્યાં છે આવી? આહાહા..! સર્વજ્ઞના ધોધ જેણે છોડ્યા. (પ્રકાશ્યા) આહાહા..! નિર્વિકલ્પ દશા થાય.

રાગને ગ્રહે અને છોડે નહિ એવો ચૈતન્યનો સ્વભાવ છે. એવી જ્યાં અંતરની દૃષ્ટિ થઈ ત્યારે દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય હતું એમ કહ્યું હતું. અને તે છે તે આવી એમ પણ કહ્યું. અને તેનો જન્મક્ષણ એ સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો જન્મ નામ ઉત્પત્તિનો એ કાળ હતો એમ કહ્યું. આહાહા..! એ પર્યાયને કારણે, પર્યાયને કારણે પર્યાય થઈ છે. પર્યાયના વીર્યથી પર્યાય થઈ છે. દ્રવ્ય-ગુણથી નહિ. આહાહા..! આવી સ્વતંત્રતા. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ એ સિવાય આવી સ્વતંત્રતા ક્યાંય ન હોય. બાપુ! એના વાડામાં જન્મ્યો એને સાંભળવા મળ્યું (નથી). કહે છે કે આ આવી ચીજ સાંભળવા મળી નહિ એને. આહાહા..! 'શ્રુત પરિચિત અનુભૂતા'. ભગવાન! તેં બીજી વાતું બહુ સાંભળી. આ ચીજ આવી છે, એનું સત્ત્વ આવું છે.. આહાહા..! એવું તે સાંભળ્યું નથી. સાંભળ્યું હોય તો તેને રુચિ થઈ હોય. એમ કહે છે. આહાહા..!

કહે છે, એ પર્યાય થઈ એ નિર્વિકલ્પ અનુભવ કાળે જીવને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો વિકલ્પ હોતો નથી. આહાહા..! સમ્યગ્દર્શનના પામવા કાળે.. સમજાણું કાંઈ? આત્માના શુદ્ધ ચૈતન્યઘનના અનુભવ એટલે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કાળે... આહાહા..! એ અનુભવકાળ. અનુભવ એટલે? વસ્તુનો જે સ્વભાવ છે તેને અનુસરીને જે દશા થઈ. રાગને અનુસરીને નહિ, પૂર્વને અનુસરીને નહિ. આહાહા..! એ પર્યાયના અનુભવ કાળે જીવને પરદ્રવ્યના ગ્રહણ-ત્યાગનો રાગ જ હોતો નથી. કે હું આને ગ્રહું અને આને છોડું એવો વિકલ્પ છે નહિ. ભારે આકરી વાત માણસને લાગે. સંપ્રદાયમાં તો એ વાત છે નહિ એટલે લાગે કે આ તે ક્યાંની વાત હશે? આ તે જૈન પરમેશ્વરની હશે? એમ લાગે. ઓલા વેદાંત જેવી હશે? ભગવાન પરમેશ્વરની આ જ વાત છે. વેદાંતમાં ક્યાં એ વાત છે? એ તો સર્વવ્યાપક એક આત્મા માને. (બીજું) કાંઈ છે નહિ. અહીં તો અનંત આત્મા, એક આત્મામાં અનંત ગુણો, અનંત ગુણની એક

સમયની અનંતી પર્યાય એ વાત છે ક્યાં? સમજાણું કાંઈ?

કહે છે, ધર્મકાળ. લ્યો, હવે એ આવ્યું. ટીકામાં નથી? ધર્મકાળ લબ્ધિ આવે છે, ટીકામાં આવે છે. ભગવાન આત્મા... આહાહા..! એને સમ્યગ્દર્શન-જ્ઞાનને પામવાનો કાળ છે ,ત્યારે તે પામે છે. પણ એ પામતા કાળમાં હું આને ગ્રહું, આત્માને અનુભવું અને રાગને છોડું એવું કાંઈ હોતું નથી. આહાહા..! શેઠ! આવી ઝીણી વાત છે. લોકોને પેલા પંડિતોએ ... વસ્તુની શૈલી એમ છે નહિ. એને ફેરફાર કરીને મનાવી છે. આહાહા..! ખબર નથી. આહાહા..! ખબર વિનાની વાતું કરવા માગે, ગોટા ઉઠશે.

કહે છે, ભાઈ! આ જન્મ-મરણ ટાળવાના આરા-કાળ છે, નાથ! આવો મનુષ્યભવ અને એમાં ભગવાનની વાણી પરમ સત્યનું સાંભળવું અને આટલા યોગે. આહાહા..! કહે છે કે અંદરમાં જા, ભગવાન! આહાહા..! અમારી વાણીથી પણ તું અનુભવમાં આવી શકે નહિ એવી ચીજ છે. આહાહા..! અને એ અનુભવકાળમાં ગ્રહણ-ત્યાગનો વિકલ્પ નથી. એ તો તે દશામાં ગ્રહણ કરવા યોગ્યનું ગ્રહણ થઈ ગયું. આહાહા..! સ્વરૂપમાં એકાગ્ર થઈ ગયો એ ગ્રહણ કર્યું. અને ત્યાગવા યોગ્યનો ત્યાગ સ્વયં થઈ ગયો. રાગ ઉત્પન્ન થયો નહિ, એનો સહજ ત્યાગ થઈ ગયો. આહાહા..! એટલે ગ્રહણ અને ત્યાગનો પ્રશ્ન જ રહેતો નથી.

**'વળી આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય...'** અહીં એ લીધું. નહીંતર તો અહીં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં પણ બધાને જાણે-દેખે એવો જ એનો સ્વભાવ પ્રગટ થાય છે. મતિ-શ્રુતજ્ઞાનમાં પણ એમ છે, ભાઈ! આહાહા..! સમ્યક્ મતિ અને શ્રુતજ્ઞાન ચૈતન્યના અવલંબે જે થયું, એ જ્ઞાન પણ સંપૂર્ણ ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયને પરોક્ષ રીતે જાણે. પણ એ તો જાણવાનું જ કામ કરે છે. સમજાણું કાંઈ? અહીંયાં કેવળજ્ઞાનની વાત લીધી છે.

**'આત્મસ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ થાય...'** ભગવાન આત્મા સર્વજ્ઞશક્તિનું સત્ત્વવાળું તત્ત્વ, સર્વજ્ઞના સત્ત્વનું તત્ત્વ કેવું છે .. જ્યારે અંતરના અવલંબનથી સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય, જેવી એની શક્તિનો સ્વભાવ હતો એવો પર્યાયમાં પ્રગટ થાય ત્યારે સંપૂર્ણ કેવળજ્ઞાન કહેવાય. આહાહા..! **'ત્યારે આત્માના જ્ઞાનગુણની પર્યાય પણ કેવળજ્ઞાનરૂપે પ્રગટે છે. આ કેવળજ્ઞાનનો એવો અનંત મહિમા છે કે અનંત દ્રવ્યોના...'** અનંત દ્રવ્યો છે. નિગોદ, સિદ્ધો, રજકણો અનંત પદાર્થ અને **'અનંત ગુણોને...'** એક એક દ્રવ્યના અનંત ગુણો છે એને **'અને તેમની ત્રિકાલવર્તી વિકારી-અવિકારી અનંત પર્યાયોને સંપૂર્ણપણે એક જ સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે.'** શુદ્ધ જ્ઞાનમાં સર્વથા પૂર્ણ બધાને જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાન થતાં સહજ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો આશ્રય સન્મુખ થઈને જે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાન તો સર્વને જાણવાના સ્વભાવવાળું છે. કોઈને કરે અને કોઈને મૂકે એવો એનો સ્વભાવ નથી. એ નથી કરે અને મૂકે એવો સ્વભાવ છે ત્યારે છે શું? એમ કહ્યું. સમજાણું? એ તો જાણવાનો સ્વભાવ છે. જ્ઞાની રાગ આવે તો જાણે અને રાગ છૂટે તો જાણે, બંધ પડે તો જાણે અને બંધનો અભાવ થાય તો જાણે. આહાહા..! એવું એનું સ્વરૂપ છે.

કહે છે, ત્રણ કાળના દ્રવ્ય-ગુણ અને પર્યાયોને, વિકારી-(અવિકારી), અનંત પર્યાયોને સંપૂર્ણપણે કેવળજ્ઞાન એક સમયમાં સર્વથા પ્રત્યક્ષ જાણે છે. પ્રવચનસારમાં ૩૮ ગાથામાં. ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૭, ૪૯, ૫૧. એ બધી કેવળજ્ઞાનની ગાથાઓ છે ત્યાં. પ્રવચનસાર સવારે વંચાય છે ને. ઓહો..!

**'જ્ઞાન પર પદાર્થોને જાણે છે-એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથન છે.'** કેમ કે જ્ઞાન પરને જાણતા પરમાં એકત્વ થતું નથી, તન્મય નથી. એ તો ભિન્ન રહીને જાણે છે. આહાહા..! લોકાલોક ત્રણ કાળ જાણે પણ તે વસ્તુથી ભિન્ન રહીને જ્ઞાન જાણે છે. ખરેખર તો જ્ઞાન જ્ઞાનને જાણે છે. જ્ઞાન પરને જાણે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ આકરો લાગે પણ ભાઈ! પહેલું માન તો ખરો. એનું આ જ્ઞાન તો કર કે માર્ગ તો આ છે, બાપુ! આહાહા..! આ જાતના વ્યવહારુ સમ્યગ્જ્ઞાન પણ જેને નથી એને પરમાર્થે નિશ્ચયજ્ઞાન પ્રગટ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? છતાં વ્યવહારુ સમ્યગ્જ્ઞાન થાય એ કાંઈ નિશ્ચય સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિનું કારણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

**'વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે...'** પાણીની સ્વચ્છતામાં રાત્રિમાં ચંદ્ર ને નક્ષત્ર એમાં દેખાય છે પાણીમાં. એ પાણીનું સ્વરૂપ છે, એ ચંદ્ર નક્ષત્રનું નહિ. આહાહા..! શું કીધું? પાણી જે રાત્રિમાં સ્વચ્છ આમ ચાલ્યું જાય છે, એમાં ઉપરના ચંદ્ર, નક્ષત્ર, ગ્રહો આદિ જણાય છે એમાં. ઈ નહિ. એ સ્વચ્છતા પાણીનું એ સ્વરૂપ છે. એને એ જાણે છે. આહાહા..! એમ જ્ઞાનની સમયની પર્યાયની નિર્મળતામાં લોકાલોકનું જ્ઞાન જે અહીં પરિણમ્યું છે એ લોકાલોકનું નહિ. એ પોતાની પર્યાય એ રીતે પરિણમી છે. આહાહા..! સમજાણું કાંઈ?

રાત્રિમાં પાણી સ્વચ્છ ચાલ્યું જાતું હોય. આમ ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હોય, નક્ષત્રો, તારા ચમકતા હોય એ પાણીમાં જણાય છે. એ પાણીમાં જણાય એ નક્ષત્ર, તારા છે? એ તો પાણીની પર્યાય છે. આહાહા..! એમ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે છે તો લોકાલોકની પર્યાય છે? એ તો પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે. એમાં એ લોકાલોક જણાય

જાય છે એમ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! નિશ્ચયથી જણાય છે, હોં! જ્ઞાનની પર્યાયમાં એવડું સામર્થ્ય છે એને જાણતાં નિશ્ચયથી જણાઈ જાય છે. આને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! આવો ધર્મ અને આવો મોક્ષનો માર્ગ. કેટલાક કહે છે, આ નવો કોઈએ કાઢ્યો છે. સોનગઢવાળાએ નવો કાઢ્યો. અરે.. ભગવાન! આ તો અનાદિનો વીતરાગ (માર્ગ છે). નવો કોણ કાઢે બાપુ?

પરમાત્મા કેવળજ્ઞાની બિરાજે છે, મહાવિદેહમાં પ્રભુ બિરાજે છે. સીમંધર ભગવાન એવા વીસ તીર્થંકરો બિરાજે છે. લાખો કેવળીઓ બિરાજે છે. મહાવિદેહ છે ને? પંચ મહાવિદેહ. એક એક વિદેહમાં ... વીસ. વીસ છે ને? ... ૩૨ છે. ૮-૮ છે ને આમ ૮? ૮ આમ, ૮ આમ અને ૧૬ આમ. ૩૨ x ૫ = ૧૬૦ એમ છે ને? વિદેહ પાંચ પણ એમાં ભાગલા ૧૬૦. ભરતથી પણ મોટો મોટો ભાગ. એક એકમાં અત્યારે તો વીસ તીર્થંકર બિરાજે છે. ૧૬૦માં. કોઈ વખતે અજીતનાથ ભગવાન વખતમાં ૧૬૦ તીર્થંકરો હતા. સાક્ષાત્ અરિહંત પરમાત્મા. એ ખામણામાં આવે છે. ઉત્કૃષ્ટતા હોય તો ૧૭૦. ૧૬૦ ઈ અને પાંચ ભરત અને પાંચ ઐરાવત. ૧૭૦ તીર્થંકર હોય. અજીતનાથ ભગવાનના વખતમાં ૧૭૦ હતા. આહાહા..! ઈ ખામણામાં આવે છે ખરું સ્થાનકવાસીના. જઘન્ય ૨૦, ઉત્કૃષ્ટ ૧૭૦. આહાહા..!

એ ભગવાન પાસે આ કુંદકુંદાચાર્ય ગયા હતા આઠ દિવસ. આહાહા..! સાંભળવાનું તો નિમિત્ત અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવાનો સ્વકાળ. આહાહા..! એ જ્ઞાન લઈને અહીં આવ્યા અને આ શાસ્ત્ર બનાવ્યા. આહાહા..! સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ સીમંધર ભગવાનની આ વાણી છે. સંત તો એનો અનુવાદ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! એવી વાત કાને ન પડે એને સમજણમાં કે દિ' લે? અને કે દિ' અંતરમાં ઉતરે?

કહે છે, એ '**જ્ઞાન પર પદાર્થોને જાણે છે-એમ કહેવું તે પણ વ્યવહારનયનું કથન છે. વાસ્તવમાં તો આત્મા પોતાને જાણતાં સમસ્ત પર પદાર્થો જણાઈ જાય છે...**' આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. આવે છેને ૪૭ શક્તિમાં? સર્વજ્ઞશક્તિ એટલે પરને જાણે માટે પરને એમ નહિ. એ સર્વજ્ઞપણું એ આત્મજ્ઞાનમયપણું છે. આહાહા..! સમજાણું કાંઈ? વાતે વાતે ફેર બહુ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા કહે છે, એ સર્વને જાણે છે એને માટે સર્વજ્ઞ એમ નહિ. એ સર્વજ્ઞશક્તિ પર્યાયમાં સર્વને જાણવાપણે પોતાના સામર્થ્યથી પોતામાં બધું જણાઈ ગયું છે. આહાહા..! એ આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ એમ લીધું છે. આત્મદર્શનમય સર્વદર્શી શક્તિ. આહાહા..!

અહો..! વીતરાગી સંતોએ જગતને કરુણા કરીને આવી વાત કરી. એને કરવા જેવું શું છે એ કહ્યું એને. ભાઈ! તારે શું કરવા જેવું છે? ભગવાન! જ્યાં એ શક્તિઓ પડી છે

ત્યાં તારે કરવાનું અને જવાનું છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? ત્યાં ભગવાન આત્મા અનંત શક્તિવાળું તત્ત્વ છે. એક એક શક્તિનું અનંત સામર્થ્ય છે. એવી અનંતી શક્તિઓ એક આત્મામાં છે. આહાહા..! ત્યાં તારે જવાનું છે, ભગવાન! ત્યાં તારે નજર કરવાની છે. આહાહા..! નિધાન પડ્યું છે ત્યાં નજર કરવાની છે. અને નજર કરવાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે, એ સ્વતંત્ર પર્યાયનું એટલું સામર્થ્ય છે માટે પ્રગટ થાય છે. આહાહા..! એ લોકાલોકને જાણે માટે એ સર્વજ્ઞપણું એમ નહિ. એ સર્વજ્ઞશક્તિની પર્યાય આત્મજ્ઞાનમય પૂરી થઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

વ્યવહારના આગ્રહીઓને, નિમિત્તના આગ્રહીઓને તો એવું લાગે આ બધું. ગાંડપણું છે, ગાંડા છે. એક તો વળી એમ કહેતો હતો કે સોનગઢીયાને હોસ્પિટલમાં મૂકો, ગાંડાની હોસ્પિટલમાં. અરે..! પ્રભુ! સાંભળ, બાપા! આહાહા..! ભાઈ! સત્યની સ્વતંત્રતાની વાત તેં સાંભળી નથી. એથી તને એમ થાય છે કે નિમિત્ત આવે તો થાય, વ્યવહાર હોય તો નિશ્ચય થાય. ભગવાન! એવું સ્વરૂપ નથી તારું. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! છે? '**એવી જ્ઞાનની નિર્મળતા–સ્વચ્છતા છે.**'

'**વળી તે આત્મસ્વરૂપ સ્વસંવેદ્ય છે...**' ચોથું પદ છે મૂળ ગાથાનું. ભગવાન આત્મા સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ વેદાય એવો એનો સ્વભાવ છે. આહાહા..! પ્રભુને પામર તરીકે એણે ઓળખ્યો. પ્રભુતાની શક્તિનો ભંડાર. એક એક શક્તિ પ્રભુતાથી ભરેલી. એવી અનંત શક્તિઓ જીવતર, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ શક્તિ, એવી ૪૭ શક્તિઓનું વર્ણન તો સમયસારમાં આવી ગયું છે. એક એક શક્તિ અનંત સામર્થ્યથી ભરેલી છે. એવું સામર્થ્ય સ્વસંવેદ્યથી જણાય એવું છે કહે છે. કહો, સમજાણું કાંઈ?

'**પોતાના આત્માના જ અનુભવમાં આવે તેવું છે. ગુરુ, તેમની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્ય-ધ્વનિ પણ તેનો અનુભવ કરાવી શકે તેમ નથી.**' આહાહા..! ભગવાન કે ભગવાનની વાણી કે ગુરુ અને ગુરુની વાણી એ તો પરવસ્તુ છે. પર ઉપર જ્યાં સુધી લક્ષ રહે તો અનુભવ થાય નહિ. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો, ભગવાનની વાણીથી ન લાભ થાય? અરે..! સાંભળને ભગવાન! સમવસરણમાં અનંત વાર ગયો, પ્રભુ! અનંત કાળથી..

અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

આહાહા..! સમજાણું કાંઈ? સેવ્યાનો અર્થ? એ કહે છે તેવું માન્યું અને જાણ્યું નહિ.

આ પગ દાબવા નથી ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? એ સમયસારમાં ત્રીજી ગાથામાં આવે છે. પોતે તો જાણ્યું નહિ પણ જાણનારની સેવા ન કરી, એમ આવે છે. એનો અર્થ કે ભગવાન સંતો જે કહે છે એ વાતને તેં અંદર લક્ષમાં લીધી નહિ એટલે સેવા ન કરી. એમ. એ મોટી મોટી વાતું કરે એમ કરીને કાઢી નાખ્યું. આહાહા..! બાપુ! તું મોટો છો, પ્રભુ! તારી મોટપની શું વાતું કરવી? અનંતા સિદ્ધની પર્યાયના અનંતા પદ તારા સ્વભાવમાં પડ્યા છે. એક સિદ્ધ (પર્યાય) થાય એવી અનંતી પર્યાયો! આહાહા..! એ તારી શક્તિમાં સિદ્ધની પર્યાય અનંતી પડી છે. કારણ કે ગુણ છે. આહાહા..! એની મોટપની શું વાતું? એની મહંતતાના શું કહેણ! આહાહા..! એ ભગવાનના કહેણ આવ્યા છે આ.

સારા ઘરની કન્યા આવતી હોય અને બે-પાંચ લાખ લઈને આવતી હોય, તો કાંઈક વાને મોળી હોય તોપણ સ્વીકારી લે. પચાસ નાળિયેર આવ્યા હોય. પણ આ દસ લાખ લઈને આવે છે ને કરોડપતિ માણસ છે. અને પછી દીકરો નથી તો મરી જશે તો પછી નેવું આવવાના છે. આહાહા..! એના કહેણ સ્વીકારે. અહીં ત્રણ લોકના નાથ એના કહેણ આવ્યા છે. અરે..! નાથ! તારામાં પ્રભુતા પડી છે, તું ત્યાં જા. એની સાથે લગન કર. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાત છે ભગવાન આ તો.

'જગતડા કહે છે રે ભગતડા કાલા છે.' અરે! આવી શું વાતું કરે છે! 'એ કાલા ન જાણશો, એ પ્રભુની .. ને વહાલા છે.' સમજાણું કાંઈ? ઘેલા છે એમ કીધું. ત્યાં અમારે પાલેજમાં દુકાન હતી ને. નવ વર્ષ ત્યાં રહ્યા. ૫૯ થી ૬૮. સગાવ્હાલા વૈષ્ણવ હતા. તો એક જણ કરે ભજન. વૈષ્ણવ. જાવું પડે ત્યાં. નાની ઉંમર તે દિ'. જઈએ, સાંભળીએ. તો ઓલા એમ ગાતા 'જગતડા કહે છે રે ભગતડા ઘેલા છે. પણ ઘેલા ન જાણશો રે પ્રભુને ત્યાં પહેલા છે.' એમ ગાતા. એનો અર્થ આ, હોં! એ તો પરને માટે (હતું). આહાહા..!

પોતાનો ભગવાન પૂર્ણાનંદનો નાથ જેને અંદર રુચ્યો એની વ્હાલપની શું વાત કરવી? જેને પરમાત્માના સ્વભાવ પોતાનો એની સાથે જેને વ્હાલપ થઈ એ ભગતડા ભલે ઘેલા છે, પણ વ્હાલા છે એ. એ અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેવાના છે. સમજાણું કાંઈ? દુનિયાને ન બેસે. આકરી વાતું લાગે. શું થાય? ભાઈ! વસ્તુ તો જે છે એમ રહેશે. આહાહા..! ધર્મીની દૃષ્ટિમાં ઈન્દ્રના ઈન્દ્રાસનના સુખો પણ ઝેર જેવા લાગે છે એને. આહાહા..! જેના આત્માના અંતર સ્વરૂપમાં આનંદ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ એને ઈન્દ્રના ઈન્દ્રાસનો, જેને અનાજના ઢોકળા નથી ખાવાના એવા જેના વૈક્રિયક શરીર, એના ભોગ હજારો ઈન્દ્રાણીઓના ઝેર.. ઝેર... ઝેર... છે. કેમ કે એ રાગના સુખ છે. રાગ તો ઝેર છે. ભગવાન આત્માનો આનંદ તો અમૃત છે. આહાહા..!

કહે છે... એ ભગવાનનું વેદન. એમ અહીં કહેવું છે ને. પોતાનું સ્વસંવેદન. આહાહા..! એ ભગવાનની દિવ્યધ્વનિથી પણ જણાય એવો નથી. '**ગુરુ, તેમની વાણી કે તીર્થંકર ભગવાનની દિવ્ય-ધ્વનિ પણ તેનો અનુભવ કરાવી શકે તેમ નથી. જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય.**' આહાહા..! અનુભવ કરે તો નિમિત્ત કહેવાય. એનાથી થયું નથી. આહાહા..! આવી વાતું છે, ભાઈ! પેલા કહે, દયા પાળવી, પછી આમ કરવું.. પછી આમ કરવું. આહાહા..! મારવાડીમાં તો જુઓને! કેટલાક ગયા હતા ઓલી કોર. ૨૫-૫૦ માણસ. ઘરે ન ખાય એમ કરીને કો'કને (ત્યાં) માગીને ખાય. ..કંદોઈ છે. એ દયા પાળી કહેવાય. અરે..! ભગવાન! તને દયાની ખબર નથી, બાપુ!

દયા તો આત્મા આનંદનો નાથ વીતરાગ સ્વરૂપી છે, એવું એનું જીવન છે તેનો સ્વીકાર કરવો એને દયા પાળી કહેવાય. જેવો એનો સ્વભાવ જીવતો જાગતો છે એને એ રીતે માને, કબુલે એણે દયા જીવની પાળી. અને એને એટલો ન માનતા, રાગ અને અલ્પજ્ઞવાળો માનવો એ જીવની પૂર્ણ હયાતીનો નકાર કરનાર એ હિંસા કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતના પંથમાં આ વાત છે. આહાહા..! જિનેશ્વરદેવ એમના મુખથી દિવ્યધ્વનિ આવી, એમાં આ આવ્યું છે. આ એના કહેણ છે. સમજાણું કાંઈ? કહે છે કે અમારી વાણીથી પણ તું ન જણાય એવો તને કહીએ છીએ. લે. એ તો વીતરાગ કહે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આહાહા..! અલૌકિક વાતું છે. 'સહેજે સમુદ્ર ઉલ્લસ્યો, જેમાં રતન તણાણા જાય, ભાગ્યવાન કર વાવરે એની મોતીએ મુઠીયું ભરાય.' અભાગવાન હોય એ ભરે ત્યાં શંખલા હાથમાં આવે. આવો માર્ગ વીતરાગનો. સમજાય છે કાંઈ? અનુભવ કરાવી શકે તમ નથી.

'**જીવ અનુભવ કરે તો તે નિમિત્તમાત્ર કહેવાય. તે સ્વાનુભવ-ગોચર છે.**' આહાહા..! આત્મા તો પોતાના સ્વભાવથી જણાય અને અનુભવ થાય એવો છે. એ વિભાવ ને નિમિત્ત ને સંયોગથી જણાય એવી ચીજ નથી. એવી ચીજ નથી. આહાહા..! એવી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? '**તે સ્વાનુભવ-ગોચર છે. આત્મા પોતે જ તેને ઓળખી, અનુભવ કરી શકે.**'

'**એ રીતે વાસ્તવમાં આત્માને પરદ્રવ્યનાં તથા રાગાદિના ગ્રહણ-ત્યાગ નથી; તે સર્વજ્ઞ છે અને માત્ર સ્વાનુભવ-ગોચર છે.**' જ્ઞ-સર્વજ્ઞ-જ્ઞ છે. માટે જ્ઞાનગમ્ય છે. એ જ્ઞાનસ્વભાવી છે માટે જ્ઞાનગમ્ય છે. રાગને પણ ગમ્ય છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

साम्प्रतं तु तत्परिज्ञाने सति कीदृशं मे चेष्टितमित्याह –

यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे।
तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः।।२२।।

टीका :- असौ उत्पन्नपुरुषभ्रान्तिः पुरुषाग्रहे पुरुषाभिनिवेशे निवृत्ते विनष्टे सति यथा येन पुरुषाभिनिवेशजनितोपकारापकाराद्युद्यमपरित्यागप्रकारेण। चेष्टते प्रवर्तते। तथाचेष्टोऽस्मि तथा तदुद्यमपरित्यागप्रकारेण चेष्टा यस्यासौ तथाचेष्टोऽस्मि भवाम्यहम्। क्व? देहादौ। किं विशिष्टः? विनिवृत्तात्मविभ्रमः विशेषेण निवृत्त आत्मविभ्रमो यस्य। क्व? देहादौ।।२२।।

---

વર્તમાનમાં તેનું (આત્માનું) પરિજ્ઞાન થતાં મારી કેવી ચેષ્ટા થઈ ગઈ તે કહે છે :-

શ્લોક - ૨૨

અન્વયાર્થ :- (स्थाणौ) વૃક્ષના ઠૂંઠામાં (निवृत्ते पुरुषाग्रहे) 'આ પુરુષ છે' એવી ભ્રાન્તિ દૂર થતાં, (यथा) જેવી રીતે (असौ) તે (-પૂર્વે ભ્રાન્તિવાળો મનુષ્ય) (चेष्टते) ચેષ્ટા કરે છે અર્થાત્ તેનાથી ઉપકારાદિની કલ્પનાનો ત્યાગ કરે છે, (देहादौ) શરીરાદિમાં (विनिवृत्तात्मविभ्रमः) જેનો આત્મવિભ્રમ દૂર થયો છે તેવો હું (तथा चेष्टः अस्मि) તેવી રીતે ચેષ્ટા કરું છું.

ટીકા :- (ઠૂંઠામાં) પુરુષાગ્રહ અર્થાત્ પુરુષાભિનિવેશ નિવૃત્ત થતાં-નાશ પામતાં, જેને (ઠૂંઠામાં) પુરુષની ભ્રાન્તિ થઈ હતી તે (મનુષ્ય). જેવી રીતે પુરુષાભિનિવેશજનિત ઉપકાર-અપકારાદિથી પ્રવૃત્તિનો પરિત્યાગ કરવારૂપ ચેષ્ટા કરે છે-પ્રવર્તે છે તેવી રીતે મેં ચેષ્ટા કરી છે-અર્થાત્ તે પ્રવૃત્તિના પરિત્યાગ અનુરૂપ જેને જેવી રીતે ચેષ્ટા થાય તેવી ચેષ્ટાવાળો હું બની ગયો છું.

ક્યા (ક્યા વિષયમાં)? દેહાદિમાં. કેવો (થયો છું)? જેનો આત્મવિભ્રમ વિનિવૃત્ત થયો છે તેવો-અર્થાત્ જેનો આત્મ-વિભ્રમ વિશેષ કરીને નવૃત્ત થયો છે તેવો-થયો છું. ક્યાં (ક્યા વિષયમાં)? દેહાદિમાં.

ભાવાર્થ :- જ્યારે માણસ ઠૂંઠાને ઠૂંઠું સમજે છે, ત્યારે પહેલાં તેમાં પુરુષની કલ્પના રકી જે ઉફકાર-અપકારાદિની કલ્પનારૂપ ચેષ્ટા કરતો હતો તે બંધ થઈ જાય છે; તેમ અન્તરાત્માને ભેદ-વિજ્ઞાન દ્વારા શરીર અને આત્માની એક્તાનો ભ્રમ દૂર થતાં શરીરાદિમાં ઉપકાર-અપકારરૂપ બુદ્ધિ રહેતી નથી અને તેથી તેના પ્રત્યે ઉદાસીન રહે છે.

## વિશેષ

જ્ઞાની પોતાના આત્માને શરીરથી ભિન્ન અને તદ્દન જુદી જાતનો માને છે; કારણ

કે શરીરરૂપી, આત્મા અરૂપી; શરીર જડ, આત્મા ચેતન; શરી સંયોગી, આત્મા અસંયોગી; શરીર વિનાશી, આત્મા અવિનાશી; શરીર આંધળું, આત્મા દેખતો; શરીર ઈન્દ્રિય-ગ્રાહ્ય, આત્મા અતીન્દ્રિય-ગ્રાહ્ય; શરીર બાહ્ય પરતત્ત્વ, આત્મા અંતરંગ સ્વતત્ત્વ, ઈત્યાદિ પ્રકારે બંને એકબીજાથી ભિન્ન છે.

આવા અત્યંત ભિન્નપણાના વિવેકથી જીવને જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે શરીરાદિમાં આત્મબુદ્ધિની ભ્રમણા છૂટી જાય છે, શરીરના સુધાર-બગાડથી આથ્મા સુધરે-બગડે એવો ભ્રમ ટળી જાય છે. દેહાદિ પર પદાર્થો પ્રત્યે કર્તા-બુદ્ધિના સ્થાને જ્ઞાતા-બુદ્ધિ ઊપજે છે અને તે આત્મ સન્મુખ વળી ચૈતન્ય-સ્વરૂપમાં એકાગ્ર થવા લાગે છે.

આમ જીવને જ્યારે ભેદ-વિજ્ઞાન દ્વારા સ્વ-પરનું ભાન થાય છે, ત્યારે તે પર ભાવથી હટી સ્વસન્મુખ થાય છે. ૨૨.

---

**નોંધ :- પ્રવચન નં. ૩૦ ઉપલબ્ધ નથી.**

**માગશર વદ ૧૩, શુક્રવાર તા. ૧૦-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૨, પ્રવચન - ૩૧**

આ સમાધિતંત્ર. યહ તો ગુજરાતી હૈ. કહતે હૈં કિ આત્માકા જ્ઞાન હોનેસે અથવા આત્મા જૈસા સ્વરૂપ હૈ ઐસા અનુભવમેં આત્માકા ભિન્ન ભાન હોનેસે ઉસકી કૈસી દશા હોતી હૈ? તિનકેકા દૃષ્ટાંત દિયા ન પહલે? કિ વૃક્ષકા ઠૂંઠા થા, ઠૂંઠા. ઉસકો પુરુષ માનકર ઉસકી સબ ચેષ્ટા વહ મેરી હૈ ઐસા માનતા થા. ભ્રમમેં. ધારણા કર લી હો. સમજમેં આયા? લેકિન અંદરમેં શરીરાદિકી ચેષ્ટા, વાણીકી દશા વહ મેરેસે હોતી હૈ, ઐસી અંદર દૃષ્ટિ હુઈ તબ તક ઉસને પરસે ભિન્ન જાના નહીં. આહા..! ધારણ કર લી હો વહ દૂસરી ચીજ હૈ. આહાહા..!

લેકિન આત્મા જબ રાગસે ઔર શરીરકી ચેષ્ટાસે ભિન્ન ભાન હોતા હૈ તબ અંતર દૃષ્ટિ મેં આત્મા ઐસા જાનતા હૈ કિ શરીર, વાણી, પરપદાર્થ, શરીરકી ક્રિયા, લિખને આદિકી સબ મેરી નહીં. વહ તો જડકી હૈ. આહાહા..! ઐસા સ્વરૂપ ચૈતન્ય, જ્ઞાનસ્વભાવી વસ્તુ ઉસકા સ્વસંવેદન હોનેસે, સ્વ નામ અપના જ્ઞાનસ્વભાવકા પ્રત્યક્ષ રાગમેં મનકે આશ્રય બિના વેદન હોતા હૈ, તબ જ્ઞાની પરકી ચેષ્ટા પરકી માનતે હૈં, અપની નહીં. આહાહા..! વહ કહતે

હૈં, દેખો!

यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे।
तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः।।२२।।

**'ટીકા :- પુરુષાગ્રહ અર્થાત્ પુરુષાભિનિવેશ નિવૃત્ત થતાં-નાશ પામતાં,...'** જો ઠૂંઠામેં પુરુષકી ભ્રાંતિ હોતી થી વહ સબ નાશ હો ગઈ. આહાહા..! ઠૂંઠા હૈ. આહાહા..! ઐસે શરીર, વાણી, મન વૃક્ષકે ઠૂંઠેકી ભાંતિ ભિન્ન ચીજ હૈ. આહાહા..! સમજ મેં આયા? ઐસા વિભ્રમ જો થા,.. સાર તો વહ હૈ ન અંદર? ચાહે જિતના જાના, ધારણા કી, પઢા પરંતુ આત્માકી પર્યાય અપના સહારા લે વહ ઉસકા તાત્પર્ય હૈ. સમજમેં આયા? સારે શાસ્ત્રકા અભ્યાસ, વહ શાસ્ત્રકા જ્ઞાન તો પરાલંબી હૈ. આહાહા..! જૈસે રાગ પરભાવ હૈ, વૈસે શાસ્ત્રકા જ્ઞાન પરસત્તાવલંબી પર હૈ.

જૈસે પુણ્ય ઔર પાપકા ભાવ ભિન્ન હૈ, ઐસે પરલક્ષ્યસે જો જાનપના હુઆ વહ પરસત્તાવલંબી જ્ઞાન બંધકા કારણ હૈ. આહાહા..! અપની સત્તાકા જો સ્વસ્પર્શી પરસે ભિન્ન હોકર આત્મજ્ઞાન (હુઆ), આત્મજ્ઞાન ન? કિ પરકા જ્ઞાન? શુદ્ધ ચૈતન્યઘન, ઉસકા અંતરમેં પરસે ભિન્ન હોકર, 'યહ ચૈતન્ય હૈ' ઐસા બોધ અંદરમેં હોના, વહ સમ્યગ્દર્શન ઔર સમ્યગ્જ્ઞાન ઔર ભેદજ્ઞાન હૈ.

ક્રિયા કરે રાગકી ઔર શાસ્ત્ર સંબંધી જ્ઞાન કરે તો દોનોં ચીજ પર હૈ. સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન.. સમાધિ અધિકાર હૈ ન? સમાધિ કબ હોતી હૈ? આધિ-વ્યાધિ-ઉપાધિસે પર સમાધિ. ઉપાધિ નામ સંયોગી ચીજ, વ્યાધિ નામ સંયોગમેં શરીરમેં ઉપદ્રવ-રોગ, આધિ નામ સંકલ્પ ઔર વિકલ્પ. આધિ-વ્યાધિ-ઉપાધિ ઔર પર તરફકા જ્ઞાન ભી આધિ-સંકલ્પ-વિકલ્પમેં-જાતા હૈ. ઉસસે અંતરમેં રહિત ચૈતન્યકા સ્પર્શ હોના ઉસકા નામ સમાધિ હૈ. સમાધિતંત્ર કહતે હૈં. સમજમેં આયા?

સંસારકી હોશિયારી, અભ્યાસ આધિમેં જાતા હૈ. વકાલતકી હોશિયારી, ડોક્ટરકી હોશિયારી, યે સેઠકી બીડીકી હોશિયારી. ડહાપણ સમજતે હોં? અરે..! ભગવાન! વહ તો પરસત્તાવલંબી ચીજ હૈ ન. ઉસમેં આત્મા કહાં આયા? ઉસમેં આત્મા કહાં આયા? વહ તો અનાત્મા હૈ. આહાહા..! ઉસમેં તો અસમાધિ હૈ. સમજમેં આયા? શરીર મેરા, રાગ મેરા, પર તરફકા જાનપના મેરા, વહ અસમાધિ હૈ. આહાહા..!

યહાં તો સમાધિ અધિકાર હૈ ન. સમાધિ કબ હોતી હૈ? કિ જૈસે ઠૂંઠાકો પુરુષ માનકર ઉસકી ચેષ્ટા અપની હૈ ઐસા માનતા થા વહ બાત છૂટ ગઈ. ઐસે દેહકી ચેષ્ટા, વાણીકી ચેષ્ટા, મનકી ચેષ્ટા, દેહકી ચેષ્ટામેં યહ હોંઠ હિલના, પલક હિલના વહ સબ દેહકી ચેષ્ટા હૈ.

સમજમેં આયા? ચમડી ઐસી હોના વહ તો દેહકી ચેષ્ટા હૈ. વહ ચેષ્ટા જડકી હૈ. આહાહા..! તો પર તરફકા જો આગ્રહ થા અભેદબુદ્ધિમેં, અપના સ્વભાવ ઔર પરકી એક(ત્વ) બુદ્ધિમેં આહાહા..! વહ અસમાધિ થી અર્થાત્ દુઃખ થા. પરસે મૈં ભિન્ન ચૈતન્ય સ્વરૂપ, ઐસી ધારણા ઔર વિકલ્પ ભી નહીં. આહાહા..!

છઠ્ઠી ગાથામેં આયા ન? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो, जाणगो दु जो भावो।**' પ્રમત્ત-અપ્રમત્ત પર્યાય જો હૈ ઉસમેં મૈં નહીં. ઓહોહો..! આત્મા શુદ્ધ હૈ, વહ કૈસે જાનનેમેં આતા હૈ? ઔર જાનનેમેં આતા હૈ તો કિસ પ્રકાર? તો કહતે હૈં, પ્રમત્ત-અપ્રમત્ત, રાગાદિસે ભિન્ન પડા.. આહાહા..! પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયકા ઝુલના વહ ભી મૈં નહીં. મૈં નહીં ઐસા વિકલ્પ નહીં. મૈં તો પ્રમત્ત-અપ્રમત્ત રહિત જ્ઞાયકભાવ હૂં. જ્ઞાયકભાવ, આનંદભાવ સ્વભાવભાવ, એકરૂપ ભાવ, સદૃશ ભાવ, સામાન્ય ભાવ, અભેદ ભાવ. ઐસા અંતરમેં સ્પર્શ કરના. ઐસા કહા ન વહાં? કિ પરદ્રવ્યકા લક્ષ્ય છોડકર સ્વદ્રવ્યકી સેવા ઉપાસના કરનેસે શુદ્ધ ઐસા ખ્યાલમેં આતા હૈ. ઉસકો ખ્યાલમેં આતા હૈ. કિસકો? કિ જિસને પર તરફકા લક્ષ્ય છોડકર સ્વદ્રવ્યકી ઉપાસના કી, સેવા કરી, અંતરમેં એકાગ્ર હુઆ ઉસકો શુદ્ધ હૈ ઐસા જાનનેમેં આતા હૈ. દ્રવ્ય શુદ્ધ, હોં! પર્યાય દ્રવ્ય તરફ ઝૂકી. આહાહા..!

જો પર્યાય પર્યાયબુદ્ધિ મેં થી... આહાહા..! '**पज्जयमूढा हि परसमया**' ઐસા લિયા હૈ ન? પ્રવચનસાર-૯૩ ગાથા. જ્ઞેય અધિકારકી પહલી ગાથા. '**पज्जयमूढा हि परसमया**'. એક સમયકી પર્યાય ઉસમેં રુકા તો ઉસમેં સારા આત્મા તો આયા નહીં. તો એક સમયકી પર્યાયમેં ભી રુકને-સે.. પર્યાયમૂઢ (હૈ). ક્યોંકિ વહ તો વ્યવહાર આત્મા હૈ. એક સમયકી પર્યાય તો વ્યવહાર આત્મા હૈ. સત્ય આત્મા, નિશ્ચય આત્મા, ભૂતાર્થ આત્મા વહ નહીં. સમજમેં આયા? ભૂતાર્થ આત્મા, સત્યાર્થ આત્મા પૂર્ણ શુદ્ધ એકરૂપ આત્મા ઐસે અંતરમેં સ્વભાવ સન્મુખ પર્યાયકા ઝુકનેસે પર્યાય મેં શુદ્ધતા આયી તો ઉસસે જાના કિ સારા દ્રવ્ય શુદ્ધ હૈ. ઐસે વિકલ્પસે જાનના ઐસે નહીં. ઐસા કહતે હૈં. સૂક્ષ્મ બાત હૈ, ભાઈ! અનંતકાલમેં કભી કિયા નહીં. ઐસી અપૂર્વ સમાધિ હોની ચાહિયે. ઐસા કહતે હૈં ન? સમજમેં આયા?

કહતે હૈં કિ, પરકી ભ્રાંતિકા નાશ હોને સે '**જિસ પ્રકાર પુરુષાભિનિવેશજનિત ઉપકાર-અપકારાદિસે પ્રવૃત્તિકા પરિત્યાગ...**' ઉસસે મુજે લાભ હૈ શરીરકી ચેષ્ટાસે ઔર શરીરકી ચેષ્ટા ન હો તો મુજે નુકસાન હૈ, ઐસી બુદ્ધિ છૂટ ગઈ. ઐસી બુદ્ધિ છૂટનેસે, '**ઈસી પ્રકાર મૈંને ચેષ્ટા કી હૈ,...**' વહ તો હો ગયા. પરિત્યાગ કરતા હૈ. આહાહા..! '**પ્રવૃત્તિકે પરિત્યાગ-અનુરૂપ...**' પરકી ચેષ્ટાકા પરિ-સમસ્ત પ્રકારસે અભાવસ્વરૂપ, ઉસ અનુરૂપ '**જિસકો ચેષ્ટા હોતી હૈ, વૈસી ચેષ્ટાવાલા મૈં બન ગયા હૂં.**' આહાહા..! મૈં તો જ્ઞાનકો જાનનેકી ચેષ્ટાવાલા

બન ગયા હૂં. આહાહા..! દેખો! યહ સમ્યગ્દૃષ્ટિકે લક્ષણ. દેખો! યહ આત્મજ્ઞાનકે ચિહ્ન. આત્મજ્ઞાન. આત્મજ્ઞાન લિયા ન? પરકા જ્ઞાન, પર્યાયકા જ્ઞાન ઐસા નહીં. આહાહા..! સમજમેં આયા?

મૈં તો જ્ઞાનકી ચેષ્ટા જો જાનને-દેખનેવાલા હૂં, ઉસકે દ્વારા મૈં આત્મા હૂં ઐસા જાના. આહાહા..! સમજમેં આયા? **'અનુરૂપ જિસકો જૈસી ચેષ્ટા હોતી હૈ,...'** જ્ઞાનકી પરિણતિ સ્વભાવ ઉપર લક્ષ્ય હોનેસે જો દશા હોતી હૈ-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-શાંતિ આહાહા..! **'વૈસા ચેષ્ટાવાલા મૈં બન ગયા હૂં.'** જાનન-દેખન ચેષ્ટાવાલા મૈં હુઆ હૂં. મૈં રાગ ઔર પરકી ચેષ્ટાવાલા થા, ઉસકા પરિત્યાગ કરનેસે અર્થાત્ ઉસ તરફકા લક્ષ્ય છોડનેસે. પરિત્યાગકા અર્થ ક્યા? સમજમેં આયા? યહ છોડતા હૂં, ઐસા હૈ વહાં? ઉસ પર લક્ષ્ય થા ઉસ લક્ષ્યકો છોડકર. વહ તો નાસ્તિસે બાત કહી. પરંતુ અપને ચૈતન્ય જ્ઞાયકભાવ પર જહાં દૃષ્ટિ ગઈ, સામાન્ય સ્વભાવ પર દૃષ્ટિ પ્રસરી, તબ જ્ઞાનકી પર્યાય જો હોતી હૈ જાનને-દેખનેકી, ઐસી ચેષ્ટાવાલા મૈં હુઆ હૂં. આહાહા..! ઐસા માર્ગ બડા કઠિન, ભાઈ! અભી લોગોંને પ્રવૃત્તિમેં મનવા દિયા હૈ.

ઈસમેં બહુત આયા હૈ, ગજરથકા વિરોધ ભી આયા હૈ ઔર અનુકૂલ એક જનને લિખા હૈ. ઈસમેં વિરોધ હૈ. અભી આયા. વીરવાણી. માન મિલે, હાથીકે હોદ્દે પર બૈઠે. પચાસ હજાર-લાખ-દો લાખ ખર્ચ કરે. વહ પૈસે તેરે કહાં હૈ? પ્રભુ! ગજરથ ચલે વહ કહાં તેરી ચીજ હૈ? ઔર ઉસમેં વિકલ્પ હોતા હૈ વહ કહાં તેરેમેં હૈ? ક્યા ગજરથ ચલાના હૈ? ભગવાન! ગજ તો આત્મા આનંદકા કંદ પ્રભુ, ઉસકા રથ નામ ચક્ર અંદર પરિણમન કરના. આહાહા..! સેઠ! યહ ગજરથ હૈ યહાં તો. આહા..!

ગધે જૈસી ચેષ્ટા થી. રાગ ઔર પર સંબંધીકા ભાવ ઉસકો અપના માનતા થા તો ગધે જૈસી ચેષ્ટા થી. ક્યોંકિ મિથ્યાત્વભાવકા ફલ તો નિગોદ હૈ. બીચમેં શુભાશુભ આતે હૈં, વહ તો એક ગતિકા કારણ હૈ. પરંતુ મૂલ ભાવ મિથ્યાત્વ હૈ વહ તો નિગોદકા કારણ હૈ. આહાહા..! સમજમેં આયા? ભગવાન કુંદકુંદાચાર્ય તો કહતે હૈં કિ, વસ્ત્રકા એક ધાગા રખકર... આહાહા..! મુનિપના માને, મનાવે, માન્યતામેં અચ્છા જાને, નિગોદં ગચ્છઈ. ઈતના? ક્યા કહતે હૈં? આપ લોગોંમેં ક્યા કહતે હૈં? કકડીકા...?

મુમુક્ષુ :- કકડીકે ચોરકો કટાર નહીં મારના.

ઉત્તર :- કટાર નહીં મારના. કકડીકે ચોરકો કટાર? થોડા ઈતના માના ઉતનેમેં? ઉતના થોડા નહીં હૈ, ભગવાન! ઉસમેં તૂને બડી વિપરીતતા કી હૈ. સમજમેં આયા?

કપડેકા સંયોગ હો ઔર સંયમ હો, ઐસી ચીજ નહીં. તો સંવરકા તુજે વિપરીત જ્ઞાન

હુઆ. ઔર સંયમ હો તો કપડેકા સંયોગ ન હો, તો અજીવકા સંયોગ ન હો તો અજીવકે સંયોગકા વિપરીત જ્ઞાન હુઆ. આહાહા..! ઔર સંયમ હો, તબ દ્રવ્યકા બહુત આશ્રય હૈ. જીવકા બહુત આશ્રય હૈ. ઉસકી ભી તુજે ખબર નહીં. વસ્ત્ર હો, રાગ હો, તો દ્રવ્યકા ઉતના આશ્રય તો હુઆ નહીં. તો માન લિયા કિ મુજે સંયમ હૈ. આહાહા..! તો જીવદ્રવ્યકે આશ્રયમેં ભી ભૂલ, અજીવકે સંયોગમેં ભી ભૂલ ઔર સંવરકી પર્યાયમેં ઉગ્રતા ઈતની હો તો વહાં ઐસા વિકલ્પ વસ્ત્રકા હોતા નહીં તો સંવરકી ભી ભૂલ, ઔર વિકલ્પ હૈ, સંવરકે કાલમેં વિકલ્પકી મર્યાદા, આહાર લેનેકી હૈ તો ઉસ મર્યાદાકો છોડકર આસ્રવકી ભી ભૂલ. આહાહા..!

મુમુક્ષુ :- સંયોગ તો કુછ કરતા નહીં....

ઉત્તર :- કહા, કપડા કુછ કરતા નહીં. ઉસકી મમતા હૈ ન વહ. સંયોગ કુછ કરતા નહીં. કપડા નુકસાન કરતા નહીં. કપડે પર લક્ષ્ય જાના વહ નુકસાન કરતા હૈ. બાત સચ્ચી હૈ. કપડેકી પર્યાય તો ઉસમેં હૈ. કૌન કહતા થા? પરંતુ જબ મમતા ઈતની છૂટતી હૈ તો કપડેકા સંયોગ સહજ અજીવકા ઈતના હોતા નહીં. ઐસા નિમિત્ત-નિમિત્ત સંબંધ હૈ. આહાહા..! સમજમેં આયા? કહતે હૈં કિ કે જિસને ઈતની ભૂલ કી ઉસને સારે નવ તત્ત્વકી વિપરીત દૃષ્ટિ કી. સમજમેં આયા? આહાહા..!

યહાં પરસે ભિન્ન સ્વરૂપ હૈ ઐસા ન માનકર રાગસે લાભ હોગા, પુણ્યસે લાભ હોગા, શરીરકી અનુકૂલતા ઐસે રહો, બ્રહ્મચર્ય પલો, સ્ત્રીકે વિષયમેં શરીર ન જાય, સ્ત્રીકે વિષયમેં શરીર ન જાય તો મુજે લાભ હોગા. વહ તો વિપરીત માન્યતા હૈ. સમજમેં આયા? તો ઈસ વિપરીત માન્યતાકા ત્યાગ કરનેકો કહતે હૈં, મૈંને તો સબ ચેષ્ટાકો છોડ દિયા. આહાહા..! મૈં તો ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ (હૂં). જ્ઞાયક શુદ્ધ સ્વરૂપકા ભાન હુઆ તો પર્યાયમેં જ્ઞાનકી ચેષ્ટા રહી, જ્ઞાનકા પરિણમન રહા ઐસા કહતે હૈં. ચેષ્ટા શબ્દકા અર્થ જ્ઞાનકા પરિણમન. સમજમેં આયા?

ઐસા અનુરૂપ '**પરિત્યાગ અનુરૂપ...**' હૈ ન? વિકલ્પકા ઔર પરકા લક્ષ્ય છોડકર ઉસકે અનુરૂપ અપને સ્વભાવમેં જ્ઞાનકી પરિણતિ રહી. જ્ઞાન જ્ઞાનરૂપ હુઆ, જ્ઞાનકી શ્રદ્ધા જ્ઞાનરૂપ હુઈ, જ્ઞાનમેં સ્થિરતા જ્ઞાનરૂપ હુઈ, રાગરૂપ ન હુઈ. આહાહા..! સૂક્ષ્મ માર્ગ બહુત, ભાઈ! અંતરંગ પરિણમન હોના ઐસા કહતે હૈં. સમજમેં આયા? જબ પરકી ચેષ્ટાકા સ્વામીપના છૂટા તો ઉસકી કુછ પરિણતિ હોની ચાહિયે ન? તો પરિણતિ જ્ઞાન-દર્શન-શાંતિકી પરિણતિ હોતી હૈ. વહ ઉસકી ચેષ્ટા હૈ. આહાહા..! વહ સમાધિ હૈ. આહાહા..!

રાગસે ઔર પરકી ચેષ્ટાસે લક્ષ્ય છૂટ ગયા તો ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ, ઉસ પર લક્ષ્ય જમ ગયા. તો પર્યાયમેં ચેષ્ટા કહતે હૈં ન? અનુરૂપ ઉસકી ચેષ્ટા હોતી હૈ. પરકા

અભાવ હુઆ તો ઉસકે અનુકૂલ આત્માકા સ્વભાવકી ઓર અનુભૂતિકી પરિણતિ ચેષ્ટા હોતી હૈ. વહ સમાધિ હૈ. દૂસરે સાધુ સમાધિ લગાતે હૈં વહ યહ નહીં. સમજમેં આયા? પોપટભાઈ! સામાયિકમેં આતા થા કિ નહીં? 'સમાહિવરમુત્તમ દિંતુ'.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉસકા અર્થ કહાં માલૂમ થા. યે તો અપને સામાયિકમેં આતા હૈ. દિગંબરકી સામાયિકમેં આતા હૈ. 'સમાહિવરમુત્તમં દિંતુ. ચંદેસુ નિમ્મલયરા,...' સામાયિકકી ઈન લોગોંકી પ્રથા નહીં હૈ. શ્વેતાંબરમેં સામાયિકકી પ્રથા હૈ બાહરકી. ઈન લોગોંમેં સમાયિકમેં પાઠ ઐસા હૈ. 'સમાહિવરમુત્તમં દિંતુ'. ઐસા પાઠ હૈ લોગસ્સમેં. લોગસ્સ સમજે? 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;' ચૌબીસ તીર્થંકરકી સ્તુતિ. વહ સમાયિકમેં આતી હૈ. ઉસમેં આતા હૈ. પાઠ હૈ. 'સમાહિવરમુત્તમં દિંતુ'. હે ભગવાન! વહ તો અપની પ્રાર્થના હૈ. ભગવાન કહાં દેખતે હૈં. 'સમાહિ...' પૂર્ણાનંદકા નાથ અપની ચીજ ઉસ પર ઝુકાવ હોનેસે ઉસકા વિનય હુઆ, પ્રાર્થના હુઈ તો ઉસમેં-સે શાંતિ, આનંદકા અનુભવ (હોતા હૈ). વહ આનંદકા અનુભવ હૈ વહ સમાધિ હૈ. આહાહા..! સમજમેં આયા? 'સમાહિવરમુત્તમં દિંતુ' સમાધિરૂપી ફલ હે નાથ! મુજે દીજીયે. ઐસા વ્યવહારસે કથન હૈ. યહાં આયા અંદરમેં. વસ્તુકે અનુરૂપ કુછ હોના ચાહિયે કે નહીં? રાગ ઔર પરકા લક્ષ્ય છૂટા તો ઉસકે અનુરૂપ ક્યા? ઉસકે અનુરૂપ શાંતિ. આહાહા..! સમાધિ અધિકાર હૈ ન? સમજમેં આયા?

લોગસ્સ બહુત આતા હૈ શ્વેતાંબરમેં. લોગસ્સ કિયા થા કિ નહીં? હમને તો દસ વર્ષકી ઉમ્રસે કિયા થા. ૭૫ વર્ષ હુએ. જૈન શાલામેં દસ સાલકી ઉમ્રમેં. યહ લોગસ્સ 'સમાહિવરમુત્તમં દિંતુ'. અપનેમેં પાઠ હૈ લેકિન અપને ચલતા નહીં. સામાયિકમેં હૈ. સામાયિક પાઠમેં હૈ. વહ પાઠ ઉસમેં હૈ. 'લોગસ્સ ઉજ્જોઅગરે,...' લોકકા પ્રકાશ કરનેવાલે. 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;' ધર્મકે તીર્થકો કરનેવાલે હે ભગવાન! ચોબીસ તીર્થંકરકી સ્તુતિ હૈ સામાયિકમેં. સમજમેં આયા? કિયા હૈ કી નહીં લોગસ્સ-બોગસ્સ. કિયા થા? ... આહાહા..!

'સમાહિ...' વહ શબ્દ પડા હૈ લોગસ્સમેં. 'સમાહિવર..' ફલ. મુઝે આત્મશાંતિ ચાહિયે, બસ. આહાહા..! સ્વભાવ સન્મુખ હોનેસે પરસે લક્ષ્ય નામ વિમુખ હોને સે, પરસે લક્ષ્ય છોડનેકા અર્થ વિમુખ હોનેસે. સ્વસે વિમુખ થા ઔર પરસે સન્મુખ થા વહ અસમાધિ (થી). આહાહા..! લોગસ્સ આતા હૈ ન? લોગસ્સ આતા હૈ ન? ભાઈ! કિયા હોગા ન લોગસ્સ, સાવરકુંડલા. નહીં? સામાયિકમેં આતા હૈ. પહલે નમો અરિહંતાણંકા પાઠ, દૂસરા તિક્ખૂત્તોકા, તીસરા ઈચ્છામી પડિકમણા, ચૌથા તસ્સુતરી, પાંચવા લોગસ્સ, છઠવાં .., સાતવાં નમોત્થુણં. યે સાત પાઠ. અર્થ કિસકો માલૂમ હૈ? આહાહા..! આપને કિયા થા કિ નહીં? નહીં કિયા?

દિગંબરમેં પાઠ આતા હૈ. આહાહા..!

ક્યા કહતે હૈં? જબ દેહ, વાણી, મનકી ચેષ્ટા મેરી (હૈ), ઐસે કાલમેં મુજે જો અસમાધિ થી તો ઉસકો છોડનેસે ઉસકે અનુરૂપ, અનુરૂપ સમાધિ પ્રગટ હુઈ. આહાહા..! પરકા લક્ષ્ય છોડનેસે. ઐસા આયા ન? **'પ્રવૃત્તિકે પરિત્યાગ-અનુરૂપ...'** પરકી પ્રવૃત્તિકે અભાવરૂપ. પરિત્યાગરૂપ અનુરૂપ. આહાહા..! **'જિસકો જૈસી ચેષ્ટા હોતી હૈ...'** પરકે ત્યાગકે અનુરૂપ આત્મામેં જિસકો જૈસી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી ચેષ્ટા હોતી હૈ **'વૈસી ચેષ્ટાવાલા મૈં બન ગયા હૂં.'** સમકિતી ઐસા માનતે હૈં. આહાહા..! કહો, ..ભાઈ! લોગસ્સ-બોગસ્સ કિયા થા કિ નહીં? તુમને કિયા થા? ઓહો..! આહાહા..!

અપને સ્વરૂપસે વિમુખ હોકર પર રાગ-દ્વેષ-શરીર ચેષ્ટા આદિ મેરી હૈ, ઐસે સ્વભાવસે વિમુખ હોકર, પર તરફસે સન્મુખ હોકર જો અસમાધિ થી... આહાહા..! વહ પરકા ત્યાગરૂપ અનુરૂપ, ત્યાગમેં અનુરૂપ જ્ઞાન ઔર આનંદકી ચેષ્ટા હો, વહ પરકે ત્યાગકે અનુરૂપ વહ ચેષ્ટા હૈ. ઐસે પરકા ત્યાગ કિયા સ્ત્રી, પુત્ર, કુટુંબ વહ તો ત્યાગ હી નહીં હૈ, ઐસા કહતે હૈં. આહાહા..! સમજમેં આયા?

ત્યાગ તો ઉસકા નામ હૈ કિ જો અંદર વિકલ્પકી ચેષ્ટા થી,... આહાહા..! ઉસકા અભાવસ્વભાવરૂપ, ઉસકા ત્યાગરૂપ અનુરૂપ, જ્ઞાન ઔર આનંદકી ચેષ્ટા. વહ રાગ ઔર દ્વેષકી ચેષ્ટા થી, અસમાધિકી થી વહ ઉસકે પરિત્યાગરૂપ, ઉસકે અનુરૂપ જ્ઞાન ઔર આનંદકી ચેષ્ટા મૈં હૂં. આહાહા..! સમજમેં આયા? યહ તો શાસ્ત્ર હૈ, ભાઈ! સમાધિ. ઐસે હી પઢ લે, ઐસા ન ચલે. યહ તો ગંભીર ચીજ (હૈ). પૂજ્યપાદ સ્વામી. વહ ભી ભગવાનકે પાસ ગયે થે. સીમંધર ભગવાનકે પાસ, હાં! પ્રસ્તાવના લિખા હૈ.

મુમુક્ષુ :- પુજ્યપાદ સ્વામી?

ઉત્તર :- હાં. ... ભગવાન કુંદકુંદાચાર્ય તો ગયે થે, યહ ભી ગયે થે. પ્રસ્તાવના મેં લિખા હૈ શુરૂઆતમેં. હૈ ન? ઉસમેં હૈ. કહીં પર હૈ.

મુમુક્ષુ :- આઠવા પન્ના.

ઉત્તર :- આઠવે પન્ને પર દેખો.

**'તથા ઈસ શિલાલેખમેં ઐસા ભી ઉલ્લેખ હૈ કિ (૧) વે અદ્વિતીય ઔષધઋદ્ધિકે ધારક થે.'** હૈ? **'(૨) વિદેહક્ષેત્ર સ્થિત જિનેન્દ્ર ભગવાનકે દર્શનસે પવિત્ર હુએ થે.'** હૈ ન? શિલાલેખમેં હૈ. હૈ અંદર? **'(૩) ઉનકે ચરણોદકકે સ્પર્શસે એક બાર લોહા ભી સોના બન ગયા થા.'** લોહા ભી સોના બન ગયા થા. આતા હૈ, શિલાલેખમેં આતા હૈ. આઠવે પન્ને પર. મિલ ગયા ન. બીચમેં હૈ. સાતવે પન્ને પર સંસ્કૃત હૈ. **'જીવનકી અદ્ભુત**

ઘટનાએં.' है? **'श्रीपूज्यपादमुनिरप्रतिमौर्षाद्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्रः '** है?

મુમુક્ષુ :- વિદેહમેં જિનદર્શન. ઐસા ભી હો સકતા હૈ કિ વે વિદેહી થે, ઉનકે જિનદર્શનસે જિનકા શરીર પવિત્ર હુઆ થા.

ઉત્તર :- વહ તો નિમિત્તકી બાત હૈ. દેહ નામ આત્મા પવિત્ર થા. હૈ ન ઉસમેં? **'यत्पाद्धौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार'**. લોહા ભી સોના બન ગયા. ઉસને ઔષધકા સૂત્ર ભી બનાયા હૈ. ઔષધકી બડી લબ્ધિ થી. ઔર ઉસ સમયમેં વૈદોંકા બહુત અભિમાન, જોર હો, તો ઉસને પુસ્તક બનાયા હૈ. ઉસ કારણસે વિકલ્પ ઐસા આયા ઔર વહ બન ગયા. વહાં પૂછને જાય તો મના કરે હમેં ક્યા હૈ, વૈદ્ય હૈં હમ? નહીં. ઐસા બહુત જોર વૈદકા હો ઔર અભિમાન (કરતે હો કિ) હમ ઐસા જાનતે હૈં, ઐસા જાનતે હૈં, ઐસા જાનતે હૈં. તો ઐસા વિકલ્પ આ જાય કિ ભાઈ દેખો! જંગલમેં રહનેવાલે હૈં, ઉનકો ઔષધિકા ભી ભાન હૈ. બતા દે. .. પુસ્તક બનાયા. સમજમેં આયા? ઉસમેં લિખા હૈ કિ પૂજ્યપાદ સ્વામીને કિતને પુસ્તક બનાયે હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, ઉસને બનાયા હૈ. જિનેન્દ્ર વ્યાકરણ આહાહા..!

યહાં તો ક્યા હૈ? કિ **'પુરુષાભિનિવેશજનિત.'** ઠૂંઠેમેં પુરુષઅભિનિવેશજનિત. ઐસે પરમેં મૈં હૂં ઐસે અભિમાન જનિત. **'ઉપકાર-અપકારકી પ્રવૃત્તિકા પરિત્યાગ.'** ઉસસે ઉપકાર હોગા, શુભભાવસે મુજે લાભ હોગા, અશુભસે મુજે નુકસાન હોગા, બિચ્છુ કાટને સે મુજે દુઃખ હોગા, પરસે. ઐસી જો પ્રવૃત્તિકા અભિમાન થા, ઉસકે **'પરિત્યાગ કરનેરૂપ ચેષ્ટા...'** આહાહા..! સમજમેં આયા? ઉસ તરફકા લક્ષ્ય ઉઠાકર સ્વભાવમેં લક્ષ દિયા તો જો પરમેં અહંબુદ્ધિ થી, ઉસમેં જો રાગ-દ્વેષકી ચેષ્ટા થી, દુઃખરૂપ ચેષ્ટા થી ઉસકે ત્યાગરૂપ, ઉસકે અનુરૂપ. આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિ ઔર અનુભવ હુઆ તો વહાં પરકે અભાવસ્વભાવરૂપ સમાધિ ઉત્પન્ન હુઈ. આહાહા..! સમજમેં આતા હૈ? આહાહા..! પૂજ્યપાદ સ્વામી. હૈ ન, પાઠ હૈ ન.

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे।**
**तथाचेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः।।२२।।**

આહાહા..! રાગ ઔર વિકલ્પસે અભાવસ્વભાવરૂપ તો હૈ. નિવૃત્તસ્વરૂપ હી હૈ. ઉસકા નિવૃત્ત સ્વરૂપ હી હૈ. લેકિન માના થા કિ મૈં પરકી ચેષ્ટાવાલા મૈં હૂં, ઉસકો છોડકર.. આહાહા..! જૈસા સ્વરૂપ પરકા અભાવસ્વરૂપ થા ઐસા દૃષ્ટિમેં લિયા તો પરકે ત્યાગકે અનુરૂપ સ્વભાવમેં

આતે હી જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદકી પર્યાય .. હોતી હૈ. આહાહા..! સમજમેં આયા? યહ માર્ગ હૈ. મોક્ષકા માર્ગ ઐસે ઉત્પન્ન હુઆ. સમાધિ કહો, મોક્ષકા માર્ગ કહો. આહાહા..!

પર તરફકા લક્ષ જો થા કિ શરીર, વાણી, મન, પર આત્મા, પર શરીર, પર શરીરસે યહ શરીર મૈં હૂં ઐસા માનના. તો પરકા શરીર ભી આત્મા હૈ ઐસા માના. ઉસકી શરીરકી ચેષ્ટા આદિ હુઈ વહ આત્મા હૈ, ઉસને ઐસા માના. આહાહા..! સમજમેં આયા? વહાંસે, અપની પર્યાયમેં પરલક્ષ થા તો ઉસ લક્ષસે અપની ચેષ્ટા દેહકી ભી અપની માનતે થે ઔર પરકી ચેષ્ટા દેહકી વહ આત્માકી હૈ ઐસા માનતા થા. શરીર બોલે, ચલે તો વહ આત્માકા હૈ, ઐસા પરકા ભી હૈ ઐસા માનતા થા. આહાહા..! પોપટભાઈ! યે કહતે હૈં.

પરકા નાસ્તિભાવ હુઆ, શરીરકી ચેષ્ટા, રાગાદિકા ભાવ ઉસ ચેષ્ટાકા પરિત્યાગ હુઆ. પરિત્યાગકા અર્થ? પરિ-સમસ્ત પ્રકારસે ઉસકા અભાવ લક્ષમેં લિયા ઉસકે અનુરૂપ ઉસકો શાંતિ પૈદા હોતી હૈ. આહાહા..! સમાધિકી બાત તો દેખો! સમજમેં આયા? પરકે ત્યાગમેં સ્વકી શાંતિ ન હો તો પરકા ત્યાગ કિયા હી નહીં ઉસને. આહાહા..! સમજમેં આયા? યે તો સ્ત્રી, કુટુંબકા ત્યાગ કરતે હૈં, વહ તો માનતે હૈં મિથ્યાદૃષ્ટિ. શરીરકા ત્યાગ ઔર શરીરકા ગ્રહણ તો આત્મામેં હૈ હી નહીં. આત્મા ત્યાગગ્રહણશૂન્ય, ઉપાદાનશૂન્યત્વશક્તિ. હૈ ન? ૪૭ શક્તિમેં હૈ. ગ્રહણત્યાગશૂન્યત્વશક્તિ. રજકણમાત્ર કા ગ્રહના, રજકણકા છોડના, ઐસી આત્મામેં શક્તિ હૈ હી નહીં. વહ તો પરકે ગ્રહણત્યાગ રહિત ઉસકી ઉપાદાન શક્તિ હૈ. આહાહા..! સમજમેં આયા?

નિશ્ચયસે તો રાગકા પકડના, રાગકા નાશ (કરના), વહ આત્માકે સ્વભાવમેં હૈ હી નહીં. રાગકા નાશ કરના વહ તો, ૩૫વીં ગાથા મેં આતા હૈ, સમયસાર. આત્મા રાગકા નાશ કરતા હૈ વહ કહનેમાત્ર હૈ. ૩૫વીં ગાથામેં હૈ. આહાહા..! રાગકે ગ્રહણસે રહિત ભગવાન, ઔર રાગકા નાશ કરનેસે રહિત ભગવાન આત્મા હૈ. આહાહા..! યહાં તો કર્મકા નાશ કરતા હૈ, વહ તો સબ ઉપચારિક કથન હૈ, બાપૂ! આહાહા..! સમજમેં આયા?

રાગકા નાશ કર્તા કહના વહ તો કહનેમાત્ર હૈ. હૈ? આહાહા..! વહ જ્ઞાનમાત્રસે કબ છૂટા હૈ કિ રાગકા ત્યાગ કરે ઔર રાગકા નાશ કરે. રાગકા અભાવસ્વભાવરૂપ હી રહા હૈ. રાગકે વિકલ્પકે અભાવસ્વભાવરૂપ નિવૃત્તસ્વરૂપ હી હૈ. ઉસકો નિવૃત્તિ કરના, નાશ કરના ઔર નિવૃત્તિ કરના ઐસી કથન શૈલી હૈ. દેખો ન, પરિત્યાગરૂપ ઐસા શબ્દ હૈ ન? તો પરિત્યાગ-રાગકા ત્યાગ કરના વહ ભી કહાં ઉસમેં હૈ. પરંતુ રાગકા લક્ષ છોડતા હૈ તો રાગકા ત્યાગ કિયા ઐસા કહનેમેં આતા હૈ. યહ વસ્તુસ્થિતિ. સમજમેં આયા?

'**કહાં (કિસ વિષયમેં)**?' વહ પરિત્યાગ કિસ વિષયમેં? ટીકાકાર. સંસ્કૃત ટીકા. ટીકા

સાધારણ હૈ. બહુત ટીકા ઐસી નહીં હૈ. જૈસી અમૃતચંદ્રાચાર્યકી ટીકા... આહાહા..! અમૃતકા ઝરના બહે. યહ પ્રભાસચંદ્રકી હૈ ન? સાધારણ કહતે હૈં. વે આચાર્ય નહીં હૈ, આચાર્ય નહીં. સમજમેં આયા? કહા ન, ભાષા સાધારણ હૈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વહ દૂસરા. વહ દૂસરા. વહ તો પ્રમેયકમલ માર્તંડ યહ દૂસરા હૈ. પ્રમેયકમલ માર્તંડમેં આતા હૈ.

'**કહાં (કિસ વિષયમેં)? દેહાદિમેં.**' જો ઉસમેં હૈ નહીં ઉસકા ત્યાગરૂપ. દેહ, વાણી, મન, અરે..! પુણ્ય, પાપ, દયા, દાન, ભક્તિકા વિકલ્પ, ઉન સબમેં ચેષ્ટાકા અભાવ કિયા. આહાહા..! સમજમેં આયા? માર્ગ સૂક્ષ્મ બહુત, ભાઈ! અંતરમેં પરિણમન કરના વહ બાત કરતે હૈં. પરિત્યાગ હો તો આત્મામેં જ્ઞાન ઔર આનંદકા પરિણમન હોતા હૈ. વહ પરકે ત્યાગકે અનુરૂપ યહ ચીજ હૈ. આહાહા..! સમજમેં આયા? પરકા ત્યાગ તો નિમિત્ત ઔર ઉસકે અનુરૂપ નૈમિત્તિક (યહ ક્રિયા હૈ). આહાહા..! સમજમેં આયા?

સ્વભાવ પર દૃષ્ટિ પડનેસે ઉસકી જ્ઞાનકી પર્યાય, દર્શનકી પર્યાય, ચારિત્રકી પર્યાય, આનંદકી પર્યાય ઐસી પર્યાયકી ચેષ્ટા હોતી હૈ. સમજે? યહ તો સમાધિશતક, (પૂજ્યપાદ સ્વામીને) અપની શૈલી રખકર બાત કહી હૈ. વહ આ ગયા ન? અરે..! મૈં પરકો સમજાઉં, અધ્યાપક મુજે સમજા દે, મેરે આચાર્ય, ઉપાધ્યાય મુજે સમજા દે. ઔર મૈં દૂસરેકો સમજાઉં ઐસા વિકલ્પ ભી પાગલપન હૈ. આહાહા..! અસ્થિરતાકા. પરકો સમજા દૂં, ઐસી ભાષાકા સ્વામી હો વહ તો મિથ્યાત્વદૃષ્ટિ હૈ. મિથ્યાત્વકા પાગલપન હૈ. વહ આ ગયા હૈ, અપને આ ગયા હૈ. તત્ત્વાર્થસૂત્રમેં યે તીન ગાથા હૈ ન. પહલે સૂત્રમેં. સ્ત્રીકો માતા માને, માતાકો સ્ત્રી માને વહ તો મિથ્યાત્વકા પાગલપન હૈ. સમજમેં આયા? વહ ચેષ્ટા મેરી, રાગ મેરા, વહ તો મિથ્યાત્વકા પાગલપન હૈ. લેકિન વહ મિથ્યાત્વકા પાગલપન છૂટનેસે જ્ઞાન-દર્શનકી પરિણતિ હુઈ, ઉસમેં જો વિકલ્પ ઉઠતે હૈં... આહાહા..! ચારિત્રકા દોષ થા, હાં! જિસકો મૈં સમજાઉં, વહ તો ઇન્દ્રિયગ્રાહ્ય શરીર દિખતા હૈ. ઉસકા આત્મા તો દિખતા નહીં. આહાહા..! દિગંબર સંતોંકી વાણી ભી રામબાણ બાત હૈ. રામકા બાણ વાપસ આયે નહીં, ઐસે વાણીકા ન્યાય ફિરે નહીં. આહાહા..!

કહતે હૈં કિ ભાઈ! '**કૈસા (હુઆ હૂં)? જિસકા આત્મવિભ્રમ વિનિવૃત્ત હુઆ હૈ, વૈસા; અર્થાત્, જિસકા આત્મવિભ્રમ વિશેષરૂપસે નિવૃત્ત હુઆ હૈ,...**' વહ શબ્દ પડા હૈ ન? '**વિનિવૃત્ત**' મૂલ પાઠમેં. '**વિનિવૃત્ત**' આહાહા..! સ્વભાવ સન્મુખકે ભાવમેં પરસે વિમુખ હુઆ વહી પરકા ત્યાગ. સમજમેં આયા? વહ તો વિશેષરૂપસે ત્યાગ. અંશમાત્ર ભી

મેરી ચીજમેં વિકલ્પ નહીં હૈ. આહાહા..! સંસાર મેરેમેં હૈ હી નહીં. વિકલ્પ વહ સંસાર હૈ. વહ કહા ન? પુણ્યકો સુશીલ કૈસે કહના? જો સંસારમેં દાખિલ કરે. આહાહા..! સમજમેં આયા?

તો કહતે હૈં કિ જો ઉપદેશકા વિકલ્પ આયા વહી સંસાર હૈ. આહાહા..! સમયસાર નાટકમેં કહા હૈ કિ પ્રમત્ત ભાવ છઠવેં ગુણસ્થાનમેં વિકલ્પ ઉઠતા હૈ, વહ સંસાર હૈ. વહ સંસાર તરફ ઝુકા હૈ વિકલ્પ. આહાહા..! મુનિ છઠ્ઠે ગુણસ્થાનમેં, હોં! આહાહા..! વિકલ્પ જો ઉઠતા હૈ મહાવ્રતકા તો કહતે હૈં કિ વહ સંસાર તરફ ઝુકા હૈ. આહાહા..! ઈસ ઓર (-સ્વભાવસન્મુખ) ઝુકાવ નહીં હૈ. કહો, શાંતિસાગરજી! પહેચાનતે હો? ... દીક્ષા લેનેવાલે થે. નગ્ન મુનિ હોનેવાલે થે. (સંવત) ૨૦૧૧કી સાલ મેં. રહ ગયે. પરેશાન હો જાતે.

મુમુક્ષુ :- રહ ગયા કિ બચ ગયા?

ઉત્તર :- રહ ગયા ઔર બચ ગયા. આહાહા..! અરે..! બાપૂ! પ્રભુ! યહ માર્ગ-સમ્યગ્દર્શનકા માર્ગ કોઈ અલૌકિક હૈ, ભાઈ! સમ્યક્ ચૌથે ગુણસ્થાનકી દશા. આહાહા..! ઉસે તો સબસે વિકલ્પસે, પરસે નિવૃત્ત હોકર અપને જ્ઞાયક સ્વભાવ પર દૃષ્ટિ કરનેસે પર્યાયમેં ચેષ્ટા જ્ઞાન, દર્શન, આનંદકી હોતી હૈ. આહાહા..! સમજમેં આયા?

'**કહાં (કિસ વિષયમેં)? દેહાદિમેં.**' દેહાદિ નામ રાગ (આદિ) સબ. રાગ ભી કાર્મણદેહ હૈ. દેહકે લક્ષ્યસે ઉત્પન્ન હુઆ શરીર. યે પુદ્ગલ હૈ. રાગકો પુદ્ગલ કહા હૈ. જયપુરમેં આયે થે. મનોહરલાલજી. સુબહ મેં આયે થે. પહલે યહ પ્રશ્ન કિયા થા. ... તબ તો નિવૃત્તિકી બાત કરતે થે. ફિર વિરોધ હો ગયા થા. બહુત વિરોધ હો ગયા. અરે..! .. .. .. વ્યક્તિકે પરિણામકી જમ્મેદારી વ્યક્તિ પર હૈ. કિસીકે પ્રતિ દ્વેષ કરના ઐસા નહીં. કોઈ ભી હો, તત્ત્વૈષુ મૈત્રી. વિરોધ દૃષ્ટિ હો પર મૈત્રી આત્મા.. મૈત્રી ન છૂટે. વિરોધ નહીં. ઉસને પ્રશ્ન કિયા થા. પુદ્ગલ પરિણામ ક્યોં કહા? વિકારકો પુદ્ગલ પરિણામ ક્યોં કહા? કહા, ઉસકી ચીજમેં હૈ નહીં. નિકલ જાતા હૈ તો જડકા હૈ ઐસા કહનેમેં આયા. સમજમેં આયા? ઔર દૂસરા પ્રશ્ન ઉદ્દેશિકકા (કિયા) કિ ઉદ્દેશિકકા સ્પષ્ટીકરણ યદિ હો જાય તો બહુત એકતા હો જાય. મૈંને કહા, લોગ કરતે હૈં ઔર લેતે હૈં, વહ ઉદ્દેશિક હૈ. ઐસા કહના હૈ કિ વહ કરાતે નહીં ઔર ગૃહસ્થ કરતે હૈં તો ઉદ્દેશીક નહીં હૈ? ભગવાનકે વિરહમેં ઐસી બાત ન ચલે, પ્રભુ! અરે..! ભગવાનકા વિરહ પડા ઔર ઐસી બાતેં કરે, ભાઈ! ઐસા નહીં હોતા. ગૃહસ્થ ઉસકે લિયે બનાયે ઔર વહ લેતે હૈં, ઉસકો માલૂમ હૈ કિ યે તો મેરે લિયે બનાયા હૈ. આહાહા..! વહ ઉદ્દેશિક હૈ.

મુમુક્ષુ :- ગૃહસ્થ તો ઐસા ખાતે હી નહીં, જો સાધુકે લાયક હો.

ઉત્તર :- સાધુકે લિયે હી બનાતે હૈં. વાત સચ્ચી હૈ, ભૈયા! કોઈ ખાતે નહીં. પાની ગરમ કરતે હૈં, ઐસા અધમન અધમન. મોસંબી પિલાતે હૈ, ગન્નેકા રસ. ભાઈ! ભગવાનકા વિરહ પડા ઔર ઉદ્દેશિકકા અર્થ ઐસા હુઆ.

મુમુક્ષુ :- કોઈ રાસ્તા તો નિકાલો. ઉનકો ભી તો જિંદા રહના હૈ.

ઉત્તર :- બાપુ! માર્ગ ઐસા હૈ નહીં. આહાહા..! અજ્ઞાનપને લે લિયા માર્ગ. આહાહા..!

યહાં તો કહતે હૈં... ઔર હમારે તો (યહ ચર્ચા) બહુત ચલતી થી, ભાઈ! હીરાજી મહારાજ. પંડિતજી! હમારે ગુરુ થે સંપ્રદાયમેં. બહુત કડક. ગાંવમેં જાયે, દસ-બારહ ઘર હો. બનાયે તો લે નહીં. ઉપદેશ વહ દે. કોઈ ભી યદિ સાધુકે લિયે બનાકર દેગા તો ગર્ભમેં જાયેગા. ઐસા કહતે થે. ગર્ભમેં જાયેગા. સમજમેં આયા?

હમ ભી ઐસે કડક થે પહલે ઉસ સમય. હમ જબ ગયે ભાવનગર, (સંવત) ૧૯૭૭કી સાલમેં. ૭૭. સમજે? કિતને સાલ હુએ? ૫૪. ૫૪ હુએ. પહલે હમારી કડક ક્રિયા થી. હમ ભી દસ-પંદ્રહ ઘર જાયે તો મુશ્કિલસે આહાર મિલે. નિર્દોષ લેના હૈ. કોઈ પાનીકો છૂએ તો નહીં લેતે થે. એક હમારે થે, અમરચંદભાઈ. હરીભાઈકે ભાઈ. .. સાધુ આનેવાલે હૈં. તો કાગજ છપવાયા. ૯૬ દોષ. જો મહારાજ કે લિયે બનાયા હુઆ દેંગે તો ગર્ભમેં જાયેગા. આહાહા..! યહાં તો અખબારમેં આતા હૈ કિ ચૌકાકે લિયે આઓ. અરે.. ભગવાન! યે ક્યા હૈ? લાભ લેનેકે લિયે. અરે.. પ્રભુ! માર્ગ યહ નહીં હૈ, ભાઈ! યે તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, ઉનકા કથન હૈ. ઉસ માર્ગસે વિરૂદ્ધ થોડા ભી ચલે નહીં. આહા..!

કહતે હૈં ઈન સબકા મૈંને તો ત્યાગ કિયા હૈ. ઐસા કહતે હૈં. હૈ ન?

'**ભાવાર્થ :- જબ મનુષ્ય ઠૂંઠકો ઠૂંઠ સમજતા હૈ,...**' ઠૂંઠ સમજતે હો? વૃક્ષકા-પેડકા. '**તબ પહલે ઉસમેં પુરુષકી કલ્પના કરકે, જો ઉપકાર-અપકારાદિકી કલ્પનારૂપ ચેષ્ટા કરતા થા, વહ બન્દ હો જાતી હૈ; ઈસી પ્રકાર અંતરાત્માકો ભેદવિજ્ઞાન દ્વારા શરીર ઔર આત્માકી એકતાકા ભ્રમ દૂર હોને પર, શરીરાદિમેં ઉપકાર-અપકારરૂપ બુદ્ધિ નહીં રહતી હૈ ઔર ઈસલિયે ઉનકે પ્રતિ ઉદાસીન રહતા હૈ.**' આહાહા..! સમજમેં આયા? રાગસે, શરીરસે ભગવાન આત્મા તો ભિન્ન ઉદાસ હૈ. ઉદાસ. અપના આસન લગાયા હૈ જ્ઞાતામેં. રાગકે આસનસે છૂટ ગયા હૈ. સમજમેં આયા? યહ માર્ગ હૈ, ભાઈ! ઈસ માર્ગમેં કુછ ભી કમ યા અધિક, વિપરીત કહેગા તો મિથ્યાત્વ હોગા. યહ તો વીતરાગ માર્ગ હૈ, ભાઈ! અનંત કેવલી કહતે આયે હૈં. ઉસમેં ફેરફાર કરના, (વહ) મિથ્યાત્વકા પોષક હૈ. આહાહા..!

**વિશેષ :- 'જ્ઞાની અપને આત્માકો શરીરસે ભિન્ન ઔર અત્યંત પૃથક્ જાતિકા**

**માનતા હૈ...'** આહાહા..! ગુલાબચંદભાઈ હૈં એક, દિગંબર. અહમદાબાદમેં. ઉસને બનાયા હૈ યહ. છોટાભાઈ. ઉસકે પિતાજી છોટાભાઈ. ચલ બસે. યહાં બહુત સુનતે થે. બાદમેં યહ લિખા હૈ. ઉસને બનાયા હૈ. ગુજરાતી. અમદાવાદમેં રહતે થે. આખરી સ્થિતિમેં હમ ગયે થે વહાં. દો મહિને રહે થે. યહાં બહુત આતે થે. બહુત શાંત વ્યક્તિ થે. ઉસને યહ .. બનાયા હૈ, સાદી ભાષામેં.

**'જ્ઞાની અપને આત્માકો...'** શરીર, વાણી, મન, રાગસે ભિન્ન **'અત્યંત પૃથક્ જાતિકા માનતા હૈ ક્યોંકિ :- શરીર રૂપી,...'** વિકાર ભી વાસ્તવમેં તો રૂપી હૈ. આહાહા..! **'આત્મા અરૂપી; શરીર જડ, આત્મા ચેતન; શરીર સંયોગી, આત્મા અસંયોગી; શરીર વિનાશી, આત્મા અવિનાશી; શરીર અંધા (જ્ઞાનશૂન્ય), આત્મા દેખતા (જ્ઞાનમય); શરીર ઈન્દ્રિયગ્રાહ્ય, આત્મા અતીન્દ્રિયગ્રાહ્ય; શરીર બાહ્ય પરતત્ત્વ, આત્મા અંતરંગ સ્વતત્ત્વ, ઈત્યાદિ પ્રકારસે દોનોં એકદૂસરેસે ભિન્ન હૈં.'** આહાહા..! દોનોં, તીન કાલમેં એક હૈ નહીં. ઐસા ભેદજ્ઞાન કરનેસે સમાધિ હોતી હૈ-શાંતિ હોતી હૈ. પરકો એક માનનેસે અશાંતિ હોતી હૈ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૪, શનિવાર તા. ૧૧-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૨-૨૩, પ્રવચન - ૩૨**

૨૨ ગાથા. ઉસકા વિશેષ હૈ. પહલે થોડા આ ગયા હૈ. ફિરસે. '**જ્ઞાની અપને આત્માકો શરીરસે ભિન્ન...**' જાનતે હૈં. લગતા હૈ સબ ગયે. નહીં હૈ ન? '**ક્યોંકિ શરીર રૂપી, આત્મા અરૂપી;...**' દોનોં ચીજ ભિન્ન. '**શરીર જડ, આત્મા ચેતન;...**' દોનોંકી જાત ભિન્ન. આહાહા..! '**શરીર સંયોગી,...**' શરીર તો સંયોગી ચીજ હૈ. '**આત્મા અસંયોગી;...**' વસ્તુ સ્વભાવિક વસ્તુ, વસ્તુ હૈ. આહાહા..! '**શરીર વિનાશી, આત્મા અવિનાશી, શરીર અંધા (જ્ઞાનશૂન્ય),...**' શરીર કુછ જાનતા નહીં. આહા..! શરીર કુછ જાનતા નહીં હૈ કિ મૈં જડ હૂં યા કૌન હૂં? ઉસે માલૂમ નહીં. જડ હૈ, યહ તો મિટ્ટી હૈ. '**આત્મા દેખતા (જ્ઞાનમય);...**' વહ તો દેખનેવાલા હૈ. શરીર તો અંધા હૈ. દોનોં ચીજ બિલકૂલ ભિન્ન હૈ. '**શરીર ઇન્દ્રિયગ્રાહ્ય,...**' ઇન્દ્રિયસે જ્ઞાત હોને લાયક હૈ. '**આત્મા અતીન્દ્રિયગ્રાહ્ય;...**' ચૈતન્ય હૈ. '**શરીર બાહ્ય પરતત્ત્વ,...**' શરીર તો બાહ્ય પરતત્ત્વ હૈ. '**આત્મા અંતરંગ સ્વતત્ત્વ,...**' હૈ. આહાહા..! '**ઇત્યાદિ પ્રકારસે દોનોં એકદૂસરેસે ભિન્ન હૈં.**'

'**ઇસ પ્રકાર અત્યંત ભિન્નપનેકે વિવેકસે...**' ઐસે અત્યંત ભિન્નપનેસે, અત્યંત ભિન્નપનેકે વિવેકસે '**જીવકો જબ ભેદજ્ઞાન હોતા હૈ, તબ શરીરાદિમેં આત્મબુદ્ધિકા ભ્રમ છૂટ જાતા હૈ.**' ઓહો...! આગે હૈ. .. મૈં પરમાત્મા મેરે સ્વભાવસે જાનને લાયક હૂં. સમજમેં આયા? પૃષ્ઠ-૬૭ હૈ. '**मयैव मयि स्थितम्**' પૃષ્ઠ-૬૭ (ગાથા-૩૨). '**યે શબ્દ બહુઅર્થસૂચક હૈં, જો બતાતે હૈં કિ પરમાત્મપદ મેરેમેં-આત્મામેં હૈ; અન્યત્ર બાહર કહીં નહીં હૈ...**' '**मया एव मयि**' મૈં મેરેમેં હૂં. આહાહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત, ભાઈ! આત્મા કોઈ વિકલ્પસે પ્રાપ્ત હો ઐસી ચીજ નહીં હૈ. શરીરકી ક્રિયા દયા, દાન યા વ્રતકી ક્રિયા ઉસસે આત્મા પ્રાપ્ત હો ઐસી ચીજ નહીં હૈ. વહ તો અપની નિર્મળ પ્રજ્ઞા-જ્ઞાનકી પર્યાય-દ્વારા જાનને લાયક ભગવાન આત્મા હૈ. આહાહા..! તબ ઉસકો ભેદજ્ઞાન હોતા હૈ. તબ ઉસકો સમ્યગ્દર્શન ઔર સમાધિ હોતી હૈ. આહાહા..! સમજમેં આયા?

મૈં આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મસ્વરૂપ પરમસ્વરૂપ પરમાત્મસ્વરૂપ મેરી પ્રજ્ઞા-જ્ઞાન દ્વારા મૈં જાનને લાયક હૂં. ઔર મેરી જ્ઞાનપર્યાય ઉપાસક હૈ ઔર મૈં ત્રિકાલી સ્વભાવ ઉપાસ્ય હૂં. આહાહા..! ઐસા બહુત કઠિન કામ હૈ. ધર્મકી તો યહ બાત હૈ, ભગવાન! આહાહા..! મૈં આત્મા અર્થાત્ પરમતત્ત્વ અર્થાત્ પરમસ્વરૂપ, નિત્ય પરમસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ,

શાંતસ્વરૂપ, ઐસી અનંત શક્તિસ્વરૂપ મૈં આત્મા મેરી નિર્મળ નિર્વિકલ્પ દશાસે મૈં પ્રાપ્ત હોનેવાલા હૂં. દૂસરા કોઈ ઉપાય હૈ નહીં. આહાહા..! સમજમેં આયા?

કહતે હૈં કિ '**તબ શરીરાદિમેં આત્મબુદ્ધિકા ભ્રમ છૂટ જાતા હૈ.**' આહાહા..! શરીર તો ઠીક, મન ભી ઠીક, પરંતુ ઉસમેં જો વિકલ્પ ઉઠતે હૈં ગુણ-ગુણીકા ભેદ આદિકે, વહ વિકલ્પ રાગ હૈ. રાગસે ભી ભિન્ન. આહાહા..! ઉસકો સમ્યગ્દર્શન કહતે હૈં. સમજમેં આયા? જગત કુછ ઔર માને, સર્વજ્ઞ કુછ ઔર કહે. આહાહા..! અભી તો, બાહ્યકી ચેષ્ટા શરીર, વાણી, મનકી વહ પરકી હૈ, યહ ભી માન્યતામેં ઠીક નહીં લગતી. આહાહા..!

યહાં તો અંદરમેં વિકલ્પ ઉઠે કિ, મૈં શુદ્ધ હૂં, અબદ્ધ હૂં, પરમસ્વરૂપ હૂં, મૈં મેરેસે જાનને લાયક મૈં હૂં, ઐસા વિકલ્પ હૈ ઉસસે ભી પ્રાપ્ત નહીં હોતા. વ્યવહારસે પ્રાપ્ત હો (ઐસા તો કૈસે હો?). પત્ર આયા હૈ આપકા ફિરસે. ચેતનજી! ઉસમેં હૈ. આહાહા..! બાત તો સીધી હૈ. અપને પઢા હૈ. ચોથે ગુણસ્થાનમેં નિશ્ચય સમકિત નહીં હોતા. વહ. અરે..! ભગવાન! આહાહા..! નિશ્ચય નામ સ્વ-આશ્રય સત્યદર્શન, વહ ચૌથેસે હોતા હૈ. ચૌથે ગુણસ્થાનસે હોતા હૈ.

કોઈ ભી વિકલ્પકી જાત (હો, પર), વહ વિકલ્પસે-રાગસે પ્રાપ્ત નહીં હોતા હૈ. ક્યોંકિ રાગ ઉસમેં હૈ નહીં. રાગસે ભી વહ ચીજ ભિન્ન હૈ. તો ભિન્ન કરનેમેં જો ભેદજ્ઞાન હોતા હૈ, વહ નિર્વિકલ્પ હૈ, રાગકા આશ્રય-અવલંબન બિનાકી ચીજ હૈ. આહાહા..! વહ તો અપના આત્મા શુદ્ધ જો ધ્રુવ, ઉસકે અવલંબનસે જો નિર્વિકલ્પ પર્યાય હોતી હૈ ઉસસે પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા? અનેકાંતકા વિચાર આયા થા. જુગલજીકા. જુગલજી હૈ, યુગલ હૈ તો દો સે પ્રાપ્ત હોતા હૈ? ઐસા અંદર શબ્દ આયા. આત્માસે ભી પ્રાપ્ત હો ઔર વિકલ્પસે ભી પ્રાપ્ત હો, ઐસા હૈ? આહાહા..! યુગલ દો કો કહતે હૈં ન?

કહતે હૈં, ભગવાન! તેરી ચીજ હૈ. પૂર્ણ સ્વભાવસે ભરી પડી હૈ. આહાહા..! વહ પરમ આત્મસ્વરૂપ હી મૈં હૂં. મૈં હૂં પરમાત્મા ઔર પરમાત્મા હૈ વહ મૈં હૂં. આહાહા..! ઐસે અંતરમેં વિકલ્પ રાગકા આશ્રય લિયે બિના, સ્વભાવકા આશ્રય લેતે હી વિકલ્પ છૂટ જાતે હૈં. માર્ગ તો ઐસા હૈ, ભાઈ! ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરોને ઇન્દ્રોં ઔર ગણધરોંકે બીચ યહ બાત કહી થી. વહ બાત હૈ. જુગલજી! સમજમેં આયા? જગતકો બહુત કઠિન પડે. કહતે હૈં, વ્યવહાર નહીં? વ્યવહાર નહીં? ભાઈ! વ્યવહાર હૈ. લેકિન વ્યવહારસે પ્રાપ્ત નહીં હોતા. વ્યવહાર હૈ. વ્યવહાર હૈ નહીં ઐસા નહીં. આહાહા..! ... આતા હૈ ન? ... વ્યવહાર (નિષેધ કરોગે) તો તીર્થકા નાશ હોગા. ઉસકા અર્થ ક્યા? કિ વ્યવહારકા અર્થ ચૌથા, પાંચવા, છઠ્ઠા, સાતવાં ગુણસ્થાન ભેદ હૈ વહ વ્યવહાર હૈ. યદિ વ્યવહાર ન માને તો ભેદકા હી નાશ હોતા હૈ.

તીર્થ જો ચૌથા, પાંચવા, છઠ્ઠા વહી નહીં રહતા. પરંતુ વ્યવહારસે નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ ઐસા નહીં હૈ. આહાહા..! ભેદકે આશ્રયસે નિશ્ચય પ્રાપ્ત હોતા હૈ ઐસા નહીં હૈ.

મુમુક્ષુ :- ઉસકા કુછ સમાધાન.

ઉત્તર :- સમાધાન તો વહ કહતે થે પૂનમચંદ. પૂનમચંદ ઘાંસીલાલ. ... હૈ ન મુંબઈમેં? મંદિર હૈ ઉસકા. કૌનસા ગાંવ કહતે હૈં? ગાંવ. પ્રતાપગઢ. વીસપંથી હૈ. મંદિર હૈ વહાં બડા બનવાયા હૈ. તો વહ કહતે થે કિ સ્વામીજી ઔર હમ કુછ થોડા થોડા.. યે બનિયે કરતે હૈં ન? કિસીકે પાસ પાંચ હજાર માગતા હો. પાંચ હજાર માગતા હો તો બનિયા કહે કિ પાંચ હજારમેં એક પૈસા કમ નહીં લેના હૈ. દૂસરા કહે, દો હજારકે સિવા એક પૈસા હૈ નહીં. મૈં અપના ગદ્દા બેચું, ભૈંસ બેચ દૂં તો દો હજાર હોતા હૈ. ઐસા કરતે કરતે કરતે બનિયા પાંચ હજારમેં સે ચાર હજાર તક આયા. ભાઈ ચાર હજાર દો. વહ દો હજારમેં સે પચ્ચીસૌમેં આયે. ઐસા સમજૌતા હોતા હૈ ઉસમેં? આહાહા..! પૂનમચંદ કહતે થે. પૂનમચંદ કૈસે? ઘાંસીલાલ. મંદિર હૈ ન? ઉસકા મંદિર હૈ. નવનીતભાઈ! પૂનમચંદ થે. અરે.. ભગવાન! માર્ગ તો જો હૈ વહી હૈ, ભાઈ! આહાહા..! વહ વિકલ્પસે પ્રાપ્ત હોતા હૈ (ઔર) નિર્વિકલ્પસે (ભી) પ્રાપ્ત હોતા હૈ, ઐસી ચીજ હૈ? વસ્તુ હૈ વહ તો નિર્વિકલ્પ વીતરાગસ્વરૂપ હૈ. તો વીતરાગસ્વરૂપ રાગસે પ્રાપ્ત હોતા હૈ? પહલે તો વિકલ્પસે શ્રદ્ધાકા નિર્ણય કરના ઉસમેં ક્ષતિ હૈ. જુગલજી! વીતરાગ સ્વરૂપ રાગસે પ્રાપ્ત હોતા હૈ? આહાહા..! સમજમેં આયા? દુનિયા માનો ન માનો, નિશ્ચયાભાસ કહો ન કહો. પર બાત તો ઐસી હૈ, ભગવાન!

સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ ઉસને આત્મા ઐસા પ્રાપ્ત કિયા. જો ચીજ હૈ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, ઉસકા જહાં લેતે હૈ આશ્રય, તો વિકલ્પકી એકતા તૂટ જાતી હૈ. વિકલ્પ રહતે નહીં. તબ સમ્યગ્દર્શન ઔર સમાધિકી પ્રાપ્તિ હોતી હૈ. વહ સમ્યગ્દર્શન સમાધિ હૈ-શાંતિ હૈ. આહાહા..! સમજમેં આયા? ઓહોહો..!

કહતે હૈં, **'શરીરાદિમેં આત્મબુદ્ધિકા ભ્રમ છૂટ જાતા હૈ,...'** શરીર ઔર વિકલ્પસે હોતા હૈ ઔર વહ મૈં હૂં, આત્માકા સ્વભાવ રાગસે ભિન્ન હોકર અપના અનુભવ હોતા હૈ તો શરીરાદિમેં આત્મબુદ્ધિ નાશ હોતી હૈ. વિકલ્પકી એકતા ટૂટ જાતી હૈ. આહાહા..! ઐસા માર્ગ હૈ, ભાઈ! **'શરીરકે સુધાર-બિગાડસે આત્મા સુધરતા-બિગડતા હૈ-ઐસા ભ્રમ મિટ જાતા હૈ.'** શરીર આદ્યં ખલુ ધર્મ સાધનમ્, ઐસા આતા હૈ પુરુષાર્થસિદ્ધિમેં. શરીર હૈ તો ધર્મકા સાધન હૈ વહ ભ્રમબુદ્ધિ હૈ. સમજમેં આયા? શરીર અચ્છા ઔર નિરોગ રહે તો મૈં ધર્મ કર સકું. યહ તો ભ્રમબુદ્ધિ હૈ. રાગસે ભિન્ન અપને સ્વરૂપકી દૃષ્ટિ, અનુભવ હો તો શરીરસે નિરોગતાસે ધર્મ હોતા હૈ, સરોગતાસે નહીં, વહ ભ્રમ મિટ જાતા હૈ. પોપટભાઈ!

આહાહા..! સમજમેં આયા? આહાહા..! શરીરકે સુધાર-બિગાડસે (આત્મા સુધરતા-બિગડતા હૈ ઐસા) ભ્રમ ટૂટ જાતા હૈ.

'**દેહાદિક પરપદાર્થોંકે પ્રતિ કર્તા-બુદ્ધિકે સ્થાન પર...**' દેખો! દેહકી સ્થિતિકી અવસ્થા મૈં કરતા હૂં ઐસી જો ભ્રમબુદ્ધિ મિથ્યાત્વ હૈ.. આહાહા..! મૈં ચૈતન્ય હૂં, રાગકી ક્રિયાસે ભી મૈં પાર (ન્યારી) વસ્તુ ઐસી હૈ, ઐસી દૃષ્ટિ ઔર અનુભવ હોનેસે કર્તાબુદ્ધિ-દેહકી ક્રિયા મૈં કરતા થા ઐસી બુદ્ધિ—નાશ હો જાતી હૈ. ઉસકે સ્થાન પર જ્ઞાતા-દૃષ્ટા બુદ્ધિ હો જાતી હૈ. આહાહા..! બડા કઠિન માર્ગ, ભાઈ! બડે સમાજમેં... સાધુકો યહ કઠિન પડતા હૈ. ક્યા પંચ મહાવ્રતકી ક્રિયા વ્યવહાર સાધન નહીં હૈ? ઉસસે સાધ્ય નહીં હોતા? અરે..! ભગવાન! આહાહા..!

યહાં તો કહતે હૈં કિ શરીરકી ક્રિયાસે મેરેમેં લાભ હોગા ઔર શરીરકી ક્રિયા ન હો તો નુક્સાન (હોગા), ઐસી સુધાર-બિગાડકી બુદ્ધિ સ્વભાવકી દૃષ્ટિ હોનેસે નાશ હો જાતી હૈ. આહાહા..! સમજમેં આયા? સાતવીં નર્કકા નારકી, સપ્તમી નર્કકા નારકી રવ રવ અપરિઠાણે પડા હૈ. રવ રવ નરક. આહાહા..! વહ ભી જબ અંતરમેં વિકલ્પ તોડકર અંતરમેં જાતા હૈ તો આત્માકા અનુભવ કર લેતા હૈ. ઈતને શરીરમેં રોગ. શરીર ઉત્પન્ન હોતે હી ૧૬ રોગ. ઓહોહો..! ૧૬ રોગ હાં! શ્વાસ, .., કંઠમાલ, યે ક્યા કહતે હૈં આપકે? કેન્સર. કેન્સર કહતે હૈં ન? ઐસા રોગ તો જન્મસે નારકીકો હોતા હૈ. આહાહા..! ઉસકા અર્થ ઘાવ પડના. કેન્સર. ઘાવ પડતે હૈં ન? યહાં પડે... યહાં પડે... સારે શરીરમેં પડતે હૈં. કેન્સર. હો શરીરકી અવસ્થા, ઉસમેં આત્માકો ક્યા હૈ? આહાહા..! મેરી ચીજ પાનેમેં પરચીજકે સહારેકી મુજે જરૂરત નહીં. આહાહા..! ભગવાન સર્વજ્ઞ જિનેન્દ્રદેવકા ઐસા પંથ હૈ, ઐસા હુકૂમ હૈ, ઐસા આદેશ હૈ. આહાહા..!

કહતે હૈં, '**દેહાદિક પરપદાર્થોંકે પ્રતિ કર્તા-બુદ્ધિકે સ્થાન પર...**' શરીરકી ચેષ્ટા મૈં કરતા હૂં, રાગકો મૈં કરતા હૂં '**કર્તા બુદ્ધિકે સ્થાન પર, જ્ઞાતાબુદ્ધિ ઉત્પન્ન હોતી હૈ...**' ઓહોહો..! મૈં તો રાગ ઔર શરીરકો અપનેમેં રહકર જાનનેવાલા જ્ઞાતા-દૃષ્ટા હૂં. સમ્યગ્દૃષ્ટિકો ઐસા અનુભવમેં આતા હૈ. આહાહા..! સમજમેં આયા? આહાહા..! રાગ વિકલ્પ જો હૈ દયા, દાન, વ્રત, ભક્તિકા ઉસકી કર્તાબુદ્ધિ હૈ વહ મિથ્યાત્વ હૈ. ઉસ વિકલ્પસે ભિન્ન હોકર ચૈતન્યકા શુદ્ધ સ્વભાવકા પર્યાયમેં લાભ હોના, તબ વહ કર્તાબુદ્ધિ છૂટ જાતી હૈ ઔર જ્ઞાતાબુદ્ધિ હોતી હૈ. ઐસી બાત હૈ, ભાઈ! બહુત...

કુછ લોગ કહતે હૈં કિ સોનગઢવાલેને સમ્યગ્દર્શન બહુત મહંગા બના દિયા. જુગલજી! ભગવાન! યહ તો ભગવાનકા પંથ હૈ, ભાઈ! સોનગઢકા નહીં હૈ. આહાહા..! તુજે સુનને

ન મિલે, ઈસલિયે માર્ગ દૂસરા હો જાય, ઐસા હૈ નહીં. ઐસે વિકલ્પસે પહલે નિર્ણય તો કરે ભૂમિકામેં.. આહાહા..! કિ મેરી પ્રાપ્તિ તો નિર્વિકલ્પસે હોતી હૈ. વ્યવહારસે હોતી હૈ ઔર રાગસે હોતી હૈ, વહ ચીજ હી ઐસી હૈ નહીં.

સચ્ચિદાનંદ પ્રભુ પરમાત્મ સ્વરૂપસે બિરાજમાન ભગવાન આત્મા અપની ભગવતી પ્રજ્ઞાછૈનીસે પ્રાપ્ત હોતા હૈ. વહ આતા હૈ ન. સર્વવિશુદ્ધમેં આતા હૈ. પ્રજ્ઞાછૈની. આહાહા..! વહ ભેદજ્ઞાન હુઆ. ઐસા માર્ગ હૈ. આહાહા..! ઉસકે પિતા હૈં. પિતાકે પિતા દાદા હૈં. પૈસેવાલા હૈ, બહુત લાખોપતિ હૈ. યે કહતા હૈ, મુજે શાદી નહીં કરની. મૈં ધંધા નહીં કરુંગા. ઐસી બાત .. છોટી ઉંમરમેં ઐસી ભાવના. ગૃહસ્થ હૈ. .. નહીં, મૈં શાદી નહીં કરુંગા. ધંધા ભી નહીં કરુંગા. આહાહા..! અરે..! મેરી ચીજ ક્યા હૈ? પ્રાપ્તિ કરનેમેં પરકી પ્રવૃત્તિકા વિકલ્પ તો છોડના પડેગા. જાદવજીભાઈ! ઉસે હાં કહકર અનુમોદન દેના પડે. ઐસા નહીં કિ,.. હાં, બાપૂ! ધન્ય અવતાર. ... હો. અનુમોદન કરે. ભલે વિકલ્પસે હૈ અભી. સમજમેં આયા? આહા..! ધન્ય બાપૂ! કહા થા ન એકબાર? કહા થા ન.

રાજકુમાર હોતા હૈ. આત્માકા અનુભવ હુઆ. મૈં તો આનંદકી ખાન, નિધાન હૂં. ઐસા મુજે ભાન હુઆ (હૈ). ઉસ આનંદકી પૂર્ણ પ્રાપ્તિ કરનેકો, માતા! મૈં વનમેં જાઉંગા. અતીન્દ્રિય આનંદકા સ્વાદ, માતા! આયા હૈ. તો અતીન્દ્રિય આનંદ પ્રભુ મેરા સ્વભાવ પરમાત્મા પર્યાયમેં પ્રગટ કરનેકો માતા! અનુમતિ દો, જનેતા! આહાહા..! મૈં મેરી નિધિકી-નિધાનકી સંભાલ કરને જાતા હૂં. રાગ ઔર સ્ત્રીકી સંભાલ, માતા! મેરે અધિકારકી બાત નહીં હૈ. મેરી રુચિ ભગવાન આત્મા તરફ ઝુક ગઈ હૈ. ઉસ તરફકા સાધન કરનેકો મૈં મુનિપના લેતા હૂં. મુનિપનાકા વહ અર્થ. સમજમેં આયા?

માતા કહતી હૈ, બેટા! ઈતની ૧૫-૧૬ વર્ષકી ઉમ્ર, ૨૫ સાલકી ઉમ્ર. યે કન્યા ૩૨-૩૨ હજાર સેંકડો મહારાની ઉસકો છોડકર બેટા! કહાં જાયેગા તું? કોઈ સહાય નહીં હૈ. માતા! હમારા ભગવાન આત્મા હમારે પાસ હૈ. આહાહા..! ઉસકા સાધકપના ભી મેરેમેં હૈ. તો બાહ્ય સાધનકી હમકો જરૂરત નહીં. આહાહા..! વહ આતા હૈ ન? પ્રવચનસાર. પ્રવચનસાર ચરણાનુયોગમેં ઐસા અધિકાર આતા હૈ. માતા-પિતાકે પાસ આજ્ઞા માગે. ન દે ફિર(ભી) છોડ દેના. ચલે જાના. અનુમતિ ન દે તો... હમકો હમારે આનંદમેં જાના ચાહતે હૈં ઔર તુમ હમકો રોક દો ઐસા નહીં ચલેગા. (અનુમતિ) માંગતે હૈં, માતા!

ફિર માતા કહતી હૈ, બેટા! જાઓ. તુમ તુમ્હારે રાસ્તે. હમકો વહ પથ હોઓ. બેટા! તૂને જો રાસ્તા લિયા વહ મુજે હોઓ. જાઓ, ભાઈ! જાઓ. આહાહા..! માતા! એક બાર રોના હો તો રો લે. પુનઃ હમ માતા નહીં કરેંગે. પુનઃ માતા નહીં કરેંગે. કોલકરાર કરતે

હૈં. આહાહા..! રાજકુમારકી દશા.. આહાહા..! મૈં મેરે સ્વરૂપ સાધનેકો જાતા હૂં. માતા! જાઓ બેટા. હમકો ભી યહ પંથ હોઓ. યહ પંથ હમે હોઓ. ઐસા અનુમોદન કરતે હૈં. આહાહા..!

યહાં કહતે હૈં કિ પરમાત્મા મૈં હી હૂં. મેરી ચીજમેં પરકા લેશ સંબંધ નહીં હૈ. ઐસા ભેદજ્ઞાન હુઆ.. આહાહા..! યે શાંતિ... સમાધિ અધિકાર હૈ ન? તો સમ્યગ્દર્શન હૈ વહી સમાધિ હૈ. સમજમેં આયા? શાંતિ.. શાંતિકા અંશ વેદનમેં આયા, વહ રાગસે ભિન્ન પડનેસે આયા હૈ. વ્યવહારસે હુઆ, વ્યવહાર સાધન હૈ, નિશ્ચય સાધ્ય હૈ, ઐસા શાસ્ત્રમેં કહનેમેં આતા હૈ. લેકિન ઉસકો છોડકર. આહાહા..! વહ કહતે હૈં, દેખો!

રાગકી કર્તાબુદ્ધિ થી પહલે. જ્ઞાન આનંદસ્વરૂપી પ્રભુ અપની નિર્મલ પર્યાય દ્વારા પ્રાપ્ત હુઆ, વહ રાગસે ભિન્ન કરકે હુઆ હૈ. રાગકા સહારા, વ્યવહારકા સહારા કરકે હુઆ હૈ ઐસા નહીં. આહાહા..! સમજમેં આયા? **'કર્તાબુદ્ધિકે સ્થાન પર...'** સમ્યગ્દૃષ્ટિકી જ્ઞાતાબુદ્ધિ હો જાતી હૈ. વ્યવહારકા રાગ આતા હૈ લેકિન મૈં રચનેવાલા નહીં, મૈં જાનનેવાલા હૂં. આહાહા..! શરીરકી ક્રિયા ગુરુ સન્મુખ જાના, તીર્થ જાના, વચન બોલના, ઐસી હોતી હૈ. ઉસકો તો કર્તાબુદ્ધિકે સ્થાનમેં જ્ઞાતાબુદ્ધિ હો જાતી હૈ. આહાહા..! ઉસકા નામ ધર્મ હૈ. પોપટભાઈ! ઐસા મહંગા ધર્મ નહીં હૈ, સસ્તા ધર્મ હૈ. લેકિન જહાં હો ઉસ દુકાનસે મિલે ન? આહાહા..! પેડા લેના હો તો અફીમકી દુકાન પર જાયે તો મિલે? પેડા પેડા કહતે હૈં ન? યે દૂધકા પેડા. વહ તો કંદોઈકી દુકાન પર મિલે. કંદોઈ-હલવાઈ. ઐસે આનંદ ચાહિયે તો આનંદકી દુકાનમેં મિલે. આનંદસે ભરા ભગવાન આત્મા હૈ. આહાહા..! વહાંસે આનંદ પ્રાપ્ત હો. ક્યા પુણ્ય ઔર પાપ રાગમેં આનંદ હૈ? વહ તો અફીમકી દુકાન હૈ. આહાહા..!

કહતે હૈં, **'ઔર વહ આત્મ સન્મુખ ઝુકકર...'** વહ આત્મા ધર્મી સમકિતી જીવ.. આહાહા..! ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપકે સન્મુખ હોકર **'ચૈતન્ય-સ્વરૂપમેં એકાગ્ર હોને લગતા હૈ.'** ઉસમેં કૈસે રહે, ઐસી અંદર લગની લગી હૈ. સમજમેં આયા? ઉસમેં અંદર મૈં કૈસે સ્થિર હોઉં? સારી દુનિયાકી દૃષ્ટિ છૂટ ગઈ. એક ભગવાન ચિદાનંદ સ્વરૂપકી દૃષ્ટિ હુઈ. યહ ધર્મીકા લક્ષણ. આહાહા..! સમજમેં આયા? એકાગ્ર હોકર અંતર સ્વભાવમેં માલ દેખા હૈ વહાં માલ લેનેકો બારબાર જાતા હૈ.

**'ઈસ પ્રકાર જબ જીવકો...'** ઈસ તરહ આત્માકો **'જબ જીવકો ભેદવિજ્ઞાનકે દ્વારા સ્વ-પરકા ભાન હોતા હૈ, તબ વહ પરભાવસે હટકર સ્વસન્મુખ હોતા હૈ.'** આહાહા..! સમજમેં આયા? થોડે શબ્દ પકડે થે, આદિસાગર થા ક્ષુલ્લક, યહાંકા પ્રેમ થા. સુનનેકો આતે થે. ઉસમેં બુદ્ધિ બહુત થોડી થી. લેકિન ઐસા પકડ લિયા શાસ્ત્ર પઢકર યહાંકા. કિ પરસે હટ, પરસે ખસ, સ્વમેં બસ, ટૂંકા ટચ. જુગલજી! પરસે ખસ. હટ કહા ન? હટકા અર્થ

ખસ. આહાહા..! રાગ, શરીરકે લક્ષ્યસે હટ, ભગવાન આત્મામેં બસ. યહ ટૂકાં ટચ. ટૂંકા ટચ... સમજમેં આયા? આહાહા..! લોગોંકો ઐસા લગે, યે તો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. વ્યવહારકો માનતે નહીં (કિ) વ્યવહારસે હોતા હૈ. નિશ્ચયાભાસી હૈ. ભગવાન! ઐસા નહીં હાં! વસ્તુકી સ્થિતિ ઐસી હૈ કિ અપની પ્રજ્ઞાછૈની રાગસે ભિન્ન કરકે,... રાગકા સહારા લેકર પરસે ભિન્ન હોતા હૈ? જિસસે ભિન્ન હોના હૈ ઉસકા સહારા હૈ ઉસે? આહાહા..!

કહતે હૈં, **'પરભાવસે હટકર સ્વસન્મુખ...'** બસકર **'સ્વસન્મુખ હોતા હૈ.'** આહાહા..!

---

अथेदानीमात्मनि स्त्र्यादिलिङ्गैकत्वादिसंख्याविभ्रमनिवृत्त्यर्थं तद्विविक्तासाधारणस्वरूपं दर्शयन्नाह–

येनात्मनाऽहमात्मनैवात्मनाऽऽत्मनि।
सोऽहं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः।।२३।।

टीका :– येनात्मना चैतन्यस्वरूपेण इत्थंभावे तृतीया। अहमनुभूये। केन कर्त्रा? आत्मनैव अनन्येन। केन करणभूतेन? आत्मना स्वसंवेदनस्वभावेन। क्व? आत्मनि स्वस्वरूपे। सोऽहं इत्थंभूतस्वरूपोऽहं। न तत् न नपुंसकं। न सा न स्त्री। नासौ न पुमान् अहं। तथा नैको न द्वौ न वा बहुरहं। स्त्रीत्वादिधर्माणां कर्मोत्पादितदेहस्वरूपत्वात्।।२३।।

---

હવે આત્મામાં સ્ત્રી આદિ લિંગને એકત્વાદિ સંખ્યા સંબંધી વિભ્રમની નિવૃત્તિ માટે તેનાથી વિવિક્ત (ભિન્ન) અસાધારણ સ્વરૂપ બતાવતાં કહે છે :-

શ્લોક - ૨૩

અન્વયાર્થ :- (येन आत्मना) **જે આત્માથી-ચૈતન્યસ્વરૂપથી** (अहम्) **હું** (आत्मनि) **પોતાના આત્મામાં** (आत्मना) **આત્મા દ્વારા - સ્વસંવેદનજ્ઞાન દ્વારા** (आत्मना एव) **પોતાના આત્માને પોતે જ** (अनुभूये) **અનુભવું છું.** (सः) **તે-શુદ્ધાત્મસ્વરૂપ** (अहं) **હું** (न तत्) **ન તો નપુંસક છું,** (न सा) **ન સ્ત્રી છું,** (न असौ) **ન પુરુષ છું;** (न एकः) **ન એક છું** (न द्वौ) **ન બે છું,** (वा) **અથવા** (न बहुः) **ન બહુ છું.**

ટીકા :- **જે આત્મા વડે-ચૈતન્ય સ્વરૂપ વડે હું અનુભવમાં આવું છું-કોનાથી? આત્માથી જ-બીજા કોઈથી નહિ, ક્યા કારણ (સાધન) દ્વારા? આત્મા દ્વારા-સ્વસંવેદન સ્વભાવ દ્વારા, ક્યાં? આત્મામાં-સ્વસ્વરૂપમાં, તે હું છું-એવા સ્વરૂપવાળો છું. ન તો હું નપુંસક છું, ન સ્ત્રી છું, ન પુરુષ છું; ન હું એક છું, ન બે છું કે ન હું બહુ છું;** કારણ કે **સ્ત્રીત્વાદિ ધર્મો છે તે તો કર્મોપાદિત દેહ-સ્વરૂપવાળા છે.**

ભાવાર્થ :- હું સ્વસંવેદનજ્ઞાન દ્વારા પોતે જ મારા આત્મસ્વરૂપને મારા આત્મામાં અનુભવું છું-અર્થાત્ હું ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય છું. તેમાં સ્ત્રી-પુરુષાદિ લિંગનો તથા એક, બે, વગેરે સંખ્યાના વિકલ્પોનો અભાવ છે.

અન્તરાત્મા વિચારે છે કે જીવમાં સ્ત્રી-પુરુષાદિનો વ્યવહાર કેવળ શરીરને લીધે છે. એક, બે અને બહુવચનનો વ્યવહાર પણ શરીરાશ્રિત છે. જ્યારે શરીર મારું રૂપ જ નથી અને મારું શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ છે, ત્યારે મારામાં લિંગ-ભેદ અને વચન-ભેદના વિકલ્પો કેવી રીતે ઘટી શકે? આ સ્ત્રીત્વાદિ ધર્મો તો કર્મોપાદિત દેહનું સ્વરૂપ છે, મારું સ્વરૂપ નથી, મારું ચૈતન્યસ્વરૂપ તો તે બધાથી પર છે.

## વિશેષ

આત્મા શુદ્ધ આનંદસ્વભાવી છે, એક છે-એવો રાગમિશ્રિત વિચાર પણ સ્વભાવમાં નથી. ગુણ-ગુણી તરીકે બે છે ને જ્ઞાન-દર્શનના ઉપયોગે બે છે-એવો ભેદ સ્વરૂપમાં નથી.

આત્માનું શુદ્ધ સ્વરૂપ અભેદ, ગુણ-ગુણીના ભેદ વિનાનું છે. તેમાં લિંગભેદ, વચન ભેદ, વિકલ્પભેદાદિ કંઈ નથી.

અહીં આચાર્યનું લક્ષ અભેદ-અખંડ આત્માના સ્વરૂપ ઉપર છે; તેથી તેમણે કહ્યું છે કે, વાસ્તવમાં આત્માને સ્ત્રી, પુરુષ, નપુંસકાદિ અવસ્થાઓ નથી, ગુણોના ભેદરૂપ અને કારકોના ભેદરૂપ કલ્પના નથી.

આવી સમજણથી જ્ઞાની ભેદ-વિજ્ઞાન કરી આત્મસ્વરૂપમાં એકાગ્ર થવાની નિરંતર ભાવના ભાવે છે.

## શ્લોક-૨૩ ઉપર પ્રવચન

'અબ આત્મામેં સ્ત્રી આદિ લિંગ...' નહીં હૈ. ભગવાન આત્મામેં સ્ત્રી, પુરુષ, નપુંસક હૈ નહીં. શરીરાદિ સ્ત્રીકા, પુરુષકા, નપુંસકકા વહ તો હૈ નહીં. લેકિન સ્ત્રી, પુરુષ, નપુંસકકી ભાવવેદકી વાસના ભી આત્મામેં હૈ નહીં. સમજમેં આયા? અલિંગગ્રહણમેં આતા હૈ ન, દ્રવ્ય-ભાવ વેદ? અલિંગગ્રહણમેં આતા હૈ. દ્રવ્ય-ભાવ વેદસે રહિત. ૧૯વાં બોલ હૈ. દ્રવ્ય-ભાવ વેદસે રહિત અલિંગગ્રહણ. અલિંગગ્રહણકે ૨૦ બોલ હૈં. ૧૭૨, ગાથા પ્રવચનસાર. ઉસમેં ૧૯વેં બોલમેં આતા હૈ. દ્રવ્યવેદ યે સ્ત્રી, પુરુષકા, જડકા. ભાવવેદ-વિકલ્પ વાસના. દ્રવ્ય-ભાવ વેદસે રહિત ભગવાન હૈ.

મુમુક્ષુ :- કેવલી હો તબ.

ઉત્તર :- અભી. કેવલી હો તબ કહાં? પહલે (સે) ઐસા હૈ. આહાહા..! ક્યોંકિ દ્રવ્યવેદ હૈ વહ તો અજીવકી-જડકી પર્યાય હૈ. સ્ત્રી લિંગ, પુરુષ લિંગ, હિજડા-નપુંસક, વહ તો જડકી મિટ્ટીકી પર્યાય હૈ. ઔર અંદર વાસના જો ઉત્પન્ન હોતી હૈ, વહ તો રાગકા આસ્રવ હૈ. અજીવ ઔર આસ્રવતત્ત્વસે જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન હૈ. આહાહા..! ધર્મી તો અપને આત્માકો દ્રવ્ય-ભાવ વેદસે રહિત જાનતે હૈં. દ્રવ્ય ઔર ભાવ વેદ સહિત જાને તો તો આત્મા અજીવ સહિત ઔર આસ્રવ સહિત હૈ. ઐસા હૈ નહીં. આહાહા..! સમજમેં આયા?

**'સ્ત્રી આદિ લિંગ...'** હૈ નહીં. એક, દો, તીન, ચાર, પાંચ ઐસી સંખ્યા ભી આત્મામેં હૈ નહીં. વચનકા વિકલ્પ ઐસા આત્મામેં હૈ નહીં. આહાહા..! **'એકત્વાદિ સંખ્યા સંબંધી વિભ્રમકી નિવૃત્તિકે લિયે, ઉનસે વિવિક્ત (ભિન્ન) અસાધારણ સ્વરૂપ બતાતે હુએ કહતે હૈં :-'** ભગવાન આત્માકા સ્વરૂપ ઓહોહો..! દ્રવ્ય-ભાવ વેદસે રહિત અવેદી સ્વરૂપ હૈ. વેદકી અપેક્ષાસે. આત્માકા આનંદકી અપેક્ષાસે વેદકસ્વરૂપ હૈ. આહાહા..! સ્વસંવેદ્ય. આહાહા..!

શરીર, મન અને વચનકી ક્રિયાસે આત્મા પ્રાપ્ત હો, ઐસા હૈ નહીં. વહ તો પર ચીજ હૈ. ઔર પુણ્ય-પાપકે વિકલ્પસે પ્રાપ્ત હો વહ તો મલિનકા ભાવ હૈ. તો વહ વેદ રહિત મેરી ચીજમેં મૈં પુરુષ નહીં, સ્ત્રી નહીં, નપુંસક નહીં. આહાહા..! નારકીકા જીવ તો નપુંસક હૈ ન? સમકિત પ્રાપ્ત કરતા હૈ તો માનતા હૈ કિ મૈં તો નપુંસક નહીં. સમજમેં આયા? પાવૈયા-હીજડા હોતા હૈ, વહ ભી સમકિત તો પાતા હૈ. મુનિપના ન હો. સમજમેં આયા? બાહ્ય નપુંસક હો... બાહ્ય શરીર પુરુષકા હો ઔર અંદર નપુંસક વેદકા ઉદય હો. વહ તો મુનિપના પા સકતે હૈં. લેકિન બાહ્ય નપુંસક શરીર હો તો મુનિપના નહીં હોતા. જૈસે સ્ત્રી શરીર હો બાહ્યમેં, અંદરમેં પુરુષકા ઉદય હો. ... શરીર સ્ત્રીકા, અંદર પુરુષભાવ વેદકા ઉદય હો, તો વહ મુનિપના નહીં પા સકતા. ઐસી ઉસકી લાયકાત હૈ. શરીર રોકતા નહીં, હાં! આહાહા..! દ્રવ્ય સ્ત્રી હૈ ઉસકો એકાંત ધ્યાન નહીં હો સકતા. સમજમેં આયા? વહ ઉસકી યોગ્યતા હૈ. શરીર ઐસા મિલા તો (ઐસા હૈ), ઐસા નહીં.

યહાં તો કહતે હૈં કિ નપુંસક, પુરુષ, સ્ત્રી વેદભાવ ઔર શરીરકી ચેષ્ટા જડકી, મિટ્ટીકી વહ મૈં હૂં નહીં, મેરેમેં હૈ નહીં. આહાહા..! સમજમેં આયા? આઠ સાલકી બાલિકા સમ્યગ્દર્શન પાતી હૈ. આઠ સાલકી. તો વહ શરીર સ્ત્રીકા ઔર અંદર વેદ સ્ત્રી આદિકા વહ મૈં હૂં નહીં. આહાહા..! પીછે લગન ભી હો. લગન સમજે? શાદી. મૈં શાદી કર રહી હૂં ઐસા નહીં. મૈં કિસકે સાથ શાદી કરું? આહાહા..! વિકલ્પ ઔર શરીરસે મૈં રહિત હૂં. આહાહા..!

મીરાબાઈમેં આતા હૈ ન? મીરાબાઈમેં. મીરાબાઈ હુઈ ન ઉસમેં અન્યમતિમેં? હૈ તો મિથ્યાદષ્ટિ, લેકિન ઉસકો ઉસ જાતકા સંસ્કાર વૈરાગ્ય થા. લગન કિયા રાણાકે સાથ. રાણા પ્રતાપ. .. પટરાણી બનાઉં. ઉસ જાતકી... મૈં તો ઈશ્વર પરમાત્માકી સેવક હૂં. આહાહા..! તો સમ્યગ્દૃષ્ટિકી તો ક્યા બાત કરના? સમજમેં આયા? રાણા કો કહતી હૈ. હમને તો નાટક ભી દેખા હૈ ન સંસારમેં. મીરાબાઈકા નાટક દેખા થા. (સંવત) ૧૯૬૪-૬૪કી સાલ હૈ. ભરૂચમેં મીરાબાઈકા નાટક થા. બહુત વૈરાગી. ડાયાભાઈ ઘેલશાકા નાટક થા. ભરૂચમેં. હમારી દુકાન પાલેજમેં હૈ ન? પાલેજ આઠ .. હૈ. તો સાધુકો મિલનેકો ગયે થે હમ. અપને સ્થાનકવાસીકે સાધુ આવે ન. સ્થાનકવાસી થે ન. ઉનકો મિલ લિયા, ફિર નિવૃત્તિ હૈ તો ચલો દેખને. નાટક થા મીરાબાઈકા. મીરાબાઈ .. ઐસા નાટક કરે.

રાણા કહતા હૈ, હે મીરા! પટરાણી બનાઉંગા, મહલમેં ચલો. કહતી હૈ, 'પરણી મારા પિયુજીની સાથ, એ.. બીજાના મીંઢોળ નહી રે બાંધુ.' મીંઢોળ સમજતે હૈં? શાદીકે સમય નહીં બાંધતે હૈ? લકડી. મીરાબાઈ... નાટકમેં દેખા થા, હાં!

પરણી મારા પીયુજીની સાથ રે, બીજાના મીંઢોળ નહીં રે બાંધુ.
નહી રે બાંધુ રે રાણા, નહીં રે બાંધુ.
પરણી મારા પરમેશ્વરની સાથ રે, બીજાના મીંઢોળ નહીં રે બાંધું.

આહાહા..! ઐસે વૈરાગી નાટક થે. અભી તો સબ ગડબડ કર દી હૈ. ક્યા કહતે હૈં, ફિલ્મ. ફિલ્મમેં એક સ્ત્રી ઐસે બેઠે,... અરેરે..! અસજ્જનતાકા ફોટા દિખે. યે સબ ક્યા હૈ? સમજમેં આયા? ઐસા વૈરાગ્ય. ધૂન ચડ જાય ઊસ વક્ત, હાં! આહાહા..!

રાણા ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ.
મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.

તુમ્હેં મુજે પાગલ ગિનના હો વૈસે ગિનો. સમજમેં આયા?

ઘેલી રે થઈ રે રાણા ઘેલી થઈ.
સાધુડાની સંગે હું તો ઘેલી થઈ.

શાદી કી ફિર ભી નહીં આતી હૂં, પાગલ.. માનો કી કુછ ભી માનો સમજમેં આયા? ઐસે સમકિતીને આત્માકે સાથ સગાઈ કી. વહ આતા હૈ ન આનંદઘનજીમેં? ચેતનજી! આનંદઘનજીમેં આતા હૈ. 'સમકિત સાથે સગાઈ કીધી.' આહાહા..! વહ આતા હૈ. મલ્લિનાથકી સ્તુતિમેં.

ભગવાન ત્રિલોકનાથકા ન્યોતા આયા. સંસારમેં ભી અચ્છે ગૃહસ્થકે ઘરસે કન્યાકા ન્યોતા આયે, કોઈ કરોડપતિકી કન્યા આતી હો. કાલી હો તો ભી સ્વીકાર કર લે ઉસકે પિતા.

ક્યોંકિ દસ લાખ રૂપયે લેકર આતી હૈ. ઔર નબ્બે લાખ પિતાકે મરનેકે બાદ આયેગા. ઉસ વજહસે બડે ઘરકી કન્યાકા ન્યોતા, ૫૦, નારિયલ આયે હો, પોપટભાઈ! નારિયલ સમજતે હૈં? હમારી કન્યા... પરંતુ કિસકા પંસદ કરે? બડે ઘરકા. ઐસે ભગવાનકા ન્યોતા હૈ. તીન લોકકે નાથકા ન્યોતા હૈ, કિ પ્રભુ ચૈતન્યમૂર્તિ ભગવાન પરમાત્માકે સાથ સગાઈ કર. રાગ ઔર પુણ્યકે સાથ પ્રભુ! સગાઈ છોડ દે. આહાહા..! સમજમેં આયા?

ભગવાન ત્રિલોકનાથકા ન્યોતા હૈ-યહ કથન હૈ. ભાઈ! પ્રભુ! તેરી પ્રીતિ પરમાત્મ સ્વરૂપ હૈ વહાં જોડ દે. સમકિતકી સગાઈ આત્માકે સાથ કર દે. રાગકી એકતાબુદ્ધિ હૈ, રાગ ઔર શરીરકે સાથ સંબંધ કિયા હૈ, વહ મુર્દેકે સાથ તૂને સંબંધ કિયા હૈ. સમજમેં આયા? ચૈતન્ય જાગતી જ્યોત બિરાજતી હૈ અંદરમેં. મહાપ્રભુકા ન્યોતા હૈ કિ તુમ મહાપ્રભુ હો અંદર. જોડ દે દૃષ્ટિ વહાં. સમજમેં આયા? આહાહા..! વહ યહાં કહતે હૈં. આહા..!

મૈં સ્ત્રી લિંગ, પુરુષ લિંગ, નપુંસક લિંગ નહીં ઔર એક, દો, તીન, જો વચન વ્યવહાર હૈ ઔર અંદર વિકલ્પ ઉઠતા હૈ, વહ ભી મૈં નહીં. મૈં તો જો હૂં સો હૂં. શુદ્ધ આનંદકંદ હૂં. સમજમેં આયા? આહાહા..! ૨૩.

**येनात्मनाऽनुभूयेहमात्मनैवात्मनात्मनि।**

**सोऽहं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः।।२३।।**

પુરુષ ઔર નપુંસક .. આહાહા..! સગાઈ કરે તબ વહાં લાપસી ખાયે. કરતે હૈં ન? યહાં તો કહતે હૈં, ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસમેં સગાઈ જોડ દે. તુજે આનંદકી લાપસી વહાંસે મિલેગી. જુગલજી! આહાહા..! ભાઈ! યહાં જોડ-આત્મામેં જોડ ઔર પરસે તોડ. પરસે જોડ ઔર આત્માસે તોડ ઐસા તો અનાદિસે કિયા હૈ. આહાહા..! ૨૩ હૈ ન?

'**ટીકા :- જો આત્મા દ્વારા-ચૈતન્યસ્વરૂપ દ્વારા મૈં અનુભવમેં આતા હૂં-**' આહાહા..! સમ્યગ્દૃષ્ટિકો—ધર્મી જીવકો આહાહા..! '**જો આત્મા દ્વારા-ચૈતન્યસ્વરૂપ દ્વારા મૈં...**' ક્યા કહતે હૈં? ચૈતન્યસ્વરૂપ જો નિર્મલ પર્યાય હૈ ઉસકે દ્વારા મૈં અનુભવમેં આનેવાલા હૂં. આહાહા..! અરે..! માર્ગ તો માર્ગ પ્રભુકા. સમજમેં આયા? મૈં '**ચૈતન્યસ્વરૂપ દ્વારા મૈં અનુભવમેં આતા હૂં-**' પહલે તો યહ સિદ્ધાંત કહા. ધર્મીજીવ ઐસા કહતે હૈં, જાનતે હૈં. કહતે હૈં વહ ભાષા હૈ. મૈં તો મેરી અનુભવક્રિયાસે જાનનેમેં આતા હૂં. આહાહા..! સમજમેં આયા? યે તો ચૌથે ગુણસ્થાનકી બાત હૈ, હાં! ઐસી નિશ્ચયકી બાત કિતનોંકો નહીં રુચતી. (કહતે હૈં), ચૌથે ગુણસ્થાનમેં વ્યવહાર સમકિત હોતા હૈ. અરે.. ભગવાન! તુજે માલૂમ નહીં હૈ, ભાઈ!

'**કિસસે? આત્માસે હી-**' '**ચૈતન્યસ્વરૂપ દ્વારા મૈં અનુભવમેં આતા હૂં-કિસસે?**

**આત્માસે હી-અન્ય કિસીસે નહીં;...'** આહાહા..! ગુણ-ગુણી કે ભેદકા વિકલ્પ ઉઠતા હૈ ઉસસે ભી મૈં જાનનેવાલા નહીં. મૈં તો જ્ઞાનકી પ્રજ્ઞાછૈનીસે જાનનેવાલા હૂં. પરસે ભિન્ન જ્ઞાનસે મૈં અનુભવમેં આનેવાલા હૂં. આહાહા..! વ્યવહારકી રુચિવાલેકો યહ ઐસા લગે કિ યે તો સબ નિશ્ચય (હૈ). ભગવાન! સત્ય. નિશ્ચય નામ સત્ય. પરમસત્યકો નિશ્ચય કહતે હૈં. આરોપિત ઉપચારિક બાતકો વ્યવહાર કહતે હૈં. આહાહા..! સમજમેં આયા?

**'ચૈતન્યસ્વરૂપ દ્વારા મૈં અનુભવમેં આતા હૂં-કિસસે? આત્માસે હી-અન્ય કિસીસે નહીં;...'** વિકલ્પસે, મનસે, રાગસે, દેવ-ગુરુ-શાસ્ત્રકી વાણીસે મૈં અનુભવમેં આનેવાલા નહીં હૂં. આહાહા..! સમજમેં આયા? યહાં તો યહ બાત હૈ, ભગવાન! લોગોંકો ઐસા લગે કિ યે ભક્તિ કરેં, યાત્રા કરે સમ્મેદશીખરકી, શેત્રુંજયકી. યે શેત્રુંજય કરીબ હૈ. શેત્રુંજય કરીબ હૈ યહાંસે, ૧૪ માઈલ. સમજે? શેત્રુંજય-યહ પાલીતાણા. ૧૪ માઈલ. વહાં બહુત જાતે હૈં શ્વેતાંબર. દિગંબર ભી જાતે હૈં. કચ્છી બહુત હૈ, કચ્છી, હાં! કારણ કુછ ભી હો. કચ્છી બહુત આતે હૈં. યહ દેખનેકો. વહાં બડી દેખનેકી ચીજ હૈ. દેખનેકો બહુત આતે હૈં મુંબઈસે કચ્છી લોગ. કોઈ કચ્છી સાધુ વહાં હો. બહુત કચ્છી આતે હૈં. અરે..ભાઈ! યાત્રા તો યહાં હૈ. તીર્થ યહ હૈ. ચૈતન્યમૂર્તિ આનંદકા નાથ વહ તીર્થ હૈ. ક્યોંકિ તિરનેકા ઉપાય ઉસમેં પડા હૈ. આહાહા..!

મુમુક્ષુ :- વહ તો નિશ્ચયસે.

ઉત્તર :- નિશ્ચય વહી સત્ય હૈ. વહ તો ઉપચારિક બાત હૈ. હૈ, કહા ન. શુભરાગ હૈ. લેકિન હૈ તો વહ ધર્મ હૈ? ઔર હૈ તો ક્યા વહ ધર્મકા કારણ હૈ? બિલકૂલ નહીં. હૈ સહી. શુભભાવ, ભક્તિ, યાત્રાકા વ્યવહાર આતા હૈ. લેકિન યહાં તો કહતે હૈં કિ વિકલ્પસે જાનનેવાલા મૈં હૂં હી નહીં. આહાહા..! તીન લોકકે નાથ સમવસરણમેં વિરાજમાન, જિનકો ચૌસઠ ઈન્દ્ર ચામર ઢાલે. સમજમેં આયા? જિસકો સૌ-સૌ ઈન્દ્ર, બાઘ ઔર શેર, નાગ જિસકે સમવસરણમેં સુનનેકો આતે હૈ. ઉસ ભગવાનકે દર્શનસે ઔર ભગવાનકી વાણીસે ભી આત્મા અનુભવમેં આતા હૈ, ઐસા હૈ નહીં. આહાહા..! સમજમેં આયા? વહ કહતે હૈં, દેખો!

**'કિસ કરણ (સાધન) દ્વારા? આત્મા દ્વારા-'** મેરા સાધન તો આત્મા હૈ. આહાહા..! **'સ્વસંવેદન સ્વભાવ દ્વારા,...'** અપને જ્ઞાનસે અપના પ્રત્યક્ષ વેદન, ઉસકે દ્વારા મૈં અનુભવ કરને લાયક આત્મા હૂં. દૂસરેસે મૈં અનુભવમેં (આઉં) વહ મેરી ચીજ નહીં હૈ. ઓહોહો..! સમજમેં આયા? **'કહાં? આત્મામેં-સ્વસ્વરૂપમેં,... '** આહાહા..! **'વહ મૈં હૂં-ઐસા સ્વરૂપવાલા હૂં.'** મૈં તો આનંદસ્વરૂપ (હૂં). મેરી શુદ્ધ પરિણતિસે અંદર જાને લાયક હૂં. આહાહા..! મેરે ભગવાનકી ભેંટ નિર્વિકલ્પ-વિકલ્પસે રહિત પરિણતિસે હોતા હૈ. આહાહા..!

સમજમેં આયા? મેરે પ્રભુકા દર્શન, મેરા પરમાત્મા.. આહાહા..! મેરે નિર્વિકલ્પ સ્વરૂપસે મૈં જ્ઞાન કરનેવાલા હૂં.

**'ન તો મૈં નપુંસક હૂં,...'** મૈં હીજડા, પાવૈયા મૈં નહીં. આહાહા..! **'ન સ્ત્રી હૂં, ન પુરુષ હૂં;...'** પુરુષકા શરીર ઔર પુરુષવેદ-દોનોં મૈં નહીં. આહા..! સમજમેં આયા? ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ અપને આત્માકા અનુભવ કરનેમેં માનતા હૈ કિ મૈં તો વેદવાલા નહીં. આહાહા..! સમજમેં આયા? **'ન પુરુષ હૂં;...'** ભાઈ! પુરુષકે શરીરસે કેવલજ્ઞાન હોતા હૈ. સ્ત્રીકે શરીરસે હોતા હૈ? તો કહતે હૈં કિ, ના ના ભાઈ! પુરુષ શરીરસે નહીં હોતા. કેવલજ્ઞાન તો અપને શુદ્ધ સ્વભાવકે અવલંબનસે, શુદ્ધ પરિણતિસે કેવલજ્ઞાન હોતા હૈ. ઔર વહ પરિણતિ ભી એક ઓર રહો. શુદ્ધ ધ્રુવ ચૈતન્યકે આશ્રયસે મુજે કેવલજ્ઞાન હોતા હૈ. સ્વરૂપકી પરિણતિસે ભી નહીં. સમજમેં આયા? ઐસી બાતેં. ઐસા આયે કિ પહલે સંહનન ચાહિયે, મનુષ્યદેહ હો, પુરુષ દેહ હો તો કેવલજ્ઞાન હોતા હૈ. વહ તો વહાં નિમિત્ત હો ઐસા કહા. લેકિન ઉસસે હોતા નહીં. આહાહા..!

**'ન મૈં એક છું,...'** એક. વહ તો વિકલ્પ ઉઠા. **'ન દો હૂં...'** ગુણ-ગુણી દો નહીં. **'ન મૈં બહુત હૂં;...'** અનંત ગુણવાલા મૈં હૂં, ઐસા બહુ નહીં, ઐસા વિકલ્પ નહીં. આહાહા..! સ્વરૂપ એક હૈ, ઐસા વિકલ્પ મૈં નહીં. ગુણ ઔર ગુણી દો હૈ ઐસા વિકલ્પ મૈં નહીં. ઔર અનંત ગુણ મુજમેં હૈં, બહુ-અનંત ગુણ હૈં ઐસા વિકલ્પ ભી મેરેમેં નહીં હૈ. આહાહા..!

**'ક્યોંકિ સ્ત્રીત્વાદિ ધર્મ હૈં, વે તો કર્મોપાદિત દેહસ્વરૂપવાલે હૈં.'** શરીર તો જડકી આકૃતિ હૈ, મિટ્ટી. શરીરકા લિંગ ઔર વેશ શરીરકા, સબ મિટ્ટી જડકી દશા હૈ. વહ મૈં નહીં. ઔર વિષય વાસનાકા વિકલ્પ જો હૈ, વહ ભી આસ્રવ ઔર દુઃખરૂપ હૈ. મૈં નહીં. મૈં તો આનંદકા ધામ, આનંદસ્વરૂપ મૈં હૂં. આહાહા..! સમજમેં આયા? જહાં મૈં હૂં વહાં આનંદ હૈ ઔર જહાં મૈં નહીં હૂં, વહાં આનંદ નહીં. સ્ત્રી વેદ, પુરુષ વેદકા વિકલ્પ ઔર શરીરમેં આનંદ નહીં. સમજમેં આયા? ઐસા માર્ગ પહલે તો સુનને મિલતા નહીં. જુગલજી! હૈ? વહ તો વિદ્વાન હૈ. આહાહા..!

**'દો આદિ સંખ્યાકે વિકલ્પોંકા અભાવ હૈ.'** ઐસા ધર્માત્મા અપનેકો માનતે ઔર જાનતે હૈં. વિશેષ કહેંગે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગશર વદ ૧૫, રવિવાર તા. ૧૨-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૩, પ્રવચન - ૩૩**

૨૩ ગાથા. સમાધિતંત્ર. ભાવાર્થ. ધર્મ કૈસે હોતા હૈ? ઔર ધર્મ હોતા હૈ તો ક્યા હોતા હૈ? સમજમેં આયા? ધર્મ આત્મા આનંદસ્વરૂપ, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. સત્-મૌજૂદ, ચિદ્-જ્ઞાન ઔર આનંદ સ્વરૂપ ઉસકા હૈ. ઈસ આનંદ સ્વરૂપકા (લક્ષ કરકે), પરસે લક્ષ્ય છોડકર... આહાહા..! દેહ, અંદર વિકલ્પ જો રાગ ઉત્પન્ન હોતા હૈ વિકાર, ઉસકા લક્ષ્ય છોડકર ત્રિકાલ જો ધ્રુવ આનંદકંદ પ્રભુ આત્મા હૈ, ઉસ ઓર એકાગ્ર હોકર આનંદકા વેદન કરના ઉસકા નામ ધર્મ હૈ. સૂક્ષ્મ બાત હૈ. સમજમેં આયા? હૈ?

'**ભાવાર્થ :- મૈં સ્વસંવેદન જ્ઞાન દ્વારા સ્વયં હી અપને આત્મસ્વરૂપકો અપને આત્મામેં અનુભવતા હૂં, અર્થાત્ મૈં ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય હૂં.**' ઉસકા અર્થ. વહ તો ભાષા હો ગઈ. ઉસકા અર્થ ક્યા હૈ? કિ મૈં. યહ ગુજરાતી હૈ. કહાં ગયે દૂસરે આપકે? સમય પર આના ચાહિયે ન. પીછે બૈઠે હૈં. પાંચ મિનિટ હો ગઈ. સમજમેં આયા?

ક્યા કહતે હૈં? કિ જિસકો આત્મજ્ઞાન હુઆ વહ, શરીર, વાણી, મનસે મૈં પૃથક્ હૂં, શરીર વહ તો જડ હૈ, મિટ્ટી ધૂલ હૈ પુદ્ગલ. વાણી તો જડ હૈ. ધ્વનિ ઉઠતી હૈ. ઔર એક મન યહાં હૈ વિચાર કરનેમેં નિમિત્ત જડ, વહ તો પર હૈ. ઔર ઉસમેં જો પુણ્ય-પાપકા વિકલ્પ ઉઠતા હૈ. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસનાકા રાગ ઔર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા રાગ—દોનોં વિકાર હૈં. ઉસસે મૈં ચીજ ભિન્ન હૂં. ઐસી અંતરમેં મૈં, ધર્મીજીવ ઐસા જાનતા હૈ કિ મૈં.. હું હૈ ન? હુંકા અર્થ આપકી હિન્દી મૈં. મૈં સ્વસંવેદન જ્ઞાન દ્વારા. યહ તો અધ્યાત્મ બાત હૈ.

કહતે હૈ કિ મૈં સ્વ નામ અપને જ્ઞાન દ્વારા. જ્ઞાનકી પર્યાય જો અવસ્થા હૈ ઉસકે દ્વારા સં-પરકા આશ્રય છોડકર સ્વકે આશ્રયમેં સ્વરૂપકા પ્રત્યક્ષ હોના ઉસકા નામ સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન ઔર આત્માનુભવ હૈ. અનંત કાલમેં કિયા નહીં. બાહરકી પ્રવૃત્તિ. શરીરકી નહીં. શરીર તો જડ હૈ. ઉસકી પ્રવૃત્તિ આત્મા કર સકતા નહીં. અંદરમેં પુણ્ય ઔર પાપ, શુભ ઔર અશુભ વિકલ્પ રાગ ઉસકી પ્રવૃત્તિ કરતા હૈ ઔર ઉસમેં મુજે ઠીક હૈ ઐસા માનકર ચૌરાસીકે અવતારમેં ભટકતા હૈ. આહાહા..! ચોર્યાસીકે અવતાર અનંત બૈર, એક એક યોનિમેં અનંત બાર જન્મા-મરા. અપના સ્વરૂપ ચિદાનંદ સ્વભાવ અખંડ આનંદકંદ પ્રભુ ઉસકા આશ્રય લેકર વેદન કિયે બિના પરકે આશ્રયસે જો પુણ્ય-પાપ ભાવ હુઆ, વહ સંસારમેં ભટકનેકા કારણ હૈ. આહાહા..!

પુગલજી! ઐસી બાત હૈ. આહાહા..!

નરસિંહ મહેતા કહતે હૈં ન? નરસિંહ મહેતા. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.' નવરંગભાઈ! નરસિંહ મહેતા ઐસા કહતે હૈં. 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિહ્ન્યો નહિ.' જબતક આત્માકા ચિહ્ન્યો નામ અનુભવ કિયા નહીં, આત્માકા પતા ન લેકર આનંદકા સ્વાદ લિયા નહીં તબ તક ચાર ગતિમેં ભટકતા હૈ. ઉસકે બિના ચાહે તો પૂજા, ભક્તિ, વ્રત, તપ, નામ સ્મરણ કરો, વહ સંસારકા રાગ હૈ. નવરંગભાઈ! આહાહા..! યે સંસારમેં વકાલત, વકીલ હૈ ન? ડોક્ટર હૈ. ડોક્ટરકા. યે વકીલ ભાઈસાહબ હૈ. ઉસકે સમયમેં તીસ સાલ પહલે કોર્ટમેં દોસૌ રૂપયે લેતે થે, ઉસ સમય. ઉસ સમયમેં દોસૌ હોં? અભી તો દોસૌકી કિંમત હો ગઈ બીસ ગુના. ધૂલ થી. વહ અજ્ઞાન ઔર મૂર્ખતાપૂર્ણ બાત થી.

ભગવાન આત્મા જ્ઞાન પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ. પ્રજ્ઞા નામ જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ. આહાહા..! ઉસકા વહ કાયમી અસલી સ્વરૂપ વહ હૈ. આહાહા..! તો કહતે હૈં કિ જિસકો આત્મજ્ઞાન હુઆ, ધર્મી હુઆ તો ધર્મી ક્યા કરતે હૈં? કોઈ ક્રિયા કરતે હૈં? પૂજા, ભક્તિ વહ ધર્મ હૈ? પૂજા-ભક્તિમેં તો શુભભાવ પુણ્ય હૈ. ઔર વહ પુણ્ય સંસારમેં ભવકા કારણ હૈ. આહાહા..! સમજમેં આયા?

**'મૈં, સ્વસંવેદન જ્ઞાન દ્વારા..'** ઓહો..! મેરી ચીજ આનંદ ઔર સચ્ચિદાનંદ સ્વરૂપ હૈ. તો મૈં મેરે જ્ઞાન દ્વારા, કૈસા જ્ઞાન? સ્વસંવેદન જ્ઞાન દ્વારા. આહા..! પુગલજી! બહુત સૂક્ષ્મ બાત, ભાઈ! આહાહા..! કભી ઉસને આત્માકી દરકાર કી હી નહીં. ઐસે હી ચૌરાસીકે અવતારમેં મનુષ્ય હોકર પશુમેં જાય, પશુ હોકર નર્કમેં જાય, નર્કસે નિકલકર પશુમેં જાય. ઢોર સમજે? પશુ. પશુમેં સે કોઈ સ્વર્ગમેં જાય. ચાર ગતિ ભટકનેકી હૈ. દુઃખી... દુઃખી... દુઃખી... સમજમેં આયા? યે શેઠિયા કહો, રાજા કહો, અબજોપતિ કહો, દેવ કહો વે સબ દુઃખી પ્રાણી હૈં બેચારે. અપને આનંદસ્વરૂપકે ભાન બિના રાગ ઔર દ્વેષકા વેદન વહ આકુલતા ઔર દુઃખકા વેદન હૈ. વહ દુઃખકા વેદન વર્તમાન દુઃખ હૈ. ઔર ચાર ગતિમેં ભટકનેકા દુઃખકા વેદન કારણ હૈ. આહાહા..! સમજમેં આયા?

ભગવાન આત્મા સત્ શાશ્વત, સત્ શાશ્વત જ્ઞાન-જાણકશક્તિ, આનંદ-સુખરૂપ શક્તિ- ગુણ-સ્વભાવ-ઐસે જ્ઞાન દ્વારા અંતરમેં મૈં મેરે સ્વસંવેદન જ્ઞાન દ્વારા અપને **'અપને આત્મ સ્વરૂપકો અપને આત્મામેં...'** મેરે સ્વરૂપકો મેરે આત્મામેં.. આહાહા..! **'અનુભવતા હૂં'** આહાહા..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, પ્રજ્ઞા-જ્ઞાન ઔર આનંદ વર્તમાન દશા રાગસે-વિકલ્પસે ભિન્ન હોકર... ઈતના તો જ્ઞાન હોના ચાહિયે કિ આત્મા ક્યા ચીજ હૈ. ઉસમેં શક્તિ-સામર્થ્ય-સ્વભાવ-ગુણ-સત્કા

સત્ત્વ સ્વભાવ ક્યા હૈ? ઔર વિભાવ ક્યા હૈ? તો કહતે હૈં કિ પહલે ઐસા ભાન હુઆ કિ મૈં તો પુણ્ય-પાપકા વિકલ્પ જો વિભાવ હૈ, વહ મૈં નહીં. કહો, પોપટભાઈ! બહુત સૂક્ષ્મ. નિકાલ દેના? સ્ત્રી, પુત્રકો રખના કહાં? વહ તો ઉસમેં હૈ, ઉસમેં હૈ. યહાં હૈ?

અપના જો જ્ઞાન ઔર આનંદ શુદ્ધ પવિત્ર સ્વભાવ વહ અપનેમેં હૈ. ઉસકો કભી ઉસને છોડા નહીં. ઔર પરમાર્થસે શુભ-અશુભ વિકલ્પ જો પુણ્ય-પાપકા હૈ, ઉસકો કભી ગ્રહા નહીં. વસ્તુ સ્વભાવ હૈ વહ રાગકો ગ્રહતા નહીં. આહાહા..! અજ્ઞાનભાવસે માનતા હૈ કિ મૈં પુણ્યવાન હૂં, મૈં દયાવાન હૂં, મૈંને પુણ્ય કિયા, મૈંને પાપ કિયા ઐસા અજ્ઞાનસે ઐસી દશામેં માનતા હૈ ઔર ચાર ગતિમેં માન્યતાકે ફલમેં ભટકતા હૈ. આહાહા..! યે સબ પૈસેવાલેકો સુખી કહતે હૈં ન?

મુમુક્ષુ :- સુખી હો તો..

ઉત્તર :- આયે. કરોડપતિ હૈ.

મુમુક્ષુ :- .. યહાં ક્યોં આવે?

ઉત્તર :- ક્યોં આવે? ઐસા કહતે હૈં. વહાં સુખ હો તો યહાં ક્યોં આયે? ધૂલમેં ભી સુખ નહીં હૈ. સુખ તો પુણ્ય-પાપકે ભાવમેં નહીં હૈ, તો પરવસ્તુમેં સુખ કહાંસે આયા? અપની ચીજ જો આનંદમય ચીજ હૈ ઉસકો છોડકર, અપના સચ્ચિદાનંદ આનંદ ઔર જ્ઞાન, અપના સ્વભાવ છોડકર ક્યા રાગમેં રહતે હૈં? વહ સ્વભાવ ક્યા પરમેં રહતા હૈ કિ પરસે સુખ મિલે? આહાહા..!

આત્મા અંદર આનંદસ્વરૂપ પરમાત્મસ્વરૂપ હી હૈ. ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ હી આત્મા હૈ. ઉસકો ધર્મી જીવ મૈં મેરા. હૈ ન? ઔર આત્મામેં. '**અપને આત્મસ્વરૂપકો અપને આત્મામેં...**' આહાહા..! મેરા શુદ્ધ આનંદ જ્ઞાન સ્વરૂપમેં, મેરે આત્મામેં, મેરે સ્વસ્વભાવમેં અનુભવતા હૂં. આહાહા..! ઉસકા નામ ધર્મ કહતે હૈં. સમજમેં આયા? વહ જન્મ-મરણ અટકનેકા પંથ હૈ. સુખ, આત્માકે અતીન્દ્રિય આનંદકી પ્રાપ્તિકા યહ ઉપાય હૈ. ઔર ઉસ આનંદકી પ્રાપ્તિ હુઈ તો ઉસકે જન્મ-મરણકા અંત આયા. સમજમેં આયા? વરના ચૌરાસી લાખમેં અવતાર કરતે-કરતે મર ગયા, અનંત અવતારમેં. આત્મા કોઈ નયા હૈ? વહ તો અનાદિકા હૈ. કહાં રહા? આનંદમેં હૈ? મોક્ષમેં ગયા? ચાર ગતિમેં ભટકા હૈ અનાદિ કાલસે. આહાહા..!

તો કહતે હૈં કિ ધર્મી, મૈં તો અપને આત્મસ્વરૂપકો અપને આત્મામેં અનુભવતા હૂં. '**મૈં ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય હૂં.**' આહાહા..! મૈં તો મેરા જ્ઞાન, નિર્વિકલ્પ જો જ્ઞાન ઉસસે મૈં ગમ્ય હૂં, ઉસસે મૈં જાનનેમેં આતા હૂં. રાગસે યા નિમિત્તસે યા શાસ્ત્રસે યા દેવ-ગુરુસે મૈં અનુભવમેં આનેવાલા નહીં હૂં. આહાહા..! ઐસી બાત. ફૂરસદ કહાં હૈ લોગોંકો ભટકને

પીછે. યહ સમજના, વિચારના, અનુભવના.

કહેત હૈં મૈં તો મેરા સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ મૈં તો (હૂં). ચૈતન્ય નામ જાગૃત સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ, પ્રજ્ઞા સ્વભાવ. ચૈતન્ય જાનના-દેખના ઐસા મેરા સ્વભાવ. વહ મૈં હૂં. **'ચૈતન્યસ્વરૂપ સ્વસંવેદનગમ્ય હૂં.'** અપની ચૈતન્યકી નિર્મલદશાસે મૈં જાનનેમેં આનેવાલા હૂં. કોઈ રાગસે-વિકલ્પસે, વ્યવહારસે, નિમિત્ત સે જાનને મેં આઉં ઐસા મૈં હૂં નહીં. ઐસા બડા કઠિન (માર્ગ હૈ), ભાઈ!

હરિજનકો બીડી મિલી હો. બીડી ચાહિયે હરિજનકો. એ.. દાદા! એક બીડી દેના. ધર્મ હોગા. બડા ધર્મ, ભાઈ! બીડી એક દો, ધર્મ હોગા. યે હરિજન હોતે હૈં ન? ઔર ઐસે દો-ચાર ઠૂંઠે મિલ જાય, નીચે પડે હોતે હૈં ન? કિસીને પીકર ફેંક દિયે હો. ઐસે દો-ચાર મિલે હો. એ..દાદા..! એક દિયાસલાઈ દો, ધર્મ હોગા. બડા ધર્મ ભાઈ! પોપટભાઈ! એક પાંચ-પચ્ચીસ રૂપયે દો હમકો. જાના હૈ બહુત દૂર. ગરીબ ઈન્સાન હૂં. તુમ્હે ધર્મ હોગા. ધૂલમેં ભી ધર્મ નહીં હૈ, સુન તો સહી. આહાહા..! કરોડો રૂપિયે કદાચિત્ પાસમેં હો તો વહ તો જડ હૈ. મેરા માનનેવાલા તો મૂઢ હૈ. ભગવાન ચૈતન્યસ્વરૂપ જડ કો મેરા માને.. સમજમેં આયા? મૂઢતા હૈ.

યહાં તો કહતે હૈં કિ મૈં રાગરૂપ ભી નહીં હૂં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ હોતે હૈં, ભગવાનકા સ્મરણ, વહ સબ રાગકા-વિકલ્પકા ઉત્થાન હૈ. રાગ મેરા સ્વરૂપ નહીં. આહાહા..! મૈં તો રાગરહિત મેરી જ્ઞાનદશા દ્વારા મેરેકો મૈં ચૈતન્યકો સ્વસંવેદનસે અનુભવતા હૂં. આહાહા..! જગતકો કઠિન લગે. ડોક્ટર-બોક્ટર કુછ પંદ્રહ દિન સેવા કરને જાયે બડેમેં... ક્યા કહતે હૈં? ઓનરરી. હેતુ તો દૂસરા હોતા હૈ. પ્રસિદ્ધિ હોનેકે બાદ અપના ચલે. પરંતુ ઓનરરી કરતા હૈ ઐસા કહકર.. ઉસમેં ધૂલમેં ભી ઓનરરી નહીં હૈ વહાં. રાગ ઔર વિકારકા ભાવ હૈ. સમજમેં આયા?

યહાં કહતે હૈં, મૈં તો પ્રભુ. પ્રભુ નામ મેરી પ્રભુતા, મેરી ઈશ્વરતા ઔર મેરા બડપ્પન આનંદ ઔર જ્ઞાનસે હૈ. રાગ ઔર પુણ્યસે મેરા બડપ્પન હૈ નહીં. આહાહા..! ઉસમેં મૈં મેરે જ્ઞાન દ્વારા. જ્ઞાન નામ યહ શાસ્ત્રકા જ્ઞાન યા બાહ્ય વકાલત યા ડોક્ટરકા જ્ઞાન વહ જ્ઞાન નહીં, વહ તો અજ્ઞાન હૈ. આહાહા..! અંતર જ્ઞાનસ્વરૂપ જો પ્રભુ આત્મા, ઉસમેંસે જ્ઞાનકી દશા નિર્મલ હોકર અપને સ્વરૂપકા વેદન કરે વહ મૈં હૂં. ધર્મી ઐસે અસ્તિત્વકો અપના માનતે હૈં. આહાહા..! ઐસા ધર્મ કૈસા?

**'ઉસમેં સ્ત્રી-પુરુષાદિ લિંગકા...'** યે સ્ત્રીકા શરીર ઔર પુરુષકા શરીર, વહ મેરેમેં હૈ હી નહીં. વહ તો જડમેં હૈ-મિટ્ટીમેં. લિંગ હૈ વહ તો જડકા મિટ્ટીકા-ધૂલકા હૈ. સ્ત્રીકા શરીર,

પુરુષકા શરીર, પાવૈયા-હીજડેકા શરીર વહ તો મિટ્ટી જડ હૈ. તો ધર્મી કહતે હૈં કિ મેરેમેં સ્ત્રીકા શરીરાદિ હૈ નહીં. વહ તો નહીં હૈ, લેકિન સ્ત્રી, પુરુષ, નપુંસકકી વાસના વેદકી ઉઠતી હૈ વહ મેરી ચીજમેં નહીં હૈ. મેરે સ્વરૂપમેં તો જ્ઞાન ઔર આનંદ પડા હૈ. આહાહા..! સમજમેં આયા?

**'સ્ત્રી-પુરુષાદિ લિંગકા તથા એક, દો આદિ સંખ્યા...'** એક, દો, તીન, ચાર, પાંચ ઐસા નહીં કરતે? વહ તો વિકલ્પ ઉઠતે હૈં. એક, દો, તીન, ચાર, પાંચ. ઐસા કહતે હૈં ન? એક, દો, તીન. વહ એક, દો, તીન તો વિકલ્પ હૈ. સંખ્યા ભાષા બોલતે હૈં વહ તો જડ હૈ. અંદર જો એક, દો, તીન (સંખ્યા ઐસા જો) વૃત્તિકા ઉત્થાન હોતા હૈ વૃત્તિકા, વહ તો રાગ હૈ. અંતર્જલ્પ હૈ. વાણીમેં બહિર્જલ્પ હૈ. એક, દો, તીન ઐસા વિકલ્પ ઉઠે વહ અંતર્જલ્પ હૈ. વહ આત્મા નહીં. આહાહા..! સમજમેં આયા? આત્મામેં હો તો આત્માસે જુદા ન હો.ઔર જુદા હો જાય વહ આત્માકી ચીજ નહીં. રાગ ઔર વિકલ્પ ઔર શરીર વહ જુદા હો જાતે હૈં, જુદા હો જાતા હૈ વહ આત્માકી ચીજ નહીં. આહાહા..! યે **'લિંગ ઔર સંખ્યાકે વિકલ્પોંકા અભાવ હૈ.'** મેરી ચીજમેં તો એક મૈં હૂં. એક સ્વરૂપી હૂં. ગુણ-ગુણીસે દો સ્વરૂપ હૂં ઐસા જો અંતર્જલ્પ નામ વિકલ્પ નામ રાગકા અંશ વેદનમેં (આતા હૈ), વહ મૈં નહીં. આહાહા..! સમજમેં આયા?

**'અંતરાત્મા વિચારતા હૈ કિ...'** અંતરાત્મા વિચારતા હૈ. ઉસકા અર્થ. અંતરાત્મા- જો આત્મા જ્ઞાન ઔર આનંદસ્વરૂપ હૈ, ઉસકા બોધ હુઆ અંતરમેં ઉસકો અંતરાત્મા કહતે હૈં. ઔર જો રાગ, પુણ્ય, પાપ ઔર ફલ જો સંયોગી ચીજ (પ્રાપ્ત હૈ), વહ મેરી હૈ ઐસા માનતા હૈ. વહ અંદરમેં હૈ નહીં ઔર મેરા માનતા હૈ તો વહ બહિરાત્મા હૈ. બહિરાત્મા મૂઢ હૈ. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા. ઐસી આત્માકી તીન દશા (હૈ). રાગકા વિકલ્પ, શરીરાદિ મૈં હૂં. જો વિકલ્પ રાગ હૈ, વહ સ્વરૂપમેં નહીં હૈ. સ્વરૂપમેં હો તો જુદા નહીં હો. રાગકા વિકલ્પ દયા, દાન, પુણ્ય, શુભભાવ વહ મેરા હૈ. ઉસમેં તો હૈ નહીં. ઉસમેં તો જ્ઞાન ઔર આનંદ હૈ. તો જિસમેં જો સ્વભાવ હૈ ઐસા તો માના નહીં. જો ભાવ નહીં હૈ ઉસકો અપના માના વહ બહિરાત્મા હૈ, વહ મૂર્ખ આત્મા હૈ. આત્મા મૂર્ખ હોતા હૈ?

મુમુક્ષુ :- પઢા-લિખા ન હો વહ મૂર્ખ કહલાયે. યે પઢા-લિખા હો.. ફિર ભી?

ઉત્તર :- પઢા-લિખા હો, વકાલત પઢા હો.. ન પઢા હો વહ મૂર્ખ કહલાતા હૈ. યહાં તો યહ બડા મૂર્ખ કહલાતા હૈ. સમજમેં આયા?

જો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ ઔર કામ, ક્રોધ ઐસી જો વૃત્તિયાં ઉઠતી હૈં વહ સ્વરૂપમેં નહીં. નયી ઉત્પન્ન કરતે હૈં. ઔર ઉત્પન્ન કરતે હૈં તો વહ મેરી હૈ ઐસા માનનેવાલા,

ઉસમેં નહીં હૈ ઉસકો (મેરા હૈ ઐસા) માનનેવાલા બહિરાત્મા હૈ. આહાહા..! ક્યા કરના ફિર? હમં ધંધા કરના, કમાના, સ્ત્રી-પુત્રકો (ખુશ રખના)....

મુમુક્ષુ :- હમેં ખડા કહાં રહના વહ તો બતાઓ?

ઉત્તર :- વહી બાત તો ચલતી હૈ. જહાં તેરા સ્વભાવ વહાં તુજે ખડા રહના હૈ. આહાહા..! યુવાન લોગ કમાયે યા યે કરે? કમાના મતલબ ક્યા? પૈસા આતા હૈ વહ પુરુષાર્થ કરતા હૈ ઈસલિયે આતા હૈ? પુરુષાર્થ તો રાગકા હૈ.

મુમુક્ષુ :- ઉસકા ઉપાય?

ઉત્તર :- પૈસા પૂર્વ પુણ્યકે નિમિત્તસે પૈસા આતા હૈ. ઉસકે બુદ્ધિબલસે, રાગકે બલસે પૈસે આતા હૈ? બહુત પૈસાવાલા હોતા હૈ વહ બુદ્ધિકા બારદાન હોતા હૈ. બારદાન સમજે? ખોખા. ખાલી ખોખા બુદ્ધિકા હો. અબજોપતિ. ઔર બુદ્ધિકા ખાં હો, મહિને દો હજાર પૈદા કરનેમેં પસીના છૂટ જાતા હો. વહ તો પુણ્ય-પાપકી .. હૈ. પૂર્વ કા પુણ્ય-પાપ હૈ ઉસસે સંયોગ હોતા હૈ. આત્મા વર્તમાન પુરુષાર્થ કરે કિ મૈં કમાઉં, ઈસલિયે પૈસે આતા હૈ (ઐસા હૈ નહીં). નવરંગભાઈ! ક્યા હોગા? અબ તો લડકેકો સોંપા હૈ ન? કહો, સમજમેં આયા? આહાહા..!

ભગવાન! એક રજકણ ભી લાના ઔર છોડના વહ આત્માકે અધિકારકી બાત હૈ નહીં. વહ તો જડ હૈ, મિટ્ટી હૈ. પૈસા વહ મિટ્ટી હૈ, ધૂલ હૈ, વહ અજીવતત્ત્વ હૈ, અજીવસ્વરૂપ હૈ. અજીવ સ્વરૂપ જીવ સ્વરૂપમેં કૈસે આયા? ઔર જીવસ્વરૂપને અજીવતત્ત્વકો કૈસે પ્રાપ્ત કિયા? આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ તો અનેકાંત હૈ.

ઉત્તર :- ક્યા અનેકાંત હૈ?

મુમુક્ષુ :- સૂક્ષ્મ .. ઔર સ્થૂલકો પકડના.

ઉત્તર :- એક જન કહતા થા. બહુત સાલ પહલેકી બાત હૈ. સુમનભાઈ થે ન? સુમનભાઈ નહીં? વહાં હૈ ન મુંબઈમેં? એસોમેં. અબ તો સરકારને લે લિયા. આઠ હજારકી એક મહિનેકી તનખાહ હૈ. ઉસકા બેટા મુંબઈમેં હૈ. તો પહલે યહાં મિત્ર થે. વહ ઔર ભાઈ કૌન? જજ. અહમદાબાદમેં જજ હૈ ન કનુભાઈ? કનુભાઈ જજ હૈ યહાંકે. હમ યહાં પહલે મકાનમેં રહતે થે ન? હીરાભાઈકે મકાનમેં. વહ ઉસકા મકાન હૈ. કનુભાઈ જજ હૈ અહમદાબાદમેં. વહ સબ યુવાન લોગોંકી ટોલી હોતી હૈ, દોસ્તોંકી. બહુત સાલ હુએ.

મુમુક્ષુ :- એક મંડલ કિયા થા.

ઉત્તર :- મંડલ કિયા થા. બહુત સાલ હો ગયે, હાં! ૨૫ વર્ષ, ૩૦ વર્ષ. ફિર વહ

મંડલ એક બાર વહાં ગયા થા. યહાં સુનતે થે. પાલીતાણા. રામવિજય વહાં થે. રામવિજયકે ગુરુ વહાં થે. ઉન્હોંને યહાંકા સુના હો ન? વહાં પૂછા કિ, મહારાજ! આત્મા પરકા કર સકે? (તો ઉસને કહા), શરીરકા કર સકે (સ્થૂલકા) કામ કર સકે. સૂક્ષ્મ પરમાણુકા કામ કર સકે નહીં. સૂક્ષ્મ પરમાણુકા કર સકે નહીં. સ્થૂલકા કર સકે. યે જૈનકે આચાર્ય! સૂક્ષ્મ હૈ પરમાણુ સૂક્ષ્મ, જો ઇન્દ્રિયગ્રાહ્ય નહીં હૈ, ઉસકા ન કર સકે. પરંતુ સ્થૂલ હૈ ઉસકા તો કર સકતા હૈ. ઐસા હોતા હૈ, કરતા હૈ કિ નહીં? ધૂલમેં ભી નહીં (કર સકતા). સુન તો સહી. ઐસા હોતા હૈ વહ તો પરમાણુ રજકણ નિત્ય રહકર ઉસકી અવસ્થા રૂપાંતર હોતી હૈ, વહ વિશેષપને પર્યાય (હોતી હૈ). સામાન્ય જો પરમાણુ હૈ ઉસકી અવસ્થા હૈ. આત્મા કર સકે નહીં. ... સમજમેં આયા? જડકી અવસ્થા જડસે હોતી હૈ. ચાહે તો સ્થૂલ હો યા સૂક્ષ્મ હો. જો ભગવાન આત્માસે ભિન્ન તત્ત્વ હૈ, ભિન્ન તત્ત્વકા ભિન્ન કૈસે કરે? સમજમેં આયા? ઉસને કહા, સૂક્ષ્મકા ન કર સકે. સ્થૂલકા કર સકે. રામવિજય હૈ, શ્વેતાંબર. ઐસા હૈ જગતકા ઊલટા. નામ ધરાવે આચાર્ય સાધુ. અભી તો શ્રદ્ધાકા ઠિકાના નહીં. ઇસકા કર સકે.

ઉસને ભી ઐસા કહા થા ન? ભાઈ થા ન? ચીમનલાલ ચકુ. ચીમન ચકુ હૈ ન? વકીલ વહાં મુંબઈમેં. ચીમનલાલ સોલિસીટર. માલૂમ હૈ ન. યહાં એક મહિના રહે થે. (સંવત) ૧૯૯૭કા વર્ષ થા. યહ મંદિર હુઆ ન? તબ એક મહિના રહે થે. એક બાર ઐસી બાત નિકલી તો ઉસને ઐસા કહા કિ જડકા કુછ કર સકતા નહીં. લો, યહ કિયા. ક્યોં ન કર સકે? ભગવાન! ઉસમેં ભૂલ ગયા તૂ. ઉસ વક્ત તો મૈંને દૃષ્ટાંત દિયા થા.

એક કરોડપતિ આદમી થા. કરોડપતિ ગૃહસ્થ. ઉસકો લડકા હુઆ ૬૦ સાલકી ઉમ્રમેં. બેટા હુઆ તો.. રાજાકા ક્યા કહતે હૈં? અચ્છે-અચ્છે લોગ આતે હૈં ન. આપકે યહાં બેટા હુઆ તો બહુત અચ્છા હુઆ. રાજા આયા. ઓહોહો..! બહુત અચ્છા! ૬૦ સાલકી ઉમ્રમેં આપ પૈસેવાલે કરોડપતિ. લેકિન દેખનેસે રાજાકો ઐસા હુઆ.. ઔર સુબહ જલ્દી આયા. ચાર દિન ... ઓહો..! લડકા બહુત કોમલ હૈ. સેઠ! મેરી ઇચ્છા અભી ઐસી હુઈ હૈ કિ ઉસકે ટૂકડે કર કે ઘીમેં તલકર ખાનેકા ભાવ હુઆ હૈ. રાજા કહતા હૈ. સેઠ થા નાસ્તિક. પરલોકકો માનતા નહીં થા. અરે..! રાજા યે ક્યા? ક્યોં? ક્યા હુઆ? પાપ હૈ. પાપ કરે તો દુઃખ હોતા હૈ. રાજા કહતા હૈ. હમ તો ખાતે હૈં તો ક્ષુધા મિટ જાતી હૈ. કહાંસે પાપ આયા તુમ્હારા? .. કરકે ખાયેંગે તો ક્ષુધા મિટ જાયેગી. દુઃખ મિટ જાયેગા. ઔર તુમ કહતે હો કી પાપ હૈ. પાપસે દુઃખ મિટે? વહ કહે નહીં.. નહીં.. નહીં.. ઐસા નહીં. કુછ દૂસરા લો. ક્ષુધા મિટતી હૈ ઉસમેં કોઈ ચીજ દૂસરી હૈ. ક્ષુધા મિટતી હૈ તો પૂર્વ પુણ્યકા ઉદય હૈ તો ઉસકે કારણસે ક્ષુધા મિટતી હૈ. વર્તમાનમેં જો પાપકા પરિણામ કિયા ઉસકા ફલ તો

તુજે ભવિષ્યમેં ભોગના પડેગા. અભી ભી દુઃખ હૈ ઔર ભવિષ્યમેં ભી દુઃખ હૈ. ઐસા ... નહીં કરકે વર્તમાન પાપ કિયા, મેરી ક્ષુધા મિટ ગઈ માંસ ખાનેસે, ઐસા હોતા નહીં. ન્યાયકો તુમ સમજતે નહીં. સમજમેં આયા?

ક્ષુધા મિટી વહ તો પૂર્વ શાતાકા ઉદય હૈ તો માંસ ખાનેસે હજમ હો જાતા હૈ. ઔર શાતા ઉદય ન હો તો મોસંબી પાની ડાલે તો નિકલ જાતે હૈં. અપને યે રાજપાલજીકો હુઆ થા ન. રાજપાલજી થા. મોસંબી યહાં ડાલી. મરનેકી તૈયારી થી. યહાં નિકલ ગયી. મોસંબી નિકલ ગઈ. સડેડાટ. ભગવાન! વહ મોસંબી પાનીકા રજકણ આના ઔર ઉસમેં હજમ હોના ઉસમેં તો .. વેદના શાતા હો તો નિમિત્ત પડે-પચતા હૈ. સમજમેં આયા? ઔર હજમ ન હો તો પૂર્વકા અશાતાકા ઉદય હો તો પાની ભી હજમ ન હો. ડોક્ટરકો યે સબ હોતા હૈ ન. પાની ન હજમ હો, પાની. આહાહા..! ઔર માંસ હજમ હો જાયે. ભાઈ! માંસ હજમ હોતા હૈ, ઉસમેં શાતા, પૂર્વ શાતાકા ઉદય હૈ તો હજમ હોતા હૈ. વર્તમાનમેં જો પાપકા ભાવ હુઆ ઉસસે ક્ષુધા મિટ ગઈ ઐસા હૈ નહીં. લેકિન ઐસા ... ..? હમને ખાયા તો મિટ ગયા. ખાયા તો મિટ ગયા. મૂઢ હૈ. સમજમેં આયા?

ઐસે, હાથસે કિયા, ક્યા કિયા થા માલૂમ હૈ ઉસમેં? આત્મામેં ક્યા હોતા હૈ? જડમેં ક્યા હોતા હૈ? વહ તેરા આત્માકો માલૂમ હૈ અંદર? આત્મા તો જ્ઞાનસ્વરૂપ હૈ. કરે તો ઈચ્છા કરે. પરંતુ ઈચ્છા તો અપને અસ્તિત્વમેં રહી. ઔર શરીરકે અસ્તિત્વમેં તો ઐસા હુઆ. જડકે અસ્તિત્વમેં ઈચ્છાકા પ્રવેશ તો હુઆ નહીં. ઈચ્છા .. શરીર હુઆ હૈ. લોજિકસે બાત હૈ. પંડિતજી! આહાહા..!

ભાઈ! ઐસા હૈ નહીં. તુજે માલૂમ નહીં. આહાહા..! સમજમેં આયા? કસાઈખાના નહીં કરતે? અમેરિકામેં નહીં હૈ એક? ડેઢ માઈલમેં કારખાના હૈ. ડેઢ માઈલ. ચાંદીકી કુર્સી પર બૈઠે. તો ક્યા વહ પાપ કરતા હૈ ઉસકા ફલ હૈ યે? ભાઈ! તુજે માલૂમ નહીં. પૂર્વકા કોઈ ઐસા શાતા પુણ્ય બંધા હો. ઉસ સમય ઉસકે ફલમેં તેરે પાસ પૈસે આતે હૈં. વર્તમાનમેં જો માંસાદિ કતલખાના કરતા હૈં, ઐસા ભાવ, ઐસે સંયોગમેં રખેગા તો તૂ ચિલ્લાને લગેગા. હાય.. હાય..! નરક ગતિ હૈ તેરી. સમજમેં આયા?

એક મનુષ્યકો મારે ઔર કોર્ટમેં ગવાહ મિલે. કોર્ટમેં ગવાહ ન મિલ ઔર બચ જાય વકીલકે દ્વારા, વહ દૂસરી બાત હૈ. લેકિન પડે તો ઉસકો એક બાર ફાંસી દે. તો એક આદમીકો મારકર ફાંસી હૈ. ઔર ઉસને કબૂલ કિયા મૈંને હજાર લોગોંકો મારે હૈં. પૂરે ગાંવકો જલા દિયા. ... તો ઉસકો રાજા ક્યા કરે? હજાર બાર ફાંસી દે? એકકો મારનેકા ફલ ફાંસી ઔર હજાર લોગોંકો મારે તો ભી ફાંસી? કુદરતમેં ઐસા નિયમ હૈ? ભગવાન! તુજે માલૂમ નહીં

હૈ. .. ૨૫ આદમી યા હજાર લોગોંકો મારા ઐસા ભાવ, જિતના તુને પરકો પ્રતિકૂલતા દી હૈ ઐસા ભાવ (હૈ, તો), ઐસી જહાં પ્રતિકૂલતા હૈ વહાં વહ જન્મેગા. વહ નરક સ્થાન હૈ. લોજિકસે ન્યાય સમજમેં આયા? તૂને જિતની પ્રતિકૂલતા દી, ઉતની પ્રતિકૂલતા જિસ સ્થાનમેં હૈ વહાં જન્મ લેગા. વર્તમાનમેં ભલે ચાંદી ઔર સોનેકી કુર્સી પર બૈઠે. વહ મર જાયગા વહાં. કુદરતમેં કુછ ફેરફાર હોતા નહીં. આહાહા..! સમજમેં આયા?

યહાં કહતે હૈં.. આહાહા..! મેરેમેં તો શરીરાદિ કુછ હૈ નહીં. આહાહા..! '**જીવમેં સ્ત્રી-પુરુષાદિકા વ્યવહાર, કેવલ શરીરકે કારણ હૈ.**' યે શરીર સ્ત્રીકા, યે શરીર પુરુષકા, વહ તો જડકી બાત હૈ. વહ તો જડકા કથન હૈ. વહ કોઈ આત્માકી ચીજ હૈ? આહાહા..! ઉસકા અસ્તિત્વ જડકા અસ્તિત્વ-સત્તા-જડમેં હૈ. આત્માકા અસ્તિત્વ આત્મામેં હૈ. આત્માકે અસ્તિત્વમેં જડકા અસ્તિત્વ હૈ નહીં ઔર જડકે અસ્તિત્વમેં આત્માકા અસ્તિત્વ નહીં હૈ. સ્પષ્ટ બાત હૈ. સમજમેં આયા? મ્યાન ઔર તલવાર ભિન્ન હૈં. મ્યાન ઔર તલવાર ભિન્ન હૈં. યહ (શરીર) મ્યાન હૈ. આત્મા તલવાર હૈ. દોનોં ભિન્ન ચીજ હૈં. તો આત્માકા શરીર હૈ (ઔર આત્મા) સ્ત્રી-પુરુષ હૈ, ઐસા હૈ નહીં. આહાહા..!

'**બહુવચનકા વ્યવહાર ભી...**' '**એક, દો ઔર બહુવચનકા વ્યવહાર ભી શરીરાશ્રિત હૈ.**' લિંગકા (વ્યવહાર) ભી શરીરાશ્રિત હૈ. એક, દો, તીન, ચાર ઐસી ભાષા બોલના ઔર વિકલ્પ ઉઠાના વહ ભી શરીરાશ્રિત પર આશ્રિત હૈ. '**જબકિ શરીર મેરા રૂપ હી નહીં હૈ ઔર મેરા શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ હૈ,...**' પરમાત્મા અપના ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પવિત્ર ઐસા મૈં હૂં. ઐસા નિર્વિકલ્પ હૂં. વિકલ્પ-રાગકા ભેદ ભી મેરેમેં નહીં. મૈં તો અભેદ અખંડાનંદ પ્રભુ... આહાહા..! પૂર્ણ આનંદ ઔર પૂર્ણ જ્ઞાન વસ્તુ (હૂં). વસ્તુમેં અપૂર્ણતા કહાં? વસ્તુમેં વિપરીતતા કહાં? વસ્તુ જો આત્મા ભગવાન હૈ, વહ પરિપૂર્ણ જ્ઞાન, આનંદસે ભરા હૈ. કૈસે બૈઠે? કુછ માલૂમ નહીં. સમજમેં આયા?

'**શરીર મેરા રૂપ હી નહીં હૈ ઔર મેરા શુદ્ધસ્વરૂપ નિર્વિકલ્પ હૈ,...**' તો મેરેમેં લિંગભેદ (અર્થાત્) સ્ત્રી-પુરુષ-નપુંસક ઐસે ભેદ મેરેમેં હૈ નહીં. એક, દો, તીન ઐસા વિચાર વિકલ્પ ભી મેરેમેં નહીં. ઘટ સકતા નહીં. '**યહ સ્ત્રીત્વાદિ ધર્મ તો કર્મોપાદિત દેહકા સ્વરૂપ હૈ,...**' જડકા સ્વરૂપ હૈ. '**મેરા સ્વરૂપ નહીં. મેરા ચૈતન્યસ્વરૂપ તો ઈન સબસે પર (ભિન્ન) હૈ.**' સબસે પર હૈ.

'**વિશેષ :-**' સાધારણ યહ તો ગુજરાતી ભાષામેં કિયા હૈ. '**આત્મા, શુદ્ધ આનંદસ્વભાવી હૈ,...**' વસ્તુ હૈ વહ દુઃખરૂપ હોતી નહીં. દુઃખ તો વિકૃત હૈ. રાગ-દ્વેષ, પુણ્ય-પાપકા વિકલ્પ જો હૈ, વહ દુઃખરૂપ હૈ. વસ્તુ દુઃખરૂપ હો સકે નહીં. વસ્તુ હૈ વહ તો આનંદ ઔર સુખરૂપ

હી હૈ. લેકિન પરકો મેરા માના હૈ, ઈસલિયે દુઃખરૂપ દશા-વિકૃત અવસ્થા ઉત્પન્ન હોતી હૈ. વહ અવસ્થા મેરેમેં નહીં હૈ. મૈં તો શુદ્ધ આનંદસ્વભાવી હૂં. આહાહા..! મૈં જો આત્મા હૂં, 'મૈં' ઐસી જો વિકલ્પકી આવાજ આતી હૈ, ઉસકે પીછે મૈં વસ્તુ (હૂં). આહાહા..! વહ તો શુદ્ધ આનંદસ્વભાવી હૈ. સમજમેં આયા? અતીન્દ્રિય આનંદસ્વભાવી વસ્તુ હૈ.

**'એક હૈ-ઐસા રાગમિશ્રિત વિચાર ભી સ્વભાવમેં નહીં હૈ. નથી. ગુણ-ગુણીકે રૂપસે દો હૈ...'** વહ ભી મૈં નહીં. મૈં તો એક હૂં. આહાહા..! આનંદ ઔર જ્ઞાનગુણ ઔર મૈં ઉસકા ધરનેવાલા ગુણી, ઐસા ભેદ મેરેમેં નહીં હૈ. સમજમેં આયા? ઐસા ભેદ સ્વરૂપમેં નહીં હૈ. આહાહા..! વિકલ્પ નહીં, શરીર નહીં, વાણી નહીં, લિંગ નહીં. ઈસલિયે કહતે હૈં કિ **'રાગમિશ્રિત વિચાર ભી સ્વભાવમેં નહીં હૈ. ગુણ-ગુણીકે રૂપસે દો હૈ...'** ગુણ જ્ઞાન, દર્શન ઔર વસ્તુ ગુણી જ્ઞાનદર્શનવાન. જેસે શક્કર, મીઠાપન ઔર શ્વેતતા ગુણ. ઔર ઉસ ગુણવાલા શક્કર ગુણી. ઐસા ભેદ મેરેમેં નહીં. મૈં જ્ઞાન, દર્શન ઔર જ્ઞાન, દર્શનકા ધરનેવાલા મૈં, ઐસા ભેદ નહીં. મૈં તો જ્ઞાનદર્શન સ્વરૂપ હી હૂં. આહાહા..! બહુત કઠિન, ભાઈ! સમજમેં આયા? દો હૈ.

**'જ્ઞાન-દર્શનકે ઉપયોગસે દો હૈ-ઐસા ભેદ સ્વરૂપમેં નહીં હૈ.'** આહાહા..! એકરૂપ ચૈતન્ય હૈ. વીતરાગ સ્વરૂપસે બિરાજમાન શુદ્ધ નિર્વિકલ્પ અભેદ ચીજ આત્મા, ઉસમેં વહ ચીજ હૈ નહીં. આત્માકા શુદ્ધ સ્વરૂપ અભેદ (હૈ). અનંત જ્ઞાન, દર્શન આદિ શક્તિ-ગુણ, મૈં તો ગુણકો ધરનેવાલા આત્મા, આત્મા આધાર ઔર જ્ઞાન-દર્શન આધેય ઐસા ભેદ ભી નહીં હૈ. આહાહા..! સમજમેં આયા કિ નહીં? ભાષા તો સાદી હૈ. ભાવ ભલે સૂક્ષ્મ હો. ભાષા ઐસી કોઈ કઠિન સંસ્કૃત, વ્યાકરણ ઐસા કુછ નહીં હૈ. યહાં તો સાદી ભાષા હૈ. આહાહા..!

ક્યા કહતે હૈં? ફિરસે. મૈં જો આત્મા હૂં, વહ શરીરસે તો ભિન્ન, વાણીસે ભિન્ન, લિંગસે ભિન્ન, વિકલ્પ વાણી એક, દો, તીન બોલના ઉસસે ભિન્ન. પરંતુ મુજમેં રાગમિશ્રિત વિચાર હોતા હૈ ઉસસે ભી મૈં ભિન્ન હૂં. વહ મેરેમેં નહીં હૈ. ઔર મૈં ગુણી ઔર ગુણ ઐસા દો ભેદ ભી ઉસમેં નહીં. શક્કર, મીઠાપન ઔર શ્વેતતાસે ભરા હુઆ પદાર્થ હૈ. શક્કર આધાર, મીઠાપન ઔર શ્વેતતા આધેય, ઐસા ભેદ હૈ નહીં. આહાહા..!

માર્ગ બાપૂ! યહ હૈ. ઉસકે સુખકા પંથ બહુત કઠિન હૈ. યે તો દુઃખકા પંથ લેકર પડે હૈં. યે વ્રત, તપ, ભક્તિ, પૂજા વહ સબ દુઃખકા પંથ હૈ. શુભરાગ હૈ ન. આતા હૈ. જબતક વીતરાગ ન હો, તબતક જ્ઞાનીકો ભી ઐસા ભાવ આતા હૈ. પર હૈ તો દુઃખરૂપ. આહાહા..! બડા કઠિન માર્ગ, પ્રભુ! તેરી ચીજ કોઈ અલૌકિક હૈ.

કહતે હૈં કિ યહ ભેદ મેરેમેં નહીં. મૈં તો શુદ્ધ અભેદ આત્મા હૂં. શુદ્ધ ચૈતન્યઘન મેરા અસ્તિત્વ (હૈ), મેરે અસ્તિત્વમેં ભેદ નહીં. અભેદ ચિદાનંદ સ્વરૂપ હૂં. આહાહા..! '**ગુણ-ગુણીકે ભેદરહિત હૈ. ઉસમેં લિંગભેદ, વચનભેદ, વિકલ્પભેદાદિ કુછ ભી નહીં હૈ.**'

'**યહાં આચાર્યકા લક્ષ્ય, અભેદ-અખંડ આત્માકે સ્વરૂપ પર હૈ;...**' મુનિ કહતે હૈં ન? મૈં ઐસા હૂં. ભગવાન અભેદ હૈ. એક આત્મા, હાં! સબ આત્મા મિલકર નહીં. એક આત્મા અભેદ હૈ. રાગ નહીં હૈ સ્વરૂપમેં, શરીર-વાણી-મન નહીં, રાગમિશ્રિત વિચાર નહીં પરંતુ ગુણ-ગુણીકા ભેદ સ્વરૂપમેં નહીં હૈ. .. વિકલ્પસે ઉઠાતા હૈ, તો ઐસા અભેદ મૈં અખંડ આત્માકે સ્વરૂપમેં ધર્મીકી દૃષ્ટિ હૈ. આચાર્ય અપના કહતે હૈં ન? મૈં ઐસા હૂં. સમજમેં આયા? કહતે હૈં, ઉસ સમય તો વિકલ્પ હૈ, વૃત્તિ હૈ. બોલતે હૈં તબ તો વિકલ્પ હૈ. પરંતુ મૈં વહ નહીં હૂં. આહાહા..! મૈં તો અખંડ અભેદ ચિદાનંદ સ્વરૂપ, સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન ઔર આનંદ, આનંદ ઔર જ્ઞાનવાલા ઐસા ભી નહીં. મૈં આત્મા જ્ઞાન ઔર આનંદવાલા. વહ ભેદ હો ગયા. મૈં તો જ્ઞાન ઔર આનંદસ્વરૂપ હી હૂં. આહાહા..! બડી કઠિન બાત, ભાઈ! બાલકકો ભી સમજમેં આયે ઐસી બાત હૈ, હાં! બાલક તો શરીર હૈ. આત્મા કહાં બાલક હૈ? ક્યોં? આહાહા..!

બહુત રુચિવાલા લડકા હૈ. કલકત્તામેં ભાષણ દિયા. પૂરે મંડલકો ઇકટ્ઠા કરકે. પૂરા મંડલ. ભાઈ! તુમ પઢો. વ્યાખ્યાન દિયા. ઉસકે દાદા હૈ. હુંડી કા ધંધા હૈ કલકત્તાસે. બહુત લાખ રૂપયે. .. નિકલા. લડકા કહતા હૈ કી મુજે શાદી નહીં કરની હૈ. મૈં ધંધા નહીં કરુંગા. .. બ્યાજકા ધંધા હૈ ઉસકે પિતાજીકા. પૈસે .. હૈ. આહાહા..! ઇતના તો વૈરાગ્ય હૈ તો દાદા આદિ સબકો અનુમોદન દેના પડેગા. ઉસસે પૂછના નહીં કિ તૂ ક્યા ધંધા કરેગા? કહાં ગયા? તેરા ભાઈ હૈ ન અશ્વિન? આજ સાથમેં આયા થા. મોટરમેં આયા થા. ફિર કહા થા. મૈં ભાઈકો સાથ દૂંગા. ભાઈ નિવૃત્તિ લે. છોટા ભાઈ. યે સત્રહ સાલકા, વહ પંદ્રહ સાલકા. તીન ભાઈ હૈં. ઉસકે દાદા યહાં આતે હૈ. સોસોયટીમેં દો બ્લોક હૈ. યહાં રહતે હૈં. ઉસકો મૈંને આજ કહા, હાં! ઉસકો કહા, અનુમોદન દેના. આજ સાથમેં આયા થા ન? મોટરમેં. .. મોટર. આહાહા..! નિવૃત્તિ લેની. તુમ્હે ભી નિવૃત્તિ લેની પડેગી. ઐસા નહીં હૈ કિ યે ધંધા ન કરે તો બોજા હુઆ. બોજા નહીં. પુણ્ય અનુસાર મિલેગા. ધંધા ન કરે તો ક્યા હુઆ? ઉસકી નિવૃત્તિ લેતે હૈ વહ તો. ... સમજમેં આયા? ના કહતા હૈ. શાદી નહીં, શાદી નહીં કરની. ઐસા વૈરાગ્ય હૈ. ૧૭ વર્ષકા હુઆ. ૧૭ સાલ, હાં! ઉસકો તો કન્યા બહુત લાખોપતિ ભી દે. ગૃહસ્થ હૈ. ... બાપૂ! ઇતના વૈરાગ્યમેં અપના કરના. ઇસ મનુષ્યદેહ મેં નહીં કરેગા તો કબ કરેગા? બાપૂ! આહાહા..! આંખ બંધ હોગી તો કહાં ચલા જાયેગા.

કહા અવતાર (હોગા)? મિથ્યાશ્રદ્ધા, વિપરીત માન્યતામેં રહનેવાલા, બવંડરમેં તિનકા ઉડતા હૈ વહ કહાં જાકર ગિરેગા? ઐસે જિસકો તત્ત્વદષ્ટિકા ભાન નહીં હૈ, વિપરીત માન્યતામેં પડા હૈ વહ બવંડરકી તરહ. વંટોળિયા સમજો છો? બબુલા. .. ઉડતા હૈ. તિનકા ઉડકર કહાં જાકર ગિરેગા? આહાહા..! ઐસે જિસકો આત્મા ક્યા ચીજ હૈ (ઐસી) આત્માકી સત્તા દષ્ટિમેં આયી નહીં. 'યહ મૈં હૂં' ઐસા આયા નહીં, 'યહ રાગાદિ મૈં હૂં' ઐસા આયા, તો રાગમેં ભટકેગા ચાર ગતિમેં. આહાહા..! સમજમેં આયા? આહાહા..! ઐસી બાત હૈ, ભગવાન! **'ઉસમેં લિંગભેદ, વચનભેદ, વિકલ્પભેદાદિ કુછ ભી નહીં હૈ.'**

**'યહાં આચાર્યકા લક્ષ્ય, અભેદ-અખંડ આત્માકે સ્વરૂપ પર હૈ; ઈસલિયે ઉન્હોંને કહા હૈ કિ વાસ્તવમેં આત્માકો સ્ત્રી, પુરુષ, નપુંસકાદિ અવસ્થાએં નહીં હૈં;...'** વહ દશા નહીં હૈ. **'ગુણોંકે ભેદરૂપ ઔર કારકોંકે ભેદરૂપ કલ્પના નહીં હૈ.'** યે જ્યાદા ડાલા. અર્થાત્ ક્યા કહતે હૈં? ઉસમેં આયા ન? ભાઈ! આત્મા ઔર આત્મા દ્વારા. શબ્દ આયા હૈ ન પાઠમેં. પાઠમેં આયા થા ન? **'येनात्मनाऽहमात्मनैवात्मनात्मनि।'** તીન બોલ આયે ન? ઈસલિયે કહતે હૈં કિ આત્મા.. મૂલ પાઠમેં આયા હૈ. સંસ્કૃત હૈ ન?

**येनात्मनाऽहमात्मनैवात्मनात्मनि।**
**सोऽहं न तन्न सा नासौ नैका न द्वौ न वा बहुः।।२३।।**

યહ તો મંત્ર હૈં, ભૈયા! કહતે હૈં કિ મૈં આત્મા, આત્માસે, આત્મા દ્વારા, આત્મામેં, આત્માકે આધારસે, આત્માકે અપાદાનસે ઔર કામ કરકે મૈં રખતા હૂં. ઐસા કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—ઐસે છઃ બોલકા ભેદ મેરેમેં નહીં હૈ. આતા હૈ ન? પાઠમેં હૈ. આયા હૈ વહાં. ૭૩ ગાથા હૈ ન? સમયસાર, ૭૩ ગાથા.

આત્મા જ્ઞાનકી પર્યાયકા કર્તા, વહ પર્યાય ઉસકા કાર્ય. નિર્મલ, હાં! રાગાદિ નહીં. મૈં શુદ્ધ ભગવાન આત્મા ઐસા અનુભવ હોનેપર, જો નિર્મલ પર્યાય ધર્મકી-શાંતિ કી હુઈ, વહ મૈં કર્તા, વહ મેરા કાર્ય. કર્તા-કર્મ. ઉસકા મૈં સાધન, ઉસકી ક્રિયા કરકે મૈંને રખી, મુજસે હુઆ, ઉસકે આધારસે હુઆ. ઐસે છઃ ભેદ ભી મેરેમેં નહીં હૈં. આહાહા..! સૂક્ષ્મ હૈ, ભાઈ! યહ ધર્મ ઐસે હી કોઈ સાધારણ બાલગોપાલ કર લે, ઐસા નહીં હૈ. આહાહા..! પાઠ હૈ ન? તીન બોલ. ઈસલિયે ઉસને કારક ડાલે. તીન બોલ હૈ ન. અંદર ઐસા કહા ન કિ **'આત્મસ્વરૂપકો અપને આત્મામેં...' 'સ્વયં હી અપને આત્મસ્વરૂપકો અપને આત્મામેં...'** ઐસે કારક આયે ન તીન? તો કહતે હૈં, ઈતને કારકકા ભેદ ભી મેરી ચીજમેં નહીં હૈં. આહાહા..! **'આત્મામેં...'** આત્માકો, આત્માસે.. આહાહા..! બડી કઠિન બાત, બાપૂ!

ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ... ઔર જિસકા સ્વભાવ હૈ વહ તો પરિપૂર્ણ હી હોતા હૈ.

ઔર સ્વભાવ હૈ વહ તો શુદ્ધ હી-પવિત્ર હી હોતા હૈ. તો ઉસ પવિત્રકા સ્વભાવમેં સાધન કરનેવાલા ઔર સાધન મૈંને કિયા, સાધન કરકે મૈંને રખા, સાધનસે મૈંને બનાયા સાધન, અપનેસે સાધન બનાયા ઔર અપને આધારસે સાધન મૈંને કિયા. ઐસે છઃ ભેદ વસ્તુકી અનુભૂતિસે ભિન્ન હૈં. કહાં પહુંચના હૈ, કહાં જાના હૈ! આહાહા..! સમજમેં આયા?

મૈં કર્તા મૈં કિન્હી કૈસી,

અબ યૌં કરો કહૌ જો ઐસી. (બંધ દ્વાર-૨૪).

યે ભાવ ઉસમેં હૈ નહીં. ઈસકા મૈં કર્તા ઔર યહ મૈંને કિયા. આહાહા..! વહ તો આનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપકા અસ્તિત્વ, ઉસકા જ્ઞાન ઔર આનંદકી હયાતીવંત ઉસમેં યહ ઐસા ઔર યહ ઐસા કિયા ઐસા ભેદ નહીં હૈ. યહ સમ્યગ્દર્શનકા વિષય ઐસા અભેદ હૈ. આહાહા..! યુગલજી! સમ્યગ્દર્શનકા વિષય યહ હૈ-અભેદ. છઃ કારક ભી નહીં. આહાહા..! તો ફિર, વ્યવહારસે હોતા હૈ, દયા, દાન, વ્રત કરો તો આત્મા પ્રાપ્ત હોતા હૈ. ધૂલમેં ભી નહીં હોતા. ધૂલ નામ અચ્છે પુણ્ય ભી નહીં બંધેગા. સમજમેં આયા? આહાહા..!

કહતે હૈં કિ '**કારકોંકે ભેદરૂપ કલ્પના નહીં હૈ**' કલ્પના નહીં હૈ. મૈં આત્મા સ્વરૂપકા કર્તા ઔર સ્વરૂપ મેરા કાર્ય, સ્વરૂપકા સાધન મૈં, સ્વરૂપમેં ક્રિયા કરકે રખા, સ્વરૂપમેં સે સબ હુઆ, ઔર સ્વરૂપકે આધારસે સ્વરૂપ હુઆ. ઐસે છઃ કારક આતે હૈં. ચૌથી-પાંચવીકી પુસ્તક મેં. છઃ કારક શાસ્ત્રમેં આતે હૈં. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. આહાહા..!

મૈં અંતરાત્મા, પરમાત્મા હોનેકી તૈયારીવાલા પૂર્ણ સ્વરૂપ પરમાત્મા હો જાઉંગા. અંતરાત્મા સાધકપને, સાધ્ય પરમાત્મા પૂર્ણ દશા હૈ. દૂજ હુઈ હૈ તો પૂર્ણિમા હોગી, હોગી ઔર હોગી. ચંદ્રમા. ઐસે સમ્યગ્દર્શનરૂપી દૂજ-અભેદ મૈં આત્મા ઐસા અનુભવ હુઆ તો દૂજ ઉગી. તો વહ પરમાત્મા-પૂર્ણિમા હોગા. પૂર્ણિમાકે ચન્દ્રમેં સોલહ કલા હોતી હૈ. સમજમેં આયા? અમાવસ્યા હૈ ન. આજ અમાવસ્યા હૈ. તો આજ ભી એક કલા તો ખીલી હૈ. વહ તો હમેશા રહે. આજ અમાવસ્યા હૈ ન. અર્ધ માસ. આપકે હિસાબસે આજ અર્ધ માસ હુઆ. યહ પોષકા આધા મહિના પૂરા હુઆ. ઔર પોષ દૂસરા પક્ષ કલસે શુરૂ હોગા. હિન્દુસ્તાન મેં શાસ્ત્રકે હિસાબસે ઐસા હૈ. ચલતી પ્રથાકે અનુસાર શુક્લ પહેલે હૈ. ઐસા નહીં હોતા. ક્યોંકિ આજ અમાવસ્યા હૈ. અમાવસ્યા-અર્ધ માસ હૈ. પૂર્ણમાસી પૂર્ણ માસ હૈ. લોજીકસે ન્યાયસે હૈ. આહાહા..! સમજમેં આયા? યહ પોષ માસકા અર્ધ માસ હુઆ અભી. અપને યહાં લૌકિકમેં માગશર વદ અમાસ કહતે હૈં.

મુમુક્ષુ :- માગસર પૂરા હો ગયા.

ઉત્તર :- પૂરા હો ગયા. પોષકા અર્ધ માસ હૈ. એકમ હૈ તો પોષ મહિનેકી પૂનમ હોગી.

તબ પોષ મહિના પૂરા હુઆ. પોષ વદ એકમ હૈ તો વહ મહા વદ એકમ હૈ. સિદ્ધાંતકી ચીજ ઐસી હૈ.

કહતે હૈં કિ અમાવસ્યા હો તો ભી એક કલા તો ખીલી રહતી હૈ. આત્મામેં .. ખીલતી રહતી હૈ. નિગોદમેં જાયે આત્મા તો ભી એક અક્ષરકે અનંતવેં ભાગકી કલા તો વહાં ભી ખીલી હૈ. સૂક્ષ્મ બાત હૈ. બટાટા, શક્કરકંદમેં જીવ હૈ. વહાં જાતા હૈ તો પર્યાય બહુત હિન હો જાતી હૈ. તો ભી એક પર્યાય અક્ષર કે (અનંત મેં ભાગ કી) ખુલી તો રહતી હૈ. આહાહા..! ઔર વહ સોલહ કલા ખીલેગી મેરી. મેરે અંતરાત્મામેં ધ્યાન કરતે-કરતે પરમાત્મા મૈં હો જાઉંગા. દૂસરા કોઈ સાધન હૈ નહીં.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૧, સોમવાર તા. ૧૩-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૩ થી ૨૫, પ્રવચન - ૩૪**

સમાધિતંત્ર. ૨૩ની છેલ્લી લીટી. આત્માનું ધ્યાન કે અનુભવ કેમ થાય છે એમ કહે છે. અખંડ આત્મા અભેદ, જેમાં સ્ત્રી, પુરુષ, નપુંસક તો નથી પણ જેમાં એક, બે, ત્રણ સંખ્યા પણ નથી. તેમ જેમાં ષટ્કારકના ભેદ પણ નથી. આહાહા..! આત્મા કર્તા અને આત્માનું કાર્ય અને આત્મા સાધન એવા જે ભેદ, દૃષ્ટિના વિષયમાં આત્મામાં એ ભેદ નથી. આત્માનો અનુભવ થતાં એ ભેદ દૃષ્ટિમાં રહેતો નથી. આકરી વાત છે. હવે અહીં બધું બહારથી માનવું. વ્યવહારથી થાશે.

'**આવી સમજણથી જ્ઞાની ભેદ-વિજ્ઞાન કરી...**' પરથી જુદાપણું કરી. સ્ત્રી, પુરુષ, નપુંસકના શરીર નથી અને એની વાસના, એનાથી ભિન્ન કરી અને કારકો કર્તા-કર્મ આદિના ભેદનું લક્ષ છોડી દઈ '**આત્મસ્વરૂપમાં એકાગ્ર થવાની નિરંતર ભાવના ભાવે છે.**' આમાં કાંઈ વ્યવહાર કરતા આ અનુભવ થાય એમ નથી. ભેદ પાડતા પણ ન થાય. વસ્તુ તો એવી છે. આહા..! અખંડ ચૈતન્યમૂર્તિ અભેદ એમાં ભેદનો પણ જ્યાં આશ્રય નથી, ભેદનું જ્યાં લક્ષ નથી એવો ચૈતન્ય અભેદ, એની અનુભવ દૃષ્ટિ થતાં વિકાર અને ભેદપણું નાશ પામી જાય છે. એમ કહે છે. આહાહા..! એ ૨૩ (ગાથા પૂરી) થઈ.

---

येनात्मना त्वमनुभूयसे स कीदृशः इत्याह–

यदभावे सुषुसोऽहं यद्भवे व्युत्थितः पुनः।
अतीन्द्रियनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम्।।२४।।

टीका :– यस्य शुद्धस्य स्वसंवेद्यस्य रूपस्य। अभावे अनुपलम्भे। सुषुप्तो यथावत्पदार्थपरिज्ञानाभावलक्षणनिद्रया गाढाक्रान्तः। यद् भावे यस्य तत्स्वरूपस्य भावे उपलम्भे। पुनर्व्युत्थितः विशेषेणोत्थितो जागरितोऽहं यथावत्स्वरूपपरिच्छित्तिपरिणत इत्यर्थः। किं विशिष्टं तत्स्वरूपं? अतीन्द्रियं इन्द्रियैरजन्यमग्राह्यं च। अनिर्देश्यं शब्दविकल्पागोचरत्वादिदंतयाऽनिदन्तया वा निर्देष्टुमशक्यम्। तदेवंविधं स्वरूपं कुतः सिद्धमित्याह–तत्स्वसंवेद्यं तदुक्तप्रकारंस्वरूपं स्वसंवेद्य स्वसंवेदनग्राह्यं अहमस्मीति।।२४।।

જે આત્માથી તું અનુભવમાં આવે છે તે કેવો છે તે કહે છે :-

શ્લોક - ૨૪

અન્વયાર્થ :- (यत् अभावे) જેના-શુદ્ધાત્મસ્વરૂપના-અભાવે (अहं) હું (सुषुप्तः) સૂતો પડી રહ્યો હતો-અજ્ઞાન અવસ્થામાં હતો, (पुनः) વળી (यत् भावे) જેના-શુદ્ધાત્મસ્વરૂપના-સદ્ભાવમાં હું (व्युत्थितः) જાગી ગયો-યથાવત્ વસ્તુસ્વરૂપને જાણવા લાગ્યો, (तत्) તે-શુદ્ધાત્મસ્વરૂપ (अतीन्द्रियम्) ઈન્દ્રિયો દ્વારા અગ્રાહ્ય (अनिर्देश्यम्) વચનોથી અગોચર (વચનોથી ન કહી શકાય તેવું) અને (स्वसंवेद्यम्) સ્વાનુભવગમ્ય છે; તે (अहं अस्मि) હું છું.

ટીકા :- જે શુદ્ધ સ્વસંવેદ્ય રૂપના અભાવે એટલે તેની અનુપલબ્ધિમાં-અપ્રાપ્તિમાં હું સૂતો હતો-અર્થાત્ યથાવત્ પદાર્થ-પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ છે એવી નિદ્રામાં હું ગાઢ ઘેરાયેલો હતો (લપેટાયેલો હતો) અને જેના સદ્ભાવમાં અર્થાત્ જેના તત્સ્વરૂપના સદ્ભાવમાં-પ્રાપ્તિમાં (જે સ્વરૂપનો અનુભવ થતાં) હું જાગ્યો-વિશેષપણે જાગૃત થયો, અર્થાત્ યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાનસ્વરૂપે હું પરિણમ્યો-એવો અર્થ છે.

તત્સ્વરૂપ કેવા પ્રકારનું છે? તે અતીન્દ્રિય છે અર્થાત્ ઈન્દ્રિયજન્ય નથી, ઈન્દ્રિયગ્રાહ્ય નથી અને વચન-અગોચર અર્થાત્ શબ્દ-વિકલ્પોથી અગોચર હોવાથી (શબ્દો દ્વારા કહેવામાં નહિ આવતું હોવાથી) આ કે તે સ્વરૂપાદિરૂપે કહી શકાય તેવું નથી. તો એવા પ્રકારનું સ્વરૂપ ક્યાંથી સિદ્ધ થાય તે કહે છે- ''તે સ્વસંવેદ્ય સ્વરૂપ અર્થાત્ તે ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ તે હું છું.''

ભાવાર્થ :- જે શુદ્ધાત્મસ્વરૂપ અતીન્દ્રિય, વચન-અગોચર અને સ્વાનુભવગમ્ય છે તે હું છું-એવું જ્યાં સુધી જીવને જ્ઞાન ન હતું ત્યાં સુધી તે અજ્ઞાન-નિદ્રામાં સૂતો હતો, પરંતુ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાવત્ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો અર્થાત્ તેના પરિજ્ઞાનરૂપે પરિણમ્યો.

જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે તે જ જાગે છે અને જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ નથી તે ઊંઘે છે. જ્યારથી તે ચિદાનંદ-સ્વરૂપને સ્વસંવેદન દ્વારા અનુભવે છે, ત્યારથી તે સદાય જાગૃત જ છે એમ સમજવું. ૨૪.

## શ્લોક-૨૪ ઉપર પ્રવચન

૨૪. 'જે આત્માથી તું અનુભવમાં આવે છે...' જે આત્માથી નિર્મળ અભેદ દ્વારા અનુભવમાં આવે છે 'તે કેવો છે તે કહે છે :-'

यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः।
अतीन्द्रियनिर्देश्यं तत्स्वसंवेद्यमस्म्यहम्।।२४।।

'**ટીકા :- જે શુદ્ધ સ્વસંવેદ્ય રૂપના અભાવે...**' આનંદસ્વરૂપ, એને સ્વ નામ પોતાથી સં-નામ પરનો આશ્રય છોડી અને સ્વના આશ્રયે પ્રત્યક્ષ વેદન થાય તેના અભાવે. આહાહા..! '**એટલે તેની અનુપલબ્ધિમાં-**' શુદ્ધ સ્વરૂપ ચૈતન્યની સમ્યગ્દર્શનની અપ્રાપ્તિ, સમ્યગ્દર્શન (વિના) સ્વરૂપની અપ્રાપ્તિ (હોય) એ વખતે અપ્રાપ્તિમાં હું કેવો હતો? '**યથાવત્ પદાર્થ-પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ છે...**' વાસ્તવિક આત્મા વસ્તુ સ્વરૂપે જે રીતે શુદ્ધ અને અભેદ છે એનું જ્ઞાન નહોતું અને એ શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ નહોતી ત્યારે હું કેવો હતો?

'**પરિજ્ઞાનનો અભાવ જેનું લક્ષણ છે એવી નિદ્રામાં હું ગાઢ ઘેરાયેલો હતો...**' આહાહા..! એ શુભાદિ વિકલ્પોના ઘેરાવામાં હું હતો. આહાહા..! એ શુભ વિકલ્પ જે છે એમાં હું '**(લપેટાયેલો હતો)...**' આ તો ઠેઠની વાત છે ભઈ, મૂળ. સમ્યગ્દર્શનમાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ (હોય એના) અભાવે હું વસ્તુના પરિજ્ઞાન વિનાનો એવો નિદ્રામાં સૂતો હતો. આહાહા..! ચાહે તો અગિયાર અંગનું જ્ઞાન કર્યું હોય અને ચાહે તો શુક્લલેશ્યા નવમી ગ્રૈવેયક જવાની થઈ હોય. આહાહા..! એ પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ, એના ભાનનો જ્યાં અભાવ હતો ત્યારે હું તો નિદ્રામાં સૂતો હતો. આ બધા ધંધા-બંધા કરે તો પણ સૂતો હતો એમ કહે છે.

મુમુક્ષુ :- ઘોર નિદ્રા.

ઉત્તર :- ઘોર નિદ્રા. ધંધા કરતો નથી પણ ધંધાના વિકલ્પમાં ઘેરાઈ ગયેલો છે. ત્યારે હું નિદ્રામાં સૂતો હતો. મારી ચીજ શું છે એનું મને ભાન નહોતું. આહાહા..!

'**અને જેના સદ્ભાવમાં...**' વસ્તુ સ્વરૂપ ચૈતન્ય નિર્વિકલ્પ અભેદ એનો અનુભવ થતાં, સમ્યગ્દર્શનમાં અભેદની પ્રાપ્તિ થતાં '**જેના તત્સ્વરૂપના સદ્ભાવમાં-**' જેવું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય નિર્મળ પવિત્ર આનંદ છે, એની '**પ્રાપ્તિમાં (જે સ્વરૂપનો અનુભવ થતાં)...**' અહીં તો એક ને (એક) બે (જેવી) વાત છે. આહાહા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ હો, પણ હું એમાં ઘેરાયેલો હતો. મારી ચીજનું જ્ઞાન નહોતું મને. એમ કહે છે.

'**હું જાગ્યો-**' હું ચૈતન્ય સ્વભાવ મારી હયાતી પરમપવિત્ર એવું ભાન થતાં હું જાગ્યો. '**વિશેષપણે જાગૃત થયો,...**' 'व्युत्थितः' છે ને? 'व्युत्थितः' છે ને? 'व्युत्थितः'. શાસ્ત્રના જાણવામાં પણ જાણે હું જાગ્યો હતો એમ માન્યું હતું. એમ કહે છે. આહાહા..! પણ ચૈતન્ય સ્વરૂપનું સ્વસંવેદ્ય થતાં હું જાગ્યો. આહાહા..! હું તો પરમપવિત્ર આનંદનો નાથ છું. એમ

મારી દશા જાગૃત થઈ. આહાહા..! સમજાણું કાંઈ?

'**યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાનસ્વરૂપે...**' જેવું આત્માનું નિર્વિકલ્પ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એવા '**પરિજ્ઞાનસ્વરૂપે હું પરિણમ્યો–**' આહાહા..! એની શ્રદ્ધા એટલે કે એના શુદ્ધ સ્વરૂપે પરિણમવું. જેવું શુદ્ધ સ્વરૂપ છે એ રૂપે પરિણમવું, થવું એનું નામ જાગૃત અને સ્વરૂપની સ્થિરતા અને એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. આહાહા..! ગોવિંદને કોઈ મળ્યા હશે કોઈ, ગામના સાધુ. અમને તો ઊંઘમાં પણ છઠ્ઠું-સાતમું આવે, કહે. કોને કહેવું છઠ્ઠુ-સાતમું? અમારે તો છઠ્ઠુ-સાતમું આવે. મુનિને છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન જ હોય. સૂવે પાંચ-પાંચ, છ-છ કલાક. ઊંઘમાં પણ છઠ્ઠુ-સાતમું આવે. કહો, આ શું કહે છે? જબલપુરમાં ગયા હશે ને.. ઓહોહો..! અરે..! ઊંઘમાં, સાચો અનુભવ હોય તો પણ ઊંઘ વખતે તો છઠ્ઠું જ હોય.

મુમુક્ષુ :- જાગ્રત હોય તો...

ઉત્તર :- જાગ્રત હોય ત્યારે.. અને ઊંઘની દશા મુનિને તો.. સવારમાં આવ્યું નહોતું? 'પિછલી રયણ...' પાછલી રાત્રિમાં થોડું એક કરવટે. આમ હોય તો એક પડખે. એક પડખે કરવટ એટલે. એક પડખે થોડી વાર નિદ્રા આવી જાય. આહાહા..! પોણી સેકન્ડની અંદર. તરત જાગી જાય છે. અપ્રમત્ત દશા. આહાહા..!

અહીંયાં તો સમ્યગ્દર્શનની વાત કરી છે. એ સહિત, આચાર્ય છે એટલે ચારિત્ર સહિત છે. અહીં તો આચાર્ય પોતે કહે છે ને. હું જાગીને જોઉં ત્યાં... આહાહા..! જગત દિસે નહિ. વસ્તુ સ્વરૂપ ચૈતન્ય જ્ઞાનજ્યોત સ્વભાવ, જ્યાં અનુભવમાં આવ્યો, કહે છે હું સૂતો હતો એ જાગી ગયો. ભાવનિદ્રાએ સૂતો હતો એ હું જાગ્યો. પદાર્થનું પરિજ્ઞાન (અર્થાત્) જેવો આત્મા છે તે રીતે સમસ્ત પ્રકારે જ્ઞાન એનું થયું. આહાહા..! સમજાય છે કાંઈ? છે?

'**યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાનસ્વરૂપે...**' યથાવત્ સ્વરૂપના પરિજ્ઞાનસ્વરૂપે. આહાહા..! એ રાગ ને વિકલ્પરૂપે પરિણમન હતું એટલે કે દશામાં એ પરિણત દશા હતી. હું તો શુદ્ધ ચૈતન્ય છું. એવું સ્વસન્મુખના ભાનમાં યથાવત્ સ્વરૂપનું પરિજ્ઞાન. જેવો ભગવાન આત્મા નિર્મળાનંદ શુદ્ધ છે તેવું યથાવત્ સ્વરૂપનું પરિજ્ઞાન. એનું જે સ્વરૂપ છે તેનું વિશેષ જ્ઞાન સ્પષ્ટ. એમાં હું પરિણમ્યો. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ જુદી જાતનો. લોકોએ બહારથી (કલ્પી લીધો).

હમણાં એક સાધુ આવ્યા હતા. ઓલો નહોતો આવ્યો એક? કલકત્તેથી નહોતો નીકળ્યો સંઘ? શ્વેતાંબરનો નહિ? કલકત્તેથી સંઘ નીકળ્યો હતો. આખો નીકળ્યો હતો ને ચાલીને પગેથી. અમદાવાદમાં,.. એ સાધુ આવ્યા હતા ત્યારે. ત્યાંથી આવ્યા હશે. જોવા આવે. આ જોવું

છે. પણ આ બંધ રાખે છે એ વખતે. કો'કને કુંચી આપવી જોઈએ. લઈ ન જવી જોઈએ. એ બિચારા કહે અમારે જાવું છે અહીંથી. વિહાર કરવો હશે. જોવાનું છે આ. રહેત તો કાલે આવત. પણ રહેવું નથી. પછી ઉઘાડ્યું, કો'ક લઈ આવ્યા. શાંતિલાલ કે કો'ક લઈ આવ્યા. પણ ઈ એમ કહે કે કલકત્તેથી વિહાર કરીને અહીં આવ્યા. અહીં જીથરીનો એક હતો વાણીયો સાથે. કલકત્તેથી ચાલીને આવ્યા. કહો, હવે એમાં શું છે? બાપુ! આહાહા..! એમાં શું કર્યું એણે આત્માનું? એ તો એક શુભ વિકલ્પ અને ચાલવાની ક્રિયા મારી, એ માન્યતા તો મિથ્યાત્વ છે. અને ઘણાંને હજારો માણસને મેં ચાલીને દોર્યા. અરે.. ભગવાન! માર્ગ બાપા! હિતના પંથ બહુ જુદી જાતના છે. દુનિયા માને અને દુનિયા પસંદ કરે એથી વસ્તુ કાંઈ અહીં આવી જાય? આહાહા..!

અહીંયાં તો કહે છે કે હું જેવું મારું યથાવત્ નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપ, યથાવત્ તે સ્વરૂપે પરિજ્ઞાનરૂપે પરિણમ્યું. આહાહા..! સમજાણું કાંઈ? '**યથાવત્ સ્વરૂપનાં પરિજ્ઞાનસ્વરૂપે હું પરિણમ્યો...**' આમ બાહ્યથી શાસ્ત્રથી ભણીને થયો એ નહિ. આહાહા..! ગજબ વાત કરે છે ને! સમજાણું કાંઈ? ભગવાનને પડખે ચડીને મેં આત્માનું સ્વરૂપ બરાબર જાણ્યું છે. આહા..! એ રૂપે હું થયો હવે. રાગની ક્રિયામાં આંધળો હતો, હું નિદ્રામાં હતો. આહાહા..! વ્યવહારની ક્રિયાઓ, વિકલ્પ જે આંધળા... શરીર આંધળું તો આવ્યું હતું આપણે. આવ્યું હતું. અહીં પાઠ આવ્યો હતો. અહીં તો વિકલ્પ આંધળો છે. આહાહા..! છે? આ તો કારકોનો નિષેધ કર્યોને ૨૩માં? ઓહોહો..!

એ ભેદ વસ્તુનો વિકલ્પ એ રાગ છે. રાગ તો આંધળો છે. રાગમાં એકત્વબુદ્ધિ એ તો આંધળું અજ્ઞાન છે. આહાહા..! ભગવાન આત્મા રાગથી ભિન્ન પડીને એટલે કે એનું લક્ષ છોડી દઈ અંતર ચૈતન્યના ઊંડાણ સ્વભાવમાં પ્રવેશ કરે ત્યારે તે જ્ઞાન અને આનંદરૂપે થાય, ત્યારે હું જાગ્યો એમ કહેવામાં આવે. આહાહા..! જુઓ! આ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરનું કહેલું સમ્યગ્દર્શનનું આ સ્વરૂપ. સમાધિનું સ્વરૂપ કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું કહો. '**એવો અર્થ છે.**'

'**તત્સ્વરૂપ કેવા પ્રકારનું છે?**' ભગવાન તત્-તે સ્વરૂપ. ચિદાનંદ પ્રભુનું સ્વરૂપ કેવું છે? '**તે અતીન્દ્રિય છે અર્થાત્ ઈન્દ્રિયજન્ય નથી, ઈન્દ્રિયગ્રાહ્ય નથી...**' ઈન્દ્રિયજન્ય એ નથી. ઈન્દ્રિયથી પકડાય એવું એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? '**ઈન્દ્રિયગ્રાહ્ય નથી અને વચન-અગોચર અર્થાત્ શબ્દ-વિકલ્પોથી અગોચર હોવાથી...**' શબ્દથી વક્તવ્ય છે, અવક્તવ્ય છે એમ સપ્તભંગી છે. પણ શબ્દથી ગમ્ય છે એમ નહિ. શું કીધું ઈ? વચનથી અવ્યક્ત છે એમ નહિ. વચનથી કથંચિત્ વક્તવ્ય છે, કથંચિત્ અવ્યક્તવ્ય છે, કથંચિત્ વક્તવ્ય-

અવક્તવ્ય છે એમ સપ્તભંગી થાય. અને ૪૭ નયમાં આવે છે ને? ભાઈ! નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. સ્થાપના કહી શકાય, નામ.. એ વસ્તુ જુદી. આ જુદી. એ વચનથી કહી શકાય એ જુદી વાત છે. અને વચનથી ગમ્ય છે એ જુદી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**શબ્દ-વિકલ્પોથી અગોચર...**' છે. આહા..! તો કોઈ કહે, ત્યારે પછી એને સંભળાવવું શું કરવા? શબ્દથી, વાણીથી તો અગમ્ય છે અને વક્તવ્ય છે વાણીથી કથંચિત્, તો કથંચિત્ વક્તવ્ય છે તો વચન દ્વારા એ જણાય એવો નથી? ના. એનું લક્ષ છોડીને અંતર વેદનમાં જાય ત્યારે જણાય. આહાહા..! સમજાણું કાંઈ? '**(શબ્દો દ્વારા કહેવામાં નહિ આવતું હોવાથી)...**' એ બહુ સાધારણ વાત કરી છે. શબ્દો દ્વારા કહેવામાં આવે (તેથી) વક્તવ્ય છે. પણ શબ્દ દ્વારા વેદવામાં-જાણવામાં આવે નહિ. એમ જોઈએ. સમજાણું? તદ્દન શબ્દો દ્વારા કહેવામાં ન આવે...

મુમુક્ષુ :- શબ્દો દ્વારા કહેવામાં તો આવે છે.

ઉત્તર :- આવે છે. સમજાણું કાંઈ? અહીં તો ભાઈ આપણને... શબ્દો દ્વારા કથંચિત્ વક્તવ્ય છે. પણ શબ્દો દ્વારા જણાય એવો એ આત્મા નથી. આહાહા..! અરે..! ભગવાન! કહો, નવરંગભાઈ! આવો માર્ગ હવે એમાં... આહાહા..!

જ્યાં જે તથારૂપે પ્રભુ બિરાજે છે ત્યાં જાય તો જણાય એવો છે એમ કહે છે. કોઈ માણસને મળવું હોય તો એ મકાનમાં જાય ત્યારે મળે ને ઈ? ભીંત આડી હોય અને બહારથી એ મળે? આહાહા..! એમ ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન અને આનંદસ્વરૂપ... એ પ્રવચનસારમાં કહ્યું છે ને? આત્મા જ્ઞાન છે. જ્ઞાન તે આત્મા, પણ આત્મા તે જ્ઞાન અને સુખ આદિ (અનંતગુણ છે). નહિ? ભાઈ! એય.. દિલીપ! શું કહ્યું? જુઓ! વિશેષણો. કહેતો હતોને તું કે વિશેષણ ...પછી જ્ઞાન છે એમ પકડમાં આવે એવું છે. પણ આવે ઈ. પ્રવચનસારમાં કહ્યું છે. જ્ઞાન તે આત્મા. પણ આત્મા તે જ્ઞાન અને આત્મા તે દર્શન, આત્મા તે આનંદ એમ અનેક ગુણ છે એના. સમજાણું કાંઈ?

જ્ઞાન તે આત્મા. કેમ કે જ્ઞાન તે આત્મસ્વભાવ અને આત્મા તે એકલું જ્ઞાન છે એમ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન આત્મા સાથે અભેદપણું છે. તેથી તે જ્ઞાન તે આત્મા. પણ આત્મા તે જ્ઞાન એકલું એમ નથી. તો બીજા બધા ગુણો રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ? કે જે આત્મા તે જ્ઞાન એકલું હોય તો અનંતા ગુણની પર્યાય પ્રગટ તો ન થઈ. એકલી જ્ઞાનની અવસ્થા પ્રગટી. એ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન તે આત્મા, પણ આત્મા તે જ્ઞાન, આત્મા તે આનંદ, આત્મા તે શ્રદ્ધા, આત્મા તે શાંતિ.

પોપટભાઈ! આ તો બહુ તમારે છોકરાઓ સાથે કોઈ દિ' આવી વાત થઈ નહિ હોય ત્યાં. ત્યાં ક્યાં હતી વાત? અમથી સંપ્રદાયમાં નથી તો તમારે ઘરે તો ક્યાંથી હોય? આહાહા..! વસ્તુ એવી છે, ભાઈ!

કહે છે કે વચનથી કથંચિત્ વક્તવ્ય છે પણ વચનથી ગમ્ય છે કથંચિત્ એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું એમાં ફેર પડ્યો? શબ્દો દ્વારા કહેવામાં નથી આવતું એમ નહિ. અનુભવમાં આવતું નથી. શબ્દોના લક્ષે કે વિકલ્પના લક્ષે એ અનુભવમાં આવે એવી ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો મોવાળા ચીરવા એ કરતા ઝીણી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી હોતો મોળો મોળો? શું કહેવાય એ? મોવાળ. મોવાળાની છેલ્લી બે રગુ જુદી હોય છે કેટલાકની. મોવાળાની છેડે. સમજાણું કાંઈ?

ઘણાં વર્ષ પહેલાં રાણપુરની વાત છે. ઘણા વર્ષ પહેલાં. (સંવત) ૧૯૮૪ની સાલ. એક વાળા જોયો તો વાળને બે કટકા ઉપરથી. વાળને બે ઉપરના છેડા જુદા-અણીયું. સમજાણું કાંઈ? શું કહ્યું? વાળને છેડા બે હોય. વાળને. એક જ છેડો એમ નહિ. કો'કને એક હોય, કો'કના બે. છેડે બે ભાગ. હવે એને ચીરવા હોય તો શી રીતે? બેને જુદા પાડવા હોય. તૂટી જાય. આહાહા..! આ તો એનાથી ઝીણી ચીજ છે આ તો. ભગવાન! એને એના છેડામાં જ્ઞાન-દર્શન-આનંદ આદિ પર્યાયો છે. પણ એ પર્યાય ઉપર લક્ષ રાખીને આત્મા વેદાય એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ તો આ શબ્દ જરી છેને, એ સુધારવા જેવો છે.

મુમુક્ષુ :- કૌંસમાં છે એ ભૂલ છે.

ઉત્તર :- હા, એ ભૂલ છે થોડી. ભાઈ!

મુમુક્ષુ :- શબ્દો દ્વારા અનુભવમાં નહિ આવતું.

ઉત્તર :- બસ, એટલું જ લેવું. એ તો એ વખતે થયું કોઈ....

'**अनिर्देश्यं**' છે ને? વાણી દ્વારા કહી શકાતો નથી. એ શબ્દ ત્યાંથી લીધો છે. '**अनिर्देश्यं**' છે ને? '**अनिर्देश्यं**' શબ્દ છે ભાઈ! મૂળ પાઠમાં. '**अनिर्देश्यं**' એમાંથી કાઢ્યું. છે ને? પાઠમાં એમ છે, જુઓ! '**अनिर्देश्यं**' વચનોથી અગમ્ય. પણ એ વચનથી અગમ્ય એનો અર્થ છે. '**अनिर्देश्यं**' એટલે અ-નહિ કહી શકાય એવો. શબ્દાર્થ એવો થાય. ભાઈ! '**अनिर्देश्यं**'-કહી ન શકાય. પણ એનો અર્થ એમ નથી. જુઓ! એનો અર્થ જ એ કર્યો, જુઓ એણે. '**अनिर्देश्यं**' વચનોથી અગમ્ય છે. પછી '(**વચનોથી ન કહી શકાય તેવું**)...' એ વળી પોતે કૌંસમાં પાછું નાખ્યું છે અન્વયાર્થમાં. અન્વયાર્થમાં નાખ્યું અને અહીં નાખ્યું. અન્વયાર્થ છે ને? '**अनिर्देश्यं**' શબ્દ છે ખરોને. એટલે એને એમ ધ્વનિ ઉઠે.

મુમુક્ષુ :- વચનોથી ન કહી શકાય.

ઉત્તર :- હા. એ. **'शब्दविकल्पागोचरत्वां'** એમ શબ્દ છે. જુઓ ટીકા. ટીકા પણ એમ છે. અનિર્દેશ્ય. **'शब्दविकल्पागोचरत्वा'** શબ્દ અને વિકલ્પથી અગમ્ય છે. પણ શબ્દથી કહી શકાય નહિ બિલકુલ એમ નથી.

મુમુક્ષુ :- કથંચિત્ કહી શકાય.

ઉત્તર :- કથંચિત્ કહી શકાય.

મુમુક્ષુ :- કેટલું કહી શકાય...

ઉત્તર :- એ વળી જુદું. કંઈક કંઈક એના ઈશારા આવે. સમજાણું કાંઈ? છતાં એ ઈશારા દ્વારા આત્મા જણાય એવો નથી. આહાહા..!

**'(શબ્દો દ્વારા કહેવામાં નહિ આવતું હોવાથી)...'** **'अनिर्देश्यं'** છેને એટલે એમ કર્યું. ટીકાકારે એમ નથી કર્યું. **'अनिर्देश्यं'** શબ્દ પડ્યો છે ને? કહેવું નહિ, કહી શકાય નહિ એમ લીધું. પણ ટીકાકારે એમ શબ્દ નથી લીધો. **'अनिर्देश्यं'** એટલે વચન અને વિકલ્પ દ્વારા જણાય એવો નથી. અગમ્ય છે. આહાહા..! **'આ કે તે સ્વરૂપાદિરૂપે કહી શકાય તેવું નથી.'** આ કે તે સ્વરૂપાદિરૂપે કહી શકાય તેવું નથી. એ તો વાણીથી કહી શકાય અનુભવમાં આવીને.

મુમુક્ષુ :- અનુભવાય છે.

ઉત્તર :- હા બસ. **'शब्दविकल्पागोचरत्वा'** એ શું છે?

મુમુક્ષુ :- ... આ રૂપે છે અને આ રૂપે નથી.

ઉત્તર :- હા એ ઠીક. એ કહ્યું. એ **'निर्देष्टुमशक्यम्'** એમ તો છે ત્યાં. નિર્દેશ્ય અશક્ય. ત્યાં. પણ એ ઓલું **'निर्देष्टुमशक्यम्'**નો અર્થ એના દ્વારા જણાય એવો નથી. સમજાણું કાંઈ?

કેમ કે અહીં તો સિદ્ધ એ કરવું છે, **'स्वसंवेद्यमस्म्यहम्'** ચોથું પદ છે ને? એ સિદ્ધ કરવું છે. હું વાણી ને વિકલ્પ દ્વારા જણાઉં એવો નથી. ચોથું પદ છે ને? ૨૪ (ગાથાનું). સ્વસંવેદ્ય એ સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- સ્વસંવેદ્ય.

ઉત્તર :- બસ એ. હું તો મારા જ્ઞાનના આનંદના પ્રત્યક્ષ વેદન દ્વારા જણાઉ એવો છું. આહાહા..! સમજાણું કાંઈ? તો પછી વ્યવહારે નિશ્ચય થાય એ આમાં રહ્યું નહિ કાંઈ. આ કહેને બધા કે વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય નથી લખ્યું? આ પંડિતજીએ લખ્યું છે આપણે. પંચાસ્તિકાયમાં નથી લખ્યું? પછી હેઠે લખવું પડ્યું કે આમ છે ને તેમ છે. ઈ ભૂંસાડિયો વાળ્યો એમ કહે છે પેલા. હવે સાંભળને, બાપા! આ વીતરાગ માર્ગ છે,

ભાઈ! એક ન્યાયમાં જરી પણ ફેર પડે તો વસ્તુ નહિ રહે.

અહીં તો કહે છે કે ઓલો ગુણ-ગુણીનો ભેદ અંતર્જલ્પ કે શબ્દ બાહ્ય એ દ્વારા જણાય એવો નથી. સમજાણું કાંઈ? એટલે કે વ્યવહારથી જણાય એવો નથી એમ થયો એનો અર્થ. રાગ થયો. આહાહા..! સમજાણું કાંઈ? શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ વ્યવહાર છે. એનાથીય જણાય એવો નથી એમ કહે છે. આહાહા..! પર તરફની દિશાએ તો આમ ભાગવું છે. આહાહા..! માર્ગ એવો છે. આહાહા..! ભગવાન ત્રિલોકનાથના ભેટા એ તો કાંઈ ઊંચી વાત છે, સાધારણ વાત નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**આ કે તે સ્વરૂપાદિરૂપે કહી શકાય તેવું નથી.**' એટલે ટીકામાં પછી કહ્યું ખરું ને? '**निर्देष्टुमशक्यम्**' પણ એનો અર્થ એ.

મુમુક્ષુ :- કહ્યું એટલે જાણવું.

ઉત્તર :- બસ જાણવું.

'**તો એવા પ્રકારનું સ્વરૂપ ક્યાંથી સિદ્ધ થાય..**' તો કહે છે કે વિકલ્પ અને વાણી દ્વારા એ વસ્તુ જણાય નહિ, વેદાય નહિ, અનુભવાય નહિ. તો અનુભવે શી રીતે? એમ કહે છે. ઓલો નકાર કરીને હવે હકાર સિદ્ધ કરે છે. આહાહા..! '**તે સ્વસંવેદ્ય સ્વરૂપ અર્થાત્ તે ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય...**' એ તો અંતરના જ્ઞાનના વેદનથી ગ્રાહ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય એની સન્મુખ થતાં એ જ્ઞાનથી જણાય એવો છે. યથાતથ્ય તેનું જે સ્વરૂપ, એની જ્ઞાનની દશાથી જણાય એવું છે. વ્યવહારના વિકલ્પો, ગુણ-ગુણી ભેદના વિકલ્પો-રાગ હો, પણ એનાથી અંતર્મુખ થઈ શકશે નહિ. એનો અર્થ એ કે એનાથી જણાશે નહિ. આહાહા..!

'**સ્વસંવેદ્ય સ્વરૂપ અર્થાત્ તે ઉક્ત પ્રકારનું સ્વસંવેદનથી ગ્રાહ્ય સ્વરૂપ તે હું છું.**' આહાહા..! આ તો મોક્ષના મેવા પાકવા છે ને? આહાહા..! આનંદ પાકે છે, કહે છે. આનંદ અને જ્ઞાનની પર્યાયથી હું જણાઉં એવો છું. તે હું. એનાથી જણાય એવો એ હું. જ્ઞાન ને આનંદની દશાથી 'આ', એ જણાય એ હું. આહાહા..! અરે..! જેને લક્ષમાં પણ નથી આ વાત અને માની બેસે કે અમે સાધુ છીએ, શ્રાવક છીએ, વ્રતધારી છીએ. સ્વતંત્ર જીવે આમ જ અનંત કાળથી કર્યું છે.

સવારમાં નહોતું આવ્યું છ ઢાળામાં? આવા ભવ કર્યા... આવા ભવ કર્યા.. આવા ભવ કર્યા. એ નિદ્રાપણે. મારા સ્વરૂપમાં પરિજ્ઞાનના અભાવે એટલે કે નિદ્રાપણે આવા ભવ કર્યા. એટલે કે અજ્ઞાન અને મિથ્યાત્વભાવથી આવા ભવ કર્યા. હવે જેનાથી વિકલ્પથી તો ભવ થયા. તો ભવના સ્વભાવના અભાવવાળું એ ભવના ભાવથી કેમ જણાય? આહાહા..! ભગવાન

આત્મા ભવના ભાવ અને ભવના સ્વભાવથી અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આવી વાતું કરે તો માણસને... સોનગઢે આમ કર્યું એમ કહે છે. સોનગઢે કર્યું કે વસ્તુનું સ્વરૂપ આમ છે? ઓલા કહે કે સમકિત માનો. દીક્ષા લે ત્યારે દ્રવ્યસમકિતનો આરોપ કરે શ્વેતાંબરમાં. પછી દીક્ષા આપે. અરે.. ભગવાન! ક્યાં દ્રવ્યસમકિત? વ્યવહાર સમકિત પણ નિશ્ચય હોય તો વ્યવહાર હોય. સમજાણું કાંઈ? વ્યવહાર તો આંધળો છે. એ આંધળાને જોનારો જાગ્યો તો એને આંધળાને વ્યવહાર કહેવાય છે. આહાહા..! અને આંધળો જાણવાનું કામ કરે? આંખ્યું નહિ ને કહે જોવે છે ઈ. સમજાણું કાંઈ? ઓહો..! શૈલી તે પણ શૈલી! વિકલ્પ છે એ તો આંધળો છે. વ્યવહાર છે એ તો રાગ છે. એ આંધળો જાણવાનું કામ કરે? ના ના, ભાઈ! દેખતો દેખતાની પરિણતિ દ્વારા પરિણમે છે. એનાથી જણાય એવો છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જે શુદ્ધાત્મસ્વરૂપ અતીન્દ્રિય,...**' ઇન્દ્રિય ગ્રાહ્ય નથી. કેમ કે વસ્તુ અતીન્દ્રિય છે. ઇન્દ્રિય ગ્રાહ્ય નથી એનો અર્થ? કે વસ્તુ અતીન્દ્રિય છે.

મુમુક્ષુ :- અતીન્દ્રિય મહાપદાર્થ.

ઉત્તર :- હા. અતીન્દ્રિય મહાપદાર્થ. આવે છે ને ૯૨માં? પ્રવચનસાર. આહા..!

'**જે શુદ્ધાત્મસ્વરૂપ અતીન્દ્રિય,...**' ઇન્દ્રિયગમ્ય નથી, ઇન્દ્રિયો એમાં નથી. ખરેખર તો દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એ વસ્તુમાં નથી. અતીન્દ્રિય સ્વરૂપ એમાં ભાવેન્દ્રિય છે ને? એક એક અંશે એક એક વિષયને જાણે, એ ભાવેન્દ્રિય પણ એમાં નથી. એનાથી જણાય એવો તો નથી પણ એમાં નથી. એમાં નથી માટે એનાથી જણાય એવો નથી. આહાહા..! સમજાણું કાંઈ? એને ઘણું કરવાનું છે, ભાઈ! એમ બેસી જાય કાંઈ? બાપુ! ઘણું કરવાનું (છે), ભાઈ!

વસ્તુસ્વરૂપ અતીન્દ્રિય (છે). ઇન્દ્રિયથી જણાય નહિ એનો અર્થ એ કે દ્રવ્યેન્દ્રિયથી તો જણાય નહિ, ભાવેન્દ્રિયથી પણ જણાય નહિ. આહાહા..! આવી ચીજ છે. સાધારણ માણસને માટે આવો રસ્તો હોય? કાંઈક સહેલો રસ્તો કરોને. એમ કહે. સહેલો તો ત્યાં પહોંચે એવો રસ્તો હોય કે બીજે જાય એવો રસ્તો હોય? બીજે જાય, એ વિકલ્પમાં બીજે જાય એ એનો રસ્તો કહેવાય? એને સહેલો કહેવો? આહાહા..! સહેલો છે રાગ. આ વ્યવહારથી પમાય, આ કરશો તો પમાશે, વિકલ્પથી પમાય ને.. એ સહેલો રસ્તો છે. તો ત્યાં પૂછતા હતા શ્રીમદ્‌માં કે આ વાત નિશ્ચયની તો બરાબર છે. પણ એનો ઉપાય-સાધન શું? એમ કે આ ભક્તિ કરવી, વાંચવું. એ બાપુ! એ બધા સાધન નથી. આહાહા..! આકરું ઘણું, હોં! દુર્લભ કામ છે. આકરાનો અર્થ અપૂર્વ પ્રયત્ન માગે છે. એ સાધારણ પ્રયત્નથી મળે એવું નથી. કારણ કે વસ્તુ સાધારણ વસ્તુ જ નથી. આહાહા..!

**'સ્વાનુભવગમ્ય છે...'** અતીન્દ્રિય છે, વચન અગમ્ય છે અને સ્વાનુભવગમ્ય છે. ઓલા બેમાં નકાર કર્યો અને એકમાં હકાર. 'તે હું છું-' ધર્મી એ 'હું છું' એમ જાણે અને માને છે. જે અતીન્દ્રિય સ્વરૂપે બિરાજમાન શુદ્ધાત્મ સ્વરૂપ, વચન ને મન ને રાગથી અગમ્ય એવું સ્વરૂપ છે તે હું છું. આહાહા..! **'એવું જ્યાં સુધી જીવને જ્ઞાન ન હતું...'** આવું જ્યાં સુધી જીવને જ્ઞાન (અર્થાત્) અતીન્દ્રિય, વચનથી અગમ્ય, સ્વાનુભવગમ્ય એવું જ્ઞાન ન હતું **'ત્યાં સુધી તે અજ્ઞાન-નિદ્રામાં સૂતો હતો,...'** આહાહા..!

**'પરંતુ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાવત્ ભાન થયું...'** ઉક્ત એટલે નિર્વિકલ્પ છે એવું. આહાહા..! અરૂપી, નિર્વિકલ્પ, મનના સહારાથી પણ જણાય નહિ એવું. આહાહા..! સમજાણું કાંઈ? **'પરંતુ જ્યારે તેને પોતાના ઉક્ત પ્રકારના સ્વરૂપનું યથાવત્ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો...'** ત્યારે તે ખરેખરો જાગ્યો. આ ઊંઘમાંથી જાગે માટે જાગ્યો (એમ નહિ). ઉઠ ઉઠ, કહે છે. સોનાના નળિયા થયા. નથી કહેતા? સવારમાં મોડો ઉઠે તો સોનાના નળિયા એટલે? સૂરજ ઉગ્યો અને આ પીળા નળિયા થયા જોને. ઉઠ. હજી ઉઠતો નથી. આહાહા..! અરે..! જાગ રે જાગ નાથ! તારો ચૈતન્યમૂર્તિ પ્રભુ. મહા પરમાત્મસ્વરૂપે બિરાજમાન પ્રભુ, એની સામું જો. રાગ અને વિકલ્પની સામું ન જો, ભાઈ! આહાહા..! જે તું છો એ આવો છો, એમ કહે છે. આહાહા..! પરમાત્મા તું છો, ભાઈ! પરમ સ્વરૂપે બિરાજમાન એને જોને. કેટલી મુદ્દત ને એમ ન જોવું જોઈએ. કેટલી મુદ્દત લાગશે? એ મુદ્દત તો એણે જોયું એટલે મુદ્દત થઈ ગઈ. આહાહા..!

**'સ્વરૂપનું યથાવત્ ભાન થયું ત્યારે તે વાસ્તવમાં જાગૃત થયો અર્થાત્ તેના પરિજ્ઞાનરૂપે પરિણમ્યો.'** તેના વિશેષ જ્ઞાનરૂપે, ખાસ એના જ્ઞાનરૂપે. એમ. ચૈતન્ય સ્વરૂપ છે એના ખાસ જ્ઞાનરૂપે પરિણમ્યો. આહાહા..! આવી કથા! કહો, શેઠ! ત્યાં બીડી વાળવામાં આવું કાંઈ મળત? બે ભાઈઓ બેસતા હતા ત્યાં. વાતું કરે લાખો રૂપિયાની. આહાહા..! ભગવાનમાં પેસવા માટેની યોગ્યતા સ્વસંવેદન છે. બીજી તાકાત નથી વિકલ્પ ને નિમિત્તમાં કે આત્મા જણાય. આહાહા..! સમજાણું કાંઈ?

**'જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે...'** ઉપલબ્ધિનો અર્થ પ્રાપ્તિ. સિદ્ધની ઉપલબ્ધિ કહે છે ને? આત્માની ઉપલબ્ધિ. સિદ્ધને માટે એમ કહે છે. ભાઈ! આત્મ ઉપલબ્ધિ. એટલે આત્મા છે એવો સમીપમાં જઈને પૂર્ણ પ્રાપ્ત થવો. આહાહા..! એ આત્મ ઉપલબ્ધિ. ભગવાન પૂર્ણાનંદનો નાથ વીતરાગની મૂર્તિ પ્રભુ છે. એના સમીપમાં.. આહાહા..! એના સમીપમાં જા, કહે છે. સમજાણું? આહા..! એનું નામ ઉપલબ્ધિ. પોતે પ્રાપ્ત-મળવો જોઈએને એમ કહે છે. રાગ ને પુણ્ય ને પાપ થાય એમાં આત્મા ક્યાં આવ્યો? એ તો આસ્રવ છે. રાગ, પુણ્ય,

દયા, દાન, વિકલ્પ એ તો વિકાર છે, પુણ્ય છે, એ તો અનાત્મા છે. આત્માની ઉપલબ્ધિ કોને કહેવી? આહાહા..! સમજાણું કાંઈ? એ અનાત્મા દ્વારા આત્માની ઉપલબ્ધિ થાય? ઓહોહો..! વીતરાગ માર્ગ પહેલો જ શરૂઆતમાં આમ હોય, એમ કહે છે. વળી પહેલું કાંઈક કરે કષાયને મંદ ને ફલાણું માટે એ પ્રાપ્ત થાય, ઈ વસ્તુ એવી નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગયા સુમનભાઈ? સુમનભાઈ.

આ નવલા નાથનું આ વાસ્તુ છે કહે છે. નિવૃત્ત ભગવાન આત્મા એની વાસ્તુ માટે કોઈના આશ્રયની જરૂર નથી. આહાહા..! એ સ્વસંવેદનથી જ વાસ્તુ કરી શકે છે. આહાહા..! છે ને? અભાવસ્વરૂપ છે? છે અભાવસ્વરૂપ. પરથી અભાવસ્વરૂપ (છે). પણ પોતે છે ને? ભાવસ્વરૂપ છે. આહાહા..! ચિદ્‌ઘન છે, આનંદઘન છે. ભાવસ્વરૂપ છે. ભાવસ્વરૂપને અંદરની નિર્મળ સ્વસંવેદન પર્યાય દ્વારા એ જણાય એવો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અને જેને શુદ્ધાત્માની ઉપલબ્ધિ નથી તે ઊંઘે છે.'** આ જાગે છે અને ઓલો ઊંઘે છે. **'જ્યારથી તે ચિદાનંદ-સ્વરૂપને...'** આહાહા..! જ્ઞાનાનંદ સ્વરૂપને સ્વસંવેદન દ્વારા પોતાની જાતના વેદનથી વેદાતો એવો ભગવાન **'અનુભવે છે, ત્યારથી તે સદાય જાગૃત જ છે...'** એ ઊંઘે બાહ્યથી તો પણ એ જાગૃત છે. અને અજ્ઞાની બહારથી જાગતો હોય તો એ ઊંઘે છે. કરવાનું તો આ છે. પણ એનું કાંઈ સાધન બીજું? એમ માગે છે. એને તો (લાગે કે) આ એકદમ છે. એલ.એલ.બી.ની વાત એલ.એલ.બી.ની નથી, ભગવાન! પ્રથમ શરૂઆતનો જ આ માર્ગ છે, ભાઈ! એ વસ્તુ આવી ચૈતન્યસત્તા, મહા સત્તાનું સન્મુખ થયા વિના વેદન થાય નહિ. વેદન વિના સન્મુખ થાય નહિ. આહાહા..! એનો અર્થ એ કે સન્મુખ એટલે સત્‌ની સન્મુખ થયો. આહાહા..! અસત્‌થી વિમુખ થયો. આહાહા..!

માણસે સમ્યગ્દર્શનની કિંમત કાઢી નાખી. એ તો આપણને ખબર ન પડે સમ્યગ્દર્શનની. આપણને શ્રદ્ધા થાય એ માની લ્યો. એ તો અષ્ટપાહુડમાં આવે છે. નહિ? જયચંદ્ર પંડિતે નથી કહ્યું? અમુક પરીક્ષા થયા પછી સમકિત છે કે નહિ શંકા ન કરવી. આવે છે. શરૂઆતમાં પહેલા દર્શનપાહુડમાં. એ વાત થઈ ગઈ છે. હમણાં જ વંચાઈ ગયું છે અષ્ટપાહુડ. એમાં આવે છે ઈ. પાના લખાણા ઝાઝા એમાં. પાના લખ્યા છેને ઝાઝા? એમાં અર્થ છે. પોતાને વેદનમાં આવ્યો અને આખો પ્રત્યક્ષ ન પડે તેથી શંકા કરવી કે આ કેમ હશે? એમ નહિ. એમ કહ્યું છે. સમજાણું કાંઈ? એ પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન થયું એ સમકિતની સાથે જ હોય છે. આહાહા..! અવિનાભાવ છે એ.

**'તે સ્વરૂપનું સ્વસંવેદન કરનારને રાગાદિનો વિશેષ ક્ષય થવાથી ક્વચિત્‌ પણ શત્રુમિત્રની વ્યવસ્થા (કલ્પના) રહેતી નથી...'** ક્વચિત્‌ એટલે કોઈપણ પ્રકારની. એમ.

કોઈપણ પ્રકારના શત્રુ-મિત્રનો વિકલ્પ રહેતો નથી. શત્રુ કોણ અને મિત્ર કોણ? એ તો જ્ઞેય છે. બધા પદાર્થો તો જ્ઞેય છે. એમાં શત્રુ-મિત્રનો ભાગ પાડતો એ તો મિથ્યાત્વ પાડતો. મિથ્યાશ્રદ્ધા ભાગ પાડતો. આહાહા..! સમ્યગ્જ્ઞાનમાં એ ભાગ પડતા નથી. એ જ્ઞેય છે. આહાહા..! ક્વચિત્ પણ વ્યવસ્થા રહેતી નથી 'તે દર્શાવતાં કહે છે :-' લ્યો!

---

तत्स्वरूपं स्वसंवेदयतो रागादिप्रक्षयान्न क्वचिच्छत्रुमित्रव्यवस्था भवतीति दर्शयन्नाह–

क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः।
बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः।।२५।।

टीका :– अत्रैव न केवलमग्रे किन्तु अत्रैव जन्मनि क्षीयन्ते। के ते? रागाद्याः आदौ भवः आद्यः राग आद्यो येषां द्वेषादिनां ते तथोक्ताः। किं कुर्वन्तस्ते क्षीयन्ते? तत्त्वतो मां प्रपश्यतः। कथम्भूतं मां? बोधात्मानं ज्ञानस्वरूपं। तत इत्यादि–यतो यथावदात्मानं पश्यतो रागादयः प्रक्षीणास्ततस्तस्मात् कारणात् न मे कश्चिच्छत्रुः न च नैव प्रियो मित्रम्।।२५।।

---

તે સ્વરૂપનું સ્વસંવેદન કરનારને રાગાદિનો વિશેષ ક્ષય થવાથી ક્વચિત્ પણ શત્રુમિત્રની વ્યવસ્થા (કલ્પના) રહેતી નથી તે દર્શાવતાં કહે છે :-

શ્લોક - ૨૫

અન્વયાર્થ :- (यतः) કારણ કે (बोधात्मानं) શુદ્ધ જ્ઞાનસ્વરૂપ એવા (मां) અને-મારા આત્માને (तत्त्वतः प्रपश्यतः) વાસ્તવમાં અનુભવ કરનાર જીવને (अत्र एव) અહીં જ (रागाद्याः) રાગાદિ દોષો (क्षीयन्ते) નાશ પામે છે; (ततः) તેથી (मे) મારો (न कः चित्) ન કોઈ (शत्रुः) શત્રુ છે (न चः) અને ન કોઈ (प्रियः) મિત્ર છે.

ટીકા :- અહી જ-નહીં કે કેવળ આગળ (બીજા જન્મમાં) જ પરંતુ આ જ જન્મમાં (તેઓ) ક્ષય પામે છે. કોણ તે? રાગાદિ-અર્થાત્ રાગ જેની આદિમાં છે તેવા દ્વેષાદિ (દોષો). શું કરતા તે ક્ષીણ થાય છે? તત્ત્વતઃ (પરમાર્થપણે મને દેખતાં (અનુભવતાં). કેવા મને? બોધાત્મા એટલે જ્ઞાનસ્વરૂપ (એવા મને). યથાવત્ આત્માનો અનુભવ કરતાં રાગાદિ ક્ષીણ થાય છે; તે કારણથી ન કોઈ મારો શત્રુ છે અને ન કોઈ મારો પ્રિય એટલે મિત્ર છે.

ભાવાર્થ :- જ્ઞાનસ્વરૂપ આત્માને યથાર્થસ્વરૂપે અવલોકતાં-અનુભવતાં રાગ-દ્વેષાદિ દોષોનો (ભૂમિકાનુસાર) અહીં જ અભાવ થાય છે; તેથી જ્ઞાની કહે છે કે, ''આ

જગતમાં મને કોઈ શત્રુ-મિત્રરૂપે ભાસતો નથી-અર્થાત્ વાસ્તવમાં કોઈ કોઈનો શત્રુ-મિત્ર થઈ શકતો નથી.''

જ્યારે આત્મા પ્રબુદ્ધ થઈ યથાર્થ વસ્તુસ્થિતિનો અનુભવ કરે છે, ત્યારે તેની રાગ-દ્વેષરૂપ ઈષ્ટ-અનિષ્ટની કલ્પના મટી જાય છે અને બાહ્ય સામગ્રીના બાધક-સાધક મનાતા જીવો પ્રત્યે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે, તેથી તે ન કોઈને શત્રુ સમજે છે કે ન તો કોઈને મિત્ર માને છે. એ રીતે આત્મસ્વરૂપની ભાવનાના બળે તેના રાગ-દ્વેષાદિનો નાશ થતાં તેને કોઈ પ્રત્યે શત્રુ-મિત્રપણું રહેતું નથી.

### વિશેષ

જ્ઞાનભાવનારૂપે પરિણમેલો જ્ઞાની વિચારે છે કે :-

''નિશ્ચયથી હું એક છું, શુદ્ધ છું, મમતારહિત છું, જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું; તે સ્વભાવમાં રહેતો, તેમાં-તે ચૈતન્ય-અનુભવમાં લીન થતો હું આ ક્રોધાદિક સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું.''[૧]

સારાંશ એ કે જ્યારે જ્ઞાની પોતાના આત્મસ્વરૂપને યથાર્થપણે જાણી તેમાં લીન થાય છે, ત્યારે તેના આસ્રવ-ભાવો રાગદ્વેષાદિ વિકારો સ્વયં ઉત્પન્ન થતા નથી. આવી સ્થિતિમાં તેને કોઈ શત્રુ-મિત્ર ભાસતો નથી; તેને સર્વ પ્રત્યે સમભાવ પ્રગટે છે. ૨૫

## શ્લોક-૨૫ ઉપર પ્રવચન

૨૫મો.

क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः।
बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः।।२५।।

'ટીકા :- અહીં જ-નહીં કે કેવળ આગળ (બીજા જન્મમાં) જ...' એમ નહીં. અહીં જ તે. એમ. એમ કે ધર્મ થાય અહીં અને પછી એનું ફળ આવે ભવિષ્યમાં, એમ નહિ. 'નહીં કે કેવળ આગળ (બીજા જન્માં) જ પરંતુ આ જ જન્મમાં જ...' આહાહા..! એટલે કે પૂર્ણ ક્ષય ભલે અમુક વખતે થાઓ, પણ જેટલો સ્વનો આશ્રય લીધો

---

૧. હું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાન-દર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.
(શ્રી સમયસાર-ગુ. આવૃત્તિ, ગાથા-૭૩)

છે એટલો તો રાગનો ક્ષય કહેવામાં આવે છે. આહાહા..! છે એમ. સમજાણું કાંઈ?

**'આ જ જન્મમાં (તેઓ) ક્ષય પામે છે. કોણ તે? રાગાદિ-અર્થાત્ રાગ જેની આદિમાં છે...'** એમ. રાગ, દ્વેષ, વિષયવાસના બધાથી એકત્વબુદ્ધિ ખસી જાય છે. આહાહા..! **'શું કરતા તે ક્ષીણ થાય છે? તત્ત્વતઃ (પરમાર્થપણે મને દેખતાં (અનુભવતાં).'** એમ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યને અનુસરીને વેદતા-અનુભવતા રાગાદિનો ક્ષય થઈ જાય છે. '**क्षीयन्ते**' અહીં તો કીધું, ક્ષય થઈ જાય છે. લ્યો! આહાહા..! જોયું! ઉપશમ થઈ જાય એના બદલે '**क्षीयन्ते**' આહાહા..! જોર એટલું છે. '**क्षीयन्ते**' છે ને? એનો અર્થ કે નાશ પામે છે. '**क्षीयन्ते**'નો અર્થ નાશ પામે છે.

**'તે ક્ષીણ થાય છે?'** મને અનુભવતાં. **'કેવા મને?'** કેવો હું? કેવા મને અનુભવતાં રાગાદિનો નાશ થાય? **'બોધાત્મા એટલે જ્ઞાનસ્વરૂપ (એવા મને).'** મુખ્ય ગુણ લીધો ને? જ્ઞાનસ્વરૂપ બોધાત્મા-બોધાત્મા. જ્ઞાન તે આત્મા. એવો જે બોધાત્મા **'યથાવત્ આત્માનો અનુભવ કરતાં રાગાદિ ક્ષીણ થાય છે; તે કારણથી ન કોઈ મારો શત્રુ છે અને કોઈ મારો પ્રિય એટલે મિત્ર છે.'** આ કારણે. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું વેદન થતાં-અનુભવમાં આવતાં-તેટલા પ્રકારનો ભૂમિકા પ્રમાણે રાગ-દ્વેષનો ક્ષય થાય છે. તેથી મને કોઈ શત્રુ અને મિત્ર છે નહિ. સમભાવ છે. એમ કહે છે, લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૨, મંગળવાર તા. ૧૪-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૫, ૨૬, પ્રવચન - ૩૫**

શ્લોક છે એનો ભાવાર્થ. આ તો મુદ્દાની રકમ છે. હવે વ્યવહારથી એને ખટકે છે લોકોને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહાર વચમાં આવે, હોય ખરો. પણ એ વ્યવહાર છે એ બંધનું કારણ વચમાં આવે છે. વ્યવહાર ન હોય એમ નહિ. મુનિને પણ વ્યવહાર આવે છે વચમાં. પણ એ વ્યવહાર છે એ મોક્ષનો માર્ગ નથી. એ તો બંધના પરિણામ છે. આહાહા..! કહો, શ્રીપાલજી! હવે આ ખટકે છે બધાને. શું કરવું? કહો. વ્યવહારથી ધર્મ (ન) થાય એમ ન કહો અને વ્યવહાર...

મુમુક્ષુ :- વ્યવહારથી થાય છે એટલે વ્યવહાર છોડી ન શકો એવો અર્થ .. થાય છે.

ઉત્તર :- છે ને પણ. આહાહા..! એવો માર્ગ છે.

જેને વ્યવહારના કારકોની અપેક્ષા નથી એવો સ્વભાવ જ્ઞાનસ્વરૂપમાં જવું અંદર, કોઈ અપેક્ષા નથી. આહાહા..! હવે આ વાત. ભલે એને જગતને ન બેસે અને પ્રચાર-પ્રસાર ન પામે પણ વસ્તુ તો આ છે. સત્ય વસ્તુના શરણ વિના તો આત્મા પરમાનંદ જ્ઞાનસ્વરૂપ એ શરણ છે. વચ્ચે વિકલ્પ આવે, હોય. એ શરણ નથી કંઈ. આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનસ્વરૂપ આત્માને...**' એમ કહ્યું. .. ચૈતન્ય સ્વરૂપ. એ રાગસ્વરૂપ કે પુણ્યસ્વરૂપ કે વ્યવહારસ્વરૂપ એ આત્મા નથી. એ તો અણાત્મા છે. આહાહા..! આવી વાતું, બાપુ! આ તો જેને જન્મ-મરણ રહિત થાવું હોય (એના માટે વાત છે). આ જન્મ ચોર્યાસીના અવતાર દુઃખી.. દુઃખી.. દુઃખી. પ્રાણી છે ઈ. એને ક્યાંય શાંતિ નથી ચારેય ગતિમાં. ચારેય ગતિને દુઃખ કહે છે ને. અને પરાધીન છે ચારે ગતિ. આહાહા..! પંચાસ્તિકાયમાં આવ્યું ને. આહા..! જેને આવું પરમ સત્ય... એ આત્મા એટલે? અને એનું શરણ ક્યારે લે? કે આ જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એ દયા, દાન, વ્રતના પરિણામનું સ્વરૂપ એ આત્મા નથી. સમજાણું કાંઈ? સત્ય આવું છે. હવે ન રુચે અને ન પ્રસાર પામે એથી કાંઈ સત્ય બીજું થઈ જાય? આહાહા..! આવું છે.

'**જ્ઞાનસ્વરૂપ આત્માને યથાર્થસ્વરૂપે અવલોકતાં-**' બીજું પદ આવ્યું. જ્ઞાનસ્વરૂપ આત્મા એને યથાર્થ સ્વરૂપે એટલે સન્મુખ થઈને જાણતા. આહાહા..! એની દૃષ્ટિ નિમિત્ત, રાગ અને પર્યાય ઉપરથી છૂટતાં.. આ એક આવ્યું હતું ને? ભાઈએ નહોતું ફૂલચંદજીએ કહ્યું? કે વ્યવહારની

ઉપેક્ષા એ જ વ્યવહારની અપેક્ષા. ભાઈ! આહાહા..! એટલે નિશ્ચયનય છે એ છે એકાંત. કારણ કે નય એકાંત છે અને પ્રમાણ અનેકાંત છે. અનેકાંત પણ અનેકાંત છે. આહા..! બે અપેક્ષાએ અનેકાંત છે અને એક અપેક્ષાએ એકાંત, સ્વની અપેક્ષાએ એકાંત છે, નયની. કારણ કે નય છે એ એક અંશને બતાવે છે. ત્રિકાળી ધ્રુવ પણ એક અંશ છે. બીજો પર્યાય અંશ બાકી રહી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

નય છે એ અંશ છે એ વાત સાચી. પણ એ નયનો અંશ જે નિશ્ચયનો છે એ જ આશ્રય કરવા લાયક છે. પર્યાયનો અંશ છે એ પછી એકાંત સમ્યક્ના સ્વભાવનું એકાંત દૃષ્ટિ જ્ઞાન થયું એ કાળે તેને પર્યાયનું જ્ઞાન ત્યારે એને વ્યવહારનું જ્ઞાન યથાર્થ થાય. આહાહા..! જ્ઞાન, હોં! આહાહા..! કહો, શાંતિભાઈ! શું કરવું? આ બધા વિરોધ કરે છે. એ તો બિચારા એનો વિરોધ કરે છે. અહીંનો કાંઈ નથી. અહીં કોનો કરે? બાપુ! આહાહા..! ભાઈ! આ તો સત્યની વાતું છે, બાપા!

કહે છે, **'યથાર્થસ્વરૂપે અવલોકતાં-...'** કેવો? જ્ઞાનસ્વરૂપી આત્મા. જ્ઞાનસ્વરૂપી આત્મા યથાર્થપણે અવલોકતાં... આહાહા..! એની સન્મુખ થઈને યથાર્થતાએ અવલોકન કરે એ તો નિશ્ચય થઈ ગયો. આહા..! એટલે કે અનુભવતાં. જ્ઞાનસ્વરૂપ આત્મા યથાર્થ સ્વરૂપે અનુભવતાં. જેવું એનું શુદ્ધ સ્વરૂપ છે-પવિત્ર છે, આનંદનો નાથ કંદ છે. આનંદકંદ છે. એકલો આનંદ દળ છે ઈ. અતીન્દ્રિય આનંદનું એ સત્ત્વનું દળ છે. આહાહા..! અહીં જ્ઞાનસ્વરૂપથી લીધું છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો જે જ્ઞાનસ્વરૂપ આત્મા યથાર્થ અનુભવ કરતાં. એમ. એટલે કે વ્યવહારનું લક્ષ અને પક્ષ છોડીને અંતરમાં સ્વરૂપ શુદ્ધ ચિદ્‌ઘન આનંદ એને અનુભવતાં.

**'રાગ-દ્વેષાદિ દોષોનો (ભૂમિકાનુસાર) અહીં જ અભાવ થાય છે;...'** તે ભૂમિકા અનુસાર. લીધું છે ને? પાઠમાં એમ છે ને? ક્ષય થાય છે. એટલે પૂર્ણની વાત લીધી ત્યાં. એટલે આમણે જરી ખુલાસો કર્યો. જેટલો ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એનું જેટલું યથાર્થ અંતર અવલોકન કરે એટલા રાગ-દ્વેષના ભાવો ઉત્પન્ન થાય નહિ. એને રાગ-દ્વેષ ક્ષય કરે એમ કહેવામાં આવે છે. આહાહા..! આવો માર્ગ છે. આહાહા..! કહો, શેઠ! આ તમારા પંડિતો બધા માનતા નથી, વિરોધ કરે છે અહીંનો. એનો કરે છે. એને ખબર નથી, બાપા! આહાહા..!

પોતે મહાપ્રભુ છે અંદર. ચિદ્‌ઘન આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. એ જ્ઞાનસ્વરૂપે એમ કહેતા જ્ઞાનની વિકાસ શક્તિ છે ને? જ્ઞાનનો અંશ વિકાસપણે છે સંસારમાં. આનંદનો અંશ વિકાસપણે નથી. સમજાય છે કાંઈ? એથી એને લીધું કે જ્ઞાનસ્વરૂપ જે વિકાસ છે એ અંદર લેતા આખો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? આવો માર્ગ! જાત્રા કરવા

નીકળ્યા હોય. હવે એને એમ કહેવું કે જાત્રા એ ધર્મ નહિ. એ તો અમારે ભાઈને એમ લાગ્યું હતું ને? તંબોળીને. ફૂલચંદ તંબોળી હતા ને. એ બરાબર જાત્રા કરીને આવેલા. ઘણાં વર્ષ થયા, હોં! લીલાધરભાઈ કાળ કરી ગયા તે દિ'. કાળ કરી ગયા તે દિ'. કઈ સાલ? ૨૦૦૫ને? (સંવત) ૨૦૦૧. ઓહોહો..! આ તો. ૨૦૦૧ની સાલ. તો ૩૦ વર્ષ થયા. ઓહોહો..! આ તંબોળી હતાને? શેઠ! અહીં તંબોળી. અહીં છબલબહેન રહે છે ને? એમની બહેન. ઈસરી. બહુ એને રસ પહેલેથી, હોં! પહેલા કરોડપતિ થઈ ગયા હતા. વળી ભાંગી ગયા હતા, વળી કરોડપતિ થયા, વળી ભાંગી ગયા હતા. એમ બધું ઘણું થયું હતું. ધીરૂભાઈ નથી. એ અહીં જાત્રા કરીને આવ્યા તાકડે. અને અહીં કહેવાણું કે વ્યવહાર એ ધર્મ નહિ. ભડક્યા. જાત્રા એ ધર્મ નહિ. એમ ઓલા બિચારા આવ્યા હશે. ચડવા હોય ગિરનાર, શેત્રુંજય. કેટલી મહેનત કરે. હવે એને એમ કહેવું કે.. એય..! ચીમનલાલજી!

જ્યાં સુધી... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું સ્વને આશ્રયે, જ્યાં સુધી પૂર્ણ નથી ત્યાં સુધી રાગ ભક્તિ, જાત્રાનો આવે છે, હોય છે. હોય છે એટલે એ ધર્મનું કારણ છે કે ધર્મરૂપ છે એમ નથી, ભગવાન! આ તારી મહિમા એમાં ખસી જાય છે. રાગમાં આવતાં એની શાંતિ ખસી જાય છે. કહ્યું નથી ઓલામાં? કે પુણ્યનો ભાવ આવતા સ્વરૂપથી પતિત થઈ જાય છે. પુણ્ય-પાપના અધિકારે. જયસેનાચાર્યની ટીકા. આહાહા..! વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્રનું પઢવું, ભગવાનના કહેલા શાસ્ત્ર, હોં! એનું ભણવું અને પંચ મહાવ્રતનું આવવું. એ ત્રણે થતાં એ પાપ છે, એમ કીધું છે ત્યાં તો. આત્માના સ્વરૂપથી પતિત થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારનો વિકલ્પ આવે, હોય. પણ હોય એ કાળે સ્વરૂપ ચિદાનંદ પ્રભુથી તો પતિત થાય છે, ખસી જાય છે. હવે એને ધર્મ કેમ કહેવો? વ્યવહાર ધર્મ કહેવાય. એટલે કે ધર્મ નથી એને વ્યવહારનયે નિશ્ચય હોય એને આ વ્યવહારધર્મ કહેવાય. આહાહા..! પણ જ્યાં સ્વનો આશ્રય નથી.. આહાહા..! એના વ્યવહારને વ્યવહારાભાસ છે એ તો. આહાહા..! આવી ચીજ પણ આકરી પડે જગતને બહુ. પંડિતોને ખટકે છે કૈલાસચંદજીને. એટલે આવું નાખે ત્યારે એને સંતોષ થાય. અરે..! ભગવાન! બાપુ! માર્ગ તો આ છે, હોં! સત્યના શરણ વિના કોઈ શરણ નથી. ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ ગાંઠડી છે. એને ખોલવામાં સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર એની પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અનુભવતાં રાગ-દ્વેષાદિ દોષોનો (ભૂમિકાનુસાર) અહીં જ અભાવ થાય છે;...'** પાઠમાં તો એમ છે ખરું ને? 'क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः।' એટલે 'ऽत्रैव' છે પણ એ કાળે જ એમ કહે છે. જેટલે અંશે સ્વભાવનો આશ્રય લીધો દર્શન-જ્ઞાન-ચારિત્રે,

એટલે અંશે ત્યાં રાગની ઉત્પત્તિ નથી. એ રાગનો ક્ષય કર્યો એમ કહેવામાં આવે છે. આમ છે વસ્તુ. હવે એને શી રીતે વાદવિવાદ કરીને ઢીલું શી રીતે પાડવું? શાંતિભાઈ! આહાહા..! માર્ગ તો આવો છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'તેથી જ્ઞાની કહે છે કે, આ જગતમાં મને કોઈ શત્રુ-મિત્રરૂપે ભાસતો નથી–** ...' કોણ શત્રુ અને કોણ મિત્ર? આહાહા..! કોણ સહાયક અને કોણ વિરોધ કરનાર? આહાહા..! **'શત્રુ-મિત્રરૂપે ભાસતો નથી અર્થાત્ વાસ્તવમાં કોઈ કોઈનો શત્રુ-મિત્ર થઈ શકતો નથી.'** આહાહા..! માને ભલે અજ્ઞાની. તેથી કોઈ શત્રુ-મિત્ર થઈ શકે છે? એ તો જ્ઞેય છે. આહાહા..! કોણ શત્રુ? બાપુ! આહા..! અરે..! આવા જન્મ-મરણ ટાળવાના ટાણા આવ્યા એ વખતે પણ આવા ઝઘડા ઊભા કરવા. અરે..! તને શોભતું નથી, પ્રભુ! આહાહા..! આ સંસાર ચાર ગતિમાં બળીજળી રહ્યો છે. દુઃખી બિચારા અંગારામાં સળગ્યા છે. આહાહા..!

સર્પનો દાખલો નહોતો આપ્યો? ચુડામાં. ગાંઠિયા કે ભજીયા કાંઈક કરતા હતા. જૈન સ્થાનકવાસી, પછી દેરાવાસી. કુંવરજી હતા ત્યારે સ્થાનકવાસી. બીજા એના ભાઈ ને એ બધા દેરાવાસી. કુંવરજીભાઈ અહીં આવતા. એક વખત બાર મહિનાનું ધર્મનું કાઢ્યું હતું એ અહીં આપી ગયા હતા. એણે ધર્માદો કાઢ્યો હતો. બાર મહિને કાઢે ને, એ આપી ગયા બાર મહિનાનું. એક વખત. સ્થાનકવાસી છે, પ્રેમ છે એને. બીજા તો દેરાવાસી બધા ભાઈઓ. એ બિચારા ગાંઠિયા કે.. ગાંઠિયા સમજો છો? શું કહે છે? ખાવાના લોટના ગાંઠિયા હોય. એ ગાંઠિયા કે ભજીયા કરતા હશે. ભજીયા કહે ગાંઠિયાને.

મુમુક્ષુ :- મારવાડી ભુજીયા કહે.

ઉત્તર :- ભુજીયા કહે. ગાંઠિયા નથી હોતા? ચણાના લોટના. ચણાના લોટના ... એ .. ઉપરનું તેલ હેઠે ચડાવ્યું. ધુવાડો ગરમી લાગી ને. ઉપરથી સર્પ નીકળ્યો. અડધો પડ્યો તેલમાં અને અડધો બહાર રહ્યો. બિચારા ત્રાસ પામી ગયા. એ જારો જારો હતો ને? એનાથી કરતા હતા. આમ કાઢ્યો. પણ ખબર નથી કે ક્યાં દુઃખથી મુક્ત થવાય? આ બળતરાથી ક્યાંથી મુક્ત થવાય એની ખબર ન મળે. આહાહા..! મુંઝવણમાં એ ત્યાં ગરી ગયો ચૂલમાં. અને ચૂલમાં તો ધગધગતી અગ્નિ. ખલાસ. બિચારા ... બંધ કરી દીધું. ત્રાસ.. ત્રાસ.... જયચંદભાઈ! કુંવરજીભાઈ! આહાહા..!

એમ આ જીવ અનાદિનો અજ્ઞાનથી બળી-જળી રહ્યો છે. અને એ બળી-જળીને કેમ મૂકાય એની ખબરું ન મળે. અને બળતરાના કારણ એવા મિથ્યાત્વ અને રાગ-દ્વેષમાં પાછા ઘુંટાય છે. ત્યાં પડે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વિપરીત માન્યતા અને રાગ-દ્વેષ એ બધા દુઃખરૂપ છે. આકુળતા છે. સમ્યગ્દર્શન અને રાગ-દ્વેષથી રહિત દશા એ આનંદમય છે.

આહાહા..! ત્યાં આનંદ છે. આનંદ ધૂળમાંય ક્યાંય નથી. પૈસામાં કે બાયડીમાં કે આબરૂમાં કે... આહાહા..! છોકરાના લગન હોય, બે-પાંચ લાખ ખરચતા હોય. બે-પાંચ કરોડની મૂડી હોય. એ વખતે આમ હોંશ... હોંશ... હોંશ.. હોંશ... એ શેની હોંશ? બાપુ! એ તો દુઃખની હોંશ છે. સમજાણું કાંઈ? એમાં લગન કરે છોકરાના, લગન થઈ રહે પછી વડીલોને પગે લાગે. મોટા હોય ને. શેઠ! લગન થઈ જાય ને લગન? પછી વડીલો હોય. તમે મને આ ઠીક નાખ્યો અગ્નિમાં. તમે પડ્યા હતા એવું મને નાખ્યું. એય..! નવરંગભાઈ! એ તો એનો ઉપકાર માને. એ તો ઓલા ખુશી થઈ જાય.

મુમુક્ષુ :- સાચી વાત છે.

ઉત્તર :- સાચી વાત છે? આશીર્વાદ આપે. સો વર્ષનો થાજે, ઘરડો થઈને મરજે એમ કહે. આહાહા..! અને શું કાંઈક કહે? મા પાસે.

મુમુક્ષુ :- સાત દીકરાની મા થા.

ઉત્તર :- હા, એમ કાંઈ કહે. સાત દીકરાની મા થાજે, વહુને એમ કહે. કહો, હવે સાત દીકરાની મા થાજે. આકુળતામાં રહેજે અને દુઃખી થાજે એમ થયું. આહાહા..!

અહીંયાં કહે છે કે આ જગતમાં શત્રુ-મિત્ર કોઈ નથી, ભાઈ! આ તો કલ્પેલી વાત છે. જ્યાં જ્ઞાનસ્વરૂપી ભગવાન.. એ આવે છે. આચારંગમાં પહેલા સૂત્રમાં એમ કહેતા વ્યાખ્યાનમાં તે દિ' હોં! 'પુરિસા! તુમં એવં તુમં મિત્તં, કિં બહિયા મિત્તંઈચ્છસિ?' બોટાદમાં મોટી સભામાં. આચારાંગના પહેલા ભાગમાં છે. શ્વેતાબંરમાં, હોં. 'પુરિસા! તુમં એવં તુમં મિત્તં,...' તું તારો મિત્ર છો. આહાહા..! 'કિં બહિયા મિત્તંઈચ્છસિ?' તારા આત્મા સિવાય બાહ્યમાં ક્યા મિત્રને ગોતે છો? એવું સૂત્ર આવતું. એ અર્થ તો હું કરતો. .. ટૂકડા થઈ ગયા. મૂળ તો બધું વિપરીત ઘણું પણ આવા ટૂકડા કેટલાક હતા. અને ચાલતું વ્યાખ્યાન. એટલે લોકો બહુ ખુશી (થાય). બોટાદમાં ૩૦૦ ઘર. હજારો માણસો કાયમ હોય વ્યાખ્યાનમાં. ત્યાં એવું કહ્યું હતું.

'પુરિસા!' હે આત્મા! 'તુમં એવં...' તું જ તારો મિત્ર છે. તું તારો મિત્ર છે. 'કિં બહિયા મિત્તં ઈચ્છસિ?' ક્યા મિત્રને બહારમાં ગોતે છો? કોઈ બહારમાં મિત્ર તો છે નહિ. ભાઈ! આહાહા..! બાહ્ય પદાર્થ તો બધા દુઃખમાં કારણ-નિમિત્ત છે. દુઃખ તો પોતે ઉત્પન્ન કરે છે. આહાહા..! મારી રક્ષા કરનારા છે, મારી સંભાળ કરનારા છે, આ મારી અર્ધાંગના છે. એ તો એણે માન્યું છે મિથ્યાત્વમાં. એ મિથ્યાત્વમાં એ નિમિત્ત છે. આહાહા..!

અહીં કહે છે કે આત્માને શુદ્ધ ચૈતન્યનું જ્યાં આત્મ સ્વરૂપનું ભાન થયું, અનુભવ થયો, રાગ-દ્વેષ ઉત્પન્ન (થતા નથી). એટલે અંશે શત્રુ-મિત્ર કોઈ છે નહિ. છે જ નહિ શત્રુ-મિત્ર. આહાહા..! કોઈ શત્રુ નથી.

'**જ્યારે આત્મા પ્રબુદ્ધ થઈ...**' જ્યારે આત્મા પ્ર-બુદ્ધ. પ્ર-વિશેષે આત્માના અવલોકનમાં આવ્યો. અંતરના અનુભવમાં આવ્યો. આહાહા..! '**યથાર્થ વસ્તુસ્થિતિનો અનુભવ કરે છે,...**' યથાર્થ આત્માની વસ્તુસ્થિતિ, આનંદ અને જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરે છે.. આહાહા..! '**ત્યારે તેની રાગ-દ્વેષરૂપ ઈષ્ટ-અનિષ્ટની કલ્પના મટી જાય છે...**' આહાહા..! '**અને બાહ્ય સામગ્રીના બાધક-સાધક મનાતા જીવો પ્રત્યે...**' દેખો! બાહ્ય સામગ્રીના બાધક અને સાધક. વેરીઓ બાધક અને સ્ત્રી, કુટુંબ સાધક. બાહ્ય સામગ્રીમાં. '**જીવો પ્રત્યે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે;...**' ધર્મી જીવને તો પર પ્રત્યે ઉપેક્ષા (રહે છે). એ જ વ્યવહારની અપેક્ષા આવી ગઈ. આહાહા..! સમજાણું કાંઈ?

'**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' આ સિદ્ધાંત. ૧૧મી ગાથાનો મહાસિદ્ધાંત. જૈનદર્શનના પ્રાણ. ભૂતાર્થ ભગવાન આત્મા, એને આશ્રયે સમ્યગ્દર્શન થાય. આ તો એક નય થઈ. બીજી નય તો ત્યાં રહી નહિ. બીજી નય નથી ત્યારે જ એને નિશ્ચયનય કહેવાય. હવે એ નિશ્ચયમાં બહુ કહો તો કે વ્યવહારનય આવે તો બે નયમાં આવ્યો કહેવાય. તો કહે, વ્યવહાર જે રાગનો પર્યાય છે એની ઉપેક્ષા થઈ એટલી વ્યવહારની અપેક્ષા કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈએ નાખ્યું છે. ફૂલચંદજીએ નાખ્યું છે. અહીં તો એમ જ કીધું કે ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય. એકાંત કહ્યું. ત્યાં તો અભૂતાર્થ કે પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ તો ના જ પાડી. રાગને આશ્રયે ન થાય, નિમિત્તને આશ્રયે ન થાય પણ પર્યાયને આશ્રયે ન થાય. કારણ કે અંશમાં આખી ક્યાં ચીજ આવી છે? અને આખી ચીજના આશ્રય વિના સત્ય પૂર્ણ ક્યાં દૃષ્ટિમાં આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..!

સત્ પૂર્ણ જે છે ધ્રુવ ચૈતન્યમૂર્તિ એવું પૂર્ણ સ્વરૂપ સમ્યક્ જેમ છે તેમ દૃષ્ટિમાં ન આવે તો એ સમ્યગ્દૃષ્ટિ ક્યાંથી થયો? આહાહા..! ત્યાં અપૂર્ણ એની પણ ઉપેક્ષા થઈ ગઈ. એ ઉપેક્ષા થઈ એ જ અપેક્ષા. આહાહા..! એ એકાંત લાગે છે, હોં! બધાને એકાંત લાગે છે. કૈલાસચંદજી ને એ બધા એકાંત છે... એકાંત છે (કહે છે). પણ ચાલશે હળવે હળવે. એણે કીધું કે બેયને ભલે રાખો. એને જૈનમાંથી કાઢી ન નાખતા. એમ કે દિગંબર સાધુ બધા આવ્યા હતા. દિલ્હીમાં. મખ્ખનલાલજીએ કહ્યું ત્યાં જઈને. શાંતિભાઈ! સાંભળ્યું છે? મખ્ખનલાલજીએ ત્યાં કહ્યું. બધા સાધુને ધર્મસાગર, આ વિદ્યાસાગર, વિદ્યાનંદજી બીજા કોણ ઓલા? દેશભૂષણ. આ સોનગઢ છે એ એકાંત છે, દિગંબર ધર્મથી વિરૂદ્ધ છે. માટે આપ બધા થઈને નક્કી કરો કે એ દિગંબર નથી. મખ્ખનલાલજીએ કહ્યું. ત્યારે બીજાએ એમ કહ્યું, ના. એમ નહિ. કાઢી નાખો તો કાઢી નાખીએ અમે... આહાહા..!

અહીં તો ભગવાન આત્મા વ્યવહારથી તો નીકળી ગયો જ્યાં.. આહાહા..! એને તો

ક્યાં હવે કાઢવો છે? વસ્તુ નિત્યાનંદ પ્રભુ એનું શરણ લેતાં વ્યવહારથી પણ છૂટો પડી ગયો. વ્યવહારની સાથે રહ્યો નહિ. એ પોતે જ વ્યવહારથી નીકળી ગયો. હવે એને રાખવો છે ક્યાં તારે? આહાહા..!

કહે છે, '**બાહ્ય સામગ્રીના બાધક-સાધક મનાતા જીવો પ્રત્યે તેને ઉપેક્ષાબુદ્ધિ રહે છે; તેથી તે ન કોઈને શત્રુ સમજે છે કે ન તો કોઈને મિત્ર માને છે. એ રીતે આત્મસ્વરૂપની ભાવનાના બળે...**' આહાહા..! ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ એની ભાવના. ભાવના એટલે એકાગ્રતા, એની સન્મુખતા. આહાહા..! '**આત્મસ્વરૂપની ભાવનાના બળે તેના રાગ-દ્વેષાદિનો નાશ થતાં તેને કોઈ પ્રત્યે શત્રુ-મિત્રપણું રહેતું નથી.**'

'**વિશેષ**' :- '**જ્ઞાનભાવનારૂપે પરિણમેલો જ્ઞાની વિચારે છે કે** :-' એ આપણે ૭૩ ગાથા નાખી. સમયસારની.

**હું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાન-દર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

મેળ કર્યો છે, હોં! અહીં ક્ષય આવ્યું છે ખરુંને પાઠમાં? એટલે ગાથા એણે મેળવાળી નાખી છોટાભાઈએ. પાઠ છે ને? ક્ષય કરું છેને? છેને? રાગાદિ. જુઓ! '**क्षीयन्ते**' પહેલું જ પદ છે. '**क्षीयन्ते अत्र एव**' રાગાદિ આદિ. આહાહા..!

'**નિશ્ચયથી હું એક છું,...**' ધર્મી સમ્યગ્દૃષ્ટિ ધર્મની દશામાં પરિણમેલો. એમ છે ને ત્યાં ૩૮માં એ? આહાહા..! '**હું એક છું,...**' ત્યાં ત્રણે પરિણમેલો એમ લીધું છે. ૩૮ છે ખરીને. જીવનું પૂર્ણ સ્વરૂપ. દર્શન-જ્ઞાન અને ચારિત્ર ત્રણેય. આહાહા..! દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેમાં હું પરિણમેલો એક છું. આહાહા..! '**શુદ્ધ છું,...**' તદ્દન પવિત્રનો પિંડ છું. આહાહા..! હું અનેક છું એ નહિ. સવારમાં આવ્યું હતું ને? પર્યાયથી જોવે તો અનેક છે, અન્ય છે. દ્રવ્યથી જોવે તો તન્મય છે, અભિન્ન છે. બીજું શું હતું? ત્રણ-ચાર શબ્દ હતા ને? અનન્ય, અભિન્ન, એક અને તન્મય ચાર શબ્દ હતા. આહાહા..!

'**હું એક છું,...**' ગુણ-ગુણીના ભેદરૂપે અનેક તે હું નહિ. આહાહા..! '**શુદ્ધ છું,...**' એ અસ્તિથી લીધું. '**મમતારહિત છું,...**' હવે નાસ્તિથી. આહાહા..! રાગાદિ મારા છે એનાથી હું રહિત છું. વ્યવહારનો વિકલ્પ છે, સમકિતી એમ જાણે છે કે હું એનાથી રહિત છું. '**જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું;...**' હવે ખુલાસો કર્યો. એક અને શુદ્ધ પણ છે શું એ ચીજ? એક અને શુદ્ધ તો એક પરમાણુને પણ કહેવાય. પરમાણુ પણ દ્રવ્યે તો એક છે અને શુદ્ધ જ છે. જડપણે પણ એ શુદ્ધ છે. આહાહા..! ત્યારે કહે કે '**હું જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું;...**' આહાહા..! જાણવું અને દેખવો એવો સ્વભાવ, વસ્તુનો સ્વભાવ એ પૂર્ણ જ હોય. આહાહા..!

સમજાણું કાંઈ? આવો માર્ગ બિચારાને સાંભળવા મળે નહિ. એકાંત કરે. ક્યાંય છે નહિ. બધા રખડવાના રસ્તાને માની બેસે છે. વ્રત પાળો, અપવાસ કરો, દયા પાળો, પૂજા-ભક્તિ કરો, મંદિર બનાવો. જાવ, તમારે ધર્મ થાશે. શેઠ! આહાહા..! પાછું અહીં કહે કે એ મંદિર પણ એને લઈને થયું. એમાં એકાંત નથી? આહાહા..! તો રામજીભાઈએ આ ધ્યાન રાખ્યું એનું શું થયું? આ બધું અત્યાર સુધી કેટલું ધ્યાન રાખ્યું? એય..! વજુભાઈએ બધું કેટલું કર્યું, લ્યો! આના નકશા બનાવ્યા. ભાઈ કહેતા હતા. હમણા આવ્યો હતો, હોં! ધનજીભાઈ આવ્યા હતા. અહીં કામ કરે છે ને. એણે નકશો બનાવ્યો છે ને. બધું એણે બનાવ્યું છે કાગળમાં. એ લખ્યું છે ડોક્ટર જ્યોતિપ્રસાદે ભુવન જુઓ તો રમ્ય અને બધું આમ. પણ એક અપૂર્ણ એક ક્ષતિ છે. લખ્યું નથી પણ એનો અર્થ એ છે.

મુમુક્ષુ :- વ્યવહારથી લાભ થાય એમ કહેતા નથી.

ઉત્તર :- એટલી વાત છે. અથવા વ્યવહાર કરો એમ પણ નથી કહેતા. જાત્રા કરવી, ભક્તિ કરવી. ભાઈ હોય છે એને કરવી એ માન્યતા મિથ્યાત્વ છે. સાંભળને! રાગ કરવો છે ક્યાં? રાગને કરવો છે? સ્વરૂપ શુદ્ધ છે એ રાગને કરે? ત્યાં એનામાં છે એની શક્તિ તે રાગને કરે? આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! દુનિયા સાથે મેળ ખાય એવો નથી, ભાઈ!

મુમુક્ષુ :- દુનિયા રાગી અને ધર્મ વીતરાગી. બેને મેળ ક્યાંથી થાય?

ઉત્તર :- વીતરાગી ધર્મ, બાપુ! સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. સરાગ સમકિત માટે રાગ એમ નહિ. એ તો રાગનો દોષ ચારિત્રમાં હતો (એથી સરાગ) સમકિત (નામ)માત્ર છે. સમકિત સરાગ નથી. આહાહા..! સમ્યગ્દર્શન તો પૂર્ણ આનંદની પ્રતીતિરૂપ વીતરાગી પર્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે, હું '**જ્ઞાન-દર્શનથી પૂર્ણ છું;...**' જેને જાણવું અને દેખવું એવો જે સ્વભાવ તે સ્વભાવમાં પૂર્ણ જ છું. સ્વભાવમાં અપૂર્ણતા અને વિપરીતતા ક્યાં આવી? આહાહા..! જુઓ! આવી વાતું છે, ભાઈ! '**તે સ્વભાવમાં રહેતો,...**' છે ને? આવા સ્વભાવમાં રહેતો. જ્ઞાન અને દર્શન મારો પૂર્ણ સ્વભાવ, એમાં રહેતો એ પર્યાય થઈ. પૂર્ણ જે જ્ઞાન-દર્શન સ્વભાવ છે એમાં રહેતો એ પર્યાય થઈ. ઓલું પૂર્ણ ગુણ અને દ્રવ્ય થયું. આહાહા..! ઓલામાં લીધું છે. નય બે કેમ લીધી? કે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. ગુણાર્થિક કેમ ન લીધી? ત્યારે એમાં લખ્યું છે. આ તો આમાંય પૂછ્યું છે આપણા શાસ્ત્રમાં. ભાઈ! ગુણ છે એ સામાન્ય છે એ દ્રવ્યાર્થિકમાં ભળી જાય છે. એટલે ગુણની નય ગુણાર્થિકનય ભિન્ન નથી. ગુણ એ સામાન્ય છે અને દ્રવ્ય પણ સામાન્ય છે. એટલે દ્રવ્યમાં એ ગુણાર્થિકનય એ ગુણ

ભળી ગયો. શ્વેતાંબર એમ કહે છે પણ આમાં આવ્યું છે કાલે, નયના વાંચનમાં. એ તો આવી ગયું. બે જ નય અને ગુણ છે એ ત્રીજો, માટે ગુણ નથી? એમ એ શ્વેતાંબરમાં આવે છે. દ્રવ્ય અને પર્યાય બે. ગુણ નહિ. આહાહા..! અરે..! ભાઈ! દ્રવ્ય એકરૂપ અને ગુણ અનેક. બેય ધ્રુવ છે, બેય સામાન્ય છે. બેય પરિપૂર્ણ છે. એટલે ગુણાર્થિકનય કહો કે દ્રવ્યાર્થિકનય બધું એક છે. એક ગુણને જુદો પાડી જાઓ તો તો એ પર્યાયનયમાં જાય. અને અનંત ગુણનું એકરૂપ લ્યો તો એ દ્રવ્યાર્થિક અને ગુણાર્થિક બેય એક જ થઈ ગયું. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ આવી. આચાર્યોએ તો બહુ કામ કર્યું છે. ઘણું ચોખ્ખું કર્યું છે. ઓહોહો..!

મુમુક્ષુ :- ચોખ્ખું તો આપ કરો છો.

ઉત્તર :- એમાં ચોખ્ખું છે ને, બાપા! આહાહા..! દિગંબર સંતોએ ગજબ કામ કર્યા છે! અભૂતપૂર્વ કામ!! આહાહા..! એવી સ્થિતિને જાળવી રાખી છે દિગંબર સંતોએ. કેવળીનો માર્ગ જાળવી રાખ્યો છે, બાપા!

આ તો ગુણાર્થિકનું આવે છે. શ્વેતાંબર કહે છે કે ગુણાર્થિક નય નથી માટે ગુણ નથી. દ્રવ્ય અને પર્યાય બે છે. અરે..! ભાઈ! એમ નથી. દ્રવ્ય જેમ ત્રિકાળી સામાન્ય છે એમ જ્ઞાન, દર્શન, આનંદ અનંત ગુણનું સામાન્ય છે એ દ્રવ્યાર્થિકનયમાં આવી ગયા. અંશ જે દશા છે એ પર્યાયનય. બે નયમાં પૂર્ણતા આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આ લોકોને એમ કે બહારની હોંશ અને હરખ આવે ને. મંદિર બનાવવાની, જાત્રા કરવાની બહુ એણે લખાણ (કર્યા છે), જાત્રાના વખાણ કર્યા. જાત્રા કરતા જાતા જાતા કેટલા માણસોને મળાય. કેવા છે એ જણાય, કેવું કામકાજ ... એ તો પંચાધ્યાયીમાં લીધું છે, હોં!

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને તો ..

ઉત્તર :- જાવું. પંડિતોએ ત્યાં ભેગા થાવું. એ તો વિકલ્પ છે એનો. વ્યવહાર છેને એટલું. એક હોય છે એ બતાવ્યું છે. વ્યવહાર નથી? મુનિ થાય તોપણ એને વ્યવહાર નથી? પંચ મહાવ્રતાદિના વિકલ્પ છે એ વ્યવહાર છે. આહાહા..! અને ગુરુ હોય ત્યાં શિષ્ય મુનિ હોય એ જાય. એ શું છે? એ બધો વિકલ્પ વ્યવહાર છે. જાત્રા માટે જાય. મુનિ પણ જાય. એ વિકલ્પ ઉઠે, રાગ છે. જાણે છે કે પરદ્રવ્યને આશ્રયે આ ભાવ થયો. પણ મારી નબળાઈને લઈને આ ભાવ આવ્યા વિના રહે નહિ. આહાહા..!

'**તે સ્વભાવમાં રહેતો,...**' એનો અર્થ કે હું રાગમાં અને વ્યવહારમાં નહિ રહેતો. આહાહા..! એમ થયું કે નહિ? '**તેમાં-તે ચૈતન્ય-અનુભવમાં લીન થતો હું...**' એક શુદ્ધ મમતારહિત પરિપૂર્ણમાં લીન થતો હું, '**ચૈતન્ય-અનુભવમાં લીન થતો...**' એ તો અનુભવ અને પર્યાયની

લીનતાને વેદે છે. ચૈતન્યના સ્વભાવ સન્મુખમાં લીન થતો હું **'આ ક્રોધાદિ સર્વ આસ્રવોને ક્ષય પમાડું છું.'** આહાહા..! જેટલે અંશે સ્વભાવના શરણે ગયો એટલે અંશે વિભાવના અંશનો નાશ થાય છે. આહાહા..! ભારે કામ ભાઈ આવું. સમજાણું કાંઈ?

**'સારાંશ એ કે જ્યારે જ્ઞાની પોતાના આત્મસ્વરૂપને યથાર્થપણે જાણી...'** પોતાના આત્મસ્વરૂપને-આત્મસ્વરૂપને. વ્યવહારને (જાણીને) એમ નથી. આહાહા..! **'યથાર્થપણે જાણી તેમાં લીન થાય છે, ત્યારે તેના આસ્રવ-ભાવો રાગદ્વેષાદિ વિકારો...'** આસ્રવભાવ એટલે રાગાદિ વિકાર. એમ. **'સ્વયં ઉત્પન્ન થતા નથી.'** જોયું! અહીં સાંભળેલું છે ને. બધું સાંભળ્યું છે. મેં (છોટાલાલભાઈએ-સોનગઢમાં) ત્યાં સાંભળ્યું છે એ આ... **'વિકારો સ્વયં ઉત્પન્ન થતા નથી.'** આહાહા..!

નિહાલભાઈએ નાખ્યું છે એમાં-દ્રવ્યદૃષ્ટિપ્રકાશમાં. જુઓ તો ખરા, એમ લખ્યું છે કે આત્મામાં એકાગ્ર થાય તો રાગ એને ઉત્પન્ન થતાં નથી, એને નાશ થાય એમ મહારાજ તો કહે છે. પત્રમાં છે. આહાહા..! સમજાણું કાંઈ? **'આવી સ્થિતિમાં તેને કોઈ શત્રુ-મિત્ર ભાસતો નથી; તેને સર્વ પ્રત્યે સમભાવ પ્રગટે છે.'** એ ગાથા પૂરી થઈ. એ ગાથા પૂરી.

---

यदि त्वमन्यस्य कस्यचिन्न शत्रुर्मित्रं तथापि तवान्यः कश्चिद्भविष्यतीत्याशंक्याह–

मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः।
मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः।।२६।।

टीका :– आत्मस्वरूपे प्रतिपन्नेवाऽयंलोको मयि शत्रुमित्रभावं प्रतिपद्यते? न तावद प्रतिपन्ने। यतः मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः। अप्रतिपन्ने हि वस्तुस्वरूपे रागाद्युत्पत्तावतिप्रसङ्गः। नापि प्रतिपन्ने यतः मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः। आत्मस्वरूपप्रतीतौ रागादिकप्रक्षयात् कथं क्व चिदपि शत्रुमित्रभावः स्यात्।।२६।।

---

**ભલે તું બીજા કોઈનો શત્રુ-મિત્ર ન હો, તો પણ બીજો કોઈ તો તારો શત્રુ-મિત્ર હશે ને? આવી આશંકા કરી તેનું સમાધાન કરે છે :-**

શ્લોક - ૨૬

અન્વયાર્થ :- (मां) **મને-મારા આત્મસ્વરૂપને** (अपश्यन्) **નહિ દેખતો** (अयं लोकः) આ લોક-અજ્ઞાની પ્રાણિગણ (न मे शत्रुः) **મારો શત્રુ નથી** (न च प्रियः) **અને મિત્ર નથી,** તથા (मां) **મને-મારા આત્મસ્વરૂપને** (प्रपश्यन्) યથાર્થપણે દેખતો (अयं लोकः) એ લોક-જ્ઞાની જીવગણ (न मे शत्रुः) **ન મારો શત્રુ છે** (न च प्रियः) **અને ન મિત્ર છે.**

ટીકા :- આત્મસ્વરૂપ સમજાય કે ન સમજાય તો પણ આ લોક મારા પ્રત્યે શત્રુ-મિત્રભાવ કેમ કરે? પ્રથમ તો (આત્મસ્વરૂપ) ન સમજાય તો પણ તે ન કરે, કારણ કે આ લોક મને દેખતો નથી તેથી તે મારો શત્રુ નથી ને મારો મિત્ર નથી; જ્યાં વસ્તુસ્વરૂપ ન સમજાય ત્યાં પણ રાગાદિની ઉત્પત્તિ થાય તો અતિપ્રસંગ આવે.

(વસ્તુસ્વરૂપ) સમજવામાં આવતાં પણ ન (કોઈ મારો શત્ર-મિત્ર છે), કારણ કે આ (જ્ઞાની) લોક મને દેખતો (જાણતો) હોવાથી, તે નથી મારો શત્રુ ને નથી મારો મિત્ર.

આત્મસ્વરૂપની પ્રતીતિ થતાં, રાગાદિનો ક્ષય (અભાવ) થવાથી ક્વચિત્ પણ શત્રુ-મિત્રભાવ કેવી રીતે હોઈ શકે?

ભાવાર્થ :- અંતરાત્મા સમાધાન કરે છે કે, 'અજ્ઞાની જનો તો મારા આત્માને દેખતા-જાણતા નથી. મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય હોવાથી તેમની ઇન્દ્રિયોને અગોચર છે, તેથી તેઓ મારા વિષયમાં શત્રુ-મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે? તેઓ મારા જડ શરીરને જ દેખે છે, શરીરથી અત્યંત ભિન્ન એવો મારો આત્મા તો દેખતો નથી, તો ભલે તેઓ મારા શરીરને શત્રુ-મિત્ર માને; મને (મારા આત્માને) તેથી શું?'

જ્ઞાની જનો મારા શુદ્ધાત્મસ્વરૂપને યથાવત્ જાણતા હોવાથી તેમનામાં રાગ-દ્વેષાદિનો અભાવ છે, તેથી મારા પ્રત્યે તેમનામાં શત્રુ-મિત્રભાવ કેવી રીતે હોઈ શકે?

આ રીતે જ્ઞાની કે અજ્ઞાની-કોઈ જીવ મારો શત્રુ નથી કે મિત્ર નથી. ૨૬.

---

## શ્લોક-૨૬ ઉપર પ્રવચન

'ભલે તું બીજા કોઈનો શત્રુ-મિત્ર ન હો, તો પણ બીજો કોઈ તો તારો શત્રુ-મિત્ર હશે ને? આવી આશંકા કરી તેનું સમાધાન કરે છે :-'

मामपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः।
मां प्रपश्यन्नयं लोको न मे शत्रुर्न च प्रियः।।२६।।

આહાહા..!

'ટીકા :- આત્મસ્વરૂપ સમજાય કે ન સમજાય તો પણ આ લોક મારા પ્રત્યે શત્રુ-મિત્રભાવ કેમ કરે?' સામાને જ્ઞાનીનું આત્મસ્વરૂપ સમજાય જ્ઞાનીને કે ન સમજાય અજ્ઞાનીને. એ 'આ લોક મારા પ્રત્યે શત્રુ-મિત્રભાવ કેમ કરે?' શું કરવા કરે નહિ?

કે **'પ્રથમ તો (આત્મસ્વરૂપ) ન સમજાય તોપણ તે ન કરે,** કારણ કે આ લોક **મને દેખતો નથી...'** મારું સ્વરૂપ જે છે એ રીતે તો દેખતા નથી. એના સ્વરૂપને એણે દેખ્યું નથી. એથી મારા સ્વરૂપને પણ એણે દેખ્યું નથી. આહાહા..! કેમ કે આત્મસ્વરૂપ ન સમજાય એવા પ્રાણી, તે મારા સ્વરૂપને જાણતા નથી તેથી તે ન કરે. કારણ કે આ લોક મને દેખતો નથી. તેથી તે મારો શત્રુ નથી. આહાહા..! શત્રુ નથી એની વ્યાખ્યા કરી. આ લોક મને દેખતા નથી, મને દેખ્યા વિના એ શત્રુ શી રીતે થાય? આહાહા..! **'તેથી તે મારો શત્રુ નથી ને મારો મિત્ર નથી;...'** કોણ? સ્વરૂપના અજાણ અજ્ઞાનીઓ. એ મારા સ્વરૂપને જાણતા નથી, એના સ્વરૂપને જાણતા નથી. એથી એ મારા શત્રુ અને મિત્ર હોઈ શકે નહિ. આહાહા..! એ ન હોઈ શકે એમ કહે છે. છે ને?

**'જ્યાં વસ્તુસ્વરૂપ ન સમજાય ત્યાં પણ રાગાદિની ઉત્પત્તિ થાય તો અતિપ્રસંગ આવે.'** એટલે શું કહે છે? વસ્તુની ખબર નથી અને અમારો એ દ્વેષી થાય કે મિત્ર થાય. તો અતિપ્રસંગ થઈ જાય. એમ છે નહિ. સમજાણું કાંઈ? એ તો વિરોધ આવે, એમ કહે છે. ચૈતન્ય સ્વરૂપ વીતરાગમૂર્તિ પ્રભુ એને જેણે જાણ્યો નથી, એ મારા સ્વરૂપને તો જાણતો નથી. તો મારા સ્વરૂપ પ્રત્યે રાગ-દ્વેષ કરે એ તો અતિપ્રસંગ આવે કહે છે. એ જૂઠાઈ આવે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમાધિશતક છે આ. સમજાણું કાંઈ?

**'જ્યાં વસ્તુસ્વરૂપ ન સમજાય ત્યાં પણ રાગાદિની ઉત્પત્તિ થાય તો અતિપ્રસંગ આવે.'** શું અતિપ્રસંગ? સમજાણું? મને અને એને એણે જાણ્યો નથી. અને મારા પ્રત્યે રાગ અને દ્વેષ થાય એ શી રીતે બને? મારો મિત્ર અને મારો એ શત્રુ એ ન થઈ શકે. કેમ કે એણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું નથી. એમ કહે છે. આહાહા..! ભારે વ્યાખ્યા આવી ધર્મની. સંપ્રદાયમાં જાય તો કહે વ્રત કરો, અપવાસ કરો, પોષા કરો, સામાયિક કરો. દેરાવાસી હોય તો (કહે) જાત્રા કરો. પાલીતાણાની અને સમ્મેદશિખરની. દિગંબર હોય તો કહે, લૂગડા કાઢી નાખો, નગ્ન થાઓ. કાં પડિમા ધારણ કરો. એમ કહે, પડિમા ધારણ કરો. અરે..! બાપુ! હજી વસ્તુ શું છે એના ભાન વિના પડિમા કેવી? વ્રત કેવા? ભાઈ! આહાહા..! એ વિરોધ કરે છે. કહે છે કે એને વસ્તુ સમજાણી નથી તેથી મારી વસ્તુ એને ખબર નથી તો વિરોધ કોનો કરે ઈ? એનો પોતાનો કરે છે. આહાહા..!

**'(વસ્તુસ્વરૂપ) સમજવામાં આવતાં પણ...'** હવે સવળું લીધું. જેણે વસ્તુનું સ્વરૂપ જાણ્યું છે એવા જ્ઞાની.. આહાહા..! **'ન (કોઈ મારો શત્રુ-મિત્ર છે) કારણ કે આ (જ્ઞાની) લોક મને દેખતો (જાણતો) હોવાથી,...'** જ્ઞાની લોક મને જાણે છે કે એ તો જ્ઞાનસ્વરૂપ છે. આહાહા..! **'તે નથી મારો શત્રુ ને નથી મારો મિત્ર.'** આહાહા..! અજ્ઞાનીઓ સમજતા

નથી માટે મારા સ્વરૂપને જાણતા નથી. તો એ રાગ-દ્વેષ કરે તો એ અતિપ્રસંગ થઈ જાય છે. એ મને જાણતો નથી અને રાગ-દ્વેષ કરે છે. અને અમને જે જાણનારા છે એ મને જાણે છે કે એ તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. હવે એનો શત્રુ-મિત્ર શી રીતે થઈ શકે? આહાહા..! વાહ! કેવી દલીલ! આહાહા..! જાદવજીભાઈ! એવું કહે છે અહીં. કહે છે કે હું જે છું એ તો આત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છું. અને એવા ચૈતન્યઘન સ્વરૂપને જેણે જાણ્યું નથી, એનું, એ મને પણ આવો જાણ્યો નથી કે આ ચૈતન્ય સ્વરૂપ છે. તો એણે એનું જાણ્યું નહિ, મારું એણે જાણ્યું નહિ, તો રાગ-દ્વેષ શી રીતે કરી શકે મારા ઉપર? આહાહા..! સમજાણું કાંઈ?

**'આત્મસ્વરૂપની પ્રતીતિ થતાં, રાગાદિનો ક્ષય (અભાવ) થવાથી ક્વચિત્ પણ શત્રુ-મિત્રભાવ કેવી રીતે હોઈ શકે?'** એમ. કોઈ રીતે શત્રુ-મિત્ર થઈ શી રીતે શકે? એમ કહે છે.

**'ભાવાર્થ :- અંતરાત્મા સમાધાન કરે છે કે, અજ્ઞાની જનો તો મારા આત્માને દેખતા-જાણતા નથી. મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય હોવાથી તેમની ઈન્દ્રિયોને અગોચર છે, તેથી તેઓ મારા વિષયમાં શત્રુ-મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે?'** મારો વિષય જેને ખ્યાલમાં આવ્યો નથી. આવ્યા વિના એ શત્રુ-મિત્ર શી રીતે કરી શકે એ? આહાહા..! સંતોની ભાષા તો જુઓ! **'અજ્ઞાની જનો તો મારા આત્માને દેખતા-જાણતા નથી. મારું આત્મસ્વરૂપ અતીન્દ્રિય હોવાથી તેમની ઈન્દ્રિયોને અગોચર છે, તેથી તેઓ મારા વિષયમાં શત્રુ-મિત્રની કલ્પના કેવી રીતે કરી શકે?'** એમ કહે છે. મારા સંબંધી શત્રુ (ની કલ્પના). કારણ કે હું કોણ છું એની તો ખબર નથી એને. એને એની ખબર નથી તેથી મારી પણ એને ખબર નથી. આહાહા..! કહો, પંડિતજી! આહાહા..!

**'તેઓ મારા જડ શરીરને જ દેખે છે, શરીરથી અત્યંત ભિન્ન એવો મારો આત્મા તો દેખાતો નથી, તો ભલે તેઓ મારા શરીરને શત્રુ-મિત્ર માને; મને (મારા આત્માને) તેથી શું?'** આહાહા..! એ તો શરીરને દેખીને આ વેરી છે અને આ શત્રુ છે-મિત્ર છે. (એમ માને છે.) એ તો જડ છે. ઓલો ભગવાન અંદર પડ્યો છે એ તો ભિન્ન તત્ત્વ છે. આહા..! એને તો એના જ્ઞાનનો વિષય બન્યો નથી. કારણ કે ઈન્દ્રિયના વિષયમાં એ આવી શકતો નથી આત્મા. એટલે જ્ઞાનનો વિષય એણે બનાવ્યો નથી. તો એ જડની સાથે શત્રુ-મિત્ર સંબંધ ભલે કરે. મારી સાથે કરી શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ સ્ત્રી, દીકરાઓ બધા મિત્ર તરીકે સંભાળ ન રાખે? એય..! મલૂકચંદભાઈ! આવા ચાર છોકરા પૈસાવાળા કરોડપતિ અને રાંધવાની બાયડી રાખવી પડે. કોણ છે? કોણ રાંધે અને કોણ સહાય આપે?

કહે છે. આહાહા..!

**'મને (મારા આત્માને) તેથી શું?'** શરીર દેખે છે એની સાથે શત્રુ-મિત્રતા કરે એમાં મારે શું? હું એને દેખાતો નથી તો મારો વિષય તો એને લક્ષમાં આવ્યો નથી. તો એ મારા પ્રત્યે રાગ-દ્વેષ (કરીને) શત્રુ-મિત્ર શી રીતે થઈ શકે? જુઓને વાત! ઓહોહો..! સમાધાન-શાંતિ રાખવાની કળા. આહાહા..!

**'જ્ઞાની જનો મારા શુદ્ધાત્મસ્વરૂપને યથાવત્ જાણતા હોવાથી...'** જે જ્ઞાની છે-ધર્મી છે, એ તો મારા સ્વરૂપને યથાવત્ જાણે છે. કારણ કે એણે જાણ્યું છે એવો હું છું. આહાહા..! **'તેમનામાં રાગ-દ્વેષાદિનો અભાવ છે,...'** કારણ કે હું પોતે જ્ઞાનસ્વરૂપ છું, એને જ્ઞાનસ્વરૂપનું ભાન છે. એનામાં પણ રાગ-દ્વેષ નથી, મારામાં પણ રાગ-દ્વેષ નથી એમ જ્ઞાનીને જણાય છે. આહાહા..! આવી બધી ઊંચી વાત લાગે માણસને. ઊંચી નથી. આ તો હજી સમ્યગ્દર્શનની સમાધાનની વાતું છે. આહાહા..! આ તો મૂળિયા-મૂળની વાતું છે આ. એને એવું માને કે આ બધું નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય. જાત્રા કરતાં કરતાં કલ્યાણ થાય, પંડિતો મળે, વિદ્વાનો મળે અને ઘણાંના વિચારો સાંભળવા મળે. એથી શું? એ તો બધા વિકલ્પો છે. દાનમાં પૈસા ખર્ચવા મળે, એવા પ્રસંગમાં દાન દેવાય, પૈસા ખર્ચાય. પણ એથી શું? એ શુભરાગ છે, શુભરાગ છે. આહાહા..!

**'જ્ઞાની જનો મારા શુદ્ધાત્મસ્વરૂપને યથાવત્ જાણતા હોવાથી તેમનામાં રાગ-દ્વેષાદિનો અભાવ છે,...'** તેમનામાં રાગ-દ્વેષનો અભાવ છે. તો અહીં મારું સ્વરૂપ જાણે એમાં પણ રાગ-દ્વેષનો અભાવ છે. આહાહા..! **'તેથી મારા પ્રત્યે તેમનામાં શત્રુ-મિત્રભાવ કેવી રીતે હોઈ શકે?'** આહાહા..! એને તો જ્ઞાતા-દૃષ્ટાનો ભાવ થયો. એ શત્રુ-મિત્ર શી રીતે થાય? હું પણ જ્ઞાતા-દૃષ્ટા છું. એ જાણે છે કે જ્ઞાતા-દૃષ્ટા છે. હવે એ શી રીતે શત્રુ-મિત્ર થાય? સમજાણું કાંઈ? ઓહોહો..!

દિગંબર સંતો એકથી એક કોઈપણ જુઓ, એણે પરમ સત્યને પ્રસિદ્ધ કરી દીધું છે. આહાહા..! સમજાણું કાંઈ? મહાધર્માત્મા સંતો કેવળજ્ઞાનીના કેડાયતો અલ્પ કાળમાં કેવળ લેવાના છે આ બધા. આ પંચમ આરો એટલે પુરુષાર્થ એટલો ન થઈ શકે. એટલે સ્વર્ગમાં ગયા હોય. આહાહા..! પણ એ અલ્પ કાળમાં એકાદ ભવમાં કેવળ લેવાના છે. એવી વાત છે આ. જુઓ! આહાહા..! ઓલામાં (શ્વેતાંબરમાં) આવે છે. હેમચંદ્ર આચાર્ય મોટા કળિકાળ સર્વજ્ઞ. એ એક આંબલીની નીચે ઊભા હતા. ત્યારે પહેલા એ પીપળાને નીચે ઊભા હતા. ત્યારે પ્રશ્ન કર્યો ઓલા જોનારે. પહેલા પીપળા નીચે ઊભા હતા વડની નીચે. પણ પછી પ્રશ્ન કર્યો ત્યારે ત્યાંથી નીકળીને આંબલીની નીચે હતા. એટલે પ્રશ્ન કર્યો ભગવાનને. ત્યાં

એવી બધી વાતું આવે. આ હેમચંદ્રાચાર્યને ભવ કેટલા? કે એ ઝાડ નીચે ઊભા છે જેટલા પાંદડા એટલા એના ભવ. ત્યાં ઓલો ખુશી થયો કે ઓહોહો..! વડના પાંદડા તો બહુ થોડા. સમજાણું? અહીં આવીને જ્યાં જુએ તો આંબલીના.. આંબલી સમજો છો? એને પત્તા બહુ હોય આંબલીના. ઘણા પત્તા. અરે..! મહારાજને પ્રશ્ન કર્યો. અવધિજ્ઞાની એટલે કોઈ ... ત્યાં તો તમારા ઝાડ નીચે પાંદડા છે. આમાં હેઠે છે, આ તો બહુ છે. તો પણ સારું છે. એટલા ભવ છેને તો એટલા પાંદડા. એવી વાત આવે છે, લ્યો. એવી વાત આવે. આહાહા..!

એટલા ભવ ધર્મીને હોય જ નહિ. ધર્મીને તો બહુ બહુ હોય તો સાત-આઠ ભવ એટલે પંદર. આઠ મનુષ્યના અને સાત દેવના. બસ. બીજી ગતિ ન હોય એને. આહાહા..! મુખ્ય વસ્તુ એમ છે. ગૌણપણે ઘણાં ભવ કહ્યા સમકિતીને. ... છતાં એ સમ્યગ્જ્ઞાન-દર્શનની જેમ ઉગ્ર આરાધના છે એ તો એ પંદરથી વધારે હોઈ શકે નહિ. એ તો એકાદ-બે ભવે જાય. સમજાણું કાંઈ? તો કહે છે કે એ શત્રુ-મિત્ર કેવી રીતે હોઈ શકે?

**'આ રીતે જ્ઞાની કે અજ્ઞાની-કોઈ જીવ મારો શત્રુ નથી કે મિત્ર નથી.'** આહાહા..! કહો, સમજાણું કાંઈ? મહા મીઠી-મધુરી વાત છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન, જેની નજરુંમાં નિધાન જોયા, કહે છે કે એ જીવ તો રાગ-દ્વેષ રહિત છે દૃષ્ટિમાં. એ તો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનો સ્વામી છે. આહાહા..! એવો બીજો જ્ઞાની પણ આવું સ્વરૂપ જે જાણે છે એ મારી ચીજને પણ એવી જ જાણે છે. તો મારા પ્રત્યે એને મિત્ર-શત્રુ શી રીતે (હોઈ શકે)? જ્ઞાતાપણામાં મિત્ર-શત્રુ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? અને એનું શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાનું સ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ જાણ્યું નથી એણે, તો મારું સ્વરૂપ મેં માન્યું છે એવું તો એણે જાણ્યું નથી. કારણ કે ઇન્દ્રિયગ્રાહ્ય હું છું નહિ. અતીન્દ્રિય ગ્રાહ્ય જેને થયો હોય આત્મા એ અતીન્દ્રિય ગ્રાહ્ય મને જાણે. આહાહા..! ઇન્દ્રિયથી શરીર દેખાય અને એની સાથે શત્રુ-મિત્ર (ની કલ્પના) કરે-જડ સાથે, એમાં મારે શું? આહાહા..! હવે ૨૭મી ગાથા. એ ૨૬ (ગાથા પૂરી) થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

अन्तरात्मनो बहिरात्मत्वत्यागे परमात्मत्वप्राप्तौ चोपायत्वं दर्शयन्नाह –

त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः।
भावयेत्परमात्मानं सर्वसंकल्पवर्जितम्।।२७।।

टीका :- एवमुक्तप्रकारेणान्तरात्मव्यवस्थितः सन् बहिरात्मानं त्यक्त्वा परमात्मानं भावयेत्। कथंभूतं? सर्वसंकल्पवर्जितं विकल्पजालरहितं अथवा सर्वसंकल्पवर्जितः सन् भावयेत्।।२७।।

---

અન્તરાત્માને બહિરાત્મપણાના ત્યાગનો અને પરમાત્મપણાની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતાં કહે છે :-

શ્લોક - ૨૭

અન્વયાર્થ :- (एवं) આવી રીતે (बहिरात्मानं) બહિરાત્માને (त्यक्त्वा) તજી (अंतरात्मव्यवस्थितः) અંતરાત્મામાં વ્યવસ્થિત થઈ તથા (सर्वसंकल्पवर्जितं) સર્વ સંકલ્પોથી રહિત થઈને (परमात्मानं) પરમાત્માને (भावयेत्) ભાવવો.

ટીકા :- એવી રીતે એટલે ઉક્ત પ્રકારે અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને અને બહિરાત્માનો ત્યાગ કરીને પરમાત્માની ભાવના કરવી, કેવા થઈને? સર્વ સંકલ્પોથી રહિત થઈને-વિકલ્પજાલરહિત થઈને અર્થાત્ સર્વ સંકલ્પોથી મુક્ત થઈને (પરમાત્માની ભાવના કરવી). (૨૭)

ભાવાર્થ :- પ્રથમ જીવ બહિરાત્મપણાને છોડી આત્મસ્વરૂપની સન્મુખ થતાં અંતરાત્મા થાય છે. ત્યારબાદ ક્રમે ક્રમે પુરુષાર્થ વધારી સર્વ વિકલ્પોથી રહિત થઈ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માની આરાધના કરે છે, અર્થાત્ તેમાં લીન થઈ તદ્રૂપ બનવાની ભાવના ભાવે છે. એ પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે. ૨૭.

---

**પોષ સુદ ૩, બુધવાર તા. ૧૫-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૭, ૨૮ પ્રવચન - ૩૬**

સમાધિતંત્ર. 'અંતરાત્માને બહિરાત્મપણાના ત્યાગનો અને પરમાત્મપણાની પ્રાપ્તિનો ઉપાય દર્શાવતા કહે છે :-' છે ને?

त्यक्त्वैवं बहिरात्मानमन्तरात्मव्यवस्थितः।
भावयेत्परमात्मानं सर्वसंकल्पवर्जितम्।।२७।।

'**ટીકા :- એવી રીતે એટલે ઉક્ત પ્રકારે અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને...**'લ્યો, આ ઉપાય. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ ઉપાય એમ નથી અહીં કહ્યું. સીધો ભગવાન શુદ્ધ આત્મા પૂર્ણાનંદ સચ્ચિદાનંદ સ્વભાવ એને પ્રાપ્ત કરીને, પરમાત્માની ભાવના કરીને (અર્થાત્) પરમાત્મા થવાની એકાગ્રતા કરીને. અહીં તો સીધું એમ કહ્યું. વ્યવહાર સાધન, નિશ્ચય અંતરાત્મા સાધ્ય એમ નથી કહ્યું. આહાહા..!

'**બહિરાત્માનો ત્યાગ કરીને...**' એટલે? શુદ્ધ આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ તેમાં વ્યવસ્થિત થઈને, વ્યવસ્થિત-વિશેષ અંદર અવસ્થા પ્રગટ કરીને. ઝીણી વાત છે ભાઈ આ. પ્રથમ સમ્યગ્દર્શનમાં, પ્રથમ સમ્યગ્દર્શનની ભાવના એ સ્વરૂપની શુદ્ધતામાં એકાગ્ર થવું તે. આ તો સીધી વાત લીધી. વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય. આહાહા..! આત્મા આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. એને દૃષ્ટિમાં લઈને વ્યવસ્થિત આત્મામાં રહે, વિશેષે અવસ્થા પ્રગટ કરવી. આહાહા..! લ્યો, આ તો સીધો ઉપાય આ છે.

'**બહિરાત્માનો ત્યાગ કરીને...**' એટલે? સ્વરૂપમાં જે રાગની એકતા અને રાગ તે હું એવી જે માન્યતા હતી એ બહિરાત્મા. એટલે કે એના સ્વરૂપમાં નથી એવા દયા, દાન, વ્રતાદિના વિકલ્પો કે અશુભ વિકલ્પો એ મારા, હું એનો એ બહિરાત્મા (છે). જે એનામાં નથી તેને બાહ્ય ચીજને પોતાની માનવી એ બહિરાત્મા-એ મિથ્યાદૃષ્ટિ. આહાહા..! પર શરીર, વાણી, મન, કુટુંબ એની તો વાત અહીં છે નહિ. એ તો ક્યાંય જુદા રહી ગયા. છોકરા ક્યાંય રહી ગયા જુદા.

મુમુક્ષુ :- મુંબઈ.

ઉત્તર :- મુંબઈ. પણ અહીં હોય તોપણ જુદા રહે છે. એ ક્યાં એના છે?

અહીંયાં તો અંદરમાં પર્યાયમાં પોતાની કમજોરીને લઈને જે રાગ અને દ્વેષ થાય તે હું અને તે મારા-અહં મમં. એ હું, એ મારા (એમ જે માને છે) એ બહિરાત્મા (છે). આહાહા..! એ મિથ્યાદૃષ્ટિ જીવ છે. ચાહે તો સાધુ થયો હોય બાહ્યથી, પણ અંદરમાં એ રાગની ક્રિયા, શુભભાવની ક્રિયા એ મારી છે અને મારું એ કર્તવ્ય છે (એમ માને છે) ત્યાં સુધી તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આવી વાતું છે.

એ બહિર્ જે વસ્તુ એમાં નહોતી એને પોતાની માનીને બહિરાત્માપણું હતું. એ શુદ્ધ આનંદઘન છું એમ આનંદઘનમાં સન્મુખ થઈને અંતર એકાગ્રતા થઈને વ્યવસ્થિતપણું પર્યાયનું નિર્મળ પ્રગટ કરવું. તેથી બહિરાત્મપણું ઉત્પન્ન થતું નથી. બહિરાત્મપણું, એને બહિરાત્મપણું છોડ્યું એમ કહેવામાં આવે છે. આહાહા..! માર્ગ તો ભારે માર્ગ છે આ. સમજાય છે કાંઈ? એ બહિરાત્મપણું પણ દર્શનમોહને લઈને નહોતું. એણે માન્યતામાં ઊભું કર્યું હતું માટે એ હતું.

જે ચૈતન્ય સ્વરૂપ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, અણીન્દ્રિય સ્વરૂપ એમાં એ પુણ્ય-પાપ, રાગ-દ્વેષના ભાવ એના સ્વરૂપમાં નથી. એને અંદર પોતાના માને એ એનો મિથ્યાત્વનો દોષ છે. એ કર્મનો દોષ નથી. કર્મને કારણે એ પરવસ્તુને પોતાની માને છે એમ નથી. આહાહા..! મારગ ભારે ઝીણો. એ પોતાની માન્યતાથી, ઊલટી દૃષ્ટિથી; શુદ્ધ ચૈતન્ય નિર્મળ સ્વયં જ્યોતિ સુખધામ, 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ' એવી ચીજને છોડી દઈ એટલે કે એને લક્ષમાં ન લેતાં મહાપ્રભુ ચૈતન્યની સત્તા છે એને ગણકાર્યા વિના, ગણકાર કર્યા વિના (એટલે) એને ગણનામાં ન લીધો. અને રાગ ને દ્વેષના પર્યાય, દયા, દાન કે વ્રતાદિના પરિણામને ગણનામાં લીધા. આત્માની સાથે એણે એકમેક માન્યા. એ માન્યતાનો દોષ છે. અને માન્યતાનો દોષ કર્મને લઈને નથી.

મુમુક્ષુ :- કે દિ'થી છે?

ઉત્તર :- અનાદિથી. આવ્યું નહોતું છ ઢાળામાં પહેલું? અનાદિ મહા મોહમદ પિયો અનાદિ. શું કહે છે? તમે નહોતું મોઢે કર્યું હતું પહેલું?

મુમુક્ષુ :- મોહ મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ.

ઉત્તર :- એ. પણ પહેલા (મોઢે) કર્યું હતું કે નહિ છ ઢાળા?

મુમુક્ષુ :- નહોતું કર્યું.

ઉત્તર :- નહોતું કર્યું. આહાહા..! 'મોહ મહામદ પિયો અનાદિ' તેથી ભ્રમિત થયો ભ્રમણમાં. કર્મને લઈને ભ્રમણામાં થયો. એ છ ઢાળામાં પણ નથી.

મુમુક્ષુ :- કર્મને પણ મહા મોહમદ કહેવાય ને?

ઉત્તર :- એ નહિ. અહીં તો મહામદ ભાવ છે એની વાત છે. ભૂલ્યો કીધું ને? અનાદિથી ભૂલ્યો કીધું. મહામોહથી ભૂલ્યો છે એ. એ પોતાના ભાવમાં...

મુમુક્ષુ :- ભૂલી આપકો ભરમત વાદિ...

ઉત્તર :- ભરમત વાદિ. ભ્રમણા કરે છે અજ્ઞાની. આહાહા..! ઘણી વાત આમાં. ચોપડીના બધા લેખ આવ્યા છે. એ અહીંનો આવ્યો હતો ને ઓલો ગણેશપ્રસાદ વર્ણી, અહીંનો ખુલાસો. નહોતું આવ્યું? પહેલું આવ્યું હતું.

મુમુક્ષુ :- જ્યોતિ પ્રસાદનું આજે આવ્યું છે.

ઉત્તર :- એ નહિ. જ્યોતિ પ્રસાદનું નહિ. આ તો પુસ્તક છપાણું નહિ? ઓલા બાબુ જમાદાર તરફથી. આવ્યું છે. કાનજીસ્વામીના વિચારો સંબંધી વર્ણીજીનો ખુલાસો. આવી ગયું છે અહીંયાં આપણે. નથી આવ્યું પુસ્તક? આવી ગયું છે. અને એણે તો આની ભૂલ કાઢી છે. વાત સાચી છે. .. કૈલાસચંદજીની. કૈલાસચંદજીએ લખ્યું હતું ને ભાઈ પહેલા? કે આપણા

દિંગબરમાં.. એય..! ચેતનજી! એવું સાહિત્ય નથી એવું કાંઈક શ્વેતાંબરમાં છે. એમ લખ્યું છે. મોટી ભૂલ છે. એનું જીવન અને એનું વર્ણન જે કરવું છે વસ્તુનું સ્વરૂપ એ તો દિગંબરમાં પૂરેપૂરું છે. આ તો કેટલા પારણા કર્યા અને કેટલા આ કર્યા. હવે એનું અહીં શું કામ હતું? એ તો બધું ખોટું છે. ખોટી વાતું છે. જૈન ગેજેટમાં કૈલાસચંદજીની ખોટી વાતું. વાત તો સાચી છે. દિગંબરમાં શું નથી? મહાવીર સર્વજ્ઞ કેમ થયા, ક્યાંથી, એ બધું વર્ણન છે. એટલું વિસ્તારથી વર્ણન છે કે એવું વર્ણન તો બીજે શ્વેતાંબરમાં પણ નથી. મૂળ જીવનની વાત છે ને. કેટલા પારણા કર્યા અને ક્યાના ચોમાસા રહ્યા આપણા (એનું શું કામ છે)? આહાહા..!

મુમુક્ષુ :- કોણ પણ નક્કી કરવા ગયું છે?

ઉત્તર :- પણ શું કામ છે? એ પણ એના સાચા કરેલા છે એ? ખુબ લખ્યું છે, હોં! એ વાત જૈન ગેજેટમાં. એ સાચી હોય તો.. એમ કે તમને શ્રદ્ધા નથી લાગતી આચાર્યની. એમ જૈન ગેજેટમાં છે. ...

મુમુક્ષુ :- ન ઓળખે અને ઓળખે તો ..

ઉત્તર :- એને જાય. બેયને મોટી તકરારું. ઘણું લખ્યું છે. આહાહા..! અને વિદ્યાનંદજીનો મોટો લેખ. આહારની શુદ્ધિથી શરીરની નિરોગતા રહે, મનની સ્ફુરતા રહે, ધર્મમાં સહાય થાય. એ મોટો લેખ જબ્બર આહારનો.

મુમુક્ષુ :- ઈ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું શું કામ છે?

ઉત્તર :- અરે..! એની સાથે શું કામ છે? બાપુ! આહાહા..! એના માણસો ઝાઝા ભરાય- માણસ ઘણું ભેગું થાય. લોકરંજન છે એ બધું. બહુ માણસ ભેગા થાય. હવે આવી વાત.

આ આત્મા પોતાના શુદ્ધ આનંદઘનને ભૂલી અને એ શુભ-અશુભભાવને પોતાના મિથ્યાત્વભાવથી માને એ ભ્રમણામાં અજ્ઞાની પડ્યો છે. હવે સમાજ એટલા બધા રાજી આમાં થાય ને. માર્ગ તો આ છે, વસ્તુ તો આ છે. સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા દિવ્યધ્વનિનું આ કહેવું છે.

મુમુક્ષુ :- એ આ દિવ્યધ્વનિનું સ્વરૂપ સાંભળવા ઘણા આવ્યા છે.

ઉત્તર :- હા. હવે તો ઘણાં... આ લોકો ૨૦-૨૦ હજાર ભરાય મેદની.

મુમુક્ષુ :- આપણા દિગંબરના ૫૦ હજાર.

ઉત્તર :- હવે આપણે અહીંયાં ૨૫ હજાર થયા હતા, આ વખતે. અને આ હવે કહે છે ત્યાં ૫૦ હજાર થવાના છે. ખીમચંદભાઈ કહે, લાખ થવાના છે. અને પછી બે-ત્રણ પડી જશે. ભાગ પડી ગયા છે. સમ્મેદશિખરમાં છે અને બીજું અહીંયાં કુંડલપુરમાં છે. લોકોને ઉત્સાહ ઘણો છે. કાલે આવ્યું હતું ને. કંકોત્રી આવી હતી. નિમંત્રણ ભોપાલનું. આહાહા..!

માણસને હો..હા.. હો..હા.. જોવે છે. મોટી સભા, એમાં લોકો રાજી થાય બધા.

મુમુક્ષુ :- એને મનુષ્ય વ્યવહાર જોઈએ છેને, આત્મવ્યવહાર ક્યાં છે?

ઉત્તર :- અરે..! એ તો અનંત વાર કર્યો છે. અરે..! વ્રતના ભાવ, તપના ભાવ, દયા-દાનના ભાવ અનંત વાર કર્યા છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' ..

મુમુક્ષુ :- 'પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' નિજ આત્મજ્ઞાન.

ઉત્તર :- નિજ આત્મજ્ઞાન. આહાહા..! સાધુના અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા એ તો બધો રાગ, વિકલ્પ છે, રાગ છે. એ રાગથી ચૈતન્ય ભિન્ન છે એવું ભેદજ્ઞાન કરીને આત્મજ્ઞાન ન કર્યું એણે. અને એ આતમજ્ઞાન વિના સુખનો સ્વાદ એને ન આવે. એ રાગનો સ્વાદ આવે. પંચ મહાવ્રત પાળે એ તો રાગનો—આસ્રવનો સ્વાદ છે. આહાહા..! ભારે વાતું. બાપુ!

મુમુક્ષુ :- એ તો આકુળતા છે.

ઉત્તર :- આકુળતા છે, ભાઈ! શાંતસ્વરૂપ ભગવાન એકલો અકષાય સ્વભાવનો રસ આત્મા છે. શાંત... શાંત... શાંત... એની દૃષ્ટિ તો કરી નહિ, એની સન્મુખ થયો નહિ અને રાગની ક્રિયા થઈને સ્વભાવથી વિમુખ થયો અને વિકારની સન્મુખ થયો (એ તો) મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? વેદનમાં એણે ફેર ન પાડ્યો. અનાદિથી રાગનું વેદન છે એ વેદનમાં રહ્યો. આહાહા..! પણ હું એક શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છું, એવું વેદનમાં નથી લીધું. ભાષામાં તો કીધું, વાંચ્યું અગિયાર અંગ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં કહે છે, '**બહિરાત્માનો ત્યાગ કરીને...**' એ રાગની ક્રિયા, એ શુભ દયા, દાન, વ્રત આદિ એ મારી છે એવું જે બહિરાત્મપણું એને સ્થાપ્યું. ઉપદેશની શૈલીમાં તો શું આવે? એનો ત્યાગ કરીને. એટલે કે રાગની એકતાબુદ્ધિ જે પડી હતી એનાથી લક્ષ છોડીને ચૈતન્ય મહાપ્રભુની દૃષ્ટિ કરવી એ અંતરાત્મા થવું, અંતરાત્મા થયો એટલે બહિરાત્માનો ત્યાગ થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આવો ધર્મ, ભાઈ! ઓલા બિચારા જાત્રા કરવા નીકળ્યા હોય મહેનતું કરીને મહિના-મહિના, બબ્બે મહિનાથી. મેલા લૂગડા હોય, ન્હાવા મળે નહિ, ધોવા મળે નહિ. હવે એને એમ કહેવું કે જાત્રાનો ભાવ કરવો એ ધર્મ નહિ. રાડ નાખે ને બિચારા. એય..!

મુમુક્ષુ :- એને વસમું લાગતું હશે.

ઉત્તર :- વસમું (લાગે), બાપુ! પણ માર્ગ નથી, બાપા! એ તો પરદ્રવ્ય સન્મુખની ક્રિયા થઈ. એ જાત્રા, ભગવાનની ભક્તિ, પરમાત્માની પૂજા...આવે છેને સવારમાં નહિ? કાંઈક બોલે છે. આપણને બહુ યાદ ન આવે. સન્મતિનાથ ને એવું બોલે છે ને? ક્યાં ગયા

પૂરણચંદજી? નથી? આહા..! ભગવાન તો એમ કહે છે કે તું મારી સામું જોઈને જે શુભરાગ કરે છો એને તો અમે પુણ્યનું કારણ કહીએ છીએ. એ ધર્મ નહિ અને ધર્મનું કારણ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પરંપરા કારણ તો છે.

ઉત્તર :- ધૂળેય પરંપરા કારણ નથી. પરંપરા અનર્થનું કારણ છે. એ તો સમકિતીને પરંપરાનું કારણ કહ્યું કેમ? કે રાગની રુચિ છોડી, ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ થઈ છે અને એનામાં જે શુભભાવ થાય છે એમાં અશુભ ઘટે છે. એને હોં! એ દૃષ્ટિવંતને. એથી ઘટે છે ને હવે પછી આને પણ છોડીને સ્થિર થશે એટલે પરંપરા કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે માર્ગ, બાપા!

એ રીતે '**અંતરાત્મામાં વ્યવસ્થિત થઈને...**' બહુ ટૂંકામાં. '**બહિરાત્માનો ત્યાગ કરીને પરમાત્માની ભાવના કરવી,...**' શબ્દ તો એમ છે, જુઓ! '**त्यक्त्वैवं बहिरात्मानम**' સમયસારમાં તો એમ કહ્યું કે રાગ-દ્વેષનો નાશ કર્તા આત્મા નથી. છે? ૩૪ ગાથા. રાગ-દ્વેષનો નાશ કર્તા એ તો નામ માત્ર છે. પરમાર્થે ભગવાન આત્મા રાગ-દ્વેષનો નાશ કરનારો કહી શકાતો નથી. કેમ? કે જે સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે એમાં જે દૃષ્ટિ આપી એટલે રાગની, મિથ્યાત્વની (દૃષ્ટિ) પછી ન થઈ, એણે મિથ્યાત્વનો નાશ કર્યો એમ ઉપચારથી કથન કરવામાં આવે છે. આહાહા..! આવી વાત હવે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, ઈન્દ્રો અને ગણધરની વચ્ચે આ વાત કરતા હતા. સમજાણું કાંઈ?

'**(પરમાત્માની ભાવના કરવી).**' એટલે? અંતરાત્મા થઈ, બહિરાત્મા છોડી પરમાત્માની ભાવના કરવી. આહાહા..! એટલે? '**કેવા થઈને? સર્વ સંકલ્પોથી રહિત થઈને-**' છે ને? '**सर्वसंकल्पवर्जितम्**' ચોથું પદ છે. ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ છોડી દઈને. દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એને તો છોડી દઈને. પણ હું એક શુદ્ધ છું, બુદ્ધ છું એવો જે વિકલ્પ એને (પણ) છોડી દઈને. આહાહા..! આવો માર્ગ છે. સીધો ચૈતન્ય સ્વરૂપનો અનુભવ કરવો એ માણસને ઠીક પડતું નથી. કાંઈક કાંઈક બીજું હળવું સાધન બતાવો.

અગાસમાં એ પ્રશ્ન થયો હતો. લોકોએ સાંભળ્યું. માણસ સભા તો મોટી હતી. હિંમતભાઈ આવ્યા છે ને. એ અહીંની વાત નિશ્ચયની વાત સાચી પણ એનું સાધન? આ ભક્તિ કરવી, શાસ્ત્ર વાંચવા, પૂજા કરવી એ એનું સાધન. એમ ન કરે ત્યાં સુધી સંતોષ ન થાય એને. પણ એ સાધન છે જ નહિ. આહાહા..! એ તો બાધક છે. શું થાય? મૂળ જાતની ભાત પડે નહિ જ્યાં... એ રાગથી ભાત પડે અંદર? એ સ્વરૂપ ચૈતન્ય...

અલિંગગ્રહણમાં આવ્યું નહોતું? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. છઠ્ઠો બોલ છે. વીસ બોલ છે ને અલિંગગ્રહણના? ૧૭૨ ગાથા, પ્રવચનસાર. અલિંગગ્રહણના ૨૦

બોલ છે. એમાં છઠ્ઠો બોલ છે. ભગવાન આત્મા પોતાના સ્વભાવથી જણાય એવો છે. રાગ વિભાવ છે એનાથી જણાય એવો નથી. આહાહા..! કેટલું સ્પષ્ટ છે! અને તે પ્રત્યક્ષ જ્ઞાતા છે. એણે મનનો આશ્રય છોડી દીધો છે. એથી એને આત્માનો સીધો આશ્રય થયો છે. તેથી તે પ્રત્યક્ષ જાણનાર-દેખનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં એમ નથી કહ્યું કે રાગની મંદતાથી જણાય એવો આત્મા છે. એમ તો કહ્યું નથી. આહાહા..!

મુમુક્ષુ :- રાગ તો બાધક છે.

ઉત્તર :- એ તો બાધક છે. જે જે કહ્યા સાધક તે તે ત્યાં બાધક છે. એ તો આવી ગયું નહિ અંદર? સંકલ્પ-વિકલ્પ તો વિઘ્ન કરનાર છે. આહાહા..!

'**સર્વ સંકલ્પોથી રહિત થઈને-વિકલ્પજાલરહિત થઈને અર્થાત્ સર્વ સંકલ્પોથી મુક્ત થઈને (પરમાત્માની ભાવના કરવી).**' આહાહા..! ગૃહસ્થાશ્રમમાં પણ આ કરવાનું છે, કહે છે. શ્રાવકને એ આવે છે ને? યોગસારમાં દોહા આવે છે. જે આત્મામાં લીન થઈ, નહિ? ગૃહસ્થાશ્રમમાં આવે છે ને? યોગસારમાં.

મુમુક્ષુ :- ગૃહ આશ્રમમાં લીન થઈ કરે અધિક અભ્યાસ, અખિલ કર્મનો ક્ષય કરી પામે શિવપુર વાસ.

ઉત્તર :- હા. આ તો ગૃહસ્થાશ્રમની..

મુમુક્ષુ :- ગૃહ કાર્ય કરતા છતાં..

ઉત્તર :- એ. 'જે ગ્રહતા અને કરતા થકા જે આત્મામાં રહે લીન' ઈ. ગૃહસ્થાશ્રમમાં પણ રાગાદિના વિકલ્પો જે છે એને છોડીને આત્માનું ધ્યાન કરે છે. આત્માને દૃષ્ટિમાં લે છે એટલે વિકલ્પ તૂટી જાય છે. આહાહા..! માર્ગ ભારે, ભાઈ! હવે અહીં કેટલો લેખ લખ્યો છે ભાઈ! વિદ્યાનંદજીએ. આહારમાં.. એમ કે શું કહેવાય એ? વૈદું?

મુમુક્ષુ :- આરોગ્ય.

ઉત્તર :- આરોગ્ય. આયુર્વેદ. આયુર્વેદ. આયુર્વેદને? આયુર્વેદ. આયુર્વેદ આમ કહે છે... આયુર્વેદ આમ કહે છે. અરે..! ભગવાન! અહીં ભગવાન શું કહે છે એ કહેને હવે. ઘણો મોટો લેખ છે. બસ આહાર સુધારો. એનાથી મન સુધરે, એમાંથી સુખની પ્રાપ્તિ થાય. બધું આવે .. આહાહા..! માણસને અત્યારે ટોળા ભેગા થાય એ પ્રભાવિત કહેવાય. ધર્મની પ્રભાવ કરનારો. ધૂળની છે પ્રભાવના. આહાહા..! પ્રભાવના તો પ્ર-વિશેષે અંતરમાં એકાગ્ર થવું એ પ્રભાવના છે.

મુમુક્ષુ :- આત્મ પ્રભાવી.

ઉત્તર :- એ આત્મ પ્રભાવના. એ આવે છે ને? આત્મા પ્રભાવના.

દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના કેડાયતોએ સત્યને પરમ ઊભું રાખ્યું છે. સમજાય છે કાંઈ? એવી વાત ચોખ્ખી બીજે ક્યાંય ન મળે. સમજાણું કાંઈ? એના માનનારાને ખબર નથી હજી... આહાહા..! કે શું ભગવાન કહે છે અને દિગંબરનો પંથ શું છે? આહાહા..! બહારથી કપડાનો ત્યાગ અને અંતરથી લાગણીના વિકલ્પનો ત્યાગ. એનું નામ દિગંબર છે. અંદરમાં વિકલ્પ જે થાય ને આવો આવો આત્મા છે, એનો ત્યાગ. દિગ્ નામ આકાશ નામ અંબર. એટલે કે એને વિકલ્પનો અવકાશ નથી. વિકલ્પ એ એના સ્વરૂપમાં નથી એવી ભાવના કરે. ગૃહસ્થાશ્રમમાં કરી શકે છે. આહાહા..!

શુદ્ધ ઉપયોગ ગૃહસ્થાશ્રમમાં પણ થઈ શકે છે. સમજાણું કાંઈ? ત્યારે વળી એ લઈ આવ્યા. કેટલી? ૨૫૪ ને? ગૃહસ્થને આ ધર્મથી મોક્ષ થાય. ૨૫૪. ૨૫૪. એ પોણોસો ગાથા જુદી છે ને. આ ૨૫૪. મોટી ચર્ચા થઈ હતી. અમદાવાદ. આહાહા..! કહે છે કે જુઓ! ગૃહસ્થને તો શુભભાવથી પરંપરા એને જ મોક્ષ થાય. એવું લીધું છે. એ તો ચરણાનુયોગનું વ્યવહારથી કથન છે કે જેને આત્માનુભવ થયો છે, આત્મા આનંદનું વેદન જેને પ્રગટ્યું છે, એને શુભભાવ આવે છે તો ઘણાં અશુભ ત્યાં ટળે છે, એ હળવે-હળવે આ શુભને ટાળીને મોક્ષ જવાનો. એમ છે. રાખીને થશે? એનાથી થશે? આહાહા..! અહીં (કહે છે), '**પરમાત્માની ભાવના કરવી.**'

'**ભાવાર્થ :- પ્રથમ જીવ બહિરાત્મપણાને છોડી...**' લ્યો! પ્રસિદ્ધ શબ્દ પડ્યો છે ને અંદરમાં? સંસ્કૃતમાં છે. '**योऽनन्तज्ञानाद्यात्मकः प्रसिद्धः परमात्मा**' છે? છે પ્રસિદ્ધ શબ્દ ક્યાંય? એ તો ૨૮નું છે. ૨૮માં આવે છે. ત્યાં પ્રસિદ્ધ પરમાત્મા લીધો છે. આહાહા..! વસ્તુ પ્રસિદ્ધ છે, એ તો પરમાત્મસ્વરૂપ છે એમ કહે છે. આહાહા..! 'પ્રસિદ્ધ-સિદ્ધ' નથી આવતી સ્તુતિ?

મુમુક્ષુ :- પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ.

ઉત્તર :- એ. ત્યાં પણ પ્રસિદ્ધ. પ્રસિદ્ધ વિશુદ્ધ. આ પણ આત્મા પ્રસિદ્ધ નથી? કહે છે. આહાહા..! પ્રસિદ્ધ થયો છે અનાદિથી. એ આત્મા પરમાત્મસ્વરૂપ છે એ તો પ્રસિદ્ધ વાત છે. આહાહા..!

'**જીવ બહિરાત્મપણાને છોડી આત્મસ્વરૂપની સન્મુખ થતાં...**' અહીંથી વિમુખ થયો, સ્વરૂપથી સન્મુખ થયો. લ્યો! આહાહા..! રાગને પોતાનો માનતો તેનાથી વિમુખ થયો અને સ્વની સન્મુખ થયો. આહાહા..! એનો વિકલ્પ સહિત નિર્ણય તો કરે કે માર્ગ તો આ છે. બાકી બધી વાતું છે. '**અંતરાત્મા થાય છે.**' ભગવાન આત્મા પૂર્ણ આનંદઘન, અનંત ચતુષ્ટય-આનંદ, જ્ઞાન, દર્શન અને વીર્ય-એવું જે અનંત ચતુષ્ટયસ્વરૂપ જ એ આત્મા છે. ભગવાનને

અનંત ચતુષ્ટય પર્યાયમાં પ્રગટ થયા છે. આ અનંત ચતુષ્ટય સ્વભાવ એનો છે. એ ભગવાન જ છે એ આત્મા. આહાહા..! જરીક વખાણ થાય ત્યાં ખુશી થઈ જાય. આ કેવો પરમાત્મા છે? આહાહા..! કાંઈક જરી પાંચ ઇન્દ્રિયના વિષયોની અનુકૂળતા હોય ત્યાં અમે સુખી છીએ. આહાહા..! અરે..! ક્યાં ગયો તું? ભાઈ!

મુમુક્ષુ :- ઇન્દ્રિયના વિષયોમાં ગયો.

ઉત્તર :- ત્યાં તારું લક્ષ ગયું, બાપુ! પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન... આ વાત તો હળવે હળવે કહેવાયને. મહારાજ! તમે પહેલાં તો બહુ જોરદાર કહ્યું. હવે શક્તિ ઘટી લાગે છે. એમ જણો કહેતો હતો. આ વાડીભાઈના વહુ આવ્યા હતા ને. છે કે નહિ? ગયા હશે. વાડીભાઈ ભાવનગરવાળા નહિ? ગૃહસ્થ હતા ને? વાડીભાઈ ચત્રભુજ. એ આવ્યા હતા ને પ્રાણભાઈને (ત્યાં)? ક્યાં પ્રાણભાઈ છે કે નહિ? ત્યાં એના દીકરાની દીકરી આપી છે ને, એના દીકરા વેરે? પ્રાણભાઈના. એ આવ્યા હતા એને વળાવવા. એ અંદર આવીને કહે, મહારાજ! હું પહેલી વ્યાખ્યાનમાં આવતી તમે સંપ્રદાયમાં.. આવતી હશે. ક્યાંક આવતી હશે. .. હવે તો બોલવાની શક્તિ ઘટી લાગે છે. હળવે હળવે આવે ને. એ કહેતા હતા. પ્રાણભાઈનો આહાર હતોને તે દિ' આવ્યા હતા. ધીરૂભાઈનો દીકરો હતોને સાથે.

ભાઈ! આ માર્ગ જુદો છે, બાપુ! આહાહા..! વસ્તુ સ્વરૂપ શુદ્ધનું અવલંબન લેવું, એ શુદ્ધની સન્મુખ થવું એ એને કરવા જેવું છે. પહેલામાં પહેલું કર્તવ્ય હોય તો આ છે. આહાહા..! સમજાણું કાંઈ? દુનિયા દુનિયાનું જાણે. અનેક મત, અભિપ્રાય જગતમાં હો, પણ વીતરાગનો અભિપ્રાય તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**ત્યારબાદ ક્રમે ક્રમે પુરુષાર્થ વધારી...**' એટલે શું કહે છે? પ્રથમ ભગવાન પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છે એની સન્મુખ થઈને અંતરાત્માપણું પ્રગટ કરવું અને પછી ધીમે ધીમે સ્વભાવનો આશ્રય વધારીને ભાવના-એકાગ્ર થતાં પરમાત્મા થવું. આહાહા..! સાધન તો આ છે. એક જ વાત કહે છે. પ્રથમ એ અંતરાત્માપણે પરિણમવું અને પછી પણ અંતરાત્મામાં એકાગ્ર થવું એ પરમાત્મા થવાનું કારણ છે. વચમાં બધો વ્યવહાર આવે માટે એ પરમાત્માનું કારણ છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

'**ક્રમે ક્રમે પુરુષાર્થ વધારી સર્વ વિકલ્પોથી રહિત થઈ જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માની આરાધના કરે છે,...**' આહાહા..! ભગવાન તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે પ્રભુ. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહાહા..! જ્ઞાન અને જ્ઞાનનો આનંદ એવું સ્વરૂપ થઈને.. આહાહા..! પરમાત્માની આરાધના કરે. '**અર્થાત્ તેમાં લીન થઈ તદ્રૂપ બનવાની ભાવના ભાવે છે. એ પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.**' લ્યો! આ ઉપાય આ છે કહે છે. વ્યવહાર ઉપાય

છે એ આ ગાથામાં વાત લીધી જ નથી. સમજાણું કાંઈ? ઘણે ઠેકાણે આવે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. એ તો રાગની મંદતાની મર્યાદા કેટલી હતી એનું જ્ઞાન કરાવવા વાત છે. આહાહા..! શું થાય? અરે..! અનાદિથી લુંટાણો છે અને લુંટાય છે.

---

तद्भवनायाः फलं दर्शयन्नाह–

सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः।
तत्रैव दृढ़संस्काराल्लभते ह्यात्मनि स्थितिम्।।२८।।

टीका :– योऽनन्तज्ञानाद्यात्मकः प्रसिद्धः परमात्मा सोऽहमित्येवमात्तसंस्कारः आतो गृहीतः संस्कारो वासना येन। कया कस्मिन? भावनया तस्मिन् परमात्मानि भावनया सोऽहमित्यभेदाभ्यासेन। पुनरित्यन्तर्गर्भितवीप्सार्थः। पुनः पुनस्तस्मिन् भावनया। तत्रैव परमात्मन्येव दृढ़संस्कारात् अविचलभावनावशात्। लभते प्राप्नोति ध्याता। हि स्फुटम्। आत्मनि स्थितिं आत्मन्यचलतां अनंतज्ञानादिचतुष्टयरूपतां वा।।२८।।

---

તે ભાવનાનું ફળ દર્શાવતાં કહે છે :-

શ્લોક - ૨૮

અન્વયાર્થ :- (तस्मिन्) તેમાં-પરમાત્મપદમાં (भावनया) ભાવના કરતા રહેવાથી (सः अहं) તે-અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મા- 'હું છું' (इति) એવા (आत्तसंस्कारः) સંસ્કાર પામેલો તે-જ્ઞાની-પુરુષ- (पुनः) વારંવાર (तत्र एव) તેમાં જ-આત્મ-સ્વરૂપમાં જ (दृढ संस्कारात्) દઢ સંસ્કારને લીધે (हि) નિશ્ચયથી (आत्मनि) આત્મામાં (स्थितिं लभते) સ્થિરતા પ્રાપ્ત કરે છે.

ટીકા :- જે અનંતજ્ઞાનાદિસ્વરૂપ પ્રસિદ્ધ પરમાત્મા છે તે 'હું છું' એવો સંસ્કાર પામી અર્થાત્ એવો સંસ્કાર એટલે વાસના ગ્રહીને, શા વડે? શામાં? તેની ભાવના વડે અર્થાત્ પરમાત્માની ભાવના વડે તે 'હું છું' એવા અભેદ અભ્યાસ વડે, તેની વારંવાર ભાવનાથી તેના જ એટલે પરમાત્માના દઢ સંસ્કારને લીધે અવિચલ ભાવનાને લીધે ધ્યાતા ખરેખર આત્મામાં સ્થિતિ પામે છે-પ્રાપ્ત કરે છે-અર્થાત્ આત્મામાં અચલતા વા અનંતજ્ઞાનાદિચતુષ્ટયરૂપતા પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ :- અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મા તે જ 'હું છું' એવી વારંવાર અભેદ ભાવના ભાવવાથી તેના સંસ્કાર દઢ થાય છે અને તેવા સંસ્કારને લીધે આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જીવ અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે.

## વિશેષ

જ્યારે અંતરાત્મા સ્વસન્મુખ થઈ પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ ચૈત્યઘન, સુખ-ધામ અને અનંતચતુષ્ટયાદિરૂપ ધ્યાવે છે-વારંવાર ભાવે છે, ત્યારે અબેદ અવિચલ ભાવનાના બળે તે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈ જાય છે. તે વખતે તેને અનિર્વચનીય આનંદનો અનુભવ થાય છે. પરમાત્મસ્વરૂપમાં લીન થતાં તે સ્વયં પરમાત્મા થઈ જાય છે. આ પરમાત્મસ્વરૂપની દ્રઢ ભાવનાનું ફલ છે.

‘‘જે પરમાત્મા છે તે જ હું છું-એવી વારંવાર ભાવના ભાવતાં શુદ્ધસ્વાત્મામાં જે લીનતા થાય છે, તે કોઈ વચન-અગોચર યોગ છે-સમાધિરૂપ ધ્યાન છે.’’[૧]

આવી રીતે પરમાત્મભાવનાના દ્રઢ સંસ્કારથી આત્મા પરમાત્મા થઈ જાય છે. ૨૮.

## શ્લોક-૨૮ ઉપર પ્રવચન

‘તે ભાવનાનું ફળ દર્શાવતાં કહે છે :-’ લ્યો! હવે આવી ભાવના એટલે સ્વરૂપ શુદ્ધ આનંદ એનું ભાન થતાં અંતરાત્મા થયો. અંતરાત્મા એટલે જે અંતરમાં ચીજ હતી અનંત આનંદ આદિ, એને દ્રષ્ટિમાં લીધી. અંતર હતું તેને દ્રષ્ટિમાં લીધી એ અંતરાત્મા. અને અંતરમાં નથી અને રાગાદિને પોતાના માનવા એ બહિરાત્મા. આહાહા..! આ તો સાદી ભાષા છે. આમાં કોઈ મોટા પલાખાં શીખે એવું કાંઈ છે નહિ. ઓલા બોલે છે ને? બાબુભાઈ બોલે ને જ્યાં હોય ત્યાં. ‘રંગ લાગ્યો રે પ્રભુ તારો રંગ લાગ્યો. તારી ભક્તિ કરવાનો મારો ભાવ જાગ્યો.’ પણ એ પણ રાગ છે. લોકોને સારું લાગે. ‘તારી પૂજા કરવાનો મને ભાવ જાગ્યો.’ એ તો વિકલ્પ છે. પૂજા તો ભગવાન આત્માની કરવી. પૂજ્યપણું તો પરમાત્મા પોતાનું છે. આહાહા..! શું કહે છે?

મુમુક્ષુ :- ઉત્કૃષ્ટ શુભભાવ હોય તો...

ઉત્તર :- ઉત્કૃષ્ટ શુભભાવ હોય તોપણ બંધનું કારણ છે.

મુમુક્ષુ :- પણ હવે આ સ્થિતિ કરતા તો ઓલી સ્થિતિ સારી.

ઉત્તર :- બિલકુલ સારા કાંઈ નથી. બેય સરખા છે. બંધનના કારણની અપેક્ષાએ બેય એક જાતના છે. વ્યવહારથી કહેવાય આ શુભ, આ અશુભ. આ તો એ લોકોને એ જ નડે છે. અહીંયાં વ્યવહારને હેય હેય (કહે છે). અને આટલા આટલા વરસ થયા ૪૦ પણ

૧. જુઓ : ‘અધ્યાત્મરહસ્ય’-શ્લોક ૫૭.

કોઈ સાધુ થયો? કોઈએ અગિયાર પડિમા લીધી કોઈએ અહીંથી? બાપુ! એ પડિમા કોને કહેવી? ભાઈ! આહાહા..! લઈને બેઠા એ શું કરે છે એ જુઓ તો ખબર પડે. આહાહા..! ૨૮. ૨૮ ને?

**सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः।**
**तत्रैव दृढसंस्काराल्लभते ह्यात्मनि स्थितिम्।।२८।।**

'**ટીકા :- જે અનંતજ્ઞાનાદિસ્વરૂપ પ્રસિદ્ધ...**' જુઓ, આવ્યું. ભગવાન આત્મા આ વસ્તુ છે ને પ્રસિદ્ધ છે, એમ કહે છે. આહાહા..! વસ્તુ જે ધ્રુવ સત્તા, જેનું અસ્તિત્વ જે છે એ તો શુદ્ધનું અસ્તિત્વ છે. શુદ્ધાત્મા એ અસ્તિત્વ છે. એવા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ-વીર્ય વગેરે. એવા '**અનંતજ્ઞાનાદિસ્વરૂપ પ્રસિદ્ધ પરમાત્મા છે તે 'હું છું'...**' સમજાણું કાંઈ? એમ ભાવના કરવી એમ કહે છે. જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા વગેરે ૪૭ શક્તિઓ છે કે નહિ? એવી અનંત શક્તિસ્વરૂપ ભગવાન આત્મા એ પ્રસિદ્ધ પરમાત્મા છે. આહાહા..! એવો આત્મા છે એ તો બાહ્ય પ્રસિદ્ધ છે ને? તું ભગવાન છો પૂર્ણાનંદનો નાથ. બાપુ! એ પ્રસિદ્ધ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાતું.

'**એવો સંસ્કાર પામી...**' વારંવાર ચૈતન્ય અને પૂર્ણાનંદનો નાથ છું, શુદ્ધ છું, પૂર્ણ છું એવા સંસ્કાર નાખીને. આહાહા..! '**અર્થાત્ એવો સંસ્કાર એટલે વાસના ગ્રહીને,...**' એવી વાસના (અર્થાત્) ચૈતન્યસ્વભાવ પૂર્ણ પરમાત્મસ્વરૂપ તે હું.. તે હું... તે હું. રાગ અને અલ્પજ્ઞ એ હું નહિ. આહાહા..! આવી વાતું! વીતરાગ, વીતરાગનો માર્ગ અલૌકિક! અલૌકિક!! લોકોએ લૌકિક જેવો કરી નાખ્યો જાણે સાધારણ હોય. ઓલામાં નથી આવતું? મનુષ્ય મને મનુષ્ય જેવો બનાવે. પછી આવે ને કાંઈક? મારી સઘળી... શું આવે છે?

મુમુક્ષુ :- પ્રભુતા સજાવે.

ઉત્તર :- મારી સઘળી પ્રભુતા સજાવે. ભજનમાં આવે છે. આહાહા..! ભગવાન તો ખાય, ભગવાન સૂવે, ભગવાન લૂગડા રાખે, લ્યો!

મુમુક્ષુ :- કોટ, પાટલૂન પહેરે.

ઉત્તર :- વળી મૂર્તિને પહેરાવે. કોટ, પાટલૂન વળી પાછું એને અત્તર લગાડીને.

મુમુક્ષુ :- ખિસ્સામાં ઘડિયાળ.

ઉત્તર :- આહાહા..! કાંડાની ઘડિયાળ પહેરતા હશે. આહાહા..!

પ્રતિબિંબ તો એને કહીએ, જેવી વીતરાગ શાંત અકષાય સ્વભાવની મૂર્તિ આત્મા એવું પ્રતિબિંબ હોય. બિંબ આ અને પ્રતિબિંબ એ. આહાહા..!

મુમુક્ષુ :- પણ ભગવાનને કોટ પાટલૂન પહેરાવે તો પોતાને પહેરવાની સગવડ થાય ને?

ઉત્તર :- એમ પણ બિચારો કરતો. એક આવ્યો હતો ને સાધુ? કાંતિલાલ. કાંતિલાલ ને? .. કાંતિલાલ નહિ? નાની ઉંમર. ખાનગી આવે અમારી પાસે. જુવાનજોધ જેવો. દેરાવાસી શ્વેતાંબર. ખાનગી આવે કે મહારાજ! હું કાંઈ માનતો નથી. પણ તમને દેખીને કાંઈક વિશ્વાસ આવે છે કે કાંઈક હશે. એમ કીધું. એ કહે, મને કાંઈ એ જાતની શ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- .. કે એવું કરું...

ઉત્તર :- એવું કરું કે હમણાં અહીંથી જઈશ વરતેજ, જમાવટ કરી દઈશું. કહે. અરેરે..! અરે.. બાપુ! એ શું છે? ભાઈ! બોલતા આવડ્યું અને કહેતા આવડ્યું ને માણસ ભેગા થાય એ કાંઈ વસ્તુ છે? આહાહા..! કહેવાની ભાષા તો જડની છે. ઉપદેશ જડથી થાય છે. આત્માથી થાય? બહુ માણસ બેઠું હતું. કહે કે, તમે કેમ ભગવાનને રથમાં બેસાડો છો? એમ કે આવું ન હોય. લૂગડા. આમ બેસાડો ત્યાં લૂગડા? તમે રથમાં એવા બેસાડો છો કે આમ કરીને બેસે? કહો, નવરંગભાઈ! ઠીક! તમે તમારા રથમાં ભગવાનને કેવા બેસાડો છો? ... તમે રથમાં બેસાડો, અમે લૂગડા પહેરાવીએ. ભાઈ! એ તો સ્વતંત્ર જીવ છે ને. આહાહા..! ભાઈ! એ તો બીજો ઉપાય ન મળે. પ્રભાવના આદિ હોય ત્યારે તો ભગવાનને રથમાં બેસાડ્યા. રથમાં બેસે તો ગૃહસ્થ બેસે, સાધુ બેસે? એને બેસાડો રથમાં. ત્યાં ખોટું નહિ, અમે લૂગડા પહેરાવીએ એ ખોટું. કહે. અરે..! ભગવાન! ભાઈ! એ તો અશક્ય પરિહાર. બીજો કોઈ ઉપાય નથી. ભગવાનની પ્રતિમાને બહાર લઈ જવી હોય તો એકલો માથે લઈને ક્યાં ફરે? એથી કપડા પહેરાવવા અને મૂર્તિને માથે દાગીના.. શું કહેવાય? મુગટ-મુગટ. આંગી ને.. આહાહા..! ચૈતન્યને તો વિકૃત કર્યો પણ ભગવાનના રૂપને પણ વિકૃત કર્યું. આહાહા..!

અહીં કહે છે, એવો સંસ્કાર '**શા વડે? શેમાં?**' શા વડે અને શેમાં? '**તેની ભાવના વડે અર્થાત્ પરમાત્માની ભાવના વડે તે 'હું છું' એવા અભેદ અભ્યાસ વડે,...**' એમ. તે હું છું. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય એ હું છું... એ હું છું.. એ હું છું... એમ સંસ્કાર નાખ, કહે છે. આહાહા..!

નવું શકોરું હોયને શકોરું નવું? માટીનું. બિંદુ આમ નાખો તો અંદર વયા જશે પહેલા. શકોરું સમજો છો? માટીનું. રામપાત્ર કહે છે? શું કહે છે? શકોરા. શકોરા કહે છે. શકોરુ માટીનું. નવું આવ્યું હોય તો એમાં બિંદુ નાખો તો પી જાય. પણ પી ગયા પછી જ્યારે પૂરું થાય ત્યારે પાધરું ફરશે અંદરથી. અમુક પીશે અને પછી ઉપર રહેશે પાણી. એમ આ અંદરમાં અવ્યક્તપણે સંસ્કાર નાખતા.. નાખતા... નાખતા વ્યક્તપણે શુદ્ધ પરિણમન થઈ જશે. આહાહા..! દાખલો છે એવો. દાખલા બધા દાખલા શાસ્ત્રમાં-દિગંબર સાહિત્યમાં-ઢગલા પડ્યા છે. હવે આ કહે કે આપણે ઈતિહાસ લખવો હોય તો દિગંબરના શાસ્ત્રમાંથી નહિ

મળે. એ શ્વેતાંબરમાં છે. અરે..! ભગવાન! આહાહા..! શું થાય? આવું બહુ લખ્યું છે. ખૂબ લખ્યું છે. વિરોધ ગેજેટવાળાએ (કર્યો છે). લાલબહાદુર છે ને? ગેજેટનો કોણ છે અત્યારે?

મુમુક્ષુ :- વર્ધમાન પારસનાથ.

ઉત્તર :- વર્ધમાન પારસનાથ છે? ઓલા નીકળી ગયા છે. નહિ? લાલબહાદુર. લાલબહાદુર નીકળી ગયા છે? દરબારી કોઠિયા. દરબારીલાલ કોઠિયા છે. એણે લખ્યું હશે. મોટો લેખ, મોટો લેખ. ખૂબ લખ્યું છે. પંડિત પંડિતો વચ્ચે જામી. આહાહા..! અરે..! બાપુ! આ કાંઈ લડાઈ કરવી છે? અહીં કાંઈ કોઈને ખોટા પાડીને અનાદર કરવો છે? એમ નથી. આ તો વસ્તુસ્થિતિ કેમ છે અને એનાથી વિરૂદ્ધ જે હિતનું કારણ નથી એમ પ્રસિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'એવા અભેદ અભ્યાસ વડે,...'** 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' કર વિચાર તો પામ એમ કીધું છે. અમારી ભક્તિ કરીને, વિનય કરીને પામીશ એમ તો નથી કહેવું અમારે.

મુમુક્ષુ :- એ વળી છ પદના પાઠમાં.

ઉત્તર :- એ તો કાલે કહ્યું નહોતું? ભક્તિ, વૈરાગ્ય આદિ સાધન છે. એ બધી વાતું વ્યવહારની છે. ભગવાન આત્માનું સમ્યગ્દર્શન એ જ ભક્તિ છે. નિશ્ચય ભક્તિ છે. એ પાઠ છે ને જયસેનાચાર્યની ટીકામાં? સમયસારમાં. ભજન, એની માળા ગણવી. એટલે કે શુદ્ધ ચૈતન્ય પૂર્ણ છું એને એક પછી એક પરિણતિ કરવી એમાં. આહાહા..! એ માળા છે. સમજાણું કાંઈ? પરમાત્મા થવાનો ઉપાય આ છે, કહે છે.

**'તેની વારંવાર ભાવનાથી તેના જ એટલે પરમાત્માના જ દૃઢ સંસ્કારને લીધે અવિચલ ભાવનાને લીધે...'** એનો અર્થ કર્યો. **'પરમાત્માના દૃઢ સંસ્કારને લીધે...'** એટલે કે **'અવિચલ ભાવનાને લીધે...'** એમ. શુદ્ધ સ્વભાવની ચળે નહિ એવી ભાવના. એટલે એની સન્મુખની એકાગ્રતા. **'ધ્યાતા ખરેખર આત્મામાં સ્થિતિ પામે છે-'** શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણને લક્ષમાં લઈને એને ધ્યાન કરનારો એને પામે છે. એ પરમાત્મસ્થિતિ પામે છે. પૂર્ણ સ્વરૂપમાં સ્થિર થાય છે અને પૂર્ણ સ્વરૂપમાં સ્થિર થતા થતા પરમાત્મા થઈ જાય છે. આહાહા..! હવે આવી વાતું. અધ્યાત્મની મૂળ વાત... આહાહા..! આમાં નથી પૈસો ખર્ચવાનો, નથી દેરાસર બંધાવવાના, નથી આ પરમાગમ કરવાના. થઈ ગયું? એમ કે થઈ ગયું. ભાઈ એમ બોલતા હતા. પ્રેમચંદભાઈ. પ્રેમચંદભાઈ કહેતા હતા કે હવે તો આ થઈ ગયું ને આપણે. (મંદિરો થઈ ગયા) એટલે ખુલાસો કરવામાં વાંધો નહિ. પણ પહેલેથી જ અમે કહીએ છીએ. હોય શુભભાવ. પણ એ શુભભાવ હોય માટે મંદિર થાય છે? અને મંદિર

થાય છે માટે અહીં શુભભાવ થાય છે? અને શુભભાવ થાય છે એ ધર્મ છે? આહાહા..! ભારે વાતું ભાઈ! આહાહા..! ત્યારે કહે, જે છોડવા જેવું છે એને શું કરવા કરવું? પણ બાપુ! એ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ સ્વભાવની પૂર્ણ પ્રગટ દશા જ્યાં ન હોય ત્યાં સમકિતીને, મુનિને પણ એ શુભભાવ આવ્યા વિના રહે નહિ. એ શુભભાવ સાધન નથી. આહાહા..! શાંતિને બાધક છે. સમજાણું કાંઈ? પ્રગટેલી શુદ્ધતાને રાગ બાધ કરતો નથી. પણ વધારે શુદ્ધતા નથી પ્રગટ થતી એમાં અટક્યો છે એ. આહાહા..! માર્ગ તે માર્ગ. સાધારણને તો એવું લાગે કે આ તો નિશ્ચય.. નિશ્ચય. કેમ મોહનલાલજી! એમ વાતું કરે કે નિશ્ચય-નિશ્ચયની વાતું કરે છે. પણ બાપુ! નિશ્ચય એટલે સાચો પંથ જ એ છે, ભાઈ! નિશ્ચય એટલે સાચો. વ્યવહાર એટલે જૂઠું. છ ઢાળામાં ન આવ્યું? સત્યાર્થ તે નિશ્ચય.

મુમુક્ષુ :- જો સત્યારથ રૂપ સો નિશ્ચય કારણ સો વ્યવહાર.

ઉત્તર :- હા એ. વ્યવહાર એ અસત્યાર્થ છે. ભલે કારણરૂપ વ્યવહાર કહ્યો પણ એ વ્યવહાર છે. સત્યાર્થ આ છે અને વ્યવહાર અસત્યાર્થ છે. આ સત્ય છે અને એ જૂઠું છે, એમ આવ્યું. આવે છે? છ ઢાળામાં આવે છે. આવે છે છ ઢાળામાં નહિ? સત્યાર્થ.

મુમુક્ષુ :- જો સત્યારથ રૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહાર.

ઉત્તર :- બસ એ. કારણ સો વ્યવહારનો અર્થ આ સત્યાર્થ અને એ અસત્યાર્થ, એમ એનો અર્થ થયો. વ્યવહાર કારણ કહ્યું ભલે પણ ઈ છે અસત્યાર્થ. આહાહા..! સત્યાર્થની સામે અસત્યાર્થ છે. 'વ્યવહાર નિયતં હેતુ હોઈ' આવે છે ને એમાં?

મુમુક્ષુ :- હેતુ નિયતકો હોઈ.

ઉત્તર :- હેતુ નિયત. ત્યાં વળગે બધા.

મુમુક્ષુ :- અબ વ્યવહાર મોક્ષ મગ સુણીયે, હેતુ નિયતકો હોઈ.

ઉત્તર :- હોઈ. ભાઈ! એ તો ત્યાં નિમિત્ત... સમ્યગ્દર્શન-જ્ઞાનની ભૂમિકામાં, ચારિત્રની ભૂમિકા, રાગની મંદતા ક્યે જાતની કેટલી હોય, એવું બતાવવા એને હેતુ કહ્યો છે. અથવા આમાં તો એમ જ લીધું છે ને? કે વ્યવહાર એકબીજાના ભાવને વળગે છે, દ્રવ્યના એકબીજાના ભાવ, એકબીજાને, બીજાના ભાવને કારણ થાય, એમ માને તો મિથ્યાત્વ છે એમ નથી કીધું? વ્યવહારનયનું લક્ષણ જ એવું છે. લ્યો! વ્યવહારનયનો વિષય શું છે ત્યાં એણે જાણવું જોઈએને? વ્યવહાર અને નિશ્ચય બેમાં સત્ય તે નિશ્ચય છે. આહાહા..! વ્યવહાર તો ઉપચારિક છે. ઈ મોક્ષમાર્ગ નથી. આહાહા..!

આવા '**દૃઢ સંસ્કારને લીધે અવિચલ ભાવનાને લીધે ધ્યાતા ખરેખર આત્મામાં સ્થિતિ પામે છે-પ્રાપ્ત કરે છે...**' એટલે? આત્મામાં સ્થિતિ પામે છે એટલે? આત્માને

પ્રાપ્ત કરે છે. શુદ્ધ ધ્રુવને પકડતાં આત્મા પ્રાપ્ત થાય છે. રાગની પ્રાપ્તિ જે હતી એ છૂટી જાય છે. આહાહા..! **'અર્થાત્ આત્મામાં અચલતા વા અનંતજ્ઞાનાદિચતુષ્ટયરૂપતા પ્રાપ્ત કરે છે.'** એક તો એમાં સ્થિર થાય તે અચળ થાય છે અને એ પર્યાય ત્યાં સ્થિર થતાં, 'વસ્તુ આ છે' એમ પર્યાયમાં પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ? આવી એકલી અધ્યાત્મની વાતું. ચાર અનુયોગ જોઈએ. દરરોજ ચાર અનુયોગનું જોઈએ.

મુમુક્ષુ :- એમાં ચારેય આવી ગયા.

ઉત્તર :- એ આવી ગયા બાપુ, એમાં. એ આહાર લેવાનું થાય, એ બધી ચરણાનુયોગની વાતું છે. આહારમાં અમુક વધારવો નહિ. એ તો વિકલ્પ છે, એ પુણ્ય-પાપ આસ્રવમાં આવી ગયું.

**'અનંતજ્ઞાનાદિચતુષ્ટયરૂપતા...'** શુદ્ધ જ્ઞાન ને આનંદસ્વરૂપ એને પ્રાપ્ત કરે છે. એટલે કે પર્યાયમાં જે પર્યાય પ્રાપ્ત હતી, એ પર્યાયને દ્રવ્ય પ્રાપ્ત કરે છે. દ્રવ્યને પ્રાપ્ત થાય છે પર્યાય. પર્યાય પર્યાયને પ્રાપ્ત કરે છે? પર્યાય દ્રવ્યને પ્રાપ્ત કરે છે. પર્યાય પર્યાયને પ્રાપ્ત કરે એમાં શું થયું? એ તો અનાદિથી કરે છે. આહાહા..! બહુ સારો હોં! કળશ... માખણ.

**'ભાવાર્થ :- અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મા તે જ 'હું છું' એવી વારંવાર અભેદ ભાવના...'** અંતર એકાગ્રતા. **'ભાવવાથી તેના સંસ્કાર દૃઢ થાય છે અને તેવા સંસ્કારને લીધે આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જીવ અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે.'** લ્યો! અનંતચતુષ્ટય સ્વભાવની ભાવના કરતાં પર્યાયમાં અનંત ચતુષ્ટય પર્યાય પ્રગટ થઈ જાય છે. અહીંયાં તો એ વાત છે. રાગને વ્યવહાર સાધન બતાવ્યું નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત સિદ્ધ કરે છે. પણ એ તો કીધું ને, જેટલા પ્રકારનો અહીં રાગ છે તેનું તે જ્ઞાન કરે છે. તે વ્યવહારથી જ્ઞાન એ જ્ઞાનગુણની પર્યાય. જ્ઞાનગુણનો સ્વભાવ ધ્રુવ અને એક સમયની પર્યાય જાણે છે. પણ ખરેખર એને જાણે છે એમ ન આવ્યું. પોતાની પર્યાયને જાણે છે. આહાહા..! ભારે માર્ગ ભાઈ!

**'અને તેવા સંસ્કારને લીધે આત્મસ્વરૂપમાં સ્થિર થઈ જીવ અનંતચતુષ્ટયરૂપ પરમપદની પ્રાપ્તિ કરે છે.'** લ્યો! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

नन्वात्मभावनाविषये कष्टपरम्परासद्भावेन भयोत्पत्तेः कथं कस्यचित्तत्र प्रवृत्तिरित्याशङ्कां निराकुर्वन्नाह–

मूढात्मा यत्र विश्वस्तस्ततो नान्यद्भयास्पदम्।
यतो भीतस्ततो नान्यदभयस्थानमात्मनः।।२९।।

टीका :– मूढात्मा ब हिरात्मा। यत्र शरीरपुत्रकलत्रादिषु। विश्वस्तोऽवंचकाभिप्रायेण विश्वासं प्रतिपन्नः –मदीया एते अहमेतेषामितिअभेदबुद्धिं गत इत्यर्थः। ततो नान्यद्भयास्पदं ततः शरीरादेर्नान्यद्भयास्पदं संसारदुःखसस्यास्पदं स्थानम्। यतो भीतः यतः परमात्मस्वरूपसंवेदनाद्भीतः त्रस्त। ततो नान्यदभयस्थानं ततः स्वसंवेदनात् नान्यत् अभयस्य संसारदुःखत्रासाभवस्य स्थानमास्पदम्। सुखास्पदं ततो नान्यदित्यर्थः।।२९।।थ

---

આત્મ-ભાવનાના વિષયમાં કષ્ટપરંપરાના સદ્ભાવને લીધે ભયની ઉત્પત્તિની સંભાવના રહે છે, તો તેમાં કોઈની કેવી રીતે પ્રવૃત્તિ થાય? એવી શંકાનું નિરાકરણ કરતા કહે છે :–

શ્લોક - ૨૯

અન્વયાર્થ :– (मूढात्मा) અજ્ઞાની બહિરાત્મા (यत्र) જેમાં-શરીર-પુત્ર-મિત્રાદિ બાહ્ય પદાર્થોમાં (विश्वस्तः) વિશ્વાસ કરે છે (ततः) તેનાથી-શરીરાદિ બાહ્ય પદાર્થોથી (अन्यत्) બીજું કોઈ (भयास्पदं न) ભયનું સ્થાન નથી અને (यतः) જેનાથી-પરમાત્મસ્વરૂપના અનુભવથી (भीतः) (भयास्पदं न) ભયનું સ્થાન નથી અને (यतः) જેનાથી–પરમાત્મસ્વરૂપના અનુભવથી (भीतः) તે ડરે છે (ततः अन्यत्) તેનાથી બીજું કાંઈ (आत्मनः) આત્માને (अभयस्थानं न) નિર્ભયતાનું સ્થાન નથી.

ટીકા :– મૂઢાત્મા એટલે બહિરાત્મા જ્યાં એટલે શરીર-પુત્ર-ભાર્યાદિમાં વિશ્વાસ કરે છે–અવંચક અભિપ્રાયથી (તેઓ મને ઠગશે નહિ એવા અભિપ્રાયથી) વિશ્વાસ પામે છે–'તે મારાં છે અને હું તેમનો છું' એવી અભેદબુદ્ધિ કરે છે–એવો અર્થ છે. તેનાથી બીજું કોઈ ભયનું સ્થાન નથી–તેનાથી એટલે શરીરાદિથી બીજું ભયનું સ્થાન–અર્થાત્ સંસારદુઃખના ત્રાસનું સ્થાન નથી.

ભાવાર્થ :– શરીર-પુત્રાદિ જે ભયનું સ્થાન છે–દુઃખનું કારણ છે તેમાં બહિરાત્મા આત્મબુદ્ધિ કરી વિશ્વાસ કરે છ અને પરમાત્મસ્વરૂપ જે નિર્ભય સ્થાન છે, પરમશરણરૂપ છે અને સુખનું કારણ છે, તેના સંવેદનને કષ્ટરૂપ માની ડરે છે.

અજ્ઞાની બાહ્ય શરીરાદિમાં સુખ માની તેમાં નિઃશંકપણે પ્રવર્તે છે, પણ વાસ્તવમાં

તેઓ મૃગજળ સમાન છે. તેમાં કાંઈ સુખ નથી; તે કોઈનું શરણ નથી કે કોઈનું વિશ્વાસનું-અભયનું સ્થાન નથી. એક શુદ્ધાત્મસ્વરૂપ જ અભયરૂપ છે, તે જ શરણનું સ્થાન છે અને તે જ જગતના જીવોને ભય-ભયમાંથી રક્ષા કરનાર પરમ તત્ત્વ છે.

### વિશેષ

જેમ પિત્ત-જ્વરવાળા રોગીને મીઠું દૂધ પણ કડવું લાગે છે, તેમ બહિરાત્માને પરમ સુખદાયી પરમાત્મસ્વરૂપની ભાવના પણ કષ્ટદાયી લાગે છે; તેથી તે આત્મસ્વરૂપની ભાવનાને ભાવતો નથી પણ વિષય-કષાયની જ ભાવના ભાવે છે.

વળી, ''રાગાદિ પ્રગટ એ દુઃખ દૈન, તિનહીકો સેવત ગિનત ચૈન; (૨/૫)
આત્મહિત-હેતુ વિરાગ જ્ઞાન, તે લખૈ આપકું કષ્ટદાન.'' (૨/૬)

રાગાદિ વિષય-કષાયો આત્માને અહિતરૂપ છે-દુઃખદાયક છે, છતાં અજ્ઞાની તેમાં હિત માની-સુખ માની-પ્રવર્તે છે અને જ્ઞાન-વૈરાગ્ય જે આત્માને હિતકર છે તેને અહિતરૂપ-કષ્ટરૂપ માને છે.

વળી અજ્ઞાની જીવને ઉદ્દેશીને શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે- ''અરે જીવ!''

અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,
અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!
ઉઘાડ ન્યાય-નેત્રને, નિહાળ રે! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું.

''અહા! જે અનંતસુખનું ધામ છે એવૈ ચૈતન્ય-સ્વભાવમાં તો તને મિત્રતા ન રહી-તેમાં ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો અને અનંત દુઃખનું ધામ એવા જે બાહ્ય વિષયો-તેમાં તને સુખબુદ્ધિ થઈ-પ્રેમ આવ્યો-ઉત્સાહ આવ્યો, એ કેવી વિચિત્રતા છે! અરે જીવ! હવે તારાં જ્ઞાનચક્ષુને ઉગાડીને જો, રે જો, કે, 'તારો સ્વભાવ દુઃખરૂપ નથી, પણ બાહ્ય વિષયો તરફનું તારું વલણ એકાંત દુઃખરૂપ છે. તેમાં સ્વપ્નેય સુખ નથી' આમ વિવેકથી વિચારી તારા અંતર સ્વભાવ તરફ વળ અને બાહ્ય વિષયોમાં સુખ-બુદ્ધિ છોડીને તેમનાથી નિવૃત્ત થા, નિત્ય નિર્ભય સ્થાન અને સુખનું ધામ તો તારો આત્મા જ છે.''

તેથી શુદ્ધાત્મસ્વરૂપના સ્વસંવેદન સિવાય અન્ય કોઈ અભય સ્થાન નથી. સંસાર-દુઃખના ત્રાસના અભાવનું તે એક જ સ્થાન છે, અર્થાત્ સુખનું એ એક જ સ્થાન છે, શરીર-પુત્રાદિ બાહ્ય પદાર્થો-કોઈ સુખનું સ્થાન નથી. ૨૯.

૧. જુઓ : શ્રી દૌલતરામજીકૃત 'છહ ઢાલા' ૨/૫, ૨/૬.

**નોંધ :- પ્રવચન નં. ૩૭ ઉપલબ્ધ નથી.**

**પોષ સુદ ૫, શુક્રવાર તા. ૧૭-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૨૯-૩૦, પ્રવચન - ૩૮**

૨૯ ગાથા. ભાવાર્થનો બીજો ભાગ.

'**અજ્ઞાની...**' જેને આત્મામાં આનંદ છે, શાંતિ છે એવી જેને ખબર નથી. એનું નામ અજ્ઞાન. જ્યાં આત્મામાં શાંતિ છે, આનંદ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે એવું જે સુખધામ, સુખનું સ્થાન, સુખનું સ્થળ એ આત્મા, એની જેને ખબર નથી એવા અજ્ઞાની '**બાહ્ય શરીરાદિમાં સુખ માની...**' શરીરમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, પૈસામાં સુખ છે, મકાનમાં સુખ છે, આબરૂમાં સુખ છે. ચીમનભાઈ! આ કારખાના કરીએ એમાં સુખ છે.

મુમુક્ષુ :- કરવા કે ન કરવા?

ઉત્તર :- કરવાનું તો કરી શકે છે કે દિ' કાંઈ? આહાહા..! આ તો થયા તો આપણને પાંચ, પચ્ચીસ હજાર, પચાસ હજાર મહિનાના થશે. એમાં .. જે થાશે એ. એમાં હવે આપણે સુખી જીવન ગાળશું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી. આહાહા..!

સુખ તો આત્મામાં છે. એની અજ્ઞાનીને ખબર નથી. એથી શરીરમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, મકાનમાં, આબરૂમાં આદિ વગેરે. કોઈ એના વખાણ કરે એમાં એ પ્રસન્ન થાય છે. એ બધું પરમાં સુખ માનનારા છે. સમજાણું કાંઈ? એની પ્રશંસા કરે, ઓહો..! આ તો બહુ કરોડપતિ છે, આ અબજપતિ છે. પાંચ-પાંચ લાખ પેદા કરે છે મહિનાના. મહિનાના, હોં! વર્ષમાં તો ઘણી પેદાશ કરે છે. રોજના દસ દસ હજાર. આ બધા છે ને મલૂકચંદભાઈના. મલૂકચંદભાઈના છોકરો નથી? પૂનમચંદ. દરરોજના દિવસની દસ-દસ હજારની પેદાશ. મુંબઈમાં છે. હેરાન.. હેરાન.. હેરાન. તમારા છોકરાને આઠ હજારનો પગાર છે મહિને. સુમનભાઈને. બાપને મૂકી...

મુમુક્ષુ :- .. આપ ના પાડો છો.

ઉત્તર :- પણ નિમિત્તથી ઓળખાવવું હોય તો કેમ ઓળખાવાય? એટલે. આહાહા..! કરોડોપતિ અને અબજોપતિ. આ અબજપતિ હમણાં નહોતા મરી ન ગયા? શાંતિલાલ ખુશાલ.

ગોવા, ગોવા. દશાશ્રીમાળી વાણિયા છે. બસ્સોને ચાલીસ કરોડ રૂપિયા હતા. બસ્સોને ચાલીસ કરોડ! બે અબજ ને ચાલીસ કરોડ. એવું તો અત્યારે વાણિયામાં આ બાજુ નીકળે કો'ક નીકળતો હશે. બે અબજ ચાલીસ કરોડ. રાત્રે ઉઠ્યો. મુંબઈ આવ્યો હતો દવા કરાવવા. એની વહુ માંદા હતા. ... ગોવામાં. ચાલીસ ચાલીસ લાખના મકાન છે ગોવામાં. ચાલીસ લાખના મકાન. અહીં આવ્યો. એની વહુને કાંઈક થયું હતું. શું કહેવાય? હેમરેજ. એની દવા કરાવવા આવ્યા હતા. ત્યાં રાતે દોઢ વાગે કહે, દુઃખે છે. આહાહા..! પછી ડોક્ટરને બોલાવ્યા. ડોક્ટર આવ્યા ત્યાં ભાઈસાહેબ ઉપડી ગયા પરગતિએ. રખડવા ચોર્યાસીના અવતારમાં. આહાહા..! એય..! હસમુખભાઈ! બધે એમ છે? આહા..! જેમાં સુખધામ પ્રભુ છે ત્યાં તું નજર કરતો નથી અને જેના દુઃખના નિમિત્તો છે બધા, એમાં સુખ માનીને ભ્રમણા-મિથ્યાત્વને સેવે છે. એ '**શરીરાદિમાં સુખ માની તેમાં નિઃશંકપણે પ્રવર્તે છે,...**' તેમ શંકા પણ પડતી નથી કે આમાંથી આ જાય ત્યારે શું થાશે?

મુમુક્ષુ :- ખાત્રી હોય પછી શું?

ઉત્તર :- પાક્કી ખાત્રી શેની? નહિ મરવાની?

મુમુક્ષુ :- સુખની.

ઉત્તર :- સુખ ધૂળમાંય નથી. પાગલ છે. પાગલ-પાગલ ગાંડો છે. કેમ હશે મલૂકચંદભાઈ? બ્લડપ્રેશર થાય છે ત્યારે જુઓને એં..એં.. થઈ જાય છે. એક ફેરી થયું હતું અહીં. ...વાળાને થયું .. આવ્યો હતો અહીં. ઉં..ઉં.. ...માં આવ્યો હતો. પૈસા ઘણાય ચાર કરોડ, પાંચ કરોડ છે. ધૂળ શું કરે ત્યાં પણ. એ તો માટી છે. મૂર્ખાઈ જીવની...

મુમુક્ષુ :- અંદરમાં ... ની હૂંફ કેટલી હોય?

ઉત્તર :- હૂંફ છે નિમિત્તની. આહાહા..! ત્યાં નહિ આ.. દૂધ પીધું હતુંને ત્યાં? એ જ અહીં આવ્યા ને? વૈશાખ બીજ ત્યાં ઉજવી હતી ને. એ દૂધ સવારમાં પીધું ત્યાં બંગલો મોટો. તમે હતા કે નહિ? દૂધ પીધું હતું. કહે, મહારાજ! જમીન નવી લીધી છે. પંદર હજાર. પાંચસો રૂપયાની વાર. પંદર હજાર. અહીં મોટો બંગલો કર્યો છે. તેમાં ખુશી-ખુશી થઈ ગયા. મહારાજના પગલા પડશે. પગલા શું (કરે)?

મુમુક્ષુ :- મોટો બંગલો જલ્દી થઈ જાય.

ઉત્તર :- અરેરે..! ક્યાં જીવ અટકે છે?

સાધુ થઈને પણ શરીરની ક્રિયાથી મને લાભ થાય. એ શરીર ઠીક માને છે. અરે..! એમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ આવે એ રાગ ને આકુળતા છે. આહાહા..! એ મને સુખનું એટલે મોક્ષમાર્ગનું સાધન છે. એ તો એની એ વાત થઈ. પરમાં સુખ નથી, એ

સુખનું કારણ છે એમ માન્યું છે. આહાહા..!

'**પણ વાસ્તવમાં તેઓ મૃગજળ સમાન છે.**' મૃગ-મૃગજળ. આહાહા..! વેળુ ખારા, ખારી વેળુ જમીન, એમાં સૂર્યના લાગતાં આમ લાગે જાણે કે પાણી હોય. મૃગજળ છે એ તો. આહાહા..! સુખનું સ્થાન તો એક જ આત્મા છે. પુણ્ય અને પાપના ફળ એ બધા દુઃખરૂપ છે. આહાહા..! અજ્ઞાની એને સુખરૂપ માની '**તેમાં કાંઈ સુખ નથી; તે કોઈનું શરણ નથી...**' આહાહા..! '**કે કોઈનું વિશ્વાસનું-અભયનું સ્થાન નથી.**' એ તો બધા ભયના સ્થાન છે. આહાહા..!

'**એક શુદ્ધાત્મસ્વરૂપ જ અભયરૂપ છે,...**' ભગવાન આત્મા.. શુદ્ધાત્મ સ્વરૂપ એટલે આનંદસ્વરૂપ એ જ એક શરણનું સ્થાન છે. આહાહા..! અને '**તે જ જગતના જીવોને ભવ-ભયમાંથી રક્ષા કરનાર પરમ તત્ત્વ છે.**' આહા..! ભવ-ભય. મરીને ક્યાં જશે નિગોદ અને નરકમાં. અહીંયાં હોય મોટા શેઠ કરોડોપતિ. અહીંથી નીકળ્યાને જાય નરકમાં. આહાહા..! જાય નિગોદમાં. તત્ત્વનો વિરોધ કર્યો હોય કાંઈક. આહાહા..!

બ્રહ્મદત્ત ચક્રવર્તી. સાતસો વર્ષ ચક્રવર્તી પદ. સાતસો વર્ષ ન હોય પણ આખી જીંદગીનું. આહા..! છ ખંડનો સ્વામી. છન્નું હજાર તો જેને ઘરે રાણી. છન્નું કરોડ તો જેને ઘરે પાયદળ, છન્નું કરોડ તો ગામ. એ આમ મરતા... સાતમી નરકે. અપરિઠાણા નરકે રવરવ નરકમાં છે અત્યારે. આહાહા..! સમજાણું કાંઈ? એ તો કહ્યું છે ને શ્વાસ. એટલો શ્વાસ લઈએ એટલા વર્ષ ૭૦૦ વર્ષ આ શ્વાસના જે કાઢ્યા, એ એક એક શ્વાસમાં અગિયાર લાખ પલ્યોપમનું દુઃખ. આહાહા..! પૂર્ણાનંદનો નાથ એનો અનાદર કર્યો એણે. શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ એમાં આનંદતા ન માનતા બહારની અનુકૂળ સામગ્રીમાં આનંદ સુખ છે. સુખી છીએ. પૈસે ટકે, છોકરે, બૈરાએ ઠીક (છીએ), બધી રીતે સામગ્રી ઠીક છે. હમણા અમે સુખી છીએ. બાદશાહી છે એમ નથી કહેતા? હમણા બાદશાહી વર્તે છે. ધૂળેય નથી.

મુમુક્ષુ :- ચડતી બેડી.

ઉત્તર :- .. છે. ચડતી બેડી. ... આહાહા..! બેડી સમજ્યા? ઢગલો તો પરનો છે. આબરૂનો, સામગ્રીના ઢગલા થતા હોય ત્યાં એમ કહે, બેડીને તોડો નહિ. ધૂળેય નથી હવે ... આહાહા..! અમૃતનો સાગર ભગવાન એને તો, નથી એમાં સુખ (મનાવ્યુ) એટલે એને મારી નાખ્યો. અમૃતનો સાગર સુખસાગર એમાં સુખ નથી. એનો અર્થ કે એ સુખ સ્વરૂપ છે એને મારી નાખ્યો દૃષ્ટિમાં. આહાહા..!

'**ભવ-ભયમાંથી રક્ષા કરનાર પરમ તત્ત્વ છે.**' શુદ્ધ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, જ્ઞાન અને આનંદના શાશ્વત સ્વભાવથી ભરેલો. એ તત્ત્વ ભવ ભયના શરણમાં એકલું છે.

આહાહા..! અહીં તો અરિહંતા શરણં, સિદ્ધા શરણં. આવે છે ને? મંગળિકમાં. એ પણ શરણ નથી. એ તો એની ઉપર લક્ષ જાશે તો રાગ થાશે. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! સુખના સ્થાન અને દુઃખના સ્થાન કેવા છે એની એને ખબર નથી. પાગલની જેમ એ જગતમાં ફરે છે. આહાહા..! એ કહે છે.

**વિશેષ :-** '**જેમ પિત્ત-જ્વરવાળા રોગીને...**' પિત્ત-જ્વર. '**મીઠું દૂધ પણ કડવું લાગે છે,...**' દૂધમાં એને કડવાશ જ દૂધની લાગે. મીઠાશ આવે નહિ. આહાહા..! '**તેમ બહિરાત્માને પરમ સુખદાયી પરમાત્મસ્વરૂપની ભાવના...**' જેણે બાહ્યમાં સુખબુદ્ધિ કલ્પી છે એને પરમાત્મસ્વરૂપ સુખનું ધામ, એમાં એને મજા પડતી નથી. એના ભાવની, અંદરમાં ભાવના કરવી કષ્ટદાયક લાગે છે. આ શું છે? સમજાણું કાંઈ? તેથી એમાં ઠરી શકે નહિ. કષ્ટ લાગે. એ કરતા કાંઈક દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કરીએ. એ પણ દુઃખના કારણ છે. એ પરિણામ છે વ્યવહારુ. આહાહા..! ભારે વાતું, ભાઈ! '**કષ્ટદાયી લાગે છે; તેથી તે આત્મસ્વરૂપની ભાવનાને ભાવતો નથી પણ વિષય-કષાયની જ ભાવના ભાવે છે.**' એ વિકલ્પો કરવા શુભ-અશુભ એની જ એને ભાવના છે. આહાહા..! શુભ-અશુભની વૃત્તિ ઉઠાવવી એની અજ્ઞાનીને ભાવના છે. એ કહે છે હવે. છ ઢાળાનો દાખલો આપ્યો.

'**રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન, તિનહીકો સેવત ગિનત ચૈન.**' ગિનત ચૈન કર્યું છે. ચૈન હોય શબ્દ નહિ? ચૈન કર્યું છે. ચૈન કર્યું છે. '**સેવત ગિનત ચૈન;...**' રાગ, પુણ્ય અને પાપના ભાવ એ દુઃખ દૈન છે. આહાહા..! હિંસા, જૂઠું, ચોરી, વિષય, કષાય ભાવ, રળવું, કમાવું એ બધા પાપભાવ છે. દુઃખરૂપ છે. અને શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો એ પણ દુઃખદૈન છે. રાગાદિ શબ્દ છે ને? એમાં કાંઈ અશુભરાગ (જ દુઃખ દૈન છે) એમ કાંઈ કહ્યું નથી.

મુમુક્ષુ :- શુભ અને અશુભ બેય.

ઉત્તર :- બેય. આહાહા..!

'**રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન,...**' આહાહા..! એને ખબર નથી રાગ કોને કહેવો એ. '**તિનહીકો સેવત ગિનત ચૈન;...**' રાગને સેવવામાં મજા માને છે. આહાહા..! એવા અજ્ઞાની અનાદિથી સત્યને ઓળખતા નથી. અને '**આતમહિત-હેતુ વિરાગ જ્ઞાન,...**' આત્માના હિતનું કારણ તો આત્મજ્ઞાન અને રાગથી રહિત વિરાગદશા (છે). આહાહા..! '**તે લખૈ આપકું કષ્ટદાન.**' તે એને કષ્ટદાયક જાણે છે. આહાહા..! અંતર જ્ઞાનસ્વભાવમાં જાવું અને રાગરહિત થાવું એને દુઃખદાયક માને છે.

**'રાગાદિ વિષય-કષાયો આત્માને અહિતરૂપ છે-...'** રાગ, પુણ્ય અને પાપના ભાવ એ પરવિષયમાં ઉત્પન્ન થાય પરલક્ષે, એવા વિષય કષાયો આત્માને અહિત (રૂપ) છે. **'દુઃખદાયક છે, છતાં અજ્ઞાની તેમાં હિત માની-સુખ માની પ્રવર્તે છે...'** આહાહા..! દિવસના પાંચ હજારની પેદાશ થાતી હોય અને ધંધો હોય મોટો. બે-પાંચ-દસ લાખ કાપડ ભર્યું હોય. ઘરાક ઉપરા ઉપર આવતા હોય. બે ટંકનો એક ટંક કરી નાખે. બે ટંક ખાવાનું એક ટંક કરી નાખે. પણ આ જરા નવરા પડીએ (પછી) ભાઈ લાવજે બે વાગ્યા લાવજે ને.

મુમુક્ષુ :- એને ભૂખ જ ન હોય.

ઉત્તર :- ભૂખ તો હોય પણ એ ધ્યાન જ ત્યાં હોય.

કાપડની અમારી સામે દુકાન હતી લોટિયા વોરાની. પાલેજમાં. પચાસ હજાર, તે દિ' પચાસ હજારનું કાપડ હશે. તે દિ' પચાસ હજાર એટલે! (સંવત) ૧૯૬૫-૬૬ની વાત છે. ૬૫-૬૬. પચાસ હજારનું કાપડ. બધા ભેગા થઈને ચોપડા લખેને? શું કહેવાય તમારે? પૂજન કરે. પૂજન તો આપણે નહોતા કરતા નહિ? પણ ઓલા કરે તો ભેગા બેસીએ. બધા સાથે લખેલા. અને દિવાળી પછી માલ લેવા ગયો, હું મુંબઈ ગયો હતો. એમાં એ આવ્યો લોટિયો વોરો. ... મારે મકાન બળી ગયું. સાથે ચોપડા લખતા હતાને આપણે? હેઠેથી છોકરાને કાઢવાનો વખત ન રહ્યો. મેડીએ સૂતા હળ હળ હળ અગ્નિ. આ ... બારી હતી એમાંથી કાઢીને હેઠે ઉતાર્યા. અને પચાસ હજારનું કાપડ રાખ. તે દિ' પચાસ હજાર રૂપિયા. અત્યારે તો તમારા પચાસ હજાર જુદા. સમજાણું? અત્યારે તો પચ્ચીસ ગણો ભાવ થઈ ગયો. તે દિ'ના પચાસ હજાર એટલે અત્યારના સાડા બાર લાખ. અત્યારે પૈસાની કિંમત ક્યાં રહી? એ ભાઈ મળ્યો હતો ત્યાં. મુંબઈમાં મળ્યો હતો રસ્તામાં. પણ એવો ગભરાઈ ગયેલો. સાહેબ! મારું મકાન બળી ગયું. પચાસ હજારનું કાપડ બળી ગયું. મોટો બ્રાહ્મણ હતો. એને ગામ જાય બે દિવસે. ગામનું નામ ભૂલી ગયો. બ્રાહ્મણ હતો, મોટામાં મોટો બ્રાહ્મણ. સવારે આવે અને સાંજે વયા જાય પછી. એ કહે, કોઈ નહોતું અને અંદર કાપડ સળગ્યું. અરે..! ઉપરથી બારી બારણામાંથી બીજાના મકાનમાંથી ઉતારી હેઠે લાવ્યા. ત્યારે જીવતા રહ્યા. જુઓ! આ સુખ.

મુમુક્ષુ :- એ તો કો'કને...

ઉત્તર :- એ કો'કને સળગે છે બધાને. આહાહા..!

કહે છે, જે કાંઈ દુઃખ છે એને સુખ માને છે એને જ્ઞાન વૈરાગ્ય સુખનું કારણ છે એને અહિતકર-કષ્ટરૂપ માને છે. આહાહા..!

**'વળી અજ્ઞાની જીવને ઉદ્દેશીને શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે -'**

**'અનંત સુખ નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા,'**

૧૬ વર્ષે કહે છે.

**અનંત દુઃખ નામ સુખ, પ્રેમ ત્યાં વિચિત્રતા!'**
**ઉઘાડ ન્યાય-નેત્રને, નિહાળ રે! નિહાળ તું,**
**નિવૃત્તિ શીઘ્રમેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું.**

૧૬ વર્ષે કહે છે. આ તારી બધી પ્રવૃત્તિ રાગની, પુણ્યની અને પાપની દુઃખદાયક પ્રવૃત્તિ છે. આહાહા..!

**'અહા! જે અનંતસુખનું ધામ છે એવા ચૈતન્ય-સ્વભાવમાં તો તને મિત્રતા ન રહી-'** આનંદનું ધામ ભગવાન એમાં તો તને પ્રેમ નથી. **'તેમાં ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો...'** આહા..! છોકરાને પરણાવવો હોય, બે-પાંચ કરોડની મૂડી હોય, પાંચ-પચ્ચીસ લાખ ખર્ચવા હોય (તો) જુઓ એ તો તમારે. એની મા ગાંડી (થઈ જાય). ઉત્સાહ... ઉત્સાહ.. ઉત્સાહ... જાણે. અરે.. બહેન! પણ હળવે હળવે બોલો. ત્રણ-ચાર દિવસથી તમારો ઘાંટો બેસી ગયો છે. એ તો ચાલે. કહો, ચીમનભાઈ! બાઈયું એમ બોલે, હોં! મૂરખીયું એવી હોય. પણ આ ખાટલે બેસીને જલેબી ને ગાંઠીયા ખાવા બેસો. ઓલી કહે, આવા ટાણા ફરીને ક્યાં મળે? આહા..! મૂર્ખાઈનું પ્રદર્શન કરે. તો પણ બોલ્યા કરે તાણી તાણીને. ઘાંટો બેસી ગયો હોય. ઉત્સાહ... ઉત્સાહ... ઉત્સાહ... પાપમાં રહેવાના.

કહે છે કે **'ઉત્સાહ અને પ્રેમ ન આવ્યો...'** પ્રભુ પ્રત્યે તને. ત્યાં ઉત્સાહ આવ્યો. આહાહા..! નવી દુકાન માંડે, પાંચ-પચાસ લાખ પૈસા હોય, કાપડનો ધંધો કરવો હોય તો મેલા કપડા ન થવા દે કાપડમાં. બીજામાં તો કાંઈક ધૂળ ને મેલા પણ થાય. આ તો કાપડનો ધંધો એટલે આમ રાજકોટમાં મધ્યમાં મકાન મળ્યું છે અને પેદાશ પણ ભારે થાશે. જુઓ! એ દુકાન વખતે એનો ઉત્સાહ. અને પછી ગોળ અને ધાણા વહેંચે. ધૂળેય નથી. મરી જઈશ. ત્યાં ઉત્સાહ અને અહીં ઉત્સાહ ન મળે. ચૈતન્યના ધામ પરમાત્મા પોતે, એમાં રહેવા અને જવા માટે તને ઉત્સાહ નહિ અને અહીં તને ઉત્સાહ? આહાહા..!

**'અનંત દુઃખનું ધામ એવા જે બાહ્ય વિષયો-તેમાં તને સુખબુદ્ધિ થઈ-પ્રેમ આવ્યો-ઉત્સાહ આવ્યો, એ કેવી વિચિત્રતા છે!'** જેમાં દોડીને દુર્ગતિએ જાવું છે એમાં તને ઉત્સાહ (આવે). જેમાં સુગતિ મળે એવું ચૈતન્યધામ એમાં તો ઉત્સાહ અને પ્રેમ નહિ. **'અરે જીવ! હવે તારાં જ્ઞાન-ચક્ષુને ઉઘાડીને જો, રે જો, કે, તારો સ્વભાવ દુઃખરૂપ નથી, પણ બાહ્ય વિષયો તરફનું તારું વલણ એકાંત દુઃખરૂપ છે.'** લ્યો! ટૂંકું કર્યું. જોયું! બાહ્ય વિષયો તરફનું વલણ એકાંત દુઃખરૂપ છે. ચીમનભાઈ! આ તો દેવ-ગુરુ-શાસ્ત્રની

ભક્તિ બાહ્ય વિષયનું વલણ એમ કહે છે. એ પણ દુઃખ છે, શુભભાવ. તો કારખાનાનું શું કહેવું? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાઈ! ત્યાં ઓલા સ્ટીલના પ્યાલા નીકળે. શું કહે? પ્યાલા કહે છે ને? ગયા હતા એક ફેરી કારખાને. લ્યો, કહે આ સ્ટીલનું .. લઈ જાવ સ્ટીલનું લઈ જાવ. મારે શું કરવું છે? કીધું. સ્ટીલનું કારખાનું છે ને એને મોટું. જોરાવર. હજી ચાલે છે? એ જ.

મુમુક્ષુ :- આથી મોટું છે.

ઉત્તર :- આથી મોટું. પૈસા વધતા જાય ને. આહાહા..! લઈ જાવ, લઈ જાવ. મુંબઈમાં પણ દુકાને પગલા કરીએ તો, મહારાજ! આ લઈ જાવ ને. એમ કહે. ભાઈ! અમારે શું કરવું છે? આ ચંદ્રકાંતભાઈ ને એ બધા નથી? રાજકોટવાળા. મુંબઈમાં એની વાસણની દુકાન છે. બધા આવા મોટા મોટા પાણી ભરવાના ને ઓલા. મોટી દુકાન છે. અંદર ગયા તો કહે, આ લઈ જાવ આ પાણી ભરવાનું. ભાઈ! અહીંથી ક્યાં લઈ જાય ત્યાં? ધૂળમાં તમારે ... અરે..! આહાહા..!

કહે છે તને '**તારો સ્વભાવ દુઃખરૂપ નથી...**' જ્ઞાનચક્ષુથી જો તો તારો સ્વભાવ દુઃખરૂપ નથી. '**બાહ્ય વિષયો તરફનું વલણ એકાંત દુઃખરૂપ છે. તેમાં સ્વપ્નેય સુખ નથી...**' સ્વપ્નમાં પણ એ સુખ નથી. '**આમ વિવેકથી વિચારી તારા અંતર સ્વભાવ તરફ વળ...**' ઝીણી વાત છે. ધર્મ આવો! ધર્મ એને કહીએ કે જે આનંદસ્વરૂપ તરફ ઢળવું, વલણ કરવું અને એમાં શાંતિ મળે એનું નામ ધર્મ છે. બહારમાં મંદિરમાં અને મંદિરની પૂજાના વલણમાં તો રાગ હોય ભલે, પણ છે એ દુઃખ. સમજાણું કાંઈ?

'**બાહ્ય વિષયોમાં સુખ-બુદ્ધિ છોડીને તેમનાથી નિવૃત્ત થા,...**' છે ને? નિવૃત્તિ શીઘ્રમેવ ધાર. નિવૃત થા '**નિવૃત્ત થા, નિત્ય નિર્ભય સ્થાન અને સુખનું ધામ તો તારો આત્મા જ છે.**' આહાહા..! આત્મા એટલે કાંઈ નહિ અને આ બીજી વસ્તુ એટલે સર્વસ્વ. આત્મા એટલે કે છે અંદર. અરે..! બાપુ! શું છે ભાઈ? આત્મા તો સુખનો સાગર, આનંદનું ધામ છે. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો ભગવાન છે. આહાહા..! એવા આત્માની તો કાંઈ કિંમત નહિ. સાંઈઠ વર્ષે છોકરો થાય તો ઓહો..! ભાઈ! વારસો લઈ ગયો હોત કો'ક, એ કરતાં વારસાનો ધણી જાગ્યો આજ.

મુમુક્ષુ :- એ પણ કો'ક છે ને.

ઉત્તર :- એ પણ કહે મારું છે ને. મારું છે એ લઈ જશે. ૨૫ લાખ અને ૫૦ લાખ. દીકરો ન હોય તો દિયરનો દીકરો લઈ જાય. કો'કનો. પાપ કર્યા મેં અને લઈ જાય કો'કનો.

સાંઈઠ વર્ષે પણ દીકરો થયો. ખુશી ખુશી મનાવો. કરો લાપસીના આંધણ, કરો પાપના ઉકાળા. સુજાનમલજી! ... આહા..!

**'સુખનું ધામ તો તારો આત્મા જ છે.'** આહાહા..! **'તેથી શુદ્ધાત્મસ્વરૂપના સ્વસંવેદન સિવાય...'** આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ છે, એના સ્વ નામ પોતાના, સં-પ્રત્યક્ષ આનંદના વેદન સિવાય **'અન્ય કોઈ અભય સ્થાન નથી.'** કોઈ અભયનું સ્થાન નથી. અભય સ્થાન તો એ છે. આહાહા..! **'સંસાર-દુઃખના ત્રાસના અભાવનું તે એક જ સ્થાન છે,...'** સંસારના દુઃખના ત્રાસના અભાવ, તેનું એક જ સ્થાન છે. **'સુખનું એ એક જ સ્થાન છે, શરીર-પુત્રાદિ બાહ્ય પદાર્થો-કોઈ સુખનું સ્થાન નથી.'** ભાઈ! જુવાનીમાં રળ્યા હોય તો વૃદ્ધાવસ્થામાં કામ આવે. એમ કહેતા.

---

तस्यात्मनः कीदृशः तत् प्रतिपत्त्युपाय इत्याह–

**सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना।**
**यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः।।३०।।**

टीका :– संयम्य स्वविषये गच्छन्ति निरुध्य। कानि? सर्वेन्द्रियाणि पञ्चापीन्द्रियाणि। तदनन्तरं स्तिमितेन स्थिरीभूतेन। अन्तरात्मना मनसा। यत्स्वरूपं भाति। किं कुर्वतः? क्षणं पश्यतः क्षणमात्रमनुभवतः बहुतरकालं मनसा स्थिरीकर्तुमशक्यत्वात् स्तोककालं मनोनिरोधं कृत्वा पश्यतो यच्चिदानन्दस्वरूपं प्रतिभाति तत्तत्त्वं तद्रूपं तत्त्वं स्वरूप परमात्मनः।।३०।।

---

તે આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય કેવો છે તે કહે છે :–

શ્લોક - ૩૦

**અન્વયાર્થ :–** (सर्वेन्द्रियाणि) સર્વ ઇન્દ્રિયોને (संयम्य) રોકીને (स्तिमितेन) સ્થિર થયેલા (अन्तरात्मना) અંતરાત્મા દ્વારા (क्षणं प्रपश्यतः) ક્ષણમાત્ર જોનારને-અનુભવ કરનાર જીવને (यत्) જે-ચિદાનંદસ્વરૂપ (भाति) પ્રતિભાસે છે (तत्) તે (परमात्मनः तत्त्वम्) પરમાત્માનું સ્વરૂપ છે.

**ટીકા :–** પોતપોતાના વિષયોમાં જતી-પ્રવર્તતી-કોણ (પ્રવર્તતી)? સર્વ ઇન્દ્રિયો, એટલે પાંચે ઇન્દ્રિયો, તેને રોકીને-નિરોધીને, ત્યારબાદ સ્થિર થયેલા અન્તરાત્મા વડે એટલે મન વડે જે સ્વરૂપ ભાસે છે, શું કરતાં? ક્ષણ વાર જોતાં-ક્ષણમાત્ર અનુભવતાં-અર્થાત્ બહુ કાલ સુધી મનને સ્થિર કરવું અશક્ય હોવાથી થોડા કલાક સુધી મનનો નિરોધ કરીને દેખતાં-જે ચિદાનંદસ્વરૂપ પ્રતિભાસે છે, તે પરમાત્માનું તત્ત્વ-તદ્રૂપ તત્ત્વ-

સ્વરૂપ છે.

ભાવાર્થ :- સર્વ ઇન્દ્રિયોના વિષયોમાં ભમતી-પ્રવર્તતી ચિત્તવૃત્તિને રોકીને અર્થાત્ અન્તર્જલ્પાદિ સંકલ્પ-વિકલ્પોથી રહિત થઈને, ઉપયોગને પોતાના ચિદાનંદ સ્વરૂપમાં સ્થિર કરવો. તે આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરમાત્મસ્વરૂપનો પ્રતિભાસ થાય છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ છોડી અને મનના સંકલ્પ-વિકલ્પો તોડી જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું-સ્થિર થવું તે પરમાત્મ-પ્રાપ્તિનો ઉપાય છે.

### વિશેષ

આત્મા અતીન્દ્રિય સુખનો ભંડાર છે એવી દૃષ્ટિ થતાં રાગની-વિકારની રુચિ તથા ઇન્દ્રિયોના વિષયો તરફની પ્રવૃત્તિ અટકી જાય છે. પર તરફની વૃત્તિ રોકાઈ જતાં, ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે, અને આત્માના આનંદકંદનો અનુભવ થાય છે. આ સમ્યગ્દર્શન છે ને તે જ સમાધિ છે. તે વડે જ પરમાત્મપદ પમાય છે. ૩૦.

## શ્લોક-૩૦ ઉપર પ્રવચન

'તે આત્મસ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય કેવો છે તે કહે છે :-'

सर्वेन्द्रियाणि संयम्य स्तिमितेनान्तरात्मना।
यत्क्षणं पश्यतो भाति तत्तत्त्वं परमात्मनः।।३०।।

આહાહા..! બહુ ટૂંકું!

'ટીકા :- પોતપોતાના વિષયોમાં જતી-પ્રવર્તતી-કોણ (પ્રવર્તતી)? સર્વ ઇન્દ્રિયો, એટલે પાંચે ઇન્દ્રિયો, તેને રોકીને-...' પાંચ ઇન્દ્રિયના વિષય તરફ વળતું એને રોકીને. આહાહા..! 'जो इंदिये जिणित्ता' આવ્યું ને? ૩૧મી ગાથા. એનો અર્થ કે ભગવાનની વાણી સાંભળવી, ભગવાનના દર્શન કરવા એ ઇન્દ્રિયનો વિષય છે. આકરું લાગે માણસને. અહીં તો બધી ઇન્દ્રિયોને રોકીને એમ કહ્યું છે ને? ઇન્દ્રિયોને રોકીને.

મુમુક્ષુ :- દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય ને એના વિષયો.

ઉત્તર :- ત્રણેય. દ્રવ્ય આ જડ પાંચ ઇન્દ્રિય માટી, અંદર ભાવેન્દ્રિય એ એક વિષયને જાણનારું જ્ઞાન અને એનો વિષય ભગવાનની વાણી, બાયડી, છોકરા બધો એનો વિષય. એ ત્રણેને ઇન્દ્રિયો કહી છે. આ ઇન્દ્રિય જડ પાંચ, ભાવેન્દ્રિય-ચૈતન્યની પર્યાય ક્ષયોપશમ ઉઘાડ કે જેનાથી એક એક વિષય જણાય. ચક્ષુથી રૂપ જણાય, કાનથી વાણી જણાય. એમ. એ ઇન્દ્રિય. ભાવેન્દ્રિય, જડ ઇન્દ્રિય અને એનો વિષય. વિષય એટલે બાયડી, છોકરા,

કુટુંબ, પૈસો, મહેલ એ બધો ઈન્દ્રિયના વિષય છે. એ ઈન્દ્રિયમાં નાખ્યા છે. અને ભગવાનની વાણી અને ભગવાનને પણ ઈન્દ્રિયમાં નાખ્યા છે. શાંતિભાઈ! આકરું પડે વ્યવહારના વિષયવાળાને. ત્યાંથી પાછો વળ કહે છે. છે ને?

**'સર્વ ઈન્દ્રિયો, એટલે પાંચે ઈન્દ્રિયો, તેને રોકીને-નિરોધીને,...'** કેમ કે ભગવાન આત્મા તો અણીન્દ્રિય છે. આહાહા..! આવો ધર્મ કરતાં કોઈ બીજો હળવો ધર્મ નહિ હોય? હળવું તો આ જ હળવાશ છે. પર તરફના વલણને રોકી **'ત્યારબાદ સ્થિર થયેલા અંતરાત્મા વડે...'** જ્ઞાનપર્યાયને અંતરમાં વાળતાં બધી ઈન્દ્રિયોના વિષયથી ખસી જતાં **'સ્થિર થયેલા અંતરાત્મા વડે...'** અતીન્દ્રિય આનંદમાં સ્થિર થતો ભગવાન આત્મા **'જે સ્વરૂપ ભાસે છે,...'** મન વડે જે સ્વરૂપ ભાસે છે. મન શબ્દ પડ્યો છે ને. અંદર ભાસે છે. અંતર આત્મામાં. એ ટીકામાં છે. **'अन्तरात्मना मनसा'** છે ને? એમ કે ભાવમન. ભાવમન ... **'यत्स्वरूपं मनोनिरोधं कृत्वा'** સંસ્કૃતમાં શબ્દ પડ્યો છે.

કહે છે કે પર પાંચ ઈન્દ્રિય એના તરફનો વલણ ભાવ એ દુઃખરૂપ ભાવ, ત્યાંથી ખસી જઈ ભગવાન આત્મા આનંદસ્વરૂપ (છે) તેમાં સ્થિર થતાં જે વસ્તુ ભાસે છે તે પરમાત્મતત્ત્વ પોતે છે. આહાહા..! **'જે સ્વરૂપ ભાસે છે, શું કરતાં? ક્ષણ વાર જોતાં-'** એટલે **'ક્ષણમાત્ર અનુભવતાં-'** પછી ત્યાં લેશે થોડું. સંસ્કૃતમાં છે ને? **'बहुतरकालं मनसा'** **'બહુ કાળ સુધી મનને સ્થિર કરવું અશક્ય હોવાથી થોડો કલાક સુધી...'** પણ થોડો પણ એ અંતરમાં વળવું એ થોડો કાળ ઘણો કાળ છે ને. આહાહા..!

**'મનનો નિરોધ કરીને દેખતાં-'** મનની કલ્પનાઓ જે શુભ-અશુભ રાગ, એને રુંધીને-છોડી દઈને એની પાછળ જે અંતરાત્મા છે એમાં ઠરતાં જે વસ્તુનો અનુભવ થાય તે વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. તે જ તું પરમાત્મા છો, કહે છે. આહાહા..! એટલે પરમ સ્વરૂપ છો. **'જે ચિદાનંદસ્વરૂપ પ્રતિભાસે છે,...'** જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, પાંચ ઈન્દ્રિયના ભાવ જડ અને બહારથી રોકીને અંતરમાં ઠરે છે ત્યારે એ ઠરવાનો જે પર્યાયનો લક્ષ તેના ઉપર છે એ તત્ત્વ ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છે. આવું કામ. આહાહા..!

લ્યો, આ સમ્યગ્દર્શન. દેખ્યા ભગવાનને. સમ્યક્ અવલંબે છે. નહોતું કહ્યું? ભાઈ! રાતે કહ્યું હતું. પંડિતજીને... ૧૧મી ગાથા. સમ્યક્ અવલોકન છે શુદ્ધનયનું. ભૂતાર્થ છે એટલે સમ્યક્ અવલોકન ... ભૂતાર્થને, ત્રિકાળ વસ્તુને, સત્ય વસ્તુને, પરમ સત્ય વસ્તુ ધર્મસ્વરૂપ ધર્મી, એને અંતર્મુખ અવલોકતા એને આનંદનું ભાન થાય તે તત્ત્વ તદ્રૂપ તત્ત્વ અરાગસ્વરૂપ પરમાત્માનું છે. આહાહા..!

બહિર્‌તત્ત્વનું લક્ષ અને દૃષ્ટિથી છોડી દઈને એટલે કે જે એના પરમ સ્વરૂપમાં નથી એવા

પુણ્ય-પાપના વિકલ્પો ને એનું ફળ બંધન અને એનું ફળ આ સંયોગ, એ બધામાંથી ખસી જઈને. આહાહા..! સ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ જે અંદર ભાસે સમ્યગ્જ્ઞાનમાં, એ જ તારું સ્વરૂપ અને તે જ તું પરમાત્મસ્વરૂપ છો. આહાહા..! માણસ કહે છે, પણ આનું સાધન કાંઈ? એમ કહે છે. આ તો તમે નિશ્ચય વસ્તુ ઉતારી. પણ એ સાધન છે. કીધું ને? પ્રશ્ન આવ્યો હતો ને? આહાહા..!

બાહ્ય તરફના વલણને છોડી અને અંતરના વલણમાં જવું એ દશામાં જે પરમાત્મા ભાસે આનંદના સ્વાદે એ પરમાત્મા પોતે છે અંદર. આહાહા..! આવું સ્વરૂપ ને આ બધું સાંભળ્યું પણ ન હોય કેટલાક નવાએ. આ વ્રત કરો અને અપવાસ કરો. લ્યો! એ તત્ત્વ '**तत्तत्त्वं परमात्मनः**' ચોથું પદ છે ને? પરમાત્માની પર્યાયપણે થવું એ જુદી વાત છે. આ તો અંદર જે પરમ તત્ત્વ નામ પરમસ્વરૂપ છે, એમાં સ્થિર થતાં બાહ્યથી વિકલ્પને રોકીને અંદરમાં નિર્વિકલ્પ તત્ત્વના ધ્યાનમાં પરમ સ્વરૂપને ધ્યેયરૂપ બનાવીને અંદર ઠરતા જે ભાસ થાય વસ્તુનો એ વસ્તુ પરમ તત્ત્વ છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! આ બધાને સાધન વ્યવહાર જોઈએ, એમ કહે છે. પણ એ પોતે વ્યવહાર છે. જે અંદરમાં એકાગ્ર થાય એ પર્યાય પોતે વ્યવહાર છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ!

આ તો પૂજ્યપાદસ્વામી દિગંબર મુનિ. મુનિઓને માટે કહ્યું છે આ? જેને અંતરાત્મા થવું (હોય) એની આ રીત છે. એટલે કે જેને સમ્યગ્દૃષ્ટિ થવું હોય એની આ કળા છે. આહાહા..! સમ્યગ્દર્શન પહેલું હોય તો એણે પૂર્ણાનંદના નાથની સામે જોવું. પરની સામું (જોવું) છોડી દેવું જોઈએ. આહાહા..! ભાવ થોડા છે પણ ભાવમાં ગંભીરતા ઘણી.

કહે છે કે એ પરમતત્ત્વ પ્રતિભાસ થાય એ પરમાત્મસ્વરૂપ છે. આહાહા..! પરમસ્વરૂપ છે એ. મહા પરમ સ્વરૂપ જેમાં અનંતુ જ્ઞાન, અનંતુ દર્શન, અનંત આનંદ, અનંતુ બળ, સ્વચ્છતા, પ્રભુતા એ શક્તિસ્વરૂપ એવો જે પરમાત્મા એને, પરથી ઈન્દ્રિયના વિષયથી રોકીને અંતરમાં ઠરવું, ઠરતાં જે સ્વરૂપ ભાસે તે પરમાત્મા પોતે છે. સમજાણું કાંઈ? આવી વાતું. ઓલા કહે કે એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા જીવીયાઓ વવરોવીયા, એય..! વજુભાઈ! ઈચ્છામિ પડિકમણા કર્યું હતું કે નહિ? ઈચ્છામિ પડિક્કમણું, ઈરિયા, વહિયાએ, વિરાહણાએ, ગમણા, ગમણે, તસ્સ મિચ્છામી દુક્કડં. લ્યો જાવ. થઈ ગઈ સામાયિક. એય..! જેઠાભાઈ! જેઠાભાઈએ પણ કર્યું છે બધું. ઊના પાણી પીતા હતા. અરે..! પણ ભાઈ!

અહીં તો પરમાત્મા કહે છે, પર તરફના વલણના ભાવને છોડી દે. જો તારે સુખી થાવું હોય તો. અર્થાત્ તારે ધર્મી થવું હોય તો. સુખી થવુંનો અર્થ ધર્મી થવું. આહાહા..! ધર્મી

થવું હોય તો, તારે ધર્મને ધારણ કરવો હોય તો એ પર તરફના પાંચ ઇન્દ્રિયના શુભ-અશુભ વિકલ્પ, એમાંથી પાછો વળ. આહાહા..! અને અણીન્દ્રિય ભગવાન સ્વરૂપે બિરાજમાન પોતે, એનો ભેટો કર. લ્યો. આ ધર્મી થવાનું અને ધર્મ થવાની આ રીત. ભારે ભાઈ! તો આ બધા શું કરશે ત્યારે આ મકાનો મોટા. કેટલા મંદિર કર્યા. એક તો ઓલું મંદિર હતું, વળી સમવસરણ કર્યું, વળી માનસ્તંભ કર્યું અને એક આ (પરમાગમ).

મુમુક્ષુ :- એક બાહુબલીનું (બાકી રહ્યું).

ઉત્તર :- એ તો હવે ના પાડી. કોઈ કહે, પાંચ લાખ આપું અને બાહુબલીની મૂર્તિ કરો. હવે નહિ. એ તો થઈ ગયું એ થઈ ગયું હવે. આહાહા..! એ તો એને કાળે થયું. અને તેમાં કરવાના ભાવ શુભભાવ હોય ભલે. સમજાય છે? એ પુણ્યબંધનું કારણ છે. એમાં એ પોતે શુભભાવ છે. એ વ્યવહારે ધર્મ છે, પરમાર્થે અધર્મ છે. આહાહા..! એવી વાતું છે. ત્યારે મૂર્તિ, મૂર્તિની પૂજા ન કરવી ને? કરવાનું તો નહીં જ નિશ્ચયે, પણ અંદર ઠરી શકે નહિ ત્યારે એવો ભાવ આવ્યા વિના રહે નહિ. અને એ શુભભાવ ન હોય ભક્તિ આદિનો અને એમ માને કે અમને તો વીતરાગતા પૂર્ણ થઈ ગઈ, એ તો મૂઢ છે. આહાહા..! સમજાણું કાંઈ? તેમ એ શુભભાવ આવ્યો માટે ધર્મ છે એમ નહિ. પૂર્ણ વીતરાગતા પ્રગટ ન થાય અને સ્વરૂપના ભેટા હોવા છતાં સ્થિર થઈને પરમાત્મા ન થાય એને વચમાં એવો ભક્તિનો, પૂજાનો ભાવ આવે. આવો. પણ એ ઇન્દ્રિયો તરફના વલણનો ભાવ છે.

બીજી રીતે કહીએ તો એ ઇન્દ્રિયના વિષયને ઇન્દ્રિય કીધી છે. ભાઈ! પરમાત્મા પોતે આ મંદિર અને દેવ કીધા છે ને? મંદિર, મૂર્તિ એ બધા ઇન્દ્રિય છે. એને ઇન્દ્રિય કીધી છે. કેમ કે ઇન્દ્રિય તરફ વલણ થાય છે એનું ત્યારે ઇન્દ્રિયથી જણાય છે એ. અણીન્દ્રિય આત્મા ત્યાં નથી જણાતો. આહાહા..! પણ જેને વાસ્તવિક તત્ત્વનું વેદન અને અનુભવ કરવો હોય તો એને તે ક્ષણે પણ એને શુભભાવને પણ છોડી દેવો પડશે. આહાહા..! વળી એવું પુણ્યબંધનું દુઃખરૂપ (વ્યવહાર)નય આવે, સમકિતીને પણ આવે. આવે. પૂર્ણ સ્થિરતા ન હોય તો આવે. એમ કરીને .. મૂર્તિના માનનારા મિથ્યાત્વી છે, એને નથી માનતા માટે સમકિત છે. એમ નથી. સુજાનમલજી!

કહ્યું હતું ને. એ ચર્ચા થઈ હતી (સંવત) ૧૯૮૩માં. દામોદર શેઠ સાથે. ૮૩માં. ઘણાં વર્ષ થઈ ગયા. ૪૮ વર્ષ થયા. એ કહે કે સમકિતી પછી મૂર્તિ માને નહિ. મિથ્યાદૃષ્ટિ હોય ત્યાં સુધી એ મૂર્તિને માને એમ હોય. સમ્યક્ થયા પછી ન હોય. કીધું, સાંભળો. સમ્યગ્દૃષ્ટિ થયા પછી જ નય હોય. અને નય હોય ત્યાં વ્યવહારનયનો વિષય લક્ષમાં આવ્યા વિના રહે નહિ. એટલે સમકિતીને જ નિક્ષેપ હોય. કેમ કે ભાવશ્રુતજ્ઞાન થયું સ્વને આશ્રયે એ

શ્રુતજ્ઞાનનો ભેદ પડ્યો એ નય. એ નયના બે ભાગ-નિશ્ચય અને વ્યવહાર. એ નયનો વિષય નિશ્ચયનો સ્વ અને વ્યવહારનો પર. એટલે ખરેખર તો સમકિતીને જ વ્યવહારનય હોય. અને એ વ્યવહારનયનો વિષય સ્થાપના સમકિતીને જ જ્ઞેયના ભેદનો વિષય હોય. મોહનલાલજી! મિથ્યાદષ્ટિને ન હોય, કીધું. ન ગોઠ્યું એને. આહા..! એમ હોય? ભાવ આવે. રાગ છે. એમાં પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગની મૂર્તિ, મંદિર એને દેવ કહ્યા છે વ્યવહારે. નિશ્ચયદેવ તો ભગવાન આત્મા છે. આહાહા..!

પણ અહીં તો સિદ્ધ એ કરવું છે કે તને જ્યારે શરૂઆત જો ધર્મની કરવી હોય તો જ્યાં સુખરૂપ સ્થાન પડ્યું ત્યાં જા. અને પાંચ ઇન્દ્રિયના વિષયના વલણને છોડ. તો અંદર સ્વરૂપની દૃષ્ટિ થશે. આહાહા..! અને પછી સ્વરૂપની દૃષ્ટિ હોવા છતાં નિશ્ચય દશા પૂર્ણ પ્રગટે નહિ એને વચમાં આવો ભાવ આવ્યા વિના રહે નહિ. અને એ ભાવ બંધનું કારણ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ અબંધ પરિણામ પ્રગટ ન થાય ત્યાં સુધી બંધના પરિણામ (થાય). અબંધ સ્વભાવને, અબંધ સ્વભાવને જાણતા અબંધ પરિણામ થયા. પણ અબંધ પરિણામ પૂર્ણ ન થાય મોક્ષમાર્ગ ત્યાં સુધી વચમાં આવા બંધ પરિણામ આવે ખરા. આરેરે..! સમજાણું કાંઈ? પણ એને જ્ઞાની જાણે કે આ રાગ પુણ્ય છે. બાધક છે. પણ સ્થિર થતો નથી એટલે આવ્યા વિના રહે નહિ. અંદર આનંદમાં લીન ન થાય, આનંદનું ધામ હોવા છતાં સ્થિર ન થઈ જાય, ચારિત્રદોષ છેને એ? આહાહા..! એને એવો ભાવ આવે. અને એ ભાવ આવે માટે મંદિર બને એમ નથી. અને મંદિર બન્યું માટે શુભભાવ એને લઈને થાય.. આરે..રે..! આવી વાત છે. એમ પણ નથી. પોપટભાઈ! તો આ બનાવે છે ને પોપટભાઈ ને આ. જુઓને! ગીરધરભાઈ ક્યાં ગયા? ન્યાં અઢી લાખનું કરે છે. .... વઢવાણનું મંદિર કર્યું હતું ને? એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભેગા કરે. આહાહા..!

એ તો એ કાળે જ્યારે બનવાનો-પરમાણુની પુદ્ગલોની પરાવર્તન દશા થવાનો એ કાળ છે. એથી ત્યાં એને સમયે ત્યાં થાય છે. આહાહા..! છતાં એને શુભભાવ જ્યારે હોય ત્યારે એનું લક્ષ ત્યાં જાય છે. છે તો ઇન્દ્રિયનો વિષય એ. આહાહા..! જેમ ઇન્દ્રિયનો વિષય સ્ત્રી છે, એમ વાણી, મંદિર પણ ઇન્દ્રિયનો વિષય છે. ઓલો અશુભ વિષય છે, આ શુભ છે. આહાહા..! આવું ભગવાનનું સ્વરૂપ અનેકાંત જે રીતે છે એ રીતે ન માને અને એકાંત કરી નાખે, પછી મિથ્યાત્વનું પોષણ થાય. સમજાણું કાંઈ? એમ એનાથી ધર્મ માની લે તો એકાંત થાય. એ આવે જ નહિ, એ પણ મિથ્યાદષ્ટિ છે. ભારે ભાઈ!

**'તે પરમાત્માનું તત્ત્વ...'** છે. આહાહા..! આ તો અણાગ્રહી અને વાસ્તવિક તત્ત્વના સ્વરૂપનો અભિલાષી (હોય) એને માટે છે આ. પોતે માન્યું હોય એ વાતને શાસ્ત્રથી દઢ કરી હોય તો એને આ નહિ મળે. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવાર્થ :- સર્વ ઈન્દ્રિયોના વિષયોમાં ભમતી-'** છે? એક છે. આર્જિકા એમ કહે છે, જુઓ! આમાં ભગવાનની ભક્તિને છોડવાનું કહ્યું છે. માટે ભગવાનની મૂર્તિ છે નહિ શાસ્ત્રમાં. એમ કહે છે. આહાહા..! એ લીલાવતી છે ને તમારી? ઈ એમ કહે છે કે મૂર્તિ શાસ્ત્રમાં છે નહિ. અને મૂર્તિની ભક્તિ ભગવાનની એને ભક્તિ સાચી કીધી નથી. માટે મૂર્તિ પૂજવા યોગ્ય નથી. વ્યવહારે પૂજવા યોગ્ય છે. નિશ્ચયથી ક્યાં પૂજવા યોગ્ય છે? નિશ્ચયથી તો સ્વરૂપ પૂજવાનું કીધું છે. પણ સ્વરૂપની સ્થિરતા પૂર્ણ ન થાય ત્યાં સુધી એવો ભાવ ગણધરને પણ આવ્યા વિના રહે નહિ. છદ્મસ્થને. આહાહા..! ... સમજાણું કાંઈ?

પંચ મહાવ્રતના પરિણામ એ ઈન્દ્રિયનો વિષય છે અને એ પરને લક્ષે પાંચ થાય છે. અહિંસા આદિ. આને ન મારવું, આની દયા પાળું, આમ સત્ય બોલવું એ તો બધો વિકલ્પ છે. આહાહા..! ખરેખર તો એ ઈન્દ્રિય છે અને ઈન્દ્રિયનો વિષય છે. આહાહા..! કારણ કે અણીન્દ્રિય જેવો ભગવાન આત્મા અણીન્દ્રિય સ્વરૂપ પ્રભુ, એમાં વિકલ્પ જે ઉઠ્યો એ ઈન્દ્રિયસ્વરૂપ છે. પણ અણીન્દ્રિયનું ભાન થઈને અણીન્દ્રિય પૂર્ણ દશા પ્રગટ ન થાય ત્યારે વચમાં આવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. છતાં એને ધર્મ ન માને. વ્યવહાર ધર્મ માને. વ્યવહાર ધર્મ એટલે .... સમજાણું કાંઈ? ખેંચાતાણમાં બધો ફેરફાર થઈ ગયો. એકે વ્યવહાર હતો એ ઉથાપ્યો કે એ હોય જ નહિ. બીજો કહે કે વ્યવહારથી ધર્મ થાય. બેય ખોટા. આહાહા..!

મુમુક્ષુ :- સંવર, નિર્જરા.

ઉત્તર :- સંવર નિર્જરા ધૂળમાંય નથી વ્યવહારથી. સંવર-નિર્જરા તો સ્વભાવને આશ્રયે થાય. એની ખબર પણ નથી એને. અને સ્વભાવનો પૂર્ણ આશ્રય ન થાય જ્યાં સુધી ત્યાં સુધી સ્વનો આશ્રય લીધો એટલો ધર્મ. સ્વઆશ્રય નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર. એ પરાશ્રિત વ્યવહારનો ભાવ હોય. એ જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! એ કરેલો પ્રયોજનવાન છે એમ નહિ. સમજાણું કાંઈ? એ વ્યવહારનય આવ્યો ને બારમી ગાથામાં? ત્યારે જ તેનો મેળ બેસે.

વસ્તુ શુદ્ધ ચૈતન્ય ભૂતાર્થનું ભાન હોવા છતાં પર્યાયમાં રાગની મંદતા અને અસ્થિરતા આદિ ... એ છોડે છે, એને જાણવું એનું નામ વ્યવહાર છે. એ જાણવું એનું નામ વ્યવહાર છે. એને કરવું એ વ્યવહાર છે એમ નહિ. આહાહા..! જાણેલો પ્રયોજનવાન છે. બાકી માથે

તો એમ લખ્યું કોઈ કોઈને વ્યવહાર પણ પ્રયોજનવાન છે. એમ નથી આવ્યું? ગાથામાં છે ને? એમાં માથે તો આવ્યું કોઈ કોઈને વ્યવહાર પ્રયોજનવાન છે. એ તો પછી ટીકામાં (સ્પષ્ટ કર્યું છે). પણ માથે એમ છે એટલે કહે, જુઓ! વ્યવહાર (કરવાનું કહ્યું છે). પણ શું કીધું ઈ?

મુમુક્ષુ :- કોઈ કોઈને છે ને? બધાને...

ઉત્તર :- એમ. કોઈ કોઈને એટલે જેની સ્વરૂપમાં સ્થિરતા નથી એવા જીવને એવો વ્યવહાર હોય છે. એ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આહાહા..! ભારે વાતું. ભાઈ! વીતરાગના માર્ગની અનેકાંત શૈલી અમૃતસ્વરૂપ છે ને! એ અહીં કહે છે, જુઓ!

'**ઇન્દ્રિયોના વિષયોમાં ભમતી-પ્રવર્તતી ચિત્તવૃત્તિને રોકીને અર્થાત્ અન્તર્જલ્પાદિ સંકલ્પ-વિકલ્પોથી રહિત થઈને,...**' બહારની ... અંતર્જલ્પ. હું આત્મા છું, શુદ્ધ છું, અબદ્ધ છું એવા વિકલ્પ છે ને? ૧૪૩ ગાથામાં કહ્યું છે ને હું અબદ્ધ છું, શુદ્ધ છું એ પણ એક વિકલ્પ છે. એ અંતર્જલ્પ છે. એનાથી રહિત થઈને '**ઉપયોગને પોતાના ચિદાનંદ સવરૂપમાં સ્થિર કરવો.**' આહાહા..! જ્ઞાનના અંતર વ્યાપારને સ્વરૂપમાં સ્થિર કરવો. આહાહા..!

'**તે આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરમાત્મસ્વરૂપનો પ્રતિભાસ થાય છે.**' લ્યો! એટલે જે પરમસ્વરૂપ છે તેનું વેદન થાય છે. વેદન તો પર્યાયમાં છે, પણ પરમસ્વરૂપ આ છે. એની સેવના કરવાથી આવ્યું છે કે નહિ? છઠ્ઠી ગાથામાં? પરનું લક્ષ છોડી અને દ્રવ્યનું સેવન કરવાથી અને શુદ્ધ સ્વરૂપ ત્રિકાળ છે એને પર્યાયને ત્યાં વાળવાથી જે શુદ્ધતા પ્રગટે એ પર્યાય છે. એ શુદ્ધતા પ્રગટી એને ત્રિકાળ શુદ્ધ છે એમ અનુભવમાં આવ્યું સમજાણું કાંઈ? એને શુદ્ધ અને પવિત્ર આવા આત્માને જાણવો તે ધરમ છે એમ કીધું.

'**પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ છોડી...**' આ વલણ નથી ચૂકવતા?.. ચીમનભાઈ! એમ આ વલણ છોડી દે, કહે છે. પર તરફનું. '**મનના સંકલ્પ-વિકલ્પો તોડી...**' '**ઇન્દ્રિયોના વિષયો તરફનું વલણ છોડી-મનના સંકલ્પ-વિકલ્પો તોડી જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્ર થવું-સ્થિર થવું તે પરમાત્મ-પ્રાપ્તિનો ઉપાય છે.**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૬, શનિવાર તા. ૧૮-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૩૦-૩૧, પ્રવચન - ૩૯**

ગાથા-૩૦મી. એનું વિશેષ. સમાધિતંત્ર. '**આત્મા અતીન્દ્રિય સુખનો ભંડાર છે...**' ..નો અનુભવ થાય છે. આ સમ્યગ્દર્શન છે. લ્યો! આને સમ્યગ્દર્શન કીધું. ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા એટલે સમ્યગ્દર્શન, એમ નથી. સમ્યક્ નામ યથાર્થ અને દૃષ્ટિ-શ્રદ્ધા યથાર્થ શ્રદ્ધા એ વસ્તુ પોતે આનંદનું ધામ, સુખનું સરોવર છે. એમાં પાણી પીવા જાય સુખનું તો એને સુખ મળશે. આહાહા..! 'નિર્વિકલ્પ રસ પીજીએ.' જેટલા પુણ્ય-પાપના ભાવ (થાય છે) એ તો અસમાધિ છે, દુઃખરૂપ છે.

આ સમ્યગ્દર્શન છે અને તે જ સમાધિ છે. 'ચિત્ત સમાધિ હુએ દસ બોલે...' એવું આવે છે શ્વેતાંબરમાં. દસ બોલ આવે. દશાંગસૂત્રમાં. 'ચિત્ત સમાધિ હુએ દસ બોલે...' અહીં પ્રથમ સમ્યગ્દર્શનને સમાધિમાં લીધું. સમજાણું? પણ એને સમ્યગ્દર્શન એટલે આ-દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા, અંતઃકરણથી નવ તત્ત્વને શ્રદ્ધવા. હવે અંતઃકરણ એટલે શું? એની વ્યાખ્યા કરે કે અંતરનું મન. આહાહા..! પુદ્ગલ જ છે ઈ ભાવમન. આહાહા..! અચેતન છે, રાગ અચેતન છે. પુદ્ગલના પરિણામ છે. આહાહા..! એ આત્માની ઊલટી-વિપરીત દશાથી થાય છે. સ્વરૂપમાં નથી એ વિકાર થવાનો... આહાહા..!

કહે છે કે '**આ સમ્યગ્દર્શન છે અને તે જ સમાધિ છે.**' આહાહા..! સમ્યગ્દર્શનની વ્યાખ્યા લોકોએ સાધારણ કરી નાખી. અનંત કાળમાં જેને સમ્યગ્દર્શન થયું નથી. એવી અપૂર્વ ચીજ પ્રતીતમાં આવતા એને શાંતિનું વેદન આવે છે. કેમ કે શ્રદ્ધા વિપરીત ગઈ, અનંતાનુબંધી ગયો. એને શાંતિનું વેદન આવે. આહાહા..! એને સમ્યગ્દર્શન કહે છે. '**તે વડે જ પરમાત્મપદ પમાય છે.**' પૂર્ણ આત્મપદ, પરમાત્મપદ છે. અંતરના સ્વભાવમાં આનંદની દશામાં ઝુલતા, એકાગ્ર થતાં એને સર્વજ્ઞપદ પ્રાપ્ત થાય છે. આ બધા વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એનાથી કાંઈ સર્વજ્ઞપદ પ્રાપ્ત (થતું નથી). એ તો બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

---

कस्मिन्नाराधिते तत्स्वरूप-प्राप्तिर्भविष्यतीत्याशङ्कयाह-

यः परमात्मा स एवाऽहं योऽहं स परमस्ततः।
अहमेव मयोपास्यो नान्यः कश्चिदितिस्थिति।।३१।।

टीका :- यः प्रसिद्धः पर उत्कृष्ट आत्मा स एवाहं। योऽहं यः स्वसंवेदनेन

प्रसिद्धोऽलमन्तरात्मा स परमः परमात्मा। ततो यतो मया सह परमात्मनोऽभेदस्ततोऽहमेव मया उपास्य आराध्यः। नान्यः कश्चिन्मयोपास्य इति स्थितिः। एवं स्वरूप एवाराध्याराधकभावव्यवस्था।।३१।।

---

કોની આરાધના કરવાથી તે સ્વરૂપની પ્રાપ્તિ થાય? એવી આશંકા કરી કહે છેઃ-

શ્લોક - ૩૧

અન્વયાર્થ :- (यः) જે (परमात्मा) પરમાત્મા છે (सः एव) તે જ (अहं) હું છું, તથા (यः) જે (अहं) હું છું (सः) તે (परमः) પરમાત્મા છે; (ततः) તેથી (अहं एव) હું જ (मया) મારા વડે (उपास्यः) ઉપાસવા યોગ્ય છું, (कः चित् अन्यः न) બીજા કોઈ (ઉપાસ્ય) નથી, (इति स्थितिः) એવી વસ્તુસ્થિતિ છે.

ટીકા :- જે પ્રસિદ્ધ પર એટલે ઉત્કૃષ્ટ આત્મા છે તે જ હું છું. જે હું-અર્થાત્ જે સ્વસંવેદનથી પ્રસિદ્ધ હું અંતરાત્મા-તે પરમ એટલે પરમાતમા છે. મારી સાથે પરમાત્માનો અભેદ છે, તેથી હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય-આરાધવા યોગ્ય છું, બીજો કોઈ મારા વડે ઉપાસવા યોગ્ય નથી. એવી સ્થિતિ છે-અર્થાત્ એવું સ્વરૂપ જ છે-એવી આરાધ્ય-આરાધકની વ્યવસ્થા છે.

ભાવાર્થ :- અંતરાત્મા વિચારે છે કે, ''મારો અંતરાત્મા સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. વાસ્તવમાં તે અરિહંત અને સિદ્ધ સમાન છે અર્થાત્ પરમાત્મા છે. તેની અભેદપણે ઉપાસના કરવાથી હું પોતે જ પરમાત્મા થઈ શકું તેમત છું. માટે હું જ (મારો શુદ્ધાત્મા જ) મારે પોતાને ઉપાસ્ય છું; બીજો કોઈ ઉપાસના કરવા યોગ્ય નથી. હું પોતે જ ઉપાસ્ય અને ઉપાસક છું.''

## વિશેષ

''ખરેખર અર્હંતને દ્રવ્યપમે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે ખરેખર આત્માને જાણે છે, કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી.''[1]

જ્યારે અંતરાત્મા પોતાને સિદ્ધ સમાન શુદ્ધ, બુદ્ધ અને જ્ઞાતા-દૃષ્ટારૂપ અનુભવે છે અને અભેદ ભાવનાના બળે શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈ જાય છે ત્યારે તે સર્વ કર્મ-બંધનથી મુક્ત થઈ પરમાત્મા બની જાય છે તેટલા માટે પોતે ઉપાસક અને પોતાનું

---

૧. જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (૮૦)
(જાુઓ : ટીકા-શ્રી પ્રવચનસાર, ગુ. આવૃત્તિ-ગા.૮૦)

શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે, એમ સમજી અને નિર્ણય કરી અંતર્મુખ થઈને પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે નિજ શુદ્ધાત્માની ઉપાસના કરવી તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો'-સિદ્ધના જેવું જ પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે. પરમાત્મપદ બહારમાં નથી. તે તો મારામાં જ છે, એવી નિરંતર ભાવનાના બળથી આથ્મા પરમાત્મા બની શકે છે. તેવી તેની શક્તિ છે. જે આ શક્તિનું શ્રદ્ધા-જ્ઞાન કરે છે તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.

આ જ આરાધ્ય-આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે. ૩૧.

## શ્લોક-૩૧ ઉપર પ્રવચન

હવે શબ્દ લીધો છે કે આરાધના કોની કરવી? કે સ્વરૂપની પ્રાપ્તિ થાય. સર્વજ્ઞદેવની આરાધના કરવી? ગુરુની કરવી? શાસ્ત્રની કરવી? કોની આરાધના કરવી? જે સ્વરૂપ પોતે શુદ્ધ ચૈતન્ય, એમાં આનંદની પ્રાપ્તિ કોના આરાધનથી થાય? **'એવી આશંકા કરી કહે છે :-'**

यः परमात्मा स एवाऽहं योऽहं स परमस्ततः।
अहमेव मयोपास्यो नान्यः कश्चिदितिस्थिति।।३१।।

**'ટીકા :- જે પ્રસિદ્ધ પર એટલે ઉત્કૃષ્ટ આત્મા છે...'** ... તો પ્રસિદ્ધ છે, કહે છે. આહાહા..! આત્મા અંદર આનંદસ્વરૂપ છે એ તો પ્રસિદ્ધ છે. એ **'ઉત્કૃષ્ટ આત્મા છે તે જ હું છું.'** અંદર જે ઉત્કૃષ્ટ પર્યાયથી પણ રહિત શુદ્ધ ચિદ્ઘન આનંદ તે હું છું. તે હું આત્મા અને તે હું પરમાત્મા. આહાહા..! અને જે હું છું તે પરમાત્મા છે. એ પરમસ્વરૂપ તે હું છું અને હું છું તે પરમસ્વરૂપ છું. આહાહા..! વસ્તુ છે ને? પરમ સ્વભાવસ્વરૂપ છે. પરમ સ્વભાવસ્વરૂપ. એ ઉદય, ઉપશમ, ક્ષાયિક તે નહિ. આહાહા..! આવી વાત ધર્મની. એક કોર સંસારના કામ આડે નવરો નથી. નવરો થાય તો આ સમજવું કઠણ પડે. સાંભળવા મળે નહિ. આહાહા..!

કહે છે, **'જે પ્રસિદ્ધ પર એટલે ઉત્કૃષ્ટ આત્મા છે...'** એમ છે ને? જુઓ! સંસ્કૃત છે ઈ. **'તે જ હું છું.'** પરમસ્વભાવભાવ એવો જે અસ્તિ-સત્તા અંતરમાં ઊંડાણની સ્વ દશા, એનાથી સન્મુખ. આત્મા અને પરના સહારા વિના એકલા સ્વરૂપના સહારાથી વેદન થાય એ હું છું. આહાહા..! સંપ્રદાયમાં તો એમ કહેવાય કે આ સામાયિક, પોષા, પડિક્કમણા કરવા એ ધર્મ છે. અને દાન, દયા કરવી એ પુણ્ય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો ક્યાં હતું? આ એણે માનેલું હોય એ બેસે. બે ઘડી બેસે. સામાયિક-બામાયિક કરી છે કે નહિ? ...ભાઈ! નથી કરી? ઠીક. આણે કરી છે એમ કહે છે. અમેય એવી કરી હતી ત્યાં દુકાન ઉપર. સામાયિક કરીને બેસીએ અને પછી પડિક્કમણું કરીએ. થઈ રહ્યું. સામાયિક અને પડિક્કમાણા કરી નાખ્યા. આ પર્યુષણમાં, હોં! બાકી તો કોણ કરતું હતું? પર્યુષણના આઠ દિ'માં સાંજે થાય પ્રતિક્રમણ. અને સાંજે સામાયિક કરીને બેસે પડિક્કમણું કરવા. થઈ ગયો ધર્મ. લ્યો. આહાહા..! એ જે ધર્મ કરનાર છે એ કેવડો અને કોણ છે? ધર્મ કરનાર... ધર્મની પર્યાય છે એ તો પર્યાય થઈ ગઈ. પણ કરનાર કેવડો છે એ? એની તો ખબર ન મળે અને ધર્મ કઈ રીતે થાતો હતો? આહાહા..! સમજાણું કાંઈ?

**'જે સ્વસંવેદનથી પ્રસિદ્ધ...'** અથવા સ્વજ્ઞાનના વેદનથી એ પ્રસિદ્ધ થાય એવો છે. એ રાગથી પ્રસિદ્ધ થાય એવો નથી, નિમિત્તથી (પ્રસિદ્ધ થાય એવો) નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્મની સાથે સંબંધ શું છે આને? એ તો પરવસ્તુ છે. અહીં તો સંવેદન પોતાના સ્વકાળે જે સ્વસંવેદન દશા ઉત્પન્ન થવાની અને થઈ એ સ્વસંવેદનનું લક્ષ ક્યાં હતું? સ્વભાવ ઉપર હતું. આહાહા..! તેમ એ સ્વસંવેદનની પર્યાય પ્રગટ થાય એ તો એના કાળે થઈ. એનો જન્મકાળ છે, ઉત્પત્તિની ક્ષણ એ છે. આહાહા..! પણ એ થાય કઈ રીતે? એ કાળ છે ... એ કાળે થાય શી રીતે? આહાહા..! આનંદનું ધામ છે એવી અંતર દૃષ્ટિ થતાં એ સ્વસંવેદન તેના કારણથી થાય. આહાહા..! સમજાણું કાંઈ?

**'પ્રસિદ્ધ હું અંતરાત્મા-તે પરમ એટલે પરમાત્મા છે.'** અસ્તિરૂપ મોક્ષ તો સદાય છે. એમ આવ્યું છે ને? ૩૨૦ ગાથા. જયસેનાચાર્યની ટીકા. આ તો વ્યક્તિરૂપ મોક્ષની વાત ચાલે છે ને. શક્તિરૂપ મોક્ષ તો ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે. એટલે? અબદ્ધસ્પૃષ્ટ એટલે મુક્તસ્વરૂપ. ૧૪-૧૫ ગાથામાં આવ્યું ને? કે મારો પ્રભુ અબદ્ધસ્પૃષ્ટ છે. રાગ અને કર્મ એનાથી બંધાયેલો સ્પર્શાયેલો નથી. અબદ્ધસ્પૃષ્ટ છે. પર્યાયમાં રાગની ઉત્પત્તિનું થવું એ ભાવબંધ છે. એ ભાવબંધમાં પર્યાયને સંબંધ છે. વસ્તુ ભાવબંધમાં નથી. આહાહા..! વસ્તુ તો અબદ્ધસ્પૃષ્ટ છે. અર્થાત્ અબદ્ધ કહો કે મુક્ત કહો. એવું જે સ્વરૂપ મુક્તસ્વરૂપ પરમાત્મા, એને શુદ્ધ ઉપયોગથી અનુભવવો એનું નામ જૈનશાસન છે. આહાહા..! એનું નામ જૈનધર્મ છે, એનું નામ જૈનશાસન છે. એ વસ્તુનો સ્વભાવ જ એવો પ્રગટ્યો, વીતરાગભાવે જે આત્મા છે એને વીતરાગી પર્યાય વડે કરીને અનુભવ્યો. આહાહા..! એ જૈનશાસન છે. બાકી રાગનો સંબંધ રહ્યો એ વ્યવહારનયનો વિષય જાણવા લાયક રહ્યો. સમજાણું કાંઈ? ભાઈ!

'**પ્રસિદ્ધ હું અંતરાત્મા-તે પરમ...**' ઉત્કૃષ્ટ સ્વભાવભાવ, પરમ સ્વભાવ, પરિણામિકભાવ, જ્ઞાયકભાવ, સામાન્ય ભાવ, સદશ ભાવ, અભેદ ભાવ તે હું. એવું વેદન થતાં એ પરમાત્મા હું છું. આહાહા..! બેસવું કઠણ માણસને. ભગવાન આત્મા? વસ્તુ સ્વરૂપ તે ભગવાન છે. ભગ એટલે જ્ઞાન અને આનંદ, એનું વાન નામ સ્વરૂપ છે. જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ એ ભગવાન. આહાહા..!

મારી સાથે પરમાત્માનો અભેદ છે. એટલે કે મારી પર્યાયમાં પૂર્ણ પરમાત્મ સ્વભાવનું એકપણું છે, અભેદ છે. આહાહા..! ભારે ભાઈ આવું. સીધો આનંદ પ્રગટે? કહે છે, કાંઈ સાધન-બાધન છે બીજું? આ સાધન. હું એક પરમ સ્વરૂપ એવો પરમાત્મા એ અભેદ છે. એટલે? જે પર્યાય પરમાત્મ સ્વરૂપ છું એવું જે અનુભવે છે, એ પર્યાયની સાથે દ્રવ્ય અભેદ છે. સમજાણું કાંઈ? આ સમાધિશતક પણ ઝીણું છે. એક એક ગાથામાં આનંદનો અનુભવ એની જ વ્યાખ્યા બધી કરી છે. સમાધિ-સમ્યગ્દર્શન સમાધિ, સમ્યગ્જ્ઞાન સમાધિ, સમ્યક્ ચારિત્ર સમાધિ. પૂજ્યપાદસ્વામીએ પોતાનો અનુભવ જ જાહેર કર્યો છે. સમજાણું કાંઈ?

'**તેથી હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય...**' હું પરમાત્મસ્વરૂપ એવી જે પર્યાયે અભેદ થયો એ હું. એટલે મારી પર્યાયે મને આરાધ્યો. આહાહા..! પર્યાય તે ઉપાસના કરનારી અને ઉપાસ્ય એટલે હું ત્રિકાળી વસ્તુ. આહાહા..! સમજાણું કાંઈ? '**હું જ મારા વડે ઉપાસના કરવા યોગ્ય...**' છું. એટલે? હું મારા વડે, મારી નિર્મળ દશા વડે '**આરાધવા યોગ્ય છું.**' હું જ મારા વડે. મારા વડે એટલે કોણ? કે શુદ્ધ સ્વરૂપ. શુદ્ધ સ્વરૂપની પરિણતિ (થઈ) તે મારા વડે. આહાહા..! ભારે! અપૂર્ણ ક્ષતિ છે. એમ કહેતા ને? ઓલી જાત્રામાં નહિ? શેની? લખનૌના ડૉ. જ્યોતિપ્રકાશ. .. ભવન ... પણ એક અપૂર્ણ ક્ષતિ છે. એટલે કે વ્રત ને પચ્ચખાણને ચારિત્ર ન કહે. અરે..! ભગવાન! એણે ચારિત્ર માન્યું છે કે આ દેહથી નગ્ન થયા.. બાયડી-છોકરા છોડીને બેસે, એ ચારિત્ર થયું કહેવાય. ધૂળેય નથી ચારિત્ર.

આત્મા અંદર જ્ઞાનસ્વરૂપી, આનંદસ્વરૂપી હું. એ મને મારી પર્યાય વડે ઉપાસવા યોગ્ય હું છું. મારી પર્યાય વડે, પર્યાય છે તે ઉપાસક છે, આરાધના કરનાર છે, આરાધવા યોગ્ય હું છું. આહાહા..! આવું એ તો શુક્લધ્યાનની અવસ્થાની વાત છે એમ (ઓલા) કહે છે. ... આમ થાય અને વ્યવહાર નથી... અને સીધો અનુભવમાં સ્થિરતા ચારિત્રની (શ્રેણીએ) ચડ્યો ત્યાં વ્યવહાર એને ઝેર જેવો લાગે. એમ એને ઝેર કહેવું. અરે..! ભગવાન! પ્રથમથી જ જેને પુણ્યના ભાવ પ્રત્યે પ્રેમ છે એને ઝેરનો પ્રેમ છે. એને પુણ્ય પરિણામથી રહિત ભગવાન પોતાનું સ્વરૂપ છે એના પ્રત્યે એને દ્વેષ છે. આહાહા..!

'**આરાધવા યોગ્ય છું.**' '**હું જ મારા વડે...**' મારા વડે એટલે? આત્મા જેની નિર્મળ

પરિણતિ છે. એ મારા વડે ઉપાસવા યોગ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યાં પણ ઉપાસવાનું કીધું ને? છઠ્ઠી (ગાથા). આહાહા..! પરદ્રવ્ય અને એના ભાવ. પરદ્રવ્યના ભાવ, હોં! રાગાદિ નહિ. પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવનું લક્ષ છોડી અને લક્ષ સ્વભાવસન્મુખ કરે ત્યારે તેને આત્માની એણે ઉપાસના કરી એમ કહેવાય. એણે આત્માની સેવા કરી. એણે આત્માને આરાધ્યો. આહાહા..! સમજાણું કાંઈ? **'एवं भणंति सुद्धं'**. એમ કહ્યું છે ને? એ વસ્તુ તરફની ઉપાસના. જે ત્રિકાળી આનંદ સ્વરૂપ, જેમાં પર્યાયનો અભાવ, જેમાં ચૌદ ગુણસ્થાનની પર્યાયનો અભાવ એવો જે સ્વભાવભાવ એની સેવા કરવાથી. એની સેવા કરી એટલે એને પર્યાયમાં ખ્યાલ આવ્યો કે આ શુદ્ધનું જે વેદન થયું તે આખી ચીજ જ શુદ્ધ છે. આનંદનું વેદન થયું તો આખી ચીજ જ આનંદ છે. આહાહા..! સ્વરૂપની સ્થિરતાના અંશનું વેદન થયું તો આખી ચીજ જ ચારિત્રસ્વરૂપ અને સ્થિરસ્વરૂપ છે. આહાહા..! આવો ધર્મ ક્યાંથી કાઢ્યો? કહો, વજુભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું હતું ક્યાંય? આ નવો ધર્મ હશે?

પૂજ્યપાદસ્વામી ભગવાન પાસે ગયા હતા. એની પ્રસિદ્ધિ થોડી છે. કુંદકુંદાચાર્ય ગયા હતા એની પ્રસિદ્ધિ વિશેષ.. એ ભગવાન પાસે જઈને આવ્યા પછી આ શાસ્ત્ર બનાવ્યું. ભગવાન તો આમ કહેતા હતા. અમે એમ અનુભવ્યું તો હતું પણ ભગવાન પાસે ગયા ત્યારે, એને કારણે નહિ, પણ અમારો જે .. થવાનો નિર્મળ ભાવ, ભલે વિકલ્પ હતો, પણ નિર્મળ થવાનો ભાવ એ દ્વારા અમે આત્માનું ભાન...

આ આરાધન નથી કરતા? કોઈ હનુમાનનું કે કોઈ ... ને કોઈ શિકોતરનું. ત્યાં કાંપમાં .... અંબાજીનું ઢીકણાનું, પૂછડાનું. વઢવાણમાં પણ એવું. અંબાજીનું ... બૂટમાતા હશે. બૂટમાતા વઢવાણમાં. અમે ત્યાં હતા તે દિ'. ... (સંવત) ૧૯૮૨માં. ... બૂટ દેવી નહિ? વઢવાણ. ખબર છે ને. તિ દિ' ૮૨નું ચોમાસું ત્યાં હતું. બહુ માણસ. જૈન આવ્યા, સ્થાનકવાસી. પેલા લાલચંદ.. નહિ? ...ભાઈ નહિ, આ તો વિસાશ્રીમાળી દામનગર પાસે છે ને? લાલપના મીઠાભાઈ. નામ ભૂલી ગયા. મીઠાભાઈનો છોકરો એક હતો અસ્થિર જરી. મીઠાલાલજી લઈને આવ્યા. માણસે ... અમારી પાસે આવે દર્શન કરવા. શું છે? કીધું. છોકરાને આવું થયું તો માનતા.. અરે..! પણ તમે? સામાયિક કરનારા, પોષા કરનારા, ... પાટે બેસનારા. એમ સાંભળ્યું હતું .... ૮૨ની સાલની વાત છે. ૧૮+૩૧. ૪૯ (વર્ષ) થયા. એ વખતે સાધારણ, હોં! હવે પૈસાવાળો થયો. ... બાર છોકરા. મીઠાભાઈના દીકરા. પૈસાવાળા છે. કરોડપતિ છે. પણ તે દિ' સાધારણ (હતા). ....

શ્રોતા :- માનતા માની એટલે ....

ઉત્તર :- ધૂળેય નથી સુખી. .... તો એના ઘરે પડ્યું રહ્યું. આહાહા..! અમારે કુંવરજીભાઈ

હૈદરશાને માનતા. રોટલાય નહોતા ત્યાં છોકરાઓને. લખતા, હૈદરશા હાજરાહજૂર. .. આપણે હૈદરશાહી ન હોય. પછી પૈસા થયા. હૈદરશાહને માનતા. કુંવરજીભાઈના બાપને રોટલાના પણ ઠેકાણા નહોતા. ગાંડાભાઈના બાપને. મનહર સુરત પાસે અત્યારે ૩૦-૩૫ લાખ. એમાં શું ધૂળમાં? એની સાથે સંબંધ શું? આહાહા..!

'તૂં હી દેવનો દેવ, દેવાધિદેવ તો તૂં છો' ભાઈ! સમજાણું કાંઈ? તે દિ' કહ્યું હતું. (સંવત) ૧૯૬૩ની સાલમાં આ વાત છે. ૬૩. ૧૭ વર્ષની ઉંમર હતી. ભાઈએ નાખ્યું છે ને? ... 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' તું દેવનો દેવ, દેવાધિદેવ તું છો, ભાઈ! આહાહા..! અવ્યક્તપણે તે દિ' આવી છ (કડી) થઈ ગઈ હતી. સમજાણું કાંઈ? ઈ ચોપડી પલળી ગઈ. દીક્ષા લીધી તો ચોપડી તો કાંઈ સાથે લેવાય નહિ. પછી આ આવ્યું. ભાઈને કીધું હતું. પણ ચોપડી પલળી ગઈ. તળાવનું પાણી બહુ આવ્યું. .. પાણી ઘણું આવે. અમે હતા ત્યારે દુકાનમાં .. સુધી આવે. ગામમાં. પછી બહુ આવ્યું હતું. આહાહા..! તું પોતે દેવાધિદેવ છો, ભાઈ! એને તું આરાધ. આરાધ એટલે? એમાં તરફ સન્મુખ થઈને એમાં લીન થા. એનું નામ આરાધવું છે.

'**આરાધવા યોગ્ય છું...**' હું મને આરાધવા યોગ્ય છું. તો આ ભગવાન અરિહંત ને સિદ્ધ ક્યાં ગયા? ક્યાં ગયા શું, એનામાં છે ઈ. '**બીજો કોઈ મારા વડે ઉપાસવા યોગ્ય નથી.**' અસ્તિ-નાસ્તિ કરી. જ્ઞાયક સ્વભાવ. જ્ઞાનપ્રધાનથી કથન કર્યું છે. બાકી આનંદ સ્વભાવ, શાંત.. શાંત.. શાંત સ્વભાવ એ ચારિત્ર છે. એવો જે સ્વભાવ-વસ્તુ, એ મને મારા વડે આરાધે. મારા વડે એટલે રાગ નહિ. દેવ-ગુરુને આરાધવા લાયક એ તો બધો વ્યવહાર થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? પણ આ દુનિયામાં બહારમાં મજા આવે. પચાસ-પચાસ લાખ થાય, હું પહોળો ને શેરી સાંકડી. મેડીવાળા મકાન ... અમારે આઠ છોકરા છે, આઠ બંગલા કરવા છે. અરે..! ભગવાન! શું થયું તને? ક્યાં જાવું છે તારે? તારું ધામ છોડીને બીજે જાવું છે? આહાહા..!

હું એક વસ્તુ છું. એ પરમ સ્વભાવભાવ, પરમભાવ, પરમભાવ પારિણામિકભાવ. એવી ભાષા. પરમભાવ, પારિણામિકભાવ, ધ્રુવ ભાવ, નિત્ય ભાવ, જ્ઞાયકભાવ. એ મારા વડે આરાધવા યોગ્ય છે. મારા વડે એટલે વિકલ્પ નહિ એવો. નિર્મળ દશા વડે, નિર્મળ પ્રભુને સેવવા લાયક છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! બીજા કોઈ વડે ઉપાસવા યોગ્ય નથી. '**એવી સ્થિતિ છે-અર્થાત્ એવું સ્વરૂપ જ છે-એવી આરાધ્ય-આરાધકની વ્યવસ્થા છે.**' આરાધ્ય અને આરાધક. આરાધવા યોગ્ય આત્મા. આરાધના કરનાર નિર્મળ પર્યાય. આહાહા..! શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ વડે હું આરાધવા લાયક છું. કહે કે, આનાથી કોઈ બીજો હળવો

માર્ગ હશે કે નહિ? આ તો આકરો માર્ગ છે. એ હળવું કહે કે આકરું કહે, માર્ગ તો આ છે. આહાહા..!

ત્રણ લોકના નાથ આનંદના રસથી ભરેલો. પહેલા ઓલા છોકરા રમતા ને? ત્યારે ગાતા. નહિ? મામાનું ઘર કેટલું? દીવો બળે એટલું. એમ નથી કહેતા? તમારે હતું ત્યાં? રમવામાં હશે. બીજું કંઈક હોય. રમતા રમતા છોકરાઓ કહે, મામાનું ઘર કેટલું? બીજી ભાષા હશે. બધે હોય. ... બધી જાત એક જ હોય. દીવો બળે એટલું. એમ આત્માનું ઘર કેવું? ચૈતન્ય બળે એવું. આહાહા..! ચૈતન્ય જે જીવંત ઝળહળ જ્યોતિ, જીવનપ્રાણના ભાવપ્રાણથી જીવતી ચૈતન્યજ્યોતિ ત્યાં તારું ઘર છે.

માતા કીધી છે ને? પ્રવચન માતા. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ને સમિતિ, ગુપ્તિ આદિ છે, એને પ્રવચન માતા કીધી છે. એ માતા એટલે નિર્મળ દશા. એ માતા. એનો આશ્રય ભગવાન આત્મા ઉપર જાય. લાખ વાતની વાત, બાર અંગનો સાર. ઓલામાં તો આવ્યું છે, હોં! ઓલું પુસ્તક બનાવ્યું છે ને ભાઈએ? .. શ્રીમદ્‌નું. સત્પુરુષના એક એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. કોઈએ કાઢ્યું હતું ત્યાં. આ રામજીભાઈએ લખ્યું હતું ને. ... શ્રીમદ્ રાજચંદ્ર.

મુમુક્ષુ :- સો વર્ષની યાદગીરી.

ઉત્તર :- પત્ર ક્યો? ૨૭૫ પાનું? મોટાનું કે નાનું? મોટાનું. એ કાઢ્યું હતું. અહીં તો આ પુસ્તક છે.

મુમુક્ષુ :- ૨૪મું વર્ષ છે.

ઉત્તર :- ૨૪. એક એક વાક્યમાં અનંત આગમ છે. .. સારમાં સાર કહેવું છે ઈ આ. સ્વરૂપનું આરાધન કરવું એ બાર અંગમાં કહેવાનો આશય છે. આહાહા..! આરાધન કરવાનો ... સ્વસન્મુખ થવું એ પર્યાય. જેની સન્મુખ થાય છે તે દ્રવ્ય. સમજાણું કાંઈ? અને તે પણ નિર્મળ પર્યાય તે સ્વસન્મુખ થાય. રાગની પર્યાય સ્વસન્મુખ થઈ શકે નહિ. આહાહા..! રાગ પરાશ્રય, નિશ્ચય સ્વાશ્રય. સ્વાશ્રય કરે તે સ્વસન્મુખ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

એ કહ્યું છે ને એમાં? નહિ? કળશટીકામાં. બાર અંગ પણ વિકલ્પજ્ઞાન છે. બાર અંગમાં કહ્યું છે આ-અનુભૂત કરવી. બાર અંગમાં કહ્યું છે આ ભગવાને. એટલે કે જેવો આરાધવા યોગ્ય આત્મા છે, એને પર્યાયે આરાધ્યો. આહાહા..! એ બાર અંગમાં અનુભવનું, એનો અનુભવ કરવો. આહાહા..! એ બાર અંગનું કથન છે. બાર અંગમાં આ છે. આહાહા..! **'એવી આરાધ્ય-આરાધકની વ્યવસ્થા છે.'**

ભાવાર્થ :- **'અંતરાત્મા વિચારે છે કે-'મારો અંતરાત્મા...''** મારો પ્રભુ **'સ્વસંવેદનથી**

**પ્રસિદ્ધ છે.'** વિકલ્પમાં જણાય એવો નથી-પ્રસિદ્ધ થાય એવો નથી. એમ કહે છે. આહાહા..! નિર્વિકલ્પ સમ્યગ્દર્શનથી તે પ્રસિદ્ધ પામે એવો આત્મા છે. આહાહા..! આ નિર્વિકલ્પ શું ને...? **'મારો અંતરાત્મા સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. વાસ્તવમાં તે અરિહંત અને સિદ્ધ સમાન છે.'** લ્યો. પરમાત્મા કહ્યાને પોતે. હું પરમાત્મા છું. પરમ આત્મા, પરમ આત્મા, પરમ સ્વરૂપ આત્મા. પરમ સ્વરૂપ જેનું ઉત્કૃષ્ટ વીતરાગમૂર્તિ ધ્રુવ તે હું પરમાત્મા છું. એ સ્વસંવેદનથી પ્રસિદ્ધ છે. અંતર્મુખની દૃષ્ટિથી તે પ્રસિદ્ધ છે. બહિર્મુખના વિકલ્પથી તે પ્રસિદ્ધ પામે એવો છે નહિ. આહાહા..! વ્યવહાર... આમ છે ને તેમ છે. ... બહુ ચાલ્યું હતું. અભૂતાર્થ ને અસત્યાર્થ ને... પહેલો જ ભૂલ છે એમાં. અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો, એક જ છે. હવે એ....

અરિહંત અને સિદ્ધ સમાન પરમાત્મા છે. **'તેની અભેદપણે ઉપાસના કરવાથી...'** કોની? આત્માની. **'અભેદપણે ઉપાસના કરવાથી હું પોતે જ પરમાત્મા થઈ શકું તેમ છું.'** આહાહા..! મને મારા વડે સેવવાથી હું પરમાત્મા થઈ શકું છું. માટે હું જ મારો શુદ્ધાત્મા જ મારે પોતાને ઉપાસ્ય છું. ત્રિકાળી ધ્રુવ સ્વભાવ જ મારે સેવવા લાયક છે. આહાહા..! આમાં ક્યાં ભગવાનની સેવા ને મૂર્તિ ને પૂજા ને આવ્યું? એ તો જ્યારે શુભરાગ હોય ત્યારે એના ઉપર લક્ષ જાય. વીતરાગ થયો નથી એટલે એને એ રાગ આવે. દૃષ્ટિમાં સેવવા લાયક હું છું એવું હોવા છતાં વ્યવહારનો શુભભાવ આવે છે, ભગવાન આરાધવા લાયક છે ... આહાહા..! છતાં એ ભેદબુદ્ધિ ઉત્પન્ન થઈ એ સાધન નથી. આહાહા...! વચ્ચે આવે. સમજાણું કાંઈ? એ ન જ હોય તો એને વ્યવહાર ઊભો થાય છે એની એને ખબર નથી. અને એનાથી આત્મામાં જવાય તો એને આત્માની સેવા કેમ કરવી એની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'બીજો કોઈ ઉપાસના કરવા યોગ્ય નથી.'** મારે તો અરિહંત અને સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે તો હું પોતે સેવવા લાયક છું, સેવનાર પણ હું અને સેવવા લાયક પણ હું. આહાહા..! મારે કોઈ અરિહંત અને સિદ્ધ પણ સેવવા લાયક નથી. **'હું પોતે જ ઉપાસ્ય અને ઉપાસક છું.'** ઉપાસ્ય એટલે સેવા કરવા લાયક. ઉપાસક એટલે સેવા કરનાર. ઉપાસક. ક-સેવા કરનાર. હું પોતે ઉપાસક અને હું ઉપાસ્ય. .. જે આત્મા છે, એવું જાણ્યું એમાં છે ક્યાં આવ્યું? પછી મોક્ષનો ઉપાય થાશે, એમ લખ્યું છે ને. પ્રતીતિ થશે પછી, એણે પહેલું આત્મા છે એમ જાણ્યું. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ વ્યવહારની વાત કરી છે.

અહીં કીધું ને આ કે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે એ આત્માને (જાણે). એવી શૈલી છે. નહિંતર આત્મા છે. જેવો છે એવો ક્યારે જણાય? સમ્યગ્દર્શનમાં જણાય, સમ્યગ્જ્ઞાનમાં

જણાય. અહીં તો હજી .. સમ્યગ્દર્શન, જ્ઞાન તો થયું નથી. સહજ પ્રતીતિરૂપ, એમ આવ્યું છે ને? 'થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીતિ રૂપ'. અપેક્ષાથી વાત છે. આહાહા..! આ તો આવ્યું ને? જેમ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે. અને ઓલા પાંચ બોલ જાણે. આહાહા..!

એટલે તો કહ્યુંને છઠ્ઠી ગાથામાં. ઉપાસવામાં આવ્યો ત્યારે એણે આત્મા જાણ્યો અને માન્યો કહેવાય. આહાહા..! આત્મા છે, એવું તો અભવિને અગિયાર અંગમાં આવી જાય છે. આણે એમાં એ નાખ્યું, એ અભવિને માટે છે. ભોગને માટે .. એમ છે ને? ભવિને નહિ. જેને ભોગને માટે નથી એના વ્રત, તપ આદિ સાધન છે, એમ કહે છે. અરેરે..! આહાહા..! વ્યવહાર અસત્ છે, જૂઠું છે એમ નહિ. સાધનેય જૂઠું છે. સાધન કે દિ' (હતું)? જે જે ત્યાં સાધન, તે તે ત્યાં બાધક છે. આહાહા..! આ વાદવિવાદ કરે એને આ બેસે નહિ.

ત્યાં અલિંગગ્રહણમાં તો એમ કહ્યું, પોતાના સ્વભાવથી જણાય તેવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. રાગથી જણાય, પરને જાણ્યું માટે જણાય (એમ નથી). આહાહા..! કેટલાક એનો અર્થ એમ કરે કે જે અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે એટલે જણાય. આહાહા..! એમ આત્મા છે, નિત્ય, કર્તા, ભોક્તાના (છ પદને) જાણ્યા માટે મોક્ષ ઉપાય કે સમ્યગ્દર્શન થશે, એ વાત પણ વ્યવહારથી વાત કરી છે. આહાહા..! અને એ પોતાના સ્વભાવથી જાણે એમાં પરની અપેક્ષા છે જ નહિ. પાંચ પ્રકારના જ્ઞાન કે અરિહંતના દ્રવ્ય-ગુણનું જ્ઞાન, એની અપેક્ષા હતી તો સમ્યગ્દર્શન થયું, એવું એનું સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! આવું આકરું. ઈ જ કહ્યું ને? જુઓ!

જે (અરિહંતના) દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે, તે ખરેખર આત્માને જાણે છે. અહીં તો એમ લીધું. 'જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે, તે જીવ જાણે આત્માને..' એમ આવ્યું, લ્યો. પરનું જ્ઞાન કરે એને સ્વનું જ્ઞાન થાય. કથનશૈલી (એવી). ત્યાં કહે કે આત્મા જણાય એ પોતાના સ્વભાવથી જણાય. પરને જાણ્યું માટે અહીં જણાય એવું સ્વરૂપ નથી. આહાહા..! વસ્તુની સ્થિતિ એવી નથી. આહાહા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને જ્યાં સ્વભાવ સ્વીકાર પર્યાયમાં આવ્યો, એ પર્યાય વડે સેવવામાં આવ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! આકરું ભારે. આકરી વાત. અત્યારે ચાલે ક્રિયાકાંડ ને. એ લોકોને આકરું લાગે બહુ. પૂરેપૂરું (આકરું લાગે). સાચી વાત છે. પૂરેપૂરું આ જ સાચું છે. આહાહા..!

ત્યાં આવ્યું છે ને? પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા સ્વરૂપ જ એવું છે. એનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! બીજી રીતે રાગની ક્રિયા ને દયા, દાન, ને વ્રત ને ભક્તિની ક્રિયાથી જણાય એવું એનું સ્વરૂપ નથી. હોય ભલે. પૂર્ણ વીતરાગ ન થાય

ત્યાં સુધી હોય ભલે. (પણ) એનાથી અંદર જવાય (એમ નથી). કારણ કે એની દિશા ફેર અને આની દિશા ફેર. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય તો પરલક્ષથી જણાય. અને પરલક્ષમાં આ આવ્યું માટે સ્વલક્ષમાં જશે? પશ્ચિમમાં જરી જાય પછી પૂર્વમાં જાય. એમ? આરે..! ભારે વાતું.

અહીં તો કહે છે, એવો જીવ લીધો કે જેને અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવામાં આવ્યા. એ જીવ જ પાધરો ગુલાંટ ખાઈ જાય છે. મારો સ્વભાવ પણ એવડો અને એવો જ છે. એમ જે ગુલાંટ ખાય છે એણે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા અથવા આત્મા જાણ્યો એમ કહેવામાં આવે. આહાહા..!

**'ખરેખર આત્માને જાણે છે. કારણ કે બન્નેમાં નિશ્ચયથી તફાવત નથી.'** અરિહંતનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ, બેમાં ફેર નથી. એથી કરીને અંદર જાવા માટે ... સમજાણું? જે અંતર જવા માગે છે એને આ અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણવાનું નિમિત્ત કહેવાય. આહાહા..! વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પોષ સુદ ૭, રવિવાર તા. ૧૯-૦૧-૧૯૭૫**
**શ્લોક - ૩૧-૩૨, પ્રવચન - ૪૦**

૩૧મી ગાથા. એનો વિશેષનો પેરેગ્રાફ. '**જ્યારે અંતરાત્મા...**' અંતરાત્મા એટલે શુદ્ધ ચૈતન્ય આનંદઘન સ્વરૂપ. '**પોતાને સિદ્ધ સમાન...**' પોતે સિદ્ધ સ્વરૂપી છે એમ જાણીને.. આહાહા..! '**બુદ્ધ...**' એ જ્ઞાનનો પિંડ છે એકલો જ્ઞાયક સ્વભાવ છે. '**અને જ્ઞાતા-દષ્ટારૂપ અનુભવે છે...**' હું એક જાણનાર-દેખનાર છું, શુદ્ધ પવિત્ર છું, સત્ જ્ઞાનથી ભરેલો સ્વભાવ મારો છે. એમ જ્યારે આત્મા અંતર્મુખ થઈને આત્માની સેવા કરે છે. ભગવાન(ની) સેવા કરનાર હું સેવક છું એ તો વિકલ્પ છે. આહાહા..! તીર્થંકર સર્વજ્ઞ પરમાત્મા જે ઉપાસ્ય છે, સેવા કરવા લાયક છે અને હું સેવક છું, સેવા કરનાર છું. એ તો વિકલ્પ છે. આહાહા..! એ ધર્મ નહિ. આવી વાતું. પણ હું પોતે જ શુદ્ધ બુદ્ધ સિદ્ધ પરમાત્મસ્વરૂપે ભરેલો પદાર્થ એ મારે ઉપાસ્ય છે અને હું એનો ઉપાસક છું. સમજાણું કાંઈ?

'**અને અભેદ ભાવનાના બળે...**' શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી ભરેલો હું એકલો જ્ઞાતા, દષ્ટાના સ્વભાવવાળો છું. એવી '**અભેદ ભાવનાના બળે...**' ભાવના શબ્દે એકાગ્રતા. '**શુદ્ધાત્મસ્વરૂપમાં તન્મય થઈ જાય છે...**' શુદ્ધ સ્વરૂપમાં લીન થઈ જાય '**ત્યારે તે સર્વ કર્મ-બંધનથી મુક્ત થઈ પરમાત્મા બની જાય છે...**' બહુ ટૂંકી વાત કરી. કહે છે કે તારે પરમાત્મા થવું હોય, પર્યાયમાં-અવસ્થામાં-અરિહંતપદને પ્રાપ્ત કરવું હોય.. આહાહા..! તો એ અરિહંત સ્વરૂપ તારું અંદર છે. એકલો શુદ્ધ જ્ઞાન આનંદનો કંદ છે એ. એવી અભેદ બુદ્ધિથી સ્વરૂપનું સેવન કરતાં તન્મય થઈ જાય ત્યારે સર્વ બંધનથી મુક્તિ થઈ પરમાત્મા બની જાય. આહાહા..! બહુ ટૂંકામાં મુદ્દાની રકમ છે આ.

'**તેટલા માટે પોતે ઉપાસક અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે,...**' આહાહા..! વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહે કે તું ઉપાસક અને હું ઉપાસ્ય એ તો વિકલ્પ છે, એ તો રાગ છે. સમજાણું કાંઈ? આહાહા..! પણ તું ઉપાસ્ય અને તું ઉપાસક. તારું સ્વરૂપ શુદ્ધ પવિત્ર આનંદકંદ પરમસ્વરૂપ-પરમાત્મસ્વરૂપ જ તું છો. સ્વભાવથી-શક્તિથી-ગુણથી-પરમસ્વરૂપ જ એ છે. પરમપારિણામિક સ્વભાવ. એ શુદ્ધાત્મા તે ઉપાસ્ય છે, સેવા કરવા લાયક છે અને તેની નિર્મળ પર્યાય તે ઉપાસક છે. મણિભાઈ! બહુ આકરી વાત. વીતરાગ માર્ગ એવો છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરને પ્રગટેલું અને જોયું, જાણ્યું તે આ વસ્તુ છે.

તારે જો ધર્મ કરવો હોય અને પરમાત્મા એટલે કે સિદ્ધપણું જો પ્રગટ કરવું હોય તો તો તારું સ્વરૂપ જ સેવવા લાયક છે. આહાહા..! કહો, પોપટભાઈ! હા, અંતરની સેવનામાં રહી ન શકે ત્યારે એને વિકલ્પ આવે ભગવાનની ભક્તિ આદિનો. પણ એ બધું પુણ્યબંધનું કારણ છે. આહાહા..! આવી વાત છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- બિલકુલ પુણ્ય કરતાં કરતાં થાય? રાગ કરતાં કરતાં પરંપરા કારણ થાય? રાગને છોડતા થાય. આહાહા..! માર્ગ એવો ઝીણો છે, ભાઈ!

'સમાહિવરમુત્તમં દિંતુ.' નથી આવતું? મણિભાઈ! લોગસ્સમાં આવે છે. અર્થમાં આવે છે. 'સમાહિવરમુત્તમં દિંતુ' લોગસ્સ આવે છે ને? 'લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે;' નહિ કર્યું હોય. સામાયિકમાં આવે છે. 'લોગસ્સ ઉજ્જોઅગરે,...' લોકમાં ઉદ્યોતના કરનાર તીર્થંકરદેવ. લોગસ્સ એટલે લોકની સ્તુતિ પરમાત્માની. એમાં પાંચમો પાઠ આવે છે સામાયિકમાં. પહેલો નમો અરિહંતાણં, બીજો તિક્ખૂત્તો, ત્રીજો ઇચ્છામી, પછી તસ્સૂતરીનો, પાંચમો લોગસ્સનો, છઠ્ઠો .. અને સાતમો નમોત્થુણંનો. આહાહા..! આ તો ૭૫-પોણો સો વર્ષ પહેલા કરેલું. દસ વર્ષની ઉંમરે. આહાહા..! એમાં આ એક... ગડિયા ગણ્યા. કંઈ ખબર નહિ. આહાહા..!

કહે છે કે 'સમાહિ' વર નામ ઉત્તમ. મારો સ્વભાવ જ સમાધિસ્વરૂપ છે. આનંદ છે. સમાધિ એટલે આનંદ. એ આનંદસ્વરૂપ જ મારું સેવવા લાયક મારે છે. અને હું એને નિર્મળ પર્યાય દ્વારા સેવક છું એનો. રાગ અને વિકલ્પથી નહિ. આહાહા..! ... અરે..! જિંદગી ચાલી જાય છે. આંખ્યું મીંચીને ક્યાં જશે? જો રાગમાં રહેશે તો રખડવું પડશે. રાતે કહ્યું હતું નહિ? વિકલ્પ જે છે દયા, દાન, વ્રતાદિનો એમાં જો દૃષ્ટિ રહેશે તો રાગમાં રહેતા રખડવું પડશે. આ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન પ્રભુ, એની સેવા કરનારી પર્યાય નિર્મળ.. આહાહા..! વિકલ્પ ચીજ એ નહિ.

શુદ્ધ સ્વભાવથી ભરેલો 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' શ્રીમદ્‌માં પણ આવે છે. 'બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' બાપા! આહાહા..! વિચારનો અર્થ એ સાધક પર્યાય. મોજૂદ છે પરમાત્મશક્તિથી ભરેલો પ્રભુ, એનો શક્તિ અને શક્તિવાળો એવો ભેદ પાડવો એ પણ વ્યવહારનય અને વિકલ્પ છે. સમજાણું કાંઈ? આનંદસ્વરૂપ છું, આનંદવાળો છું એવો પણ ભેદ છે એ પણ એક વિકલ્પ નામ રાગની લાગણી છે. પણ હું એક શુદ્ધ જ્ઞાનાનંદ છું, તેના તરફના ઝુકાવથી જે નિર્મળ અવસ્થા થાય, એ નિર્મળ અવસ્થા દ્વારા હું ઉપાસક છું નિર્મળ અવસ્થા, વસ્તુ મારી ઉપાસ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? ઓહોહો..!

તું દેવનો દેવ છો. પાંચેય પદ તારા સ્વરૂપમાં પડ્યા છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ નિર્મળ દશાના સ્વરૂપ છે. નગ્નપણું કે પંચ મહાવ્રતના વિકલ્પ એ એનું સ્વરૂપ નથી. આહાહા..! આત્માની નિર્મળ પૂર્ણ અને અપૂર્ણ દશાના પાંચ પદ છે. પૂર્ણ દશા અરિહંત અને સિદ્ધ. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ સ્વરૂપની શુદ્ધતાની સેવા કરવામાં જેની નિર્મળ દશા રાગરહિત વીતરાગી પર્યાય નિર્ગ્રંથપણું પ્રગટ્યું છે એ પોતે સેવક છે, વસ્તુ સેવ્ય છે. આહાહા..! આવો માર્ગ ભગવાનનો લોકોને કઠણ પડે. સાંભળ્યો નથી ને.

તું જેની સેવા કરવા માગે છો એ સેવન(યોગ્ય) વસ્તુ છે કે નહિ? અને તે તું છો કે નહિ? સમજાણું કાંઈ? તું વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની સેવા કરવા માગ તો એ તો પરવસ્તુ છે. એ પૂર્ણ રૂપ તારું ત્યાં છે? પૂર્ણ રૂપ તો તારામાં છે. પૂર્ણ જે શુદ્ધ સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા એની 'હું જ એ છું' એવી જે શુદ્ધ દશા એ જ આરાધક છે, આરાધ્ય તે ત્રિકાળી ભગવાન છે. આહાહા..! આ તે ભારે આકરું. લોકોને બિચારાને એળે ચડાવી દીધા, જિંદગી વઈ જાય. સફળ ન થાય, અફળ જાય જિંદગી. આહાહા..!

એ વખતે વસ્તુનું ભાન થઈને સેવ્ય-સેવકપણું પ્રગટ્યું છતાં પૂર્ણ અંતરમાં લીન ન થાય ત્યાં સુધી એને વિકલ્પ એવો ભક્તિનો, પૂજાનો આવે છે. પણ એ આવે એ બંધનું કારણ છે. એ તો પાપના ભાવથી બચવા પૂરતી વાત છે. એ ધર્મ નથી. આહાહા..! કહે છે ને? **'એમ સમજી...'** એટલે શું? હું એક ઉપાસક છું અને હું પોતાનું સ્વરૂપ શુદ્ધાત્મ સ્વરૂપ ઉપાસ્ય છે. આહાહા..! **'એમ સમજી...'** પહેલું મૂળ જ્ઞાન તો કર કહે છે. **'અને નિર્ણય કરી અંતર્મુખ થઈને...'** એ ચારિત્ર થયું.

પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એકલો વીતરાગરસ સ્વરૂપથી ભરેલો ભગવાન છે. એ વીતરાગતા જે પર્યાયમાં આવે છે એ ક્યાંથી આવે છે? બહારથી આવે એવું છે? આહાહા..! વીતરાગરસ કહો કે અકષાય સ્વભાવ કહો. એ ચારિત્ર, નિત્ય ચારિત્રસ્વભાવ કહો. એવો જે ભગવાન પૂર્ણ ચારિત્રના શાંતિથી ભરેલો, એ મને ઉપાસ્ય નામ સેવવા લાયક છે અને મારી નિર્મળ પરિણતિ તે એની સેવક છે. ભગવાન મને સેવવા લાયક છે અને હું સેવક છું, ત્યાં સુધી તો વિકલ્પ છે અને પુણ્યનું કારણ છે. સમજાણું કાંઈ? આવી ચીજ છે. લોકોને મળતી નથી બિચારાને. જૈનમાં જન્મ્યા હોય છતાં વીતરાગ જૈનપણું કોને કહે છે, એ ખબરું વિના જિંદગી જાય છે, ભાઈ!

**'એમ સમજી...'** એટલે? હું નિત્યાનંદ રસ, નિત્યરસ, શાંતરસ નિર્વિકલ્પ રસથી ભરેલો પદાર્થ છું. એ મને સેવવા લાયક છે. પણ એનું જ્ઞાન ન હોય તો શી રીતે કરવું? તો પહેલું જ્ઞાન કર, સમજ. આહાહા..! આ વસ્તુ છે એ પૂર્ણ છે અને ધ્રુવ છે, નિત્યાનંદ, સહજાનંદની

મૂર્તિ છે. પરમ દિ' કહ્યું હતું. નહિ? ચાર સજ્ઝાયમાળા હતી. ...

શ્વેતાંબરમાં ચાર સજ્ઝાયમાળા છે. એક એક સજ્ઝાયમાળામાં અઢીસો અઢીસો સજ્ઝાય છે. દુકાન ઉપર વાંચી હતી. ૬૩-૬૪ની વાત છે. સંવત્ ૧૯૬૪-૬૫. પાલેજ. પહેલેથી સંસ્કાર હતા ને. ઘરની દુકાન પિતાજીની હતી. એટલે આપણે પોતાનું થોડું થોડું નિવૃત્તિથી કરતા. બીજામાં નહોતા ભળતા. એમાં એ આવ્યું હતું એકવાર. કીધું ને? સજ્ઝાયમાળામાં. કહ્યું હતું પરમ દિ' 'સહજાનંદી રે આત્મા, સહજાનંદી રે આત્મા સૂતો કાંઈ નિશ્ચિંત રે, મોહતણા રે રણિયા ભમે,' મિથ્યાત્વની પર તરફની વલણની વૃત્તિઓમાં તે ચોર ભમે છે. 'જાગ જાગ મતિવંત રે, એ લૂંટે જગતના જંત રે,' અમે દીકરો થઈને તમારે ઘરે આવ્યા છીએ. અમારું ધ્યાન નહિ રાખો તો શું કરો? આ જગતના જીવો લૂંટે છે. બાયડી કહે કે શું કરવા હાથ ઝાલ્યો હતો ત્યારે? પરણ્યા શું કરવા? કરવું પડશે બધું. ખાનગી રાખજે વાત, હોં! નહિ તો અમે તો નાગણીઓ છે. એમ કહે. આહાહા..! રાજાની રાણીયું કહે રાજાને. આ બધું સાંભળેલું છે. આહાહા..! અહીં કહે છે, 'નાખી વાંક અનંત રે, કોઈ વિરલા ઉગરંત રે.' આહાહા..! આત્મા આનંદસ્વરૂપ છે એમાં પેસવા માટે કોઈ .. પણ કરે, અમારું રળવું, અમને પોસશો કે નહિ? કંઈ ખાવા-પીવાનું દીધા વિના આહાર વિના બાવા થઈ જશો? આહાહા..! ભાઈ! મારો ખોરાક તો અંદર છે. આનંદનો ખોરાક લેવા માટે હું તો નિવૃત્તિ લઉં છું. આહાહા..! સમજાણું કાંઈ?

રાજના રાજકુમાર હોય. આઠ આઠ-દસ વર્ષની ઉંમર હોય. પણ અંદરના પ્યાલા જોયા. ઓહોહો..! આ તો નિર્વિકલ્પ આનંદનો રસ છે આત્મા. એને શુભ-અશુભની ક્રિયાના રાગની સાથે કાંઈ સંબંધ નથી. તો આ વળી શરીર ને બાયડી-છોકરાનો સંબંધ એને છે નહિ. .. મુનિ થયા પહેલાની. આહાહા..! ગુણ-ગુણીનો સંબંધ પણ વ્યવહારનયનો વિષય, વસ્તુનો નહિ. આહાહા..! પરની સાથે સંબંધની તો વાત જ શું કરવી? રાગનો જીવને સંબંધ એ પણ અસદ્ભુત વ્યવહારનયથી છે જૂઠો. આહા..! અનુપચારી છે. એમાં પર સાથે—બાયડી, છોકરા, કુટુંબ સાથે સંબંધ એ અસદ્ભુત ઉપચાર છે. જૂઠો આરોપ. આહાહા..! સમજાણું કાંઈ?

મારો સ્વભાવ ચૈતન્યમૂર્તિ અને હું આનંદવાળો એવો ભેદ સંબંધ પણ વ્યવહાર છે, કહે છે. આહાહા..! હું તો અભેદ ચૈતન્યમૂર્તિ છું. આહાહા..! એ રાજકુમારો દીક્ષિત થાય. આમાં આવ્યું છે. એમાં પણ નાખ્યું છે, હોં! ... છે. એ છે ને? ચરણાનુયોગમાં. પ્રવચનસારમાં. દીક્ષા લેતા (રજા) માંગે છે સ્ત્રી પાસે કે હે સ્ત્રી! તું શરીરને રમાડનારી. મને નહિ, હોં! હું તો આત્મા છું. મને રજા દે હવે. હું છૂટવા માગું છું.

મુમુક્ષુ :- શરીરની ક્રિયાથી ધર્મ કેવી રીતે થયો?

ઉત્તર :- શરીર ક્યાં (પોતાનું) હતું તે ધર્મ કરે? પુણ્યના ભાવથી ધર્મ નથી. શરીર તો જડ, માટી, ધૂળ છે આ તો. આહાહા..!

સવારે તો કેટલું આવ્યું હતું? ઘણું. ભગવાન ત્રિલોકનાથ ફરમાવે છે કે છ વસ્તુ છે દ્રવ્ય. છ પદાર્થ છે ભગવાને જોયેલા. છ દ્રવ્ય છે. આત્મા, પુદ્‌ગલ, કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ. છ ભગવાને જોયા છે. અને એમ જ છે. ઓહો..! એ છ દ્રવ્યની જે વર્તમાન પર્યાય,... ભારે વાત ભાઈ! અને તે તેના કાળે થાય. ઓહોહો..! સ્વકાળે થાય એમ કહીને પણ છ દ્રવ્યનું ... લીધું છે બધું. સમયનો પર્યાય તે કાળમાં તે થાય. એ પર્યાયને પણ ઉપજવાનું-ઉત્પત્તિનું કારણ દ્રવ્ય, ગુણ પણ નહિ. આહાહા..! છ દ્રવ્ય ... લોક, અલોક, છ દ્રવ્ય, એનો વર્તમાન પર્યાય, તે તે કાળનો તે તે પર્યાય એ જ કાળે તે જ થવાનો. એવો જે પર્યાય તે પર્યાય પોતાથી છે અને દ્રવ્ય-ગુણથી નથી. આ વાત. સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય હોય નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

છ વસ્તુ અને એક એક વસ્તુમાં અનંત ગુણ અક્રમે સાથે રહેલા. અને એની પર્યાય-અવસ્થા ક્રમસર થાય. અને ક્રમસરમાં પણ જે સમયે જે પર્યાય થવાનો તે જ એનો કાળ અને તે તે કાળની હયાતી છે. એવી હયાતીવાળી દશા, પછી ભલે રાગવાળી હોય અને ધર્મવાળી બે હોય. સમકિતી હોય અને પાછો રાગેય હોય. હજી પૂર્ણ ન હોય તો. પણ છતાં એ પર્યાય... આહાહા..! પોતાથી છે અને પરથી નથી. આકરી વાત. આહાહા..! કેમ કે સત્‌નો અંશ છે. જડમાં પણ જે પર્યાય જે સમયે જે થાય એ પણ એક સત્‌નો અંશ છે. એ સત્ છે. આહાહા..! દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. સત્‌નો એ વિસ્તાર છે. એમ આનંદ દ્રવ્ય, આનંદ ગુણ, આનંદ પર્યાયનો વિસ્તાર છે.

ભગવાન આનંદ દ્રવ્ય-વસ્તુ, આનંદ ગુણ-શક્તિ, આનંદ પર્યાય. એ આનંદ ત્રણેમાં વ્યાપ્યો છે. આહાહા..! આનંદ વસ્તુ, આનંદ ગુણ અને આનંદ પર્યાય એ આનંદનો વિસ્તાર છે. સમજાણું કાંઈ? એમાં પણ તે આનંદની પર્યાયનો જે કાળ છે તે કાળે તે દશા થાય, એને પરથી નાસ્તિ છે અને સ્વથી અસ્તિ છે. એ ધર્મની પર્યાય પ્રગટ કરવામાં ભલે સત્ વસ્તુનો આશ્રય હોય, ત્રિકાળી ભગવાન પરમાત્મસ્વરૂપ છે એનો આશ્રય હોય પોતે. હોવા છતાં.. આહાહા..! એ ધર્મની આનંદની પર્યાયને સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. આહાહા..! ગજબ કામ કર્યું છે ને પણ! અરે..! આવી જ વસ્તુની સ્થિતિ છે. જે વસ્તુની મર્યાદા ભગવાને કીધી એમ ન જાણે, તો કહે છે કે પહેલું સમજીને પછી નિર્ણય કરીને, પછી અંતર્મુખ થઈને. આહાહા..! વજુભાઈ! ત્યાં ક્યાંય તમારે મીલમાં પણ ન મળે અને ત્યાં બીજે સંપ્રદાયમાં

મળે એવું નથી આ. એ તો કહી ગયા હતા. નથી ભાઈ ઓલા? કેવા હતા? વલ્લભભાઈ. ભાઈને ઓળખે ને. આહાહા..! વલ્લભભાઈને બહુ રસ હતો. એ વખતે કહ્યું હતું. વજુભાઈને કહ્યું હતું. વસ્તુ અભેદ છે. આહાહા..!

કહે છે કે જે ધર્મની પર્યાયનો કાળ છે, લ્યો. ધર્મની પર્યાયનો ઉત્પત્તિ કાળ છે. એ ઉત્પત્તિ કાળની પર્યાય એનો ઉત્પાદ ને કષાયની મંદતાની નાસ્તિ, એ દ્રવ્ય-ગુણની એમાં નાસ્તિ (છે). આહાહા..! એક સમયની એક પર્યાયમાં અનંતી સપ્તભંગી. અનંતી સપ્તભંગી. એક પર્યાય છે એ બીજી પર્યાયપણે નથી એની સપ્તભંગી. એક પર્યાય છે, એ ગુણપણે નથી એની સપ્તભંગી. એવા અનંત ગુણપણે નથી એવી સપ્તભંગી. આહાહા..! દરિયો પડ્યો છે મોટો. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, એ છે આ પ્રમાણે અને પર્યાયમાં સ્વકાળે થાય. પણ એની નજર ક્યાં હોય? નજર દ્રવ્ય ઉપર જાય છે. સમજાણું કાંઈ? એ ઉપાસના કરનારની પર્યાય, ભાઈ! ઉપાસના કરનારની પર્યાય તો સ્વકાળે જ હોય. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન કાંઈ રાગ નથી કે ભગવાનને માન્યા એ સમકિત. એ છે નહિ. આનંદઘનજી કહે છે, 'નિર્વિકલ્પ રસ પીજીએ' આનંદઘનજીમાં આવે છે. નિર્વિકલ્પ આ. રાગ વિનાનો આત્મા એની ઉપાસના કરનારી નિર્મળ દશા એનો રસ પીએ, એના રસના પ્યાલા પી. એ ત્યારે કહે છે કે જે નિર્વિકલ્પ પર્યાય પ્રગટી એના સ્વકાળે. એ પર્યાયમાં દ્રવ્યની પણ જેમાં નાસ્તિ, ગુણની નાસ્તિ, રાગની નાસ્તિ, અનંતા પરદ્રવ્યની નાસ્તિ. આહાહા..! એવી જે નિર્ણય દશા એની એ દ્રવ્યના લક્ષે થાય છે. ભલે તે કાળે તે થાય. પણ એ કાળની ઉત્પત્તિ આ કાળે આ—એનો નિર્ણય દ્રવ્ય સન્મુખ થાય ત્યારે એનો નિર્ણય સાચો થાય. આહાહા..! અને દ્રવ્ય સન્મુખ થયો છે એને જ ઉત્પત્તિની પર્યાય થાય એવી. સમજાણું કાંઈ? અરે.. ભાઈ! આ તો વીતરાગમાર્ગ બાપુ! ઝીણો બહુ. આહાહા..!

એ સમયે મોક્ષનું કારણ મોક્ષમાર્ગ, મોક્ષનો માર્ગ. એ અહીં કહ્યું ને? ઉપાસક અને હું ઉપાસ્ય. હવે ઉપાસક તો પર્યાય છે. વસ્તુ તે ઉપાસ્ય છે. હવે ઉપાસક પર્યાયનો સિદ્ધાંત તો આ હતો. તો તે સમયે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયનો સ્વકાળ છે ત્યાં એ થાય છે. આહાહા..! પણ કેમ થાય છે? અને એનો સાચો નિર્ણય કોને થાય છે? આહા..! ભાઈ! માર્ગ જુદા, બાપુ! અત્યારે તો વિંખાઈ ગયો, બહુ વિંખાઈ ગયો. અને સાચા માર્ગને (ચોર) કોટવાળને દંડે. એવું થઈ ગયું છે. સાચો માર્ગ હોય એને કહે, એ એકાંત છે... એ એકાંત છે. ઝાઝા ચોર હોય તો મારે. પોલીસને મારે છે ને. હાડકાં ભાંગી નાખે પોલીસના. આહાહા..! અહીં તો કાંઈ થાય નહિ. આહાહા..!

કહે છે, ભાઈ! તારે કમાણી કરવી છે? તો ધંધો કયે કર્યે કમાણી થાય? ભગ નામ આનંદ અને જ્ઞાનની લક્ષ્મીને પકડ અને ભગ-વાન્ એનું સ્વરૂપ એ છે. આહાહા..! અનંત જ્ઞાન અને અનંત દર્શન આદિ જે લક્ષ્મી, એનો એ ભંડાર આત્મા છે. એ ઉપાસ્ય છે. જેને આત્માના મોક્ષમાર્ગની પર્યાય પ્રગટી છે એ પર્યાય દ્વારા ઉપાસ્ય એ ચીજ છે. આહાહા..! વળી કહે કે મોક્ષનો માર્ગ પ્રગટે ત્યાં સ્વકાળ હોય. એ સ્વકાળમાં આવી ગયું. ભાઈ! એ સ્વકાળે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રિકાળી ચીજ જે જ્ઞાયક આત્મા, એના લક્ષે ઉત્પન્ન થયું. એ ઉત્પન્ન થયેલી પર્યાય સ્વથી છે અને દ્રવ્ય-ગુણથી નથી. સ્વથી છે અને રાગથી નથી. સ્વથી છે, દેવ-ગુરુ-શાસ્ત્રથી નથી. મણિભાઈ! આવું આકરું બહુ, હોં! આહાહા..!

અહીં તો ઉપાસક આવ્યું ને? પણ ઉપાસક તો પર્યાય છે. સમજાણું કાંઈ? અને ઉપાસ્ય છે એ તો વસ્તુ છે. હવે એ ઉપાસના માટે તો એમ આવ્યું કે જે એનો જન્મક્ષણ છે- ઉત્પત્તિ કાળ છે. જે પર્યાયનો જન્મ નામ ઉત્પત્તિ કાળ છે તે કાળે ઉત્પન્ન થાય. હવે તે કાળે ઉત્પન્ન થાય એનો સાચો નિર્ણય કોને થાય? અને કોના તરફ ઝુકતા એ ઉપાસકપણું પ્રગટે? આહાહા..! જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ છે. આહાહા..! એના તરફ ઝુકતા તે કાળે થાય ભલે. પણ આ કાળે આ થાય એ પર્યાયમાં ભલે દ્રવ્ય-ગુણની નાસ્તિ, પરની નાસ્તિ. કેમ કે સેવક પર્યાય અને સેવ્ય-બે ભિન્ન પડી ગયું. સેવા કરનાર એ નિર્મળ પર્યાય અને સેવવા યોગ્ય છે ધ્રુવ. આહાહા..! સમજાણું કાંઈ? મનસુખભાઈ! આવો ... છે આ માર્ગ. નામ વિરતીનું આપવામાં ત્યાં બીજું લાકડું સલવાઈ જાય. જગતને કાંઈ... શું થાય? આહાહા..!

ભજન ગાતા હતા, ભજન. કાંપમાં નહિ ઓલા ... તે દિ' (સંવત) ૧૯૯૯ની સાલ. ગાંધીના મકાનની નીચે આ નહોતાં? વઢવાણ-વઢવાણ. ગાંધીના...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહાર બહાર. બહાર ગાંધીના મકાનની. .... નહિ. એ પહેલા. ૯૯.. (સંવત) ૨૦૧૦ની સાલમાં. ગાંધીના મકાનમાં. સ્વામિનારાયણના મંદિરની પાછળ ત્યાં ઉતર્યા હતા. ટાઉન હોલમાં. તે દિ' એક આવ્યો હતો કોઈ. ઘણું કરીને આપણા ડોક્ટરનો ભાઈ હતો. પોપટલાલ ડૉક્ટરના ભાઈ હતા. કો'ક ગાયન લઈને આવતા. એ ગાતો હતો ઓલામાં. 'કરી લેને આતમની ઓળખાણ એક દિન જાવું છે નિર્વાણી' એમ ગાતા હતા એ. ઉપર હું હતો. હેઠે ઉતર્યો તો ત્યાં આવ્યું. ગાંધીનું... ગાંધીનું હતું ને ઈ? ... 'કરી લે આતમની ઓળખાણ એક દિન જાવું છે નિર્વાણી' એક દિન છોડવું છે બધું.

તું કોણ છો એનો નિર્ણય અને અનુભવ કર, બાપુ! જો તું એનો અનુભવ કરીશ તો

અનુભવની દશામાં ભવિષ્યમાં રહીશ. અને જો રાગની રુચિમાં પડ્યો તો ભવિષ્યમાં રાગમાં રહીશ. આહાહા..! કારણ કે ભવિષ્યમાં તારે રહેવું તો છે. ભવિષ્યમાં આત્માનો નાશ થાય એવો છે? એ તો અનાદિઅનંત છે. ભવિષ્યમાં રહેવું છે કઈ રીતે તારે? જો રાગની પર્યાયમાં રહેવું હોય તો એ દુઃખની પર્યાયમાં ભવિષ્યમાં ગાળશે સાદિઅનંત કાળ. આહાહા..! પણ જો તારે આત્માની પર્યાયને સેવક બનાવીને સેવ્ય કરવો હોય તો ભગવાન આત્મા પોતાના નિર્મળ પર્યાયમાં ભવિષ્યમાં રહેશે. એનું પરિભ્રમણ મટી જઈ. એ પૂર્ણ પરમાત્મા થઈ જશે. આહાહા..! હવે રુચિ હોય એમ કર કહે છે. ... તમને આ કહેવું છે, ભાઈ! હવે તારી રુચિ હોય એમ કર. શું કરીએ? કારણ કે કરવાનું તો તારે છે. કાંઈ અમે તારું કરી દઈએ એમ છે?

કહે છે. અહીં તો જરી વિચાર શું આવ્યો? ઉપાસક અને ઉપાસ્ય. ઉપાસક છે એ તો પર્યાય છે અને ઉપાસ્ય છે તે ધ્રુવ વસ્તુ છે. હવે જ્યારે ઉપાસક પર્યાયને માટે તો એમ આવ્યું કે તે જ એનો જન્મક્ષણ—ઉત્પત્તિનો કાળ હોય ત્યારે તે થાય. ત્યારે થાય તો હવે કરનારને શું કરવું હવે? એની ઉત્પત્તિ ઉપાસકની જે છે, એનો કાળ જે છે એ તો પર્યાયમાં એ કાળ આવ્યો. પણ ધ્રુવના આશ્રય વિના એ પર્યાયનો કાળ એની શ્રદ્ધામાં અને નિશ્ચયમાં આવે નહિ. એથી એને ધ્રુવ ઉપર નજર નાખવાની છે. જેની સેવા કરવી છે એના ઉપર નજર નાખવાની છે. આહાહા..!

ભગવાનના મોઢા સામું ટગ ટગ જોવું હોય તો એની સામું જોવે કે નહિ? ભગવાન આવા છે.. આવા છે... આવા છે. પણ એ તો વિકલ્પથી પર સેવ્ય અને આ સેવક થયો. હવે નિર્વિકલ્પથી સેવ્ય-સેવક થાવું હોય.. આહાહા..! તો એણે ટગટગ ધ્રુવ સામું જોવું પડશે. સમજાણું કાંઈ? ધ્રુવને ધ્યેય બનાવીને ધ્રુવની સેવા કરનારી પર્યાય.. આહાહા..! એને ધર્મ કહીએ અને ધર્મની પર્યાય સેવા કરે ભગવાન આત્માની. ઝીણું બહુ. લોકોને પ્રવૃત્તિ આડે નિવૃત્તિ ન મળે. ધર્મને બહાને પ્રવૃત્તિ આખો દિ' આ. આ પૂજા કરી ને આ પૂજા કરી ને સિદ્ધ ચક્રની કરી. પછી ભોગીભાઈને બેસાડે મોઢા આગળ. આવો પૂજા કરો. હસમુખભાઈ! આહાહા..!

બાપુ! તું જ્યાં છો ત્યાં બેસને. તું ક્યાં છો? ચૈતન્ય ધામમાં તું છો. એ ચૈતન્ય ધામ ભગવાન પૂર્ણાનંદનો નાથ, અરે..! એની મોટપની તને મોટપ આવી નહિ. એની મહત્તાની તને મોટપ ન આવી. અને રાગ અને પર્યાયની મોટપમાં, રાગની રુચિમાં રહ્યો. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે. અહીં તો ઉપાસક છે ને? પોતે ઉપાસક છે. ઉપાસક તો પર્યાય છે. **'અને પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ઉપાસ્ય છે,...'** આહાહા..! બેયની સંધિ જોડી. જેને

ધર્મની પર્યાય તે કાળે પ્રગટ થાય એવું એનું સ્વરૂપ છે. પણ તે કાળે પ્રગટ થાય તે પર્યાયનું સેવ્ય કોણ છે? એનું લક્ષ ન્યાં ગયું. અંતર્મુખ દૃષ્ટિ કર. અંતર્મુખ દૃષ્ટિ કર. ત્યારે તે ઉપાસકની પર્યાય પ્રગટી એ સત્ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે...**' દેખો એ ઉપાસક. '**પોતાના સ્વસંવેદન જ્ઞાન વડે...**' આ તો વીતરાગની વાણી ગંભીર છે. એ કાંઈ વાર્તા અને કથા જેવું નથી કે ચકલી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો મગનો દાણો. બનાવી ખીચડી. આવે છે ને છોકરાને? નાના છોકરાને કહે. ત્યાંથી કુંભારને ત્યાં ગયા, કુંભારે ઘડુલો આપ્યો, ઘડુલો ફલાણાને આપ્યો અને એણે ખજૂર આપ્યો. એવી વાત કરતા. નહિ? એવી આત્માની મૂળ વાત મૂકીને બધી વાતું. ચકલો ચોખાનો દાણો (લાવ્યો) એવી વાત છે. આહાહા..! અરે..! ભગવાન!

કહે છે, '**સ્વસંવેદન જ્ઞાન વડે...**' આ પર્યાય. વસ્તુને લક્ષમાં લેતાં જે પર્યાય સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ, રાગ અને મનના આશ્રય વિના જે જ્ઞાન વડે '**નિજ શુદ્ધાત્માની ઉપાસના કરવી તે પરમાત્મપદની પ્રાપ્તિનો ઉપાય છે.**' લ્યો! છે? પરમાત્મા એટલે પોતે પરમાત્મા, હોં! પૂર્ણ પરમાત્મા થવાનો આ ઉપાય છે. ભલે વ્યવહાર નથી. ઓલા કહે, વ્યવહાર અને નિશ્ચય બેય .. નાખ્યું છે. વ્યવહાર-નિશ્ચય બેય સરખે તોલે છે. બેય સાચા છે. અરે..! સાંભળને, સાંભળ પ્રભુ! આહાહા..! ... તો કહે છે, વ્યવહાર ઉપર નજર છે તે મિથ્યાદૃષ્ટિ છે. નથી કહેતા?

મુમુક્ષુ :- એ તો વાતુડિયો છે એમ કહે.

ઉત્તર :- વાતુડિયો છે. એમ કહે. અને એ આવ્યું નથી? વ્યવહારનય એકના ભાવને બીજાના કહે છે. એ કારણ-કાર્યનો ગોટો વાળે છે. આ કારણ અને આ કાર્ય એ વ્યવહારનય કહે છે. એ રીતે માને એ મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં તો એમ લખ્યું છે.

મુમુક્ષુ :- પણ પંડિતે કહ્યું છે.

ઉત્તર :- પંડિત એ ભગવાન છે. પોતે આ કીધું શું? તે ક્ષણે તે પર્યાય થાય એમ જે ભગવાનની વાણીમાં આવ્યું, એ પર્યાય કઈ થાય? કે જો દ્રવ્ય ઉપર લક્ષ કરે તો નિર્મળ થાય, રાગ ઉપર લક્ષ કરે તો મલિન થાય. આ સીધી વાત છે. બાયડી-છોકરા ઉપર ધ્યાન કરે તો અશુભભાવ મલિન થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર પર લક્ષ કરે તો શુભભાવ મલિન થાય. ઓલો શુભ થાય અને ઓલો અશુભ થાય. ભગવાન ઉપર નજર કરીને ભાવ કરે તો શુભ થાય. આહાહા..! અરે..! નવરાશ ક્યાં મળે? બાયડી, છોકરા, ધંધા કરવા, પૂરું કરવું શી રીતે? એમાં આ મોંઘવારી. લોકો રાડ રાડ પાડે છે. સાધારણ માણસ તો. જેને છે એને છે. મજૂરનેય મળે છે. ઘરમાં ચાર-પાંચ જણા હોય તો પાંચ-પાંચ રૂપિયા મજૂરી કરે. અને ઘરમાં આઠ

માણસ અને એક રળનાર.

જેના એક સમયનું દુઃખ અનંત અનંત. આહાહા..! એવા અનંતમાં દુઃખને, સંયોગોને, પ્રતિકૂળતાનો પાર નહિ. તે કાળમાં પણ આત્મા સ્વભાવની સન્મુખ થાય છે અને સમકિત પામે છે નરકના નારકી. તો અહીંયાં કહે છે, અમને આટલી અગવડતા, અમે શું કરીએ? અમારે આમ કરવું પડે. બાપુ! એ અગવડતા કંઈ તને નડતી નથી. આહાહા..! તારી માન્યતા તને નડે છે. આ વિના હું કેમ કરી શકું? એ વિના જ થઈ શકે છે. પરની અગવડતાનું લક્ષ છોડી દે. આહાહા..! એમ સગવડતાનું લક્ષ છોડી દે. સગવડતા એને ઘરે રહી. આત્મામાં ક્યાં હતી? આહાહા..! સમજાણું કાંઈ?

ઉપાસ્ય ભગવાન બિરાજે અને તું કો'કની સેવા કરવા જા. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમ કહે છે, તું મારી સેવા કરવા જા એમાં તને પુણ્ય થશે, બંધ થશે. આહાહા..! આ તો વીતરાગ કહે. મોઢા સામું કોળિયો કોને ખરાબ લાગે? અમને આપો, તમને ધર્મ થાશે. અમને આહાર-પાણી આપો, તમને ધર્મ થશે. ભગવાન કહે છે, સારા સંત હોય, ભગવાને સ્વીકારેલા સંત, અરે..! તીર્થંકર પોતે છદ્મસ્થ જ્યારે હોય (ત્યારે) આહાર લેવા જાયને છદ્મસ્થ હોય ત્યારે? કેવળી પછી આહાર ન હોય. એને વ્હોરાવવાનો ભાવ પણ પુણ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ સેવક તું અને સેવ્ય ઈ, એ ભાવ પુણ્ય છે. પણ સેવક હું અને સેવ્ય આ. '**સિદ્ધ સમાન સદા પદ મેરો–**' હવે આવ્યું. '**સિદ્ધના જેવું જ પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે.**' સામર્થ્યરૂપે છે. સત્‌ના સત્ત્વ રૂપે છે. એ સિદ્ધ સ્વરૂપ જ મારું સ્વરૂપ છે. આહાહા..! '**પરમાત્મપદ બહારમાં નથી.**' તારું પરમાત્મ સ્વરૂપ કાંઈ બહારમાં નથી. આહાહા..! '**તે તો મારામાં જ છે,...**' માણસને એવું લાગે આ ... આ તે કાંઈ નિશ્ચયની વાત છે. પણ નિશ્ચય એટલે સાચી. વ્યવહારની આરોપિત વાતું બધી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ઈ પર્યાય થાય એ જ વ્યવહાર છે. ઉપાસક પર્યાય એ જ સાધક અને વ્યવહાર છે. ઉપાસ્ય તે નિશ્ચય છે. એય..! પોપટભાઈ! ગયા હતાને એક દિ' અગાસ? આમ જાવું હતું ને? પાલેજ. વચ્ચે વડોદરા થઈને ગયા હતાને પાલેજ? (સંવત) ૨૦૧૩ની સાલ. ૧૮ વર્ષ થયા. એય.. મનસુખ! પાલેજ આવવું હતુંને તારે મંદિરની સ્થાપના (વખતે). તે દિ' અમે ત્યાં ગયા હતા, અગાસ. અગાસ ..... સાંભળ્યું હતું, બધા બેઠા હતા રાત્રે. મહારાજ! તમે કહો છો એ તો ઠીક, પણ એનું સાધન શું? એમ કે આ ભક્તિ કરવી.

મુમુક્ષુ :- ગુરુની સેવા કરવી, ભક્તિ કરવી.

ઉત્તર :- ધૂળેય સાધન નથી. સાંભળને! આ ઉપાસક કહો કે સાધન કહો. આહાહા..! સમજાણું કાંઈ? એ ભક્તિ માનનારાઓને આ બેસવું કઠણ પડે. નિશ્ચયભક્તિ તો આ છે. ઓલી તો વ્યવહારભક્તિ છે ભગવાનની. આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ સમ્યગ્દર્શનને ભક્તિ કીધી છે. ... આહાહા..! એટલે ભજવું. એટલે કે જેની મોટપ દૃષ્ટિમાં લેવી. આહાહા..! એનો ... પૂર્ણ આનંદ તે હું, એવું જે ભજન તે સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ?

'**સિદ્ધના જેવું જ પરિપૂર્ણ મારું સ્વરૂપ શક્તિરૂપે છે. પરમાત્મપદ બહારમાં નથી. તે તો મારામાં જ છે, એવી નિરંતર ભાવનાના બળથી...**' ભાવના શબ્દે વિકલ્પ નહિ. સ્વરૂપની એકાગ્રતાના બળથી જેણે ધ્યેયને, ધ્રુવને ધ્યાનમાં લીધું. એના ધ્યાનમાં રહેલો જીવ અંદરમાં.. આહાહા..! '**આત્મા પરમાત્મા બની શકે છે.**' એ પોતે પરમાત્મા બની જાય છે. એ વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. એની શક્તિરૂપે છે. એની સેવના કરવાથી પર્યાયમાં પરમાત્મા બની જાય છે. આહાહા..! વ્યવહારની રુચિવાળાને એવું લાગે હાય.. હાય..! આ વ્યવહારનો લોપ થઈ જાય છે. અરે..! બાપુ! સાધક પર્યાયની વ્યવહારની આ રીતે સિદ્ધિ છે. એ સાધક પર્યાય આત્મા વ્યવહાર છે. અને રાગાદિનો મનુષ્યનો વ્યવહાર સદ્ભુત વ્યવહાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**નિરંતર ભાવનાના બળથી આત્મા પરમાત્મા બની શકે છે. તેવી તેની શક્તિ છે. જે આ શક્તિનું શ્રદ્ધા-જ્ઞાન કરે છે...**' જે આ સ્વરૂપની શક્તિની પૂર્ણતા, એનું શ્રદ્ધા-જ્ઞાન કરે છે '**તે જ પોતાના શુદ્ધાત્મામાં રમણતા કરી...**' સ્વીકારી. આહાહા..! '**પરમાત્મપદને પ્રાપ્ત કરે છે.**' '**આ જ આરાધ્ય-આરાધક ભાવની વ્યવસ્થાનું સ્વરૂપ છે.**' છેલ્લી લીટી છે ને? '**આ જ આરાધ્ય...**' આરાધક કરનારો. આરાધ્ય કોણ? વસ્તુ. અને આરાધક પર્યાય. એટલે? પૂર્ણ શુદ્ધ સ્વરૂપ છું તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા અને તેમાં રમણતા. એ આરાધક. ... આહાહા..! તારી દશાની નિર્મળતા પ્રગટવા માટે પર સામું તને જોવાની જરૂર નથી. કારણ કે જે નિર્મળ પર્યાય પ્રગટ થાય એનો સંગ્રહ તો ગુણમાં છે. પરમાં નથી કે પરને લક્ષે આવે. આહાહા.. સમજાણું કાંઈ? પોપટભાઈ! આમાં રૂપિયામાં આવી મહેનત નહિ કરવી પડી હોય. મહેનત કાંઈ નથી હોં! મફતનો માને.

મુમુક્ષુ :- આમાં મોટો પુરુષાર્થ છે.

ઉત્તર :- આજ પુરુષાર્થ છે. ઓલો તો ધૂળેય નથી. આહાહા..!

'**આ જ...**' આજ એમ નિશ્ચય કહેશે. આ જ પરમાત્મ સ્વભાવ શુદ્ધ એ જ આરાધવા

લાયક છે. અને એની નિર્મળ પર્યાય એ આરાધક છે. આરાધક તો પર્યાયથી થાય છે ને? એ પર્યાયનું આરાધ્ય કોણ? વીતરાગી નિર્મળ પર્યાય તે આરાધક. એનો આરાધ્ય ભગવાન આત્મા. રાગ પર્યાય તે આરાધક, તે ભગવાનનું આરાધ્ય. એ તો વ્યવહાર આરાધક થયો. એટલે આરાધક નથી એને આરાધક માન્યો. આહાહા..! અભૂતાર્થ.

'એ જ બતાવીને કહે છે :-' ૩૨ શ્લોક.

---

एतदेव दर्शयन्नाह -

प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम्।
बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम्।।३२।।

टीका :- ममात्मानमहं प्रपन्नोऽस्मि भवामि किं कृत्वा? प्रच्याव्य व्यावृत्य केभ्यः? विषयेभ्यः। केन कृत्वा? मयैवात्मस्वरूपेणैव करणात्मना। क्व स्थितं माम् प्रन्नोऽहं? मयि स्थितं आत्मस्वरूप एव स्थितम्। कथम्भूतं मां? बोधात्मानं ज्ञानस्वरूपम्। पुरपि कथम्भूतम्? परमानन्दनिर्वृतं परमाश्चासावानन्दश्च सुखं तेन निर्वृतं सुखीभूतम् अथवा परमानन्दनिर्वृतोऽहम्।।३२।।

---

સ્વદેહમાં આવો અધ્યવસાય કરનાર બહિરાત્મા પરદેહમાં કેવો અધ્યવસાય કરે છે, તે કહે છે -

શ્લોક - ૩૨

અન્વયાર્થ :- (मां) મને-મારા આત્માને (विषयेभ्यः) પંચેન્દ્રિયના વિષયોથી (प्रच्याव्य) હઠાવીને (मया एव) મારા જ વડે-પોતાના જ આત્મા વડે (अहं) હું (मयि स्थितं) મારામાં સ્થિત (परमानंतनिर्वृत्तम्) પરમ આનંદથી નિવૃત્ત (રચાયેલા) (बोधात्मानं) જ્ઞાનસ્વરૂપ આત્માને (प्रपन्नोऽस्मि) પ્રાપ્ત થયો છું.

વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજસ્થિત,
મુજને હું અવલંબું છું પરમાનંદરચિત.૩૨.

ટીકા :- હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને? (મારા આત્માને) છોડાવીને-પાછો વાળીને, શાનાથી? વિષયોથી. શા વડે કરીને? મારા જ વડે એટલે કરણ (સાધન)રૂપ આત્મસ્વરૂપ વડે જ; ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું? મારામાં રહેલાને અર્થાત્ આત્મસ્વરૂપમાં જ રહેલાને. કેવા મને? બોધાત્માને એટલે

જ્ઞાનસ્વરૂપને. વળી કેવા મને? પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા)ને-પરમ આનંદ એટલે સુખ, તેનાથી નિર્વૃત્ત (રચાયેલા)-સુખ થયેલાને (એવા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું); અથવા, હું પરમ આનંદથી નિર્વૃત્ત (પરિપૂર્ણ) છું.

ભાવાર્થ :- બાહ્ય ઇન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને, હું મારા જ પુરુષાર્થથી પામ્યો છું.

## વિશેષ

આ શ્લોકમાં .. અને .. - એ શબ્દો બહુ અર્થસૂચક છે તે બતાવે છે કે પરમાત્મપદ મારામાં-આત્મામાં છે, બીજે બહાર કોઈ ઠેકાણે નથી અને તે પદ હું આત્મ સન્મુખ થઈને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય, બીજા કોઈ બાહ્ય સાધનથી કે કોઈની કૃપાથી તે પ્રાપ્ત થાય નહિ. પરમાત્મપદની પ્રાપ્તિ માટે તે સ્વાવલંબનનું ગ્રહણ અને પરાવલંબનનો ત્યાગ સૂચવે છે.

વળી આચાર્યે દર્શાવ્યું છે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે. એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે કે, 'તમે પણ સ્વતઃ એટલે પોતાના આત્મસામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો.'

આત્મા અને પરપદાર્થોને (ઇન્દ્રિયોના વિષયોને) ભિન્ન કરવામાં અને આત્માને ગ્રહણ કરવામાં કરણ (સાધન) જુદાં નથી; પ્રજ્ઞા એક જ કરણ છે, તે વડે જ આત્માને ભિન્ન કરાય છે અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે.[૧]

અહીં સાધ્ય સાધન એક જ છે 'ભિન્ન ભિન્ન નથી'-એમ બતાવ્યું છે.

---

## શ્લોક-૩૨ ઉપર પ્રવચન

प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम्।
बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम्।।३२।।

'ટીકા :- હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું.' આહાહા..! આત્મા. 'હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને? (મારા આત્માને) છોડાવીને-

---

૧. જુઓ : શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગાથા ૨૯૪, ૨૯૬-
'પ્રજ્ઞા છીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે.' ૨૯૪.
.... .......... .........
'પ્રજ્ઞાથી જેમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે.' (૨૯૬)

**પાછો વાળીને, શેનાથી? વિષયોથી.**' આહાહા..! એટલે શું? આ પર તરફનો જે વિષય છે એમાંથી પાછો વાળીને. વિષય એટલે સ્ત્રીનો વિષય એટલું નહિ. પાંચેય ઇન્દ્રિયના વિષયો જે છે... આહાહા..! ભગવાનની વાણી પણ વિષય છે. શુભરાગનો વિષય છે. પાંચ ઇન્દ્રિય છે ને? કાન, આંખ, નાક, એનું લક્ષ પર ઉપર જાય છે. એટલે આ ઇન્દ્રિયનો વિષય છે એ ભગવાન. અણીન્દ્રિયનો વિષય નથી. સમજાણું કાંઈ?

'**હું...**' આત્મા. '**મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને? છોડાવીને...**' એટલે શું? '**પાછો વાળીને,...**' એટલે શું? '**શાનાથી? વિષયોથી.**' પર તરફના વલણથી. પર તરફના વિષયથી પાછો વાળીને. આહાહા..! વિષય શબ્દે એકલા ભોગ, ખાવા-પીવાનો વિષય એ એટલો નહિ. સ્વ વિષયને છોડીને જેટલા પર વિષય થાય એ બધા .... આહાહા..! રાગ અને રાગનું નિમિત્ત એ બધા વિષયો છે. સ્વ-વિષયનું ધ્યાન છોડીને જેટલું પર ઉપર (લક્ષ) જાય એ બધા વિષયો છે. એ વિષયોથી પાછો વાળીને.

'**શા વડે કરીને?**' શા વડે કરીને? કે '**મારા જ વડે એટલે કરણ (સાધન)રૂપ...**' આહાહા..! રાગ વડે નહિ. મારા સ્વરૂપના સાધન વડે. આ કરણ. હું કર્તા. મારા આત્માને પ્રાપ્ત થયો એ કર્મ-કાર્ય. શું કરીને? આ. કરણ-સાધનરૂપ આત્મ સ્વરૂપ વડે. આહાહા..! શું કીધું આ? કે '**હું...**' એ કર્તા. '**મારા આત્માને પ્રાપ્ત થયો છું.**' એ એનું કર્મ. કર્મ નામ કાર્ય. કોના વડે? મારા સ્વરૂપના સાધન વડે. આહાહા..! છે? '**મારા જ વડે એટલે..**' હું તો ચૈતન્ય સ્વરૂપ છું. એ મારા વડે એટલે ચૈતન્યની પરિણતિ દ્વારા. આહાહા..!

આ તો સમાધિતંત્ર છે ને. યંત્ર, મંત્ર ને તંત્ર એમ નથી કહેતા? યંત્ર, મંત્ર અને તંત્ર. યંત્ર એટલે આ તમારા એ કારખાના. મંત્ર એટલે ... બોલવું કરવું. તંત્ર આ સાધન. આહાહા..! આવો ધર્મ કઈ જાતનો? આ વીતરાગનો ધર્મ હશે? વીતરાગમાં તો એવું સાંભળીએ કે દયા પાળવી, વ્રત પાળવા, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, અપવાસ કરવો, છપરબી બ્રહ્મચર્ય પાળવું. લ્યો. પ્રેમચંદભાઈ! શું સાંભળ્યું હતું ત્યાં? ભાઈ! એ તો શુભ વિકલ્પની ક્રિયાની વાત છે. એ શુભ વિકલ્પની વાત છે. એ આત્માના સ્વરૂપની વાત નથી. સમજાણું કાંઈ?

કહે છે. એ પાઠ જ બોલે છે ને. જુઓને! એ કીધું, '**ऽहं मां मयैव मयि स्थितम्**' આહાહા..! મારા વડે એટલે હું આનંદસ્વરૂપ છું એ આનંદની પર્યાય વડે. રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞા સાધન વડે. આહાહા..! '**ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું?**' ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું? '**મારામાં રહેલાને...**' મારામાં રહ્યો છું. જ્ઞાન, આનંદ, શાંતિ એ મારામાં છે. એ મારામાં રહેલો, મારામાં રહેલો. '**અર્થાત્ આત્મસ્વરૂપમાં જ રહેલાને.**' મારા આત્માના સ્વરૂપમાં રહેલાને પ્રાપ્ત કર્યો છે મેં. આહાહા..! '**કેવા મને? બોધાત્માને.**'

હું છું કોણ? હું કીધું હતું ને? છું કોણ? '**બોધાત્માને એટલે જ્ઞાનસ્વરૂપને.**' હું તો જ્ઞાનસ્વરૂપ છું, પ્રજ્ઞાબ્રહ્મ છું. ચૈતન્ય સ્વરૂપી ભગવાન મારો છે. એ મારામાં રહેલો છે એને હું પ્રાપ્ત કરું છું. વીતરાગ માર્ગ એવો છે. વીતરાગી પર્યાય દ્વારા સેવવા લાયક છે. કોને? અંદર રહેલાને. આહાહા..! અંદર રહેલાને.

'**વળી કેવા મને? પરમ આનંદથી નિર્વૃત્તને...**' એટલે પરમ આનંદથી ભરેલો. '**નિર્વૃત્ત (રચાયેલાને)ને...**' સુખી થયેલાને. આહાહા..! પરમ આનંદથી નિર્વૃત્ત ભરેલો છું. આરે આ શું? હરણની નાભિમાં કસ્તુરી પણ એની એને ખબર નથી. એમ એના અંતરમાં આનંદ અતીન્દ્રિય આનંદની કસ્તુરી ભરી છે. '**સુખ થયેલાને (એવા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું);...**' આહાહા..! આનંદ સ્વરૂપી ભગવાનમાં રહેલો એને હું પ્રાપ્ત થયો છું. આહાહા..!

રાગને પ્રાપ્ત થવું એ તો પરના લક્ષે છે. આનંદ સ્વરૂપની પ્રાપ્તિ તો સ્વને આશ્રયે થાય છે. અને એમાં રહ્યા છે એને મેં મારા આનંદની પર્યાયથી પ્રાપ્ત કર્યો છે. આહાહા..! '**અથવા હું પરમ આનંદથી નિર્વૃત્ત (પરિપૂર્ણ) છું.**' ભાષા એમ છે ને. '**परमानन्दनिर्वृतम्।**' પરમાનંદથી નીપજેલું મારું તત્ત્વ છે અથવા પરમાનંદથી હું પરિપૂર્ણ છું. આહાહા..! આરે.. આવું. પર્યાયમાં આનંદની ગંધ નહિ અને એકલા રાગ અને દ્વેષ, સંકલ્પ, વિકલ્પ દુઃખની ગંધ. કહે છે, બાપુ! એ વસ્તુ જ હું નથી. મારામાં રહેલો છે એ તો આનંદ છે. એને મેં પ્રાપ્ત કર્યો છે. આહાહા..! આ એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ મોક્ષનો ઉપાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

પાઠકોની નોંધ માટે

Vitragvani
www.vitragvani.com